Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૧૬૬ *

ૐ

परमात्मने नमः ।

# ઇષ્ટોપદેશ-પ્રવચન

આચાર્ય શ્રી પૂજ્યપાદસ્વામી વિરચિત
'ઇષ્ટોપદેશ' શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં ભાવગંભીર સુગમ પ્રવચન

卐

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

—*—

કિંમત : રૂા. ૯–૦૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ : ૧૫૦૦

વીર સં. ૨૫૧૪ ❀ વિ. સં. ૨૦૪૪ ❀ ઈ. સ. ૧૯૮૮

અધ્યાત્મયુગપ્રવર્તક

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની

**જન્મશતાબ્દી નિમિત્તે**

દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ ( સોનગઢ )

તરફથી પ્રકાશન

: મુદ્રક :

જ્ઞાનચંદ જૈન

કહાન મુદ્રણાલય, સોનગઢ–૩૬૪ ૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by an AtmaArthi from UK, who wishes to remain anonymous and who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Ishtopdesh Pravachan (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 25 April 2008 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રકાશકીય નિવેદન

શ્રી તીર્થંકરભગવાનના અધ્યાત્મશાસનને જીવંત રાખનાર એવાં શ્રી સમયસાર વગેરે પરમાગમોનાં ઊંડાં હાર્દને સ્વાનુભવગત કરી આધ્યાત્મિક સંત પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સરળ તેમ જ સુગમ પ્રવચનો દ્વારા તેમનાં અમૂલાં રહસ્યો મુમુક્ષુ સમાજને સમજાવ્યાં; અને એ રીતે આ કાળે અધ્યાત્મરુચિનો નવયુગ પ્રવર્તાવી તેઓશ્રીએ અસાધારણ મહાન ઉપકાર કર્યો છે. આ વિષમ ભૌતિક યુગમાં સમગ્ર ભારતવર્ષને વિષે તેમ જ વિદેશોમાં પણ જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિભીની અધ્યાત્મવિદ્યાના પ્રચારનું જે આંદોલન પ્રવર્તે છે તે પૂજ્ય ગુરુદેવશ્રીના ચમત્કારી પ્રભાવનાયોગનું સુંદર ફળ છે.

આવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-અવતીર્ણ, અધ્યાત્મરસભરપૂર પ્રવચનોનું પ્રકાશન કરવાનો અવસર પ્રાપ્ત થવો એ પણ આપણું પરમ સૌભાગ્ય છે. તદનુસાર વીતરાગ દિગંબર આચાર્ય શ્રી પૂજ્યપાદસ્વામી પ્રણીત 'ઇષ્ટોપદેશ' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું સંકલન પ્રકાશિત કરતાં કલ્યાણી ગુરુવાણી પ્રત્યેની અતિ ભક્તિભીની પ્રસન્નતા અનુભવીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં, વીતરાગ દેવ-શાસ્ત્ર–ગુરુ તેમ જ પરમ-તારણહાર અધ્યાત્મમૂર્તિ પૂજ્ય કહાનગુરુદેવનો અનુપમ મહિમા પ્રકાશનાર સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જ્ઞાનવૈરાગ્યરસભીની મંગલ છત્રછાયામાં, પૂર્વવત્ પ્રવર્તતી અનેકવિધ ગતિવિધિના અંગભૂત પ્રકાશનવિભાગ દ્વારા પ્રકાશિત થતા આર્ષપ્રણીત મૂળ, તેમ જ પ્રવચનગ્રંથો પૈકીનું 'ઇષ્ટોપદેશ' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન નામનું આ સંકલન એક નવું જ પ્રકાશન છે. ગુજરાતી 'આત્મધર્મ' પત્રમાં પ્રકાશિત થયેલ 'ઇષ્ટોપદેશ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો આ નવસંકલનમાં પ્રસ્તુત કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકના પ્રકાશનપ્રસંગે, 'આત્મધર્મ' માટે 'ઇષ્ટોપદેશ' ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો લિપિબદ્ધ કરનાર સંપાદકનો તેમ જ આ પ્રવચનગ્રંથનું સુંદર મુદ્રણ કરી આપનાર કહાન મુદ્રણાલયનો આભાર માનીએ છીએ.

આ પ્રવચનગ્રંથની પડતર કિંમત લગભગ રૂા. ૧૭–૫૦ થાય છે. જિજ્ઞાસુઓ વધુ લાભ લઈ શકે તે માટે તેની વેચાણકિંમત માત્ર નવ રૂપિયા રાખવામાં આવી છે.

આ ગ્રંથના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુઓ નિજ કલ્યાણ સાધે–એવી ભાવના ભાવીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી-જન્મજયંતી
વિ. સં. ૨૦૪૪
તા. ૧૮–૪–૧૯૮૮

પ્રકાશનસમિતિ,
શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ

—૦—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

—હિંમતલાલ જે. શાહ


પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

परमात्मने नमः ।

श्रीमत् पूज्यपादस्वामीविरचित

# ઇષ્ટોપદેશ

ઉપર

## પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન

[ પ્રવચન નં. ૧ ]

### પરમાનંદની ઝંખનાવાળો પરમાત્માને નમે છે

[ તા. ૧૫–૩–૬૬ ]

આ ઇષ્ટોપદેશ પૂજ્યપાદ સ્વામીએ રચેલું છે. શ્રી કુંદકુંદ આચાર્ય મહારાજ થયા પછી શ્રી સમંતભદ્રસ્વામી થયા, પછી આ પૂજ્યપાદસ્વામી થયા છે. જેમ કુંદકુંદાચાર્ય મહારાજ મહાવિદેહમાં ગયા હતા તેમ આ પૂજ્યપાદ સ્વામી મહાવિદેહમાં ભગવાનના દર્શન કરવા ગયા હતા. ઉમાસ્વામીના તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિની ટીકા પણ તેમણે કરી છે. બહુ સમર્થ મહાપંડિત બાળ બ્રહ્મચારી પૂજ્યપાદસ્વામી આત્મજ્ઞાન ધ્યાનમાં સમર્થ ધર્મધૂરંધર દિગંબરસંત થયા. તેમણે સમાધિશતક આદિ ઘણા ગ્રંથો બનાવ્યા છે. તેમાં આ ઇષ્ટોપદેશ એટલે આત્માને ઇષ્ટ–હિતકારી ઉપદેશ. ઇષ્ટ એટલે પ્રિયકારી, હિતકારી. આત્માને ઇષ્ટ મોક્ષ છે ને એ મોક્ષ કેમ થાય તેનો ઉપદેશ એ ઇષ્ટોપદેશ છે. તે આ ઇષ્ટોપદેશના ટીકાકાર પં. આશાધરજી પ્રથમ માંગલિક કરે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



“ તેની (ગ્રંથની) આદિમાં, જે જે ગુણોનો અર્થી છે તે તે ગુણોયુક્ત પુરુષ-વિશેષને નમસ્કાર કરે છે. તેથી પરમાત્માના ગુણોના અર્થી ગ્રંથકર્તા (શ્રી પૂજ્યપાદસ્વામી) પરમાત્માને નમસ્કાર કરે છે.”

જે જે ગુણના ચાહવાવાળા હોય છે તે તે ગુણસંપન્ન પુરુષને નમસ્કાર કર્યા કરે છે. જે જીવને જે ગુણ જોઈએ છે એ ગુણસંપન્ન પુરુષને એ નમસ્કાર કરે એવો સામાન્ય સિદ્ધાંત–નિયમ છે. કેમ કે જે ગુણ પોતાને જોઈએ છે એ ગુણ જેને પ્રગટ થયો છે તેને જ તે નમસ્કાર કરે છે. કેમ કે એ ગુણની પ્રાપ્તિ પોતાને જોઈએ છે. પૈસાવાળાને શેઠ સાહેબ શેઠ સાહેબ કહે, કારણ કે પોતે પૈસાનો અર્થી છે. સમયસારમાં આવે છે કે લક્ષ્મીનો અર્થી છે એ રાજાની સેવા કરે, આત્માર્થી છે એ આત્માની સેવા કરે.

અહીં કહે છે કે જે જે ગુણને ચાહે છે તે તે ગુણથી સંપન્ન પુરુષને નમસ્કાર કરે છે એ સામાન્ય નિયમ થયો. પરમાત્માના ગુણને ચાહવાવાળા શ્રી પૂજ્યપાદસ્વામી ગ્રંથકર્તા પ્રથમ મંગલાચરણમાં પરમાત્માને યાદ કરે છે. પ્રભુ! મને પૂરણ શાંતિ ને આનંદ જોઈએ છીએ ને આપને પૂરણ આનંદ ને શાંતિ પ્રાપ્ત થયા છે માટે હું આપ પરમાત્માને નમસ્કાર કરું છું.

**यस्य स्वयं स्वभावाप्तिरभावे कृत्स्नकर्मणः ।**
**तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने ॥ १ ॥**

સકલ કર્મનો ક્ષય કરી, પામ્યા સ્વયં સ્વભાવ,
સર્વજ્ઞાની પરમાત્મને, નમું કરી બહુ ભાવ. ૧.

ભગવાન પરમાત્માને સંપૂર્ણ કર્મોનો અભાવ થયો છે ને પોતાના પુરુષાર્થ દ્વારા સ્વભાવની પ્રાપ્તિ થઈ છે. અનંત આનંદ ને જ્ઞાન આદિ ગુણસંપન્ન આત્માની શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રાત્મક પુરુષાર્થ વડે મોક્ષને પરમાત્માએ પ્રાપ્ત કર્યો છે. પુરુષાર્થ વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. પરથી સન્મુખતા છોડી, સ્વસન્મુખતા કરીને પરમાત્માએ પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી. સ્વયં પુરુષાર્થથી મોક્ષની પ્રાપ્તિ કરી એટલે કર્મનો અભાવ થઈ ગયો. જેને મોક્ષ પ્રિય છે, જેને અનંત આનંદ પ્રિય છે એ આનંદ માટે એ કાળ સામું જોઈને બેઠો રહેતો હશે? એ તો પોતાનો આત્મા અનંત આનંદસ્વરૂપ છે તેની સન્મુખ જોઈને પુરુષાર્થ કરે છે ને ત્યારે તેનો કાળ પાકી ગયો છે. કાળ સામું જોઈને બેઠું રહેવું છે? કાળ એટલે શું? એની સામું શી રીતે જોવું? કાળ એ તો પર્યાય છે, એની સામું જોવું છે? ભગવાન આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ તેના પુરુષાર્થ દ્વારા સ્વભાવની પ્રાપ્તિ પરમાત્માએ કરી છે. કર્મ જવાથી પ્રાપ્તિ થઈ એમ નહિ, પુરુષાર્થથી પ્રાપ્તિ કરી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને અનાદિ કાળથી વિકાર પ્રિય લાગતો હતો તેને આત્મા પ્રિય લાગ્યો ત્યારે પુરુષાર્થથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે, તેમાં કાળલબ્ધિ આવી જાય છે ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ આનંદકંદની મૂર્તિ તેના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં જોડાણા તો એ પરમાત્મા કેવળજ્ઞાનને પામ્યા; એ સિવાય કોઈ પરમાત્મા કેવળજ્ઞાનને પામ્યા નથી. આ રીતે અનંતા પરમાત્મા થયા, અત્યારે છે ને ભવિષ્યમાં થશે.—તેમ કહે છે.

આ તો ઇષ્ટોપદેશ છે. હિતકારી ઉપદેશ છે. ભાઈ! તારું હિત તો પરમાનંદ છે ને! એ પરમાનંદની પ્રાપ્તિ પરમાત્માએ શેમાંથી કરી? કયાં હતી તે કરી? શેમાં જોઈને કરી? શું કરીને કરી? એ કહે છે કે આત્મા પોતે શુદ્ધ આનંદસ્વરૂપ છે એમ અંતરની પ્રિયતાની રુચિમાં જોડાઈને દર્શન-જ્ઞાન-ચારિત્રનું આરાધનપણું કરીને પરમાનંદપણું પામ્યા છે.

આત્માના આરાધનથી ત્રણકાળ ત્રણ લોકને એક સમયમાં જાણે એવા કેવળજ્ઞાનની જેને પ્રાપ્તિ થઈ છે એવા પરમાત્માને મારા નમસ્કાર. મારું નમન, મારું વલણ, મારું ઘોલન, આવા સર્વજ્ઞ પરમેશ્વર તરફ જાય છે. લક્ષમાં કેવળજ્ઞાન લીધું છે, કેવળજ્ઞાનની આ રીતે પ્રાપ્તિ કરવી એવી પ્રતીત થઈ છે ને તે પૂર્વક સ્વરૂપની રમણતા આચાર્યદેવ કરે છે. જેને પૂરણદશા પ્રાપ્ત થઈ છે ને મારે એ પૂરણદશા જોઈએ છે, આટલી-અપૂર્ણદશામાં રહેવું છે એમ નથી પણ પૂરણદશા કેવળજ્ઞાન જોઈએ છે તેથી એવી પ્રાપ્તિ જેને થઈ છે એવા સર્વજ્ઞ ભગવાનને હું નમસ્કાર કરું છું એમ માંગલિક કર્યું.

શ્રી પૂજ્યપાદસ્વામી દિગંબર મહા સંત એમણે આ મંગલાચરણનો માણેકસ્થંભ રોપ્યો. લગ્નમાં માણેકસ્થંભ રોપે છે ને કે હવે આ લગ્ન કરશે ને ચારગતિમાં રખડશે! તેમ અહીં ચારગતિને ટાળવાનો આ માણેકસ્થંભ રોપ્યો છે. અમારે તો પરમાત્મપદ જોઈએ છે તેથી જેણે ભવનો નાશ કર્યો છે ને પરમાત્મા થયા છે તેને અમે નમસ્કાર કરીએ છીએ, કારણ કે અમારે પરમાત્મપદ સિવાય કાંઈ જોઈતું નથી. સ્વર્ગ પણ જોઈતું નથી, દેહ પણ જોઈતો નથી, ભવ પણ જોઈતો નથી ને આ અપૂરણ દશા પણ જોઈતી નથી, અમારે તો પૂરણ પરમાત્મપદ જોઈએ છે એવી જેને ઝંખના છે તે, જેમને પરમાત્મ-પદ પ્રગટ થયું છે તેને નમસ્કાર કરે છે એમ કહીને, જે આત્મા હતા તેણે રત્નત્રયનું આરાધન પર્યાયમાં કર્યું ત્યારે એ સર્વજ્ઞ પરમાત્મપદ પામ્યા એમ વાસ્તવિક સ્થિતિ પણ સાથે બતાવી છે. અનાદિના સિદ્ધ હતા એમ નહીં, વસ્તુ અનાદિથી હતી તેની આરાધના કરીને પૂરણ પર્યાયને પ્રાપ્ત કરી છે. અનંત ગુણવાળું દ્રવ્ય તેની પર્યાયથી આરાધના કરીને પૂરણ પર્યાય પ્રગટ કરી એમ કહીને જીવતત્ત્વ, સંવર, નિર્જરા ને મોક્ષતત્ત્વ એમાં સમાડી દીધા.

આત્મા પોતાના સ્વભાવનું ભાન ન કરીને પોતે પરતંત્ર થાય છે ત્યારે એ પરતંત્રતામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મ નિમિત્ત છે, પરંતુ તેને કોઈ પરતંત્ર કરાવતું નથી. આ આત્મા પોતાના આનંદ સ્વભાવને ભૂલીને રાગ-દ્વેષને આધીન થાય ત્યારે એ પોતે જ સ્વયં કર્તા થઈને પરાધીન થાય છે, ત્યારે તેમાં દ્રવ્યકર્મ નિમિત્ત કારણ છે અને પરતંત્ર થાય તેમાં રાગ-દ્વેષ (અશુદ્ધ ઉપાદાન) કારણ છે. રાગ-દ્વેષ થયા એમાં એ આધીન થયો ત્યારે કર્મને આધીન પોતે થયો એમ વ્યવહારે કહેવામાં આવે છે. જ્ઞાનની હીનતા, દર્શનની હીનતા, વીર્યની હીનતા ને આનંદ, શ્રદ્ધા તથા ચારિત્રગુણની વિપરીતતા એવી જે પરાધીન દશા એ પોતે કરેલી છે, તેને ભાવ ઘાતિકર્મ કહેવામાં આવે છે.

સંપૂર્ણ રત્નત્રયાત્મક સ્વરૂપ દ્વારા દ્રવ્યકર્મ ને ભાવકર્મ સર્વથા નષ્ટ થઈ જવાથી નિર્મળ નિશ્ચયરૂપ ચૈતન્યસ્વભાવની પ્રાપ્તિ ભગવાનને થઈ ગઈ છે. આવા પરમાત્માના ગુણસ્મરણની તો વાત શું કરવી પણ એનું નામ ગ્રહણ પણ સારું છે. પરતંત્રતાનું જે નિમિત્ત હતું એવા દ્રવ્યકર્મ ને ભાવકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન ને અનંત આનંદ પ્રગટ થયા છે એવા પરમાત્માને—અન્ય મતમાં કહે છે તેવા પરમાત્માને નહિ પણ આવા પરમાત્માને—ઓળખીને હું વંદન કરું છું, આમને આમ આંધળા નમસ્કાર કરતો નથી એમ કહે છે.

ભગવાન પરમાત્માએ પોતાના પુરુષાર્થ વડે કર્મનો નાશ કરી—જડકર્મ ને ભાવકર્મનો નાશ પોતાના પુરુષાર્થ વડે કરીને પૂરણદશા પ્રગટ કરી છે એવા પરમાત્માને હું શુભભાવથી વંદન કરું છું. ભગવાનને વંદનનો ભાવ એ કાંઈ શુદ્ધભાવ નથી, શુભભાવ છે, પણ પોતાને પૂરણદશા પ્રગટ કરવી છે એવા ધર્માત્માને, જેને પૂરણદશા પ્રગટી છે એવા પરમાત્માને વંદનનો શુભભાવ આવ્યા વિના રહે નહિ.—૧.

**स्वयं स्वाभावाप्तिः**—એ શબ્દ પહેલા શ્લોકમાં સાંભળીને શિષ્યને પ્રશ્ન થયો કે આત્માને સ્વયં જ અષ્ટગુણોની પ્રાપ્તિ થાય છે, તેમાં બીજું કાંઈ સાધન જોઈએ કે નહિ? જે શક્તિમાં ગુણો હતા તેની પરમાત્માએ પર્યાયમાં પ્રગટરૂપ સ્વયં પ્રાપ્તિ કરી છે, અભિવ્યક્તિ કરી છે. એમ સાંભળીને શિષ્ય પ્રશ્ન પૂછે છે કે મહારાજ અમને દૃષ્ટાંતથી સમજાવો કે સ્વસ્વરૂપની સ્વયં કેવી રીતે પ્રાપ્તિ થઈ? દાખલા વિના સિદ્ધાંત શી રીતે સિદ્ધ થાય? માટે આપ અમને દાખલાથી સમજાવો કે ભગવાનને સ્વસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થઈ? જેનો સિદ્ધાંત હોય તેનો કોઈ વ્યવહાર-દાખલો તો હોય ને? જેનો દાખલો નથી તે કથનને કઈ રીતે ઠીક ગણી શકાય? તેથી શિષ્યના સમાધાન માટે બીજો કળશ કહે છે.

**योग्योपादानयोगेन दृषदः स्वर्णता मता ।**
**द्रव्यादि-स्वादिसंपत्तावात्मनोऽप्यात्मता मता ॥ २ ॥**

યોગ્ય ઉપાદાને કરી, પત્થર સોનું થાય,
તેમ સુદ્રવ્યાદિ કરી, જીવ શુદ્ધ થઈ જાય. ૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમાંથી સોનું જુદું પડે એવા સુવર્ણપાષાણનો દાખલો લીધો છે. જેમાંથી સોનું જુદું ન પડે એવા સુવર્ણપાષાણનો દાખલો નથી લીધો, કેમ કે અભવિની વાત નથી લેવી, ભવિ જીવની વાત લેવી છે. જેમાંથી સુવર્ણ જુદું પડે છે એવા સુવર્ણપાષાણમાં સોનું પણ છે અને માટી પણ છે તે અગ્નિના નિમિત્તથી સાચું સુવર્ણ થઈ જાય છે, પોતે જ ઉપાદાનથી સુવર્ણ થઈ જાય છે. સોનું પોતે જ પોતાથી સોળવલું થઈ જાય છે, અગ્નિ તો નિમિત્ત છે.

પંચાસ્તિકાયમાં આવે છે કે સોનું પોતે જ શુદ્ધ થતું થતું સોળવલું થવાને લાયક છે માટે થઈ જાય છે. અગ્નિ તો નિમિત્ત છે, પોતે જ સોળવલું થઈ જાય છે. આંધળા પાષાણમાંથી સોનું ન નીકળે, સુવર્ણપાષાણમાંથી સોનું પોતે જ પરિણમતાં પરિણમતાં સોળવલું સોનું થઈ જાય છે. એમ ભગવાન આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતાથી, પોતાના પુરુષાર્થથી શુદ્ધ ઉપાદાનથી પોતાની શુદ્ધતાને પામે છે.

યોગ્ય ઉપાદાન શબ્દ વાપર્યો છે. સમયે સમયે પર્યાય પ્રગટવાની શક્તિ એની પોતાની છે. સોનાની વર્તમાન સોનાપણે પ્રગટવાની સમયે સમયે યોગ્ય ઉપાદાનની એની તાકાત છે તેનાથી સોનું પ્રગટ થાય છે. જેમ પાષાણ-વિશેષ એટલે કે સુવર્ણપાષાણ પોતે જ પોતાની યોગ્યતાથી બે આની, ત્રણ આની, ચાર આની એમ પરિણમતાં પરિણમતાં સોળ-વલાંપણે પરિણમી જાય છે, ત્યારે બહારથી અગ્નિ આદિને નિમિત્ત કહેવામાં આવે છે. જો અગ્નિથી સુવર્ણ થતું હોય તો પથ્થરમાંથી સોનું અગ્નિથી થઈ જવું જોઈએ ને! એમ આત્મામાં યોગ્ય ઉપાદાનથી સમય સમયની શ્રદ્ધા-જ્ઞાન આદિ શક્તિ પ્રગટ થવાની પોતાની શુદ્ધતાની લાયકાત છે. એ પોતાની શુદ્ધતાથી પૂરણ શુદ્ધતાને પામે છે.

આ ઇષ્ટોપદેશ, આ હિતકારી ઉપદેશ પૂજ્યપાદસ્વામીના મુખમાંથી નીકળેલી વાણી છે. સોનું પોતાના યોગ્ય ઉપાદાનથી-નિમિત્ત ભલે હો પણ પોતાના યોગ્ય ઉપાદાનથી શુદ્ધ સુવર્ણપણાને પામે છે. તેવી રીતે પોતાનો ભાવ અને બહારમાં ક્ષેત્ર, દ્રવ્ય આદિ નિમિત્ત મળવાથી આ આત્મા અલ્પજ્ઞતામાંથી પોતાના અંતર શુદ્ધ ઉપાદાનથી ચૈતન્યસ્વરૂપપણે-પૂરણપણે પરિણમી જાય છે. પોતાને પામવાની લાયકાત હોય તો એને યોગ્ય એવા બાહ્ય નિમિત્ત હોય; કેવળજ્ઞાન પામવાની યોગ્યતા હોય તો સંઘેણ ને મનુષ્યદેહ આદિ નિમિત્ત હોય જ.

સુવર્ણપાષાણની જેમ સુદ્રવ્ય, સુક્ષેત્ર આદિ સામગ્રી મળવાથી, અંદરમાં ભાવની સામગ્રી પર્યાયમાં મળે છે ને બહારમાં દ્રવ્ય આદિ નિમિત્ત હોય જ છે ત્યારે ચૈતન્યસ્વરૂપ આત્મા થઈ જાય છે. એકલા જ્ઞાન, દર્શન, આનંદ આદિ પૂરણ તેને ચૈતન્યસ્વરૂપ આત્મા કહેવામાં આવે છે, એ પોતાના ઉપાદાનકારણથી ચૈતન્યસ્વરૂપ થયો છે. નિમિત્ત છે ખરું, પણ નિમિત્તથી કાંઈ થતું નથી. પોતાના પુરુષાર્થની ભાવસામગ્રી મળવાથી જીવ પણ ચૈતન્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ આત્મા થઈ જાય છે. અલ્પજ્ઞ, અલ્પદર્શી એ કાંઈ ચૈતન્યસ્વરૂપ આત્મા નથી, એ તો હીણો આત્મા છે, વ્યવહારી આત્મા છે. પોતાના શુદ્ધ ઉપાદાનની અંદરની જાગૃતિથી પૂરણ ચૈતન્યસ્વરૂપની અભિવ્યક્તિ થઈ જાય છે એવા પરમાત્માને સોનાનો દાખલો લાગુ પડે છે.

કાર્ય થાય તેમાં ધ્રુવ ઉપાદાન છે એમ અહીં વાત નથી. કાર્ય ઉત્પાદન સમર્થ ઉત્પાદનકારણ મળવાથી સુવર્ણપાષાણ જેમ સોનું બની જાય છે તેમ પોતાનો ભાવ, પોતાના અસંખ્ય પ્રદેશ, પોતાનું દ્રવ્ય ને કાળ પોતાની પર્યાય તથા નિમિત્ત તરીકે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ મળવાથી સંસારી આત્મા નિશ્ચય ચૈતન્યસ્વરૂપ થઈ જાય છે. બીજા શબ્દોમાં સંસારી પ્રાણી જીવાત્મામાંથી પરમાત્મા થઈ જાય છે,—એમ શિષ્યને દૃષ્ટાંતપૂર્વક ઉત્તર કહ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૨ ]

દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો વિકલ્પ સાથે હોય ખરો, તોપણ

# એક માત્ર કર્તવ્ય : નિજ આત્મભક્તિ

[ તા. ૧૬-૩-૬૬ ]

આ ઇષ્ટોપદેશનો બીજો શ્લોક ચાલે છે. તેમાં મોક્ષપાહુડની ૨૪મી ગાથાનો આધાર આપે છે કેઃ—

**अइसोहणजोएणं सुद्धं हेमं हवेइ जह तह य।**
**कालाईलद्धीए अप्पा परमप्पओ हवदि ॥ २४ ॥** ( मोक्षपाहुड )

જેમ સુવર્ણપાષાણ તેને શુદ્ધ કરવાની સામગ્રીના યોગથી તે શુદ્ધ સુવર્ણ થઈ જાય છે તેમ કાળાદિ લબ્ધિ—દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સામગ્રીની પ્રાપ્તિથી આત્મા શુદ્ધ પરમાત્મા થઈ જાય છે. યોગ્ય ઉપાદાનના કારણ સંયોગથી—એમ ઇષ્ટોપદેશના ચાલતાં શ્લોકમાં પણ આવ્યું ને અહીં આધારના શ્લોકમાં પણ સામગ્રીના યોગથી એમ આવ્યું. સંયોગના ત્રણ પ્રકાર છે. આત્મામાં પરદ્રવ્યનો સંયોગ તેને પણ સંયોગ કહે છે. આત્મામાં થતાં પુણ્ય-પાપના ભાવને પણ સંયોગીભાવ કહેવામાં આવે છે તથા આત્માને શુદ્ધ સ્વરૂપની અંતર્મુખ દૃષ્ટિ કરતાં જે નિર્મળ પર્યાયનું પ્રગટપણું થાય છે તેને પણ સંયોગ કહેવાય છે. વસ્તુ નિર્મળ છે, તેની દૃષ્ટિ કરતાં તેની પર્યાયમાં જે નિર્મળતા પ્રાપ્ત થઈ, નિર્મળ પર્યાયનો સંપર્ક થયો, નિર્મળ પર્યાયનો સંબંધ થયો તેને સંયોગ થયો એમ કહેવામાં આવે છે. વિકારી ભાવ એ સંયોગી ભાવ, તે બંધનું કારણ છે, પરદ્રવ્યરૂપ સંયોગ કાંઈ બંધનું કારણ નથી પણ તે બંધમાં નિમિત્ત છે અને નિર્મળ પર્યાયનો સંયોગ એ મોક્ષનું કારણ છે.

સુવર્ણ પોતે જ શુદ્ધપણાને પામે છે, અગ્નિ તો નિમિત્તમાત્ર છે. તેમ આત્મા પોતાની અંતર કાળલબ્ધિ—ભાવલબ્ધિ-પોતાની શુદ્ધ પર્યાયની સામગ્રી ને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નિમિત્ત સામગ્રીના કારણે આત્મા પોતે પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રાપ્તિ કરતો થકો મુક્તિને પામે છે, પરમાત્મા થઈ જાય છે. સોનું વર્તમાન ક્ષણિક નિર્મળ શુદ્ધપણે પરિણમતું અગ્નિ આદિના નિમિત્તે સોનું પોતે જ સોળવલું શુદ્ધ થઈ જાય છે તેમ શુદ્ધ સ્વરૂપી ભગવાન આત્મા પોતાની નિર્મળ પર્યાયની સામગ્રીમાં બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનુકૂળ નિમિત્તે પોતે શુદ્ધપણે પરિણમતો પરમાત્મા થઈ જાય છે. એક કારણ જ્યાં હોય ત્યાં બીજાં કારણ હોય જ છે, ન હોય તેમ બને નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને વીતરાગતાની પર્યાય પ્રગટ થઈ ત્યાં બીજા નિમિત્ત આદિના જે સાધન હોય તે હોય જ, ન હોય તેવું ન બને.

હવે આ કથનને સાંભળીને શિષ્ય પૂછે છે કે ભગવંત! જો આત્માની શુદ્ધ પર્યાય અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના નિમિત્તોની સામગ્રીથી આત્મા પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે તો વ્રત-સમિતિ આદિનું પાળવું નિષ્ફળ નિરર્થક થશે. જો એની મેળે પ્રાપ્ત થઈ જશે તો વ્રત-સમિતિ આદિનું પાલન શું કરવું? વ્રતાદિના પાલન વડે શરીરને કષ્ટ દેવાથી શું લાભ છે? તેને આચાર્ય મહારાજ ઉત્તર આપે છે કે—

હે વત્સ! તેં જે આશંકા કરી છે તે ઠીક નથી. કહેવું એમ છે કે આત્માનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું પણ સ્વરૂપની શુદ્ધતાની ઉગ્રતા નથી ને ઉગ્રતા પ્રગટ કરવાનો જે પ્રયત્ન જોઈએ તે પણ નથી તેથી તેને અવ્રતના ત્યાગરૂપ વ્રતનો ભાવ હોય છે; એ શુભભાવના ફળમાં તેને સ્વર્ગાદિ મળે છે. આત્માનું ભાન છે ને પૂરણ શુદ્ધતાના પુરુષાર્થની વાર છે—તેના ભાવની યોગ્યતાને પણ વાર છે ને દ્રવ્ય-ક્ષેત્રાદિ નિમિત્તોની વાર છે—ત્યારે અવ્રતથી પાપ બાંધે ને વ્રતના ભાવ હોય તો સ્વર્ગમાં જાય, અને વ્રતના ભાવ હોય ત્યારે અંદર થોડી શુદ્ધિની વૃદ્ધિ પણ હોય છે. અવ્રતના કાળમાં સમ્યગ્દષ્ટિને અંદર જેટલી શુદ્ધિ છે તેના કરતાં વ્રતના પરિણામ વખતે અંદર શુદ્ધિની વૃદ્ધિ હોય છે. પરંતુ અહીં તે વાતની મુખ્યતા ન ગણતાં વ્રતનું ફળ સ્વર્ગાદિ હોય છે તે વાત અહીં કહેવામાં આવી છે. કહે છે કે ભાઈ, વ્રતાદિ નિરર્થક જશે એ વાત નથી. કારણ કે વ્રતાદિ પુણ્ય-બંધનું કારણ છે અને પૂર્વે બાંધેલા પાપનો એકદેશ ક્ષય થાય છે માટે અવ્રતના પરિણામ કરતાં વ્રત-સમિતિરૂપ શુભભાવનું સાર્થકપણું છે વળી સમ્યગ્દષ્ટિને પણ જે શુભભાવ થાય તે સ્વર્ગાદિ પદની પ્રાપ્તિમાં નિમિત્ત થાય છે માટે વ્રતાદિનું આચરણ સાર્થક છે— આ જ વાત સ્પષ્ટ કરવા આચાર્ય મહારાજ શ્લોક કહે છે—

**वरं व्रतैः पदं दैवं नाव्रतैर्वत नारकं ।**
**छायातपस्थयोर्भेदः प्रतिपालयतोर्महान् ॥ ३ ॥**

છાયા આતપ સ્થિત જો, જન પામે સુખ દુઃખ,
તેમ દેવપદ વ્રત થકી, અવ્રતે નારક દુઃખ. ૩.

શ્રી કુંદકુંદાચાર્યે પણ મોક્ષપાહુડના ૨૫ માં શ્લોકમાં આ કહ્યું છે. અશુભથી શુભની વિશેષતા વ્યવહારથી બતાવવાની આ વ્યાખ્યા છે. સંસારમાં વ્રત-તપાદિથી સ્વર્ગ થાય છે તેથી વ્રત-તપાદિ ભલા છે. પરંતુ અવ્રતાદિથી નરકાદિ ગતિ હોય છે તેથી અવ્રતાદિ શ્રેષ્ઠ નથી. વ્રતાદિથી સ્વર્ગ મળે છે તેથી તે નરકની અપેક્ષાએ શ્રેષ્ઠ છે. અવ્રતાદિથી પ્રાણીઓને જે નરકના દુઃખ હોય છે તે ઇષ્ટ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્રતો દ્વારા દેવપદ પામવું સારું છે એટલે કે આત્માના ભાન પૂર્વક જો વ્રતાદિ હોય તો તેને અંદર શુદ્ધિની વૃદ્ધિ પણ થઈ છે ને વ્રતાદિના પરિણામથી સ્વર્ગાદિ પણ મળે છે. પરંતુ અવ્રતો દ્વારા નરકપદ પામવું સારું નથી. આત્માના ભાન વિના એકલા વ્રત પાળે તેને તો પુણ્યનો બંધ થાય પણ તેના જન્મ-મરણ કાંઈ ટળે નહીં, તેને આત્માનો કાંઈ લાભ નથી.

જેમ એક માણસ છાંયડે બેઠો હોય ને બીજો તડકે બેઠો હોય તેમાં ફરક જોવામાં આવે છે. બે માણસ ગામ બહાર નીકળ્યા ને ત્રીજો માણસ હજી ગામમાં છે, તેની વાટ જોઈને બે માણસે બેસવું છે, એક જણ તડકે ઊભો રહે ને બીજો થોડે દૂર ચાલીને વડના છાંયડે ઊભો રહીને રાહ જોવે છે. તેમ આત્મામાં શુદ્ધોપયોગ થાય ત્યારે તેની મુક્તિ થાય. પરંતુ શુદ્ધોપયોગની પ્રાપ્તિનો જ્યાં સુધી તેને કાળ ન આવે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ શુભભાવમાં હોય તો તેને સ્વર્ગની છાયામાં બેઠો કહેવામાં આવે છે, ને અશુભ-ભાવમાં હોય તો તે દુઃખના સ્થાનમાં ઊભેલો કહેવામાં આવે છે. તડકો ને છાંયાની જેમ અહીં અશુભ ને શુભનો ફેર બતાવવો છે, પણ મળવું છે તો ત્રીજાને—શુદ્ધોપયોગને મળવું છે. શુદ્ધ ઉપયોગ વિના ચારિત્ર ને શાંતિ આત્માને ત્રણ કાળમાં થતી નથી, પણ પાપ કરતાં પુણ્યના સ્થાનમાં વ્યવહારે આટલો ફેર પાડવાની વાત બતાવે છે. અશુભ ભાવ કરતાં શુભભાવમાં પુણ્યથી સ્વર્ગની બાહ્ય સગવડતા છે એટલો આંતરો વ્યવહારથી બતાવવો છે. બાકી સ્વર્ગમાં પણ દુઃખ છે, ત્યાં કાંઈ સુખ છે નહીં, પરંતુ બહારની સગવડતાની અપેક્ષાએ નરકના દુઃખ કરતાં વ્યવહારે સુખની વ્યાખ્યા કરી છે.

જ્યાં સુધી જીવને મુક્તિના કારણભૂત પોતાના શુદ્ધોપયોગની ઉગ્ર પ્રાપ્તિ ન થાય અને એ જાતના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના નિમિત્તો મળે નહીં ત્યાં સુધી વ્રતાદિનું આચરણ કરનાર સ્વર્ગાદિના સ્થાનોમાં આનંદથી રહે છે. સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં અશુભભાવમાં રહેવા કરતાં વ્રતાદિ શુભભાવ (વ્યવહારે) ઠીક છે એ વ્યાખ્યા કરી છે. વ્રતાદિ આવે ત્યારે આત્માનો પુરુષાર્થ વિશેષ હોય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદનું વેદન છે પણ પાંચમા ગુણસ્થાનમાં જ્યારે વ્રતનો વિકલ્પ હોય ત્યારે ખરેખર તો શાંતિ ને આનંદ વધી ગયા છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ તેની શાંતિ વધુ છે. વ્રતાદિને ન પાળનાર અસંયમી પુરુષ દુઃખોને પામે છે તેથી વ્રતાદિ પાળવા નિરર્થક નથી પણ સાર્થક છે. માટે જ્યાં સુધી સિદ્ધપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિએ અશુભ છોડીને શુભમાં આવવું એટલી વાત છે.

ત્યારે શિષ્ય આશંકા કરે છે કે ઉપરનું કથન માની લેવામાં આવે તો ચિદ્રૂપ આત્માની ભક્તિ અયુક્ત ઠરશે. શુદ્ધ ચિદ્રૂપ ભગવાનની રુચિ ને રમણતા તો મફતમાં જશે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરર્થક થઈ જશે. બધા વ્રત જ પાળશે ને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ ને અનુભવ તો કરશે નહીં. વ્રતાદિના ફળમાં સ્વર્ગના સુખ મળશે તો તેમાં જ રોકાઈ જશે. પછી શુદ્ધ ચિદ્રૂપ ભગવાનની ભક્તિ કરશે કોણ?—એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે.

આચાર્ય મહારાજ એ શંકાનું સમાધાન કરે છે કે વ્રતાદિની નિષ્ફળતા પણ નથી અને આત્માના અંતરમાં શ્રદ્ધા–જ્ઞાન ને આનંદનો અનુભવ અયુક્ત નથી. ખરેખર તો એ જ યુક્ત છે, કરવા જેવું તો એ જ છે. અનંત અનંત શાંતરસનો કંદ પ્રભુ તેની એકાગ્રતા તે આત્મભક્તિ છે ને તે જ ખરેખર યુક્ત છે, કરવા યોગ્ય છે. દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ એ વ્યવહારભક્તિ છે ને આત્મભક્તિ એ નિશ્ચયભક્તિ છે. સમ્યગ્દર્શન સહિત વ્રતાદિ હોય તેને અયુક્ત કહેવું પણ ઠીક નથી અને આત્મભક્તિને અયુક્ત બતાવવી ઠીક નથી. આ કથનને પુષ્ટ કરવા આચાર્ય મહારાજ શ્લોક કહે છે:—

**यत्र भावः शिवं दत्ते द्यौः कियद्दूरवर्तिनी ।**
**यो नयत्याशु गव्यूतिं क्रोशार्धे किं स सीदति ॥ ४ ॥**

આત્મભાવથી મોક્ષ જયાં, ત્યાં સ્વર્ગ શું દૂર,
ભાર વહે જે કોશ બે, અર્ધ કોશ શું દૂર. ૪.

ભગવાન આત્મામાં લાગેલા પરિણામ ભવ્ય જીવને મોક્ષ પ્રદાન કરે છે, મોક્ષનું કારણ છે. જે વીતરાગી પરિણામ ભગવાન આત્માને મોક્ષ પ્રદાન કરવા સમર્થ છે તો એ વીતરાગી પરિણામવાળા જીવને માટે સ્વર્ગ કેટલું દૂર હોઈ શકે? તેને વચમાં સ્વર્ગ તો મળે જ. સો ખાંડી અનાજ થાય તો હારે સો ગાડા ખડ તો થાય જ. પુણ્ય તો ખડ છે, ઘાસ છે. આત્માના શ્રદ્ધા–જ્ઞાન ને રમણતામાં મોક્ષ હોય ત્યાં વચ્ચે સ્વર્ગ તો આવે જ. એ પરિણામની ભૂમિકામાં એવો શુભ વિકલ્પ હોય જ છે, તેથી આત્મધ્યાન સાથે ઉપાર્જિત પુણ્યના ફળમાં વચ્ચે સ્વર્ગ તો આવે જ.

આવું જ કથન તત્ત્વાનુશાસનની ગાથા ૧૯૬, ૧૯૭ માં પણ આવે છે. સમ્યગ્જ્ઞાનીનો ઉપદેશ એવો હોય છે કે તું આત્માનું શ્રદ્ધાન કર, ધ્યાન કર એનાથી મુક્તિ ને એનાથી સંવર–નિર્જરા થાય છે. ગુરુએ એમ કહ્યું કે તારો આત્મા અનંત શક્તિવાળો છે, તેનું તું ધ્યાન કર, એમાં સાવધાન થા, પુણ્ય–પાપના પરિણામની સાવધાની છોડી દે. સાચા ગુરુનો ઉપદેશ આવો જ હોય કે આત્મામાં સાવધાન થા. પુણ્ય–પાપના વિકલ્પ તો રાગ છે, તેની સાવધાની છોડીને અંદર શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે તેમાં દૃષ્ટિ લગાવ. સ્વભાવમાં સાવધાન થા. આવો ઉપદેશ પામીને સાવધાન થઈને જે પ્રાણીઓ અનંત અનંત શક્તિ સંપન્ન પ્રભુ આત્માને ધ્યાવે છે તેને ધ્યાન કરતાં કરતાં જો થોડો રાગ બાકી રહી જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તો તેને ભક્તિ પ્રદાન કરે છે. ધ્યાન કરતાં કરતાં હું પૂરણ કરું એવો જે વિકલ્પ રહી ગયો, અપૂરણ ધ્યાન રહી ગયું, એ વિકલ્પના ફળમાં સ્વર્ગાદિ મળે છે.

ભગવાન આત્મા અરિહંત સ્વરૂપ છે, સિદ્ધ સ્વરૂપ છે એમ ચિંતવવામાં આવે તે જીવ જો ચરમશરીરી હોય તો તેને મુક્તિ મળે છે અને અન્યને રાગ બાકી રહી જાય તેના ફળમાં સ્વર્ગાદિના ભોગો મળે છે. ભગવાન આત્મા અત્યારે શક્તિરૂપે અરિહંત છે. આત્મા અરિહંત થવાનો છે એ પર્યાય અંદર પડી છે. અરિહંત ને સિદ્ધની પર્યાય આત્મામાં અત્યારે પડી જ છે, પર્યાયરૂપે નહીં પણ શક્તિરૂપે પડી જ છે. વસ્તુમાં અરિહંતપદ ને સિદ્ધપદ આત્મામાં વર્તમાનમાં શક્તિરૂપે પડ્યું જ છે. કેમ કે દ્રવ્યથી તે સ્વપર્યાય કદી જુદી હોતી નથી ને દ્રવ્ય પણ કદી સ્વપર્યાયથી જુદું હોતું નથી—એ સિદ્ધાંત અનુસાર ભવ્ય જીવોને ભાવિ અરિહંતની પર્યાય દ્રવ્યરૂપે સદાય વિદ્યમાન છે. આત્મામાં અનંત સિદ્ધ પદ, અનંત કેવળજ્ઞાન પડ્યા છે. પરંતુ શરીરના રોગમાં, કાં તો પાપનાં પરિણામમાં ને કાં તો પુણ્યના પરિણામમાં રોકાઈ ગયો હોવાથી હું અંદર કોણ છું એની એને ખબર નથી.

જેને બહુ ભાર લઈને સો યોજન ચાલવાની શક્તિ છે તેને અડધું યોજન ચાલવામાં શું? તેમ જેણે આત્માના પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ કરી છે ને મોક્ષની તૈયારી છે તેને હવે સ્વર્ગ છેટું કેટલું? એ તો વચ્ચે આવ્યા વિના રહે નહીં એનો પુરુષાર્થ સ્વભાવ ઉપર છે તેને થોડો રાગ બાકી રહી ગયો તે સ્વર્ગમાં જાય છે એની કાંઈ વિશેષતા નથી.—એમ આચાર્ય મહારાજે શિષ્યની આશંકાનું સમાધાન કર્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૩ ]

# આત્માને ઉપકારક : અતીન્દ્રિય વીતરાગી પરિણતિ
# આત્માને અપકારક : રાગાદિ વિભાવપરિણતિ

[ તા. ૧૭-૩-૬૬ ]

શ્રી પૂજ્યપાદ સ્વામી ઘણાં વર્ષો પહેલાં થઈ ગયા, તેમણે આ ઇષ્ટોપદેશ રચ્યું છે. તેમાં આ ચોથો શ્લોક ચાલે છે:—

સર્વજ્ઞ તીર્થંકર ભગવાને જે આત્મા જોયો છે તે આ આત્મા તો આનંદ ને શુદ્ધોપયોગ-જ્ઞાનમય છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જ્ઞાન ને આનંદમય આત્મા જોયો છે. શરીર-વાણી-મન તો જડ માટી છે, પુણ્ય-પાપના ભાવ થાય ઈ વિકાર છે, આસ્રવતત્ત્વ છે. ભગવાને જે આત્મા જોયો એ તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છે. એ આત્માની જે અંતરદૃષ્ટિ ને ધ્યાન કરે તેને મુક્તિ મળે છે ને એને સ્વર્ગ તો સહેલું છે. જેમ જેને સો ગાવ-સો કોષ ભાર લઈ જવાની તાકાત છે તે ભારવાહકને અડધો ગાવ ભાર લઈ જવો એ તો સહેલું છે. તેમ જેને શુદ્ધ આનંદમૂર્તિ આત્માની દૃષ્ટિ ને ધ્યાન કરતાં શુદ્ધતા-સંવર-નિર્જરા થાય ને મુક્તિ મળે પણ એને મુક્તિ મળ્યા પહેલાં વચ્ચે સ્વર્ગનું સુખ તો મળવું સહેલું છે, કેમ કે આત્માનું ધ્યાન કરતાં જે ગુણ-ગુણીનો વિકલ્પ ઉઠે અથવા તો સર્વજ્ઞદેવ આમ કહે છે, આમ છે—ઇત્યાદિ જે વિકલ્પ ઉઠે એવા વિકલ્પમાં એને પુણ્ય બંધાઈ જાય તેથી તેને સ્વર્ગના સુખ મળે જ.

અનાજ પાકે ને સાથે ખડ ન પાકે એમ બને ? એકલું ખડ પાકે ને અનાજ ન પાકે એમ બને ખરું. છપનિયાના દુષ્કાળમાં અનાજ ન પાક્યું ને બાંટા પાકયા હતા ને પછીના વર્ષે સુકાળ થવાથી અનાજ પણ ઘણું પાક્યું હતું ને ખડ પણ ઘણું પાક્યું હતું. તેમ જ્ઞાનાનંદ શુદ્ધ આનંદકંદ પ્રભુ દુઃખ રહિત ને વિકાર રહિત ભગવાન આત્માની જેને સમ્યગ્દર્શનમાં આત્મભક્તિ થઈ તેને સુકાળ થયો હોવાથી તેને મુક્તિ તો મળે જ ને સાથે વચમાં સ્વર્ગાદિ મળવા તો સહેલાં છે. પરંતુ જેને આત્મભક્તિ થઈ નથી ને એકલા વ્રત-તપાદિ કરે છે તેને દુષ્કાળની જેમ મુક્તિ મળતી નથી પણ સ્વર્ગાદિ મળે ને એમાં સુખ માનીને ચાર ગતિમાં રખડે છે.

ભાઈ! તું તો આત્મા છો ને આત્મા તો જ્ઞાન ને આનંદની મૂર્તિ છે, એની શ્રદ્ધા-ભક્તિ કર્યેથી સંવર થાય, નિર્જરા થાય, મુક્તિ થાય અને એ આત્મભક્તિમાં પહેલાં ગુણી-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે, પરમેશ્વરે આવું તત્ત્વસ્વરૂપ કહ્યું છે—એમ વિકલ્પ ઉઠે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમાં પુણ્ય બંધાઈ જાય, કે જે પુણ્યમાં તેને સ્વર્ગ તો સહેજે મળી જાય. પરંતુ એ સ્વર્ગમાં સમ્યગ્દષ્ટિ ધર્મી સુખ માનતો નથી.

અરે ! કાંઈ ખબર નથી ! આ મનુષ્યભવ અનંત કાળે માંડ મળ્યો ને એમાં શું કરવાનું છે એ સમજે નહીં ને એમ ને એમ રાગ-દ્વેષ-કષાય કરીને, હોળી કરીને હાલ્યા જાય અરેરે !

અહીં દાખલો આપીને સમજાવે છે કે જે પોતાનો ભાર બે કોષ સુધી શીઘ્રતાથી આસાનીપૂર્વક લઈ જઈ શકે છે તેને અડધો કોષ સુધી ભાર લઈ જવામાં શું ખેદ થશે ? તેમ જ્યાં ભગવાન આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રમાં રમતો હોય—એટલી જેના પુરુષાર્થની તાકાત છે તેને સ્વર્ગનો સાધારણ પુરુષાર્થ અંદર આવી જાય છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ ભગવાન આત્માને જેણે શુદ્ધોપયોગની પર્યાયમાં પ્રગટ કર્યો તેને વચ્ચે શુભોપયોગરૂપી સાધારણ આચરણ તો વચ્ચે આવ્યા વિના રહેશે નહીં, તેથી તેને વચ્ચે સ્વગાદિ તો સહેજે મળી જવું સ્વાભાવિક છે.

આત્માના શ્રદ્ધા જ્ઞાન કરે, આત્મભક્તિ કરે તે સમ્યગ્દષ્ટિ જીવ મરીને સ્વર્ગમાં જ જાય, કેમ કે અત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ તો છે નહીં. જેણે આત્માનું ભાન કર્યું નથી ને એકલા વ્રત-તપ આદિ ક્રિયાકાંડ કરે છે તે થોડું પુણ્ય બાંધે ને સાધારણ સ્વર્ગમાં જાય પણ તેને ધર્મ થાય નહીં, મુક્તિ થાય નહીં કે સંવર-નિર્જરા થાય નહીં. ચૈતન્યસૂર્ય ભગવાન આત્માની જેણે ભક્તિ કરી ને વિકારની ભક્તિ દૃષ્ટિમાંથી છોડી દીધી છે, શુભભાવ આવે ખરો પણ તેણે શુભભાવની ભક્તિ છોડી દીધી છે એટલે કે તેણે શુભભાવની રુચિ છોડી છે તેને મુક્તિ તો મળે જ ને વચમાં સ્વર્ગાદિ મળવા તો સ્વાભાવિક છે. અજ્ઞાનીને શુભભાવમાં રુચિ છે કે અમે શુભભાવ કરીશું ને સ્વર્ગમાં જઈશું પછી માણસ થઈશું—મોટા શેઠીયા થઈશું ને ભગવાન પાસે જઈશું—તેને આત્માનું ભાન નથી એટલે શુભભાવમાં એવી રુચિ ને મીઠાસને તે વેદે છે. ધર્મી જીવને તો આત્માનું ભાન છે કે અરે ! હું આત્મા છું ને ! મારો તો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે ને ! મારો આનંદ ક્યાંય બહારમાં નથી. ભલે પછી તે ગૃહસ્થાશ્રમમાં હો, ૯૬ હજાર રાણીઓ હોય ! શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ ચક્રવર્તી હતા, તેને ૯૬ હજાર રાણીઓ હતી પણ પરમાં ક્યાંય સુખ માનતા ન હતા, જાણતા કે અરે ! આ અસ્થિરતાનો રાગ આવે છે પણ એ દુઃખ છે !

અહીં તો કહે છે કે આત્માના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન ને ભક્તિ થઈ છે તેને સ્થિર થવા પહેલાં, ધ્યાનમાં બેસે ત્યારે પહેલાં આ આત્મા છે, શુદ્ધ પૂરણ છે—ઇત્યાદિ જે વિકલ્પ ઉઠે એ શુભરાગ છે ને તે આત્મજ્ઞાનીને સ્વર્ગનું સાધન થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે શિષ્ય ફરીથી પ્રશ્ન પૂછે છે કે સ્વર્ગમાં જનારને શું ફળ મળે છે? આચાર્ય મહારાજ ઉત્તર આપતાં ગાથા કહે છેઃ—

**हृषीकजमनातंकं दीर्घकालोपलालितम् ।**
**नाके नाकौकसां सौख्यं नाके नाकौकसामिव ॥ ५ ॥**

ઇન્દ્રિય જન્ય નિરામયી, દીર્ઘકાલ તક ભોગ્ય,
ભોગે સુરગણ સ્વર્ગમાં, સૌખ્ય સુરોને યોગ્ય. ૫.

સ્વર્ગમાં રહેનારા દેવોને સ્વર્ગવાસી દેવો જેવું સુખ હોય છે. એટલે ઇન્દ્રિયજન્ય સુખવાળાને ઇન્દ્રિયજન્ય જેવું જ સુખ હોય છે પણ આત્માના અતીન્દ્રિય સુખ જેવું સુખ દેવોને નથી. મન, રાગ ને ઇન્દ્રિયથી ભિન્ન પાડીને આત્માનું જે સુખ આવે એવું અતીન્દ્રિય સુખ સ્વર્ગમાં નથી. સ્વર્ગમાં જાય તો કેવું સુખ થાય? એનો ઉત્તર આપે છે કે તે સુખ કાંઈ અતીન્દ્રિય સુખ નથી પણ દેવના જેવું દેવને સુખ છે, મનુષ્ય કરતાં તેનું સુખ વધારે હોય છે, બીજી ઉપમા શી અપાય!

સ્વર્ગના દેવોના સુખને શી ઉપમા આપવી? એના જેવું સુખ બીજી ગતિમાં નથી. મનુષ્યમાં નથી. મનુષ્યની અપેક્ષાએ ઇન્દ્રિયના સુખની વાત છે હો! પણ ઈ કાંઈ અતીન્દ્રિય સુખ નથી. ઇન્દ્રિય સુખ જે મનુષ્યપણામાં છે તે કરતાં ઘણું ઇન્દ્રિય સુખ સ્વર્ગના દેવોને છે એ અપેક્ષાએ કહે છે કે દેવના સુખને ઉપમા આપી શકાય નહીં એવું છે. તે ઇન્દ્રિય સુખ નિર્વિઘ્ન છે. શત્રુ આદિના વિઘ્નો ત્યાં નથી ને તે સુખ દીર્ઘકાળ સુધીના—સાગરોપમ સુધીના હોય છે. એક સાગરમાં દશ કોડાકોડી પલ્યોપમ જાય ને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એવા સાગરોપમ કાળનું સુખ સ્વર્ગના દેવોને હોય છે.

મનુષ્યના સુખ કરતાં સ્વર્ગના દેવોની સુખ–સગવડતા વધારે છે એટલું બતાવવું છે. બાકી ત્યાં કાંઈ અમૃત નથી, અમૃત તો આત્મામાં છે. મનુષ્યના સુખ વિઘ્નોવાળા, અલ્પકાલીન છે ને સ્વર્ગના સુખ નિર્વિઘ્ન છે, દીર્ઘકાલીન છે. એ વ્યાખ્યા અપેક્ષાએ સ્વર્ગના સુખ સારા કહ્યાં છે. બાકી સમ્યગ્દષ્ટિ તેને સુખ માનતો નથી. જે આત્માના ભાનપૂર્વક ત્યાં ગયા છે તે તેને સુખ માનતા નથી. અજ્ઞાની તેને સુખ માને છે.

હવે વિશેષ અર્થ કરે છે કે હે વત્સ! આ સ્વર્ગીય સુખ કોને હોય છે?—કે સ્વર્ગમાં રહેનારા દેવોને હોય છે, નહીં કે સ્વર્ગના એકેન્દ્રિય જીવોને. સ્વર્ગમાં ઉપજેલા એકેન્દ્રિય જીવોને સુખ હોતું નથી. સ્વર્ગના દેવોને ઇચ્છા થાય ત્યારે વિષયોને અનુભવ કરનાર સ્પર્શાદિ સારાયે અંગથી તેને હરખ થાય છે. સમ્યગ્દષ્ટિને રાગ બાકી રહેવાથી સ્વર્ગમાં જાય છે તેને ત્યાં આવું સુખ હોય છે. મનુષ્યમાં એક એક ઇન્દ્રિયનું થોડું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખ લાગે છે ને સ્વર્ગમાં પાંચેન્દ્રિયનું સર્વાંગીય સુખ દેખાય છે. બાકી તો પરમાત્મા પોતે પરમેશ્વર પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ બિરાજી રહ્યો છે તેમાં અંતર એકાગ્રતાથી જે આનંદ આવે એવો આનંદ ત્રણકાળમાં બીજે કયાંય નથી.

મનુષ્યને તો પાંચ-પચ્ચીશ કરોડ થાય ત્યાં કયાં રાખવા? કેમ સાચવવા? ઇત્યાદિ ઉપાધિ હોય છે. મોટા રાજાદિના સુખ હોય તોપણ તેને કેટલાય વિઘ્નો આવે છે. સ્વર્ગના સુખ નિર્વિઘ્ન હોય છે. મનુષ્યના રાજ્ય આદિના સુખમાં તો કોઈ રાજાને મારી નાખે, ગાદીએથી ઉઠાડી મૂકે, શરીરમાં કેટલાય રોગ હોય, જ્યારે સ્વર્ગના સુખમાં આવી પ્રતિકૂળતા હોતી નથી.

વળી એ સુખ દેવકુરુ ને ઉત્તરકુરુના જુગલિયા જીવો-ભોગભૂમિના જીવોની જેમ અલ્પકાળના હોતા નથી. સ્વર્ગમાં તો સાગરોપમ કાળના સુખ હોય છે. આત્માના ધ્યાન-પૂર્વક સમ્યગ્દષ્ટિને શુભભાવના ફળમાં સ્વર્ગનું આવું સુખ હોય છે અને અજ્ઞાનીને પણ આત્માના ભાન વિના શુભભાવના ફળમાં સ્વર્ગનું સુખ હોય છે પરંતુ અજ્ઞાની તે સુખ ભોગવીને મરીને એકેન્દ્રિય આદિમાં જતો રહે છે ને સમ્યગ્દષ્ટિ ત્યાંથી મરીને મનુષ્ય થઈને મોક્ષે જાય છે.

આત્માના જ્ઞાન ધ્યાન ને અનુભવપૂર્વક જે શુભભાવથી સ્વર્ગમાં ગયા તેને આજ્ઞામાં રહેનારા હજારો દેવદેવીઓની સેવાઓ દ્વારા એક પછી એક વધતા જતા સુખ હોય છે. એ સુખની ઉપમા આપીને બીજા સાથે સરખાવીને—મનુષ્યના સુખ સાથે સરખાવીને કહી શકાતું નથી. આત્માનું ધ્યાન કર્યું છે, આત્મજ્ઞાનમાં આનંદ માન્યો છે તેને હજુ શુભ રાગ બાકી રહી જાય ને પુણ્ય બાંધે તેની આ વાત ચાલે છે. સ્વર્ગના દેવોનું સુખ સ્વર્ગના દેવોના જેવું હોય છે.

ત્યારે શિષ્યે તેમાંથી શંકા ઉપાડી કે આટલું બધું સુખ સ્વર્ગમાં છે, ત્યાંના સુખની આટલી બધી વ્યાખ્યા કરી તો આત્માની ભક્તિ કરીને શું કામ છે? આવું સુખ મળે તો બસ છે. કેવળ મોક્ષમાં જ સુખ છે એમ નથી, સ્વર્ગમાં પણ અવું સુખ છે તો પછી 'મને મોક્ષની પ્રાપ્તિ થાઓ'—એનું શું કામ છે? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કહે છે કે:—

અરે શિષ્ય! તું સાંભળ! સંસાર સંબંધી જેટલા પુણ્યના સ્વર્ગના સુખ વર્ણવ્યા તે સુખ નથી. પરમાં સુખ-દુઃખ માનવું એ તારી ભ્રાંતિ છે. મનુષ્ય કરતાં બીજા પ્રકારનું સુખ વચમાં આવે છે. સમ્યગ્દષ્ટિને સ્વર્ગમાં એવું સુખ હોય છે એટલું બતાવ્યું છે. પણ ત્યાં સુખ છે એવી માન્યતા તો બહિરાત્મા મિથ્યાદષ્ટિની હોય છે. શુભોપયોગમાં જે સુખ મળે તેને સાચું સુખ માને એ ભ્રાંતિ તો મિથ્યાદષ્ટિની છે. મનુષ્ય કરતાં સ્વર્ગમાં સુખ છે ને!—એવો આગ્રહ કરવાવાળો સંસારસુખ-દુઃખ સંબંધી ભ્રાંતિવાળો છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાતને બતાવવા આચાર્યદેવ શ્લોક કહે છે:—

**वासनामात्रमेवैतत्सुखं दुःखं च देहिनां ।**
**तथा ह्युद्वेजयंत्येते भोगा रोगा इवापदि ॥ ६ ॥**

સુખ–દુઃખ સંસારીના, વાસના જન્ય તું માન,
આ પદમાં દુઃખકાર તે, ભોગો રોગ સમાન. ૬.

આ દેહ–માટીના ધરનાર જીવોને જે આ સુખ–દુઃખ થાય છે તે કેવળ કલ્પના ને વાસનાજન્ય સંસ્કાર છે. સમ્યગ્દૃષ્ટિ તો આત્મામાં જ આનંદ માને છે. સ્વર્ગમાં હોય તોપણ આત્મામાં જ આનંદ માને છે. ભગવાન ઋષભદેવના પુત્ર ભરતચક્રવર્તી એમ જાણતા ને માનતા કે અમારું સુખ અહીં અમારા આત્મામાં છે, રાણીઓમાં, રાજ્યોમાં, આબરૂ કે કીર્તિમાં અમારું સુખ નથી.—એમ સમ્યગ્દૃષ્ટિ આત્માનું સુખ આત્મામાં માને છે. અજ્ઞાની બાહ્ય વિષયના સુખને ભ્રાંતિથી ભ્રમણાથી સુખ માને છે.

કેવળ કલ્પનાજન્ય વાસનાના સંસ્કારથી અજ્ઞાની બાહ્ય વિષયના સુખમાં સુખ માને છે. કેવળ...કેવળ....કેવળ એટલે કે ત્યાં સુખ નથી પણ કેવળ કલ્પનાથી અજ્ઞાની માને છે. એ તો માત્ર એની કલ્પના છે. પ્રભુ! આત્મા તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. તેને છોડી અજ્ઞાની વિષયના, સ્વર્ગના, ચક્રવર્તીના, મનુષ્યના સુખમાં કેવળ વાસના ગંધથી–કલ્પનાથી–વાસનાના સંસ્કારથી સુખ માને છે.

જેને લોકમાં સુખ પેદા કરનારા જાણવામાં આવે છે એવી સુંદર સ્ત્રી, લક્ષ્મી, મકાન, આબરૂ, ખાવા–પીવાની ઉત્તમ વસ્તુ હોય છતાં જો અંદરમાં કાંઈ ચિંતા હોય તો, દુર્નિવાર શત્રુ આદિ આવી પડે તો કે આકરો રોગ થાય તો તે ઉદ્વેગ કરે છે. બહારમાં લાખ રૂપિયાની મોટરમાં બેઠો દેખાય ને અંદરમાં ચિંતાથી સળગતો હોય. બહારમાં અનુકૂળતા દેખાય છતાં કોઈ આકરી ચિંતા આવી પડે કે કેન્સર આદિ થાય ત્યારે એ બધા ભોગો રોગોની જેમ ઉદ્વેગ કરે છે. સ્વર્ગના દેવને પણ આયુષ્ય પૂરું થવાને છ–મહિના અગાઉ ગળાની માળા કરમાવા લાગે ત્યાં હાય હાય! હવે? જઈશ કયાં?—કે ઢોરમાં....અરર! આ ગધેડીની કૂંખે? આ ગધેડીના પેટે નવ મહિના રહેવું પડશે? આ કરતાં તો એકેન્દ્રિય થવું સારું—એમ આર્ત્તધ્યાન કરતો કરતો મરીને પછી એકેન્દ્રિયમાં જાય. પૃથ્વીમાં હીરાદિમાં જાય, પાણીમાં સુગંધી પાણીમાં જાય, વનસ્પતિમાં ફળફૂલમાં જાય, આહાહા!

બાપુ! આત્મામાં આનંદ છે, બીજે કયાંય આનંદ છે નહીં. શુભભાવ કર્યા હોય તોપણ સ્વર્ગમાં આનંદ કયાંય છે નહીં–એમ સિદ્ધ કરે છે. બહારની સગવડતા જરીક ઓછી થાય ત્યાં તો રાડે રાડ પાડે ને જરાક સગવડતા આવે ત્યાં તો ફૂલી જાય પણ બાપુ! એમાં છે શું? સનેપાત થયો છે સનેપાત! ભાઈ સુખ તો આત્મામાં છે બાપુ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમકિતીને શુભભાવના ફળમાં સ્વર્ગ મળે પણ તેમાં તે સુખ માનતો નથી. અજ્ઞાનીને તો હાય....હાય....શરીર સારાં હતા ત્યારે આ કર્યું નહીં ને તે કર્યું નહીં ને હવે....એમ ચિંતા ચિંતા કરીને મરીને હાલ્યો જાય નરકમાં ને નિગોદમાં....

પૈસામાં, મનુષ્યમાં, ચક્રવર્તીમાં સ્વર્ગમાં-બધેય જે કાંઈ ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખ છે તે વાસનામાત્ર છે. શરીરમાં રોગ આવ્યો તે કાંઈ દુઃખ નથી પણ વાસનામાત્ર કલ્પના છે, તારી માન્યતામાં દુઃખ છે. રોગ કે પ્રતિકૂળતામાં દુઃખ નથી પણ તારી માન્યતામાં દુઃખ છે. અનુકૂળતા આવે ત્યાં આ સુખ છે એમ તેં માન્યતામાં માન્યું છે, સુખ છે નહીં. શરીર, સ્ત્રી, કુટુંબ, મકાન, પૈસા—એ બધાય નથી જીવને ઉપકારક કે નથી અપકારક. દેહાદિ બાહ્ય પદાર્થ આત્માને નુકશાન કરનારા પણ નથી ને લાભદાયક પણ નથી. શરીરમાં રોગ આવે એ કાંઈ આત્માને નુકશાનકર્તા નથી અને શરીરમાં નિરોગતા એ તને કાંઈ લાભદાયક નથી. પાંચ-પચ્ચીશ લાખ રૂપિયા મળે તે આત્માને ઉપકારક નથી ને નિર્ધનતા હોય તે આત્માને અપકારક નથી. સારા છોકરા થાય એ આત્માને લાભ કે નુકશાનકારક નથી. શત્રુ પાકે તો આત્માને નુકશાનકારક નથી કેમ કે પરદ્રવ્ય આત્માને નુકશાનકારક પણ નથી ને લાભદાયક પણ નથી. અજ્ઞાનીએ ખોટી ભ્રમણા ઊભી કરી છે.

વિષ્ટાના ભમરાને ફૂલનો ભમરો ફૂલમાં સાથે લઈ ગયો ને પૂછ્યું કે એલા અહીં કેવી સરસ સુગંધ આવે છે? ત્યારે ઈ કહે કે મને તો એવી ને એવી ગંધ લાગે છે! ફૂલનો ભમરો વિચારવા લાગ્યો કે આ શું? પેલા ભમરાના નાકમાં જોયું તો વિષ્ટાની નાની નાની ગોળી નાકમાં રાખીને આવ્યો હતો એટલે ગુલાબ પર બેઠેલો તોપણ ગંધ તો વિષ્ટાની જ આવે ને! તેમ ભ્રમણા રાખીને જોવે છે એટલે એને ખબર પડતી નથી. પરપદાર્થને અપકારક-ઉપકારક માનનારી ભ્રમણા છે, એ ભ્રમણાની ગોળી એણે ખાધી છે. પરંતુ પરપદાર્થ અપકારક કે ઉપકારક છે નહીં. આત્માનો આનંદ તે આત્માને ઉપકારક છે ને રાગાદિ છે તે આત્માને અપકારક છે. એ સિવાય કોઈ પરપદાર્થ આત્માને ઉપકારક કે અપકારક છે નહીં. -એમ એણે શ્રદ્ધા કરીને આત્માનું જ્ઞાન કરવું. વિશેષ કહેવાશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૪ ]

# પરદ્રવ્યમાં સુખબુદ્ધિ : માત્ર વાસનાજન્ય કલ્પના

[ તા. ૧૮-૩-૬૬ ]

આ ઇષ્ટોપદેશ પૂજ્યપાદ સ્વામીનું કહેલું છે. તેની છઠ્ઠી ગાથાનો વિશદ અર્થ ચાલે છે—

જેટલા ઇન્દ્રિયજન્ય સુખદુઃખ છે તે વાસનામાત્ર જ છે. શરીરમાં ઠીક હોય તો મને સુખ ને શરીરમાં અઠીક હોય તો મને દુઃખ, પૈસા હોય તો સુખ ને પૈસા ન હોય તો દુઃખ—એવી અજ્ઞાનીની કલ્પના વાસનામાત્ર છે, કોઈ પરવસ્તુ સુખદુઃખનું કારણ નથી. આત્મામાં આનંદ છે–એવી જેને ધર્મદૃષ્ટિ છે તેને પરપદાર્થ સુખદુઃખરૂપ ભાસતા નથી. આત્મા પોતે કાંઈ દુઃખરૂપ નથી, આત્મા તો પોતે જ આનંદસ્વરૂપ છે, એની જ્યાં ધર્મદૃષ્ટિ થઈ તે પુણ્ય–પાપના ભાવમાં પણ સુખ માનતો નથી ને પરમાં પણ સુખ માનતો નથી, તેમ જ પર મને દુઃખકારક છે એમ પણ માનતો નથી.

જેને પોતાના આનંદસ્વરૂપ ભગવાન આત્માના સ્વભાવની ધર્મદૃષ્ટિ નથી એવા અજ્ઞાનીને મિથ્યા વાસનાને લઈને ઇન્દ્રિયજન્ય સુખદુઃખ લાગે છે. શબ્દમાં, રસમાં, ગંધમાં, રૂપમાં, સ્પર્શમાં, સ્ત્રીમાં, મકાનમાં, પૈસામાં, આબરૂમાં—પરવસ્તુમાં સુખદુઃખની કલ્પના કે પર મને સુખદુઃખ આપે છે એ વાસના જ અધર્મી–અજ્ઞાનીની છે. જેટલા ઇન્દ્રિયજન્ય સુખદુઃખ છે તે બધાય વાસના માત્ર છે. સ્ત્રીના શરીરમાં મને ઠીક પડે છે—એનો અર્થ એ થયો કે તે પદાર્થ અને હું બન્ને એક છીએ, તેથી મને એમાં મજા પડે છે—એવી અજ્ઞાનીની પરને એક માનવાની મિથ્યા માન્યતા છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરદેવે એમ કહ્યું છે કે તારું જ્ઞાન ને તારો આનંદ તારામાં છે, પરમાં નથી, કેમ કે જે જુદા હોય તેમાં તારું સુખદુઃખ હોઈ શકે નહીં. છતાં અજ્ઞાની પોતામાં આનંદ છે એને ભૂલી જઈને સ્ત્રી, પૈસા આદિ પરપદાર્થ મને ઇષ્ટ છે, એ મને સુખરૂપ છે એવી વાસના મિથ્યા માન્યતાથી ઊભી કરે છે.

પરપદાર્થનું જવું–આવવું એને લઈને થાય છે, કેમ કે પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે, એને બદલે પરપદાર્થનું હું કરું તેમ થાય છે એવી માન્યતા અજ્ઞાનીનો મિથ્યાભ્રમ છે. પરપદાર્થનું જવું–આવવું એના પોતાની પર્યાયને લઈને થાય એને બદલે મૂઢ માને કે મારે લઈને થાય છે, એ માન્યતા દુઃખરૂપ છે.

દેહાદિ પદાર્થ મને ઉપકારક છે—એવી વિભ્રમરૂપ કલ્પના તે વાસના છે. દેહથી તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મ થાય છે ને?—કે ના, ના; દેહ તો માટી જડ છે, તેનાથી કાંઈ ધર્મ થતો હશે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આત્માને જ્ઞાનાનંદસ્વરૂપ ઉપયોગરૂપ જોયો છે, જાણવા-દેખવાના સ્વભાવવાળો આત્મા છે એમ ભગવાને જોયું છે ને તું પણ એને એમ જો તો તને ધર્મ થાય. હું તો જાણવા-દેખવાવાળો છું એમ તું તને જો તો બીજા કોઈ પદાર્થ તને સુખદુ:ખકારક છે એવી માન્યતા રહેતી નથી.

દેહાદિ પદાર્થ અમને ઉપકારક છે, નિરોગી છે તો અમને મદદ કરે છે એમ માનનારો મૂઢ જીવ છે. શરીર હોય તો ઉપવાસ થાય ને ઉપવાસથી ધર્મ થાય ને?—કે ના, ના, ઉપવાસથી ધર્મ થતો જ નથી ને કદાચિત્ રાગ મંદ હોય તો પુણ્ય બંધાય, વળી તે ઉપવાસ પણ નથી. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે, તેના 'ઉપ' એટલે સમીપમાં વાસ કરે એટલે કે શાંતિ પ્રગટ કરે તેને ભગવાન ઉપવાસ કહે છે. એ સિવાય બધાને લાંઘણ કહે છે.

ભગવાન આત્મામાં આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંત ગુણ છે એને અજ્ઞાની સ્વીકારતો નથી તેથી દેહાદિ પરપદાર્થ મને ઉપકારક છે એમ તે માને છે. સુખ સ્વરૂપ તો હું છું; મારામાં જ સુખ છે એને બદલે અજ્ઞાની શરીરમાં, સ્ત્રીમાં, મકાનમાં સુખ માને છે. ભગવાન આત્મા તો આ દેહાદિથી જુદો, કર્મથી જુદો ને આ પુણ્ય-પાપના વિકારી કૃત્રિમભાવ થાય તેનાથી પણ જુદો છે. એવો જ્ઞાનમય, આનંદમય, સ્વચ્છતામય પ્રભુતામય આત્મા હું જ છું એમ માને તે પરપદાર્થને ઉપકારક-અપકારક માનતો નથી.

શરીરે સુખી તો સુખી સર્વ વાતે—એમ મૂઢ અજ્ઞાની મિથ્યાત્વ-વાસનાથી માને છે. જડ પદાર્થમાં જેમ રંગ-રૂપ આદિ ગુણ છે તેમ આત્મા પણ એક પદાર્થ હોવાથી તેમાં પણ જ્ઞાન, દર્શન, શાંતિ, પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા આદિ અનંત ગુણો ભર્યા છે ને એવો આત્મા તે હું છું—એમ જે માનતો નથી, એવી દૃષ્ટિ કરતો નથી, તે પર પદાર્થથી મને સુખ થાય, દેહાદિ મને ઉપકારક છે એવી માન્યતા મિથ્યા કલ્પનાથી કરે છે.

મારાથી મારું જ્ઞાન છે, પરથી નથી, મારાથી મારો આનંદ છે, પરથી નથી-એમ ન માનતા આ દેહ મને ઉપકારક છે, પૈસા મને ઉપકારક છે ઈત્યાદિ કલ્પના મિથ્યા-ભ્રાંતિથી અજ્ઞાની ઊભી કરે છે, અધર્મભાવ ઊભો કરે છે કે જે આત્માના ધર્મસ્વભાવમાં નથી. દેવમાં મનુષ્ય કરતા સુખ છે, ઠીક છે એમ પહેલાં કહીને હવે એ વાત અહીં ઉડાડી છે.

અરે ભગવાન! તને તારી કિંમત નથી ને પરપદાર્થને તું કિંમત આપે છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેહ સારો, પૈસા સારા....પણ તું પોતે સારો છો કે નહીં?—એની તો તને ખબર નથી. બાપુ પૈસાદિ સારા—એ તો વાસનામાત્ર તારી કલ્પના છે. ભગવાન આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ અવિકારી શીતળશીલા છે—એમાં પોતાના સુખ ને શાંતિ ન દેખતા અજ્ઞાની જીવ સ્ત્રી–પુત્ર–પૈસા આદિમાં મને સુખ છે એવી વાસનામાત્ર મિથ્યા કલ્પના ઊભી કરે છે.

અજ્ઞાનીને સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાની ખબર નથી, તેથી દેહાદિ મને સુખરૂપ છે, ઉપકારક છે એવી માન્યતાથી ઊભી કરેલી વાસનામાત્ર કલ્પના છે. અજ્ઞાનીએ પોતે મિથ્યા ભ્રમથી ઊભી કરેલી વાસનામાત્ર કલ્પના છે, કર્મે ઊભી કરેલી છે એમ નથી. તત્ત્વજ્ઞાનનો અભાવ છે માટે પોતે ઊભી કરે છે, કર્મ બિચારા જડ પદાર્થ છે, તે શું કરે? આત્માના જ્ઞાન-આનંદ સ્વરૂપને ભૂલીને તું પોતે એવી વાસના ઊભી કરે છો કે દેહાદિ પદાર્થ જીવને ઉપકારક છે. ઘડિયાલ, દાગીના કે કપડાલત્તાથી હું આવો છું, જડની ક્રિયા મારી છે—એમ માનતો થકો શરીરની અવસ્થા તે મારી છે ને તેનાથી હું શોભું છું એવી મિથ્યાભ્રમણા અજ્ઞાની ઊભી કરે છે. શરીર હોય તો દયા પળાય, વ્રત પળાય, ઇત્યાદિ માનનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ મિથ્યા વાસનાને સેવે છે.

દેહાદિ પદાર્થ જીવના ઉપકારક પણ નથી ને અપકારક પણ નથી. શરીરમાં રોગ, નિર્ધનતા, પ્રતિકૂળ ચીજો આત્માને અપકારક, નુકશાનકારક છે જ નહીં. મૂઢ જીવે માન્યું કે મને આ પ્રતિકૂળતા! એવી કલ્પનાની વાસના તેને અપકાર–નુકશાન કરે છે. બાકી પર વસ્તુ નુકશાનકર્તા છે જ નહીં.

આ સમ્યગ્જ્ઞાનની કેળવણીની નિશાળ ચાલે છે. કહે છે કે ભગવાન! તું તો આત્મા છોને પ્રભુ! આ ઇન્દ્રિયો તો જડ–માટી છે. એનાથી તને કાંઈક ઠીક લાગે એ તારી વાસના જ મિથ્યાત્વ છે. આ ઇન્દ્રિયો અનુકૂળ હોય તો મને ઠીક કામ આપે છે એ તારી મિથ્યા માન્યતા છે. કેમકે એ તો જડની ક્રિયા છે, ઈ તને શું કામ આપે? ઇન્દ્રિયાદિ કામ બરાબર આપે છે ને બરાબર કામ નથી આપતી એ માન્યતા જ મૂઢ જીવની છે, કેમકે એ તો જડ પદાર્થ છે, જગતના અસ્તિ ધરાવતા તત્ત્વો છે, તેથી તે આત્માને કામ આપે કે ન આપે એ વાત આવે છે જ ક્યાં? એ તત્ત્વો પોતે કામ વિનાના કે દિ' છે કે તને કામ આપે? દરેક ચીજોમાં ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે એ એનું કામ છે, એ તને શું કામ આપે? પણ અરેરે! એણે કોઈ દિ' પોતાની આ વાત સાંભળી નથી ને આત્મા રાંકો—ભીખારી થઈ ગયો છે!—કે મારે આ પરવસ્તુ વિના ચાલે નહીં, આ વસ્તુ વિના ચાલે નહીં! પણ એલા! પર વિના તારે ચાલે નહીં?! પર તો સ્વતંત્ર ભિન્ન ચીજ છે! મારા આનંદ વિના મારે ચાલે નહીં—એવો જે આત્મા તેને ભૂલીને પર વિના મારે ચાલે નહીં એવી તેં મિથ્યાભ્રમણા ઊભી કરી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેહાદિ પરપદાર્થ જીવને ઉપકાર કરનારા નથી પણ તારી વાસના છે કે આ મને ઉપકાર કરે છે. નુકશાન કરનારા પણ દેહાદિ પર પદાર્થ નથી, એ તો જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવાલાયક પરવસ્તુ છે, પણ તને એમ થઈ જાય છે કે આ પ્રતિકૂળતા મને નુકશાન કરે છે—પણ એવી માન્યતા તને નુકશાન કરે છે.

હું કોણ છું, કયાં છું ને કેમ છું?—એના ભાન વિના રાગની ક્રિયાઓ કે પરની ક્રિયાઓ મને સુખરૂપ થાય એવી માન્યતા મિથ્યાત્વની વાસનામાત્ર છે. જડની દશા આત્માથી થાય ને આત્માની દશા જડથી થાય એમ માનનારે જડને આત્મા એક માન્યા છે, એમ માનનારા મૂઢ છે. અરે ભગવાન! આવો મનુષ્ય ભવ તને મળ્યો ને એમાં બે દ્રવ્યોની એકતાબુદ્ધિ રહેશે ત્યાંસુધી મિથ્યાભાવ ટળશે નહીં. મિથ્યાદર્શનનું સૂક્ષ્મ શલ્ય એને અનાદિથી ચારગતિમાં રખડાવે છે.

દેહાદિ પદાર્થ જીવને ઉપકારક પણ નથી ને અપકારક પણ નથી માટે પરમાર્થે ઉપેક્ષણીય જ છે, જાણવાલાયક છે, ઉપેક્ષા કરવાલાયક છે. મારા છે ને મને ઠીક પડે છે તથા મારા નથી ને મને ઠીક પડતું નથી એમ કરવાલાયક દેહાદિ પરપદાર્થ નથી. આત્મા સિવાયના દેહ, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી આદિ બધું ઉપેક્ષા કરવાલાયક છે, અપેક્ષા કરવાલાયક એટલે ઠીક–અઠીક છે એમ કરવાલાયક નથી પણ ઉપેક્ષા એટલે કે છે એમ જાણવાલાયક છે. આદર કરવાલાયક નથી પણ ઉપેક્ષા કરવાલાયક છે.

ઠીક–અઠીકની વાસના ઊભી કરી છે તેં પોતે, માટે હવે તું તેને છોડ એમ કહે છે. બાહ્ય પદાર્થોની પ્રતિકૂળતાના ઘેરે ઘેરાયેલો હોય એને એમ લાગે છે કે આ મને દુઃખરૂપ છે. પણ ભાઈ! એ તો બાહ્ય ચીજો છે, એ તો એમ ને એમ પડી છે, એ તો જગતના અનાદિના તત્ત્વો છે, કાંઈ નવા ઊભા થયેલા તત્ત્વો નથી. તેનાથી તને દુઃખ કેમ થાય? જ્યાં આનંદ છે તે આત્માને ભૂલીને આ પરપદાર્થો મને ઠીક–અઠીક છે એવી માન્યતા તને દુઃખરૂપ છે. દુઃખ નથી પરપદાર્થમાં કે દુઃખ નથી સ્વભાવમાં, આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે પણ એને ભૂલીને આ પરપદાર્થ મને ઉપકારક છે ને આ પરપદાર્થ મને અપકારક છે એમ એની દશામાં ઊભી કરેલી વાસના તે દુઃખરૂપ છે, વસ્તુ દુઃખરૂપ ન હોઈ શકે, નવી દશા–વાસના ઊભી કરે છે તે દુઃખરૂપ છે.

હું જ્ઞાતાદ્રષ્ટા ને આનંદસ્વરૂપ છું, પરમાં મારું જ્ઞાન નહીં ને આનંદ નહીં, પરને લઈને મારી ચીજમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા છે જ નહીં—એમ જાણવું ને માનવું તેને હોંશિયારી કહેવાય છે ને બાકી બધી મૂઢતા કહેવાય છે.

આત્મા જ્ઞાનમૂર્તિ ભગવાન છે ને શરીરાદિ અજીવ તો પરતત્ત્વ છે ને બીજા આત્માઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ બીજા જીવતત્ત્વ છે એમ જુદા તત્ત્વોનું જુદાપણાનું જ્ઞાન નહીં હોવાને લીધે તત્ત્વ-જ્ઞાનના અભાવે પરમાં ઠીક-અઠીકપણાની બુદ્ધિ કરે છે, આ શરીર મને યુવાન અવસ્થામાં ધાર્યું કામ આપે છે માટે ઠીક છે અથવા હવે વૃદ્ધાવસ્થામાં ધાર્યું કામ આપતું નથી માટે અઠીક છે—એવી માન્યતા તો મિથ્યાત્વથી ઊભી કરેલી વાસના છે.

પરવસ્તુ મને ઇષ્ટ-અનિષ્ટ છે. એ વાત જ આખી ખોટી છે. આહાહા! આ તો આખા સંસારનો એટલો વાળવો હોય (-નાશ કરવો હોય) એની વાતો છે! બાકી સંસારમાં રખડવું હોય તેને આ વાત બેસે તેવી નથી. આ મને ઇષ્ટ છે માટે ઉપકારક છે ને આ મને અનિષ્ટ છે માટે અપકારક છે—એમ વિભ્રમથી ઊભી કરેલી વાસના છે. કર્મના લઈને કે પરપદાર્થને લઈને ઊભી કરેલી વાસના નથી પણ પોતે વિભ્રમથી ઊભી કરેલી વાસના છે.

ભાઈ! એકવાર શ્રદ્ધામાં લે કે પરવસ્તુ મને લાભદાયક કે નુકશાનકારક નથી, મારો આત્મા મને આનંદદાયક છે, ને ઊંધી માન્યતા-રાગ-દ્વેષ કરું તે મને નુકશાન-કારક છે. બાકી કોઈ પર ચીજ મને લાભ કે નુકશાનકારક છે જ નહીં.

ભ્રમ વિનાનો આત્મા વિભ્રમથી ભ્રમણા ઉત્પન્ન કરે છે કે પર પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ છે, કાંઈ કર્મ તને ભ્રમણા ઉત્પન્ન કરાવતું નથી. કર્મ તો પરદ્રવ્ય છે, પરદ્રવ્ય તને વાસના શી રીતે ઉત્પન્ન કરાવે? દર્શનમોહનો ઉદય હોય તો આત્માને ભ્રમણા થાય—એમ માનનારે પરદ્રવ્ય મને નુકશાનકારક છે એમ માન્યું!—એ ભ્રમણા વિભ્રમથી ઉત્પન્ન થયેલ સંસ્કાર છે, એ જ વાસના છે, એ જ સંસાર છે, એ જ દુઃખ છે અને એ જ પરિભ્રમણનું કારણ છે. એ સંસ્કાર સ્વાભાવિક નથી, તેમ જ પરથી ઉત્પન્ન કરાયેલા પણ નથી, પણ અનાદિથી પર્યાયમાં નવા ઊભા કર્યે જાય છે ને નરક ને નિગોદ તેમ જ કોઈ વાર શેઠીયો તો કોઈ વાર ઢોર-એમ ચાર ગતિમાં રખડયે જાય છે.

આ સુખ-દુઃખની કલ્પના કોને થાય છે?-કે દેહને ને પરને પોતાના માને ત્યારે જ તે પરને ઉપકારક ને અપકારક માની શકે છે. શરીર તે હું એમ માનનારા અનુકૂળ પદાર્થ ઠીક ને પ્રતિકૂળ પદાર્થ અઠીક એમ સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે, આનંદ-સ્વરૂપ આત્મા તે હું-એમ સ્વની શ્રદ્ધા ને ભાન જેને નથી ને શરીર તે હું એમ જે માનનારા છે તેને જ આવી સુખ-દુઃખની કલ્પના હોય છે.

જુઓ, આ પૂજ્યપાદ સ્વામીનો ઇષ્ટોપદેશ! હિતકારી ઉપદેશ! પ્રિયકારી ઉપદેશ!

હવે બીજા એક શ્લોકનો આધાર આપીને દાખલો આપે છે. પહેલાં જે સ્ત્રી-પુત્ર આદિ સારા લાગતા હતા તે મનમાં કાંઈક ચિંતા હોય તે કાળે તે જ ચીજો દુઃખરૂપ લાગે છે એમ દૃષ્ટાંતથી કહે છે કે પતિ-પત્ની સુખી માનીને સૂતાં હતા ત્યાં પતિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મનમાં કોઈ ચિંતા ઉપજી કે અરે! આ સટ્ટો કર્યો છે તેમાં નક્કી પાંચ લાખ ગુમાવીશ -એવું કોઈ ચિંતાનું કારણ ઊભું થયું ને પત્ની પતિ સાથે રાગયુક્ત વચનો કહેવા લાગી, પરંતુ પતિ તો ચિંતીત હતો તેથી કહે છે કે હે સ્ત્રી! તું અત્યારે મને છોડ! આ શું કરે છે! મને તું સંતાપ પેદા કરી રહી છો! મને તારી આ ચેષ્ટાઓથી બિલકુલ હર્ષ થતો નથી. જોયું ! પહેલાં માનતો હતો કે આ સુંદર સ્ત્રીથી મને સુખ છે ને હવે કહે છે કે તું મને સંતાપ પેદા કરી રહી છો!

બીજો શ્લોક દૃષ્ટાંતરૂપે કહે છે કે સુંદર મહેલ, ચંદન, ચાંદની, વેણું, વીણા તથા યૌવનવતી યુવતીઓ વગેરે, જેને પેટમાં ફૂરફૂરીયા બોલતા હોય એવી ભૂખની પીડા ઊપજી હોય તેને આ બધું કાંઈ સારું લાગતું નથી. સારી ચીજ હોય તોપણ ભૂખ્યા પેટે ખરાબ લાગે ને પેટ ભર્યું હોય તો બધું સારું સારું લાગે ને પેટભર ખાવા ન મળતું હોય તો સારા પદાર્થ પણ ખરાબ લાગે છે. ચીજ સારી-નરસી નથી પણ એ ચીજ પહેલાં તેને સારી લાગતી ને પછી સારી લાગતી નથી માટે પર ચીજ અનુકૂળ-પ્રતિકૂળ કે સુખદુઃખકારક છે એમ નથી પણ એણે કલ્પનાથી ભ્રમણા ઊભી કરી છે. વિશેષ કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૫ ]

# સવળા પુરુષાર્થથી શાંતિ : અવળા પુરુષાર્થથી અશાંતિ

[ તા. ૧૯-૩-૬૬ ]

ભગવાન કુંદકુંદાચાર્યદેવ ૨૦૦૦ વર્ષ પહેલાં થયા, તેના પછી મહા સમર્થ સંત પૂજ્યપાદ સ્વામી થયા; પૂજ્યપાદ સ્વામી પણ મહાવિદેહમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી પાસે ગયા હતાં. શ્રવણબેલગોલામાં શિલાલેખ છે કે વિદેહક્ષેત્રમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી બિરાજે છે ત્યાં પૂજ્યપાદસ્વામી ગયા હતા. તે પૂજ્યપાદસ્વામીએ આ ઇષ્ટોપદેશ ગ્રંથની રચના કરી છે. તેમાં આપણે છઠ્ઠી ગાથાનો વિશદ અર્થ ચાલે છે.

આ તો ઇષ્ટોપદેશ છે. પરના કારણે ભૂલ છે એમ કહે તે ઇષ્ટ-હિતકારી ઉપદેશ નથી. પોતાના ઊંધા પુરુષાર્થથી ઊંધી માન્યતા છે એમ કહે તે ઈષ્ટ ઉપદેશ છે. દરેક પદાર્થ પોતાના ઉપાદાનથી જ કાર્ય કરે છે એમ અહીં પહેલી ગાથાથી જ શરૂ કર્યું છે. પહેલી ગાથામાં આવ્યું હતું કે હું ભગવાન પરમાત્માને નમસ્કાર કરું છું કે જેમણે પોતાના પુરુષાર્થથી જ સ્વભાવને પ્રાપ્ત કર્યો છે. તેનો અર્થ એ થયો કે પોતાના સવળા પુરુષાર્થથી આત્મા શાંતિ પ્રાપ્ત કરે છે ને પોતાના અવળા પુરુષાર્થથી વિકાર પ્રાપ્ત કરે છે ને સંસારમાં રખડે છે.

અહીં કહે છે કે પેટમાં રોટલા પડયા હોય તો બધું ઠીક લાગે પણ રોટલા પેટમાં ન પડયા હોય તો બધું અનુકૂળ હોય, સ્ત્રી વ્હાલી હોય તોપણ, ક્ષુધા લાગી હોય કે કોઈ બીજી ચિંતા-ઉપાધિ આવી પડી હોય તો કાંઈ સારું લાગે નહીં. બાપુ! શરીરાદિ સારા હોય કે ન હોય તેનું તારે શું કામ છે?-આ આત્માની નજર કર ને ભાઈ! તું ઊંધી નજર કરે છો એ તારો ઉલટો પુરુષાર્થ છે ને સવળો પુરુષાર્થ કરવો એ તારા હાથમાં છે, બાકી દુનિયાનું એના કારણે થયા કરે છે, તારે એનું શું કામ છે? એની સંભાળ રાખે શું દિ' વળશે? લાખ સંભાળ રાખીશ તોય શરીર-પૈસા આદિ એના કાળે હાલ્યા જશે, તારી સંભાળ કાંઈ કામ આવશે નહીં. જિંદગીભર આ શરીરને નવરાવ્યું, ખવરાવ્યું ને કંઈક સાચવ્યું પણ છેલ્લે ઘડીકમાં કુ....થઈ જશે.

અહીં તો કહે છે કે પોતાની વાસનાને કારણે અજ્ઞાનીને જ્યારે ક્ષુધા-રોગ-ચિંતા આદિ હોય ત્યારે અનુકૂળ પદાર્થ પણ ઠીક લાગતા નથી. પર પદાર્થ કાંઈ ઠીક-અઠીક નથી પણ પોતાની વાસનાથી કલ્પના ઊભી કરી છે એમ અહીં સિદ્ધ કરવું છે.

ફરી દૃષ્ટાંત આપીને કહે છે કે કોઈ બે પક્ષી-ચકલા ચકલી સાથે રહે છે, તેને તડકામાં પણ સંતોષ-સુખ લાગતું હતું, પરંતુ રાત્રે તે બન્ને જુદા પડી ગયા ને ત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શીતળ કિરણવાળી ચાંદની હોવા છતાં તેને સંતાપ લાગે છે. માદા સાથે હોય ત્યારે તડકો પણ સારો લાગે ને રાત્રે તેના વિયોગમાં શીતળ ચાંદની પણ સહન થતી ન હતી કેમકે સ્ત્રી ઉપર પોતાની વાસના છે ને! તેથી મનમાં દુઃખ હોય તેને લાખ-કરોડ અનુકૂળતા હોય તોપણ અરે! મને કયાંય ઠીક પડતું નથી!-એમ લાગે.

મનમાં દુઃખને લઈને કયાંય શાંતિ લાગતી નથી. ચાર-ચાર દિકરા રાજકુમાર જેવા હોય, ૧૫-૨૦ લાખની મૂડી હોય, રોજની બે-અઢી હજારની આવક હોય, શરીર નિરોગી હોય છતાં મનમાં કલ્પના ઊભી કરે કે આનું આમ થયું ને તેમ થયું—એ ચિંતામાં કયાંય ચેન પડે નહીં ને પછી મૂકે પડતું—આત્મહત્યા! બધું અનુકૂળ હોય છતાં મનમાં અશાંતિ હોય તો કાંઈ ઠીક લાગતું નથી. જો મનમાં શાંતિ હોય તો બહારની પ્રતિકૂળતા ગમે તે હોય તોપણ પોતે એકલો શાંતિને વેદે.

તેથી એમ સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયજન્ય સુખ વાસનામાત્ર છે. આ તો ઇષ્ટોપદેશ છે ને! તેથી કહે છે કે આત્મા આનંદની મૂર્તિ છે, તેની દૃષ્ટિ કરવી તે જ ઇષ્ટ છે, પણ તેની દૃષ્ટિ ન કરતાં પર પદાર્થને વાસનામાત્રથી સુખ-દુઃખરૂપ માને છે. પરંતુ પરપદાર્થ કાંઈ ઇષ્ટ-અનિષ્ટ નથી, તેમ જ કર્મ કાંઈ તને સુખ-દુઃખ ઉપજાવતાં નથી, માત્ર વાસનાથી પરપદાર્થમાં સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે.

ભગવાન આત્મા આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, ત્યાં દૃષ્ટિ દે, તને આનંદ આવશે. આત્મા વિશ્રામધામ છે, ત્યાં દૃષ્ટિ કર તો તને વિશ્રામ મળશે. રહેનારનું રહેવા યોગ્ય સ્થાન આત્મા છે. બાહ્ય રાગાદિ છે એ રહેનારનું સ્થાન નથી, એ તો રખડવાનું સ્થાન છે. ભાઈ! તારે સ્થિરપણે રહેવું હોય તો તે સ્થાન તારો આત્મા છે. અતીન્દ્રિય આનંદનું સ્થાન, વિશ્રામધામ એ રહેનારનું રહેઠાણ છે. માટે ત્યાં દૃષ્ટિ કર. ભગવાન આત્મા જ્ઞાનાનંદનું ધામ, સ્થિર થવાનું સ્થાન, રહેનારનું રહેઠાણ છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી, સાતસો વર્ષનું આયુષ્ય પણ મરતાં હાય.... હાય....હા....કુરુમતિ...કુરુમતિ...કરતાં કરતાં નરકે ગયો! આત્માને જ્યાં અંદરમાં શાંતિ નથી ત્યાં બહારમાં ગમે તેટલા અનુકૂળતાના-પુણ્યના ઠાઠ હોય તોપણ કાંઈ તેને સુખ ઉપજાવતાં નથી. કારણ કે બાહ્ય પદાર્થ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી પણ મૂઢ જીવ વાસનામાત્રથી સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે.

તેથી એમ નક્કી થાય છે કે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારા સુખ વાસનામાત્ર જ છે, તે આત્માનું સ્વાભાવિક સુખ નથી. ભગવાન આત્મા અનાકુળ આનંદ પ્રભુ છે, તેમાં દૃષ્ટિ દેવાથી સ્વાભાવિક આનંદ ઊપજે એવું સ્થાન આત્મા છે. ગોળના રવામાંથી જે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાદ નીકળે તે ગોળનો પોતાનો વાસ્તવિક સ્વાદ છે. તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય-આનંદનો રવો છે, તેમાં અંતર્મુખ દૃષ્ટિ દેતાં જે અતીન્દ્રિય આનંદ ઊપજે તે સ્વાભાવિક આનંદ છે, કલ્પનામાત્ર નથી, પણ વાસ્તવિક સુખ છે.

ઇન્દ્રને કરોડો ઇન્દ્રાણીઓ હોય પણ તેમાં સુખ એ તો વાસનામાત્ર કલ્પના છે અને આત્મામાં દૃષ્ટિ દેતાં જે અનાકુળ સુખ ઊપજે તે કલ્પનામાત્ર નથી પણ વાસ્તવિક સુખ છે. પરંતુ પોતે એવડો મોટો છે એ એને બેસતું નથી! બીજો આવો મોટો.... ઓહોહોહો....!........એમ બીજાને મોટપ આપે, પણ આ અંદર મોટો પદાર્થ આત્મા છે કે નહીં? એની કોઈ દિ' નજર પણ કરી નથી ને નજર કરવાની જરૂર છે એમ પણ જાણ્યું નથી.

પરપદાર્થ કાંઈ તને સુખ–દુઃખ આપતાં જ નથી. જે સ્ત્રી પહેલાં સારી લાગતી હતી તેને જ કહે મરને હવે! જો પર પદાર્થ ઇષ્ટ–અનિષ્ટ હોય તો જે પદાર્થ ઇષ્ટ લાગતાં તે જ પદાર્થ અનિષ્ટ કેમ લાગે! એ તો અજ્ઞાનને લઈને મૂઢ જીવની વાસનામાત્ર કલ્પના છે. સુખના દેનારા જેમ તેં માન્યા હતાં તે જ દુઃખના દેનારા તેં માન્યા–એ બધી તારી વાસનામાત્ર કલ્પના છે ભાઈ! પરવસ્તુ કાંઈ સુખ–દુઃખનું કારણ છે જ નહીં. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું કારણ છે ને ઊંધો પડીને વિકાર કરે તે દુઃખનું કારણ છે.

માટે સાર એ નીકળ્યો કે દેહધારીને બાહ્ય સંયોગમાં સુખ માનવું તે વાસનામાત્ર કલ્પના છે, વાસ્તવિક સુખ તેમાં છે જ નહીં. એ જ રીતે શરીરમાં રોગ આદિને લઈને હું દુઃખી છું—એ તો એની કલ્પના છે. મૂઢતાની મહેરબાનીથી પર પદાર્થમાં સુખ–દુઃખની કલ્પના ઊભી કરે છે. ૬.

આવું સાંભળીને શિષ્ય પ્રશ્ન કરે છે કે પર પદાર્થમાં સુખ–દુઃખ ખરેખર વાસનામાત્ર જ હોય તો લોકોને કેમ ખબર પડતી નથી? આપ કહો છો કે ઇન્દ્રિયના વિષયોમાં સુખ–દુઃખ વાસનામાત્ર કલ્પના છે તો લોકોને એમ કેમ ખ્યાલ આવતો નથી? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ ગાથા કહે છે કે:—

**मोहेन संवृतं ज्ञानं स्वभावं लभते न हि ।**
**मत्तः पुमान् पदार्थानां यथा मदनकोद्रवैः ॥ ७ ॥**

મોહે આવૃત જ્ઞાન જે, પામે નહીં નિજરૂપ,
કોદ્રવથી જે મત્ત જન, જાણે ન વસ્તુસ્વરૂપ. ૭.

પોતાના અસાધારણ એવા આનંદ સ્વભાવને અજ્ઞાની મોહના લઈને પામતા નથી. અજ્ઞાની મોહનીય કર્મના ફળમાં જોડાઈ જઈને પોતાના અસાધારણ સ્વભાવને પામતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. તેથી તેને પરમાં સુખ-દુઃખ છે એમ ભાસી જાય છે. ભગવાન આત્માના અસાધારણ સ્વભાવને નહીં પ્રાપ્ત કરતો થકો સ્વભાવમાં નહીં જોડાઈને વિભાવમાં જોડાવાથી પર પદાર્થમાં સુખ-દુઃખની કલ્પના કરે છે.

ભગવાન આત્માએ પોતાના સ્વભાવ તરફ લક્ષ કરીને પોતાનો વિકાસ કરવો જોઈએ તે છોડી દઈને મોહના પાકમાં જોડાઈને પોતાનો વિકાસ રુંધ્યો છે. બાપુ! કર્મ મને નુકશાન કરે છે એ વાત તને કેમ ગોઠે છે? તું તને નુકશાન કરે છે, ત્યારે કર્મ તેમાં નિમિત્ત કહેવાય છે—એ વાત તને કેમ ગોઠતી નથી? દસ વર્ષનો છોકરો ફરિયાદ કરે કે તેનાથી નાના છોકરાએ તેને માર્યું, તો મા કહે કે એલા! ઢગો છો! તારાથી નાનો છોકરો તને મારી ગયો? તેમ એલા! ઢગો છો? તું આત્મા અને કર્મ તને નુકશાન કરાવે? આવી રાવ-ફરિયાદ ક્યાંથી લાવ્યો? મૂરખ છો! કર્મ તને હેરાન કરતા નથી પણ તું તને હેરાન કરે છે ને રાવ કરે છો કે કર્મ મને હેરાન કરે છે.

જ્ઞાનાનંદ પ્રભુના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક શાંતિ પ્રાપ્ત કરવાને બદલે કર્મના પાકને વશ થઈને—પોતે વશ થાય છે હો!-પર પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ જાણતા નથી, અવિકારી સ્વભાવને તું તારા શ્રદ્ધા-જ્ઞાનમાં લેતો નથી માટે વિકારના ભાવને તું તારા અપરાધથી કરે છો.

બાપુ! ભાઈ! કર્મ જડ મને નુકશાન કરે એમ બોલતા તને શરમ નથી લાગતી? એલા! તું ચૈતન્યમૂર્તિ આત્મા ને તને કર્મ-જડ હેરાન કરે?-એમ બોલતાં-કલ્પના કરતાં તને શરમ કેમ નથી આવતી? ભાઈ! તું ઊંધા પુરુષાર્થને લઈને સ્વભાવની સાવધાની કરતો નથી. તારું કામ તારા ઉપાદાનથી તારે કરવું છે કે પર તને કરી દે?

દૃષ્ટાંતથી સમજાવે છે કે મદ ઉત્પન્ન કરનાર કોદ્રવના ખાવાથી ભાન ભૂલેલો માણસ પદાર્થોનું સ્વરૂપ યથાર્થ જાણતો નથી. કોદ્રવના લઈને ભાન ભૂલેલો નથી હો! પોતે ભાન ભૂલ્યો ત્યારે કોદ્રવ તેમાં નિમિત્ત કહેવાય છે. કેમ કે એક પદાર્થ બીજા પદાર્થને ત્રણ કાળમાં નુકશાન કરે નહીં.

તેમ આત્મા શુદ્ધ-આનંદકંદના પાકને પ્રગટ નહીં કરતો થકો કર્મના પાકમાં જોડાવાથી એટલે કે ચિદાનંદ ભગવાન આત્માના તાબે નહીં થવાથી કર્મને તાબે થવાથી જ્ઞાન ઢંકાઈ જતું હોવાથી જ્ઞાનમાં યથાર્થતા રહેતી નથી.

ભગવાન આત્મા પોતાના અસાધારણ સ્વભાવને સ્વાધીન ન થતાં, મોહને તાબે થયેલો હોવાથી દબાયેલું જ્ઞાન-વિરૂપ થયેલું જ્ઞાન સુખ-દુઃખ કોને કહેવા? શરીર શું છે?—એના સ્વભાવને જાણી શકતું નથી. શરીર તો માટી જડ છે, તે તો જ્ઞેય છે ને તું જ્ઞાતા છો, પણ ઢંકાયેલું-દબાયેલું જ્ઞાન એમ જાણતું નથી. સંયોગો સુખ-દુઃખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપનારા નથી, એ તો બહારની જ્ઞેય ચીજ છે પણ પોતાના જ્ઞાનને ઢાંકી દીધું હોવાથી અજ્ઞાની એમ જોઈ-જાણી શકતો નથી. અંધારામાં કોઈ પુરુષાકાર પત્થર સાથે બાથમ-બાથ ઝગડો કર્યો ને પત્થર માથે પડયો, ત્યારે પેલો કહે ભાઈ સા'બ ઊભો થઈ જા, હું હાર્યો! પણ દિ' ઉગ્યો ત્યારે ખબર પડી કે એ તો પત્થર છે. તેમ કર્મને ચોંટયો પોતે ને પછી કહે કે ભાઈ સા'બ ખસી જા, ખસી જા. પણ એલા! વિકારી ભાવ કર્યો તેં અને કહે કે કર્મે મને હેરાન કર્યો!

મોહનીય કર્મને વશ થયેલું જ્ઞાન વસ્તુના યથાર્થ સ્વરૂપને પ્રકાશવા અસમર્થ હોવાથી તે દેવ-શાસ્ત્ર-ગુરુને યથાર્થ ન જાણે, આત્માને ન જાણે, પુણ્યના પરિણામને પણ યથાર્થ ન જાણે—પુણ્યના પરિણામને યથાર્થ ન જાણતાં પુણ્યને ધર્મ જાણે.

આ તો ઈષ્ટોપદેશ છે બાપુ! ઇષ્ટ એટલે હિતકર ઉપદેશ. તારી ભૂલથી તું રખડે છો એ ઇષ્ટ-ઉપદેશ છે, કર્મના લઈને તું રખડે-એમાં ઇષ્ટ-ઉપદેશ કયાં આવ્યો?-કેમ કે એમાં પોતાને સુધરવાનું કયાં રહ્યું? માટે પર પદાર્થથી તને લાભ-નુકશાન થાય-એવો ઉપદેશ તને હિતકર નથી. તારા ઊંધા ભાવે તને અહિત થાય-એ ઉપદેશ તને હિતકર છે કે જેથી ઊંધા પુરુષાર્થને છોડીને તું સ્વભાવનો પુરુષાર્થ કરે.

આ આત્માનો અસાધારણ સ્વભાવ જ્ઞાન ને આનંદ છે, તેને પરથી જુદો કેમ પાડી શકતો નથી? ને વિકારનો અસાધારણ સ્વભાવ દુઃખ છે તેને પોતાથી ભિન્ન કેમ જાણી શકતો નથી?-કે મોહથી ઢંકાયેલું જ્ઞાન વિપરીત થઈ ગયું છે માટે બેને ભિન્ન પાડી શકતો નથી.

રાગ-દ્વેષનો અસાધારણ સ્વભાવ મલિનતા-દુઃખ, કર્મનો જડ સ્વભાવ અને ચૈતન્યનો અસાધારણ સ્વભાવ જ્ઞાન ને આનંદ—એમ પદાર્થના આવા જુદા જુદા સ્વભાવને મોહમાં પડેલો અજ્ઞાની જાણી શકતો નથી. તેથી બેને એક માની રહ્યો છે. તે એનો પોતાનો વાંક છે ને બેને જુદા જાણે તો એ એનો પોતાનો ગુણ છે. પણ તે બીજું કોઈ કરી દે એમ નથી. પોતે જ કરવાનું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૬ ]

# મોહી જીવની દશા....

[ તા. ૨૦-૩-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામીરચિત આ ઇષ્ટોપદેશ છે. તેમાં સાતમી ગાથા ચાલે છેઃ—

ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ ને આનંદસ્વરૂપ છે છતાં મોહકર્મના પાકને આધીન થયેલો આત્મા પોતાના ને પરના ભિન્ન ભિન્ન અસાધારણ સ્વભાવને જાણી શકતો નથી. જેમ દારૂના નશામાં દારૂડિયો માને સ્ત્રી કહે ને સ્ત્રીને મા કહે, તેમ ભગવાન આત્માનું લક્ષણ જ્ઞાન ને આનંદ હોવા છતાં પોતાનો અસાધારણ સ્વભાવ રાગમાં કે શરીરનાં નથી-એમ એની ભિન્નતા મોહના તાબે થયેલી દશા કરી શકતી નથી.

મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને લઈને, મોહકર્મના પાકને વશ થઈને, જાણવું...જાણવું.... જાણવું....જાણવું ને આનંદ....આનંદ ..આનંદ....ને આનંદ જેનો અસાધારણ સ્વભાવ છે એવા પોતાને પરથી જુદો પાડી શકતો નથી. જેનો અસાધારણ સ્વભાવ દુઃખ છે એવા રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ તથા જેનો મૂળ સ્વભાવ જ્ઞાન છે પણ શરીરાદિને મારા માનવાનો જેનો સ્વભાવ નથી એવા આત્માને અજ્ઞાની મિથ્યાત્વને વશ થઈને જુદા પાડી શકતો નથી.

વિકારના ભાવ દુઃખરૂપ છે, તેનો અસાધારણ સ્વભાવ દુઃખ છે, તે વિકાર મારો સ્વભાવ નથી—એમ મિથ્યાદૃષ્ટિ અનાદિથી વિકારને ને આત્માને જુદા પાડી શકતો નથી. શરીર-વાણી-કુટુમ્બ-સ્ત્રી તો તદ્દન પર છે પણ મિથ્યા ભ્રમણાને લઈને અજ્ઞાની મૂઢ જીવ મોહને વશ થઈને એટલે કે સ્વભાવને તાબે થઈ જવાનું છોડી દઈને એ પૃથક્ પદાર્થો મારા છે, મને સગવડતાં આપનારા છે-એમ માને છે.

શરીર-સ્ત્રી-કુટુમ્બ કે મકાન આદિ આત્માને જ્ઞાન કરાવે કે આત્માને સુખ આપે એવો એનો સ્વભાવ નથી. છતાં અજ્ઞાની મિથ્યાત્વને લઈને મોહને વશ થઈને એ પર પદાર્થોનો સ્વભાવ મને સુખરૂપ છે, દુઃખરૂપ એવા પુણ્ય-પાપના ભાવ મને સુખરૂપ છે—એમ માને છે પણ પોતે આત્મા આનંદરૂપ છે એવું એને ભાન નથી.

તું કોણ? તારું કોણ? વિભાવ કોણ? ને સંયોગ કોણ?– એનું અજ્ઞાનીને ભાન નથી. પરંતુ જ્ઞાન દ્વારા જેણે આત્માને જાણ્યો છે ને મોહને વશ થયો નથી એવો જ્ઞાની મારો આનંદ મારામાં છે એમ માને છે. પુણ્ય-પાપના ભાવ મને દુઃખરૂપ છે, સુખરૂપ નથી, શરીરાદિ પર પદાર્થો મને સગવડતા આપનારા બિલકુલ નથી તેમ જ દુઃખ આપનારા બિલકુલ નથી—એમ જ્ઞાની માને છે.

આ તો ઇષ્ટોપદેશ છે. ઇષ્ટ-હિતકર ઉપદેશ શું છે?–કે જ્ઞાન ને આનંદના લક્ષણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્માને ઓળખવો એ હિતકર છે અને એ રીતે આત્માને ઓળખવાને બદલે પર પદાર્થ મને સુખરૂપ છે, શુભભાવ મને હિતકર છે એવું માનવું એ અહિતકર છે. પર પદાર્થ મને ઇષ્ટ-અનિષ્ટ છે કે શુભભાવ મને સુખરૂપ છે કે જાણવાને બદલે દુઃખરૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ છે—એમ વિપરીત માનવું એ અહિતકર છે—એમ આ ઉપદેશમાં કહે છે.

હવે દૃષ્ટાંત આપે છે કે ઊંચા કિંમતી મણિનો પ્રકાશ એકરૂપ હોવા છતાં તેના ઉપરની મલિનતાને લીધે--મળને લીધે એકરૂપતાની દ્વિવિધિતા પ્રકાશતી દેખાય છે. મળ સહિતનો મણિ વિવિધ પ્રકારે ભાસે છે, એકરૂપે પ્રતિભાસવાને બદલે મળના સંગે મણિ વિવિધ પ્રકારે ભાસે છે. સ્ફટિક રત્ન છે તે સ્વચ્છ છે છતાં કાળા--રાતા ફૂલના સંગે સ્ફટિકમાં કાળી--રાતી ઝાંય દેખાય છે. તેમ કર્મ સાથે સંબંધ કરવાથી ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ એકરૂપપણે દેખાવાના બદલે રાગ--દ્વેષ ને ભ્રમણાદિની વિવિધતારૂપે દેખાય છે. જ્ઞાનાનંદ સ્વરૂપ છું—એમ જોવાને બદલે કર્મના સંગમાં જોડાઈ ગયો હોવાથી તેને એકરૂપતા દેખાતી નથી. એમ કહીને કહે છે કે વાંક તારો છે, તું પરથી ભિન્ન અસંગ પદાર્થ છે, પણ તું પર પદાર્થનો સંગ કરે છો તેથી તારામાં જ્ઞાતાદૃષ્ટા ને આનંદની એકરૂપતા જોઈએ તે દેખાતી નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આત્મા તો અમૂર્ત છે, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વિનાનો અરૂપી વિજ્ઞાનઘન પ્રભુ છે ને કર્મ તો મૂર્ત છે, એ કર્મો દ્વારા આત્માનું હણાવું કેમ થાય છે?–તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કહે છે કે નશો ઉત્પન્ન કરનાર કોદ્રવ ખાવાથી જેને નશો ઉત્પન્ન થયો છે તે ઘટપટાદિના સ્વભાવને જાણતો નથી. તેમ અજ્ઞાની જીવ જાણનાર જ્ઞાનસ્વરૂપી આત્મા છે એમ સ્વભાવને નહીં જાણતો થકો રાગાદિ પર પદાર્થ મારા છે એવી માન્યતાથી પર પદાર્થને જોવે છે—એ જ એની મૂઢતા ને દુઃખનું કારણ છે.

ભગવાન આત્માને એનો જ્ઞાનસ્વભાવ અમૂર્ત છે છતાં પોતાને કારણે પોતાને ભૂલીને કર્મના ઉદયના સંગે જોડાઈ જઈને પોતે હણાઈ જાય છે. કર્મના લક્ષે ચઢેલો જીવ પોતાની નિર્મળ પર્યાયને ભૂલી જાય છે એટલે કે ભ્રમણાને ઊભી કરે છે અને તે જ ચાર ગતિમાં રખડવાનું કારણ છે.

ભગવાન આત્મા પોતાના આનંદના પાકને ભૂલી જઈને, મોહકર્મના ઉદયના પાકમાં જોડાઈને પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવને જાણતો નથી, વિકારીભાવ દુઃખરૂપ છે તેમ તેના ભાવને જાણતો નથી, શરીરાદિ પર પદાર્થ તેના કારણે ટકીને બદલી રહ્યા છે એમ તેના સ્વભાવને જાણતો નથી.

આત્માની ભ્રાંતિના ઉદયથી પોતાની નજર સ્વસન્મુખ ન કરતાં જે ચીજ ઉપેક્ષા કરવા લાયક છે તેની અપેક્ષામાં જોડાઈ જઈને પોતાનો ને પરનો વાસ્તવિક સ્વભાવ જીવ જાણી શકતો નથી. ૭.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ જ અર્થની આચાર્યદેવ સ્પષ્ટતા કરે છે :—

वपुर्गृहं धनं दाराः पुत्रा मित्राणि शत्रवः ।
सर्वथान्यस्वभावानि मूढः स्वानि प्रपद्यते ॥ ८ ॥

તન, ધન, ઘર, સ્ત્રી, મિત્ર, અરિ, પુત્રાદિ સહુ અન્ય,
પરભાવોમાં મૂઢ જન, માને તેહ અનન્ય. ૮.

શરીર જડ સ્વભાવને લઈને છે, આત્માને લઈને નથી. શરીર તો અચેતન સ્વભાવ છે ને તારો ચેતનસ્વભાવ છે. માટે અચેતન સ્વભાવથી પરની ક્રિયા ને દશા થતાં હું એને કરું છું; તે અન્ય સ્વભાવી ચીજ મને સુખરૂપ થાય એ માન્યતા દુઃખરૂપ છે. પોતાથી અનેરો સ્વભાવ હોવાને કારણે શરીર-જડ-માટી તારાથી જુદું છે. શરીરના પોતાના સ્વભાવથી તેમાં રોગ-નિરોગતા, હાલવું, ચાલવું છે. પરંતુ મૂઢ પ્રાણી મોહકર્મની જાળમાં ફસાઈને એટલે કે આત્મામાં રહીને નહીં પણ મોહમાં ફસાઈને તેને-શરીરને આત્મા સમાન માને છે.

શરીરને ઠીક હોય તો આપણને ઠીક પડે, મૂઢ છો, બેને એક માને છો? શરીરમાં અનુકૂળતા ન હોય તો મને અનુકૂળતા નથી—એમ માનવું તેનો અર્થ જ બેને એક માની રહ્યો છે. જે તારા સ્વભાવે નથી એવા શરીરાદિથી મને સુખ-દુઃખ છે અથવા એ મારા છે-એ તો તારી મૂઢ માન્યતા છે, કેમ કે શરીર ને આત્મા વચ્ચે સ્વભાવભેદ છે ને તું બેને એક માને છો!-એ તારી મૂઢતા જ તને દુઃખનું કારણ છે.

એ રીતે મોટા મોટા બંગલા, ફર્નીચર હોય—અરે! અહીં અમને તો એ ઘરવખરો જોઈને એમ વિચાર આવે છે કે એ જીવને આ બંગલા-ઘરવખરા છોડીને જતાં બહુ આકરું પડશે! બાપુ! અન્ય સ્વભાવવાળી, અન્ય પર્યાયવાળી અન્ય વસ્તુનું તારે શું કરવું છે? ને શું માનવું છે. ભાઈ! મોહનીય કર્મની જાળમાં ફસાઈને અન્ય સ્વભાવવાળાને મારા માની રહ્યો છો!

ભાઈ! તારી જાત જુદી ને તેની જાત જુદી છે, તું ચૈતન્યઆનંદનો નાથ છો ને શરીરાદિ જડસ્વભાવી છે. એ બે સમાન શી રીતે થશે? એને મારા તું શી રીતે માની શકે છો? ઘર-મકાન આદિ પર સ્વભાવવાળી, પરકાર્યવાળી પર ચીજ છે તેને પોતાની માનવી એટલે કે બે એક છે એમ માનવું તેનો અર્થ બે સમાન છે—એમ માનવું-એ મોહની જાળમાં ફસાયેલ મૂઢ જીવની માન્યતા છે.

ઘરની જેમ ધન પણ અન્ય સ્વભાવવાળી ચીજ છે તેને અજ્ઞાની ૧૧મો પ્રાણ માને છે. અજ્ઞાની મોહમાં ફસાયેલો મૂઢ જીવ લક્ષ્મીને પોતાની માને છે ને એમ માનતો થકો મિથ્યાત્વને સેવીને દુઃખી થઈ રહ્યો છે, માટે તારું એ માનવું છોડી દે—એમ અહીં કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૭ ]

# સ્વ-પર ભેદવિજ્ઞાનના અભાવે દુઃખી
# સ્વ-પર ભેદવિજ્ઞાનના સદ્ભાવે સુખી

[ તા. ૨૧-૩-૬૬ ]

આ ઇષ્ટોપદેશ છે. સત્ય સ્વરૂપ શું છે? ને અસત્ય સ્વરૂપે માનતા જીવ મોહથી કેમ દુઃખી થાય છે તેની વ્યાખ્યા આ ગાથામાં કહે છે.

આ શરીર પરદ્રવ્ય છે. ક્યારે પરદ્રવ્ય છે?—કે અત્યારે જ આ શરીર પરદ્રવ્ય છે. શરીરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સર્વથા અન્ય પ્રકારે છે. આ શરીર જડ રજકણ માટી છે, અજીવતત્ત્વ છે, તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માથી સર્વ પ્રકારે અન્યસ્વભાવી છે. આ શરીર ઘણા રજકણોનો સમૂહ છે. એક એક રજકણનું દ્રવ્ય આત્માથી અન્ય છે, તેનું ક્ષેત્ર અન્ય છે, તેની દશા અન્ય છે ને તેના ગુણ પણ અન્ય છે. છતાં મૂઢ અજ્ઞાની એને મારું માનીને, રક્ષણ કરું, એ ઠીક હોય તો મને ઠીક, એમ મિથ્યાદૃષ્ટિથી પાખંડ ભાવ કરીને અનાદિથી દુઃખી થતો ચાર ગતિમાં રખડી રહ્યો છે.

આ આત્માનો સ્વભાવ આનંદ ને જ્ઞાન, ક્ષેત્ર આત્મામાં, એની દશા વર્તમાન પર્યાયમાં, એના ત્રિકાળી ગુણ પોતામાં છે. પરંતુ પોતે કોણ છે એના ભાન વિના આ શરીરના ને ઘરના મોહે, એ મારું છે, મારી જાતનું છે એમ માનીને અનાદિથી પોતાના વસ્તુસ્વભાવને ભૂલીને પોતે મોહની જાળમાં ફસાઈ ગયો છે. એવી રીતે લક્ષ્મી; એ લક્ષ્મીનું દ્રવ્ય-ક્ષેત્ર-અવસ્થા-શક્તિ બધું આત્માના સ્વભાવથી અન્યસ્વભાવે છે. પરંતુ મૂઢ જીવ એ લક્ષ્મી મારી, મેં તેને રાખી, લક્ષ્મી જતી રહે તો હાય! હાય!—એમ પરદ્રવ્યને સ્વદ્રવ્ય માનીને પરમાં હિતબુદ્ધિએ રખડી રહ્યો છે.

આહાહા! એને ખબર નથી કે શું સ્વ છે ને શું પર છે? પોતાની સિવાય જેટલા પદાર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સર્વથા અનેરા સ્વભાવી છે તે ઠીક હોય તો એને અંદર જરી પણ ઉલ્લાસ આવે અને તે અઠીક હોય તો અંદર અણગમો આવે તો એ મોહ-મિથ્યાત્વભાવ કરીને પરને પોતાના માનીને મહા અધર્મ-પાપ ઉત્પન્ન કરે છે ને એ પાપભાવને સેવીને વધુ દુર્ગતિએ જાય એવું કરી રહ્યો છે.

લક્ષ્મી તો ધૂડ છે. એ ક્યાં તારી ચીજ છે? એ કાંઈ તારે લઈને આવી છે! કમાવાનો રાગ એણે કર્યો પણ એ લક્ષ્મી તો એને કારણે આવી જ નથી. રાગને કારણે આવી જ નથી. રાગનો ભાવ તારામાં ને એની અવસ્થા ને એનો ભાવ એનામાં. પર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુને ને સ્વને તદ્દન ભિન્નતા હોવા છતાં એમ ન માનતા બેને એક માનીને મિથ્યાબુદ્ધિ, અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિ, દુઃખબુદ્ધિ વડે નવા પાપને ઉત્પન્ન કરે છે અને માને એમ કે અમે ઠીક કરીએ છીએ!

સ્રી! સ્રીનો આત્મા ને તેનું શરીર અન્ય સ્વભાવી છે. આ આત્માનો સ્વભાવ અહીં ને સ્રીના આત્માનો સ્વભાવ એના આત્મામાં ને શરીરનો સ્વભાવ શરીરમાં, તદ્દન ભિન્ન ભિન્ન! છતાં આ સ્રી મને સુખ આપે છે, પ્રતિકૂળ હોય તો દુઃખ આપે છે એમ મૂઢ મિથ્યાદૃષ્ટિ મિથ્યા માન્યતાથી ભ્રમણા ઊભી કરીને નવા પાપ બાંધે છે. સ્રી પર પદાર્થ છે કે સ્વપદાર્થ છે? સ્રીનો આત્મા ક્યાંકથી આવ્યો ને ક્યાંક ચાલ્યો જશે. તારે લઈને આવ્યો નથી ને તારે લઈ ને જશે નહિ. મફતનો મૂઢ સ્રીમાં–પરદ્રવ્યમાં પોતાપણું માનીને અસત્યબુદ્ધિ સેવીને નવી પ્રતિકૂળતા ઊભી કરે છે.

કોના છોકરા ને કોનો બાપ? છોકરાના આત્માને એણે ઉપજાવ્યો છે? એના શરીરને એણે ઉપજાવ્યું છે?–શરીર તો જડ છે, આત્મા જડને ઉપજાવે? જનક એટલે શું? એ તો નિમિત્ત તરીકે બોલાય છે.

સાહેબ! એટલા ઊંડા અમારે ઉતરવાનું શું કામ છે?

ઠીક! ઊંડા ન ઉતરવું હોય તો ભલે સંસારમાં ઊંડો રખડે! અહીં તો સ્વ ને પરદ્રવ્ય વચ્ચેના વિવેકની વાત કરે છે. જેને સ્વ ને પરની ભિન્નતાનો વિવેક ભાસતો નથી તે પરને પોતા સમાન અથવા પોતે એ જ છે એમ માની હેરાન થઈને ચાર ગતિમાં અનંત કાળથી રખડી રહ્યો છે.

પુત્ર જુદો, એનો આત્મા જુદો, એના કર્મ જુદા, એનું શરીર જુદું, તો એ તારો ક્યાંથી થઈ ગયો? આહાહા! ભ્રમણા તે કેવી ભ્રમણા? એક મણમાં આઠ પાંચ શેરીની ભૂલ! બીજા જીવ ને અજીવ જગતના અનંતા તત્ત્વો છે, જગતમાં હોવાવાળો પદાર્થ છે, ત્યાં એ તારો ક્યાંથી થઈ ગયો?

મિત્ર; મારો વ્હાલો મિત્ર! પણ વાતમાં કાંઈ માલ ન મળે; તું કોઈક તે કોઈક, મફતનો હેરાન થઈ રહ્યો છે. મિત્રનો આત્મા પરવસ્તુ છે, એનું શરીર પરવસ્તુ છે, એ તારા કારણે ને તારા ભાવે બિલકુલ રહેલા નથી.

એવી રીતે શત્રુ. જગતમાં શત્ર કોણ છે? બીજાને પ્રતિકૂળ માનીને શત્રુ માને છો પણ એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે, એ કાંઈ તને હેરાન કરતા નથી ને હિત પણ કરતા નથી. કોઈ પરદ્રવ્ય તને હેરાન કરતા નથી કે તારું હિત પણ કરતા નથી. તારા જ્ઞાનાનંદસ્વભાવને ભૂલીને આ પરદ્રવ્ય મને નુકશાન કરે ને આ પરદ્રવ્ય મને લાભ કરે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી માન્યતાથી ભ્રમણાને ઘૂંટીને તું હેરાન થઈ રહ્યો છે. અસત્યને–ભ્રમણાને ઘૂંટી રહ્યો હોવાથી એના ફળમાં ચાર ગતિમાં અનંતકાળથી રખડી રહ્યો છે.

શરીર, ઘર, ધન, સ્ત્રી, પુત્ર-મિત્ર, શત્રુ બધાં અન્ય સ્વભાવી છે, આત્માથી બિલકુલ જુદા છે. પરંતુ મફતની મમતા કરે છે. મૂઢ પ્રાણી મોહની જાળમાં ફસાઈને શરીરાદિને પોતાના માની રહ્યો છે. શરીર ને હું એક છીએ. પણ બાપુ! શરીરને તું એક નથી. તું તો અનંત કાળનો છો ને શરીર તો પાંચ-પચ્ચીશ વર્ષથી નવું આવેલું છે. એ કયાં તારું છે? અરેરે! આત્મા કોણ ને પરદ્રવ્ય કોણ? એની ખબર વિના પરદ્રવ્યને પોતાના માનીને મૂઢ થઈને મોટા દુઃખને વરી રહ્યો છે.

આત્મા સ્વ અને શરીર–સ્ત્રી–કુટુંબ આદિ પર, એમ એની જુદાઈના વિવેકજ્ઞાન રહિત અજ્ઞાની મૂઢ જીવ શરીરાદિને આત્મા અથવા આત્માનું સ્વરૂપ સમજી રહ્યો છે. સમ્યગ્દૃષ્ટિ રાજપાટમાં પડયો હોય, લાખો સ્ત્રી હોય છતાં પરદ્રવ્યમાં એક અંશે પણ મારાપણું માનતો નથી. હું તો જ્ઞાનાનંદ છું, ફક્ત મારી આસક્તિનો રાગ છે એ મારી કમજોરીનું પાપ છે. પરંતુ એ ચીજને લઈને મને સુખ છે કે એ ચીજ મારી છે એમ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ માનતો નથી. મારા આત્મા સિવાય રાગ પણ મારો નથી તો બીજી ચીજ તો મારી છે જ નહિ.–એમ ધર્મી માને છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ સ્ત્રીને દેખીને સુખ માનતો નથી કે શત્રુને દેખીને દુઃખ માનતો નથી.

પરદ્રવ્ય દુઃખદાયક કે સુખદાયક હોઈ શકે નહિ. તારી ઊંધી માન્યતા તને દુઃખદાયક છે ને શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્માનું ભાન તને સુખદાયક છે, એ સિવાય કોઈ પણ પદાર્થ તને સુખદાયક દુઃખદાયક છે જ નહિ.

પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ છે પણ પોતાને પોતાની હયાતીનું ભાન નથી તેથી હયાતીવાળા પર પદાર્થથી સુખદુઃખની કલ્પના વડે મિથ્યા ભ્રમણા કરે છે. તેથી ભ્રમણાના ફળમાં ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરે છે. આહાહા! મોહને વશ પ્રાણી, જ્ઞાન આનંદ શાંતિ સ્વરૂપ આત્માને ભૂલીને જેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે તેને પોતાના માની રહ્યો છે. આહાહા! પોતાની ભૂલની પોતાને ખબર પડતી નથી, તેથી ભૂલને ગુણ માનતો હોવાથી એની ભૂલ ટળે શી રીતે?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ કે જેમને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે તે એમ કહે છે કે ભાઈ! જગતમાં તું એક જ છો?–કે બીજા અનંત પદાર્થ છે? બીજા અનંત પદાર્થ છે અને તે અનંત પદાર્થ પોતાનો સ્વભાવ લઈને રહેલા છે. તેથી તેનો સ્વભાવ તેનામાં ને તારો સ્વભાવ તારામાં. એનો સ્વભાવ તને મદદ કરે કે નુકશાન કરે એવું ત્રણ કાળમાં બનતું નથી. તેવી રીતે તેના સ્વભાવને તું મદદ કરે, તેની સેવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. અરે, બાપા! શરીર ને પરવસ્તુ! તારે ને એને સેઢે સીમાડે પણ ક્યાંય મેળ નથી! એ વાત હવે દૃષ્ટાંતથી સમજાવે છે.

**दिग्देशेभ्यः खगा एत्य संवसन्ति नगे नगे ।**
**स्वस्वकार्यवशाद्यांति देशे दिक्षु प्रगे प्रगे ॥९॥**

દિશા–દેશથી આવીને, પક્ષી વૃક્ષે વસન્ત,
પ્રાતઃ થતાં નિજ કાર્યવશ, વિધવિધ દેશ ઉડન્ત. ૯.

જુદી જુદી દિશાએથી ને જુદા જુદા દેશના પક્ષીઓ એક વૃક્ષ ઉપર આવીને રાતવાસો કરે છે. સવાર પડે ત્યાં બધાં પોતપોતાના કાર્યવશે જુદે જુદે સ્થળે ઉડીને જતાં રહે છે. જ્યાંથી આવ્યા હતા ત્યાં જ જવું એમ પણ પક્ષીને હોતું નથી. આવ્યા હોય પૂર્વમાંથી ને ઉડીને જાય પશ્ચિમમાં! આવ્યા હોય એક દેશમાંથી ને જાય બીજા દેશમાં! ક્યાંથી આવે ને ક્યાં જાય એનો એને મેળ હોતો નથી.

કોઈ પક્ષી પૂર્વમાંથી આવ્યું હોય, કોઈ પક્ષી અંગ બંગ, આદિ દૂરના દેશથી આવ્યું હોય ને એક વૃક્ષ ઉપર આવીને રાતવાસો કરે. સવાર પડતાં ઇચ્છાનુસાર ગમે ત્યાં ચાલ્યા જાય છે. તેવી રીતે સંસારી જીવ નરકાદિ ચાર ગતિમાંથી અહીં આવીને ભેગા મળે છે. પત્ની આવી હોય થોરમાંથી ને પતિ આવ્યો હોય બોરમાંથી! પોત પોતાની યોગ્યતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર અહીં ભેગા થઈ જાય, બાકી એને કાંઈ લેવા ન દેવા! એકબીજાને કાંઈ લેવા ન દેવા! પણ જેમ પક્ષી ૧૨ કલાક ભેગા બેસે તેમ આ બે જણા જ્યાં ૫–૨૫ વર્ષ ભેગા રહે ત્યાં માને કે આ બધા મારા છે!

આહાહા! ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો! છતાં મારા છોકરા ને મારી સ્ત્રી! આવા ને આવા ભ્રમણાના પોટલા ઊભા કરીને પરદ્રવ્યના સ્વભાવમાં મને ઠીક પડે છે એમ માનીને ચાર ગતિમાં રખડી રહ્યો છે. હું એક આત્મા જ્ઞાન ને આનંદકંદ છું, મારો સ્વભાવ તો જ્ઞાન ને આનંદ છે, મારું જ્ઞાન ને મારો આનંદ મારામાંથી આવે છે, કાંઈ કોઈ નિમિત્ત આદિમાંથી આવતું નથી–આવું જેને પોતાના સ્વરૂપનું ભાન નથી તે ભ્રમણાને લઈને ચાર ગતિમાં રખડી રહ્યો છે.

એક ઘરમાં દસ માણસ હોય, તેમાં કોઈ નરકમાંથી આવ્યો હોય, કોઈ ઢોરમાંથી આવ્યો હોય, કોઈ પંખીમાંથી આવ્યો હોય, કીડી મરીને પત્ની થઈ હોય ને ભૂતમાંથી આવીને પતિ થયો હોય. બધા એક ઘરમાં આવીને પોતાના આયુષ્યપર્યંત રહે છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો હોય એટલો કાળ રહે છે. કોઈ કોઈના લઈને રહ્યા નથી કે કોઈ કોઈના થઈને રહ્યા નથી. માટે એ મારા છે એના લઈને મને સુખદુઃખ થાય છે એવી માન્યતાને છોડી દે. કોઈ નથી તારા ને તું નથી એનો! તારો તું ને એના ઈ! પણ ભ્રમણાએ મારી નાખ્યા છે ને!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોત પોતાના કારણે ભેગા થયા ને પાંચ-પચ્ચીશ વર્ષ આયુષ્ય પ્રમાણે ભેગા રહ્યા ને આયુષ્ય પૂરું થતાં સૌને છોડીને ચાલ્યા જાય. જેવા ભાવ કર્યા હતા તેવા કર્મ બાંધ્યા ને મરીને જુદી જુદી ગતિમાં ચાલ્યા જાય. કોઈ નરકમાં જાય ને કોઈ કીડીમાં જાય, કાંઈ લેવા ન દેવા!

અહીં તો સ્વ-પર પદાર્થ ભિન્ન છે ને એને એક માનવા મિથ્યાત્વ છે એમ બતાવે છે. સ્વ ને પર પદાર્થ તદ્દન ભિન્ન છે, એને મારા માનવા ને એનાથી સુખદુઃખ થાય એ ભ્રમણા મિથ્યાત્વનું પાપ છે.

એક ભાણે જમનારા—શ્રેણિક, અભયકુમાર ને શ્રેણિકની રાણીઓ, શ્રેણિક નરકે ગયા, અભયકુમાર અને કેટલીક રાણીઓ સ્વર્ગે ગઈ. ક્યાં અહીં ભેગા ને ક્યાં હવે કોઈને લેવા-દેવા! સીતાજી, રામ ને લક્ષ્મણ! અહીં ત્રણે ભેગા રહેનારા, વનમાં સાથે રહેનારા ને મરીને લક્ષ્મણ નરકે, સીતાજી સ્વર્ગે ને રામચંદ્રજી મોક્ષે ગયા! સૌના પરિણામે સૌ ગયા, સૌ સ્વતંત્ર, કોઈને લેવા-દેવા નથી.

બે ભાઈ હતા. નાના ભાઈને રોગ થયો, મોટાએ તેની બહુ સેવા કરી ને ઈંડા ખવરાવ્યા. મોટો મરીને નારકી થયો ને નાનો મરીને પરમાધામી થયો. ને નારકીને—મોટાભાઈના જીવને—મારવા આવ્યો! આવું તો અનંતવાર જીવે ભોગવ્યું છે હો!! ભાઈ, તું તારા દ્રવ્યની નજર કર ને! તારું દ્રવ્ય આનંદ ને જ્ઞાનના ભંડારથી ભરેલી વસ્તુ છે તેનો તો વિશ્વાસ કર! હું આત્મા છું ને આ પર પદાર્થ સાથે મારે કાંઈ સંબંધ નથી એમ એકવાર તો તારી સામે જો.

અહીં કહે છે કે પોત પોતાના કર્મ અનુસાર આયુ પૂર્ણ થતાં દીકરો સ્વર્ગમાં જાય ને બાપ નરકમાં જાય, આહાહા! શ્રેણિકરાજા ૮૪ હજાર વર્ષની સ્થિતિએ નરકમાં ગયા ને અભયકુમાર સ્વર્ગમાં ગયા. કોણ કોનું કરી દે? અરે, તું કોણ ને પર કોણ—એની ખબર નથી. પર ચીજ એને કારણે આવીને ઊભી રહી ને એને કારણે એની મુદતે ચાલી જશે. એમાં કોણ કોનું કરે?

અરે, બાપુ! જેમ છે તેમ તને કેમ ભાસતું નથી! તને તારાથી જુદા છે તે જુદા કેમ ભાસતા નથી? જુદા છે તે જુદા ભાસતા નથી તો તને સુખ થાય શી રીતે? માટે હે ભદ્ર! સ્ત્રી-પુત્ર આદિને તું હિતરૂપ માની રહ્યો છે પણ તે સર્વથા ભિન્ન સ્વભાવવાળા હોવાથી તેમનામાં તારી આત્મબુદ્ધિ કેમ છે? જો સ્ત્રી આદિ તારા હોય તો તારા રહેવા છતાં તેઓ અન્ય અવસ્થાને કેમ પ્રાપ્ત થાય? જો તારા હોય તો તારી હયાતીમાં અવસ્થાંતર થઈને ચાલ્યા કેમ જાય? એટલો વિચાર તો કર! માટે મોહજનિત આવેશને હઠાવીને, તું અને પર જુદે જુદા છો એમ દેખ! તો તને સ્વપર વિવેક થાય ને દુઃખ મટીને સુખ પ્રગટ થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૮ ]

## પોતાનું હિત ઇચ્છનાર પ્રાણીએ
# પોતાનું અહિત કરનાર પ્રાણી પ્રત્યે દ્વેષ કરવો નહિ, સમતા રાખવી

[ તા. ૨૩-૩-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી દિગંબર સંત થઈ ગયા, તેમણે જગતના હિતને માટે આ ઇષ્ટોપદેશની રચના કરી છે. તેમાં અહીં ૯ મો શ્લોક ચાલે છે :—

આ શરીર તો જડ-માટી પુદ્‌ગલ છે અને સ્ત્રી-પુત્ર-પરિવારનો આત્મા તારાથી ભિન્ન છે, કપડા-લક્ષ્મી આદિ ભિન્ન પર છે. આત્માનું સ્વરૂપ જો શરીરરૂપ હોત, સ્ત્રી-પુણ્ય-પરિવારરૂપ હોત, કપડાં-લક્ષ્મી આદિરૂપ હોત તો તારા સદ્દશપણામાં—તું હયાત હોવા છતાં તે પદાર્થો અવસ્થાંતરપણું કેમ પામત? માટે એ તારી ચીજ નથી, તું તો જ્ઞાનાનંદસ્વરૂપ છો.

તારા હોવા છતાં શરીરાદિ પદાર્થો રૂપાંતરપણું પામી જાય છે, શરીર વૃદ્ધાવસ્થા, રોગ, નાશ આદિને પામે છે. કેમ કે શરીર જડ-માટી તારાથી ભિન્ન છે. શરીરના રજકણની કોઈ પણ અવસ્થા તારી છે જ નહિ. જો એ તારી હોય તો તારી ઉપસ્થિતિમાં તેઓ કેમ બદલી જાય? શરીરાદિ આત્માથી પર પદાર્થ છે માટે શરીરની અવસ્થા આત્માને આધીન નથી. આત્મા હોય ને શરીરની અવસ્થા બદલી જાય છે, આત્મા હોય ને લક્ષ્મી જતી રહે છે, આત્મા હોય ને સ્ત્રી-પુત્ર-પરિવાર નાશ પામે છે. કેમ કે એ તારી ચીજ નથી, એ ચીજ સ્વતંત્ર છે.

તારી ઇચ્છા હોય કે શરીર નિરોગ રહે, છતાં નિરોગ ક્યાં રહે છે? શરીરની સ્થિતિ જેટલો કાળ રહેવાની હશે એટલો કાળ રહેશે, તારી ઇચ્છાથી બિલકુલ રહેતી નથી. શરીરાદિ ભિન્ન પદાર્થમાં પોતાની ઇચ્છા અનુસારનું કાર્ય માને છે તે મૂઢ ચાર ગતિમાં રખડે છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે. તેમાં દયા-દાન-કામ-ક્રોધ આદિના ભાવ થાય છે તે વિકાર છે, આત્માનું સ્વરૂપ નથી. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ છે અને દયા-દાન-વ્રત-કામ-ક્રોધ આદિના પરિણામ તો વિકાર છે, આસ્રવ છે. પુણ્ય-પાપના પરિણામ થાય તે આસ્રવતત્ત્વ છે ને તારી ચીજ ભિન્ન તત્ત્વ છે. તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો જ્ઞાયકતત્ત્વ ચૈતન્યમૂર્તિ પ્રભુ છો. પરંતુ અનંત કાળમાં આ વાત ક્યારેય સમજાણી નથી.

પ્રભુ તો જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યસૂર્ય આત્મા છે, અનાકૂળ આનંદની મૂર્તિ આત્મા છે. ભગવાન તો કહે છે કે જાણવા--દેખવાના ઉપયોગરૂપ તારું સ્વરૂપ છે અને પુણ્ય–પાપના ભાવ કાંઈ આત્મા નથી, એ તો આત્માથી ભિન્ન વિકાર છે તો આ શરીરાદિ પર તો ક્યાંય ભિન્ન રહ્યાં.

આહાહા! શરીરથી હું ક્રિયા કરું, શરીરથી બીજા ઉપર ઉપકાર કરું, શરીર વડે બીજાને મારું–અપકાર કરું, મૂઢ છો! શરીર તો પર છે, શરીરની ક્રિયા શું તારે આધીન છે? મૂઢપણે અભિમાન કર્યા કરે છે કે મેં કર્યું! એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ પાપી છે.

શરીરના પ્રત્યેક રજકણ પોતાની પર્યાયથી પરિણમન કરે છે, આત્માથી બિલકુલ નહિ. શું જડના સ્વરૂપમાં ચૈતન્ય ઘૂસી જાય છે કે તેનાથી જડની પર્યાય બને? અને જડની પર્યાય શું આત્મામાં ઘૂસી જાય છે કે આત્માનું કાંઈ કરી દે? આત્માને લાભ–નુકશાન કરી દે? પહેલાં શરીર નિરોગ રહ્યું હોય તો તે જડના કારણે, પોતાના આત્માના કારણે રહ્યું નથી. પરંતુ અંદર શરીરાદિમાં એકપણું ઘૂંટાઈ ગયું છે કે માળો આટલું સાંભળવા છતાં મચક ખાતો નથી!

ભાઈ! તું આત્મા છો ને આત્મામાં જ્ઞાન ને આનંદની મોજૂદગી છે, તેમાં જે પુણ્ય–પાપના ભાવ છે તેમાં સ્વરૂપની મોજૂદગી નથી, એ તો વિકૃતભાવ છે, તેને અજ્ઞાની અજ્ઞાનપણે ઉત્પન્ન કરે છે. પોતાના સ્વરૂપમાં તે વિકાર છે જ નહિ. જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય જ્ઞાયક પ્રભુમાં પુણ્ય–પાપના રાગ વિકાર છે જ નહિ, પરંતુ પોતાની મોજૂદગીના ભાન વિના અજ્ઞાનીનું લક્ષ વિકાર ઉપર છે તેથી નવા રાગ-દ્વેષ-કામ-ક્રોધ-દયા-દાન આદિ વિકલ્પ કરીને મેં પરનું કાર્ય કર્યું એમ અજ્ઞાની માને છે.

અહીં તો કહે છે કે તારી હયાતી છે ને શરીરમાં રોગ આવે છે, વૃદ્ધત્વ આવે છે, ક્ષય રોગ થાય છે, તો એ તારી હયાતીમાં કેમ થાય છે?—કે એ પર પદાર્થ છે ને પર પદાર્થની અવસ્થાનું હોવું તેને આધીન છે, તારે આધીન નથી. ક્ષેત્રાંતરની જે સ્થિતિ થાય તેમાં આત્મા શરીરને લઈને જાય કે શરીર આત્માને લઈને જાય એમ ત્રણ કાળમાં કદી બનતું નથી. પોતાની યોગ્યતાથી ક્ષેત્રાંતર થાય છે.

ભાઈ! સાંભળ તો ખરો! શાંત તો થા! તારું સ્વરૂપ તો ચૈતન્યમૂર્તિ છે ને! પણ એની તને ખબર નથી ને તારી નજીકમાં જે શરીર જડ પદાર્થ છે તેમાં જે રૂપાંતર થાય તે મારા લઈને થાય છે એમ માને છો. પરંતુ જો તારા લઈને થતું હોય તો તું હો ને તે જતું કેમ રહે છે? શરીર માટી જડ અજીવ તત્ત્વ છે, તેનું રહેવું, ટકવું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બોલવું, ચાલવું, ખાવું, પીવું એ સર્વ જડની ક્રિયા છે, આત્મા કિંચિત્‌માત્ર તેનું કરી શકતો નથી.

અનાદિ કાળથી પર પદાર્થના અભિમાનને લઈને આ ધંધો અમે કર્યો ને લાખો રૂપિયા ભેગા કર્યાં! પણ બાપુ! એ તો રજકણ જગતનો પદાર્થ અસ્તિરૂપે છે, એ જડનું જડપણે રહીને રૂપાંતર થવું તે જડના લઈને છે. તારા કારણે રૂપાંતર થાય કે તારા કારણે લક્ષ્મી આવે છે તે બિલકુલ જૂઠી વાત છે. હું છું તો પરની દયા પાળી શકું છું એમ માનનાર મૂઢ છે. શરીરની પરની અવસ્થા થવી તેને આધીન છે, પર જીવનું આયુષ્ય હોય તો શરીર રહે છે ને આયુષ્ય ન હોય તો શરીર છૂટી જાય છે, પણ તારા લઈને પર જીવ બચે એ જૂઠી વાત છે. હા, પરને મારવા-બચાવવાનો તેં ભાવ કર્યો, પણ એ ભાવથી પરમાં કાંઈ થાય એ વાત બિલકુલ જૂઠી વાત છે.

તારી હયાતી મોજૂદગી રહેવા છતાં આ શરીરાદિ પદાર્થ અવસ્થાંતર શી રીતે પ્રાપ્ત થઈ ગયા!—જો તારાથી રહેતા હોય ને તારા હોય તો તું હો ને પત્ની કેમ મરી જાય છે? ભાઈ! એ ચીજ તારાથી ભિન્ન છે માટે તેનું રહેવું કે ન રહેવું એ તારે આધીન નથી. છતાં તું માને કે તારે આધીન છે તો તું મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છો. જો તારે આધીન હોય તો તારી હયાતીમાં સ્ત્રી-પુત્ર-પૈસા આદિ જતાં કેમ રહે છે?

પર પદાર્થ જાય કે રહે, શરીર સારું રહે કે ન રહે, એ તો જડના એના કારણે છે, આત્માને કારણે બિલકુલ નથી, કેમ કે એ તો પર પદાર્થ છે. લક્ષ્મી-સ્ત્રી-પુત્ર આદિ આવે ને જાય એ તો એના કારણે છે, પૂર્વના પુણ્યથી આવે છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે.

એકેએક રજકણ પોતાની ક્રિયા કરવા માટે સ્વતંત્ર છે, એ તારા લઈને કેમ થાય? તેથી અહીં કહે છે કે જો શરીર આદિ પર પદાર્થ તારા હોત તો તારે તો એના નાશનો ભાવ નથી છતાં તારા પ્રયોગ વિના-તારા કર્યા વિના શરીરાદિ કેમ ચાલ્યા જાય છે? માટે મારાથી શરીરાદિનું કાર્ય થાય છે એ માન્યતા વાળો જડ ને ચૈતન્યને એક માને છે.

ભાઈ! શરીરના નાશનો તારો ભાવ તો છે નહિ, સ્ત્રી-આબરૂ આદિના નાશનો તારો તો ભાવ નથી, તારા પ્રયોગ વિના-તારી ઇચ્છા ન હોવા છતાં શરીરાદિ જ્યાં-ત્યાં કેમ ચાલ્યા જાય છે? જેવી તેની પરિણતિ થવાની હોય તે તેનાથી થાય છે, તારી ઇચ્છાને લઈને તેમાં કાંઈ થતું નથી. પરંતુ તારા તત્ત્વની ને પર તત્ત્વની ભિન્નતાનું તને ભાન નથી.

સાધુ ત્યાગી થઈને પણ એમ માને કે શરીર સારું હશે તો ધર્મ થશે; મૂઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે! આહાર સારો હોય તો અમારા પરિણામ સારા થાય; મૂઢ છે! શરીર ને આહાર તો જડ છે, શું એ આત્માના પરિણામ બગાડે? તું તારા પરિણામ બગાડે ત્યારે તેમાં જડને નિમિત્ત કહેવાય. સમજાણું કાંઈ?!

આહાર લેવાની ઇચ્છા થઈ ને આહાર લીધો; ત્યાં ઇચ્છાને લઈને આહાર આવ્યો નથી, આહાર તો પુદ્ગલદ્રવ્ય છે, પુદ્ગલદ્રવ્યને લઈ શકું કે છોડી શકું એ માન્યતા જ મૂઢ મિથ્યાદૃષ્ટિની છે, ધર્મી જીવની એવી માન્યતા હોતી નથી. લોકોમાં કહેવાય છે કે ખાનારનું નામ દાણા–દાણા ઉપર લખેલ છે તેનો અર્થ જ એ છે કે જે અનાજના રજકણોનો પુદ્ગલ પિંડ અહીં આવવાનો હશે તે જ આવશે, નહિ આવવાનો હોય તે નહિ આવે, તારી ઇચ્છાથી બિલકુલ કાર્ય થતું નથી.

આહાહા! વીતરાગની વાત જગતથી નીરાળી છે. સર્વજ્ઞ તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા કે જેમણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ દેખ્યા છે તેમણે બધાજ પદાર્થ ભિન્ન ભિન્ન દેખ્યા છે, કોઈ પદાર્થ બીજા ભિન્ન પદાર્થને રાખી શકે, નાશ કરી શકે એવી એનામાં તાકાત છે જ નહિ.

હાથ ઊંચો કરી શકે એવી આત્મામાં તાકાત છે જ નહિ. ભાઈ! એ જડની અવસ્થા જડનું કાર્ય છે, તારું કાર્ય નથી. તારા પ્રયોગ વિના, તારી ઇચ્છા ન હોવા છતાં, તારા જ્ઞાનમાં ખ્યાલ પણ ન હોય કે શરીરની આવી ક્રિયા થાવ અને તેમ છતાં શરીરની ક્રિયા થાય છે તેનો અર્થ શું?–કે શરીરની જે કોઈ ક્રિયા થાય છે તે શરીરના કારણે થાય છે, તારા કારણે પરમાં બિલકુલ કાંઈ જ થતું નથી.

બીજા આત્માઓનું તથા પરમાણુઓનું તારા પ્રયોગ વિના આવવું-જવું થાય છે, તારા કારણે આવવું-જવું થતું નથી. જેમ સાંજે પક્ષીઓ દૂર દૂર દેશ-દેશાંતરથી આવે ને સવાર થતાં કયાંય ને કયાંય ચાલ્યા જાય તેમ પ્રત્યેક પદાર્થ કયાંયથી આવે ને કયાંય ચાલ્યા જાય–તારે આધીન નથી.

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકમાં દૃષ્ટાંત આવે છે કે એક પાગલ હતો, ગામ બહાર નદી કિનારે બેઠો હતો. ૯ વાગ્યે ત્યાંથી કોઈ રાજા સૈન્ય લઈને નીકળ્યો ને આહાર-પાણી માટે નદી કિનારે પડાવ નાખ્યો. ત્યાં પાગલ કહે ઓહોહો! માણસો આવ્યા! આ મારું સૈન્ય આવ્યું! આ મારા ઘોડા ને હાથીઓ આવ્યા! પછી ભોજન કરીને રાજા સૈન્ય લઈને આગળ ચાલતો થયો ત્યાં પાગલ કહેવા લાગ્યો કે મને પૂછયા વિના કયાં ચાલ્યા? ત્યારે પેલા કહે કે આ પાગલ લાગે છે. અમે તો અમારા કારણે આવ્યા હતા ને અમારે લઈને જઈએ છીએ, તારો અમારા ઉપર શું અધિકાર છે? પાગલ કહે કે હું પહેલાં અહીં બેઠો હતો ને પછી તમે આવ્યા ને? તો પૂછયા વિના કેમ ચાલ્યા જાઓ છો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમ એક આત્મા બીજા ભવમાંથી અહીં જન્મ્યો, મોટો થયો ને પછી પૂર્વના પુણ્યના નિમિત્ત સ્ત્રી-પુત્ર-લક્ષ્મી-આબરૂ આદિ આવ્યા. પણ જ્યાં તેઓ પોત પોતાની મુદત અનુસાર ચાલ્યા જવા માંડ્યા ત્યાં કેમ ચાલ્યા જાય છે? –એમ સ્ત્રી-પુત્રાદિ પાછળ માથા ફોડે! પણ ઈ ક્યાં તારા લઈને આવ્યા હતા? અમારી સ્થિતિને લઈને અમે આવ્યા હતા ને અમારી સ્થિતિ પૂરી થતા અમે ચાલ્યા જઈએ છીએ, તારા કારણે અમે આવ્યા જ નથી ને તારા કારણે અમે જતા જ નથી.

તારા પ્રયત્ન વિના જ પર પદાર્થ ચાલ્યા કેમ જાય છે? તારા લઈને તેઓ હોય તો તું રહેતા તેઓ ચાલ્યા કેમ જાય? તેઓ તો પર પદાર્થ છે, તારા કારણે તેઓ આવ્યા નથી ને તારા કારણે જતા નથી. અરે, આત્મા! તું જ્ઞાનાનંદ છો, તું તો જાણનાર–દેખનાર છો, પણ તને મોહરૂપી ભૂતડું વળગ્યું છે. મિથ્યાત્વનું તને ભૂત વળગ્યું છે કે હું પર પદાર્થનું આમ કરી શકતો હતો પણ હવે નથી કરી શકતો! ભાઈ! પ્રભુ! મિથ્યાત્વના એ આવેશને છોડી દે! તું જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ છો ને! પર ચીજનું હું કાંઈ કરી શકું એમ શા માટે માને છો? છોડી દે.

મોહરૂપી પીશાચના આવેશને છોડી દે ને જેવો પર પદાર્થનો સ્વભાવ છે એવો દેખ. પર પદાર્થ એના કારણે આવ્યા છે ને એના કારણે જાય છે એવો એનો સ્વભાવ જેમ છે એમ દેખ. ઓહોહો! સર્વજ્ઞ ભગવાન પુણ્યના વિકલ્પને પણ છોડીને વીતરાગ થઈ ગયા! મુનિદશામાં મહાવ્રતના પરિણામ આવ્યા હતા, એ તો રાગ હતો, એ રાગને પણ છોડીને વીતરાગ થઈ ગયા. એ સર્વજ્ઞ પરમેશ્વરદેવ કહે છે કે ભાઈ! તને મોહરૂપી પીશાચ વળગ્યો છે તેથી તારી જોવાની દૃષ્ટિ વિપરીત થઈ ગઈ છે. માટે એ મોહરૂપી પીશાચના આવેશને દૂર કરીને પછી દેખવાની ચેષ્ટા કર એટલે કે પર પદાર્થ તો તેના કારણે આવે ને જાય છે, તું તો જાણનાર–દેખનાર છો એમ દૃષ્ટિ કર. એ વિના તારી સ્વતંત્રતાની સાચી શ્રદ્ધા કદી થશે નહિ ને એ વિના તારું કલ્યાણ કદી થશે નહિ.

આ અમારા શત્રુ છે, અહિત કરનાર છે એવો ભાવ અજ્ઞાનપૂર્ણ છે એમ હવેની ગાથામાં આચાર્ય મહારાજ બતાવે છે. ભાઈ! પર વસ્તુ તારા અહિતકર્તા છે એ ક્યાંથી લાવ્યો? તારી ઊંધી માન્યતા તારું અહિતકર્તા છે. માટે અજ્ઞાનપૂર્ણ ભાવ દૂર કરવા લાયક છે એમ આચાર્ય મહારાજ પ્રેરણા કરે છેઃ—

**विराधकः कथं हंत्रे जनाय परिकुप्यति ।**
**त्र्यंगुलं पातयन् पद्भ्यां स्वयं दंडेन पात्यते ॥ १० ॥**

અપરાધી જન કાં કરે, હન્તા જન પર ક્રોધ?
પગથી ત્ર્યંગુલ પાડતાં, દંડે પડે અબોધ. ૧૦.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેં પૂર્વે તે પ્રાણીને સતાવ્યો હતો ને તારા કારણે તે પ્રાણી દુઃખી થયો હતો. હવે એ પ્રાણી તને તકલીફ દે છે-હેરાન કરે છે તો તું શા માટે ગુસ્સો કરે છો ? પૂર્વે તારા કારણે તેને નુકશાન થયું હતું—નિમિત્તના કથનથી—તો હવે એ તને નુકશાન કરવા આવ્યો છે એટલે સરભર થઈ ગયું, તું શા માટે ગુસ્સો કરે છો ?—આ બધા નિમિત્તના કથન છે હો ! તારો ભાવ પૂર્વે એને નુકશાન પહોંચાડવાનો હતો ને એને પાપના ઉદયને લઈને નુકશાન થયું અને હવે એ તને નુકશાન કરવાનો ભાવ કરે છે ને તારા પાપના ઉદયથી તને નુકશાન થાય તો તું પર ઉપર ગુસ્સો કેમ કરે છો ?

તેં જેવું કર્યું હતું એવું તે તારા પ્રત્યે કરે છે તો તું ગુસ્સે કેમ થાય છે? -આ વાત અમને બેસતી નથી-ઠીક લાગતી નથી એમ આચાર્યદેવ કહે છે. તેં બીજાને નુકશાન પહોંચાડયું હતું તો હવે એ તને નુકશાન પહોંચાડે છે-એ તો અદલ બદલ થયું, એમાં ગુસ્સો કરવાની જરૂર નથી. એમ કહીને પ્રતિકૂળતા કરનાર પ્રત્યે ગુસ્સો ન કરવો એમ એ ભાવ છોડાવવા માટે કહ્યું છે.

શરીરમાં કાંઈ પ્રતિકૂળતા થાય કે લક્ષ્મી ચાલી જાય તેમાં કોઈ પ્રાણી નિમિત્ત બને, તો તું પણ તેને નુકશાન થવામાં નિમિત્ત થયો હતો, તો એમાં ગુસ્સો શું કરવો ? પર પ્રત્યે ગુસ્સો કરવો નહિ. અમારી આબરૂ એણે લૂંટી લીધી ! પણ ભાઈ ! પૂર્વે તેં એની આબરૂ લૂંટી લીધી હશે, એમાં ગુસ્સો શું કરવો ? ભાઈ ! સમજણ કરવી, જ્ઞાન કરવું કે જગતમાં આવું હોય એમ સમતા કરીને આત્માનું જ્ઞાન કરવું, સમતા કરવી ને ગુસ્સો હટાવવો.

બીજાનો અપકાર કરનાર પુરુષ પોતા પ્રત્યે અપકાર કરનાર પુરુષ ઉપર કેમ કુપિત થાય છે ?-સમજાતું નથી ! એમ અરસપરસની વાત દૃષ્ટાંત માટે કરી છે. બાકી એ જ પ્રાણી પ્રતિ અપકાર ન કર્યો હોય પણ પૂર્વે પાપભાવ કર્યો હોય તો તારા પાપના ઉદયમાં બીજો પ્રાણી પ્રતિકૂળતા દેવા આવે તો એમાં ગુસ્સો શું કરવો ? પર પદાર્થ તારું નુકશાન કરી શકતો નથી એમ માનીને ગુસ્સો છોડવો, જ્ઞાતાદૃષ્ટા રહીને સમાધાન કરવું-ગુસ્સો કરવો નહિ એમ આચાર્ય મહારાજ કહે છે.

આ તો ઉપદેશની ભાષા છે ને ? એટલે કહે છે કે ભાઈ ! આ તું શું કરે છે ? -કાંઈ સમજાતું નથી એટલે કે તું ખોટું કરે છે. અરે ! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે નહિ. કઈ રીતે કરે ? એ દ્રવ્યની એ સમયની પર્યાય ન હતી કે બીજો દ્રવ્ય કરાવે ? દરેક દ્રવ્યમાં પોત પોતાના સ્વરૂપથી પોતાની પર્યાય થાય છે, તો તેમાં બીજો દ્રવ્ય શું લઈ-દઈ શકે ? શરીરની ચાલવાની ક્રિયા થઈ તો તે શરીરના સ્વરૂપથી થઈ છે ને આત્માને ઇચ્છા થઈ તે ઇચ્છા પોતાના સ્વરૂપથી થઈ છે તો ઇચ્છા શરીરનું શું કરી નાખે ? શરીરનું સ્વરૂપ પરસ્વરૂપે છે, ઇચ્છા નિમિત્ત થઈને તે શરીરની ક્રિયાને શી રીતે કરી દે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખાવાની ઇચ્છા થઈ, તો ઇચ્છાએ પોતાનું કયું સ્વરૂપ જડમાં ભેળવી દીધું કે ઇચ્છા ખાવાની ક્રિયાને કરે? ઇચ્છા આત્માના વિકૃત સ્વરૂપે રહેનારો ભાવ છે ને હોઠ, દાંત આદિ જડ સ્વરૂપે છે. શું ઇચ્છાનું સ્વરૂપ જડમાં પેસી જાય છે કે ઇચ્છા હોઠ, દાંત આદિની ક્રિયાને કરી દ્યે?

પર પદાર્થ તને કાંઈ નુકશાન કરી શકતા નથી ને તું પણ પર પદાર્થનું નુકશાન કરી શકતો નથી, પણ તારો ભાવ તે પ્રાણીનું નુકશાન કરવાનો હતો ને તેને પાપના ઉદયે નુકશાન થયું ને તેવી રીતે તેને એવો ભાવ આવ્યો કે તને નુકશાન કરું પણ તેનાથી તને નુકશાન થતું નથી માટે તું સમતા રાખ, સમતા રાખ.

અરે! આ દીકરાનું મેં કેવી રીતે લાલન-પાલન કર્યું, એના માટે હું કેટલો હેરાન થયો ને હવે લગ્ન કરી દીધાં ત્યાં કહે કે અમને જુદા કરી દ્યો! અરે દીકરા! અમારા ધોળામાં તું ધૂડ નાખે છો? પણ બાપુ? તેમાં દીકરો તને શું કરે? દીકરાના ભાવ દીકરા પાસે રહ્યા, તારો પાપનો ઉદય હોય ને એમ બનવાનું હોય તો બનશે બનશે ને બનશે, તારે તો સમતા રાખવી. અરે ભાઈ! કોણ કોના દીકરા ને કોણ જુદા પડે ને કોણ એકઠા રહે?—એ તો બધી ભ્રમણા છે. એ તો પૂર્વના ઉદયે આવ્યા ને ઉદય પૂરો થતાં ચાલ્યા જાય છે. તેમાં તેં કર્યું શું? કોઈ કોઈના પરિણામે કોઈ કરતું નથી. માટે સમતા રાખ.

બાપુ! પર દ્રવ્યના પરિણામ તે કરે ને તારા પરિણામ તું કરે, તારા પરિણામથી એનામાં કાંઈ થાય કે એના પરિણામ તને નુકશાન કરે એવું કદી બનતું નથી. માટે કોઈ પ્રાણી ઉપર ગુસ્સો કરવો એ તો અન્યાય છે. તે વાત દૃષ્ટાંતથી કહે છે કે ઊભા ઊભા ઝાડુ કાઢવા માટેના લાકડીએ બાંધેલ ઝાડુ ઉપર ગુસ્સો કરીને પગ ઉપાડીને પગેથી મારવા જાય તો લાકડીવાળું ઝાડુ હાથમાં રહી જાય ને પોતે જમીન ઉપર પડે, એમાં નુકશાન કોને? પોતાને માટે અહિત કરનાર પ્રાણીઓ પ્રત્યે પોતાનું હિત ચાહતા જીવે અપ્રીતિ ન કરવી જોઈએ.

જગતમાં કોઈ તારું શત્રુ કે મિત્ર નથી, દરેક પર પદાર્થ સ્વતંત્ર છે. માટે પોતાનું હિત ચાહનારા બુદ્ધિમાન પુરુષોએ કોઈ પ્રત્યે દ્વેષ કરવો નહિ. તે તે પર પદાર્થો તેની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, તારે એની સાથે શું સંબંધ છે? એમ સમતા રાખીને, શાંતિ રાખીને જ્ઞાતા-દૃષ્ટા રહેવું, દ્વેષ નહિ કરવો. અજ્ઞાન છોડીને, ગુસ્સો છોડીને સમતા રાખવી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૯ ]

# ૮૪ના અવતારમાં રખડતા પાગલ જીવને ડાહ્યા કરવાની રીત શું?

[ તા. ૨૪-૩-૬૬ ]

આ ઇષ્ટોપદેશ છે. અહીં શિષ્યને પ્રશ્ન થાય છે કે સ્ત્રી આદિ પ્રત્યે રાગ અને શત્રુ પ્રત્યે દ્વેષ કરવાવાળો પુરુષ પોતાનું શું બગાડે છે? જેથી આપ રાગ-દ્વેષ કરવા લાયક નથી એમ કહો છો.

પોતાના સિવાય સ્ત્રી આદિ પર પદાર્થમાં રાગ કરે એટલે એના પ્રત્યે પ્રેમ છે તો બીજા પ્રત્યે દ્વેષ હોય જ છે. સમ્યગ્દૃષ્ટિ તો હું જ્ઞાતાદૃષ્ટા છું એવી દૃષ્ટિ હોવાથી જગતમાં કોઈ પદાર્થ એને પ્રેમ કરવા લાયક તથા દ્વેષ કરવા લાયક છે જ નહીં. આત્મા તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે; એનું ભાન થયું કે હું તો જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય છું. મારા સિવાય અન્ય પદાર્થ અનંત છે તે મારા જ્ઞાનમાં જ્ઞેય છે, જાણવા લાયક છે, એવું ધર્મી જીવ જાણે છે. પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાન-આનંદરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે તેથી જ્ઞાની પોતાના સિવાય અનંત પદાર્થના બે ભાગ કરતા નથી. એક ઇષ્ટ છે ને એક અનિષ્ટ છે એવા ભાગ સમ્યગ્જ્ઞાની કરતા નથી. પોતાનું સ્વરૂપ જ્ઞાન ને આનંદરૂપ છે એવું જેને ભાન નથી એવા અજ્ઞાની પ્રાણી, જગતના બધા પદાર્થ જ્ઞાનમાં જ્ઞેય તરીકે હોવા છતાં એક ઠીક છે, ગ્રહણ કરવા લાયક છે, એક અઠીક છે, દ્વેષ કરવા લાયક છે એમ બે ભાગ મિથ્યાદૃષ્ટિ કરે છે.

અમારો આ પદાર્થ, અમારું ગામ, અમારો દેશ, એવો જેને પ્રેમ છે એને એનાથી વિરુદ્ધ પદાર્થ પર દ્વેષ હોય છે, હોય છે ને હોય છે. સ્ત્રી આદિ પ્રિય પદાર્થ છે; શરીર પ્રિય છે, એમાં પ્રેમ કરવો તથા બીજો પદાર્થ એનાથી વિરુદ્ધ છે એમાં દ્વેષ કરવો—આમાં બગાડ શો આવ્યો? શિષ્યનો પ્રશ્ન છે કે જો રાગ-દ્વેષ કરવા લાયક નથી એવું તમે કહો છો તો એનો હેતુ શું છે? તેના સમાધાનરૂપે આચાર્યદેવ ગાથા કહે છે:—

**रागद्वेषद्वयी दीर्घनेत्राकर्षणकर्मणा ।**
**अज्ञानात्सुचिरं जीवः संसाराब्धौ भ्रमत्यसौ ॥११॥**

દીર્ઘ દોર બે ખેંચતાં, ભમે દંડ બહુ વાર,
રાગ-દ્વેષ અજ્ઞાનથી, જીવ ભમે સંસાર. ૧૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેની દૃષ્ટિ મિથ્યા છે તે અજ્ઞાનથી અર્થાત્ પોતાનું સ્વરૂપ જ્ઞાનમૂર્તિ છે, જગતનો જ્ઞાતા-દૃષ્ટા છે, પોતામાં કોઈ ચીજ પ્રિય-અપ્રિય છે નહીં-એવું સમ્યક્ જ્ઞાન ન હોવાથી અજ્ઞાની રાગ-દ્વેષ રૂપી બે લાંબી દોરી ખેંચી ખેંચીને સંસારરૂપી સમુદ્રમાં ઘણો સમય સુધી ભમતો રહે છે.

પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપને ભૂલીને શરીર ઠીક હો તો મને ઠીક, મારો દેશ ઠીક હો તો મને ઠીક, મારું કુટુમ્બ ઠીક હો તો મને ઠીક-એમ અજ્ઞાની રાગ કરે છે, મિથ્યાદૃષ્ટિના રાગની અહીં વાત છે. અમારા સંપ્રદાયના શ્રાવક બધાં સુખી હો તો અમને ઠીક. એનો અર્થ કે જેણે શ્રાવકને પોતાના માન્યા તે મિથ્યાદૃષ્ટિ છે. પોતાનું કોઈ છે જ નહીં. શ્રાવક-શ્રાવિકા-સંપ્રદાય એ કોઈ પોતાનું છે જ નહિ.

અમારું કુટુંબ-સ્ત્રી આદિ બધા સુખી હોય તો ઠીક એવો જે રાગ છે, તે મિથ્યા-દૃષ્ટિનાં મહાન મિથ્યાત્વના પાપની ભૂમિકામાં આવો રાગ હોય છે. કેમ કે જગતની ચીજ જ્ઞેય તરીકે એકરૂપ છે ને આત્મા જ્ઞાતા તરીકે એકરૂપ છે પરંતુ અજ્ઞાનીએ પોતાના જ્ઞાનસ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન છોડી દઈને જ્ઞેય તરીકે જાણવા લાયક એકરૂપમાં બે ભાગ પાડ્યા છે.

પોતાનું સ્વરૂપ જ્ઞાન-જ્ઞાતા-દૃષ્ટા છે તેને છોડીને જે અનંત ચીજ છે તે જ્ઞાનમાં ઇષ્ટ-અનિષ્ટ કરવા લાયક છે જ નહિ. બધી ચીજ જ્ઞાનમાં જાણવાલાયક છે. આત્મા પ્રત્યે પ્રેમનો વિકલ્પ આવે છે એ બીજી વાત છે પરંતુ એ પ્રેમ સારો છે એવું માનવાવાળા પર પ્રત્યે દ્વેષ કર્યા વિના રહેશે જ નહીં. અહીં કહે છે કે આત્માનું સ્વરૂપ શુદ્ધ-ચિદાનંદ છે. એનું જેને જ્ઞાન નથી તે પોતાના સિવાય બીજા પદાર્થમાં કોઈને પ્રેમ કરે છે તો કોઈ પ્રત્યે દ્વેષ કરે છે, અજ્ઞાનીને આવો રાગ-દ્વેષ કરવાથી પોતાનો ચૈતન્ય પ્રાપ્ત થતો નથી.

અજ્ઞાનથી એક ઉપર પ્રેમ કરે છે તો બીજા ઉપર દ્વેષ થયા વિના રહેશે જ નહિ. પોતે વિશ્વ ઉપર પ્રેમ કરે તો વિશ્વ પ્રત્યે પ્રેમ નહિ કરનાર ઉપર દ્વેષ થયા વિના રહેશે નહિ. આ અજ્ઞાનીના રાગ-દ્વેષની વાત છે. જ્ઞાનીને થોડો રાગ હોય છે એને એ જ્ઞેય તરીકે જાણે છે. રાગનો રાગ નહિ, દ્વેષનો દ્વેષ નહિ. રાગ આદિ થોડા વિકલ્પો હોય છે. એને સમ્યગ્દૃષ્ટિ જાણે છે. શુભ રાગ ઠીક ને અશુભ રાગ અઠીક એવું મિથ્યાદૃષ્ટિ માને છે. એક બાજુ રામ ને એક બાજુ ગામ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એને જગતની બીજી કોઈ ચીજ પ્રેમ કરવા લાયક છે જ નહિ. પ્રેમ કરવા લાયક જો કોઈ પદાર્થને માન્યો તો એના વિરુદ્ધમાં દ્વેષ કર્યા વગર રહેશે નહિ. રાગ-દ્વેષ કરવો એ આત્માનો સ્વભાવ છે જ નહિ. છતાં એ રાગ-દ્વેષ કરે છે એ મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષનો કર્તા થઈને નવા કર્મ બાંધે છે ને ૮૪ માં રખડે છે. એવા પાગલને ડાહ્યા કરવાની રીત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શું ?–કે આત્મા જ્ઞાનસ્વરૂપી છે એવો નિશ્ચય કરો અને કોઈ પદાર્થ પ્રેમ કે દ્વેષ કરવા લાયક જગતમાં છે જ નહીં આવો નિર્ણય કરવો તે પાગલમાંથી ડાહ્યા કરવાની રીત છે.

ત્યાગી નામ ધારીને, શ્રાવક નામ ધારીને જો તે એમ માને કે શરીર ઠીક હોય તો ધર્મ ઠીક થાય—એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. શરીર નિરોગી હશે તો મારાથી દયા થશે એવું જે માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ રાગ કરે છે તો શક્તિરૂપે દ્વેષ છે જ અને જો દ્વેષ કરે છે તો શક્તિરૂપે રાગ છે જ. જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને રાગ–દ્વેષ હોતો નથી, પોતાની કમજોરીથી થોડા રાગ આદિ આવે છે તે રાગનો રાગ નથી પરન્તુ રાગનું જ્ઞાન કરે છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જે મૂઢ જીવ છે તેને કોઈ પણ પ્રાણી પ્રત્યે આ દયા પાળવા લાયક જીવ છે, રક્ષા કરવા લાયક છે એવો જે રાગ છે એ મિથ્યાદૃષ્ટિનો રાગ છે. એને જે રાગ આવ્યો તો એનાથી વિરુદ્ધ દ્વેષ આવશે જ.

જીવ અજ્ઞાનથી રાગ–દ્વેષ રૂપી બે લાંબી દોરી વડે સંસારમાં રખડતો રહે છે. એક તરફ રાગ કે આ પ્રાણી રક્ષા કરવા લાયક છે, આ દેહ મારો છે. આ શરીર, આ સ્ત્રી મારી છે એવો પ્રેમ અને તેનાથી વિરુદ્ધમાં દ્વેષ ભાવ; એવા રાગ–દ્વેષ રૂપી લાંબી દોરીના ખેંચતાણથી સંસારરૂપી સાગરમાં ઘણાં કાળ સુધી ઘૂમતો રહે છે. ૮૪ના અવતારમાં તરફડતો રહે છે. પરિવર્તન કરતો રહે છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભવ ને ભાવ એ પંચ પરાવર્તનરૂપ આ સંસારમાં રખડયા કરે છે.

આ સંસારમાં આત્મા સિવાય અનંત રજકણો છે, એના સંબંધમાં રખડવાનું છે તે દ્રવ્ય સંસાર પરાવર્તન છે. આત્માને ૧૪ બ્રહ્માંડમાં દરેક ક્ષેત્રમાં જન્મ લેવો તથા મરવું તે ક્ષેત્રપરાવર્તન છે. દરેક સમયમાં અનંતવાર જન્મ લેવા તથા મરવું તે કાળ-પરાવર્તન છે. નરક–મનુષ્ય–ઢોર–સ્વર્ગ એવા અનેક ભવ કરવા તે ભવપરાવર્તન છે. શુભ ને અશુભ ભાવ, દયા–દાન, વ્રત પરિણામ તે શુભ, જૂઠું ચોરી, હિંસા, અશુભ એમાં રખડવું ને આ મારો છે એ માનીને રખડવું તે ભાવપરાવર્તન છે.

સ્ત્રી–પુત્ર તે સંસાર નથી, સંસાર તો એની પર્યાયમાં જે રાગ-દ્વેષ અજ્ઞાન છે તે સંસાર છે. સ્ત્રી-પુત્ર સંસાર હો તો મૃત્યુકાળમાં આ દેહ–સ્ત્રી–પુત્ર અહીં પડ્યા રહેશે, દેહ છૂટી જશે એટલે સંસાર છૂટી જશે અને મોક્ષ થઈ જશે કેમ ? પરંતુ તે સંસાર છે જ નહીં. પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા છોડીને હું પરનું કરી શકું, પરમાં પ્રેમ અને દ્વેષ એવા મિથ્યાત્વ સહિતનો ભાવ એ મિથ્યાદૃષ્ટિનો ભાવ જ સંસાર છે.

પોતાના જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપને ભૂલીને રાગ–દ્વેષમાં પ્રીતિ કરીને એ ઠીક છે એવી માન્યતા તે જ સંસારમાં પરિભ્રમણનું મૂળ છે. પંચ પરાવર્તનરૂપ સંસારમાં શુભ ને અશુભ બન્ને ભાવ સંસાર છે એમ આવ્યું. પંચ પરાવર્તનરૂપ એ પાંચમાં વારંવાર પરાવર્તન કરીને ચારે ગતિમાં રખડે છે. કોઈ કહે છે કે કર્મ રખડાવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. પણ કર્મ ક્યાં રખડાવે છે? કર્મ તો જડ છે, એ તો જ્ઞાનમાં જ્ઞેય છે. કર્મ અમને નુકશાન કરશે એવી માન્યતા મિથ્યાત્વ છે.

સમ્યગ્દષ્ટિને પંચ પરમેષ્ઠી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે પ્રેમ ને એનાથી વિરુદ્ધ કુગુરુ-કુદેવ-કુશાસ્ત્ર પ્રત્યે દ્વેષનો અંશ છે, પણ એ રાગ અને દ્વેષ પોતાના જ્ઞાતાનું જ્ઞેય છે. તેને પોતાના માનતો નથી, પોતાથી થયા માનતો નથી ને તેનાથી લાભ માનતો નથી. વ્યવહાર સમકિત છે પણ તે જ્ઞાનનું જ્ઞેય છે. રાગ છે તો મને લાભ છે, રાગ કર્યો તો ઠીક કર્યું એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મીને જ્યાં સુધી અસ્થિરતા છે ત્યાં સુધી રાગ રહે છે અને દ્વેષનો અંશ પણ રહે છે પણ સ્વરૂપમાં એકત્વ નથી કરતા અને અજ્ઞાની તો એમાં જ પડ્યો રહે છે કે રાગ કર્યો તે ઠીક કર્યું.

આત્મા સચ્ચિદાનંદ જ્ઞાતાસ્વરૂપ છે. આત્મામાં એવી કોઈ ચીજ નથી જે રાગ કરવા લાયક હો અને કોઈ એવી ચીજ પણ નથી જે દ્વેષ કરવા લાયક હો. વળી જે ચીજ અનંત છે એમાં બે ભાગ નથી કે આ ઇષ્ટ છે ને આ અનિષ્ટ છે—એમ બે ભાગ નથી. એ તો જ્ઞેય તરીકે જગતના પદાર્થ છે. પોતાના સ્વરૂપનું ખૂન કરવાવાળો મિથ્યા-દૃષ્ટિ જીવ હું જ્ઞાન છું એમ નહીં માનીને, જગતની ચીજને, જ્ઞેય તરીકે એકરૂપે જાણવી જોઈએ એના બે ભાગ પાડી દે છે. આ અનુકૂળ એ ઠીક છે અને પ્રતિકૂળ એ અઠીક છે એવા રાગ-દ્વેષ કરે છે. સમ્યગ્દષ્ટિને જે રાગ-દ્વેષ હોય છે તે ચીજને ઠીક-અઠીક માનીને જ્ઞેયના બે ભાગ પાડીને રાગ-દ્વેષ કરતા નથી. અહીં તો આચાર્ય ખૂબ જ સૂક્ષ્મ રાગ-દ્વેષની વ્યાખ્યા કરે છે. જ્ઞાનીને ધર્મીને લડાઈના ભાવ પણ આવે છે અને ૯૬ હજાર રાણીઓનો ભોગ લેવાની વૃત્તિ પણ હોય છે પણ તે વૃત્તિની વાસના મને ઠીક છે એમ નથી. એ વૃત્તિથી ભિન્નપણું કરી નાખ્યું છે. જ્ઞાનાનંદમાં એકત્વ થઈને રાગથી ભિન્નતા કરી દીધી છે. તેથી તે સમયમાં પણ ધર્મી રાગથી પૃથક્ છે ને સ્વભાવથી એકત્વ છે.

અજ્ઞાની પર ચીજ પ્રત્યેના રાગના સમયમાં રાગ ને જ્ઞાનને એક માનીને પર ચીજમાં બે ભાગ પાડે છે, તે મિથ્યાદૃષ્ટિનો રાગ છે. અજ્ઞાનીને રાગ ને દ્વષ એકસાથે છે ને જ્ઞાનીને જ્ઞાતાદૃષ્ટાપણું એકસાથે છે. હું આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છું એવું ભાન છે ત્યાં રાગ અને દ્વેષ શક્તિ-વ્યક્તિરૂપે છે જ નહીં. જ્ઞાની પર ચીજમાં ભેદ નથી પાડતા, બે ભાગ નથી કરતા, જ્ઞેય તરીકે જાણે છે.

આમ તો દિગંબર સાધુ થઈને અનંતવાર નવમી ગ્રૈવેયકમાં ગયો, પરન્તુ શું થયું? મિથ્યાદૃષ્ટિ હતો. શ્રાવક પણ અનંતવાર થયો પણ વિકલ્પ-રાગ આવ્યો તે હું ઠીક કરું છું, મારું આચરણ છે, મારું કર્તવ્ય છે એવું માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે. અંદર ચૈતન્યશક્તિનો ભંડાર ભર્યો છે, આનંદનો ભંડાર, જ્ઞાનનો ભંડાર ભર્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે એટલી એમાં તાકાત છે, શું રાગ-દ્વેષ અંદરમાં ભર્યો છે? પર પદાર્થ રાગ-દ્વેષ નથી કરાવતા તથા આત્મામાં રાગ-દ્વેષ છે નહીં અને પરમાં જે રાગ-દ્વેષ કરે છે તે પાગલ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન! તારી મૂડીમાં, પૂંજીમાં સ્વરૂપમાં રાગ-દ્વેષ બિલકુલ નથી અને બીજી ચીજ તને રાગદ્વેષ કરાવે એવી એનામાં તાકાત નથી. પણ તારા સ્વભાવના જ્ઞાતાપણાને છોડીને અજ્ઞાનના કારણે લાંબી દોરી ચલાવે છે. આ ઠીક છે આ અઠીક છે એવું અનંતકાળથી રાગ-દ્વેષનું મંથન કર્યું છે. પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં ડૂબવું જોઈએ, જ્ઞાનાનંદમાં આવવું જોઈએ એને છોડીને અજ્ઞાની રાગ-દ્વેષમાં ડૂબી ગયો છે. એનાથી તરવું દુસ્તર-મુશ્કેલ થઈ ગયું છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે—એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં.

શરીર આદિ ઠીક હો તો પરોપકાર કરી શકું, સેવા કરી શકું—આવું માનનાર મૂઢ છે. શરીર તો જડ છે, શરીરની ક્રિયા છે તે જડની ક્રિયા છે, તે ક્રિયાને તું કરે તો શરીરને આત્મા એક થઈ જાય, પણ એમ તો થતું નથી. અજ્ઞાનથી શરીર આદિમાં આત્મભ્રાંતિથી અતિ દીર્ઘ કાળ સુધી પરિભ્રમણ કરે છે. અનાદિ સંસારથી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી શરીરાદિને પોતાનું માને છે, આત્મભ્રાંતિથી શરીર પ્રત્યે એકત્વ બુદ્ધિ છે, રાગ પ્રત્યે એકત્વબુદ્ધિ છે. એ કારણથી અનંતભવ કરે છે. એમ સાધુ ત્યાગી થઈને પણ રાગથી મને લાભ થશે એમ રાગથી એકત્વબુદ્ધિ કરે તે મિથ્યાત્વભાવ છે, તે મિથ્યાત્વબુદ્ધિ પરિભ્રમણનું કારણ છે, પરિભ્રમણનું મૂળ છે. તેના લીધે ઘણા લાંબા સમય સુધી સંસારમાં રખડ્યા કરે છે.

પોતાના સિવાય બીજી ચીજમાં ઇષ્ટપણું માનીને મૂઢ પ્રાણી એના ઉપર રાગ કરે છે તથા અનિષ્ટ વસ્તુમાં અપ્રીતિ થવાને કારણે દ્વેષ કરે છે. શરીરમાં રોગ થયો પણ એ તો જડની પર્યાય છે. શરીરમાં રોગ થયો અને સેવા કરવાવાળો બરાબર હોય તો પરિણામ સારા રહે. મૂઢ! પરના કારણે તારા પરિણામ સારા રહે? મિથ્યાદૃષ્ટિથી તેં આત્માનું ખૂન કર્યું છે.

બાપુ, ભાઈ! તારો આત્મા પરવસ્તુમાં કોઈ ભાગ પાડીને અને થોડામાં થોડી નાની ચીજમાં પણ પ્રેમ કરવા લાયક છે, રક્ષા કરવા લાયક છે એમ માને તો બીજી ચીજ દ્વેષ કરવા લાયક છે એમ થયું-એ ભાવને મિથ્યાત્વભાવ કહે છે. આવા ઉપદેશનું નામ ઇષ્ટોપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવને છોડીને રાગ ઠીક છે એવા મિથ્યાદ્રષ્ટિના રાગમાં રાગની વ્યક્તતા છે ને દ્વેષ શક્તિરૂપે પડ્યો જ છે તથા ધર્મના વિરોધીને મારવો એવા દ્વેષ ભાવ વખતે બીજા પ્રત્યેનો રાગ શક્તિરૂપે પડ્યો જ છે. જેમ જ્ઞાનીને જ્ઞાતાપણું કાયમ રહે છે, પરમાં ઠીક-અઠીકપણું હોતું જ નથી તેમ અજ્ઞાનીને હંમેશા રાગ-દ્વેષ ઠીક છે એવું અજ્ઞાનપણું હોય છે.

તેથી આચાર્યદેવે રાગ-દ્વેષ બન્નેને જોડી બતાવી છે. જેણે જ્ઞેયોમાં ઠીક-અઠીકપણા-રૂપ બે ભાગ પાડી દીધા ને જ્ઞાનમાં પણ ખંડ પાડ્યો તેમાં બધા જ દોષ આવી જાય છે. મિથ્યાત્વનો દોષ, અનંતાનુબંધીનો દોષ, કર્તા, ભોક્તા આદિનો દોષ બધા જ દોષ એમાં આવી જાય એવો બગાડ તે અજ્ઞાનીને થાય છે. એમ શિષ્યના ઉત્તરરૂપે કહ્યું........



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૧૦ ]

# પર પદાર્થોને ભલા–બૂરા માનવા તે જ સંસાર–ભ્રમણનું કારણ

[ તા. ૨૫–૩–૬૬ ]

મિથ્યાત્વ સહિતના રાગ–દ્વેષની આ વાત છે, હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એમ જ્યાં જ્ઞાતાપણાનું ભાન નથી ત્યાં અજ્ઞાનીને પોતાના સિવાય અન્ય પદાર્થમાં 'આ ઠીક છે ને આ અઠીક છે' એમ રાગ–દ્વેષનો અભિપ્રાય થાય છે. અને તે મિથ્યાત્વ સહિતના રાગ–દ્વેષ છે. દેવ–ગુરુ–શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે. તેથી તેને હિતકારી માનવા એ મિથ્યાત્વ સહિતનો રાગ છે. અહા! જોકે તેની શ્રદ્ધા કરવી તે તો પુણ્ય છે પણ તે મને હિતના કરનારા છે–પરદ્રવ્ય મારું હિત કરી દેશે એવી માન્યતા તે મિથ્યાત્વ સહિતનો રાગ છે. અને જ્યાં રાગ સ્થપાય છે ત્યાં તેનાથી પ્રતિકૂળ વિષયો ઉપર દ્વેષ થયા વિના રહે જ નહિ. ઉપવાસ આદિથી શરીરને શોષતાં જીવને લાભ થશે તેમ માનનારને પણ મિથ્યાત્વ સહિતનો રાગ છે. કેમકે જગતમાં ઇષ્ટ–અનિષ્ટ પદાર્થ કોઈ છે જ નહિ. માત્ર આત્મા જ્ઞાતા ને પરપદાર્થ જ્ઞેય–બસ એટલો સંબંધ છે. આત્મા આનંદસ્વરૂપ હોવાથી તેની દૃષ્ટિ અને એકાગ્રતાથી આત્માને શાંતિનો લાભ થાય છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં સાતમો અધિકાર આવે છે કે મિથ્યાદૃષ્ટિ સંસારમાં નરકાદિમાં દુઃખ જાણી તથા સ્વર્ગાદિમાં પણ જન્મ–મરણાદિનાં દુઃખ જાણી સંસારથી ઉદાસ થઈ મોક્ષને ઇચ્છે છે. હવે એ દુઃખોને તો બધાય દુઃખ જાણે છે, પણ ઈંદ્ર–અહમિંદ્રાદિક વિષયાનુરાગથી ઇન્દ્રિયજનિત સુખ ભોગવે છે તેને પણ દુઃખ જાણી નિરાકુળ સુખ અવસ્થાને ઓળખીને જે મોક્ષને ચાહે છે તે જ સમ્યગ્દૃષ્ટિ જાણવો. અહા! અજ્ઞાની સ્વર્ગમાં જન્મ–મરણના દુઃખો છે એમ તો જાણે છે. પણ ઇન્દ્રિયની આશા–વિષયનો રાગ પણ દુઃખ છે એમ જાણતો નથી. પોતાના સ્વરૂપને જાણ્યા વિના એ સ્વર્ગના સુખમાં સુખબુદ્ધિ રહે અને જન્મ–મરણને દુઃખ માને તો તે પણ દૃષ્ટિ મિથ્યા છે.

'વળી વિષયસુખાદિનાં ફળ નરકાદિક છે,' વિષય સુખ સેવશું તો નરકમાં જશું એમ અજ્ઞાનીને ડર લાગે છે. પણ વિષય સેવવાનો ભાવ જ દુઃખરૂપ છે ને આત્મા આનંદરૂપ છે તેવી તો દૃષ્ટિ કરતો નથી. 'શરીર અશુચિમય અને વિનાશિક છે, પોષણ કરવા યોગ્ય નથી'–આમ માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એ તો દ્વેષ થયો. પરદ્રવ્યને શું છે? સમ્યગ્દૃષ્ટિ તો તે પોષવાયોગ્ય છે કે નથી તેની દૃષ્ટિ છોડી, આત્મા આનંદકંદ છે તેમ તેની દૃષ્ટિ કરે છે. 'તથા કુટુંબાદિક સ્વાર્થનાં સગાં છે.' માટે છોડવા–એમ માનનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્યને અહિતકર માને છે જે મિથ્યાત્વ છે. ભાઈ! તું પોતે અજ્ઞાનથી લૂંટાય છો ત્યારે તેને લૂંટારા કહેવાય છે. તે તો પરચીજ છે. પરચીજ તને નુકશાન કયાં કરે છે? પણ પરદ્રવ્યમાં અનિષ્ટની માન્યતા તે જ નુકશાન-મિથ્યાત્વ છે.-આમ અજ્ઞાની પરદ્રવ્યોનો દોષ વિચારી તેનો ત્યાગ કરે છે. પણ એ તો મિથ્યા છે. કેમકે દોષ પોતાનો છે કે પરનો? પરમાં ઇષ્ટ-અનિષ્ટપણું માનવું તે પોતાનો દોષ છે.

'તથા વ્રતાદિનું ફળ સ્વર્ગ-મોક્ષ છે, તપશ્ચરણાદિ પવિત્ર અવિનાશી ફળના આપનાર છે, એ વડે શરીર શોષવા યોગ્ય છે તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ હિતકારી છે. ઇત્યાદિ પરદ્રવ્યોનો ગુણ વિચારી તેને જ અંગીકાર કરે છે.' પણ 'પરદ્રવ્યોમાં ઇષ્ટ-અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરવું એ મિથ્યા છે. પરદ્રવ્ય ઇષ્ટ-અનિષ્ટ છે નહિ. છતાં માને તે મિથ્યાદૃષ્ટિ છે.

'વળી (પરદ્રવ્યોમાં ઇષ્ટ-અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરવું.) એ જ શ્રદ્ધા નથી તેને ઉદાસીનતા પણ દ્વેષબુદ્ધિરૂપ હોય છે'—પરદ્રવ્ય સારાં નથી અર્થાત્ સ્ત્રી-પુત્રાદિ નુકશાન-કારક છે એમ ઉદાસ થઈ જાય તો તે પણ દ્વેષબુદ્ધિ છે. 'કારણ કે—કોઈને બૂરાં જાણવા તેનું જ નામ દ્વેષ છે.'

પ્રશ્નઃ—તો સમ્યગ્દૃષ્ટિ પણ પરદ્રવ્યોને બૂરાં જાણીને ત્યાગ કરે છે?

ઉત્તરઃ—સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યોને બૂરાં જાણતો નથી પણ પોતાના રાગભાવને બૂરાં જાણે છે, પોતે રાગભાવને છોડે છે તેથી તેના કારણોનો પણ ત્યાગ થાય છે' અર્થાત્ નિમિત્તનું લક્ષ છૂટી જાય છે. 'વસ્તુ વિચારતાં કોઈ પરદ્રવ્ય તો ભલાં-બૂરાં છે જ નહિ.' અહા! દેવ-ગુરુ-શાસ્ત્ર આત્માનું ભલું કરી દે કે કુટુંબ-કબિલા આત્માનું બૂરું કરી દે તેમ છે જ નહિ. કોઈ એવા દ્રવ્યો નથી કે જે આત્માનું ભલું-બૂરું કરી દે, એવો ભેદ તેમાં છે નહિ.

અહા! જ્ઞાનીને ઇષ્ટ-અનિષ્ટ વસ્તુ કોઈ છે જ નહિ. જો હોય તો, ઇષ્ટ પોતાનો સ્વભાવ ને અનિષ્ટ રાગ-દ્વેષાદિ. તે સિવાય ત્રીજી કોઈ ચીજ હોતી નથી. પોતાના આનંદ-કંદસ્વભાવની રુચિ કરવી તે ઇષ્ટ છે ને પુણ્ય-પાપના વિકલ્પ તે અનિષ્ટ છે. ઝીણી વાત છે, ભાઈ! શ્રદ્ધાની વાતની લોકોને ખબર જ નથી. ને બહારના ત્યાગ કરીને માને છે કે અમે ત્યાગી છીએ. પણ ભાઈ! આત્મા પરમાર્થે રાગનો ત્યાગ કરનાર પણ નથી. કેમકે રાગનો ત્યાગ કરે તેવું સ્વરૂપમાં નથી-સ્વરૂપ તો શુદ્ધ છે. પણ તેની (સ્વરૂપની) દૃષ્ટિ થતાં રાગ ઉત્પન્ન થતો નથી, તેને રાગ ટાળ્યો તેમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. આવી વાત છે ભાઈ!

આહા! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. તો તે કઈ ચીજને ઇષ્ટ-અનિષ્ટ માને? ને કઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચીજને છોડતા કે ગ્રહણ કરતા તેને લાભ-નુકશાન થાય? અહા! ચૈતન્યતત્ત્વ એકલું નિરાળું-પરદ્રવ્યના સંબંધ વિનાનું છે. તેની દૃષ્ટિમાં કોઈ પરદ્રવ્ય કિંચિત્ પણ હિતકારી કે અહિતકારી છે જ નહિ.

પ્રશ્ન:—તો પછી શું કરવું? પરને છોડવા જતાં તો મિથ્યાત્વ લાગે છે?

સમાધાન:—ભાઈ! પરપદાર્થને છોડવા નથી. કેમકે આ પદાર્થ પ્રતિકૂળ છે માટે છોડું તેવો ભાવ તો મિથ્યાત્વ છે. કોઈ પણ પરદ્રવ્ય પ્રતિકૂળ કે અનુકૂળ છે જ નહિ, તે તો જ્ઞાનનું જ્ઞેય છે. છતાં, જ્ઞેયને ઠેકાણે તેને પ્રતિકૂળ કે અનુકૂળ માનવું તે મિથ્યાત્વ છે.

જ્ઞાનીને પણ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગનો ભાવ તો થાય છે. પણ તે હેયબુદ્ધિએ હોય છે. વળી તે પરદ્રવ્ય છે માટે મને રાગ થયો છે ને રાગ થયો તો મને ધર્મનો લાભ થશે તેવી માન્યતા તેને હોતી નથી. અહા! લાભની ખાણ તો અનંતગુણનો પિંડ આત્મા છે. પણ તેની જગ્યાએ લાભનું ઠેકાણું જે મંદરાગને, પરને, નિમિત્તને માને છે તેને મિથ્યાશલ્ય છે, તે મિથ્યાત્વથી ચંચળ ને અધીરો થઈ જાય છે. જ્યારે જ્ઞાનીને જરી અસ્થિરતાની ચંચળતા થઈ જાય છે તે પુરુષાર્થની કમજોરી છે. અહા! કોઈ પદાર્થ ઇષ્ટ લાગે છે માટે તેને રાગ થાય છે એમ નથી. તેમ જ સ્વભાવ રાગને કરે છે તેમ પણ નથી. પરંતુ પુરુષાર્થની કમજોરીથી થાય છે. -આમ દૃષ્ટિ હોવાથી તે રાગને જ્ઞાતા તરીકે જાણે છે.

જેટલા દોષ છે તે બધા, રાગ-દ્વેષના સંબંધથી અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. જ્યારે 'આ મારા છે' એમ માનીને રાગ કરે છે ત્યારે તેને બીજા ઉપર દ્વેષ આવ્યા વિના રહેતો નથી. અજ્ઞાનીને સ્વપદાર્થની અને પરપદાર્થની ભિન્નતાની ખબર નથી. તેથી તેને ક્યાંક પરપદાર્થમાં પ્રીતિ-લાભબુદ્ધિ થયા વિના રહેતી નથી. અને તેથી બીજા પદાર્થમાં દ્વેષબુદ્ધિ થયા વિના રહેતી નથી.

અહા! સ્વને ભૂલીને જ્યાં પરમાં નિજ-પરનો ભેદ પડયો મારા ને તારાનો ભાગ પડયો ત્યાં મિથ્યાત્વનો રાગ-દ્વેષ થાય છે. અને તેવી રીતે હું ભલો ને બીજા બધા ખરાબ એમ માનતા પણ મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. ભાઈ! તને ભ્રમણા થઈ છે. હું જ્ઞાન ને તે જ્ઞેય-એમ માનને ભાઈ! પરપદાર્થ ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, પંચ પરમેષ્ઠિ હો, નિગોદ હો કે શત્રુ હો-બધા આત્માના જ્ઞાનના જ્ઞેય છે. પણ આ ઠીક કે આ અઠીક એવું વસ્તુમાં નથી. તેમ જ અહીં સમ્યગ્જ્ઞાનમાં પણ નથી. છતાં તેં પરિણામમાં ઠીક-અઠીક માની રાગ-દ્વેષ ઉભા કર્યા છે.

અહા! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી તે મિથ્યાત્વ નથી. પણ એ રાગ છે. પરંતુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે રાગથી મારું કલ્યાણ થશે તેમ માનવું તે મિથ્યાત્વ છે. કેમકે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તો ગણધરને ને સમકિતીને પણ રાગ હોય છે. છતાં પણ તે રાગ પરને લઈ ને થયો છે કે તે મારુ કર્તવ્ય છે—મારો સ્વભાવ છે એમ તે જાણતા-માનતા નથી. પણ તે ભૂમિકામાં એવો રાગ આવ્યા વિના રહેતો નથી. જ્યારે અજ્ઞાની તો રાગને જ કલ્યાણનું કારણ માને છે. તેના—મિથ્યાત્વ સહિતના રાગની અહીં વાત ચાલે છે.

દ્રવ્યલિંગી ૨૮ મૂલગુણ પાળીને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો છે. તોપણ પુણ્યને ધર્મ માન્યો છે ને શરીરની ક્રિયા મારાથી થાય છે તેમ માનીને મિથ્યાત્વને પાળ્યો છે. નવમી ગ્રૈવેયકે ગયો પણ આ મિથ્યાત્વને ટાળ્યો નહિ. અજ્ઞાની જ્યાં સુધી આત્મા શુદ્ધ જ્ઞાયક છે તેવી દૃષ્ટિ નહીં કરે અને પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટના ભાગલા પાડશે ત્યાં સુધી તેને ૮૪ના અવતાર ચાલ્યા કરશે પણ 'હું ચૈતન્યમૂર્તિ છું-શુદ્ધ જ છું, રાગનો કણ પણ કરવો તે મારા સ્વરૂપમાં નથી'—એમ સ્વભાવની દૃષ્ટિ કરશે તો રાગ-દ્વેષ રોકાઈ જશે, ટળી જશે.

શ્રી 'પંચાસ્તિકાય'ની ૧૨૮-૧૨૯-૧૩૦ ગાથામાં કહ્યું છે કે જે સંસારમાં-મિથ્યાત્વમાં રહેવાવાળો જીવ છે તેને રાગ-દ્વેષ પરિણામ થાય છે. તેનાથી કર્મબંધ થાય છે. બાંધેલ કર્મથી સ્વર્ગાદિ ગતિ જીવને થાય છે. તેનાથી શરીર પ્રાપ્ત થાય છે. શરીર પ્રાપ્ત થવાથી પાંચ ઈંદ્રિયની પ્રાપ્તિ થાય છે. ઇન્દ્રિયો પર ઉપર લક્ષ કરનારી હોય છે ને વિષયને-પરને શુભ-અશુભ માનતા રાગ-દ્વેષ થાય છે. આ પ્રમાણે સંસારચક્રમાં જીવને ભાવ થયા કરે છે એમ જિનવરોએ કહ્યું છે.

અહા! અનંતવાર સમવસરણ જોયા, અનંતવાર ભગવાન જોયા ને અનંતવાર દ્રવ્ય-લિંગી પણ થયો. પણ એ તો પર વિષય છે. ને તેનાથી શુભરાગ-પુણ્ય થયું. જે બંધનું કારણ થયું. અહા ભાઈ! એક ને એક બે જેવી વસ્તુ છે કે પોતાના આત્માને-સ્વને વિષય કરે તો તેમાં રાગ ન થાય ને પરનો વિષય કરે તો તેમાં રાગ શુભ કે અશુભ-થયા વિના રહે નહીં. માટે પરનું લક્ષ છોડે તો સ્વમાં જવાય. પણ જે પરના લક્ષમાં જ લાભ માને છે તે પરલક્ષ છોડે કેવી રીતે? અહા! સમવસરણમાં અનંતવાર ગયો છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે પણ ગયો છે. પણ તેથી શું? કામ-ભોગ ને બંધ કથા સાંભળી છે. સમયસારની ચોથી ગાથામાં આવે છે કે 'શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામ-ભોગબંધન કથા....' કામ એટલે રાગ ને ભોગ એટલે દુ:ખને ભોગવવું. આમ પુણ્ય-પાપને કરવાની તથા ભોગવવાની વાત તેણે સાંભળી છે. પણ રાગ-દ્વેષ વિનાના આત્માની વાત તેણે સાંભળી નથી.

શ્રી 'સમયસાર'ની ૩૧ મી ગાથામાં જિતેન્દ્રિયની વ્યાખ્યા કરી છે કે પાંચ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યેન્દ્રિય, ખંડ-ખંડ જ્ઞાન-ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિયના વિષયોથી હઠીને અતીન્દ્રિય આત્મા તરફ જાય ત્યારે વિષયો જીત્યા કહેવાય. ને ત્યારે જિતેન્દ્રિયપણું કહેવાય છે. અહા ! સ્વના લક્ષ વિના આ શરીર મળ્યું, શરીરથી ઇન્દ્રિયો મળી ને ઇન્દ્રિયોથી પર લક્ષ કરતા રાગ-દ્વેષ થયા, રાગ-દ્વેષથી બંધ થયો ને બંધથી પાછું શરીર મળ્યું.— આમ ચક્કર ચાલ્યા કરે છે.—જીવનું અનાદિથી ભવ-પરિભ્રમણ થયા જ કરે છે. એમ જિનેન્દ્રદેવ-સર્વજ્ઞ-ત્રિલોકનાથ કહે છે.

અહા ! સ્વની રુચિ વિના પરપદાર્થના લક્ષમાં ઠીક-અઠીક માનીને, રાગ-દ્વેષ કરીને મિથ્યાત્વના ભાવથી તે રખડી રહ્યો છે. જ્યાંસુધી આ ઠીક-અઠીકપણું પરના વિષયમાં-ઇન્દ્રિય તરફના લક્ષમાં રહેશે ત્યાં સુધી સંસાર એમ ને એમ ઊભો રહેશે. પણ જ્યારે ઇન્દ્રિયાતીત ભગવાન આત્માની દૃષ્ટિ કરશે ત્યારે તે અટકશે. સ્વ ચૈતન્યનો આશ્રય કરતા ને પરની એકત્વબુદ્ધિ છૂટતા, રાગ-દ્વેષ (એકતાબુદ્ધિવાળો) નહિ રહે ને સંસાર નહિ રહે-પરિભ્રમણ છૂટી જશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૧૧ ]

# નિજ સ્વભાવમાં સુખને શોધ, તો પરિભ્રમણના દુઃખ ટળશે

[ તા. ૨૬-૩-૬૬ ]

જેમ દૂધમાં રવૈયો (-દંડ) બહુ ફર્યા કરે છે, તેમ પોતાનું સ્વરૂપ કે જે આનંદ અને જ્ઞાન છે તેના ભાન વિના શુભ ને અશુભ રાગ અને તેમાં મને સુખ છે તેવા મિથ્યાત્વભાવથી જીવ અનંતકાળથી રવૈયાની માફક સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તીર્થંકર સર્વજ્ઞદેવે જે આત્મા જોયો તે આત્મા તો અંદર જ્ઞાન આનંદ સ્વરૂપ છે. પણ તે અતીન્દ્રિય આત્મસ્વરૂપને ભૂલીને પુણ્ય-પાપના ભાવથી અને તે મારા છે એવા મિથ્યાત્વભાવથી નવા કર્મ બાંધીને અનંતકાળથી ચોરાશીમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેને ક્યાંય સુખ છે નહિ કેમકે સુખ તો આત્મામાં છે, આત્માની શાંતિ આત્મામાં છે, અને સર્વજ્ઞ પરમેશ્વરે તે આત્માની શાંતિ અંદરમાંથી પ્રગટ કરીને પૂરણ આનંદની પ્રાપ્તિ કરી છે. પરંતુ એ આત્માની શાંતિ અજ્ઞાનીને મૂઢતાને લઈને સંતાઈ ગઈ છે. તેને ભાન નથી કે આ આત્મા શું? અને હું શેમાં શાંતિ માની રહ્યો છું! તેણે પુણ્ય-પાપના વિકારી ભાવને સુખરૂપ માન્યા છે અને તેના બંધનને પણ ઠીક માન્યું છે કે આ પુણ્ય-બંધન હોય તો ઠીક તથા તેના ફળ તરીકે ધૂડ-ધન આદિ સંયોગ મળે તે પણ ઠીક. પણ તેમાં સુખ કે દિ' હતા? શું મૂઢ માને એટલે સુખ મળી જાય? ઝેર ખાય ને જીવન માગે તો જીવન મળી જાય?

આત્માનો ધર્મ-સ્વભાવ આત્મામાં છે, તો તેવા આત્માના સ્વભાવને અંદર ન માનતાં શુભાશુભ રાગ-વિકાર, તેનું બંધન અને તેના ફળમાં મને ઠીક છે એમ અનાદિથી માની રહ્યો છે. પોતાનું હિત જે સંવર-નિર્જરા ને મોક્ષની દશા તે તો પોતાના અંતર સ્વભાવમાંથી પ્રગટે તેવી ચીજ છે. તે કાંઈ બહારથી આવે એવી ચીજ નથી. છતાં તેનું ભાન નહિ હોવાથી સુખને માટે બહારમાં મથી રહ્યો છે. બહારનો ત્યાગી થયો હોય તોપણ જો અંદરમાં શુભરાગમાં મીઠાસ માને છે તો તે મિથ્યાત્વનો ત્યાગી નથી, પણ સમ્યગ્દર્શનનો ત્યાગી છે ને તેણે મિથ્યાત્વને ગ્રહણ કર્યું છે.

પ્રશ્નઃ—સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર વડે સિદ્ધપદ પ્રાપ્ત થાય છે ને ત્યાં મોક્ષમાં જીવ સુખી રહે છે, પણ સંસારમાં જીવ સુખી રહે તો શું નુકશાન છે? સંસારના સર્વ જીવ સુખની પ્રાપ્તિ કરવા ઇચ્છે છે. હવે જો સંસારમાં સુખી થઈ જાય તો ખરાબ શું છે? કે જેથી તેનો નાશ કરવા માટે સંતપુરુષ પ્રયત્ન કરે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેના ઉત્તરમાં ગુરુ કહે છે કે—

विपद्भवपदावर्ते पदिकेवातिबाह्यते ।
यावत्तावद्भवन्त्यन्याः प्रचुरा विपदः पुरः ॥ १२ ॥

એક વિપદને ટાળતાં, અન્ય વિપદ બહુ આય,
પદિકા જયમ ઘટિયંત્રમાં, એક જાય બહુ આય. ૧૨.

હે વત્સ! પાણીમાં ચાલતા રેંટની માફક સંસારમાં એક આપદા જાય ત્યાં બીજી આપદા આવે છે. જેમકે સ્ત્રી મેળવવા જાય ત્યાં લક્ષ્મી ચાલી જાય. લક્ષ્મી મળે ત્યાં છોકરો જાય ને છોકરો બીજો મળે ત્યાં શરીરમાં ક્ષય લાગુ પડી જાય. આ તો બહારની અપેક્ષાથી વાત છે. આમ સંસારના પરિભ્રમણના કાળમાં એક પછી એક વિપત્તિઓ આવીને ઊભી રહે છે. આ આત્મામાં સુખ છે તે ભૂલીને બહારમાં પૈસા વિગેરેમાં સુખ માને છે તે તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે.

આચાર્ય તો અહીં કહે છે કે પુણ્ય-પાપ વિનાની ચીજ જે આત્મા તેનું જ્યાં સુધી ભાન ને ઓળખાણ નહિ કર, ત્યાં સુધી તારા દુઃખ મટશે નહિ. બહારમાં એક પછી એક વિપત્તિ આવ્યા જ કરે છે, તેમાં સુખ ક્યાંય છે નહિ. તેથી સંસાર શબ્દે જેનાથી પુણ્ય-પાપ ફળે તેવા શુભાશુભ ભાવ તેનો નાશ કરે છૂટકો છે. જ્યાં સુધી પુણ્ય-પાપ કરશે ત્યાં સુધી તેના ફળ અનુકુળ—પ્રતિકૂળ મળશે અને પરિભ્રમણ કર્યા કરશે. વીતરાગ પરમેશ્વર તીર્થંકર દેવ કહે છે કે આ આત્મા પુણ્ય-પાપના ફળ રહિત, બંધ રહિત ને પુણ્ય-પાપના ભાવ રહિત છે ને તેનું ભાન કર્યે સંસારનો નાશ થાય છે. તે સિવાય દુઃખના નાશનો બીજો કોઈ ઉપાય છે નહીં. કોઈને બહારમાં કાંઈ ન હોય તોપણ પુણ્ય-પાપને પોતાના માનનારો આકુળતા દુઃખ ને મિથ્યાત્વને જ સેવે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' તેવું આત્માનું સ્વરૂપ છે, તે અંદર આનંદથી ભરેલો જ છે, સાક્ષાત્ પરમેશ્વર સ્વરૂપ જ છે તો તે અંદરની પડેલી શક્તિનો વિકાસ કરતાં પરમાત્મા થાય છે પણ બહારથી પરમાત્મા થતો નથી.

રૂની પૂણીના દોરાની જેમ વિકલ્પની લાળ એક પછી એક હાલ્યા જ કરે છે. આ કરું; આ કરું, આ કરું, વિકલ્પ, વિકલ્પ પુણ્ય-પાપના વિકલ્પ રાગ-દ્વેષના વિકલ્પ તેની ઝાળ તો સળગ્યા જ કરે છે ને તે દુઃખ છે. અહા! પ્રતિકૂળ સંયોગ, નિર્ધનતા, રોગ તે દુઃખ નથી. પરંતુ તે મને થયું તેવી માન્યતા તેને દુઃખરૂપ થાય છે. જે રોગ થયો છે તે સુખ પણ નથી અને દુઃખ પણ નથી પરંતુ નવ તત્ત્વમાં તે અજીવતત્ત્વ છે, પુદ્ગલની દશા છે, તો પછી તેમાં આત્માને દુઃખ ક્યાંથી થયું? પણ મૂઢ માને છે કે મને રોગ ને આને નિરોગતા તેમ ભાગલા પાડીને મિથ્યાત્વભાવથી દુઃખી થઈ રહ્યો છે;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારની ચીજમાં સુખ-દુઃખ કલ્પે છે તેને વીતરાગદેવ મિથ્યાત્વભાવ કહે છે. સુખ નથી તેમાં સુખ માનવું તેને વિપરીત દૃષ્ટિ કહે છે. પછી ભલે ગમે તે દયા–દાન વ્રતાદિ કરતો હોય પણ મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આનંદ સ્વરૂપ છે તેની અનુભવદૃષ્ટિ કરીને, શુભાશુભભાવ જે સંસાર છે તેનો નાશ કરે છૂટકો છે તે સિવાય સુખ ત્રણ કાળમાં નથી.

પાપ-પુણ્યનું ચક્ર અનાદિથી ચાલ્યું આવે છે. જે કલ્પનાથી ઇન્દ્રાણી વિગેરેમાં સુખ માને છે તે કલ્પના જ તેનું દુઃખ છે. સુધર્મ દેવલોક–બત્રીસ લાખ વિમાનનો લાડો શક્રેન્દ્ર જેને ક્રોડો ઇન્દ્રાણી અને બે સાગરનું આયુષ્ય છે એને ઇન્દ્રિય વિષયમાં લક્ષ જાય છે તે આકુળતા ને દુઃખ છે. અરે જેમ ઘરના ભર્યા ભાણા મૂકીને પરમાં ચાટવા જાય છે તેમ પરમાત્મા કહે છે તારા ભર્યા ભાણા અંદરમાં છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો તું છો. શાંતિનો સાગર તું છો, પણ તે અંદર નજરું કરી નથી તેથી અંદરમાં ભર્યા ભગવાનને તું ભાળતો નથી અને જેમાં પુણ્ય–પાપ કે જેમાં સુખની ગંધ પણ નથી ત્યાં મૂઢ મિથ્યાદૃષ્ટિપણે સુખ માને છે તે માન્યતા સંસારનું કારણ હોવાથી તે માન્યતા નાશ કરવા લાયક છે. સંસાર એટલે આત્મામાં સુખ-આનંદ છે તેમાંથી ખસીને મિથ્યાત્વ-ભાવ કર્યા તેનું નામ ભગવાન સંસાર કહે છે. અનંત સર્વજ્ઞો વીતરાગ પરમેશ્વર થઈ ગયા ને વર્તમાન મહાવિદેહમાં બિરાજે છે, તે ભગવાનના મુખેથી આવે છે કે ભાઈ! તારા આનંદ–સુખને ભૂલીને બહારમાં ક્યાં રખડે છે? બાયડી–છોકરા તારો સંસાર નથી, તારો સંસાર તારા સ્વભાવને ભૂલીને પુણ્ય–પાપના ભાવમાં ભ્રમણા કરવી તે તારો સંસાર છે. પરમાં ઠીક–અઠીકનો મિથ્યાત્વભાવ ને રાગ–દ્વેષનો ભાવ તેને ભગવાન સંસાર કહે છે. આ તો વીતરાગ પરમેશ્વરનો માર્ગ છે કે જેને ઇન્દ્રો–ગણધરો કબૂલે છે. આ કાંઈ હાલી–દુઆલીનો માર્ગ નથી. શુદ્ધ સ્વરૂપ અનાકુળ આનંદ સ્વરૂપ ભગવાન આત્મામાં અંતર એકાકાર થઈને આનંદનો અનુભવ કરવો તેનું નામ ભગવાન સમ્યગ્દર્શન–ધર્મ કહે છે. તે ધર્મ પ્રગટ્યા વિના મિથ્યાત્વ–સંસારનો નાશ થતો નથી. આત્માના ભાન વિના કાંઈક પુણ્ય કર્યા હોય ને સ્વર્ગનો દેવ થાય તે મરીને એકેન્દ્રિયમાં જાય. આત્મજ્ઞાન વિનાના, ભાન વિનાના, પુણ્ય કરીને સ્વર્ગમાં ગયા તેની વાત છે. છ મહિના અગાઉ, આ પુણ્યની પૂર્ણાહુતી પહેલાં, માળા કરમાતી જોઈને અવધિજ્ઞાનથી જોવે છે કે મનુષ્ય કે ઢોર થઈશ. હાય! હાય! નવમહિના માતાના ગર્ભમાં! આ સ્વર્ગની સાહ્યબી મૂકીને ઊંધે માથે લટકવું પડશે! આ કરતાં તો એકેન્દ્રિયમાં સારું અને પછી ફૂલ–પૃથ્વીકાય આદિમાં ઊપજે છે. અહીં ચક્રવર્તીનું રાજ્ય હોય ને સોળહજાર દેવ સેવા કરતા હોય. ખમ્મા–ખમ્મા અન્નદાતા–થતું હોય એવા બ્રહ્મદત્ત ચક્રવર્તી બીજી ક્ષણે મરીને સાતમી નરકે જાય! આ સંસારનું સ્વરૂપ આવું છે. આ પડદો પડે ને બીજો આવે. બીજો પડે ને ત્રીજો આવે. ત્યાં ક્યાંય ધૂળમાંય સુખ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે બધા સંસારી કાંઈ દુઃખી હોતા નથી, ઘણાય એવા જોવામાં આવે છે કે જેને જિંદગી આખીમાં આપદા આવતી નથી.

दुरर्ज्येनासुरक्ष्येण नश्वरेण धनादिना ।
स्वस्थंमन्यो जनः कोऽपि ज्वरवानिव सर्पिषा ॥ १३ ॥

જ્વર-પીડિત જયમ ઘી વડે, માને નિજને ચેન,
કષ્ટ-સાધ્ય ધન આદિથી, માને મૂઢ સુખ તેમ. ૧૩.

ઉત્તર:—જેમ કોઈને તાવ આવ્યો હોય ને તે ઘી ખાઈને પોતાને સુખી કે ઠીક માને તોપણ તે થોડીવારમાં મરણને પ્રાપ્ત થાય છે. તેમ મુશ્કેલીથી પૈસા આદિ ઉત્પન્ન કરે, પણ પાછું તેને રાખવું કઠણ, મેળવવું કઠણ ને સાચવવું પણ કઠણ છતાં પોતાને સુખી માને છે. પણ આનો ખટકો લાગતો નથી. કેમ કે તેણે આત્મા આનંદ સ્વરૂપ છે તેનું કોઈ દિ' લક્ષ કર્યું નથી. તો કોની સાથે દુઃખને મેળવે? જેમ એક અનાજ—બાજરો હાથમાં હોય તો બીજા બાજરા સાથે મેળવે કે દાણો નાનો કે મોટો છે, પણ બીજો બાજરો નજરે જ ન પડયો હોય તો કોની સાથે મેળવે? પૈસા આદિ મુશ્કેલીથી, કદાચિત્ પૂર્વના પુણ્ય હોય તો, પેદા કર્યા ને પાછી રક્ષા કરવી મુશ્કેલ, પુણ્ય હોય તો રહે, નહીંતર ચાલ્યા જાય. સંસારના સુખ તો સંધ્યાની રાતડ છે, ઘડીમાં કાળુંધબ! ઘડીકમાં નષ્ટ થઈ જાય છે, આમાં ત્રણ વાત છે (૧) ધન આદિ મુશ્કેલીથી પ્રાપ્ત થાય (૨) રાખવા ખૂબ કઠણ છે. પુણ્યનો ઉદય ચાલી જતાં બધું ફૂ થઈ જાય છે!

અહા! અજ્ઞાનીને આત્મામાં આનંદ છે તેની શ્રદ્ધાની ખબર ન મળે. આત્માની શાંતિનો સ્વભાવ તો આત્મામાં છે પણ તેની શ્રદ્ધા ને તેનો વિશ્વાસ નથી અને બહારની ચીજોનો વિશ્વાસ છે. બહારમાં સુખના સાધન માને છે. પણ તું પોતે સુખી છે કે નહીં? તો કહે ના, હું સુખી નથી. તો તેને કહે છે મૂઢ! સુખ તો તારામાં છે પણ તને ખબર નથી. આત્માનો આનંદ સ્વભાવ અંતરમાં છે પણ બહારની ચીજોમાં—દુઃખના નિમિત્તોમાં કલ્પનાથી સુખ માને છે ને ભ્રમણા ઊભી કરી છે તથા તે ભ્રમણા જ ભવનું કારણ છે. જ્યારે આત્માના સમ્યક્ જ્ઞાન ને શ્રદ્ધા કરીને તેમાં ઠરવુ તે જ સાચું સુખનું કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૧૨ ]

## અમૂલ્ય માનવભવ પામીને
# ✻ આત્મશાંતિ પામો ✻

[ તા. ૨૭-૩-૬૬ ]

પૂજ્યપાદસ્વામી રચિત આ ઇષ્ટોપદેશ છે. ઇષ્ટોપદેશ એટલે કે આત્માને હિતકર ઉપદેશ. એમાં એમ કહે છે કે પોતાનું શુદ્ધસ્વરૂપ જે દર્શન, જ્ઞાન, ચારિત્ર તેનું રક્ષણ નથી કરતા તે આ અમૂલ્ય માનવ ભવને ધનાદિ કમાવાની--રાખવાની ચિંતામાં વેડફી નાખે છે. પોતાનો અનાદિનિધન શુદ્ધસ્વભાવ છે તેની તો રક્ષા કરતો નથી કે જે કારણે સંસારનો નાશ થાય. હું પોતે જ આનંદકંદ છું, આત્માના જ્ઞાન ઉપાર્જનમાં શાંતિ છે પણ ચોવીસે કલાક ધનાદિના મમત્વમાં જ ઘેરાઈ ગયો છે. આત્મા પૂરણ આનંદથી ભરેલો છે. સિદ્ધસમાન કેવળજ્ઞાન ને આનંદરૂપી લક્ષ્મીથી ભરેલો છે, તેની રક્ષા કરવાની એટલે કે શ્રદ્ધા જ્ઞાન કરવાની દરકાર નથી ને બહારની લક્ષ્મી આદિ ઉપાર્જન કરવામાં ને તેની રક્ષા કરવામાં દુઃખ છે છતાં તેમાં કાળ વ્યતીત કરે છે.

પ્રશ્નઃ—કોઈ કહે કે અમે પૈસા આદિ ઉપાર્જન કરીયે તો પાછળ દયા, દાનમાં કામ આવે ને? તો તે લક્ષ્મી આદિને તમે નિંદાને યોગ્ય કેમ કહો છો? અમે પુણ્યથી ઉપાર્જન કરીયે છીયે અને પછી પાત્રોને દાન દઈએ. પૂજાદિનું કાર્ય કે જે પુણ્યનું કારણ છે તે ધન વિના તો થઈ શકતું નથી, તો તે પુણ્યનું કારણ ધન નિંદ્ય કેમ છે?

સમાધાનઃ—લક્ષ્મી ઉપાર્જન કરવાનો ભાવ તે જ પાપ છે. તે તો કાદવ લગાડીને સ્નાન કરવા જેવું છે. પહેલાં કીચડ લગાડવાથી શું? તેથી તે ન્યાયની વાત નથી કે પાપનું બંધન કર્યા પછી પુણ્ય કરવું. વળી ધનાદિ દાનાદિમાં ખર્ચવામાં રાગની તારી મંદતા હોય તો ઠીક, પણ જો માન માટે કે દુનિયાની આબરુ માટે ખર્ચે તો ઉપાર્જનમાં તો પાપ પણ ખર્ચવામાં પણ પાપ! માટે પહેલેથી પાપથી લક્ષ્મી ઉપાર્જન જ કરવી નહીં. લક્ષ્મી આદિ એટલે સ્ત્રી, પુત્ર વિગેરે બહારની ચીજ ઉત્પન્ન કરવી, તેની રક્ષા કરવી ને તેનાથી મને ધર્મનું સાધન થશે-તે તારી માન્યતા જ મૂઢ છે. પોતાના ધર્મનું સાધન તો પોતામાંથી જ ઉત્પન્ન થાય છે.

પોતાના સ્વરૂપની રક્ષા કર્યા વિના પરની રક્ષા કરવામાં કાળ જાય છે, તે તો વ્યાધિ—તાવમાં ઘી ખાવું ને વ્યાધિનું જોર વધારવું તેવી વાત છે. માટે લક્ષ્મી આદિ ઉપાર્જન કરવાનો ભાવ છોડવો અને પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા એ જ કરવા લાયક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન:—શિષ્ય ગુરુને પૂછે છે કે પ્રભુ! આ મહામુશ્કેલીથી ઉત્પન્ન કરેલ લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, કુટુંબ, આબરુ આ ભવમાં દુઃખ દેવાવાળા છે ને પરભવમાં પણ દુઃખ દેવાવાળા છે, તો પછી તેવી સંપત્તિને લોકો છોડી કેમ દેતાં નથી? તેની મમતા છોડીને આત્માની સમતા કેમ કરતા નથી?

**विपत्तिमात्मनो मूढः परेषामिव नेक्षते ।**
**दह्यमानमृगाकीर्णवनान्तरतरुस्थवत् ॥ १४ ॥**

દેખે વિપત્તિ અન્યની, નિજની દેખે નાહિ,
બળતાં પશુઓ વન વિષે, દેખે તરુ પર જાઈ. ૧૪.

સમાધાન:—જેમ જંગલમાં અનેક હરણો દાવાનળથી બળી રહ્યા છે. તેવી રીતે જંગલની મધ્યમાં ઝાડ ઉપર બેઠેલા પુરુષની માફક સંસારી પ્રાણી બીજા ઉપર આવેલી મુશ્કેલીઓ ઉપરથી પોતાના માટે ખ્યાલ કરતો નથી. જેમ હરણો બળે છે તેમાં મારે શું? પણ તું જે વૃક્ષ પર બેઠો છે ત્યાં હમણાં અગ્નિ આવશે ને સળગી જઈશ તેને તો તે દેખતો નથી. આખું જંગલ સળગે છે ને તેમાં તો તું પડ્યો છે! તેમ આત્માના આનંદના ભાન વિના સંયોગની વચ્ચે પડ્યો છે, તો સંયોગ ચાલ્યા જશે ને વિયોગ આવી પડશે. કારણ કે તે તો અનિત્ય છે. પણ તેનો તે વિચાર કરતો નથી. બીજાની લક્ષ્મી ગઈ, તેનો પુત્ર મરી ગયો તેના શરીરમાં રોગ આવ્યો. તેમાં મારે શું? પણ ભાઈ! તારે પણ આવશે! કારણ કે આ તો જડ–માટી ધૂળ છે, તે કાંઈ આત્મા નથી.

સમ્યગ્દ્રષ્ટિને પણ થોડો રાગ હોય છે પણ તેમાં પરિમિત–મર્યાદિત દોષ છે, કારણ કે તેને તો હું આત્મા આનંદમય છું તેવી દૃષ્ટિ છે, તેથી લક્ષ્મી આદિનો રાગ આવે છે તોપણ તે લક્ષ્મી આદિના કારણે રાગ આવતો નથી અને રાગમાં સુખબુદ્ધિ નથી.

છ ખંડનું રાજ હોવા છતાં ભરત ઘરમેં વૈરાગી એમ આવે છે ને! છ ખંડનું રાજ ને ૯૬ હજાર સ્ત્રી આદિ હોવા છતાં અંદરમાં ઉદાસ, ઉદાસ; હું તો આત્મા આનંદમય છું, મારો આનંદ પરમાં નથી. અને આસક્તિનો રાગ જરા આવે છે તેને ઝેર માને છે, દુઃખ માને છે. મારો આનંદ મારી પાસે છે—તેમ સમકિતિ ગૃહસ્થાશ્રમમાં માને છે, સ્ત્રી પુત્રાદિમાં આનંદ માનતો નથી. સમકિતિની દૃષ્ટિ પોતાના આત્માના આનંદ ઉપર છે. મિથ્યાદૃષ્ટિ પરમાં આનંદ માને છે અને બીજાનું દુઃખ દેખી પોતાને પણ દુઃખ આવશે તેવું જોતો નથી. તેને લક્ષ્મી આદિમાં એટલી આસક્તિ ને ગૃદ્ધિ હોય છે કે તેનો વિવેક નાશ થઈ ગયો છે. પુણ્ય-પાપનો ભાવ પણ દુઃખ છે અને તેનું ફળ સંયોગ પણ દુઃખરૂપ છે. તેથી જે દુઃખરૂપ છે તેને તે સુખરૂપ માને છે કેમ કે તેનો વિવેક નાશ થઈ ગયેલો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાની એ ખ્યાલ નથી કરતો કે જેમ બીજાઓ વિપત્તિઓનો શિકાર-ભોગ બને છે, તેવી રીતે હું પણ વિપત્તિઓનો શિકાર બની પણ જાઉં! પ્રતિકૂળતા આવી પણ જાય! કારણ કે બહારની ચીજ પુણ્યના કારણે આવે છે ને પાપના કારણે ચાલી જાય છે, તેમાં પુરુષાર્થ કાંઈ કામ કરતો નથી. અહીં તો કહે છે કે પુણ્યને કારણે મળેલી અનુકૂળતામાં સુખબુદ્ધિ છોડી દેવી અને પાપના કારણે મળેલી પ્રતિકૂળતામાં દુઃખબુદ્ધિ છોડી દેવી, ને આત્મા આનંદકંદ છે તેમાં દ્રષ્ટિ લગાવવી તે માટે આ ઇષ્ટ ઉપદેશ છે.

"ચૈતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો."—એમ બનારસીદાસ સમયસાર નાટકમાં કહે છે. પુણ્ય-પાપનો ભાવ પણ દુઃખરૂપ છે તેની દ્રષ્ટિ છોડવી. વળી બહારની સંપત્તિ ખરેખર કયારે છૂટી કહેવાય? કે પોતાના સ્વરૂપના શ્રદ્ધાજ્ઞાનમાં તેની તુચ્છતા જણાય, તેમાં કયાંય સુખ છે નહીં તેમ તુચ્છતા જણાતાં તેની મમતા ચાલી જાય ને સ્વરૂપની સમતા આવે ત્યારે તેને છોડી કહેવામાં આવે છે. મમતા છોડયા વિના છોડયું શું કહેવાય? બાકી બહારમાં તો કર્મના ઉદયને કારણે ઘણીવાર સંપત્તિ છૂટી છે.

અજ્ઞાની સંયોગમાં સુખ-દુઃખ માને છે પણ સંયોગ તો ચડતી-પડતી છાયા-તડકાની જેમ તેની મુદતથી આવે છે ને તેની મુદતે ચાલી જાય છે. તારી ચીજમાં તે ચીજ કયાં છે કે તું તેની રક્ષા કરી શકે ને રાખી શકે? હું તો સુરક્ષીત છું. મારી સંપત્તિ સાથે વિપત્તિના સંબંધ નથી એમ સંયોગમાં સુખ માનનારાને સ્વભાવમાં સુખ છે તેની ખબર નથી માટે તે મૂઢ છે, દુઃખી છે અને સંયોગના વિયોગમાં દુઃખ માનનાર પણ મૂઢ છે. પરમાં સુખ દુઃખ કયાં છે? દુઃખ તો પોતાના આત્માની દ્રષ્ટિ છોડીને પરમાં સુખ-દુઃખની માન્યતા કરવી એ મિથ્યાત્વભાવ દુઃખ છે.

હવે ફરી પાછું શિષ્ય પૂછે છે કે હે પ્રભુ! કયા કારણે લોકોને નીકટની વિપત્તિઓ જોવામાં આવતી નથી? આ સંયોગ છે, તેનો વિયોગ થઈ જશે તેમ કેમ નથી જોતા?

**સમાધાનઃ**—આચાર્ય મહારાજ જવાબ આપે છે કે લોભના કારણે. લક્ષ્મી આદિની ગૃદ્ધિ અને આત્માની રુચિ ન હોવાથી અજ્ઞાનીઓ નીકટની વિપત્તિઓ દેખી શકતા નથી.

**आयुर्वृद्धिक्षयोत्कर्षहेतुं कालस्य निर्गमं ।**
**वांछतां धनिनामिष्टं जीवितात्सुतरां धनम् ॥ १५ ॥**

આયુ-ક્ષય ધનવૃદ્ધિનું, કારણ કાળ જ જાણ,
પ્રાણોથી પણ લક્ષ્મીને, ઇચ્છે ધની અવિકાન. ૧૫.

ભાઈ મનુષ્ય દેહનો આ એક એક સમય ચાલ્યો જાય છે. જેટલું આયુષ્ય નક્કી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેટલું જ રહેશે, તે એક સમયમાત્ર પણ વધશે નહીં. પણ મૂઢ માને છે કે મારો ક્ષય ભલે થાય પણ લક્ષ્મી કુટુંબ આદિ તો વૃદ્ધિ પામે છે ને! શ્રીમદ્ રાજચંદ્રે ૧૬ વર્ષે બનાવ્યું છે કે—

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો."

કહે છે કે અરે આત્મા! તારી લક્ષ્મી, અધિકાર કે કુટુંબ વધવાથી શું વધ્યું? તેથી તો સંસાર વધ્યો કે જેથી આ નર દેહને હારી જવાપણું થયું. પણ અજ્ઞાની કહે છે કે મારો કાળ ભલે ક્ષય થયો પણ આ તો વધે છે ને! પણ ભાઈ! બહારમાં તું હોંસ શાની કરે છે? તે તો પર પદાર્થ છે. તેના વધવાથી સુખ માને છો પણ એ તો દુઃખ વધવાના રસ્તામાં તું સુખ માને છો, તે તારી મૂઢતા છે. વિવેક હીનતા છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો છે તે આયુષ્ય ઘટતું જાય છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ તેના ઉપર નથી, તેને તેના આયુષ્ય કરતાં પણ લક્ષ્મી આદિ વધુ પ્રિય છે. જેને આત્માની નીરોગતા ને ચૈતન્યનો વિવેક નથી તેને બાહ્યની ચીજમાં એટલો પ્રેમ છે કે પાણીના રેલાની માફક આયુષ્ય ચાલ્યું જાય તોપણ તેને તેની દરકાર નથી. અહીં વાત એમ કહેવામાં આવે છે કે આ અમૂલ્ય માનવભવ મળ્યો તેમાં આત્મા આનંદઘન શુદ્ધ ચૈતન્ય છે તેનો અનુભવ કરવો, આત્માની શાંતિનું વેદન કરવું, આત્માની શ્રદ્ધા કરવી એ જ કરવા લાયક છે, પણ તે તું કરતો નથી ને બહારની વૃદ્ધિમાં જ તારી દૃષ્ટિ છે; તો તૃષ્ણામાં જ મરીને રાંકની માફક રોઈશ, ને પછી પસ્તાઈશ! તારા આત્માની દરકાર કર ભાઈ! બહારમાં તો જે થવાનું તે થવાનું, આનંદકંદ આત્મા પર દૃષ્ટિ દેવાથી જે શાંતિ મળશે તેવી બીજે ત્રણ-કાળમાં મળે તેવી નથી. પણ તેની તને કિંમત નથી ને બહારની તને કિંમત! તારો વિવેક ભ્રષ્ટ થઈ ગયો છે—નાશ થઈ ગયો છે. ધનપતિઓને જીવનની અપેક્ષાએ ધન વધારે મહત્વનું લાગે છે.

લક્ષ્મી, કુટુંબ, સ્ત્રી, પુત્રાદિકને ધિક્કાર છે કે જેની મમતાના કારણે પોતાનું આયુષ્ય ચાલ્યું જાય છે! તેથી પરની મમતામાં જે ખોવાઈ ગયો છે તેને સ્વભાવની દૃષ્ટિ કરાવવા, પરની દૃષ્ટિ છોડાવવા કરુણાથી કહે છે કે પરનું જે થવાનું હશે તે થશે, હું પરનું શું કરી શકું? મારો આત્મા શુદ્ધ આનંદઘન છે તેમ તેની દૃષ્ટિ કરવામાં ને તેમાં સ્થિર રહેવામાં તારો સ્વતંત્ર પુરુષાર્થ છે, તેમાં કોઈની જરૂર નથી અને એ જ કરવા યોગ્ય છે એમ અહીં ઇષ્ટ-ઉપદેશ દેવામાં આવ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૧૩ ]

# કોઈ પણ પ્રયોજનાર્થે પૈસા રળવામાં કાળ ગૂમાવવો મૂર્ખાઈ છે

[ તા. ૨૮-૩-૬૬ ]

આ પૂજ્યપાદ સ્વામીનું ઇષ્ટોપદેશ છે. તેમાં અહીંયા કહે છે કે લક્ષ્મીના અર્થીઓ આયુષ્ય ઘટતું જાય છે તેમ જોતા નથી, પણ લક્ષ્મી આદિ વધે તેના ઉપર તેનું લક્ષ છે. આ મનુષ્યપણું ધર્મના સાધન માટે ગાળવું જોઈએ પણ તેના બદલે લક્ષ્મી મેળવવામાં ગાળે છે. કેમ કે લક્ષ્મી વ્યાજ કુટુંબ દીકરા વિગેરે વધે તેના ઉપર તેની દૃષ્ટિ છે કે જે મૂઢદૃષ્ટિ છે. આ મનુષ્યદેહ તો પુણ્ય પાપના વિકાર રહિત આત્મસ્વભાવના સાધન માટે છે પરંતુ બંધ ભાવ માટે નથી. ચૈતન્યમૂર્તિ આત્મા કે જે બંધના ભાવ રહિત છે તેના શ્રદ્ધા જ્ઞાનથી આત્માનું સાધન કરવું તે કલ્યાણનો રસ્તો છે ને તેને માટે આ દેહ છે. પણ તેને બદલે, આ મનુષ્યદેહનો અમૂલ્યકાળ ચાલ્યો જાય છે તેની અજ્ઞાનીને ખબર નથી.

અહા! આયુષ્યની સ્થિતિ ઘટતી જાય છે. છતાં આત્માના કલ્યાણ માટે જે પ્રયોગ કરવો જોઈએ તે તો અજ્ઞાની કરતો નથી. લક્ષ્મી આદિની વૃદ્ધિ દેખે છે પણ આયુષ્ય ઘટે છે તે જોતો નથી. પૂર્વે બાંધીને જે આયુષ્ય લઈ ને આવ્યો છે તે આયુષ્ય ક્ષણે ક્ષણે ઘટતું જાય છે. બાપુ! તારી ગણત્રી કઈ જાતની છે? ધર્માત્માએ તો, અંતરસ્વરૂપના સાધન કરવા માટે મનુષ્યદેહ છે, આ ભવ ભવના અભાવ માટે છે—તેમ કહ્યું છે.

અરે ભાઈ! તારું આયુષ્ય ઘટવા લાગ્યું છે, પૂર્વના પુણ્ય બળવા લાગ્યા છે, છતાં તું વૃદ્ધિ માને છે! કેવી ગણત્રી છે તારી! અહા! ધર્મનું સાધન તો કર્યું નહીં પણ પુણ્યના પણ તારા ઠેકાણા નથી. અહો! પોતાના જીવનથી પણ ધન વધું વ્હાલું લાગે છે! સ્ત્રી કુટુંબ આદિ વધુ સારા લાગે છે પણ તે વ્યામોહ છે, તારી મૂઢતા છે. તેવા વ્યામોહને ધિક્કાર હો! અનાદિનું આવું ને આવું ચાલ્યું આવે છે. મૂઢતા જ કરી છે. અરે! જે પુણ્યને લઈ ને આવ્યો હતો તેને એટલા પણે પણ રાખ્યા નહીં ને પાપ વધાર્યા! વૃદ્ધિમાં તો આયુષ્ય ઘટાડયું ને છતાં વૃદ્ધિ માને છે તે તારી ગણત્રીમાં ફેર છે. ભાઈ! તારા ગજના માપ જુદા છે—ખોટા છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે મહારાજ! તમે એટલી બધી ધનની નિંદા કરો છો પણ પૈસા હોય તો પુણ્ય થાય. પૈસા હોય તો દાન-પૂજા-ભક્તિ આદિ કરાય. પૈસા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિના શું કરવું? શું તમે આ માંડી છે? જોકે શિષ્ય એટલું કબૂલ કરે છે કે ધનથી પુણ્ય ઉપાર્જન કરાય છે પણ ધર્મ થાય તેમ નથી કહેતો. પૈસા હોય તો પાત્રદાન–સાધુ મહાત્માને દાન દેવાય મોટા મંદિરો બનાવાય મોટા ગજરથ કરાવાય ને ભગવાનની પૂજા થાય–આમ પૈસા હોય તો થાય નહીંતર શું કરાય? ધનથી પુણ્ય ઉપાર્જન કરી શકાય છે. માટે તે પ્રકારે ધન ઉપાર્જન કરીને સ્વર્ગ મેળવી શકાય ને! તેમ શિષ્યનો પ્રશ્ન છે તેનો ઉત્તર આપતાં ગુરુ કહે છેઃ—

**त्यागाय श्रेयसे वित्तमवित्तः संचिनोति यः ।**
**स्वशरीरं स पंकेन स्नास्यामीति विलंपति ॥ १६ ॥**

દાન-હેતુ ઉદ્યમ કરે, નિર્ધન ધન સંચેય,
દેહે કાદવ લેપીને, માને, 'સ્નાન કરેય.' ૧૬

જો નિર્ધન દાન પૂજા મંદિર બનાવવા વિગેરે માટે પહેલાં પૈસા કમાય છે, ભેગા કરે છે, તો તે સ્નાન કરતાં પહેલાં શરીરને કીચડમાં લપેડવા જેવું છે. કાદવથી શરીરને મેલું કરીને પછી સ્નાન કરવા જેવું છે. અહા! ધન કમાવવું તે શરીરને મેલું કરવા જેવું છે. કેમકે ધન કમાવવાનો ભાવ જ પાપ છે. પાપ કર્યા વિના ધન કોઈ દિવસ કમાવાય નહીં તો તે મેલા શરીર કરીને એટલે કે પાપ કરીને પછી સ્નાન એટલે કે પુણ્ય કરવા જેવું છે. અર્થાત્ ગાય મારીને કુતરા ધરવવા જેવું છે. આમ પૈસા કમાઈને પુણ્ય કરવાનો ભાવ કરનાર મોટો મૂર્ખ છે. જો પૂર્વના પુણ્યને લઈને સહેજે પૈસા મળી ગયા હોય અને તેમાં રાગ ઘટાડીને જો કાંઈ દયા, દાન, ભક્તિ પૂજાદિમાં ખર્ચે તો તેને પુણ્ય થાય છે. પરંતુ ધર્મ તો નહીં જ. કેમકે દેવ-પૂજા દાનાદિથી ધર્મ થતો નથી.

નિર્ધન એવો વિચાર કરે છે કે પાત્રદાન કરવા માટે ધન કમાવવું જોઈએ. નોકરી ખેતી આદિ કરીને પણ ધન કમાવવું જોઈએ, પણ ભાઈ નોકરીમાં પણ પાપ છે. ખેતી કે કોઈપણ ધંધામાં પણ ક્ષણે ક્ષણે પાપ છે. અરે, કાપડના ધંધામાં પણ મમતા પડી છે, તેથી તે પણ બધું પાપ જ છે. દુકાને બેસીને રળવાનો ભાવ તે જ પાપ છે. ચક્રવર્તી, બળદેવ આદિ કે જેમને મહાપુણ્ય હોય છે, તેમને પૂર્વના પુણ્યથી લક્ષ્મીના ઢગલા આવી ગયા હોય છે. તે લોકોને કમાવું પડતું નથી કારણ કે બહુ પુણ્ય હોય છે. તો કહે છે કે તેવા પૈસાને કલ્યાણ એટલે કે પુણ્યના હેતુ માટે પાત્રદાનાદિ કરે તો, તે ઠીક છે, પણ પાપ કરીને કમાઈને પછી પુણ્ય કરવું તે સાચો રસ્તો નથી. તે ધર્મ તો છે જ નહીં, પરંતુ પુણ્ય પણ સાચું નથી. પાપ કરવાનો ભાવ જ ખોટો છે. એ તો પહેલા ઝેર ખાઈ લઉં પછી જીવીશ તેના જેવું છે. અહા! અહીંયા તો ઇષ્ટ ઉપદેશ એ છે કે પૂર્વના પુણ્યને લઈને વધારે પાપ વિના સહેજે લક્ષ્મી મળી હોય જેમ કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વારસો આદિથી ધન મળ્યું હોય તો તેમાંથી રાગ ઘટે તેટલું પુણ્ય કર, છતાં પણ તે ધર્મ નથી. ધર્મ તો પુણ્ય-પાપના રાગ વિનાના શુદ્ધ ચૈતન્ય આત્માની દૃષ્ટિ કરવી તે છે. જેવી રીતે ચોમાસામાં ચારે બાજુ ડોળા પાણી ભરાય છે, ત્યારે નદીમાં પણ ડોળું પાણી ભરાય છે. પરંતુ ઉજળા પાણીએ નદી ભરાતી નથી, તેમ પૈસો પણ પાપથી પેદા થાય છે. કોઈને પણ પાપ વિના તે ભેગો થાય છે તે વાત છે જ નહીં. આવી રીતે શરીરને કીચડથી લપેટીને પછી સ્નાન કરનાર કુબુદ્ધિ છે. તેમ લક્ષ્મી પેદા કરીને પછી પુણ્ય કરીશ એમ માનનાર તેવો જ કુબુદ્ધિ છે તેમ કહે છે, પણ અહીંયા તો વધારે એ કહે છે કે પાપ કર્યા વિના દાન-પૂજાદિ કરવાનો ભાવ તે પુણ્ય છે, પણ તે ધર્મ નથી, ધર્મ તો દાન-પૂજાના ભાવથી અને રળવાના પાપભાવથી રહિત આત્માની શ્રદ્ધા જ્ઞાન કરે તો થાય છે, બાકી તે સિવાય ધર્મ છે નહીં.

વળી શિષ્ય કહે છે પ્રભુ! પૈસા કમાવામાં પાપ ઘણું થાય છે એ વાત તો સાચી છે અને દુઃખનું કારણ હોવાથી પૈસા તો નિંદ્ય છે જ, પણ પૈસા વિના કોઈ ભોગ-ઉપભોગ મળે તેમ છે! મકાન કપડાં ખોરાક વિગેરે માટે તો લક્ષ્મી જોઈએ ને? તેનું શું? આ અપેક્ષાએ-ભોગ-ઉપભોગમાં કામ આવે તે અપેક્ષાએ તો પૈસા ઠીક કહો!

આ બાબતમાં ગુરુ કહે છે: તે ઠીક નથી. સાંભળ! પુણ્યના કારણ માટે ધન કમાવવા-રળવાનો તો પહેલા નિષેધ કરવામાં આવ્યો છે જ. પણ ભોગ-ઉપભોગ માટે પણ પૈસા કમાવાની જરૂર નથી કેમકે ભોગ-ઉપભોગ પણ દુઃખરૂપ જ છે. તે વાત શ્લોક દ્વારા સમજાવે છે:—

आरम्भे तापकान्प्राप्तावतृप्तिप्रतिपादकान् ।
अंते सुदुस्त्यजान् कामान् कामं कः सेवते सुधीः ।। १७ ।।

ભોગાર્જન દુઃખદ મહા, પામ્યે તૃષ્ણા અમાપ,
ત્યાગ-સમય અતિ કષ્ટ જ્યાં, કો સેવે ધીમાન? ૧૭.

જે ચીજને તું ભોગવવા માગે છે અને જેને વારંવાર ભોગવે છે તે ચીજ તો શરુઆતથી જ આતાપ-પાપનું કારણ છે. વળી તેમાં તૃપ્તિ પણ નથી. ભગવાન આત્મામાં શાંતિ છે, તૃપ્તિ છે, કેમકે ભગવાન આત્મા સદા આનંદસ્વરૂપ છે. માટે જે તેની દૃષ્ટિ કરે તેને તૃપ્તિ થાય તેવું છે. બાકી બહાર ભોગ-ઉપભોગમાં તૃપ્તિ નથી. અગ્નિમાં જેમ લાકડા નાખતા જાવ તેમ તે વધે છે, ભભકે છે, ઓલવાતી નથી. તેમ જેટલા ભોગ-ઉપભોગ ભોગવતા જાવ તેમ તેમ આશા તૃષ્ણા ને કષાય વધતો જ જાય છે, પણ સંતોષ થાય નહીં. જુવાનમાંથી વૃદ્ધાવસ્થા થાય તોપણ તૃપ્તિ ઘટતી નથી. ભોગની તૃષ્ણા કાંટાની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પેઠે ચોંટી જ રહે છે. તેમાંથી છૂટવું ભારે આકરું છે. તેને ઓલવવી—ઘટાડવી મહા મુશ્કેલ છે. ગારુડી કાંટા જેવી ભોગ-ઉપભોગની આશક્તિ સેવવા લાયક છે તેમ કયો ડાહ્યો માણસ માને? ભોગ-ઉપભોગ તો પાપ છે, અતૃપ્તિ છે, આતાપ છે, આક્રોશ છે, તેમાં ક્યાંય સુખ છે નહીં. અહા! પુણ્ય માટે તો કમાવવું નહીં, પણ ભોગ-ઉપભોગ માટે પણ કમાવવું નહીં, કેમકે તેમાં દુઃખ છે. કારણ કે શરુઆતમાં આતાપ છે, મધ્યમાં અતૃપ્તિ છે ને અંતમાં છોડવું મુશ્કેલ છે. અહો! શાંતિ તો આત્મામાં છે અને તેની દૃષ્ટિ કર્યા વિના શાંતિનો કોઈ ઉપાય નથી. કહે છે કે ભોગ-ઉપભોગ માટે કમાણી કરવાના સમયે શરીર, ઇન્દ્રિય ને મનને ક્લેશ થાય છે. ઇન્દ્રિય શુષ્ક થઈ જાય, કાળા-મેશ શરીર થઈ જાય છે ને આમ પૈસા કમાવવા વર્તમાનમાં પણ દુઃખ છે ને પછી ભોગ-ઉપભોગમાં પણ દુઃખ છે. માટે કહે છે કે ભોગ-ઉપભોગની રુચિ છોડ. કમાવવાની રુચિ છોડ અને આત્માની રુચિ કર. અંતરદૃષ્ટિ કર તો તને આત્માની પ્રાપ્તિ થશે. તે સિવાય ત્રણકાળમાં શાંતિ થશે નહીં. પૂજ્યપાદસ્વામી જગતના બધાં પડખા જોઈને વાત કરે છે કે ખેતી કરવામાં કે દુકાને બેસવામાં વિગેરેમાં શિરથી એડી સુધી એટલે કે પગથી માથા સુધી પરસેવો વહાવો પડે છે. આમ તું અનાદિથી ધંધો કરવામાં, પૈસા કમાવવા વિગેરેમાં પાપ જ કરતો આવ્યો છો. ધર્મ તો નહીં પણ પુણ્યના પણ ઠેકાણા નથી. શરુઆતમાં રળવામાં પાપ ને ભોગવવામાં પણ પાપ છે. આમ બધે દુઃખ દુઃખ ને દુઃખ જ છે. જ્યારે આત્મામાં સુખ ને શાંતિ છે, ત્યાં શ્રદ્ધા જ્ઞાન ને દૃષ્ટિ કરવા જેવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૧૪ ]

# ભોગ–ઉપભોગનું આદિ-મધ્ય-અંતમાં અત્યંત દુ:ખમયપણું

[ તા. ૨૯-૩-૬૬ ]

શિષ્યનો પ્રશ્ન હતો કે આ બહારના ભોગ છે તે અમને સુખનું સાધન થાય છે. અને લક્ષ્મી ભોગનું સાધન છે, લક્ષ્મીથી ભોગની પ્રાપ્તિ થાય છે, તો પ્રભુ! લક્ષ્મીને એટલી તો પ્રસંશાયોગ્ય કહો.!

અજ્ઞાની પૈસાથી સુખ માને છે તે તેની મિથ્યા દૃષ્ટિ છે. તેથી આવી મિથ્યા દૃષ્ટિ છોડાવવા શાસ્ત્રમાં આવો પ્રશ્ન મુકયો છે. પૈસાથી મળેલા ભોગોમાં અજ્ઞાની જીવો સુખ માને છે તે પણ તેની મિથ્યા બુદ્ધિ છે. તે છોડાવવા અહીં ખુલાસો કરેલ છે. પૈસા પરદ્રવ્ય છે એ મને મળે તો ઠીક એ ભાવ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનું પાપ છોડાવવા આ વાત આચાર્યદેવ કહે છે. પૈસા કમાવા એ પાપ, ભોગ ભોગવવા એ પાપ અને તેનાથી લાભ માનવો એ પણ મિથ્યાત્વ છે–પાપ છે.

અંતર આત્મામાં આનંદ ભર્યો છે. તે આનંદનું સાધન પણ આત્મા છે. એને ઠેકાણે ભોગ ભોગવવામાં આનંદ માનવો અને ભોગનું સાધન લક્ષ્મી છે, માટે તે મેળવવામાં પણ લાભ માનવો તે મોટું મિથ્યાત્વ છે. વળી, ક્ષણે-ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે, તેના બદલે પોતાને વધ્યો એમ માની ખુશ થાય છે તે ખરેખર મિથ્યાત્વમાં વધ્યો છે.

આ આત્મદ્રવ્ય સિવાય કોઈ પણ પરદ્રવ્ય–એક રજકણ પણ મને સુખદાયક છે કે દુ:ખદાયક છે એવી માન્યતા જ મિથ્યાત્વ છે, પાખંડ છે, પાપ છે. વનવાસી પૂજ્યપાદ્ સ્વામીએ એક એક કડી પ્રયોજનવશ લખી છે. લોકોને આ પૈસાની કે ભોગની વાત આવે ત્યાં એમ થાય કે ધર્મમાં આત્માની વાતને બદલે આ પૈસાની વાત કયાં આવી? પણ ભાઈ! પૈસા અને ભોગોમાં લાભબુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. તેને દૂર કરવાની વાત એ આત્માના હિતની વાત છે. પોતાના પ્રયોજનની વાત છે.

ધનથી મળતાં વૈભવો પલંગ, સોફાસેટ, પંખા, મખમલ, લાડવા, મુસંબી એ બધાં પાંચ ઇન્દ્રિયના વિષયો અમને સુખના સાધન છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિને જ્ઞાની કહે છે કે બહારના સાધનમાં તું સુખ માને છે, તે તારી શ્રદ્ધા વિપરીત છે, ખોટી છે. આત્માથી વિરુદ્ધ શ્રદ્ધા છે માટે તું આત્માનો વિરોધી–વેરી છે. આત્મામાં સુખ છે, આનંદ છે. આત્મા સુખ અને આનંદની ખાણ છે તેની શ્રદ્ધા કર! ખોટી શ્રદ્ધા છોડી દે. જ્ઞાનીનો આવો ઉપદેશ તે જ ઇષ્ટોપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૪ કલાક તું મથે છે કે હું આમ રળું, આમ કરું, આમ કરું એ ભાવ તારો મિથ્યા છે. આત્માના શુદ્ધ સાધન તરફ જોતો પણ નથી અને ધનને સુખનું સાધન માને છે તે આત્માથી વિપરીત મિથ્યા ભાવ છે. પૈસાના પ્રલોભનથી દીકરા સેવા કરશે એ માન્યતા પણ મિથ્યા છે. સંસારમાં જીવની વિપરીત દૃષ્ટિ કેવી રીતે પોષાય છે તે બતાવનારો આ ઉપદેશ છે. રાગ–દ્વેષથી જીવને દુઃખ છે. પરચીજ જીવને સુખી-દુઃખી કરી શકતી નથી. આનંદસ્વરૂપ આત્મામાં દૃષ્ટિ કરવાથી સુખ મળે છે પણ બહારમાં સુખ માન્યું છે તે મિથ્યા માન્યતા દૂર કરે ત્યારે અંતરમાં સુખ શોધવા જાય ને!

ઘણાં કહે છે કે ભગવાને અમને ઘણું દીધું છે. પણ અરે! લક્ષ્મી તો ધૂળ છે! તેને કોણ આપી શકે? ભગવાન પણ કોઈ ને કાંઈ ન દઈ શકે. તું કમાઈ પણ ન શકે કેમ કે જડની ક્રિયા આત્મા ન કરી શકે. પૂર્વના પુણ્યથી ધન મળે છે તે વાત પણ વ્યવહારથી સાચી છે. ખરેખર તો એ રજકણ તો જડ છે તેનાથી પણ લક્ષ્મી ન મળે. લક્ષ્મી પણ એક જાતના રજકણ છે તે તેના કારણે આવે છે ને તેના કારણે જાય છે. તેમાં ભગવાન કે તારા કમાવાના રાગ ભાવ કે પૂર્વના પુણ્ય કોઈ કાંઈ ફેરફાર ન કરી શકે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.

મારાં પુણ્યે મને ધન મળ્યું એવી તારી માન્યતા પણ પાગલપણું છે કેમ કે તું જીવ છો અને પુણ્યના કારણે બંધાયેલા કર્મો તે જડ છે. હવે જડ કદી જીવના બને ખરા! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું થાય? કદી ન થાય–માટે કહે છે કે બધાં પરદ્રવ્યોમાંથી સુખબુદ્ધિ છોડીને આ આત્મા આનંદમૂર્તિ અનંત આનંદની ખાણ અનંત લક્ષ્મીનો સાગર છે તેની અંતર રુચિ અને દૃષ્ટિ કરવી તે જ લાભદાયક છે તે સિવાય કોઈ પણ પુણ્યના ભાવથી કે પુણ્યના ફળરૂપ લક્ષ્મીથી કે શરીરની અનુકૂળતાથી આત્માને લાભ થાય એ માન્યતા તદ્દન મિથ્યાત્વ–અધર્મ–મહાપાપ છે. સાત વ્યસનના પાપ કરતાં પણ આવા મિથ્યાત્વનું પાપ મોટું છે. ખરેખર મિથ્યાત્વ એ જ પાપ છે.

ઘણા સમકિતી હોય અને ભોગ ભોગવતા હોય છતાં એ રાગનો દોષ છે પણ તેમાં તેને સુખબુદ્ધિ નથી. ભોગમાં સુખબુદ્ધિ નથી. માટે એમ પણ કહેવાય કે જ્ઞાની ભોગ ભોગવતા જ નથી. અજ્ઞાની બહારથી ભોગનો ત્યાગ કરે એ સાચો ત્યાગ નથી. પણ ભોગમાંથી સુખબુદ્ધિનો ત્યાગ કરે એ જ સાચો ત્યાગ છે.

અજ્ઞાની જીવના ભિખારાવેડાનો પાર નથી છતાં તે માને કે અમે હોશિયાર છીએ. ધંધામાં કેટલું કષ્ટ સહન કરવું પડે. પસીના ઉતરી જાય એટલી મહેનત કરવી પડે. હલકા માણસને પણ પાંચ પૈસાની કમાણી કરવાના લોભે માન દઈને બે વાર બોલાવવા પડે. આટલાં–આટલાં ભિખારાવેડા કરે અને છતાં માને કે આ તો કમાવાની કળા છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમારી હોશિયારીથી અમે કમાઈએ છીએ, કમાવવામાં ગ્રાહકની આટલી તો દીનતા કરવી પડે અને માને કે મને કમાવાથી સુખ થાય છે.

હવે કહે છે કે એટલું તો અમે માનવા તૈયાર છીએ કે રળવામાં-કમાવામાં ક્લેશ ને આકુળતા છે પણ સુખ નથી. પણ એ તો કહો કે પૈસાથી જે ભોગ ભોગવીએ છીએ તેમાં અમને સુખ થાય છે તે તો સાચું ને! હીંડોળે હીંચકવા મળે, સ્ત્રી પંખો નાંખતી હોય, લાડવાના થાળ ભર્યા હોય, ભોજનની થાળીમાં માખી ન પડે તેનું ધ્યાન રખાતું હોય આ બધાં વૈભવો અને અનુકૂળતા તો સુખનું કારણ છે ને! તો કહે છે કે અરે ભાઈ! કોણ તને અનુકૂળતા આપે અને કોણ તારી સેવા કરે? એ તો બધાં પરદ્રવ્ય છે અને વળી ભોગથી તો ઉલટી તૃષ્ણા વધે છે. એક-બીજાની દેખાદેખી અને ઈર્ષ્યા થાય છે. ભાઈ! સુખ માનવામાં તારી ગણતરી ખોટી થાય છે. મિથ્યાત્વ પોષાય છે. તારું સુખ તો આત્મામાં છે ભાઈ! એક પરદ્રવ્ય-રજકણની પણ તારે જરૂર નથી. તું તારાથી પૂરો છો, તારામાં જ અતીન્દ્રિય આનંદ ભર્યો છે. માટે હવે અંતરમાં જો...જો.... તારી દૃષ્ટિ ફેરવ, બહારમાં-પરદ્રવ્યમાં ક્યાંય તારું સુખ નથી. તારું સુખ તારામાં છે. ત્યાં દૃષ્ટિ કર! તો તને સુખનો અનુભવ થશે. એ જ સુખ સાચું છે. સાધ્ય પણ તું છો અને સાધન પણ તું છે. તારે સુખ પ્રગટ કરવા માટે બહારના સાધનોની જરૂર નથી.

કમાવાના ટાઈમે તો સુખ નથી પણ ભોગ ભોગવતી વખતે પણ સુખ નથી. જેમ જેમ ભોગના સાધન વધે છે તેમ તેમ તૃષ્ણા વધતી જાય છે. પાંચ લાખ થાય ત્યાં દશ લાખ ભેગા કરવાની તૃષ્ણા જાગે છે. તૃષ્ણાથી જીવ દુઃખી થાય છે. જગતની ચીજ જગતમાં આવે ને જાય તેમાં જીવ કાંઈ ફેરફાર કરી ન શકે પણ મમતાના પોઠિયા જીવો ધૂમાડાંના બાચકા ભરવા જાય છે પણ ભાઈ! એ હાથમાં નહિ આવે. પરદ્રવ્યના પરમાણુ આવવાના હોય તે આવે અને જવાના હોય તે જાય, તે રોકયાં રહે નહિ ને ટાળ્યા ટળે નહિ.

મનુષ્યની તૃષ્ણાનો પાર નથી. વધતાં-વધતાં વિશ્વ જેટલી તૃષ્ણા વધી જાય છે. તૃષ્ણાનો ખાડો કદી પૂરાય તેમ નથી. જો ભોગ ભોગવીને સંતોષ પામે તો તો તૃષ્ણાનો અંત આવી જાય પણ એમ બનતું જ નથી. ભોગ ભોગવ્યાં છતાં, મનમાંથી આસક્તિ જતી નથી માટે જ કહે છે કે ધન રળવામાં પણ પાપ, રાખવામાં પણ પાપ, ભોગ ભોગવવામાં પણ અતૃપ્તિ અને અંતે આસક્તિ નહિ જાય. ગૃદ્ધિ છૂટશે નહિ. માટે ક્યાંય સુખ નથી, તૃપ્તિ નથી, સંતોષ નથી. એ સાબિત કરવા આચાર્યદેવ દ્રષ્ટાંત આપે છે કે કદાચિત્ ઘાસ ને લાકડાંના ઢગલાંથી અગ્નિ તૃપ્ત થઈ જાય, સેંકડો નદીના પાણીથી સમુદ્ર તૃપ્ત થઈ જાય પરંતુ આ મૂઢની તૃષ્ણાનો ઇચ્છિત ભોગો મરતાં સુધી ભોગવવા છતાં અંત આવતો નથી તૃષ્ણામાં ને તૃષ્ણામાં મરીને નરકે ચાલ્યો જાય છે.

સમજાણું કાંઈ? મૂઢને ભોગમાં મીઠાશ વેદાય છે. અત્યારે ગઢપણમાં કાંઈ ધંધો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ન હોય તો પહેલાં પોતે કરેલું હોય એ બધું યાદ કરીને અભિમાન કરે, મીઠાશ વેદે. માટે અહીં કહે છે કે ઇચ્છા તો લાંબી-લાંબી ચાલ્યા જ કરે, તું તેનાથી છૂટો પડી જા !

મૂઢ જીવ આ વિષયરૂપી હળાહળ વિષ જબરજસ્તીથી ખાઈને દુર્ગતિમાં રખડે છે. દોડી-દોડીને હોંશથી ચારગતિમાં ભટકાવનારા વિષયરૂપી વિષને સેવે છે. મેડીએથી ઉકળતાં તાવડામાં પડેલા સર્પને માંડ કોઈએ કાઢયો ત્યાં દોડીને બચવા માટે સર્પ ચૂલામાં ઘૂસ્યો ને બળીને ખાખ થઈ ગયો. તેમ આ અજ્ઞાની જીવો તૃષ્ણાવશ પોતાના ચિદાનંદ મૂર્તિ ભગવાન આત્માની શ્રદ્ધા છોડી, પ્રેમ છોડી-એમાં સુખ છે-એવી દૃષ્ટિ છોડી, વિષયમાં સુખ છે એમ માની ગજબના વિષયરૂપી વિષનું સેવન કરે છે. અનંતા ભવો કર્યા પણ કયાંય તે ચેત્યો નહિ. દેવ થયો, અબજોપતિ રાજા થયો, કેટલા કેટલા ભોગ ભોગવ્યા છતાં શાંતિ ન મળી તોપણ સમજીને ચેત્યો નહિ. ઉલટો હજી તો લઉં....લઉં ને લઉં.-ઝેર ખાઉં...ખાઉં ને ખાઉં. પરાણે દોડીને વિષયરૂપી વિષ ખાવા જાય છે એને ખબર નથી પણ મૂઢપણે આમ દોડી રહ્યો છે.

ભોગ ઉપભોગની શરૂઆતમાં પણ કલેશ, મધ્યમાં પણ અશાંતિ ને અંતમાં પણ કલેશ એટલે કે કમાવામાં પણ આકુળતા અને કલેશ છે. ભોગ ભોગવતી વખતે પણ અતૃપ્તિની અશાંતિ છે અને પછી પણ તૃષ્ણાની લાળથી જીવ દુઃખી થાય છે. આબરૂ માટે પણ જીવ અડધો થઈ જાય છે. એમ નથી સમજતો કે એ તો બધાં પુણ્ય-પાપના લેખા છે તેની સાથે મારા આત્માને કાંઈ સંબંધ નથી.

પાંચ ઇન્દ્રિયો દ્વારા ભોગ ભોગવીને જાણે મને સુખ થશે, તૃપ્તિ થશે એવી મિથ્યા કલ્પના કરે છે. પુણ્ય-પાપના ફળથી મને લાભ થશે એવી મિથ્યા માન્યતા કરે છે તેને કહે છે ભાઈ! આવી મિથ્યા માન્યતાઓ છોડી દે ભાઈ! શાંતિનું સુખનું ધામ તું પોતે જ છો ત્યાં નજર કર! તું તારો પોતાનો વિશ્વાસ કર ત્યારે તને શાંતિ થશે ભાઈ!

હવે છેલ્લો પ્રશ્ન શિષ્ય કરે છે કે પ્રભુ! આપ કહો છો કે તત્ત્વજ્ઞાની ભોગ ભોગવતો નથી, મિથ્યાદૃષ્ટિ જ ભોગ ભોગવે છે પણ અમે તો શાસ્ત્રમાં વાંચ્યું છે કે ત્રણ જ્ઞાનના ધારી તીર્થંકર પણ ૯૬૦૦૦ સ્ત્રીનો ભોગ ભોગવતા હતાં, ક્ષાયિક સમકિતી શ્રેણિકરાજા પણ હજારો રાણીઓના ભોગમાં પડયાં હતાં આમ અમે વાંચ્યું છે. તો જ્ઞાની ભોગ ન ભોગવે એવો તમારો ઉપદેશ અમારે કેવી રીતે માનવો? તેને જ્ઞાની ઉત્તર આપે છે કે ભાઈ! તું ધીરો થઈને સાંભળ! તું કહે છે કે શાસ્ત્રમાં આમ લખાણ છે તે વાત સાચી છે. તીર્થંકર ચક્રવર્તી આદિ જ્ઞાની પણ ભોગ ભોગવે છે પણ એ સુખબુદ્ધિથી નથી ભોગવતા, એમને ભોગ ઝેર જેવા લાગે છે. સુખબુદ્ધિ તો જ્ઞાનીને આત્મામાં હોય છે, ભોગમાં નહિ. અને તને તો વિષય ભોગવવામાં સુખ લાગે છે. સુખબુદ્ધિથી તું ભોગ ભોગવે છો, તે છોડાવવા માટે અમે આ ઉપદેશ આપીએ છીએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૧૫ ]

# જ્ઞાની રુચિ પૂર્વક ભોગ ભોગવતા જ નથી

[ તા. ૩૧-૩-૬૬ ]

આ ઇષ્ટોપદેશમાં ૧૭મી ગાથા ચાલે છે. આચાર્યદેવ કહે છે કે મહાક્લેશજનક, અતૃપ્તિકારક અને આસક્તિને લીધે છોડવા મુશ્કેલ છે એવા ભોગો, બુદ્ધિમાન મનુષ્ય એટલે કે જ્ઞાની ભોગવતાં નથી. તે વિષય અહીં ચાલે છે.

ધર્મી તેને કહેવાય કે જેને આત્મામાં પોતાના અતીન્દ્રિય આનંદનું વેદન થયું છે, અનુભવ થયો છે. પૂર્વે અનંતકાળથી પુણ્ય-પાપના ભાવમાં અને તેના ફળમાં રુચિ હતી તેથી મિથ્યાદૃષ્ટિપણે રુચિપૂર્વક ભોગો ભોગવ્યા. પણ હવે પોતાના આત્માની ઓળખાણ થતાં, શ્રદ્ધા થતાં, અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો એટલે હવે તે વિષય ભોગો ભોગવતો નથી—એમ અહીં કહ્યું. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે મહારાજ! તમે કહો છો કે તત્ત્વજ્ઞાની ભોગો ભોગવતા નથી, પણ અમે એવું સાંભળ્યું છે અને શાસ્ત્રમાં એવું વાંચ્યું પણ છે કે તત્ત્વજ્ઞાની પણ સ્ત્રી, પુત્ર, પરિવાર સહિત હોય છે અને ભોગો ભોગવે છે. ચક્રવર્તી, તીર્થંકરો, રાજા-મહારાજા કે જે સમ્યગ્દૃષ્ટિ હોય છતાં ભોગો ભોગવે છે એમ અમે સાંભળ્યું છે. શાસ્ત્રમાં પણ આ વાત પ્રસિદ્ધ છે તો પછી 'તત્ત્વજ્ઞાની-ધર્માત્મા ભોગોને ન ભોગવે' એવા આપના ઉપદેશની અમને શી રીતે સમજણ થાય?

ત્યારે આચાર્યદેવ સમજાવે છે કે અમે '**कामम्**' શબ્દ મુકયો છે એટલે કે ભોગોને જ્ઞાની રુચિપૂર્વક કેમ સેવે? ન જ સેવે. જેને આત્માના અતીન્દ્રિય આનંદનું ભાન નથી તે તો સંસારના ભોગોને રુચિપૂર્વક, હોંશપૂર્વક, ઉલ્લાસપૂર્વક, એકત્વબુદ્ધિએ ભોગવે છે—આસક્તિથી ભોગવે છે, પણ ધર્મીને સ્ત્રી, કુટુંબ આદિ બધું હોય, સંસારના ભોગો પણ ભોગવે, છતાં તેને તેમાં રુચિ નથી, પ્રીતિ નથી. પ્રીતિ તો એકમાત્ર આત્માના આનંદની જ છે. પણ અસ્થિરતાવશ થોડો રાગ આવે છે, તેથી ભોગ ભોગવતાં દેખાય છે, પણ અંતર્રુચિ નથી.

જ્ઞાની ચારિત્રમોહનાં ઉદયથી રાગની આસક્તિ છોડવા અસમર્થ છે, તેથી તત્ત્વજ્ઞાની ભોગો છોડવા યોગ્ય છે તેમ સમજવા છતાં સેવન કરે છે. રામચંદ્રજી જેવા મહાપુરુષો, ભરત જેવા ચક્રવર્તીઓ જ્ઞાની હતા તેથી અતીન્દ્રિય આનંદ પાસે ભોગો ભોગવવા યોગ્ય નથી, અત્યંત તુચ્છ છે તેમ સમજતાં હતા છતાં નબળાઈના કારણે અસ્થિરતાવશ હજારો રાણીઓના ભોગો ભોગવે છે પણ તેમાં એમને પ્રીતિ નથી, રુચિ નથી.

જેમ બિલાડી તેના બચ્ચાને મોઢામાં પકડે અને ઉંદરને પણ પકડે. પણ બેમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પકડ-પકડમાં ફેર મોટો છે. ઉંદરને ભીંસ દઈને પકડે અને પોતાના બચ્ચાને પોચું-પોચું, ન વાગે તેમ પકડે છે. બહારથી જોઈએ તો બંનેને એક સરખા પકડેલાં દેખાય. તેમ જ્ઞાની અને અજ્ઞાની બંને સમાન રીતે ભોગ-ભોગવતા દેખાય પણ અજ્ઞાની હું સત્‌ચિદાનંદ જ્યોત આનંદસ્વરૂપ છું એવા ભાન વગર, બિલાડી જેમ પોતાના બચ્ચાને પ્રેમપૂર્વક પકડે છે તેમ અજ્ઞાની વિષયના ભોગવટામાં લીન થઈ જાય છે અને જ્ઞાની વિષય ભોગવે છતાં તેમાં લીન થતાં નથી. જેમ બિલાડી ઉંદરને પ્રેમથી પંપાળીને મોઢામાં પકડતી નથી તેમ જ્ઞાની પ્રેમથી ભોગો ભોગવતાં નથી. ભોગોને જ્ઞાની ઉપસર્ગ માને છે પણ પુરુષાર્થ ઓછો હોવાથી ભોગવવાનું છોડી શકતાં નથી. છતાં સમજે છે કે આ ભોગો વિષ જેવા છે, ત્યાગવાયોગ્ય છે.

જ્ઞાનીને ભોગમાં આસક્તિ હોય પણ રુચિ ન હોય. વિષયમાં સુખ છે એમ માનીને ભોગ ભોગવવા તે રુચિ છે અને વિષયમાં સુખ નથી પણ નબળાઈથી છોડી શકતા નથી તેથી થોડી આસક્તિ થાય છે તે ચારિત્રનો દોષ છે. જ્ઞાનીએ આસક્તિ ઘટાડી છે. તેમનો મોહ પણ મંદ પડી ગયો છે, તે તો જ્ઞાન-વૈરાગ્યની ભાવનાથી ઇન્દ્રિયોને રોકીને–જીતીને શીઘ્ર પોતાનું કાર્ય કરવા–સ્વરૂપમાં ઠરવા કટિબદ્ધ થયા છે.

જ્ઞાની છ ખંડના ચક્રવર્તી રાજા હોય, હીરાના સિંહાસન ઉપર બેઠા હોય અબજો રૂપિયાના મુગટ પહેર્યા હોય, ૯૬૦૦૦ રાણીની સાથે ભોગ લેતાં હોય છતાં તેમાં તેને રુચિ નથી, પ્રેમ નથી. આત્માના આનંદ સિવાય ક્યાંય એને ગોઠતું નથી. પણ માથે ઉપસર્ગ આવી પડ્યો હોય એમ ભોગ ભોગવે છે. અરે! મારી પુરુષાર્થની નબળાઈ છે, મારી આસક્તિ છે તે મારો દોષ છે એમ તેમને અંતરમાં ખટક થાય છે. પણ એ ચારિત્રનો દોષ છે, શ્રદ્ધાનો દોષ નથી. પુણ્ય-પાપના ભાવ સુખરૂપ લાગે તે દૃષ્ટિનો દોષ છે, મિથ્યાદૃષ્ટિ છે, ઊંધી દૃષ્ટિ છે.

આહાહા! મુનિપણું એટલે તો હાલતા ચાલતા સિદ્ધ! એ તો સર્વ વિષયો છોડી પોતાનું કાર્ય કરવા કટિબદ્ધ થઈ ગયા છે. પણ જે હજી ગૃહસ્થાશ્રમમાં છે, પુરુષાર્થ ઓછો છે તે આસક્તિથી ભોગો ભોગવે છે પણ રુચિ નથી. પાલીસ કરેલાં લાકડાથી મડદાંને બાળીએ પણ એ લાકડા જેમ મડદાંને સુખ ઉપજાવતાં નથી તેમ જ્ઞાનીને અનુકૂળ સંયોગો સુખ ઉપજાવતાં નથી. તેમ જ સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાનીને નિર્ધનપણું, વાંઝિયાપણું વાંઢાપણું એવા ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હોય તોપણ જેમ મડદાંને ખરાબ લાકડાથી બાળવા છતાં દુઃખ ન થાય તેમ જ્ઞાનીને દુઃખ થતું નથી. રોટલો ને છાશ મળવા પણ મુશ્કેલ હોય તોપણ જ્ઞાનીને અંતરથી દુઃખ થતું નથી. અંતરનો ધર્મ પ્રગટ થયો છે તેના ફળમાં જ્ઞાનીને સર્વ અવસ્થામાં શાંતિ જ છે, અમે તો આત્મા છીએ, અમારામાં આનંદ છે, અમારે બહારની ચીજોની જરૂર નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે અહીં કહે છે કે હે શિષ્ય! તને જ્ઞાની ભોગ ભોગવતાં દેખાય છે પણ તેમાં એને રુચિ નથી એ તને દેખાતું નથી અને અજ્ઞાની ભોગનો ત્યાગી દેખાય પણ પુણ્ય પરિણામમાં તેને પ્રેમ છે એ તને દેખાતું નથી. જ્ઞાની-અજ્ઞાની બન્ને ભોગ ભોગવવા છતાં તેની પાછળ અભિપ્રાયમાં ઉગમણો-આથમણો ફેર છે.

ધર્મીને વિવેક વર્તે છે કે મારા આત્માની મેં શ્રદ્ધા અને જ્ઞાન કર્યું છે તેના ફળમાં મને શાંતિ છે અને આ પુણ્ય-પાપના ભાવ થાય છે તેનું મને દુઃખ થાય છે. જડની ક્રિયાને જડપણે, રાગની ક્રિયાને વિભાવિક ક્રિયાપણે અને સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનમાં એકાકારપણું તેને સ્વાભાવિક ક્રિયાપણે જ્ઞાની બરાબર જાણે છે. ૧. જડની ક્રિયા ૨. વિભાવિક ક્રિયા અને ૩. સ્વાભાવિક ક્રિયા આ ત્રણ પ્રકારની ક્રિયાને જ્ઞાની બરાબર જુદી જુદી જાણે છે. જ્યારે અજ્ઞાનીને કઈ ક્રિયા મારી ને કઈ ક્રિયા પરની, કઈ ક્રિયા વિભાવની અને કઈ ક્રિયા સ્વભાવની એવી કાંઈ ખબર નથી. તે તો બધી ક્રિયાને પોતાની ક્રિયા માની ખીચડો કરે છે.

હું પવિત્ર શુદ્ધાત્મા છું, તેનું સાધન પણ નિશ્ચયથી મારો સ્વભાવ જ છે અને પુણ્ય આદિના પરિણામ તે વ્યવહાર નિમિત્ત તરીકે સાધન છે. ખરેખર તો પુણ્યના પરિણામ પણ બંધનું સાધક છે—બંધનું કારણ છે આવો વિવેક જ્ઞાનીને બરાબર વર્તે છે.

પહેલાં આત્માની ઓળખાણરૂપ સમ્યગ્દર્શન થાય, પછી વ્રતાદિના પરિણામ આવે, પછી આત્મામાં વિશેષ સ્થિરતારૂપ મુનિપણું આવે પછી કેવળજ્ઞાન અને મોક્ષ થાય એવા મોક્ષમાર્ગના ક્રમને જ્ઞાની બરાબર જાણે છે. અજ્ઞાનીને તેનું યથાર્થ ભાન નથી.

અહો! એક સ્વરૂપે બિરાજમાન મહાપ્રભુની દૃષ્ટિ વિના મોક્ષમાર્ગની શરૂઆત થતી નથી. સમ્યગ્દર્શન થયા પછી એક ધડાકે ભોગો છૂટી જતાં નથી. અસ્થિરતાનો રાગ રહે છે એ પણ છોડવા લાયક છે. પુણ્ય-પાપના પરિણામમાં રોકાતાં મારી શાંતિ લૂંટાય છે, મારું વીર્ય તેમાં ખર્ચાઈ જાય છે, તેનો વિવેક જ્ઞાનીને વર્તે છે. આત્માનો ધર્મ કરતાં સાથે પુણ્ય પણ હોય, તેનો બંધ થાય, તેના ફળમાં સ્વર્ગ પણ મળે. જ્યાં સો કળશી અનાજ પાકે ત્યાં ભેગું સો ભરોટા ખડ પણ થાય. એમ જ્ઞાની ધર્મના ફળ સાથે પુણ્ય-પાપના ફળને પણ બરાબર જાણે છે. પોતાની દશાને જ્ઞાની જાણે છે કે મને ધર્મની શરૂઆત થઈ પણ મારી અવસ્થાના પ્રમાણમાં હું ભોગ છોડી શકતો નથી. ભોગ ભોગવવાના ભાવ આવે છે તેટલો મને રાગ રહ્યો છે એટલી વીતરાગતા ઓછી છે એમ પોતાની દશાનું જ્ઞાનીને જ્ઞાન છે.

મારો સ્વભાવ તે મારો મિત્ર છે અને મારો વિભાવ ભાવ તે જ મારો શત્રુ છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ જ્ઞાની માને છે. દેશ-કાળને જાણીને જ્ઞાની વર્તે છે. આ દેશ કેવો છે, આ કાળ કેવો છે, એમાં હું મારું કેટલું કરી શકું તેમ છું, એમ દેશ-કાળનો વિચાર કરીને જ્ઞાની પ્રવર્તે છે. અજ્ઞાની મૂર્ખ પોતાની ક્રિયાને ઓળખતો નથી, તેના ફળને જાણતો નથી, મોક્ષમાર્ગના ક્રમને જાણતો નથી, સ્વભાવના સાધનને ઓળખતો નથી, દેશ-કાળની સ્થિતિ વિચારીને વર્તતો નથી, પરને પોતાના શત્રુ માને છે. મારો સ્વભાવ મિત્ર ને મારો વિભાવ મારો શત્રુ એવું ભાન અજ્ઞાની મૂર્ખને હોતું નથી.

ભોગ ભોગવવામાં મોટું દુઃખ છે, પણ ભોગ ભોગવતાં ભોગવતાં તૃષ્ણા ઘટવાને બદલે વધતી જાય છે તેથી ભોગ છોડવા પણ ગમતા નથી. લોલુપતા અંદર રહ્યાં કરે છે લોકો કહે છે કે 'આવ્યું પોસાય પણ ગયું ગોઠતું નથી.' તેમ ભોગ ભોગવવા ગમે છે પણ છોડવા ગમતાં નથી. આચાર્યદેવ કહે છે કે આવા કષ્ટદાયક ભોગોને કોણ બુદ્ધિશાળી ભોગવે? આત્માના આનંદને છોડીને ભોગોમાં રુચિ કોણ કરે?

જુઓ! આ ધર્મની રીત કહે છે. ભાઈ! શરીર, વાણી, મનની ક્રિયાઓ તે ધર્મ નહિ, અંદરમાં પુણ્ય-પાપના ભાવ તે ધર્મ નહિ, આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા તે ધર્મ છે. તે ધર્માત્માને મુક્તિનો આપનાર માર્ગ છે, એ સિવાય બીજો કોઈ મુક્તિમાર્ગ નથી.

**भवन्ति प्राप्य यत्संगमशुचीनि शुचीन्यपि ।**
**स कायः संततापायस्तदर्थं प्रार्थना वृथा ॥ १८ ॥**

શુચિ પદાર્થ જસ સંગથી, મહા અશુચિ થઈ જાય,
વિઘ્નરૂપ તસ કાય હિત, ઇચ્છા વ્યર્થ જણાય. ૧૮.

હવે આચાર્યદેવ વિશેષ કહે છે કે હે જીવ! તું આવા કષ્ટો કોના માટે સહન કરે છે! જેના માટે તું આવા દુઃખ વેઠે છો તે શરીર કેવું છે? શેનું બનેલું છે? તેના વિચાર કર. આ શરીર તો પુદ્‌ગલના પરમાણુનો પિંડ છે. એ પરમાણુ કોઈ વિષ્ટામાંથી કોઈ સડેલાં કૂતરામાંથી, કોઈ ઉકરડામાંથી એમ જુદી જુદી જગ્યાએથી આવીને ભેગાં થયેલાં સ્કંધરૂપે બનેલાં પરમાણુનો તે પિંડ છે. અરે! અનેકવાર તેં વમી નાખેલાં પરમાણુના પિંડનું આ શરીર બન્યું છે. તે પાછું થોડો સમય રહીને વળી કૂ થઈને પલટાઈ જશે.

દુશ્મનનો આત્મા મરીને પોતાનો દીકરો થાય અને તેના શરીરના રજકણો અહીં આવે ત્યાં તો તે પ્રેમ કરવા માંડે. અરે પ્રભુ! આ તું શું કરે છે? તું તો નિરાલંબી પદાર્થ છો ને! તું તારામાં પ્રેમ કર ને! સંયોગી વસ્તુના પ્રેમમાં પડયો છે પણ એ કેટલાં સમયનો સંયોગ છે? અરે પ્રભુ! તું ત્રણલોકનો નાથ! કણ કણનો ભિખારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈને ભમે છે, તને શરમ નથી આવતી! ઇન્દ્રો ચળાવવા આવે તોપણ તું ચળે નહિ એવી તારી જાત છે પ્રભુ! એને બદલે તું અપવિત્ર શરીરના પ્રેમમાં કેમ ચલાયમાન થઈ રહ્યો છો? આ શરીર તો એટલું અપવિત્ર છે કે પવિત્ર વસ્તુને પણ ક્ષણમાં અપવિત્ર બનાવી દે છે અને તું એવો પવિત્ર છો કે બીજી વસ્તુને પણ તારો સંગ પવિત્ર બનાવી દે છે, આવો પવિત્ર તું! તને અપવિત્ર શરીરનો પ્રેમ કરતાં લજ્જા નથી આવતી? ઉલટી હોંશ કરે છો?

આચાર્યદેવ કહે છે કે શરીર ત્રણ પ્રકારે અપવિત્ર છે. એક તો શરીરની ઉત્પત્તિ અપવિત્ર છે. લોહી અને વીર્યથી શરીરની ઉત્પત્તિ થાય છે. વર્તમાનમાં પણ અપવિત્ર હાડકાં, ચામડાં અને લોહી એ બીજું અને ત્રીજું જે આ શરીરનો સંગ કરે તેને પણ તે અપવિત્ર બનાવે છે. ચાર શેર ઘીનો બનાવેલો મેસૂબ ખાવ એટલે બીજે દિવસે વિષ્ટા થઈને નીકળે એવો આ અપવિત્ર બનાવવાનો સંચો છે. માટે કહે છે કે શરીરની ઉત્પત્તિ પણ અપવિત્ર, વર્તમાનમાં પણ અપવિત્ર અને તેનો સંગ કરનાર પણ અપવિત્ર બને. હવે તેની સામે આચાર્યદેવ કહે છે કે તું પોતે પવિત્રતાનો પિંડ છો, તેમાં એકાગ્રતા કર તો વર્તમાનદશા પણ પવિત્ર થાય અને તું દુનિયાને સમજાવ તો તે પણ તારા નિમિત્તે પવિત્ર બને એવા તું આત્મા છો. પ્રભુ! તું ત્રણલોકનો નાથ ભગવાન! તને આ અપવિત્ર શરીર સાથે કેમ ગમે છે? આમ કહીને આચાર્યદેવ વૈરાગ્ય કરાવે છે.

આ શરીર હંમેશા અનર્થ, ઉપદ્રવ, ઝંઝટ, વિઘ્નો અને વિનાશથી સહિત છે માટે તેની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા કરવી વ્યર્થ છે, દુઃખકર છે માટે પરમ પવિત્ર આત્માને ભોગવવાની ચાહના કર!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૧૬ ]

# અત્યંત અપવિત્ર દેહની રુચિ છોડ ને પવિત્ર ભગવાન આત્માની રુચિ કર

[ તા. ૧-૪-૬૬ ]

આ ઇષ્ટ ઉપદેશ છે, તેની ૧૮ મી ગાથા ચાલે છે.

અહીં સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ જીવ અને પુદ્‌ગલની ભિન્નતા બતાવી છે. ભગવાન કહે છે કે તું પોતે શરીરથી જુદો છો તો પછી શરીરની ક્રિયાથી તને ધર્મલાભ કયાંથી થાય? શરીરની ક્રિયાથી જીવને જરાય લાભ ન થાય.

શરીરની રુચિ છોડાવવા મુનિરાજ આ ગાથા કહે છે. ભાઈ! આ શરીર જડ, માટી, ધૂળ છે, ચામડીથી વીંટળાયેલું, માંસ, હાડકા ને લોહી-પરુનું પૂતળું છે, એ તારી ચીજ નથી અને તું તેની રુચિ કરે છો તો તારી પોતાની ચૈતન્યની રુચિ કરવાનું રહી જાય છે. એક સાથે બે તત્ત્વમાં રુચિ થઈ શકતી નથી. કેમ કે શરીર તો અપવિત્ર અને તું પવિત્ર, બેનો મેળ શી રીતે ખાય? એક મ્યાનમાં બે તલવાર ન સમાય તેમ પવિત્ર–અપવિત્ર બંનેમાં પ્રીતિ કેમ હોઈ શકે? પ્રભુ પરમાત્માએ આ જીવને શુદ્ધ આનંદકંદ પવિત્રતાની ગાંઠડી અને પવિત્રતાનો પિંડ કહ્યો છે. માટે કહે છે કે હે જીવ! તને આ અપવિત્ર જડ મૂર્તિની પ્રીતિ કેમ થાય છે?

ભાઈ! તારે હિત કરવું હોય તો આ જડ શરીર આદિની રુચિ છોડ. તેનાથી મને હિત થશે એવી માન્યતા છોડ! હું જ પવિત્રતાનો પિંડ છું એમ દઢ શ્રદ્ધા કરીને આત્માની રુચિ કર, તો તને શાંતિ ને સુખ મળશે. શરીર એવું તો અપવિત્ર છે કે તેની સાથે જે વસ્તુનો સંબંધ થાય તે વસ્તુને પણ તે અપવિત્ર બનાવે છે. દાળ, ભાત, શાક, રોટલી, મેસુબ આદિ ખાવાની સુંદર વસ્તુને પાંચ-છ કલાકમાં શરીર વિષ્ટા બનાવી દે છે. ભારે ભારે વસ્ત્ર શરીરને પહેરાવો તે પણ થોડી વારમાં શરીરના પરસેવાથી દુર્ગંધ મારશે.

શરીર તો વિષ્ટા તૈયાર કરવાનો સંચો છે ભાઈ! એ માટી છે, જડ છે, એ તું નહિ, એ તારા નહિ, એ તારામાં નહિ ને તું એનામાં નહિ. બંને ચીજ જુદી છે. એમ નહિ માનતાં શરીરને પોતાનું માની, ભોગનું સાધન માની, તેમાં રુચિ કરવી, પ્રેમ કરવો તે મિથ્યાદૃષ્ટિપણું છે. વળી જીવ શરીરનો પ્રેમ કરવા જાય છે તેમાં પોતાની રુચિ અને પ્રેમ ચૂકી જાય છે. લાભ છોડીને નુકશાનીમાં રોકાય જાય છે તેને જ્ઞાની ગુરુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાવે છે કે ભાઈ! શરીર અજીવ ને તું તો જીવ છો, શરીર રૂપી અને તું અરૂપી છો, શરીર મૂર્ત છે અને તું અમૂર્ત છો, તું આનંદનું ધામ છો અને શરીર તો ઉપદ્રવનું ઘર છે. એક વ્યાધિ મટે ત્યાં બીજી થાય અને એક ઇચ્છા પૂરી થાય ત્યાં બીજી ઇચ્છા થાય. શરીરના એક પછી એક ઉપદ્રવ ચાલુ જ હોય. પણ શરીરના રાગી જીવો તેની સેવા કર્યા જ કરે છે.

સર્વજ્ઞ વીતરાગ કહે છે કે ભાઈ! તું અમારી નાતનો અને અમારી જાતનો છો. 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' કોઈ આત્મા વાણિયો, બ્રાહ્મણ, ક્ષત્રિય કે ક્ષુદ્ર નથી. બધાં આત્મા સિદ્ધની જાતના છે. પણ પોતે પોતાની રુચિ છોડીને પોતામાં શ્રદ્ધા જ્ઞાન લીનતા ન કરી અને શરીરાદિમાં રુચિ ને પ્રેમ કરી દુઃખી થઈ રહ્યો છે તેને ભગવાન પરમાત્મા કહે છે કે ભાઈ! તારામાં તો અતીન્દ્રિય આનંદના પૂર પડ્યાં છે. તેનો ભરોસો નહિ કરતાં મૂર્ખ! તું જડના ભરોસે જીવન ખોઈ રહ્યો છો. તું ભોળો થઈને ભૂલી રહ્યો છો. પણ તારા ચૈતન્યજીવન અંદર જુદી જ જાતના છે તેનો તો જરા ખ્યાલ કર! ભરોસો લાવ!

મૂઢ જીવ શરીર કાળુ હોય તો કહે હું કાળો, રૂપાળુ હોય તો માને હું રૂપાળો રોગી હોય તો પોતાને રોગી માને. ચોવીશે કલાક રાત–દિવસ શરીરની સંભાળમાં સમય વીતાવી રહ્યો છે પણ જ્ઞાની કહે છે કે ભાઈ! એ શરીર તો ચામડીમાં વીંટેલાં હાડકા ને માંસ છે, એ કાંઈ તારું સ્વરૂપ નથી.

સો ઇન્દ્રોની હાજરીમાં ભગવાન સર્વજ્ઞદેવ સમોસરણમાં આ વાત દિવ્યધ્વનિમાં સમજાવે છે. આ વિઘ્નરૂપ શરીરમાં તને રુચિ કેમ થાય છે? નાશવાન ચીજનો ભરોસો કેમ આવે છે? શરીરમાં તને રુચિ થાય છે એ તારી મૂઢતા છે. ૮ વર્ષની દીકરી હોય, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોય, પછી ભલે લગ્ન કરે પણ તેને શરીર અને શરીરના ભોગોમાં સુખ ભાસતું નથી. ભોગ ભોગવે છતાં અંતરથી એ ભોગો પ્રત્યે ઉદાસીનતા છે. તે જાણે છે કે હું તો આત્મા છું, મારું સુખ મારામાં છે, મારા આત્મીક સુખ પાસે આ જડના સુખની કાંઈ જ કિંમત નથી.

ચાર શેર ઘીનો પાયેલો મેસુબ ખાઈને અજ્ઞાની સુખ માને છે પણ જરાં મેસુબ ચાવીને મોઢું ખોલીને અરીસામાં જોવે તો તેને પોતાને ગ્લાનિ થશે. કૂતરાની એંઠ જેવું દેખાશે. પણ જીવને દરકાર ક્યાં છે! જડનો પ્રેમ કરીને વૃથા સમય ગુમાવે છે. પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખવાની દરકાર પણ કરતો નથી. અનંતકાળે મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે તે પણ ભાઈ! તું જડના ભરોસે ગુમાવી રહ્યો છો!

પ્રભુ તું આત્મામાં એકાગ્રતા કર તો તને સિદ્ધ જેવો આનંદ આવશે. તું અમૂર્ત–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદનો સંચો છો, તેમાંથી વીતરાગી આનંદ જ પ્રગટ થાય. અહીં મુનિરાજ શરીર અને આત્માનું સ્વરૂપ બતાવી તે બેનું જુદાપણું બતાવે છે. શરીર પ્રત્યે દ્વેષ કરાવવાનો આશય નથી. જેવું બંનેનું સ્વરૂપ છે તેવું પ્રગટ કરે છે. શરીરનું સ્વરૂપ કેવું છે તે વિચારો!

જુદાં જુદાં વાસણમાં હાડકાં, માંસ, લોહી, પરુ આદિ કાઢો. કેવું ગ્લાનિકારક છે? તેનું જ શરીર બનેલું છે. જ્યારે આત્માનું સ્વરૂપ ભાગ પાડીને વિચારો તો? એક તરફ જ્ઞાન, એક તરફ શાંતિ, આનંદ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રકાશ આદિ અનંત ગુણ ભર્યા છે. એકલાં ગુણોનો જ પિંડ છે. આમ બંનેનું સ્વરૂપ બતાવી મુનિરાજ શરીરની રુચિ છોડાવી આત્માની રુચિ કરાવે છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માની રુચિ થાય તેને પરની રુચિ રહે જ નહિ.

જીવની ભૂલ–ભૂલામણી ગુરુ બતાવે છે. પરમાં મારાપણાની બુદ્ધિ અને માયા–મેહમાં જીવ પોતાનું સ્વરૂપ ભૂલી રહ્યો છે. સહજાત્મસ્વરૂપ, સહજાનંદી નિજ આત્માનું સ્વામીપણું ચૂકીને આ જડનું સ્વામીપણું કરે છે તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.

પવિત્ર મનને પણ અપવિત્ર બનાવે એવા આ શરીરને સારી સારી વસ્તુ ખવરાવવી અને સારાં સારાં કપડાં પહેરાવવા, અનેક જાતની અનુકૂળતા આપવી તેનાથી શું લાભ છે? બધાંને એ અપવિત્ર શરીર અપવિત્ર બનાવશે. શરીર રજકણનો પિંડ અને તું અરૂપી આનંદનો પિંડ શરીરથી જુદી ચીજ છો એવા ભાન વગર શરીરની અનુકૂળતા માટે અનેક ઉપાયો કરવા તે બધાં વ્યર્થ છે. એક રોગ આવે અને દવા કરે ત્યાં બીજો રોગ થાય. કહેવત છે ને 'એક સાંધે ત્યાં તેર તૂટે' તેના જેવું આ શરીરનું છે. અઢારેય અંગ વાંકા છે, અને ભગવાન આત્મા આનંદનો કંદ છે, શાંતિનો પિંડ છે. તેનો પ્રેમ કરાવવા માટે આ ઇષ્ટ ઉપદેશ છે. ભાઈ! તારી નજરમાં ફેર છે. જ્યાં સુખ છે ત્યાં તું નજર નાખતો નથી અને જેમાંથી સુખ-શાંતિ કદી મળવાની નથી એવા શરીરાદિમાં તું સુખની આકાંક્ષા રાખીને બેઠો છો.

પુદ્ગલના દ્રવ્ય ગુણ ને પર્યાય ત્રણેય પુદ્ગલ છે. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે તેના રંગ-ગંધ આદિ અને દુર્ગંધ-સુગંધ, લીલી-પીળી, સુવાંળી-ખરબચડી આદિ તેની પર્યાય છે, એ બધું જડ છે, એ તને સુખ ક્યાંથી આપશે? તને દગો દેશે હો! પછી મરવા ટાણે તારે પસ્તાવું પડશે કે આખી જિંદગી શરીરમાં મારાપણું કરીને તેની સાર-સંભાળમાં વ્યર્થ સમય ગુમાવ્યો પણ કાંઈ સુખ મળ્યું નહિ અને મારાં આત્માનું મેં કાંઈ કર્યું નહિ. આવા પસ્તાવાનાં ટાણા આવે તે પહેલાં ચેતી જા ભાઈ! ચેતી જા. એકવાર તું ચૈતન્યનો શેઠ થા! એમ અમારો તને આ ઇષ્ટ ઉપદેશ છે.

નાળિયેરીમાં ગંદુ પાણી નાખો તોપણ એ નાળિયેરમાંથી મીઠું પાણી મળે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ શરીરમાં ચોખ્ખું, મીઠું પાણી નાખો તોપણ એ પેશાબ થઈને નીકળે. મુસંબીના પાણી પાવ તોપણ તેનો પેશાબ તૈયાર થાય. આવા અપવિત્ર અને અનેક જાતના રોગ આદિના વિઘ્ન પેદા કરવાવાળા શરીરનો પણ મૂઢ જીવ પ્રેમ છોડતો નથી. શરીરને નવરાવવા, ખવરાવવા, પીવરાવવા, તૈયાર કરવાનું, સુવડાવવાનું આખા દિવસનું ટાઈમટેબલ મૂઢ ગોઠવી રાખે છે અને એને માટે પૈસા કમાવવામાં કાળ ગુમાવે છે. તેને જ્ઞાની કહે છે કે આવા અપવિત્ર શરીરના ભોગો માટે ઇચ્છા કરવી તે વ્યર્થ છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે ભગવન્! શરીર તો અપવિત્ર અને વિઘ્નકારી હોવાથી તેના ઉપર તો ધનથી ઉપકાર ન થાય. ધનથી મેળવેલી સારી વસ્તુને પણ શરીર અપવિત્ર બનાવી દે અને ધન ખર્ચી એક રોગ મટાડીએ ત્યાં બીજો થાય છે માટે ધનથી શરીર ઉપર તો ઉપકાર થતો નથી તે તમારી વાત સાચી છે પણ આત્મા ઉપર તો ધનથી ઉપકાર થાય ને! દાન આદિ દઈએ તેથી આત્માને તો લાભ થાય ને? જેમ ઉપવાસ આદિ તપશ્ચરણથી આત્માને લાભ થાય છે તેમ ધનથી પણ આત્માને ઉપકાર થાય ખરો ને? આમ શિષ્યનો પ્રશ્ન છે. તેને ગુરુ કહે છે કે જો ધનથી આત્માને ઉપકાર થાય એટલે કે દાન દેવાથી આત્માને લાભ થતો હોય તો તો નિર્ધનને રોવું પડે અને ધનવાન ધર્મી થઈ જાય. પણ એમ બને જ નહિ.

આત્માનું ધ્યાન કરવાથી પણ આત્માને લાભ થાય ને ધનનું દાન કરવાથી પણ આત્માને લાભ થાય એમ માની પ્રશ્ન કરનાર શિષ્યને આચાર્યદેવ ઉત્તર આપતાં ૧૯મી ગાથા કહે છે :—

**यज्जीवस्योपकाराय तद्देहस्यापकारकम् ।**
**यद्देहस्योपकाराय तज्जीवस्यापकारकं ।। १९ ।।**

જે આત્માને હિત કરે, તે તનને અપકાર,
કરે હિત જે દેહને, તે જીવને અપકાર. ૧૯.

જે આત્મા ઉપર ઉપકાર કરવાવાળા છે તે શરીર ઉપર અપકાર કરનારા છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન ધ્યાન-તપ કરવાથી આત્માને ઉપકાર થાય અને તેનાથી જ શરીરનો અપકાર થાય છે. તપ આદિ કરવાથી શરીર ગળી જાય છે. વળી જે ચીજ શરીરનું હિત કરનારી છે, ઉપકાર કરનારી છે એવી દાળ-ભાત-શાક-મીઠાઈ આદિ તથા વસ્ત્ર-શણગાર આદિથી શરીરને ઉપકાર થાય છે ને તેનાથી આત્માને અપકાર થાય છે. 'શરીરનો ઉપકાર તે આત્માનો અપકાર અને આત્માનો ઉપકાર તે શરીરનો અપકાર.'

અહીં નિમિત્તથી કથન ચાલે છે. ઉપવાસ નામ ઉપ એટલે નજીક અને વાસ એટલે રહેવું. આત્માની સમીપ વસવાથી આત્માને લાભ થાય અને તેનાથી શરીરનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બરાબર ધ્યાન ન રહે, ખોરાક ન મળે તેનાથી શરીરનું અહિત થાય. અને ધન આદિ શરીરના હિતમાં નિમિત્ત છે તે આત્માને અહિતમાં નિમિત્ત થાય છે. લક્ષ્મીથી શરીરને હિતકર એવા ભોજનની સામગ્રી મળે, રોગનો ઉપચાર થાય, શરીરને શોભાવે એવા શૃંગાર થાય તેથી શરીરને લક્ષ્મીથી ઉપકાર થાય પણ આત્માને એ ધન મેળવવામાં અને ભોગ ભોગવવામાં જે રાગ અને તૃષ્ણા થાય તેનાથી અપકાર થાય છે. લક્ષ્મી રળવામાં પણ આત્માને પાપ થાય છે, તેનાથી ભોગ ભોગવવામાં પણ પાપ થાય છે અને દાનાદિમાં વાપરવામાં પણ મારાપણાની અહંબુદ્ધિથી મિથ્યાત્વ પુષ્ટ થાય છે. તેથી ધન આત્માને ઉપકારમાં નહિ પણ અપકારમાં નિમિત્ત થાય છે. શરીરને ભલે લક્ષ્મીથી લાભ થાય પણ આત્માને તો લક્ષ્મીના નિમિત્તે નુકશાન જ છે. લક્ષ્મીથી આત્માને જરા પણ લાભ ન થાય.

સત્ ચિદાનંદ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરવાથી આત્માને લાભ થાય છે, ધનથી આત્માને લાભ ન થાય. શરીરને જે લાભમાં નિમિત્ત છે તે આત્માને નુકશાનમાં નિમિત્ત છે અને આત્માને જે લાભમાં નિમિત્ત છે તે શરીરને નુકશાનમાં નિમિત્ત છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ધ્યાન કરવાથી આત્માને લાભ થાય પણ આત્માનું ધ્યાન કરવાથી શરીરનું ધ્યાન રહેતું નથી, શરીરની દરકાર રહેતી નથી, તેથી શરીરને અપકારમાં નિમિત્ત થાય છે. શરીરમાં તો ધ્યાન રાખો કે ન રાખો જેમ થવાનું હોય તેમ જ થાય પણ દરકાર ન રાખી હોય અને શરીરમાં પ્રતિકૂળતા આવે એટલે બેદરકારી અહિતમાં નિમિત્ત કહેવાય.

ભાઈ! અવિનાશી ચીજની–તારી પોતાની ચીજની તને રુચિ નહિ અને નાશવાન ચીજની રુચિમાં તું રોકાઈ ગયો છો તેથી તારી શરીર આદિ પ્રત્યેની રુચિ અમારે છોડાવવી છે. તે માટે આ ઇષ્ટ ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ પ્રવચન નં-૧૭ ]

# ચૈતન્ય-ચિંતામણિ પાસે ખોળના ટૂકડા જેવા તુચ્છ ઈન્દ્ર-ચક્રવર્તીના વૈભવોની યાચના ન કરાય

[ તા. ૨-૪-૬૬ ]

આ ઇષ્ટોપદેશ-પ્રિય ઉપદેશ ચાલે છે. તેમાં ૧૯મી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે પ્રભુ! ધનથી ભલે શરીરને તો લાભ નથી પણ ધનથી આત્માને તો લાભ છે ને? ધનથી બધી અનુકૂળતા મળે અને અનુકૂળતામાં ધર્મસાધન સારી રીતે થઈ શકે તેથી ધનથી આત્માનો ઉપકાર તો થાય છે ને વળી ધનથી દાન દેવાય, ધર્મની પ્રભાવના થાય માટે ધનથી આત્માને ઉપકાર થાય તે ખરું ને?

શિષ્યના આ પ્રશ્નનો ૧૯મી ગાથા દ્વારા મુનિરાજ ઉત્તર આપે છે:—

નિમિત્તથી કથન કરતાં પૂજ્યપાદસ્વામી કહે છે કે જેમ અનશન આદિ તપ આત્માને જ્ઞાન-ધ્યાન કરવા માટે ઉપકારક છે, બહારની ખાવા આદિની પ્રવૃત્તિથી આત્મા નિવૃત્ત હોય તો વિશેષ જ્ઞાન-ધ્યાનની ક્રિયા થઈ શકે છે, વળી તેનાથી પોતાના જૂના અને નવા પાપોનો નાશ થાય તેથી અનશનાદિ તપ જીવને ઉપકારક છે, એ જ તપ શરીરને અપકારક છે. કેમ કે ખોરાક ન મળવાથી કે ઓછો મળવાથી શરીર શિથિલ થઈ જાય છે. જ્ઞાન-ધ્યાનમાં વિશેષ પ્રવૃત્તિ થતાં શરીરની અનુકૂળતાનું ધ્યાન રહેતું નથી તેથી તપ શરીરને અપકારક છે. અહીં નિમિત્તથી વાત કરીને જુદી જ ઢબથી સમજાવ્યું છે. આત્માને ઉપયોગી અનુષ્ઠાન શરીરને અહિતમાં—અપકારમાં નિમિત્ત થાય છે. એથી વિપરીત ધનાદિ તથા ભોજન વગેરે શરીરની ક્ષુધાદિ દૂર કરવામાં નિમિત્ત હોવાથી તે ધનાદિ શરીરને ઉપકારમાં નિમિત્ત છે પણ તે ધન પ્રાપ્ત કરવામાં-કમાવામાં પાપ અને ચિંતા થાય છે. વળી એ પાપથી દુર્ગતિમાં ગમન કરવું પડે છે માટે ધનાદિ આત્માને અપકારક છે.

અરે! ધન કમાવામાં પાપ લાગે, તે તો આત્માને નુકશાનકારક છે, દુર્ગતિમાં લઈ જનાર છે. પણ એ ધનને દાનમાં દેવું તે પણ શુભભાવ હોવાથી બંધનું કારણ છે. લક્ષ્મી તરફ લક્ષ જવું તે જ બંધનું કારણ છે. દુનિયા કરતાં વીતરાગનો માર્ગ તદ્દન જુદો છે. લક્ષ્મી તો જડ ચીજ છે. તેને દાનમાં દઈને તેનો સ્વામી થઈને અભિમાન કરે કે જુઓ! મેં આટલું ધન દાનમાં દીધું, આટલા જિનમંદિર બંધાવ્યાં-એવાં ભાવમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તેને મિથ્યાત્વનું બંધન થાય છે. મિથ્યાત્વ તે મહાન પાપ છે. ધનનો એક રજકણ પણ પોતાથી દીધો દેવાય નહિ ને લીધો લેવાય નહિ, કેમ કે એ જડ છે ને પોતે ચૈતન્ય છે. બંને સ્વતંત્ર દ્રવ્ય છે. સ્વદ્રવ્યનું લક્ષ છોડીને પરદ્રવ્યનું લક્ષ કરવું અને તેનું સ્વામી થવું તે મહામિથ્યાત્વ છે. તેમાં પોતાને મોટું નુકશાન થાય છે. સ્વદ્રવ્યની દૃષ્ટિ ચૂકી જવાય છે.

પૈસા રળવા....છોકરાને મોટાં કરવા....પરણાવવા....એ બધું એકલું પાપ....પાપ ને પાપ જ છે. માટે તે કાર્યને જીવ અજ્ઞાનવશ લાભદાયક અને કરવાયોગ્ય માને છે પણ તે મહાદુઃખદાયક, નુકશાનકારક તથા દુર્ગતિનું કારણ છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને તેમાં રમણતા તે જ આત્માને લાભદાયક છે. બાકી નરકમાં જાય કે સ્વર્ગમાં જાય પણ આત્માને પોતાના શ્રદ્ધા-જ્ઞાન વગર તે બધું દુઃખદાયક અને બંધનું જ કારણ છે. માટે બૈરાં, છોકરાં, કુટુંબ, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન આદિ બધું આત્માનું અહિત થવામાં નિમિત્ત છે.—એમ તું નક્કી કર તો જ તારી દૃષ્ટિ ત્યાંથી ખસીને સ્વભાવ તરફ ઢળશે અને તો જ તારું હિત થશે. સુખનું સાધન તું પોતે જ છો માટે બહારમાં ક્યાંય સુખ માટે ઝાંવા ન નાખ! પરદ્રવ્ય તરફની દુનિયાની હોંશ ઉડાડી દ્યે એવી આ વાત છે.

તારું લક્ષ તો પ્રભુ! તારી અંતરની શુદ્ધ લક્ષ્મી અંદરમાં પડી છે ત્યાં હોવું જોઈએ. જેટલું પરલક્ષ છે તે બધું તને નુકશાનકારક–દુઃખદાયક છે એમ તું સમજ ભાઈ! સમજ. શરીર ને ધનાદિક લાભદાયક ભલે હો પણ તને તો નુકશાનકારક જ છે. વીતરાગી સંતોએ કહેલી આ વાત છે. પુદ્ગલના રજકણોની પર્યાય જે કાળે જેમ થવાની હોય તેમ જ થાય. પલટતાં—પ્રવાહમાં ધનના રજકણો જ્યાં ખડકાવાના હોય ત્યાં જ આવીને ભેગા થાય. તેનો કર્તા તું તો નહિ, પણ ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ તેમાં ફેરફાર કરી શકતાં નથી—કર્તા થઈ શકતા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરી શકે માટે નક્કી કર કે ધનાદિ દ્વારા જીવને ઉપકારની ગંધ પણ નથી. એક માત્ર ધર્મનો જ જીવ ઉપર ઉપકાર છે.

ભગવાન આત્મા....શુદ્ધ ચૈતન્યપિંડની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતારૂપી ધર્મ જ આત્માનો ઉપકારક છે. બીજો કોઈ આત્માનો ઉપકારક નથી. પુણ્ય-પાપના પરિણામથી પણ જીવને તો નુકશાન જ છે. આત્મજ્ઞાન-આત્મદર્શન-આત્મશાંતિ સિવાય પુણ્યનો વિકલ્પ, શરીર, લક્ષ્મી આદિ બધાં જીવને અપકારક છે. જેમાં તું નથી તેનાથી તને ઉપકાર કેમ થાય? જેમાં તું નથી તેનું લક્ષ કરવાથી તને એકલું નુકશાન....નુકશાન જ છે.

બહારની ચીજોની મહિમા આડે જીવને પોતાની મહિમા કદી આવી જ નથી. વીજળીના ઝબકારા જેવા ક્ષણિક સંયોગોમાં જ અનાદિથી જીવને લાભની બુદ્ધિ થઈ રહી છે તેથી તેમાં જ જીવને સુખની કલ્પના થાય છે. મારો સ્વાશ્રય ભાવ જ મને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપકારી છે એવો અનંતકાળમાં કોઈ વખત પોતે નિર્ણય જ કર્યો નથી, અભ્યાસ જ પરનો થઈ રહ્યો છે. તને સ્વાશ્રિત અને સુખી બનાવવા માટે આ વીતરાગની વાતો છે ભાઈ!

આત્માના શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા તે જ આત્માના હિતકર છે, ઉપકારી છે. પરદ્રવ્યનું જે થવાનું હોય તે થાય, હું તો મારા દ્રવ્યનો લાભ લઈ લઉં-એમ થવું જોઈએ. પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવના આ માર્ગ વિના જીવના ઉદ્ધારનો બીજો કોઈ માર્ગ નથી. પરદ્રવ્યનો આશ્રય છોડી સ્વદ્રવ્યનો આશ્રય કરવો તે એક જ માર્ગ છે.

હવે શિષ્ય ફરી બીજો પ્રશ્ન કરે છે કે મહારાજ! અમે તો એવું સાંભળ્યું છે કે 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' અને શરીર જ ખરેખર તો ધર્મનું મુખ્ય સાધન છે. કારણ કે શરીરમાં રોગ હોય તો એકાગ્રતાથી ધર્મધ્યાન થઈ શકતું નથી. માટે નીરોગ શરીર ધર્મ માટે ઉપકારી છે. આમ શિષ્ય ગુરુ પાસે વાત મૂકે છે તેને મુનિરાજ કહે છે કે શરીરના રોગને કે નીરોગતાને આત્મા સ્પર્શતો પણ નથી તેથી શરીરની રોગી કે નીરોગી અવસ્થા સાથે આત્માના ધર્મને કાંઈ સંબંધ નથી. રોગ સમયે પણ રોગથી જુદો રહીને આત્મા પોતાને જાણી શકે છે. હું તો જાણનાર-દેખનાર જ્ઞાયક છું ને! એવી સ્થિતિ અંતરમાં જીવે ઊભી કરવી જોઈએ, અને એવી સ્થિતિ ઊભી થાય તેને પછી વધુ જન્મ-મરણ ન હોય, તેને અલ્પકાળમા જન્મ-મરણ રહિત અવિનાશી સિદ્ધદશા પ્રાપ્ત થાય.

શિષ્ય વિશેષ કહે છે કે શરીરના રોગને દૂર કરવો પણ મુશ્કેલ નથી. ધ્યાન દ્વારા રોગાદિક સહેલાઈથી દૂર થઈ શકે છે. અંતરમાં જ્ઞાનનું ધ્યાન કરતાં આત્માને તો શાંતિ થાય પણ શરીરનો રોગ પણ ચાલ્યો જાય. જ્યાં આત્મા સ્વભાવના સરાણે ચડે ત્યાં અંતરમાં તો લાભ થાય પણ બહારમાં પુણ્ય બંધાય તેના ફળમાં શરીર પણ નીરોગ થઈ જાય.

શિષ્યને મુનિરાજે ધનથી આત્માના ઉપકારની ના કહી તેથી શિષ્યે ધ્યાનથી શરીરના ઉપકારની વાત મૂકીને તેના અનુસંધાનમાં તે કહે છે કે તત્ત્વાનુશાસનના ૨૧૭ કળશમાં પણ આ સંબંધી વાત છે કે જે આ લોક સંબંધી ફળ છે અને પરલોક સંબંધી ફળ છે તે બન્ને ફળોનું પ્રધાન કારણ ધ્યાન જ છે. ધ્યાનને માટે કાંઈ દુર્લભ નથી.

આ વિષયમાં આચાર્યદેવ નિષેધ કરતાં કહે છે કે તું કહે છે એવું નથી. ધ્યાન દ્વારા શરીરનો ઉપકાર ચિંતવવો યોગ્ય નથી. ધ્યાનથી તું તારું કામ સાધી લે. શરીરને ઉપકાર થાય કે ન થાય તે તરફ તું લક્ષ ન આપ. આ વાત હવે ગાથા દ્વારા કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इतश्चिन्तामणिर्दिव्य इतः पिण्याकखण्डकं ।
ध्यानेन चेदुभे लभ्ये क्वाद्रियन्तां विवेकिनः ॥२०॥

છે ચિંતામણિ દિવ્ય જ્યાં, ત્યાં છે ખાંળ અસાર,
પામે બેઉ ધ્યાનથી, ચતુર કરે કયાં વિચાર ? ૨૦.

એક તરફ આત્મશાંતિરૂપી દિવ્ય ચિંતામણિ અને બીજી બાજુ નીરોગતારૂપ ખોળનો ટૂકડો એ બંને વસ્તુ ધ્યાન દ્વારા મળી શકે તેમ છે તો વિવેકીજન કોનો આદર કરશે ?

દેવો દ્વારા સેવિત ચિંતામણિ મહાભાગ્યે મળે તેની પાસે ખોળનો ટૂકડો ન મંગાય ભાઈ! લાખોનો મહેલ મંગાય. તેમ ભગવાન આત્મા–રાગાદિ રહિત નિજ પરમાત્મા તેની પાસે આત્માની શાંતિ મંગાય ભાઈ! આત્મધ્યાનમાં ખોળના ટૂકડા જેવી શરીરની નીરોગતા ન મંગાય. જેટલી અંતરમાં એકાગ્રતા કર તેટલી શાંતિનું ફળ રોકડિયું–તાત્કાલિક ફળ મળે એવો ચિંતામણિ આત્મા છે.

અજ્ઞાની જીવનું લક્ષ જ વર્તમાન પર્યાય, રાગ અને સંયોગો ઉપર છે. તેની જ મહિમા તેને આવે છે. તેથી મહિમાવંત એવા પોતાના શુદ્ધાત્માની મહિમા તેને આવતી નથી. પર્યાયના અંશ પાછળ બિરાજમાન સત્‌ચિદાનંદ પ્રભુ ધ્રુવ છે તેનો મહિમા આવે તો તેમાં એકાગ્ર થાય અને તાત્કાલિક–તે જ સમયે શાંતિનું અતીન્દ્રિય આનંદના સ્વાદનું ફળ મેળવે. તેને પછી પુણ્યના ફળની કાંઈ જ કિંમત ન હોય. નજર પડવા માત્રથી નિધાન હાથમાં આવે તેવું છે. એવા નિધાનનું લક્ષ ચૂકીને સડેલા ખોળના ટૂકડા જેવી શરીરની નીરોગતા તરફ લક્ષ ન દે ભાઈ! શરીરની નીરોગતા તો શું! ચક્રવર્તીના વૈભવ હો કે ઇન્દ્રના વૈભવ હો તે પણ સમકિતીને આત્માની શાંતિ અને આનંદ પાસે સડેલાં ખોળના ટૂકડાં બરાબર ભાસે છે.

જુઓ! અહીં તો સાગમટે નોતરું છે એટલે કે નાના બાળક, સ્ત્રી, વૃદ્ધ, યુવાન બધાંને માટેની આ વાત છે કે જે આત્માનું ધ્યાન કરે તે દરેક આત્મશાંતિરૂપી ચિંતામણિ-રત્ન પ્રાપ્ત કરી શકે છે. આલોક સંબંધી જ જેને ચિંતા છે તેને તો રૌદ્ર અને આર્ત્તધ્યાન સિવાય ધર્મધ્યાન અને શુક્લધ્યાન હોતા જ નથી. પણ પરલોક સંબંધી ચિંતા એટલે કે આત્માની ચિંતા રાખનારે ધર્મધ્યાન અને શુક્લધ્યાનની જ ઉપાસના કરવા યોગ્ય છે. શરીરની ચિંતા તો અનાદિકાળથી કરતો આવ્યો છો અને દુઃખી થયો છો હવે એકવાર આત્માની ચિંતા કર. આત્મા તરફથી જ દૃષ્ટિ જ્ઞાન અને સ્થિરતાની ભાવના રાખવા જેવી છે. પુણ્યની કે નીરોગતાની ભાવના ધર્મીને ન હોય. આત્માની શુદ્ધિની જ દરેકે ભાવના કરવા જેવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૧૮ ]

# સ્વસંવેદન દ્વારા આત્માને પ્રત્યક્ષ કર

[ તા. ૩-૪-૬૬ ]

આજે ચૈત્ર સુદ તેરસ છે, મહાવીર ભગવાનનો જન્મ દિવસ છે. પ્રભુ મોક્ષ પધાર્યા તે પહેલાં ૭૨ વર્ષ પહેલાં પ્રભુ આજના દિવસે જન્મ્યાં હતાં. પણ એ જન્મ તો દેહનો હતો, દેહ તો જડ છે, અંદર આત્મા બિરાજે છે તે ભગવાન છે. અહીં ગાથા પણ એવી જ આવી છે કે આત્મા સત્ ચિદાનંદ પ્રભુ છે.

આ દેહમાં રહેલો ભગવાન આત્મા સત્ છે. સત્ છે એટલે નવો બનાવેલો નથી. અકૃત્રિમ છે. તેનો કદી નાશ થતો નથી. આત્મા અણઉત્પન્ન અને અવિનાશી તત્ત્વ છે. દરેક આત્મા સત્ છે. મહાવીર પરમાત્માનો આત્મા પણ અનાદિથી હતો. સંસારમાં રખડતો હતો. મહાવીર થયા પહેલાં પૂર્વભવમાં એ આત્માએ દેહના અણુ-અણુથી અને પુણ્ય-પાપના વિકારી ભાવોથી ભેદજ્ઞાન કરી નિજ આત્માનું સંવેદન-સ્વાનુભવ કર્યો હતો. દેહમાં રહેલો ભગવાન ચૈતન્યસૂર્ય છે એનો અનુભવ કર્યો હતો.

વીરપ્રભુ મતિ-શ્રુત-અવધિ ત્રણ જ્ઞાન તો જન્મથી લઈને આવ્યા હતાં, પછી દીક્ષા લઈને મનઃપર્યય પ્રગટાવ્યું અને પૂર્ણાનંદ જ્ઞાનની શક્તિને વ્યક્ત કરી કેવળજ્ઞાન પ્રગટ કર્યું. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ ભરી છે, તેને પત્થર સાથે ઘસવાથી તે તીખાશ બહાર આવે છે, પણ તે તીખાશ પત્થરમાંથી નથી આવી, પીપરમાંથી જ આવી છે. પત્થરમાંથી આવે તો તો કોલસો ઘસતાં પણ તીખાશ આવવી જોઈએ. પણ એમ નથી. પ્રાપ્તની પ્રાપ્તિ છે. પીપરના દાણામાં તીખાશ શક્તિરૂપે-સ્વભાવરૂપે હતી તે વ્યક્ત થઈ છે. કુવામાં હોય તો અવેડામાં પાણી આવે. તેમ અંદર સ્વભાવમાં હોય તો જ જ્ઞાન બહાર પ્રગટ થાય.

જીવ બહારની ક્રિયા કરવામાં અટકી જાય છે. નરસિંહ મહેતા પણ લખે છે ને કે 'જ્યાં લગી આતમા તત્ત્વ ચિહ્નન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી, શું થયું તપ ને તીર્થ કીધાં થકી? શું થયું માળ ગ્રહી નામ લીધે? શું થયું ધરી જટા, ભસ્મ લેપન કર્યે? શું થયું વાળ લોચન કીધે?' આ બધી ક્રિયા એકડા વગરના મીંડા જેવી છે. આત્માનું કલ્યાણ—જન્મ-મરણના અંત આત્મભાન વગર કદી ન થઈ શકે. દુનિયા પોતાના ચૈતન્યની કિંમત ન કરતાં પરપદાર્થ અને ક્રિયાની કિંમત કરે છે.

લીંડીપીપરને ઘૂંટતાં તીખાશ પ્રગટ થાય છે તેમ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા કરતાં આત્માની કેવળજ્ઞાન શક્તિ પ્રગટ થાય છે. આ તો સમજાય તેવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જો દુનિયાની ઝંઝટ છોડી આત્માને ઓળખવાનો ટાઈમ કાઢે તો સમજાય ને! જીવને દુનિયાની ઝંઝાળમાં પોતાનું સત્‌ચિદાનંદ રત્ન ભૂલાઈ ગયું છે.

મહાવીર ભગવાનનો જન્મદિવસ કેમ ઉજવાય છે?—કે મહાવીર પ્રભુએ પોતાના આત્માનું હિત કરીને જન્મ-મરણનો અંત કર્યો છે તેથી એમનો જન્મ ધન્ય છે માટે ઉજવાય છે.

જેમ લીંડીપીપરની કાળાશની પાછળ પૂરી તીખાશ અને લીલો રંગ પડયો છે તેમ આ દેહ, કર્મ અને ક્રોધ, માન, માયા, લોભ આદિના વિકારની પાછળ આખો સત્‌ચિદાનંદ પ્રભુ અનંતી શક્તિ સહિત બિરાજમાન છે. તેને જેણે પ્રગટ કર્યો છે એવા મહાવીર પરમાત્માની આ જન્મજયંતી ઉજવાય છે.

આજે પરિવર્તનનો પણ દિવસ છે. ચૈત્ર સુદ તેરસને મંગળવારે મધ્યાન્હે ૧। વાગ્યે પરિવર્તન કર્યું છે.

મનુષ્યજન્મની સફળતા તો આત્માનું ભાન કરવાથી છે. ૨૫–૫૦ લાખ રૂપિયા મળવાથી જીવનની સફળતા નથી. પૈસા તો સોજા છે, સાચું શરીર નથી. અહીં શ્લોક પણ એવો આવ્યો છે કે જેના હાથમાં અમૂલ્ય ચિંતામણિરત્ન આવ્યું છે એ સડેલાં ખોળનો ટૂકડો માંગે કે મોટા મહેલ માંગે? કરોડો ને અબજોના મહેલ જ માગે. તેમ જેની દૃષ્ટિમાં પોતાનો સત્‌ચિદાનંદ પ્રભુ–ચિંતામણિ પ્રાપ્ત થયો–તેમાં એકાગ્ર થયો તે જીવ આત્માની શાંતિ આગળ સડેલાં ખોળના ટૂકડાં જેવા સ્વર્ગના વૈભવોની ઇચ્છા કેમ રાખે? એને તો આત્માની અપૂર્વ શાંતિ આગળ સ્વર્ગના વૈભવોની કાંઈજ કિંમત નથી.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગરની અમૂર્તિક એક વસ્તુ આત્મા છે ને! તો એ વસ્તુ અનાદિ અનંત શાશ્વત છે. આ આત્માએ અજ્ઞાનવશ અનંત ભવ કર્યા. સ્વર્ગ, નરકાદિના અનંતા ભવ કર્યા અને અનંતા દુઃખ વેઠયાં. અનંતા ભવોમાં એને શું નથી મળ્યું? એક શુદ્ધ આત્મા સિવાય બધું જ મળી ચૂક્યું છે. એમાં હવે જો આત્માનું ભાન કરે તો જાણે અમૂલ્ય ચિંતામણિ મળ્યો! આનંદનો–શાંતિનો સાગર મળ્યો.

પુણ્યનો ઉદય હોય તેને લીંબુમાંથી પણ મહા કિંમતી માણેક મળે. પણ તેથી આત્માને શું લાભ? એક શેઠે માણેક કાઢીને પટેલને બતાવ્યું. પટેલ! આ મોતી બહુ પાણીદાર છે. પાણીના દરિયા ભર્યા છે મોતીમાં. પટેલ કહે શેઠ! મારી પછેડીનો છેડો પલળે તો માનું કે મોતીમાં પાણી છે. અરે પટેલ! એ મોતીના પાણી એની ચમક–તેજી એનો પ્રકાશ પછેડીએ ન પરખાય એ તો નજરથી પરખાય. તેમ આ ભગવાન આત્મા અનંતી શાંતિ–આનંદ આદિ અનંતા ગુણોનો દરિયો છે તેનું પારખું નજરથી થાય. અનંતમાં દૃષ્ટિ કરવાથી આત્મરતનનું પારખું થાય. બહારથી ક્રિયા કરવાથી કે મંદરાગથી આત્માનું પારખું ન થાય ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં ૨૧ માં શ્લોકમાં કહે છે કે સ્વસંવેદનથી આત્મા ઓળખાય છે.

**स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः ।**
**अत्यन्तसौख्यवानात्मा लोकालोकविलोकनः ॥ २१ ॥**

નિજ અનુભવથી પ્રગટ જે, નિત્ય શરીર પ્રમાણ,
લોકાલોક વિલોકતો, આત્મા અતિ સુખવાન. ૨૧.

આ બ્રહ્માંડના-આકાશના બે ભેદ છે, લોક અને અલોક. અસંખ્ય યોજનની અંદર જ લોક છે જેમાં જડ-ચૈતન્યનો વાસ છે, બાકીની ખાલી જગ્યા કે જેનો પાર નથી એવા અપાર આકાશને પણ આ આત્મા એક સમયમાં જાણી લે છે. એક સમયમાં લોકાલોકને જાણી લે એવી અનંતી શક્તિવાળા આત્માને કેવી રીતે જાણવો?-કે સ્વ-સંવેદનથી આત્માને જાણવો. અહીં તો આત્માની વાત છે. કેટલાકને એમ થાય કે મહારાજ પાસે પૈસો બહુ લાગે છે અને મહારાજના ભક્તો પણ પૈસાવાળા છે પણ ભાઈ! અમારી પાસે પૈસા કેવા? અમારી પાસે તો આત્મા છે.

વાણીમાં જેની મહિમા ગાઈ ન શકાય એવી વચનાતીત મહિમાનો ધારી આત્મા પોતાના માટે વ્યક્ત જ છે. યોગીજનોએ પોતાના આત્માને સુવ્યક્ત જોયો છે. અરે! ઘી જેવી મામુલી વસ્તુના સ્વાદને કોઈ ઉપમા આપીને કહી નથી શકાયો, તો પછી આત્મા જેવી ઉત્તમ વસ્તુને શેની ઉપમા અપાય? એ અનુપમ વસ્તુને કોઈની ઉપમા આપીને સમજાવી શકાતી નથી પણ અનુભવથી ગમે તે વ્યક્તિ જાણી શકે છે, કેમ કે તે સુવ્યક્ત છે. તેથી શ્લોકમાં શબ્દ વાપર્યો છે '**स्वसंवेदन सुव्यक्त**' સુવ્યક્ત પ્રભુ! તારું સ્વરૂપ પ્રમાણસિદ્ધ છે, ન જાણી શકાય તેવું નથી.

ભાઈ! આ દેહરૂપી માટીના પિંડમાં વિલાસ કરતા આત્માનું સુવ્યક્તપણું ક્યારે થાય? કે આ જાણી રહ્યો છે તે ચૈતન્ય છે, જ્ઞાનનો અંશ છે તે ચૈતન્યનો છે-એમ અંતરમાં સ્વસંવેદન થતાં આત્મા પ્રગટ ..પ્રગટ...પ્રગટ જાણવામાં આવે છે, અનુભવમાં આવે છે. દેહ, મન, રાગ, વિકલ્પ, વાણી આદિથી પાર એવો આત્મા પ્રગટ અનુભવમાં આવે એવો એ પ્રમાણસિદ્ધ આત્મા છે. ભાઈ! પરદ્રવ્યને તો જીવ ભોગવી શકતો જ નથી. પૈસો ખૂબ હોય પણ તેને પૈસાવાળો ભોગવી શકતો નથી. પણ પૈસાનાં રાગને ભોગવીને તેમાં આનંદ માને છે કે મેં પૈસો ભોગવ્યો. આવી જીવની મૂઢતા છે. આવી મૂઢતા તો તું અનાદિથી કરતો આવ્યો છો. ભાઈ! આ મનુષ્ય ભવમાં તે નવું શું કર્યું? અહીં તો કહે છે કે તું તારા આત્માનું સ્વસંવેદન કર! તે તારી અપૂર્વ દશા છે, તે નવીનતા છે.

પરમાત્મા મહાવીરપ્રભુએ જીવોને સ્વસંવેદન કરવાનો આ ઇષ્ટ ઉપદેશ આપ્યો છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ દેવ કે ગુરુ કાંઈ તેને સ્વસંવેદન કરાવી આપે એમ તો ન બની શકે. પોતે કરે તો થાય. જીવને નવરાશ ક્યાં છે? કામ ઘણાં રહ્યાં ને! પ્રભુ કહે છે કે ભાઈ! તું મારી નાતનો છો. મારી અને તારી જાતમાં ફેર નથી. શક્તિ-વ્યક્તિનો ફેર છે. મેં પ્રગટ કર્યું અને તેં નથી કર્યું. બાકી મારા કરતાં તારામાં કાંઈ ઉણપ છે એમ તું માન તો તને તારા આત્માની જ ખબર નથી. ભાઈ! તને તારી સંસારની મોજ-મજા પ્રત્યક્ષ જણાય છે પણ એને જાણનારો તું પોતે તને નથી જણાતો, એનો પ્રશ્ન તને કેમ ઉઠતો નથી? એક વાર તો પ્રશ્ન ઉઠાવ! પુરુષાર્થ કર! તને આત્માની શાંતિ અવશ્ય પ્રગટ થશે.

અનંત....અનંત....અનંત આકાશ કે જેનો ક્યાંય પાર નથી એવા આકાશને પણ આ ભગવાન આત્મા એક સમયમાં જાણી લેવાની શક્તિવાળો છે. કોઈનું કાંઈ આત્મા કરી ન દે પણ જાણે બધાંને.

અરીસામાં જેમ બધું દેખાય છે તેમ આ ચૈતન્યઅરીસામાં આખું જગત અને અલોક બધું એકીસાથે જાણવાની શક્તિ છે. આવી આ ચૈતન્યજ્યોતને જ્યાં સુધી પોતે સ્વસંવેદનમાં નહિ લે ત્યાં સુધી ચાર ગતિના ભ્રમણનો અંત નહિ આવે. આ જ્ઞાનાનંદ આત્મા અનંત સૌખ્યવાન છે. ભાઈ! તેનો વિશ્વાસ લાવ. તારામાં જેવો આનંદ છે તેવો આનંદ આખા જગતમાં, અરે! ઇન્દ્રના ઈન્દ્રાસનમાં પણ ક્યાંય નથી. જેનો સ્વતઃ સ્વભાવ જ સુખ અને આનંદસ્વરૂપ છે પછી એની હદ શું હોય! સ્વભાવને મર્યાદા શી! આવા અમર્યાદ સ્વભાવસુખના ધણી એવા આત્માની અનંતકાળથી તેં દરકાર કરી નથી અને દેહની દરકાર કરતો આવ્યો છો પણ એ દેહ તો પ્રત્યક્ષ ભિન્ન છે, એ તારી સાથે નહિ આવે. તારી સાથે તો તારી ભૂલ આવશે, તે તને નડશે. માટે તું પહેલાં જ ભૂલ ભાંગવાનો પ્રયત્ન કર! સ્વસંવેદન એ એક જ ભૂલ ભાંગવાનો ઉપાય છે તેને પ્રગટ કર.

સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કર, તો તારાં જન્મ-મરણનો અંત આવી જશે. ભાઈ! તું જડનું ધણીપણું, કરવાનું હવે છોડી દે. જડમાં જરા પણ ફેરફાર કરવાની શક્તિ તારામાં નથી માટે તું જડનો અધિકારી ન થા! સ્વસંવેદનમાં આત્માને પ્રગટ કરવો એ તારો અધિકાર છે તેને પ્રગટ કર ને! તારો જે અધિકાર છે તેને તું હાથમાં લેતો નથી અને જડનો અધિકારી થવા જાય છે તે તારી મૂર્ખાઈ છે. હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.

જેમ કાચા ચણાને શેકવાથી સ્વાદ મીઠો આવે અને તે વાવો તો ઉગે નહિ. તેમ આત્માનું ભાન થયે જન્મ-મરણના અંકુરા નાશ થાય ને આત્માના આનંદનો સ્વાદ આવે. આત્માના આનંદનો સ્વાદ આવે અને જન્મ-મરણ કરે નહિ—એવા આત્માને ભગવાન સર્વજ્ઞ કહે છે તેમ ઓળખવો, વિચરવો, મનન કરવો ને વારંવાર સત્‌સમાગમે ધારણ કરવો એ મનુષ્યપણાના સફળપણાનું કર્તવ્ય છે.

□

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૧૯ ]

# સુખનો ઉપાય : લોકાલોક પ્રકાશક આત્માને જાણ

[ તા. ૪-૪-૬૬ ]

શિષ્ય પ્રશ્ન પૂછે છે કે—પ્રભુ ! આપે કહ્યું કે આ જગતમાં મોક્ષાર્થીને—હિતાર્થીને એક આત્મા જ ધ્યાન કરવાલાયક છે. તો એ આત્મા કેવો છે? તેનું શું સ્વરૂપ છે? એ મને કૃપા કરીને સમજાવો.

શિષ્યના આ પ્રશ્નનો અહીં ઉત્તર આપવામાં આવ્યો છેઃ—

પ્રથમ જ લોકાલોકને જાણવાની આત્માની શક્તિને સિદ્ધ કરે છે. આ જગતમાં ૧૪ રાજલોક અને ખાલી અનંત અલોક છે તેને સાક્ષાત્ જાણવાની શક્તિ એક આત્મપદાર્થમાં જ છે. પોતાની સત્તા ઉપરાંત બીજી પણ જગતમાં અનંત સત્તા છે—અનંત પદાર્થો છે તેનો આ આત્મા જાણનાર છે. લોકાલોકને આત્મા જાણે-સ્વીકારે પણ લોકાલોકને આત્મા બનાવે કે તેમાં ભળી જાય એ આત્માના સ્વરૂપમાં જ નથી. રાગનું કરવું કે પરનું કરવું કે પરથી પોતાનું કામ થવું એ આત્માના સ્વરૂપમાં છે જ નહિ. અરે ! લોકાલોક છે માટે તેનો જાણનાર છે એમ પણ નથી. લોકાલોકને જાણવાનો આત્માનો સ્વતઃ સ્વભાવ છે.

અહીં ૨૦ મી ગાથામાં આચાર્યદેવે આત્માને ચિંતામણિ કહીને વર્ણવ્યો અને તેનું ધ્યાન કરવાયોગ્ય કહ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે એ આત્મા છે કેવો ? તેથી મુનિરાજ કહે છે કે આત્મા લોકાલોકના જ્ઞાન જેવડો છે પણ લોકાલોકને કારણે નહિ, પોતાના સ્વતઃ સ્વભાવથી લોકાલોકને જાણનારો છે. આહાહા ! સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત ક્યાં હોઈ શકે ? આત્માનો જ્ઞાનસ્વભાવ, તે કોને ન જાણે ! બધાંને જાણે !

આત્મા અનંત સૌખ્યવાન્ સુખસ્વભાવી છે. જ્ઞાન તો લોકાલોકપ્રમાણ છે પણ સુખ કેટલું ? તો કહે અનંત સુખ છે. જે સ્વભાવ છે તેને હદ શી ? આત્મા નિત્ય આનંદ-સ્વરૂપ છે. પર્યાયમાં વિકૃત ભાવ કરીને જીવ દુઃખી થાય છે પણ એ તો પર્યાયમાં છે. સ્વભાવમાં દુઃખ નથી. સ્વાભાવિક અનંત આનંદની સત્તાને ધરનારો આત્મા છે.

વળી કોઈ કહે કે આટલું બધું જ્ઞાન અને બેહદ આનંદ આત્મામાં છે તો આત્માની ક્ષેત્ર વ્યાપકતા કેટલી હશે ? લોકપ્રમાણ હશે ?

તેને કહે છે આત્માની શક્તિને ક્ષેત્રની અમાપતાની જરૂર નથી. ભાવ અમાપતાની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જરૂર છે. આત્માનું ક્ષેત્ર તો શરીરપ્રમાણ જ છે. માટે ધ્યાનમાં શરીર જેટલાં આત્માના ક્ષેત્રમાં જ એકાગ્ર થવાનું છે. તેમાં આખું સ્વરૂપ સમાય જાય છે. અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા શરીરપ્રમાણ પહોળો છે એટલા ક્ષેત્રમાં બેહદ જ્ઞાન–આનંદનો ભંડાર છે, અચિંત્ય શક્તિવાન છે.

આત્મા નિત્ય છે, વિનાશિક નથી. અનંત જ્ઞાન અને અનંત સુખ તેનો સ્વભાવ છે, શરીર પ્રમાણ પહોળો છે તથા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. પોતાના જ્ઞાનની પર્યાયથી વેદવા લાયક છે. પોતાના જ્ઞાનમાં અનુભવગમ્ય થાય એવું જ આત્માનું સ્વરૂપ છે. રાગ અને નિમિત્તથી જણાય એવું તેનું સ્વરૂપ જ નથી. આવા આત્માના સ્વરૂપને જાણ્યા વગરનું ધ્યાન તે સસલાના શીંગડા જેવું છે. આત્માના સ્વરૂપને જાણ્યા પછી રાગ કે પાંચ ઇન્દ્રિય કે મનના અવલંબન વગર સીધો જ્ઞાનની પર્યાયમાં અનુભવમાં આવે એવો આત્માનો સ્વભાવ છે. આવા વસ્તુના સ્વરૂપને યથાર્થ જાણ્યા વગરનું ધ્યાન તે ધ્યાન જ નથી.

જુઓ, આ ઇષ્ટ ઉપદેશ! પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા થઈને અનુભવ કરી શકે એવી શક્તિનું સત્ત્વ છે. જ્ઞેય થવા માટે કે જ્ઞાતા થવા માટે બીજાની જરૂર પડે એવું પરાધીન વસ્તુનું સ્વરૂપ જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો જાણ્યો તેવો જ કહ્યો છે. ભગવાન આ હરખજમણ જમાડે છે ભાઈ! તું હરખ લાવીને તારા સ્વભાવનો વિશ્વાસ કરી જ્ઞાનનો દોર તેમાં બાંધ. પરમાં ક્યાંય હરખ લાવવા જેવું નથી. પોતે પોતાનું સ્વરૂપ સમજી, મહિમા લાવી તેમાં ઠરી જવા જેવું છે.

જ્ઞાન, આનંદ, પ્રભુત્વ, વિભુત્વ, પ્રકાશ, સ્વચ્છત્વ આદિ અનંત ગુણોનો પિંડ આત્મા પોતાના જ ભાવ એટલે પર્યાય દ્વારા જણાય છે. ભાવ દ્વારા જ ભાવવાન જણાય એવું એનું સ્વરૂપ છે. અહીં ભાવ એટલે પર્યાય સમજવી. પોતે જ જ્ઞાતા થઈને પોતાને જ્ઞેય બનાવી અનુભવ કરે તેમાં તેને કોઈની સહાયની જરૂર નથી. પોતાની પર્યાય સીધી સ્વસંવેદન કરે છે. સીધી એટલે વિકલ્પ કે રાગાદિની સહાય વગર સીધી આત્માને ગ્રહણ કરી લે છે, આ જ અનુભવની વિધિ છે, તેમાં કાંઈપણ ફેરફાર માનશે તો આત્માનો પત્તો નહિ લાગે.

પૂજ્યપાદસ્વામીએ ઢંઢેરો પીટીને ઇષ્ટોપદેશ જગતની સામે જાહેર કર્યો છે. આ કાંઈ ગુપ્ત રાખવાની ચીજ નથી, વ્યવહારની રુચિવાળાને પૂજ્યપાદસ્વામી કહે છે કે વ્યવહાર વડે આત્મા નહિ પમાય, તેના વડે તારી મોટપ તને લક્ષમાં નહિ આવે અને ત્યાં સુધી વીર્ય અંદરમાં નહિં વળે. આહાહા!....ભારે વાત! પર ચીજથી ધર્મ થાય એ વસ્તુના સ્વરૂપમાં જ નથી.

અહીં તો આઠ વર્ષની બાલિકા હોય કે ૧૦૦ વર્ષની ડોશી હોય કે મોટો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમલદાર હોય, બધાનો આત્મા આવો છે. શરીરમાં બધાને ભલે ફેરફાર છે પણ આત્માને શરીર સાથે કાંઈ સંબંધ નથી.

આત્માને લોકાલોકનો જાણનાર કહ્યો પણ લોક એટલે શું? તો કહે છે કે લોક એટલે જેમાં અનંત જીવો, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, અસંખ્ય કાળાણુઓ અને લોકાકાશથી ભરેલો છે તે લોક. આ છએ દ્રવ્યો જયાં રહે છે તે લોક અને તે સિવાયનું ખાલી આકાશ તે બધું અલોક છે. છ દ્રવ્યોથી ભરેલું જ લોકનું અસ્તિત્વ છે અને જયાં બીજા દ્રવ્યોનો અભાવ છે તેવું અનંત-અમાપ આકાશ તે અલોકાકાશ છે. આવું આ અલોકાકાશ અને એ સિવાયના છ દ્રવ્યોને તેના ભેદ-પ્રભેદ સહિત, ગુણ-પર્યાય સહિત જાણવાનો આત્માનો સહજ સ્વભાવ છે.

જીવોને અધ્યાત્મશાસ્ત્રોનું વાંચન નહિ અને વ્યવહારના શાસ્ત્રોનો રસ ઘણો, પણ તેમાં આત્મતત્ત્વ હાથ નહિ આવે. અરે! જીવને પોતાના તત્ત્વનું માહાત્મ્ય કેવું છે તેનું ભાન નથી.

બહારના સાધનથી આત્મા સમજાય એવો નથી. પોતાના જ જ્ઞાનથી બધાંની સત્તાને જાણે એવો આત્માનો સ્વતઃ સ્વભાવ છે. લોકાલોક છે માટે તેને જાણે છે એમ પણ નથી. જાણવાનો સહજ પોતાનો સ્વભાવ છે. તેને જો કાઢી નાખીશ અથવા પરથી જાણવાનો સ્વભાવ માનીશ તો તારું અસ્તિત્વ જ નહિ રહે, આત્મા જ નહિ રહે.

અરે પ્રભુ! ઘરના પાંચ માણસની જાણકારી રાખવામાં પણ કેટલી ઉપાધિ રહે છે તો આખા લોકાલોકને જાણવામાં કેટલી ઉપાધિ? અરે ભાઈ! એ ઉપાધિ જાણવાથી નથી. રાગ કરવાથી ઉપાધિ છે, જાણવાથી નહિ. જીવને વસ્તુના સ્વરૂપની જ ખબર નથી. જાણવું એ તો સ્વભાવ છે તેમાં ઉપાધિ શું? અનંત પદાર્થોને જાણવા એ ઉપાધિ નથી પણ એ તો આત્માનો નિરૂપાધિ સ્વભાવ છે.

જાણવામાં ઉપાધિ લાગે છે, તેને આત્માના જ્ઞાનગુણના સામર્થ્યની જ ખબર નથી. યોગદર્શનમાં કહે છે કે બુદ્ધિ અને સુખ જેનામાં નથી તે આત્મા છે. તેની આ વાત અહીં ખંડિત થાય છે. બુદ્ધિ અને સુખ જેનામાં છે તે જ આત્મા છે. જુઓ! આત્મા ....આત્મા....તો બધાં ધર્મોવાળા કહે છે પણ આત્મા કેવો અને કોણ તેની કોઈને સાચી ખબર નથી. પોતાની પુંજી કેટલી છે તેની જેને ખબર નથી એવા બેખબરાને આત્મા હાથ નહિ આવે.

ભગવાન આત્મા અનંત સુખસ્વરૂપ છે. જેમ ચોકીમાં મોહનથાળ ઢાળે છે તેમ પ્રભુ! તારા આત્માની અસંખ્ય પ્રદેશી ચોકીમાં અનંત આનંદના ઢાળા ઢળેલાં છે. તેમાં એકાગ્રતાના ભાવથી તેને અનુભવવો એ તારી તાકાત છે. ભાઈ! કરવા જેવું તો આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અસંખ્યપ્રદેશી ચોકીમાં દળદાર આનંદના ઢાળા ઢળ્યા છે કે જેમાં દુઃખની ગંધ નથી, રાગનો સ્પર્શ નથી અને શરીરનો સંબંધ નથી. તારે સુખી થવું હોય તો આવા આત્માને અનુભવમાં લે!

વિકલ્પ એ તો સંયોગીભાવ છે. સંયોગીભાવે સ્વભાવભાવ જાગૃત થાય એમ ન બને. અનંત અનંત બેહદ આનંદ જેનો સ્વતઃ સ્વભાવ છે તેમાં દુઃખ દેખાય છે એ તો ક્ષણિક છે. આવું વસ્તુસ્વરૂપ બતાવીને, વસ્તુમાં આનંદ નહિ માનનારા સાંખ્યમતનું ખંડન કર્યું છે.

ફરી કહે છે પોતાની લાયકાત પ્રમાણે જે શરીર મળ્યું છે તે શરીરપ્રમાણ આત્મા છે. શરીરપ્રમાણ હોવા છતાં શરીરથી પોતે જુદો છે. અરે પ્રભુ! તેં તારું નિજઘર જોયું તો નહિ પણ પોતાના ઘરની સંતો મહિમા કરે છે તે સાંભળી પણ નહિ! પછી આત્માનું હિત કરશું...પછી કરશું...પછી કરશું....કરતો રહ્યો અને ભવ પૂરો થઈ ગયો. શરીર પલટે, કર્મ પલટે, પુણ્ય–પાપના ભાવ પલટે, રાગ-દ્વેષ પલટે પણ વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે તે દ્રવ્યસ્વભાવ કદી પલટતો નથી. એવા તારા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કર તો ભવના અંત આવે.

આ ગાથામાં આત્માને લોકાલોકનો જાણનાર કહેતાં યોગદર્શનનું ખંડન થયું, અનંત સૌખ્યવાન કહેતાં સાંખ્યમતનું ખંડન થયું, આત્માને શરીર પ્રમાણ કહેતાં આત્માને વડના બીજ જેવડો અત્યંત નાનો માનનાર–વટકણિકામાત્ર માનનારાઓની વાતનું ખંડન થયું તથા આત્માને નિત્ય કહેતાં એક ભવ પૂરતો આત્માને માનનાર ચાર્વાકમતનું ખંડન થયું. હવે સ્વસંવેદનની વ્યાખ્યા આગળની ગાથામાં કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૨૦ ]

## આત્માની સિદ્ધિ માટેના સર્વ પ્રમાણોમાં
# સ્વસંવેદન-પ્રમાણ જ મુખ્ય છે.

[ તા. ૬-૪-૬૬ ]

આ ઇષ્ટોપદેશ નામનું શાસ્ત્ર, દિગંબર સંત આચાર્ય પૂજ્યપાદસ્વામીએ રચ્યું છે. તેમાં ૨૧ મી ગાથા ચાલે છે.

આત્માનું સ્વરૂપ કેવું છે? તે પ્રશ્નના જવાબમાં આ ગાથા છે. આત્મા લોકાલોકને જાણનાર છે. લોકાલોક છે એ જાણ્યું કોણે? તેનો જાણનારો આત્માનો જ્ઞાનસ્વભાવ છે. તે પહેલાં નક્કી કરવું પડશે. આત્મા શરીરપ્રમાણ છે. શરીરની બહાર આત્મા વ્યાપતો નથી. આત્મા નિત્ય ટકનાર છે અને અનંત આનંદમય છે. અનંત સુખથી ભરચક ભરેલું તત્ત્વ છે. આ આત્મતત્ત્વ સ્વસંવેદનરૂપ છે. પોતાને પોતાથી જાણી શકાય એવું આત્માનું સ્વરૂપ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ આદિના નિમિત્તથી કે રાગની મંદતાથી જાણી શકાય એવું આત્માનું સ્વરૂપ નથી.

હવે શિષ્યને શંકા થાય છે કે પ્રમાણસિદ્ધ વસ્તુના ગુણગાન કરીએ તે તો બરાબર છે પણ આત્મા તો અરૂપી છે તે જ્ઞાનમાં-પ્રમાણમાં સિદ્ધ થઈ શકે એટલે કે સાબિત થઈ શકે એવું લાગતું નથી. તો જે પ્રમાણમાં સિદ્ધ થતું નથી તેના ગુણગાન શા? ઉપર કહ્યાં તેવા આત્માના વિશેષણો પ્રમાણથી સિદ્ધ થયા વિના કોના માનવા?

શિષ્યના પ્રશ્નના જવાબમાં પૂજ્યપાદસ્વામી કહે છે કે આત્મા સ્વસંવેદન પ્રમાણથી બરાબર જાણી શકાય છે. આત્મા જ્ઞાતા થઈને પોતાને જ જ્ઞેય બનાવીને જ્ઞાનમાં બરાબર પોતાનું સ્વરૂપ જાણી શકે છે. પુણ્ય-પાપના રાગ અને સંયોગોનું જોડાણ છોડી દઈને -લક્ષ છોડી દઈને શુદ્ધ, ચૈતન્યઘન, અનાકુળ આનંદસ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે એવા ધર્મીજીવને પોતાથી પોતાનું વેદન થાય છે. પોતે જ જ્ઞાતા થઈને પોતાને જ્ઞેય બનાવે ત્યારે જ્ઞાન થાય છે. આત્મા પોતે જ પોતાથી જણાવા લાયક છે. જાણનારો પણ આત્મા અને જણાવા યોગ્ય પણ આત્મા પોતે છે માટે આત્મા પ્રમાણસિદ્ધ છે.

એક સેકંડના અસંખ્યમાં ભાગમાં લોકાલોકને જાણનારો, શરીરપ્રમાણ, નિત્ય સુખસ્વરૂપ એવો આત્મા પોતાના પ્રમાણજ્ઞાનમાં પ્રમેય થાય છે. સ્વજ્ઞેયને જ્ઞાનમાં લઈને જ્ઞાતા થવાનો આત્માનો વાસ્તવિક સ્વભાવ છે તથા લોકાલોકને જાણનારો પણ આત્મામાં સ્વતઃ સ્વભાવ છે. લોકાલોક છે માટે જણાય છે એમ નથી. જાણવાનો આત્માનો સ્વતઃ સ્વભાવ છે. લોકાલોકના સ્વરૂપને જાણનારું આત્માનું જ્ઞાનસામર્થ્ય ન હોત તો આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકાલોક છે એમ કોણ કહી શકે? જ્ઞાનસ્વભાવ જ એવો છે કે જે લોકાલોકને જાણી શકે. જેમ લોકાલોક એક સત્તા છે તેમ તેને જાણવાનો સ્વતઃ સ્વભાવ ધરનારી જ્ઞાન–આનંદરૂપ વસ્તુ એ પણ એક સત્તા છે. આહાહા.... ! ગજબ વાત છે.

અહીં તો એમ કહે છે કે કેવળ પરને જ જ્ઞેય કરવું નથી અને કેવળ પરનું જ જાણનાર થવું નથી પણ પોતે જ પોતાને જ્ઞેય બનાવી પોતે જ જ્ઞાતા થઈને અંતર સ્વભાવમાં સમાઈ જવું છે. સ્વભાવને ઓળખીને સ્વભાવમાં ઠરી જવું છે. હીરો જોયા વગર તેના વખાણ કરવા ખોટાં છે પણ જોઈને વખાણ કરે તે સાચાં છે, તેમ આચાર્યદેવ ચૈતન્યહીરો જોઈને–પ્રમાણજ્ઞાનથી સિદ્ધ કરીને તેના ગુણગાન કરે છે. લોકાલોક એક મહાસત્તા છે પણ જ્ઞાન તો લોકાલોકને અડ્યા વિના, તેનું લક્ષ કર્યા વિના, લોકાલોકની સત્તાની હાજરી છે માટે નહિ પણ પોતાની સત્તાના સામર્થ્યથી લોકાલોકને એક સમયમાં જાણી લે છે. એવું જ તેનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે.

પરદ્રવ્ય–પરભાવના સહારા વિના આત્મા સ્વતઃસ્વભાવથી પ્રમાણસિદ્ધ છે. છતો અછતો ન થાય. સ્વતઃ સ્વભાવ છે તે જ્ઞાનમાં અછતો ન રહે; છતો થાય–પ્રગટ થાય. અનુભવ પ્રકાશમાં દાખલો આપ્યો છે કે પિતા બજારમાં ગયેલ હોય, છોકરાં ઘરે હોય અને બજારમાં એને કોઈ પૂછે કે તમારે છોકરા છે? તો હા પાડશે. કેમ ભાઈ! તારી સાથે કયાં છે? અરે ! સાથે નથી પણ છે તો ખરાં ને! છતા ને અછતા કરાશે? તેમ ભગવાન આત્મા અખંડાનંદ એક સમયમાં લોકાલોકને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે તેને નથી એમ કોણ કહી શકે? ધર્મી જીવ પોતાના જ પ્રમાણજ્ઞાનથી આત્માના સ્વરૂપને સ્વીકારે છે. ભગવાન કહે છે માટે નહિ. પોતાના જ પ્રમાણથી પોતાનું સ્વરૂપ સિદ્ધ થાય છે. ત્યાં બીજાનાં પ્રમાણની જરૂર નથી, પોતાથી પોતાનું જ્ઞાન થવું તે જ સ્વસંવેદન છે. તેને સ્વસંવેદન કહો, અનુભવ કહો, સમ્યગ્દર્શન કહો કે જે કહો તે એ જ છે.

જેનું જે સ્વ–રૂપ છે, સ્વભાવ છે, સત્ત્વ છે તેને બીજાના પ્રમાણથી માનવાનું કયાં રહ્યું? પોતાથી જ સ્વરૂપ સિદ્ધ છે. પોતે જ પોતાનો જ્ઞાતા થવાને લાયક છે અને જીવ પોતે જ પોતાને જ્ઞેય બનાવવાને લાયક છે. તેથી પોતે જ પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાતાપણે જાણી શકે છે. આ તેનો સહજ સ્વભાવ છે. વિકલ્પના કાળે આત્માને વિકલ્પનું જ્ઞાન થાય છે પણ તે વિકલ્પના કારણે નહિ, વિકલ્પના સહારેથી નહિ પણ પોતાના જાણક સ્વભાવથી જ્ઞાન થાય છે.

જીવોને હજુ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. ભાષામાં આત્માની મહિમા કરે પણ અંતરથી આત્માની મહિમા આવતી નથી. પણ ભાઈ! જ્યાં સુધી તું હૃદયમાં આત્માને સ્થાપીશ નહિ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે. અનુભવ પ્રકાશમાં કહ્યું છે કે જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, નિમિત્તમાં કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારમાં ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ-મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર! વિશ્વાસ લાવ!

જે વસ્તુ છે તેના સ્વભાવની હદ ન હોય. મર્યાદા ન હોય. તેને પરાશ્રય ન હોય. જે સ્વભાવભાવ છે તેને પરાશ્રયતા કેમ હોય? અચિંત્ય સ્વભાવમાં અપૂર્ણતા કેમ હોય? સાક્ષાત્ પરમેશ્વરનું રૂપ જ આ ભગવાન-આત્મા છે. પરમેશ્વરમાં અને દરેકના ભગવાન-આત્મામાં કાંઈ ફેર નથી. આવા પોતાના આત્માને દૃષ્ટિમાં ન લે ત્યાં સુધી સ્વસંવેદન પ્રમાણ સિદ્ધ થઈ ન શકે. પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે. જે પર્યાય દ્રવ્યને દૃષ્ટિમાં લે છે તે પર્યાયની મહિમાનો પણ પાર નથી તો દ્રવ્યની મહિમાની શું વાત? આવી મહિમા જ્યાં સુધી ખ્યાલમાં ન આવે ત્યાં સુધી વીર્ય સ્વસંવેદન તરફ ન વળે.

હું જ જ્ઞેય અને હું જ જ્ઞાયક એટલે કે હું જ જણાવા યોગ્ય અને હું જ જાણનાર છું એમ વિકલ્પ રહિત થઈને જે સ્વસંવેદન કરે છે તે પ્રમાણ છે. ભગવાન કુંદકુંદ આચાર્યે સમયસારમાં કહ્યું છે કે 'जदि दायेज प्रमाणं' જો હું દેખાડું તો પ્રમાણ કરજે. આમ જે કહ્યું છે તે આ સ્વસંવેદન પ્રમાણની વાત છે. આત્માનું સ્વરૂપ જેવું હું દર્શાવું છું તેવું તું અનુભવ કરીને પ્રમાણ કરજે. તારા અંતરના પ્રમાણ માટે તારે બીજા કોઈની-સહાયની જરૂર નહિ પડે.

આકાશનું ક્ષેત્ર છે....છે....છે....અનંત ક્ષેત્ર છે તેનો અંત ક્યાંય નહિ આવે. તેમ કાળ છે....છે....છે....તેનો પણ ક્યારેય અંત નહિ આવે તો તેના જાણનાર જ્ઞાનમાં પણ ક્ષેત્રનો કે કાળનો અંત નહિ જણાય. અસ્તિ જ જણાશે. આત્મામાં પોતાના જ્ઞાનનો ભાવ, આનંદનો ભાવ, સ્વચ્છતાનો ભાવ, શુદ્ધતાનો ભાવ, શાંતિ-ચારિત્રનો ભાવ, વીર્યનો ભાવ આદિ દરેક ગુણોના ભાવો અમાપ છે છતાં તેને પણ આત્મા પોતે પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાયકપણે એક સમયમાં જાણી લે છે. પોતાના પ્રમાણજ્ઞાનમાં પોતાના અમાપ ભાવોનું જ્ઞાન થઈ જાય છે. બધાં પ્રમાણમાં આ સ્વસંવેદન પ્રમાણ જ મુખ્ય છે.

અરે! પ્રભુ! તારું સ્વરૂપ તારા જ્ઞાનમાં ન આવે અને ધર્મ થઈ જાય એ કેમ બને! પોતાથી જ પોતાનું પ્રમાણ થાય એવું જીવનું સ્વરૂપ છે. તેનાથી ઓછું, અધિક કે વિપરીત સ્વરૂપ માને તો એ તત્ત્વથી જ વિપરીત છે.

અતીન્દ્રિય આનંદથી ભગવાન આત્મા શોભે છે. લોકાલોકને જાણવા એ તો એનો સ્વભાવ છે. લોકાલોકનો આત્મા જાણનાર છે. પણ આત્માનું ક્ષેત્ર શરીરપ્રમાણ છે. આવું આત્માનું સ્વરૂપ અનુભવમાં વેદનમાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે શિષ્ય પૂછે છે કે આત્માની ઉપાસના કેવી રીતે કરવી? ભગવાનની ભક્તિ, પૂજા કરવાથી કે શાસ્ત્ર વાંચવાથી ભગવાનની ઉપાસના થાય કે નહિ?

અરે ભાઈ! ભક્તિ, પૂજાથી તો ભગવાનની ઉપાસના ન થાય પણ ભક્તિ-પૂજા આદિ ક્રિયાનું અંતરમાં માહાત્મ્ય રહી જાય તે પણ સાચી ઉપાસના કરવા નહિ દે. માહાત્મ્યવાળી મૂળ ચીજ જોઈ નથી તેથી બહારની ક્રિયામાં જીવ લેપાય જાય છે, તેનું તેને ભાન પણ હોતું નથી. વિકલ્પ અને રાગનું જેને માહાત્મ્ય આવે છે તેને નિજ-સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી.

તો આત્માની ઉપાસના કેવી રીતે કરવી? તેના ઉત્તરમાં ગાથા કહે છે.

**संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः ।**
**आत्मानमात्मवान्ध्यायेदात्मनैवात्मनि स्थितं ॥ २२ ॥**

ઇન્દ્રિય–વિષયો નિગ્રહી, મન એકાગ્ર લગાય,
આત્મામાં સ્થિત આત્મને, જ્ઞાની નિજથી ધ્યાય. ૨૨.

આવો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ છે. વ્યવહારના વિકલ્પથી કે નિમિત્ત આદિથી આત્માને સમ્યગ્દર્શન–જ્ઞાન કે–અનુભવ થશે એવો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ નથી. મનને એકાગ્ર કરીને એટલે કે સ્વ તરફ લક્ષ કરીને પાંચ ઇન્દ્રિયોને વશ કરી એટલે કે પર તરફનું લક્ષ છોડી, સ્વચ્છંદવૃત્તિનો ત્યાગ કરી, પોતામાં સ્થિત પોતાના આત્માનો પોતાથી અનુભવ કરી શકાય છે. શુદ્ધભાવની પર્યાય દ્વારા અખંડાનંદ ભગવાન આત્માને ધ્યાવવામાં આવે છે. આ રીતે પર તરફનું વલણ છોડી સ્વ તરફ વલણ કરી નિર્મળ પર્યાય દ્વારા આત્માનું ધ્યાન કરવું. આ જ સાચી ધ્યાનની વિધિ છે. એ સિવાય આત્માના ધ્યાનનો બીજો કોઈ ઉપાય નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૨૧ ]

# તારા પરમેશ્વરને તું દૂર ન દેખ
# તારો પરમેશ્વર તારી પાસે જ છે

[ તા. ૭-૪-૬૬ ]

અહીં સુખરૂપ આત્માની શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરવી, તે વાત ચાલે છે. આત્માની શાંતિ શરીર, વાણી, મનમાં નથી પણ આત્માની શાંતિ આત્મામાં જ છે. તેનું ધ્યાન કરવાની વાત છે. એકલી માખણની વાત છે.

સૌ પ્રથમ તો સર્વજ્ઞ ભગવાને આત્માનું સ્વરૂપ કેવું કહ્યું છે તે શાસ્ત્રજ્ઞાનથી જાણવું જોઈએ. ત્યાર પછી જેવું પોતાનું સ્વરૂપ છે તેમાં લીન થઈ તેનું ધ્યાન કરવું જોઈએ. એ જ શાંતિનો ઉપાય છે. બીજે કયાંય શાંતિનો કે ધર્મનો ઉપાય છે જ નહિ.

આત્મસ્વરૂપમાં એકાગ્ર થવા માટે પહેલાં મનને ઇન્દ્રિય વિષયોથી પાછું ફેરવવું પડે, એટલે કે મનનું પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ જતું વલણ સંયમમાં લાવવું જોઈએ. મનમાં વિકલ્પ ઉઠે છે તે પરજ્ઞેયો તરફનું વલણ બતાવે છે. આંખ બંધ હોય છતાં મનનાં રાગના વિકલ્પો અતૂટ ધારાએ ચાલ્યા કરે છે તેમાં આત્માનું કાંઈ હિત નથી. એકલો ચૈતન્યઘન આત્મા છે તેમાં પર તરફના રાગના વિકલ્પો ઉઠે છે તેને પહેલાં રોક! એમ પૂજ્યપાદસ્વામીનું અહીં કહેવું છે.

જીવને અશુભભાવથી બચાવવા માટેનું કથન હોય ત્યારે ભક્તિ, પૂજા, શ્રવણ, દાન આદિના શુભભાવ કર એમ કહેવામાં આવે છે પણ પરમાર્થે તેમાં કાંઈ આત્માનું હિત નથી. માટે અહીં શુદ્ધતાની પ્રાપ્તિ અર્થે-આત્મસ્વરૂપમાં લીનતા અર્થે શુભભાવના વિકલ્પને પણ રોકવાનો ઉપદેશ છે. મનનું પર તરફનું વલણ છે તે સ્વેચ્છાચારવૃત્તિ છે. તેને રોકે ત્યારે જીવ સ્વરૂપમાં લીનતા કરી શકે.

ઝીણી વાત છે પણ મૂળ હિતની વાત છે. ૨૧મી ગાથામાં આત્માનું સ્વરૂપ બતાવવામાં આવ્યું હતું કે આત્મા એક સમયમાં લોકાલોકને જાણનારો, શરીરપ્રમાણ, નિત્ય, અનંત સૌખ્યવાન વસ્તુ છે. હવે એવા આત્માનું અંતર-સ્વસંવેદન કેવી રીતે કરવું તેની વિધિ અહીં ૨૨મી ગાથામાં બતાવવામાં આવી છે. દરેક આત્માએ કરવા જેવું કાર્ય તો આ સ્વસંવેદન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મદ્રવ્ય કોઈ અચિંત્ય મહિમાવંત દ્રવ્ય છે, તેનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશ, તેનો કાળ અમાપ અને તેના ભાવની સંખ્યા પણ અમાપ અને ભાવનું સામર્થ્ય પણ અમાપ છે. આમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્માનું સ્વરૂપ શાસ્ત્રજ્ઞાન વડે પ્રથમ નક્કી કરવું જોઈએ. શાસ્ત્રજ્ઞાનથી આત્માનું સ્વરૂપ નક્કી કર્યા વિના માત્ર કપોલ-કલ્પિત ધ્યાન કરવા જાય તો એ ધ્યાન કોઈ કાળે સિદ્ધ થઈ ન શકે. જ્ઞાનમાં આત્માનું સ્વરૂપ સમજાયા વિના આત્માની મહિમા પણ ન આવે અને વિકલ્પ, રાગ તથા અલ્પજ્ઞતા આદિ ક્ષણિક ભાવોની મહિમા રહ્યાં કરે.

આત્મા આત્માથી આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષ કરી શકે છે. એ સ્વસંવેદનથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની ભક્તિનો ભાવ તે મોક્ષમાર્ગ નથી. સૌ પ્રથમ કરવા જેવું કાર્ય તો સ્વસંવેદન છે. ભગવાનનો આવો હિતકારી ઉપદેશ છે તે ઇષ્ટ-ઉપદેશ છે.

આત્માને આત્માથી જ ધ્યાવવો એટલે કે રાગ અને નિમિત્તના અવલંબન વગર સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાનથી આત્માના ત્રિકાળી સ્વભાવને ધ્યાવવો. શીરો કરવો હોય તો પહેલાં શીરો કરવાની રીત શીખવી જોઈએ. તેમ આત્માનું સ્વસંવેદન કરવું હોય તો પહેલાં તેની વિધિ શીખવી જોઈએ. આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં લેવું જોઈએ. રાગાદિ વિકલ્પો હિતકારક નથી, સહાયક નથી એમ નક્કી કરવું જોઈએ. કેમ કે જ્ઞાનથી જ્ઞાન થાય છે, રાગથી જ્ઞાન થતું નથી. સ્વભાવના વેદન માટે સ્વભાવ સિવાય બીજાં કારણો એટલે કે સાધનોની જરૂર નથી. જ્ઞાનથી જ જ્ઞાન પ્રગટે છે, માટે અન્ય સાધનો કે અન્ય કારણોની મદદની જરૂર નથી, માટે બીજા કારણો મેળવવાની ચિંતા છોડ.

પહેલાં વિશ્વાસ લાવ કે મારા જેવો કોઈ સુખી નથી, કેમ કે હું પરમ સ્વાધીન છું. મારે મારા કાર્ય માટે અન્ય સાધનોનું અવલંબન લેવું પડતું નથી. માટે હું પરમ સુખી છું એમ પહેલાં વિશ્વાસ લાવ! અસ્તિપણે સત્તાપણે બિરાજમાન ભગવાન આત્મા સ્વસત્તાના વિશ્વાસ વડે જ પ્રાપ્ત થાય તેમ છે. અમાપ....અમાપ આનંદ, જ્ઞાન આદિ અનંત ભાવોથી ભરેલો સ્વભાવ, પોતાના સ્વભાવના સાધનથી જ પ્રગટ થાય છે. પરના સાધનથી પોતાનો સ્વભાવ પ્રગટે એવું આત્માનું સ્વરૂપ જ નથી.

આ તો ભાઈ! તારા સ્વદેશમાં તને લઈ જવાની વાતો છે. તારો સ્વદેશ-સ્વભાવ છે ત્યાં તારું જ્ઞાન છે અને તેનું ભાન પણ ત્યાં જ થાય છે. અનુભવપ્રકાશમાં આવે છે 'તારા પરમેશ્વરને તું દૂર ન દેખ, તું તને પ્રભુપણે સ્થાપ.' તારો પરમેશ્વર તારી પાસે જ છે, વિકલ્પ કે વ્યવહારમાં તારો પ્રભુ નથી. તારું સામર્થ્ય તારી પાસે છે માટે તું તને પ્રભુપણે સ્થાપ! તારી પ્રભુતાનો સ્વીકાર કર! આ પ્રભુતાની પ્રતીતિનું અંતરથી જોર આવશે તો જ સ્વસંવેદન પ્રગટ થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વાનુશાસનમાં ૧૬૨ શ્લોકમાં લખ્યું છે કે 'સ્વ-પર પ્રતિભાસ સ્વરૂપ તારો સ્વભાવ છે.' સ્વ અને પરને જાણવાનો આત્માનો સ્વભાવ છે. આવો પોતાને અચિંત્ય સ્વભાવવાન ન માનતાં હું રોગી, હું રાગી-દ્વેષી, હું કાળો, હું રૂપાળો, હું પૈસાવાળો એમ પરપદાર્થમાં અને વિભાવમાં પોતાની અસ્તિ માનવી તે આત્માને કલંક છે.

શ્રોતાઃ—પ્રભુ ! આ તો બહુ અઘરી વાત લીધી.

અરે ! આ અઘરી વાત નથી. સૌ પ્રથમ પોતાની અસ્તિ સ્વીકારવી એ તો એકડાની જ વાત છે. આત્માની સત્તા કેવડી અને કેમ પ્રાપ્ત થાય તે પહેલાં એકડાની વાત છે. વ્યવહાર, નિમિત્ત અને સંયોગોમાં લોકો એવા ટેવાઈ ગયા છે કે તેને આ વાત અઘરી લાગે છે પણ દેહદેવળમાં બિરાજમાન દેવની અસ્તિ તો પહેલાં જ સ્વીકારવાની છે. સમવસરણમાં બિરાજે ઈ ભગવાન તારો નથી. પહેલાં સત્યનો અંતરમાં સ્વીકાર કરવો, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું વિશ્વાસમાં લેવું તે આત્મખ્યાતિ છે. વિશ્વાસ લઈને અંતરમાં જવાશે, વસ્તુસ્વરૂપના વિશ્વાસ વગર બિલકુલ અંતરમાં જઈ શકાશે નહિ.

અતીન્દ્રિય આનંદથી ઘડાયેલા આત્મડુંગરમાં જવાનો રસ્તો એક જ છે. પોતે પોતાના મહિમાવંત સ્વભાવનો વિશ્વાસ લાવી સ્વસંવેદન પ્રગટ કરવું તે એક જ માર્ગ છે. રાગ, વિકલ્પ આદિ તો મારા સ્વરૂપમાં નથી પણ અલ્પજ્ઞતા કે અપૂર્ણતા પણ મારા સ્વરૂપમાં નથી. અપૂર્ણ પર્યાય જેવડું મારું સ્વરૂપ નથી. કહે છે ને 'રણે ચડયાં રજપૂત છૂપે નહિ, દાતા છૂપે નહિ ઘેર માંગણ આયા.' ભગવાન કહે છે કે તું આખો આત્મા માગી લેજે એટલે કે સ્વીકારી લેજે, અધૂરી પર્યાય જેટલો જ તને ન માની લઈશ.

અનંત જ્ઞાનીઓ વાત કહેતાં આવ્યા છે, કહે છે અને ભવિષ્યમાં પણ આમ જ કહેશે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ દર્શાવે ને ! 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' કુદરતી સ્વભાવ છે તેમાં કોણ ફેરફાર કરી શકે ? સ્વતઃ સિદ્ધ અચિંત્ય નિજ આત્મ-સ્વરૂપ પોતાથી જ પોતાને જણાય એવું તત્ત્વ છે, એવો પહેલાં વિશ્વાસ કરવો પડશે ભાઈ ! જ્ઞાનીની વ્યાયામશાળામાં તું કદી આવ્યો નથી. જ્ઞાનીની કસરત કોઈ જુદી જાતની છે.

આત્મા પોતે જાણે અને પરને પણ જાણે એવો આત્માનો સ્વતઃ સ્વભાવ છે. તેથી જાણવાના કાર્યમાં તેને અન્ય કોઈ સાધનોની જરૂર નથી. આત્મા આત્માને આત્માથી આત્મામાં જાણી લે છે તેમાં તેને કોઈની મદદની જરૂર નથી. છતાં નિમિત્તની જરૂર છે એમ કહેનાર પોતે પોતાને પાંગળો ઠરાવે છે પણ ખરેખર સ્વભાવના સાધન માટે અન્ય કોઈ નિમિત્તોની આવશ્યકતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિથી વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાને બતાવ્યું છે, કાંઈ નવું ઉપજાવ્યું નથી. આત્માથી આત્માને ધ્યાવનારા જ્ઞાનીને શુભભાવ પણ આવે છે પણ તેની તેને કિંમત નથી. અજ્ઞાનીને એ શુભભાવમાં હોંશ આવે છે, મહિમા આવે છે. જ્ઞાની તેને સ્વભાવનું સાધન માનતાં નથી તેથી જ્ઞાનીને તેમાં હોંશ આવતી નથી.

સ્વભાવને સાધવા માટે કાંઈક સ્વનું સાધન અને કાંઈક પરનું સાધન માનનારાને આ એકલું સ્વભાવનું સાધન એકાંત લાગે. પણ આ એકાંત નથી, સમ્યક્ એકાંત છે. જ્યાં જ્ઞાન છે ત્યાં જ તેનું જ્ઞાન થાય છે, તેમાં પરના કે નિમિત્તના સાધનની અપેક્ષા નથી. નિમિત્તમાં જ્ઞાન નથી. જ્ઞાન આત્મામાં છે. જ્ઞાન જ્યાં હોય ત્યાં જ તેનું જ્ઞાન થાય. તેથી આત્માથી જ જ્ઞાન થાય છે.

પરમાર્થથી દરેક પદાર્થ પોતાના સ્વરૂપથી રહેલો છે. તેથી આત્માના દરેક ભાવોનો આધાર આત્મા છે. સ્વભાવનો આધાર સ્વભાવ છે, માટે સ્વભાવની પ્રાપ્તિ પણ સ્વભાવથી છે. વ્યવહાર, રાગાદિ આત્માનો આધાર નથી. તેનાથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. તેથી મોક્ષાર્થીને ઉચિત છે કે તે પાંચ ઇન્દ્રિયને સંયમમાં રાખી આત્માથી આત્માને ધ્યાવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવચન નં. ૨૨ ]

# પ્રભુ ! તારી પ્રભુતાનો વિશ્વાસ કર !

[ તા. ૮-૪-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત આ ઈષ્ટોપદેશ ગ્રંથ છે. તેમાં ૫૧ ગાથા દ્વારા આત્માનું હિત કેમ થાય તે વાત બતાવી છે. અહીં આપણે ૨૨મી ગાથા ચાલે છે.

૨૧ મી ગાથામાં કહ્યું કે આત્મા લોકાલોકને જાણનારો છે, નિત્ય છે, શરીર પ્રમાણ છે અને અનંત સુખ સ્વરૂપ છે. આવો આ આત્મા સ્વસંવેદન પ્રમાણથી જાણી શકાય છે એટલે કે જ્ઞાન પોતે જ પોતાને પોતાથી જાણી શકે એવું સ્વસંવેદનગમ્ય આત્માનું સ્વરૂપ છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે આવા આ આત્માની ઉપાસના કેવી રીતે કરવી? સેવા કેવી રીતે કરવા અને તેમાં એકાગ્રતા કેમ કરવી? કે જે કરવાથી આત્માનું હિત થાય.

સારમાં સાર આ વાત છે. ભગવાનની સેવા તો શુભભાવ છે. આત્માની સેવા કરવી તે ધર્મ છે. તેથી શિષ્ય પૂછે છે કે આત્માની ઉપાસના કેવી રીતે કરવી? અમારું હિત અમારે કેવી રીતે કરવું? જુઓ! શિષ્ય પ્રશ્ન પણ કેવો પૂછે છે! એમ નથી પૂછતો કે અમે મંદિર બંધાવીએ, શુભભાવ કરીએ તો અમને ધર્મ થાય ને? તેને મુનિરાજ ઉત્તર આપે છે.

આ તો ત્રિલોકીનાથ પરમાત્માએ આપેલો ઇષ્ટ ઉપદેશ છે. આત્માનું અનાદિ સનાતન સત્યસ્વરૂપ જ એવું છે કે તે સ્વ-પરને જાણનારો છે. પોતાને પોતાથી જાણનારો છે, જડ પદાર્થો અને તેની ક્રિયાને જાણનારો છે અને શુભાશુભ ભાવોને પણ જાણનારો છે. આત્માનો જાણવાનો સ્વતઃસ્વભાવ હોવાથી જાણવાની ક્રિયામાં તેને અન્ય દ્રવ્યોની સહાયની જરૂર પડતી નથી. તેમ પોતાના સ્વભાવમાં એકાગ્ર થવામાં પણ તેને અન્ય કારકો (સાધનો)ની જરૂર નથી.

ઇન્દ્રિયવિષયો અને શુભાશુભ વિકલ્પો છોડી પોતાના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા આત્મા પોતે જ પોતાની કરે છે. પોતાના સ્વભાવની સાધના કરવા માટે આત્માને અન્ય કારકોની જરૂર નથી. આ ઉપદેશનું નામ જ ઇષ્ટ ઉપદેશ છે. આ ઉપદેશ આત્માનું હિત કરવાવાળો છે. જડની ક્રિયાથી કે શુભભાવથી હિત થાય એવો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ નથી.

ભગવાન! તારામાં શું અપૂર્ણતા છે કે તારે પરની સહાય લેવી પડે! તું તો પૂર્ણાનંદરૂપ મુક્તિનો નાથ છો-સ્વામી છો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દિગંબર સંત પૂજ્યપાદસ્વામી જગતને હિતનો ઉપદેશ આપે છે કે હે જીવો! તમારું અનાદિ અનંત શાશ્વત અસ્તિત્વ છે. તમે જ્ઞાન–દર્શન આદિ અનંત ગુણોના પિંડ સ્વરૂપ પરમાત્મા છો. તેમાં એકાગ્રતા કરવાનું સાધન પણ તમારામાં છે. સ્વાત્માને સાધવાનું સાધન શરીરની ક્રિયા કે શુભાશુભ ભાવોમાં નથી. તમારા સ્વભાવમાં જ સાધન છે. માટે તમે ચિંતા છોડો અને સ્વભાવને સાધો.

અહા! એ લીટીમાં તો આખા જૈનશાસનનો સાર ભરી દીધો છે.

પ્રભુ! તમે તો પૂર્ણાનંદના નાથ છો ને! તમારે અંતર એકાગ્રતા કરવા માટે બિલકુલ પરના સાધનોની જરાય આવશ્યકતા નથી. આ સંવર–નિર્જરાની ક્રિયા ઉત્પન્ન કરવાની વાત ચાલે છે. શરીરાદિ પરદ્રવ્યથી ભિન્ન, કર્મથી, પુણ્ય–પાપ ભાવથી પણ ભિન્ન આત્મા પોતાના સ્વભાવથી સંપન્ન છે.

ભાઈ તું શાંત થા! ધીરો થા! તારી પ્રભુતા પ્રભુ! તારી પાસે જ છે અને તારી પ્રભુતાનો ઉપયોગ તું કરી શકે છે. તારી પ્રભુતાથી તું સ્વભાવનું સાધન કર, તેમાં તારે બીજાની પાસે દીનતા કરવાની જરાય જરૂર નથી. ત્રણ ભુવનના નાથ તીર્થંકરદેવ સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમોસરણમાં આ વાત ફરમાવતાં હતાં. તેની જ માર્ગ પરંપરામાં આ વાત મુનિરાજ ફરમાવે છે. તેનો તું વિશ્વાસ કર! પ્રતીતિ લાવ!

શુભાશુભ ભાવ અને તેમાં હર્ષ–શોકની કલ્પનારૂપ વિકાર પર્યાયમાં છે પણ સ્વરૂપમાં તે નથી. એ તો ઉપરના ગુમડા છે તે સ્વભાવમાં નથી. પરદ્રવ્ય, પરભાવને પોતાના માનવા કે તેનો કર્તા થવું તે આત્માના સ્વભાવમાં નથી. સ્વ–પરને જાણવાનો સ્વભાવ ત્રિકાળ છે. તેની સન્મુખ દૃષ્ટિ કરવાનું સાધન પણ સ્વભાવમાં છે. તેથી તેમાં પણ તેને પરસહાયની જરૂર નથી. સ્વભાવની સાધનામાં શુભભાવ પણ મદદગાર નથી. શુભભાવની જ્ઞાનમાં જ્ઞેય થવાની લાયકાત છે અને જ્ઞાનમાં તેને જાણવાની તાકાત છે. પણ તેનાથી આત્માનું હિત થશે તે વાત નથી.

શિષ્યના પ્રશ્નના જવાબમાં મુનિરાજ મૂળ પૂંજીની વાત કરે છે. ભગવાન! તું તો પરિપૂર્ણ ગુણથી ભર્યો છો ને! તારી પર્યાય વર્તમાનમાં એકાંત પરલક્ષી અને એકાંત પરને જાણવાવાળી થઈ છે તે તારો સ્વભાવ નથી. પરને પોતાના માનવા કે તેનો કર્તા થવું એ તો તારા સ્વભાવમાં છે જ નહિ પણ સ્વને જાણ્યા વિના એકલા પરને જાણવું એ પણ તારી પર્યાયનો વાસ્તવિક સ્વભાવ નથી. સ્વ-પર બંનેને જાણવાનો તારો સ્વભાવ છે. સ્વભાવ તરફ દૃષ્ટિ કરતાં જ પર્યાયમાં સ્વ-પરને જાણવાનો સ્વભાવ પ્રગટ થાય છે.

**સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાતેં વચન ભેદ ભ્રમ ભારી,**
**જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પર રૂપા ભાસી.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન એમ ફરમાવે છે કે જીવની સ્વ-પર પ્રકાશક શક્તિ તે તેનો સ્વભાવ છે, તેથી સ્વ-પર પ્રકાશક પર્યાય પ્રગટ કરવામાં તેને કોઈ રાગ કે નિમિત્તના સાધનની જરૂર નથી. જો તને ભગવાનની શ્રદ્ધા હોય તો ભગવાન તો આમ કહે છે તેનો તું સમજીને સ્વીકાર કર!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ત્રણ રત્નત્રય છે તેમ અનંત વીર્ય, પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા આદિની નિર્મળ પર્યાયો પણ રત્ન છે. આત્મા અનંત રત્નોની મોટી ખાણ છે. અંતર એકાગ્રતાના સાધન વડે તે રત્નો પ્રગટ કરવાથી આત્માનું હિત થાય છે.

દિવાળીમાં વેપારીઓ ચોપડાં તપાસે છે ને! તેમ જેને પોતાનું હિત કરવું છે તેણે આ વીતરાગની વાણીના ચોપડાં તપાસવા જોઈએ.

'પ્રભુ! અમારે અમારું હિત કરવું છે. અનંતકાળમાં એક સમય પણ અમે અમારું હિત કર્યું નથી. હવે અમે અમારું હિત કરવા જાગૃત થયા છીએ. માટે પ્રભુ! અમને અમારું હિત બતાવો.'

પ્રભુ કહે છે કે ભાઈ! તારું હિત તારાથી જ થાય તેમ છે. તારામાં કરણ નામનો ગુણ છે. તે સાધન વડે તું તારું હિત સાધી લે, ભાઈ! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ આદિ અનંતી શક્તિ તારા સ્વભાવની ખાણમાં જ ભરી છે તેને પર્યાયમાં પ્રગટ કરવામાં તારે અન્ય કોઈ સાધનોની જરૂર નથી. અભિપ્રાયમાં પ્રથમ આમ નક્કી કર કે મારું હિત મારાથી જ થાય તેમ છે.

અતીન્દ્રિય આનંદ સ્વરૂપ નિજ આત્મામાં એકાગ્રતા કરવાવાળો જીવ સ્વતઃ પોતામાં એકાગ્રતા કરે છે. સ્વતઃ સેવા કરે છે. તેમાં તેને અન્ય દ્રવ્યોની મદદની જરૂર નથી. અન્ય દ્રવ્યો જ્ઞાનમાં જણાય તો ભલે જણાય પણ તે મને જરાય હિતકારક નથી. આવો પહેલાં નિર્ણય જોઈશે, નિર્ણયની ભૂમિકા યથાર્થ થયા વિના હિતનો પંથ હાથ આવે તેમ નથી. માટે પ્રથમ યથાર્થ નિર્ણય કરો...

અરે! આ પોતાની સ્વાધીનતાની વાત જ્યાં સુધી રુચિમાં પણ ન બેસે ત્યાં સુધી સ્વભાવ-સન્મુખતા નહિ થાય અને ત્યાં સુધી આત્માનું હિત નહિ થાય. માટે પહેલાં રુચિમાં આ વાત બેસવી જોઈએ.

ઇશ્વરસ્વરૂપ ભગવાન આત્માને પોતાની ઇશ્વરતાના સાધનમાં કોઈની પાસે પામરતા કરવી પડે તેમ નથી. તેમ જ અન્ય દ્રવ્યના કાર્યમાં પોતે પણ મદદગાર થઈ શકતો નથી. દરેક દ્રવ્યનું કાર્ય સ્વતંત્ર અન્ય દ્રવ્યોથી નિરપેક્ષપણે થાય છે તેને આત્મા જાણે પણ કાંઈ કરે નહિ.

માટે હે જીવો! પરદ્રવ્યમાં ફેરફાર કરવાની અને સ્વકાર્યમાં અન્ય સાધન શોધવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિંતા છોડી, સ્વસંવેદનથી નિજાત્માનો અનુભવ કરો! આત્માનું જ્ઞાન કિરણ જે પ્રગટ છે તે પ્રગટ પર્યાય દ્વારા આત્માને જાણો!

પોતાના જ સાધન વડે પોતાનું કાર્ય કરતાં જ્યાં સુધી પૂર્ણતાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વચ્ચે રાગના વિકલ્પો આવે, ન આવે એમ નથી. રાગ આવે તેને જાણવો પણ તેને સ્વરૂપસાધનમાં સહાયક ન માનવો. પરદ્રવ્ય, નિમિત્ત કે રાગની અપેક્ષા વિના જ્ઞાન જ્ઞાનથી નિજ શુદ્ધસ્વરૂપ આત્માને જાણી લે છે. સ્વસંવેદનરૂપ સાધનથી જ પોતાનો અનુભવ કરી લે છે.

નિમિત્ત-ઉપાદાન, વ્યવહાર-નિશ્ચય, ક્રમબદ્ધ આદિ બધાં સિદ્ધાંતોનો ખુલાસો આમાં આવી જાય છે. ક્રમબદ્ધ આદિ સિદ્ધાંતોનો નિર્ણય કરવાવાળો પણ હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું, શુભાશુભ રાગાદિનો કર્તા હું નથી, હું તો જ્ઞાયક છું એમ નક્કી કરે ત્યારે ક્રમબદ્ધનું તાત્પર્ય સિદ્ધ થાય છે. જે થાય છે તેને કરવું શું?-જાણવું. દેહની ક્રિયા થાય છે તેને કરવી શું? જાણવું, રાગ થાય છે તેને કરવો શું?-જાણવું. બસ! જાણવું-જાણવું-જાણવું એ જ જીવનું કાર્ય છે.

અહા! આત્મા પરમાત્મશક્તિથી બિરાજમાન છે. આત્મા પાંગળો નથી. પોતાની સ્વપરપ્રકાશક શક્તિ સહિત છે. જ્ઞેય બે પ્રકારના છે. સ્વજ્ઞેય અને પરજ્ઞેય. રાગ પણ પરજ્ઞેય છે. આત્મા નિજરૂપને પણ નિહાળે અને પરદ્રવ્ય-પરભાવને પણ જાણે.

થોડી પણ સત્ય વાત સમજાય તો તેમાં લાભ મોટો થાય છે, પણ વિપરીતતા ભરેલી અનેક વાતો સમજે પણ તેમાં લાભ શું? સત્યસ્વરૂપ વસ્તુનો એક પણ ભાવ જો રુચિ જાય તો પછી બધાં ભાવો રુચે જ. જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે 'ભગવાને કહેલો એક પણ ભાવ સમજે તેને સર્વભાવો સમજાઈ જાય છે.'

સ્ત્રીનું શરીર મળવાથી આત્મા સ્ત્રી થઈ જતો નથી, પુરુષનું શરીર મળવાથી પુરુષ બની જતો નથી. તેમ પર્યાયમાં રાગ થવાથી આત્મા રાગી બની જતો નથી. આત્માનું સ્વરૂપ જ કોઈ મહાન છે. ભગવાન ફરમાવે છે કે આત્મા રાગરહિત ત્રિકાળ વીતરાગસ્વરૂપ છે. આવા આત્માનો-તારા સ્વભાવનો તું સ્વીકાર કર! ના ન પાડ!

ભગવાન આત્મા ચિદાનંદ રતનની જ્યોત, દેહ, વાણી, મન તથા રાગથી રહિત, જ્ઞાનથી જીવતી જ્યોત છે. તેને પરદ્રવ્યનો બિલકુલ સહારો નથી. આમ પહેલાં નિર્ણય કરવો, શ્રદ્ધા કરવી અને પછી અંતર એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરવો, તે હિતનો માર્ગ છે. એ સિવાય મંદિર બંધાવવાથી કે દાન દેવાથી કે એવી કોઈ પણ પરદ્રવ્યની ક્રિયા કરવાથી અથવા શુભભાવ થવાથી જે હિત માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. મંદિર આદિ પુદ્ગલની રચના પણ થાય અને તેને યોગ્ય રાગ પણ આવે. બધું પોત પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણે થાય, તેમાં પોતે કર્તાબુદ્ધિ કરીને પોતાનું હિત માને છે તે માન્યતા મિથ્યાત્વ છે.

પરમાર્થથી સર્વભાવો પોત-પોતાના આધારે છે. 'सर्व भावानाम् स्वरूप मात्र आधारत्वान् ।' અન્યના આધારે આત્મા નથી અને આત્માને આધારે અન્ય નથી, સર્વને પોતાનો આધાર છે. આ વાત સ્વીકારવી અઘરી લાગે તોપણ જેવું સ્વરૂપ છે તેવું જ સ્વીકારવું પડે. શીરો કરવો હોય તો ઘીમાં લોટ શેકીને પછી જ ગોળનું પાણી નખાય. ગોળના પાણીમાં લોટ નાખીને ઉપર ઘી નાખવાથી શીરો ન બને. માટે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું સ્વીકારવાથી જ લાભ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૨૩ ]

# પોતાના પરમાત્મામાં એકાગ્રતા કરવી તે મુક્તિનો માર્ગ છે

[ તા. ૯-૪-૬૬ ]

આ ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૨૨ મી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે પ્રભો! આત્માના હિતનો ઉપાય શું છે તે મને કૃપા કરીને સમજાવો; તેનો અહીં પૂજ્યપાદસ્વામી ઉત્તર આપે છે.

ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. અજ્ઞાની જીવનું વલણ જે પર ઈન્દ્રિયો તરફ એકાગ્ર થયેલું છે તેને ત્યાંથી હટાવીને સ્વસન્મુખ વલણ કરવું, અતીન્દ્રિય આનંદ સ્વરૂપની દૃષ્ટિ કરવી એટલે કે તેમાં એકાગ્ર થવું તે આ જીવના હિતનો ઉપાય છે. આ ઈષ્ટ ઉપદેશ છે. માખણની વાત છે.

પાંચ ઇન્દ્રિયો અને મન તરફનું વલણ છોડી સ્વસન્મુખ થઈ નિજસ્વરૂપમાં એકાગ્રતા કરવી તે હિતનો ઉપાય છે અને તેનું ફળ પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાન છે. પુણ્ય-પાપમાં અને બહારના વિષયોમાં તો જીવ અનાદિકાળથી એકાગ્રતા કરતો આવ્યો છે અને કરી રહ્યો છે પણ તે તેને અહિતકર છે. કેમ કે તેનું ફળ સંસાર છે. માટે જેને પોતાનું હિત કરવાની ભાવના થઈ છે તેને સંતો ઉપદેશ આપે છે કે તું મનને આત્મામાં એકાગ્ર કર! પર ઇન્દ્રિયો તરફની એકાગ્રતા છોડ!

જ્ઞાની કે અજ્ઞાની કોઈપણ જીવ શરીર, વાણી, મન કે કર્મ આદિ પરદ્રવ્યમાં એકતા તો કરી શકતો જ નથી. કેમ કે પરદ્રવ્યની તો સત્તા જ ભિન્ન છે, પણ અજ્ઞાની જીવ પર તરફ લક્ષ કરી શુભાશુભભાવમાં એકાગ્રતા કરી રહ્યો છે. નિગોદથી માંડી દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયકમાં ગયેલા દરેક અજ્ઞાની જીવો અનાદિથી શુભ-અશુભભાવમાં જ એકાગ્રતા કરી રહ્યાં છે, અને તેમાં જ પોતાનું હિત માની રહ્યાં છે. જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માની એકાગ્રતા છોડીને એકલું પરસન્મુખ વલણ કરી તેમાં જ હિતની કલ્પના કરી રહ્યા છે.

ત્રણકાળ ત્રણલોકમાં કોઈ પણ જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરી શકતો નથી. માત્ર તે તરફ વલણ કરી શુભાશુભભાવમાં અજ્ઞાની જીવો એકાગ્રતા કરી રહ્યા છે. તે તેને હિતકર નથી. એક નિજ આત્માની એગ્રતા કરવાને બદલે અનેક પરદ્રવ્યની એગ્રતા કરી રહ્યો છે, તે તરફના વલણમાં એકાગ્ર-લીન થઈ રહ્યો છે તે છોડીને એક શુદ્ધ નિજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં એકાગ્રતા-લીનતા કરવી તે હિતનો ઉપાય છે. તેનું જ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તે પ્રગટ કરીને તેમાં જ લીન થવાનો ઇષ્ટ ઉપદેશ સંતો આપી રહ્યા છે.

એકાગ્ર શબ્દના બે અર્થ છે. એક તો પોતાના આત્મામાં મન જોડવું તે અથવા કોઈ દ્રવ્ય અથવા તેની કોઈ પર્યાયમાં લક્ષ કરવું તે. આમાં પોતાના આત્મામાં એકાગ્રતા કરવી તે જ હિતનો પંથ છે. જેને પોતાનું હિત કરવું હોય તેણે કેમ કરવું ? તેની આ વાત ચાલે છે. હિત કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રગટતા કહો બધું એક જ છે. તેથી અહીં તો પોતાના આત્માનું લક્ષ કરીને તેમાં એકાગ્રતા કરવાની વાત છે.

આ જીવે કદી સ્વલક્ષ કર્યું નથી. એકલી પરલક્ષી વાતો કરી અને અનંતવાર શુભ અશુભ ભાવો કર્યા છે અને તેમાં જ એકાગ્રતા કરી છે. અનંતકાળમાં કયારેય પોતાના આત્મામાં એકાગ્રતા કરી નથી.

હજારો વર્ષ પહેલાં થઈ ગયેલા વીતરાગી સંત પૂજ્યપાદસ્વામીએ આ ઇષ્ટ ઉપદેશની રચના કરી છે. શિષ્ય પૂછે છે પ્રભુ ! અમારું હિત કેમ થાય ? અમને આત્માની ભાવના કેમ થાય ? શુભાશુભભાવની ભાવનાથી છૂટીને આત્માની ભાવના કેમ કરવી ? તેને કહે છે કે ભૂત-વર્તમાન અને ભાવિ પર્યાયમાં જે સદાય વર્તી રહ્યું છે તે તારું આત્મદ્રવ્ય છે તેમાં એકાગ્રતા કરવી તે—મનની આત્મામાં એકાગ્રતા કરવી તે હિતનો ઉપાય છે.

મનને આત્મામાં એકાગ્ર કરી, જ્ઞાનમાં આત્માને પકડવો અને દૃષ્ટિમાં આત્મા ગ્રહણ કરવો તે સમ્યગ્દર્શન-જ્ઞાનનો ઉપાય છે.

વીતરાગ સર્વજ્ઞદેવ કથિત શાસ્ત્રોમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેનું અવલંબન લેવું. અન્ય રાગી-દ્વેષી દેવોના કહેલા શાસ્ત્રોનું અવલંબન ન લેવું. વીતરાગ સર્વજ્ઞદેવે કહેલું આત્માનું સ્વરૂપ ૨૧ મી ગાથામાં આવી ગયું કે આત્મા અનંત જ્ઞાન આદિ અનંત ગુણસ્વરૂપ છે, શરીર પ્રમાણ છે, અસંખ્યાતપ્રદેશી છે અને સ્વસંવેદનગમ્ય છે.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબન વિના માત્ર પોતાની કલ્પનાથી આત્માનું સ્વરૂપ નક્કી કરીને જ્ઞાનમાં આત્મા ગ્રહણ થાય તેમ નથી. જેમ માલ લેવા જાય છે ત્યાં પહેલાં માલનો ભાવ પૂછે, બરાબર વજન કરે પછી માલનું ગ્રહણ કરે તેમ જેણે આત્માને જ્ઞાનમાં ગ્રહણ કરવો છે તેણે પહેલાં શાસ્ત્રથી, નય-નિક્ષેપ-પ્રમાણથી આત્માનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. સમજ્યા પછી આત્માનો અનુભવ થાય. જેને પોતાનું હિત કરવું છે તેને પ્રથમ એટલો નિર્ણય તો હોવો જોઈએ કે અનંતકાળમાં કદી મારું હિત થયું નથી, અને અનંતકાળમાં હું બધું કરી ચૂકયો છું. એક માત્ર જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કર્યું નથી માટે જ હું દુઃખી છું. તેથી તે જ દેવ-શાસ્ત્ર-ગુરુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાચાં છે કે જે રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાનથી સુખ થવાની વિધિ કહેતાં હોય. રાગની ક્રિયા અને સ્વભાવની એકતા બતાવે તે વીતરાગી ઉપદેશ નથી.

શાસ્ત્ર એમ કહે છે કે શુભાશુભભાવથી રહિત શુદ્ધ આત્મસ્વરૂપમાં એકત્વ કર! શુભાશુભભાવની એકતા છોડી દે. જીવ પોતે જ પરમેશ્વર છે તેમાં એકાગ્રતા કરવાથી પર્યાયમાં પરમેશ્વરદશા પ્રગટ થાય છે. ભગવાન કહે છે તું મારામાં મન એકાગ્ર ન કર, કેમ કે હું પણ તારા માટે પરદ્રવ્ય છું. તું તારા સ્વરૂપમાં જ મનને એકાગ્ર કર. જેથી પર્યાયમાં સ્વરૂપ પ્રગટ થાય અને તારું હિત થાય.

ભગવાન આત્મા અનંત આનંદ અને બેહદ જ્ઞાન સ્વરૂપે બિરાજમાન છે તેની ભાવના કર! તેમાં એકાગ્રતા કર! અન્ય વિકલ્પની ચિંતા છોડી દે અને સ્વસંવેદન વડે આત્માનો અનુભવ કર! સ્વસંવેદન જ સ્વભાવનું સાધન છે. અન્ય વિકલ્પ રાગ, પુણ્ય કે નિમિત્તાદિ સ્વભાવના સાધન નથી. આવી વાત સમજવી જીવને અઘરી લાગે છે તેથી બીજે સાધન શોધવા જાય છે પણ ક્યાંય સાચું સાધન મળતું નથી.

'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' ભગવાનનો માર્ગ એક જ હોય, બે ત્રણ ન હોય. લોકોને આ સમજવું અઘરું લાગે તેથી બીજો રસ્તો શોધવા જાય પણ બીજો કોઈ મોક્ષમાર્ગ છે જ નહિ. રાગની ઉપેક્ષા કરીને અંતરસ્વભાવની અપેક્ષા કરવી એ એક જ હિતનો માર્ગ છે.

ભાઈ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા ને! આખા લોકમાં તારાથી અધિક બીજું શું છે? તું જ પૂર્ણ શુદ્ધ પરમેશ્વર છો. સર્વમાં અધિક છો. તારા હિતના માર્ગે તું એકલો જઈ શકે છો. તારો માર્ગ તારાથી અજાણ્યો નથી. મુક્તિમાં તું એકલો જઈ શકે છો. અત્યાર સુધીમાં જે જીવો મોક્ષમાં ગયા તે બધાં પોતાના સ્વસંવેદનથી આત્માને જાણીને એકલા જ મોક્ષમાં ગયા છે.

અનંતકાળથી જીવે આંધળી દોટ મૂકી છે. મુઠ્ઠી વાળીને દોડયો છે. એ માને છે કે હું મારા હિતના રસ્તે દોડી રહ્યો છું પણ ખરેખર હિતથી દૂર જઈ રહ્યો છે. ઊંધો પડેલો જીવ પણ સ્વતંત્ર છે. પણ બાપુ! તારામાં શું અપૂર્ણતા છે કે જેથી તું તારી સમીપ આવતો નથી? અને પુણ્ય-પાપ અને નિમિત્તાદિમાં શું તારું હિત પડયું છે કે તું તેનો પ્રેમ છોડતો નથી?

ભગવાન સર્વજ્ઞદેવે એક સમયની પર્યાયમાં બધાં દ્રવ્યોને જાણીને જે વાત કહી અને જેમાંથી શાસ્ત્રો રચાયાં તે શાસ્ત્રની સ્વાધ્યાય કરીને પહેલાં વસ્તુનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. અનંતા પરમેશ્વરોની દિવ્યધ્વનિમાં જે વાત આવી તે જ દિગંબર સંતો લખી ગયા છે. તેમાંથી આત્મા કેવડો છે? કેટલા ક્ષેત્રમાં રહેલો છે? કેટલા ગુણવાળો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, એક-એક ગુણમાં કેટલું સામર્થ્ય છે, આ બધું વિકલ્પ દ્વારા પણ પ્રથમ જાણીને નક્કી કરવું જોઈએ. તેના નિર્ણય વગર અન્યમતમાં ખેંચાય તો આત્મા હાથમાં નહિ આવે.

આ ઇષ્ટોપદેશના રચયિતા પૂજ્યપાદસ્વામીએ જ સમાધિશતકમાં કહ્યું છે કે ઇન્દ્રિયો છે, ઇન્દ્રિયો તરફના વિકલ્પો પણ છે અને ઇન્દ્રિયાતીત ભગવાન અતીન્દ્રિય આત્મા પણ છે. તેનો પ્રથમ સ્વીકાર કરજે. જ્યાંથી રુચિ હટાવીને જ્યાં લઈ જવી છે તે બંને પદાર્થોને જાણવા જરૂરી છે. આ આત્મા 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા' પોતે જ પોતાને ભૂલીને ચાર ગતિમાં ભ્રમણ કર્યું છે. પોતાના જ ઊંધા પુરુષાર્થથી ઇન્દ્રિય અને ઇન્દ્રિયવિષયોનો પ્રેમ કરીને દુઃખી થાય છે અને પોતાના જ સવળા પુરુષાર્થથી સ્વભાવની રુચિ કરીને સુખી થઈ શકે છે.

પૂજ્યપાદસ્વામી પોતે જ પોતાની વાત કરે છે કે મેં પરમ જ્ઞાન-આનંદ-સ્વરૂપ નિજ-આત્માને મારા જ સ્વસંવેદન વડે પ્રાપ્ત કર્યો છે, તેમાં મેં રાગ, વ્યવહાર કે નિમિત્તાદિ અન્ય સાધનોની સહાય લીધી નથી.

આ તો બધી જૈનદર્શનની માખણની વાત છે. મુદ્દાની રકમ છે. ભાઈ! તને પરદ્રવ્યમાં એકાગ્રતા કરતાં કેવી આવડે છે? તેમ સ્વદ્રવ્યમાં એકાગ્રતા કર ને! તેમાં તારું હિત છે. એકવાર ગુલાંટ ખાઈને નિજ પરમેશ્વરનો મેળાપ કર ને!

પંચમ-આરાના સાધુ પૂજ્યપાદસ્વામીએ આ ઇષ્ટોપદેશ ૫૧ શ્લોકમાં રચ્યું છે. ખૂબ ઊંડા ભાવો ભર્યા છે. ધર્મધૂરંધરધોરી સંતો જગતને હથેળીમાં આત્મા બતાવી રહ્યાં છે. પોતાના દ્વારા પોતાનું જ્ઞાન થાય તે સ્વસંવેદન છે.

અહીં ૨૨ મી ગાથા પૂરી થઈ. હવે શિષ્ય પ્રશ્ન પૂછે છે કે આત્માની ઉપાસના કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે? કેમ કે વિચારવાની પ્રવૃત્તિનું ફળ જ્ઞાનપૂર્વક હોય છે દુનિયામાં પણ જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ કરે છે, તેમ આત્મામાં પણ ફળજ્ઞાનપૂર્વક જ જીવ પુરુષાર્થ કરે છે.

**अज्ञानोपास्तिरज्ञानं ज्ञानं ज्ञानिसमाश्रयः ।**
**ददाति यत्तु यस्यास्ति सुप्रसिद्धमिदं वचः ॥ २३ ॥**

અજ્ઞ-ભક્તિ અજ્ઞાનને, જ્ઞાન-ભક્તિ દે જ્ઞાન,
લોકોક્તિ—'જે જે ધરે, કરે તે તેનું દાન.' ૨૩.

શરીર, વાણી, મન આદિમાં જ્ઞાન નથી. પુણ્ય-પાપ ભાવમાં પણ જ્ઞાન નથી. એવા જ્ઞાનરહિત અજ્ઞાનભાવોની સેવા કરવાથી અજ્ઞાનનું ફળ મળે, વિકાર મળે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારગતિમાં રખડવાનું ફળ મળે. એક માત્ર ભગવાન આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે તેના સિવાય પુણ્ય-પાપ ભાવ આદિ પણ જ્ઞાનજ્યોતિથી રહિત અજ્ઞાનમૂર્તિ છે માટે તેની સેવા કરવાથી અજ્ઞાનનું ફળ મળે છે. પુણ્ય-પાપ ભાવની સેવા એટલે તેમાં એકાગ્રતા કરવાથી વિકાર થાય પણ વીતરાગતા ન થાય. જ્ઞાનીની સેવા કરવાથી જ જ્ઞાન પ્રાપ્ત થાય. એ જ્ઞાની કોણ? એક તો ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા પોતે જ છે. તેની સેવા એટલે એકાગ્રતા કરવાથી જ્ઞાનનું ફળ મળે અને બીજું જ્ઞાની ધર્માત્માની સેવા કરવાથી એ જ્ઞાની કહેશે કે તારું જ્ઞાન અને આનંદ તારાથી પ્રાપ્ત થશે. આમ જ્ઞાનીની સેવાના ફળમાં પણ દૃષ્ટિ તો નિજસ્વભાવ ઉપર જતાં જ્ઞાનનું ફળ પ્રાપ્ત થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૨૪ ]

# નિજાત્માની પ્રાપ્તિનો ઉપાય : નિજાત્માની ઉપાસના

[ તા. ૧૦-૪-૬૬ ]

દિગંબર સંત પૂજ્યપાદસ્વામી રચિત આ ઇષ્ટ ઉપદેશ શાસ્ત્ર છે. તેમાં આ ૨૩ મી ગાથા ચાલે છે.

જેની જે સેવા કરે તેને તેની પાસે જે હોય તે જ આપે. જેની પાસે જે વસ્તુ હોય જ નહિ તે સેવા કરનારને ક્યાંથી આપે? માટે જેની પાસે જે હોય તે જ તેને આપે એવી લોકોક્તિ છે, તેથી અહીં મુનિરાજ કહે છે કે શરીરાદિ જડ પદાર્થોની સેવા કરવાથી અજ્ઞાન જ મળે, જ્ઞાન ન મળે, કેમ કે તેની પાસે જ જ્ઞાન નથી.

શરીર, કર્મ, પરપદાર્થ કે પુણ્ય-પાપના વિકારીભાવ કે જેમાં જ્ઞાન નથી તેની ઉપાસના કરવાથી જ્ઞાન ક્યાંથી મળે? અજ્ઞાન જ મળે. આત્મા પોતે સત્‌ચિદાનંદસ્વરૂપ છે. સત્ એટલે શાશ્વત જ્ઞાન અને આનંદથી ભરપૂર તત્ત્વ છે. જ્યારે પુણ્ય-પાપ ભાવ તો અચેતન તત્ત્વ છે. હિંસા જૂઠું આદિ પાપભાવ કે દયા-દાન આદિ પુણ્યભાવની ઉપાસના કરે તો તેની પાસેથી અચેતનપણું જ પ્રાપ્ત થાય-કર્મબંધન જ થાય, જ્ઞાન ન થાય.

એક તરફ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો મોટો મહાસાગર ભગવાન આત્મા અને એક તરફ જ્ઞાન અને આનંદથી રહિત શરીર, પરપદાર્થ, કર્મ, વિકારીભાવ આદિ અચેતન તત્ત્વ છે. ચેતન અચેતનમાં એકાગ્રતા કરે તો તેને અચેતનપણું અને દુઃખ જ પ્રાપ્ત થાય. કેમ કે જેની પોતે સેવા કરે છે તેની પાસે જ્ઞાન-આનંદ તો છે નહિ તો આપે ક્યાંથી?

એકકોર રામ છે અને એકકોર આખું ગામ છે. ભગવાન આત્મા તો પૂરણ જ્ઞાન અને આનંદનો પિંડ છે. તે રંગ-ગંધ-સ્પર્શ આદિથી રહિત 'અરૂપી' છે પણ પોતાના અનંત જ્ઞાન, આનંદ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ સ્વરૂપી છે. જીવનું લક્ષ જેટલું બહારમાં પરદ્રવ્યો ઉપર કે શરીર, કર્મ કે રાગાદિ ઉપર જાય છે તેટલું તેને અજ્ઞાન પ્રાપ્ત થાય છે અને જેમાં જ્ઞાન અને આનંદની મુખ્યતા છે એવા બીજા અનંત ગુણોથી ભરપૂર પોતાના સ્વભાવનું લક્ષ કરે તો તેને જ્ઞાન આદિ અનંત ગુણોની પ્રાપ્તિ થાય છે.

બહુ સાદી ભાષામાં ઊંચું તત્ત્વ ભરેલું છે. પૂજ્યપાદસ્વામી જીવની ખોટી માન્યતાને ઉડાવતાં જાય છે અને સ્વરૂપની સ્થાપના કરતાં જાય છે કે ભગવાન! તું પ્રભુ છો, અકૃત્રિમ ચીજ છો, સ્વયંસિદ્ધ પદાર્થ છો. તું કૃત્રિમ-કોઈના બનાવવાથી બનેલો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તું તો અનાદિ અનંત શાશ્વત સ્વયંસિદ્ધ પદાર્થ છો, પણ તેં આજ સુધી કોઈ દિવસ પોતાના સ્વભાવ ઉપર નજર માંડી નથી

પુણ્ય-પાપ ભાવ તો ચૈતન્યથી વિપરીત ભાવ છે. પણ પ્રભુ! તેને તો આપ પરંપરા મોક્ષનું કારણ કહો છો ને? અરે ભાઈ! એ તો નિમિત્તનું કથન છે. સમ્યગ્દષ્ટિને સ્વરૂપનું ભાન છે. તેથી શુભભાવ છોડીને વીતરાગ થાય છે એ અપેક્ષાએ વાત છે. બારભાવનામાં તો એમ કહ્યું છે કે રાગ એ પરંપરા અનર્થનું કારણ છે. ખરેખર તો અરાગી વીતરાગસ્વરૂપમાં તો દોષ છે જ નહિ પણ પોતે પર તરફ લક્ષ કરીને પર્યાયમાં રાગ–દ્વેષાદિનો દોષ ઊભો કરે છે.

પોતાના અનંત આનંદ, શાંતિ આદિ અનંત ગુણોની લક્ષ્મીને સંભાળે તે શેઠ છે. બાકી ધનાદિ જડ લક્ષ્મી સંભાળનારા શેઠ નથી, ભિખારા છે; રાગના, પુણ્યપાપના, ધનના, શરીરના અને વિષયોના ગુલામ છે, શેઠ નહિ. આવા વિષયોની ગુલામી કરવાથી સેવા કરવાથી આત્માને જડપણું (અજ્ઞાનપણું) પ્રાપ્ત થાય છે.

અરે! દેવ–શાસ્ત્ર–ગુરુ પણ પર છે, તેનું લક્ષ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય, એ પુણ્ય એટલે અજ્ઞાનપણું–અચેતનપણું પ્રાપ્ત થાય છે. (અજ્ઞાન એટલે અહીં મિથ્યાત્વની વાત નથી.)

અહીં બે અર્થ લીધા છે. 'જ્ઞાનીની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય' એટલે એક તો જ્ઞાનસ્વરૂપ નિજઆત્માની સેવા એટલે તેમાં એકાગ્રતા કરવાથી સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ થાય. અને બીજો અર્થ જ્ઞાની પુરુષની સેવાથી એટલે કે તેણે ઉપદેશેલા આત્માને સેવવાથી અંતરમાં જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાની ઉપદેશ આપે છે કે 'તારો આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. રાગદ્વેષ, પુણ્ય–પાપથી રહિત છે, તેની તું સેવા કર.' જ્ઞાનીના આવા ઉપદેશને જે માને અને પોતાના આત્માની ઉપાસના કરે તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આત્માનું હિત કેમ થાય તે માટેનો આ પ્રિય ઉપદેશ–ઇષ્ટોપદેશ છે. તેમાં એક–એક ગાથામાં પુણ્ય–પાપને ઉડાવીને, પોતાના સ્વરૂપની સેવા કરીને પોતાનું હિત કરી લેવાનો પ્રિય ઉપદેશ છે.

આ જીવે કદી પોતાની મહત્તા આંકી નથી. પોતાની પામરતા ઓળખી નથી અને પોતાની પ્રભુતા પણ ઓળખી નથી.

આ લોકોક્તિ તો પ્રસિદ્ધ છે કે 'જેની પાસે જે હોય તે તે આપે.' ધનવાન હોય તે ધન આપે અને જ્ઞાનવાન હોય તે જ્ઞાન આપે. આત્મા આત્મા પાસે માગે –આત્માની સેવા કરે–આત્મામાં એકાગ્રતા કરે તો પર્યાયમાં જ્ઞાન–આનંદ આદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યરત્નોનું દાન મળે. કેમ કે આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોની મોટી ખાણ છે તેમાંથી ચૈતન્યચમત્કાર પ્રગટ થાય છે અને જો જીવ સ્ત્રી પુત્ર, પરિવાર, ધન આદિની સેવા કરે તો પાપની પ્રાપ્તિ થાય, તેમાંથી સુખ કે જ્ઞાન ન મળે, કેમ કે તેની પાસે તે છે જ નહિ.

આત્મસ્વભાવમાં વિકાર નથી તો તેનું લક્ષ કરવાથી વિકાર ન થાય. તેમ પુણ્ય-પાપ આદિમાં જ્ઞાન નથી તો તેનું લક્ષ કરવાથી જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાય? ન જ થાય.

આહાહા....! ૨૧ મી ગાથાથી તો પૂજ્યપાદસ્વામીએ એકેએક ગાથા રણકાર મારતી ઉપાડી છે. ઈષ્ટ ઉપદેશ છે ને! ચિદાનંદ ભગવાનની સેવા અને એકાગ્રતા કરવાથી જ શાંતિ થાય. બાકી બીજો કોઈ શાંતિનો ઉપાય નથી. આ ઉપદેશ તે જ ઈષ્ટ ઉપદેશ છે. વિકારની સન્મુખતાથી તો ચૈતન્યની જાગૃતિ-શાંતિ રોકાય છે.

જ્ઞાનીના બે અર્થ કહ્યા, હવે અજ્ઞાનના બે અર્થ કહે છે. એક તો શરીર પુણ્ય-પાપ આદિ અજ્ઞાન છે અને બીજું, જે આત્માને પોતાના આત્માનું જ્ઞાન નથી, સ્વરૂપ વિષે ભ્રાંતિ છે અને શરીર અને શરીરની ક્રિયાથી લાભ માને છે, પુણ્ય-પાપથી લાભ માને છે એવા ભ્રમસહિત વ્યામોહ ચિત્તવાળા અજ્ઞાની ગુરુની સેવા કરવાથી સેવા કરનારને અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

અજ્ઞાનના ત્રણ દોષ છે-મોહ, ભ્રમ અને સંદેહ. અજ્ઞાની ગુરુ પોતે આ દોષોથી સહિત છે તેથી અન્યને પણ તે આ દોષોની પુષ્ટિ કરાવે છે. માટે જેને જન્મ-મરણ કેમ ટળે એ વિષે ભ્રમ છે, અજ્ઞાન છે એવા અજ્ઞાની ગુરુની વાણી સાંભળવાથી તેમાં એકાગ્રતા કરવાથી સાંભળનારને પણ અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ તો કહે છે કે આત્મા વીતરાગસ્વરૂપ છે તે એક સમયમાં વીતરાગ થવાની યોગ્યતાવાળો છે, એક એક આત્મા પૂર્ણ થવાને લાયક છે, પૂર્ણ સત્તા—લોકાલોકને જાણવાના સ્વભાવની સત્તા રાખનારો છે. આવા આત્માની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થાય છે. અજ્ઞાની ગુરુ તો બધું ઊંધુ મારે છે—આત્માને નામે ભ્રમણા કરે છે અને કરાવે છે.

ભગવાન આત્મા સહજાનંદમૂર્તિ પ્રભુના અંતરસ્વભાવનું સાધન અંતરમાં પડ્યું છે તેને અન્ય પરસાધનની જરૂર નથી. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિના સાધન વડે જ સ્વભાવની પ્રાપ્તિ થાય છે. આ બધું પૂજ્યપાદસ્વામી લખી ગયા છે. તેઓ આભના થોભ જેવા હતાં. તેમણે આખા કેવળજ્ઞાનના કંદ ઉભા રાખ્યાં છે. ધર્મધુરંધર સંતો હતાં તેની એકેએક ગાથા અને એકેએક શાસ્ત્રોની વાતો એટલે જાણે સાક્ષાત સિદ્ધની વાતો. આવી વાણી દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય ન હોઈ શકે "न भूतो न भविष्यति." જેણે કેવળજ્ઞાન તો હથેળીમાં લઈ લીધું છે, જેમને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાના ભણકાર વાગતા હતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્યપાદસ્વામી, પદ્મનંદી આચાર્ય આદિ મહાસંતો–ધર્મના ધોરી, પોકાર કરે છે કે ભાઈ! સાંભળ રે સાંભળ એકવાર! તારી વીતરાગી શાંતિનું સાધન તારામાં છે બાપુ! વીતરાગી સંતો તને વીતરાગતાની વાત કહે છે. રાગથી લાભ મનાવે તે વીતરાગી સંતો નથી. વીતરાગતાના સાધકો વીતરાગતા જ બતાવે ને!

પ્રભુ! તુ નિર્વાણનાથ છો. મોક્ષનો સ્વામી છો. સ્ત્રી, પુત્ર ધન આદિનો સ્વામી તું નહિ ભાઇ! તું તારું સ્વામીપણું સ્વીકારી લે. ભગવાન આત્મા એટલે 'ચૈતન્યસૂર્ય' એ ચૈતન્યસૂર્યની સેવા કરવાથી ચૈતન્યસૂર્ય પર્યાયમાં પ્રગટ થાય. જ્ઞાનની જાગૃતદશા થાય એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પર્યાયમાં પ્રાપ્ત થાય.

જ્ઞાનસ્વરૂપ નિજ આત્મા અથવા તો આત્મજ્ઞાન સંપન્ન સત્ પુરુષોની તત્પરતા સહિત સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે–જ્ઞાન સાથે અનંતગુણોની પ્રાપ્તિ થાય છે. જ્ઞાની પુરુષ શું કહે છે? શું કહેવા માંગે છે? એવા અભિપ્રાયને પકડવાની તત્પરતા સહિત સેવાથી સ્વઅર્થ અવબોધરૂપ જ્ઞાન એટલે કે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે.

દેહદેવળમાં બિરાજમાન ભગવાન આત્મા અરૂપી હોવા છતાં પણ સ્વરૂપી છે. અનાદિ અનંત વસ્તુ છે. તેમાં અનંત જ્ઞાન આનંદ આદિ ગુણો વસ્તુરૂપે–શક્તિરૂપે, સ્વભાવરૂપે શાશ્વત બિરાજમાન છે. ગુરુ કહે છે પ્રભુ! તું તેના તરફ ધ્યાન દે. બીજાનું ધ્યાન છોડી દે.

શ્રોતા :–જ્ઞાની શું આપે?

જ્ઞાની આશીર્વાદ આપે કે તું તારા આત્માની વીતરાગતાને ઓળખ! નિર્દોષ ચૈતન્યમૂર્તિ ભગવાનને જાણ અને અનુભવ!

પ્રભુ! તું મહાન છો–તારું સ્વરૂપ મહાન છે. અખંડ આનંદથી ભરેલો પ્રભુ તું છો. તેનું જ્ઞાન કર! લીંડીપીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ દાણે-દાણે ભર્યો છે તેમ આ આત્માના દાણે-દાણામાં–પ્રદેશે પ્રદેશે આનંદ અને જ્ઞાન પરિપૂર્ણ ભર્યો છે. તેનું જ્ઞાન કર!

શ્રોતા :—જ્ઞાનની સેવા કરવાથી જ્ઞાન મળે અને જ્ઞાનીની સેવાથી પણ જ્ઞાન મળે?

જ્ઞાની એટલે રાગ રહિત ચૈતન્યમૂર્તિ તે જ્ઞાની. શરીરવાળા કે રાગવાળા જ્ઞાની નથી. જ્ઞાનસ્વરૂપ જ્ઞાનીને જે ઓળખે તેને જ્ઞાન થાય અને મોક્ષ થાય.

જીવને પોતાના સ્વરૂપની મહિમાની ખબર નથી એટલે એક બીડીના ઠૂંઠામાં કે મીઠી દાળમાં કે એવા અનુકૂળ સંયોગોમાં મહિમા માનીને સંતોષાઈ જાય છે. પણ જો એકવાર સ્વભાવદૃષ્ટિ કરે અને મહિમા આવી જાય તો પછી તે પર તરફ જોવા પણ ન રોકાય. પરચીજની મહિમા પછી તેને કોઈ કાળે ન આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ તો જુદી જાતની નિશાળ છે. લોકોને આ લાકડીમાં જાદુ હશે તેથી બધાં પૈસાવાળા થઈ જાય છે એવું લાગે છે પણ ભાઈ! જાદુ તો ચૈતન્યમાં છે. પૂર્ણ આનંદનો નાથ તો તું પોતે છે તો બહાર સંયોગમાં ક્યાં સુખ શોધવા જાય છે? ત્યાં સુખ જ નથી તો મળે ક્યાંથી?

અહા! બે ને બે ચાર જેવી સ્પષ્ટ વાત છે. આ કોઈ પક્ષની કે વાડાની વાત નથી. પૂજ્યપાદસ્વામીએ ટૂંકામાં ઘણું ભરી દીધું છે.

બનારસીદાસ બંધ અધિકારમાં લખે છે કે કોઈ લોકો ભગવાનની મૂર્તિ બનાવીને પૂજે છે, કોઈ પહાડ ઉપર ચડીને ભગવાનને ભજે છે, કોઈ આસમાન ઉપર તો કોઈ જમીન નીચે ભગવાનને શોધે છે એ બધાં પરચીજમાં ભગવાનપણું શોધે છે. પણ મને તો મારો ભગવાન મારામાં જ મને સ્પષ્ટ દેખાય છે. મારો ભગવાન ક્યાંય દેશાંતરમાં ગયો નથી. મારી પાસે જ છે તેને હું ભજું છું, અનુભવું છું.

જેને સર્વ જ્ઞાનીઓ અનુમોદે છે એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના આશ્રયથી પ્રગટે છે અને તેનું ફળ અવિનાશી કેવળજ્ઞાન છે. જે એકવાર પ્રગટ થયું તે થયું તેનો કદી નાશ ન થાય. માટે કહે છે કે અવિનાશીની સેવાથી અવિનાશી પર્યાય પ્રગટ થાય.

અરે! આ ખરેખર મોહનું માહત્મ્ય છે કે આ ભગવાન ચિદાનંદને નહિ શોધતાં સ્ત્રી, પુત્ર, ધન, આબરૂ, પુણ્ય-પાપ આદિને શોધે છે. આ બધી મોહની મહિમા છે. ભગવાન ચૈતન્યમૂર્તિ સન્મુખની રુચિ અને પરિણતી પ્રગટ કરતો નથી અને શરીર, વૈભવ, પુણ્ય-પાપની રુચિ કરે છે કે આ બધું અનુકૂળ હોય તો મને ઠીક, શરીર નિરોગી હોય તો ઠીક, પુણ્ય કરીએ તો પરંપરા ધર્મ થાય, સંસારિક બધી અનુકૂળતા હોય તો ધર્મ થઈ શકે આવી વિપરીત માન્યતાવાળાઓને ચૈતન્યમૂર્તિ ભગવાનના દર્શન ક્યાંથી થાય?

ચૈતન્યદેવની સન્મુખતા કરે, સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરે તો આત્માની શાંતિ અને વીતરાગતાનું ઉત્તમ ફળ તુરત જ પ્રાપ્ત થાય. ચૈતન્યરાજાની સેવાથી ચૈતન્યની જાગૃતિનું ફળ મળે.

હે ભદ્ર! જ્ઞાનીની ઉપાસના કરીને પ્રગટ થઈ છે સ્વપર વિવેકરૂપી જ્યોતિ જેની એવા આત્માને આત્મા દ્વારા આત્મામાં જ નિરંતર સેવ. શુદ્ધાત્માને—રાગાદિ રહિત વીતરાગ નિર્મળ આત્મા આત્મા દ્વારા એટલે નિર્વિકલ્પ અનુભવ દ્વારા નિરંતર સેવનીય છે.

શ્રીમદ્ લખે છે કે "અનન્ય શરણના આપનાર એવા સદ્ગુરુદેવ છે." પણ તે નિમિત્તથી કથન છે. ખરેખર તો અનન્ય શરણનો આપનાર પોતાનો ચિદાનંદ ભગવાન આત્મા છે તેની ઓળખાણ કરીને તેમાં જ એકાગ્રતા કરવી તે એક જ કર્તવ્ય છે. □

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૨૫ ]

# આત્માની સેવાનું ફળ : મુક્તિ
# રાગની સેવાનું ફળ : બંધન

[ તા. ૧૧-૪-૬૬ ]

આ ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૨૩ મી ગાથા પૂરી થઈ ગઈ છે પણ ફરીથી લઈએ.

આ ગાથાનો અર્થ એ છે કે અજ્ઞાનીની સેવા કરવાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય અને જ્ઞાનીની સેવા કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય. કેમ કે જેની પાસે જે હોય તે આપે એ વાત સુપ્રસિદ્ધ છે.

પૂજ્યપાદસ્વામી જિજ્ઞાસુ શિષ્યને સંબોધીને કહે છે હે ભદ્ર! જેને જ્ઞાનીની ઉપાસના કરીને સ્વ-પર વિવેકરૂપી જ્યોતિ પ્રગટ થઈ છે, એવા આત્માને આત્મા દ્વારા આત્મામાં જ નિરંતર સેવ. આત્મા પોતે જ જ્ઞાની છે. તેની ઉપાસના કરવાથી "આ જ્ઞાન-આનંદસ્વરૂપ તે હું છું, રાગાદિ તે હું નહિ" એવી જે સ્વ-પર વિવેકરૂપી જ્યોતિ પ્રગટ થઈ છે એવા આત્માએ પોતાની શુદ્ધપરિણતી દ્વારા સ્વાત્માને જ નિરંતર સેવવા યોગ્ય છે.

જુઓ! આત્માની સેવા કરવા લાયક છે એમ કહ્યું છે. પરની સેવા કરવી તે શુભરાગ છે તે કરવા લાયક નથી એમ ન કહ્યું. પણ આત્માની જ સેવા કરવા યોગ્ય છે એમ અસ્તિથી લીધું છે.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે અને પુણ્ય-પાપ રાગ સ્વરૂપ છે, દુઃખ સ્વરૂપ છે એમ બે વચ્ચેનો વિવેક કરી-ભેદજ્ઞાન કરી આત્માને આત્મામાં આત્મા દ્વારા સેવનીય છે.

ખરેખર તો ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્માની પ્રતિમા કે સાક્ષાત્ ભગવાન હોય તેની પણ સેવાનું લક્ષ કરવું તે તો એક શુભભાવ છે, ધર્મભાવ નથી. લોકોને આ વાત આકરી પડે પણ શું થાય? શુભભાવથી પણ જુદા પડી આત્માનું સેવન કરવું તે ખરેખર ધર્મ છે અને તે જ ખરેખર સંવર-નિર્જરા છે.

અહીં તો આત્મા ભગવાન સત્ચિદાનંદપ્રભુ પોતે જ સર્વજ્ઞ અને સર્વદર્શી છે, અનંત આનંદમય છે તેની અંતરમાં એકાગ્રતા કરવી-સ્વભાવસન્મુખતા કરવી તે આત્મસેવા અને આત્મધર્મ છે. દયા-દાન-પૂજા-ભક્તિ-જાત્રા આદિનો ભાવ શુભભાવ છે પણ ધર્મ નથી. આચાર્યદેવ ચોખ્ખા શબ્દમાં આવી વાત મૂકે છે. કોઈને એમ થાય કે આવી વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાંભળશે તો લોકો ભગવાનની પૂજા-ભક્તિ કરતાં અટકી જશે. પણ ભાઈ? એ શુભભાવ છે તેની ના નથી કહી. એ ધર્મ નથી એમ પહેલાં નક્કી કરવું પડશે. શુભભાવ તો અનાદિથી જીવ કરતો જ આવ્યો છે તેમાં તેણે નવીન શું કર્યું? મંદિરો, મૂર્તિ, પૂજા બધું હોય છે પણ તેની મર્યાદા શુભભાવ સુધીની છે. કોઈ એમ માને કે તેમાં સંવર-નિર્જરા થાય છે તો એ વાતમાં માલ નથી.

ચૈતન્યમૂર્તિ પ્રભુમાં વિકલ્પનો પણ અભાવ છે, એકલો જ્ઞાનનો ભંડાર છે. તેની ભક્તિ એટલે તેમાં નિર્વિકલ્પ એકાગ્રતા જ્ઞાનનું ફળ આપે, અજ્ઞાનનું ફળ ન આપે. જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનની એકાગ્રતા જ્ઞાનનું ફળ આપે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આદિ બધી જ્ઞાનની ભૂમિકાની દશા છે. ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાનસ્વરૂપનું ચારિત્ર એટલે સ્થિરતારૂપ સેવા કરવાથી જ્ઞાનસ્વરૂપની પૂર્ણતાની પ્રાપ્તિ થાય.

પૂજ્યપાદસ્વામી ભાવલિંગી સંત હતા, જંગલમાં રહેતા હતાં. પંચમ કાળમાં જ તેઓ થઈ ગયા અને પંચમકાળના જીવો માટે જ આ વાત લખતાં ગયાં.

લોકો પંચકલ્યાણક ઊજવે, રથયાત્રા મોટી કાઢે, પાંચ પચીસ લાખ ખર્ચે એટલે જાણે બહુ ધર્મ થઈ ગયો. પણ ભાઈ! એ તો શુભભાવ છે, ધર્મ નથી. પ્રસંગે આવવાયોગ્ય શુભભાવ આવ્યા વિના રહે નહિ, આવે જ. પણ તે ધર્મ નથી, અજ્ઞાનભાવ છે, તેમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. 'જ્ઞ' સ્વરૂપી ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તેની અંતર એકાગ્રતા કર તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વીતરાગી ફળ આત્મા પોતાની પર્યાયમાં આપે.

શ્રોતા :–પ્રભુ! શુભભાવથી પૂર્ણતા સુધી ન પહોંચાય પણ નજીક તો આવી શકાયને? ૧૦૦ ગાઉ દૂર હોય તો ૫૦ ગાઉ સુધી તો આવી શકાય કે નહિ?

પૂજ્ય ગુરુદેવ :—ના....ના....ભાઈ! અહીં તો એક જ વાત છે. એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ. ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત નિર્દોષ, નિર્વિકારી ચૈતન્યપિંડ આત્મા છે તેની સેવા એટલે એકાગ્રતા કરવાથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ આત્મામાંથી જ પ્રગટ થાય. ત્યાં વચ્ચે શુભભાવ હોય ખરો પણ તે માર્ગ નથી. તેનાથી આત્મા સમીપ ન થાય.

જેની પાસે જે હોય તે મળે. પૈસાવાળા પાસેથી પૈસા મળે પણ ભિખારી પાસેથી ક્યાંથી મળે? જેની પાસે જે હોય જ નહિ તે ક્યાંથી આપે? તેમ શુભભાવમાં, મંદિરમાં, શેત્રુંજયમાં, શિખરજીમાં કે સમવસરણમાં સાક્ષાત્ ભગવાનમાંથી પણ તને તારું જ્ઞાન ન મળે, કેમ કે તારું જ્ઞાન તારામાં છે, ત્યાં નથી.

ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો–ચૈતન્યનું પૂર છે તેમાં એકાગ્રતા કરવાથી આત્માનું જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રગટ થાય પણ પરમાં તો જ્ઞાન જ નથી તો તેમાંથી જ્ઞાન પ્રગટે ક્યાંથી? શાકભાજીની દુકાને શાક હોય તો શાક આપે, કંદોઈની દુકાને પેંડા હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ પેંડા આપે, કાપડની દુકાને કાપડ હોય તો કાપડ આપે પણ કાપડની દુકાને પેંડા કે શાક મળે ખરાં? તેમ અહીં કહે છે કે ભગવાન આત્માની દુકાનમાં જ્ઞાન અને આનંદ ભર્યા છે તેમાં એકાગ્રતા કરે તો જ્ઞાન અને આનંદ મળે. શુભભાવમાં એકાગ્રતા કરે તો પુણ્ય થાય અને સ્ત્રી-પુત્ર પરિવાર આદિમાં એકાગ્રતા કરે તો પાપ થાય.

આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારે તારું હિત કરવું છે કે નહિ? જેને પોતાનું હિત કરવું હોય તેને માટે અમે આ ઇષ્ટ-ઉપદેશ આપીએ છીએ.

શુભમાં ધર્મ ન થાય એ વાત આવે ત્યાં લોકોને એમ થાય કે અરે! એક તો આજના જુવાનિયા સ્વચ્છંદી હોય તેમાં આ વાત સાંભળશે તો વધારે સ્વચ્છંદી થઈ જશે! પણ નહિ થાય ભાઈ! સાંભળને! સત્ વાત સાંભળે અને અસત્ થશે? સત્ય વાતની પ્રરૂપણા થતાં સત્યનો જ લાભ થાય. અસત્ ન થાય. લોકોને સત્ય વાત આકરી લાગે પણ સત્ય તો સત્ય જ રહેશે. દુનિયાના ફેરવવાથી સત્ય અસત્ય નહિ થાય.

જ્યાં નિશ્ચય છે પણ પૂર્ણ વીતરાગદશા પ્રગટ થઈ નથી ત્યાં સુધી વચ્ચે વ્યવહાર હોય, શુભભાવ હોય પણ તેમાં બંધનું ફળ છે. જ્ઞાન અને આનંદનું ફળ તેમાંથી કદાપિ ન મળી શકે.

શ્રોતા :-પ્રભુ! મૂર્તિપૂજાથી પણ ધર્મ નથી તો તો પછી મૂર્તિ જ ન હોય તે સારું!

પૂજ્ય ગુરુદેવ :-એમ ન હોય ભાઈ! નિશ્ચયની સાથે વ્યવહાર હોય છે. પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈ જાતના શુભભાવ આવ્યા વગર રહેતાં નથી. ભગવાનની પૂજા-ભક્તિ-દાનાદિ બધું હોય પણ તેનાથી સંવર-નિર્જરા અને ધર્મ માનવા તે ભૂલ છે.

૨૩ મી ગાથા પૂરી થઈ. હવે શિષ્ય પૂછે છે કે 'અધ્યાત્મલીન જ્ઞાનીને શું ફળ મળે છે?' અધ્યાત્મલીન એટલે આત્મામાં લીન થઈ ગયા છે-જામી ગયા છે એવા યોગીની અપેક્ષાએ સ્વાત્મધ્યાનનું ફળ શું છે? તે પ્રશ્નનો પૂજ્યપાદસ્વામી ગાથારૂપે જવાબ આપે છે.

परीषहाद्यविज्ञानादास्रवस्य निरोधिनी ।
जायतेऽध्यात्मयोगेन कर्मणामाशु निर्जरा ॥ २४ ॥

આત્મધ્યાનના યોગથી, પરીસહો ન વેદાય,
શીઘ્ર સસંવર નિર્જરા, આસ્રવ-રોધન થાય. ૨૪.

ધર્મીજીવ પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માના ધ્યાનમાં જેટલો લીન થયો છે તેટલું તેનું પરિષહો તરફ લક્ષ નથી, તેને પરિષહોનું વેદન થતું નથી. પ્રતિકૂળતા તરફનું લક્ષ ન રહેવાથી તેનો અનુભવ થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મ પણ રોકડિયો છે અને શુભાશુભભાવનું ફળ પણ રોકડિયું છે. જે સમયે શુભાશુભભાવ થાય છે તે જ સમયે આકુળતા છે તે તેનું ફળ છે અને આત્માના સ્વરૂપના ધ્યાનરૂપ ધર્મનું ફળ શાંતિનું વેદન તે સમયે જ થાય છે.

ભગવાન આત્મા જ્યાં અંતરસ્વરૂપના ધ્યાનમાં લીન થાય છે ત્યારે શરીરમાં ક્ષુધા-તૃષાનું દુઃખ છે તેના તરફ તેનું ધ્યાન જ નથી તેથી તેનું વેદન પણ નથી. સર્પ કરડે, વીંછી કરડે તોપણ તેનું સ્મરણ તેને થતું નથી. જ્ઞાન જ્યાં સ્વજ્ઞેયમાં જામે છે ત્યાં પરજ્ઞેયનું સ્મરણ ધર્મીને થતું નથી. જ્યાં લીનતા છે ત્યાં જ તેનું જ્ઞાન છે.

આ આત્મા અનંત જ્ઞાન-દર્શન—આનંદના અસ્તિત્વ—સત્તાવાળું તત્ત્વ છે તેને સ્મરણમાં લેતાં બીજું વિસ્મરણ થઈ જાય છે. ત્યારે બહાર શરીરમાં પરિષહ છે કે નહિ? ક્ષુધા-તૃષા છે કે નહિ? પ્રતિકૂળતા—ઉપસર્ગ આદિ છે કે નહિ? તેનો ખ્યાલ એ વખતે ધર્મીને હોતો નથી.

અહીં કહેવાનો આશય એ છે કે જ્ઞાનીને પરિષહ આદિનું કષ્ટ જ નથી. બહારથી જોતાં લોકોને એમ લાગે કે બહુ પરિષહ-ઉપસર્ગ આદિ કષ્ટ સહન કરે ત્યારે ધર્મ થાય, પણ એમ નથી. જ્ઞાનીનું જ્ઞાન જ્યારે સ્વરૂપમાં એકાકાર થાય છે ત્યારે બહારમાં શું પરિષહ-ઉપસર્ગ આદિ પ્રતિકૂળતા છે તેનું લક્ષ પણ જ્ઞાનીને નથી. માટે જ્ઞાનીને બહુ પરિષહ સહન કરવા પડે છે એવું નથી. મુનિરાજ ધ્યાનમાં એકાકાર હોય છે ત્યારે બહાર શરીરને સિંહ ફાડી ખાતો હોય તેનો મુનિને ખ્યાલ પણ નથી. મુનિ તો પોતાના ધ્યાનમાં મસ્ત છે.

જે ધ્યાતા-ધ્યાન અને ધ્યેયને એકાકાર કરે છે તેને પરિષહાદિનું ધ્યાન જ નથી, તેનું વિજ્ઞાન જ નથી, એટલે કે તેનું તેને ભાન જ નથી, જ્ઞાન જ નથી. તે વખતે લોકોને એમ લાગે કે ઓહો! આ તો કેટલું કષ્ટ સહન કરે છે પણ લોકોને ક્યાં ખબર છે કે એ કષ્ટ સહન કરતા નથી, પોતાના ધ્યાનમાં લીન છે—આનંદમાં લીન છે. સ્વરૂપ તરફ વલણમાં શરીરમાં રોગ છે કે નહિ? સિંહ-વાઘ કે શિયાળ શરીરને ખાય છે કે નહિ? કોઈ દેવ કે મનુષ્ય ઉપસર્ગ કરે છે કે નહિ? અગ્નિમાં શરીર બળી રહ્યું છે કે નહિ? તેનું સ્મરણ જ નથી. તે તરફનો વિકલ્પ તો નથી પણ સ્મરણ પણ થતું નથી.

ભગવાન આત્માને જ્ઞેય બનાવી—ધ્યેય બનાવીને જે તેના ધ્યાનમાં લીન થાય છે તેને પરિષહની સ્મૃતિ પણ થતી નથી. આ છે આત્માના ધ્યાનનું ફળ!—કે પરિષહાદિ તરફનો વિકલ્પ તો નથી પણ સ્મરણ પણ નથી, એકલું આનંદનું વેદન છે.

આમ, જ્ઞાની જ્યાં શુદ્ધસ્વરૂપમાં લીન થાય છે ત્યાં કર્મોનું આગમન પણ અટકી જાય છે અને જૂના કર્મો છૂટતાં જાય છે-તેની નિર્જરા થઈ જાય છે. આ તો વ્યવહારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કથન છે હો. ખરેખર તો જ્ઞાનીને પરદ્રવ્ય સાથે સંબંધ હતો જ ક્યારે કે છૂટે? બહુ ઝીણી વાત છે પણ ખ્યાલમાં લેવા જેવી વાત છે.

સંસારના કોઈ કાર્યના ઊંડા વિચારમાં જીવ પડયો હોય ત્યારે પાસેથી સર્પ ચાલ્યો જાય તેનું પણ ધ્યાન રહેતું નથી. એક ભાઈ કહેતા હતા કે હું ઓશીકા ઉપર ચોપડો લઈને નામું લખતો હતો ને ઓશીકા નીચેના પોલાણમાંથી સર્પ નીકળ્યો પણ મને ખબર ન પડી. પછી કોઈએ જોયો ને મને કીધું ત્યારે ખબર પડી. અલ્યા! સંસારના કામના ધ્યાનમાં પણ બહારનું ધ્યાન નથી રહેતું તો આત્માના ધ્યાન વખતે બહારનું ધ્યાન ક્યાંથી રહે?

મુનિરાજને જો ધ્યાન વખતે પરિષહાદિકનું ધ્યાન રહેતું હોય–ચેન ન પડતું હોય તો તો એ ધ્યાન જ કેવું? એ તો વિકલ્પ છે, આકુળતા છે; આત્માનું ધ્યાન નથી. ભગવાન આત્મા અંતરમાં આનંદમાં ધ્યાનમાં મસ્ત હોય તેને પરિષહનું સ્મરણ ન હોઈ શકે. ઉપસર્ગનો તેને ખ્યાલ પણ ન હોય અને તે વખતે તેમને કર્મનો સંબંધ છૂટે છે એમ કહ્યું એ પણ એક વ્યવહારનું કથન છે. ખરેખર જ્ઞાનીએ પૂર્વના કર્મ કે વર્તમાન ઉદય સાથે સંબંધ જોડયો જ નથી તો છૂટે ક્યાંથી? જ્ઞાનીએ તો આત્મા સાથે સંબંધ જોડયો છે. આવી નિશ્ચયની વાત લોકોને આકરી લાગે છે પણ એ જ સાચી વાત છે, લોકોએ આત્માને એવો નમાલો માની લીધો છે કે તેનું વીર્ય પુણ્ય-પાપથી ખસીને આત્માનો ધર્મ પ્રગટ કરી શકે છે અને તેમાં જ લાભ છે એ વાત એને મગજમાં બેસતી નથી.

આત્મા પોતે જ પૂર્ણાનંદસ્વરૂપ પરમાત્મા છે તેમાં જ એકાગ્રતા કરવાથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ થાય છે. બીજી કોઈ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણકાળમાં કોઈને થઈ શકતું નથી.

શ્રોતાઃ–શાસ્ત્રમાં આવે છે ને કે નરકની વેદનાથી કે દેવદર્શન આદિથી સમ્યગ્દર્શન થાય છે.

પૂજ્ય ગુરુદેવઃ–એ તો બધા નિમિત્તના કથન છે. જ્યારે સમ્યગ્દર્શન જીવને થયું ત્યારે બહારમાં નિમિત્ત તરીકે શું હતું તે બતાવાય છે પણ જો વેદનાથી કે ભગવાનના દર્શનથી જ સમ્યગ્દર્શન થતું હોય તો તો વેદનાવાળા અને દર્શન કરવાવાળા બધાંને થઈ જવું જોઈએ. ભગવાનના દર્શનથી તો પુણ્ય બંધાય. ભગવાન તો પરદ્રવ્ય છે તે બીજાના દ્રવ્યની પર્યાયને કેમ ફેરવે? પોતે પોતાના ભગવાનના દર્શન કરે તો પોતાની પર્યાય ફરી જાય.

ભાઈ! તારે તારા આત્માનું હિત કરવું છે કે બીજાનું? બીજાનું લક્ષ કરવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનું હિત તો નહિ થાય પણ તને શુભાશુભભાવનું બંધન થશે. પરદ્રવ્યને આશ્રયે સંવર-નિર્જરા થાય એમ ત્રણકાળમાં કદી બને નહિ.

આત્માનું યથાર્થ ધ્યાન કરનાર જીવોના બે પ્રકાર છે. એક તો સિદ્ધયોગી છે જે તે જ ભવે મુક્તિ પામવાના છે. તે ધ્યાનમાં એટલા લીન છે કે તેને શુભ અશુભ બંને કર્મોની નિર્જરા થાય છે અને જે તુરત જ અયોગીપદને ધારણ કરી સિદ્ધપદ પ્રાપ્ત કરવાના છે. દા. ત. પાંડવો. પાંચ પાંડવો હતા, તેમાં ત્રણ સિદ્ધયોગી છે, અને બે સાધ્યયોગી છે. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન તો ધ્યાનમાં મસ્ત થઈ ગયા કે થોડી જ ક્ષણોમાં કેવળજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત કરી લીધી, અને સહદેવ અને નકુળ મુનિને જરા વિકલ્પ આવી ગયો કે મોટા મુનિનું શું થતું હશે ? વિકલ્પ આવ્યો ત્યાં પુણ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધિનું પુણ્ય બંધાઈ ગયું. માટે કહે છે કે સાધ્યયોગીને પાપની નિર્જરા થાય છે પણ પુણ્યનું બંધન થાય છે.

'પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરના કામ જો. પ્રથમ પહેલું મસ્તક મૂકી....' પ્રથમ અર્પણતા પહેલી જોઈશે. ચિદાનંદ ભગવાન આખો હું શુદ્ધ છું એવી દૃષ્ટિ કર્યા વિના અને તેને શરણે ગયા વિના આત્માને શાંતિનો લાભ ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય મળે તેમ નથી. અહીં તો બધી ઉત્કૃષ્ટ વાત છે, સત્ય વાત છે. મોટા મોટા મુનિને પણ જો કાંઈક વિકલ્પ આવી જાય તો ભવ કરવો પડે છે.

જેટલો સ્વભાવનો આશ્રય કરે તેટલો સંવર-નિર્જરા થાય છે, અને જેટલો પરનો આશ્રય કરે-સંબંધ કરે તેટલો આસ્રવ અને બંધ છે. આવો ઉપદેશ તે ઇષ્ટોપદેશ છે. પરથી લાભ માનવાનો ઉપદેશ તે અહિતકર ઉપદેશ છે. પરદ્રવ્ય કે પરભાવ આ આત્માને સાધવાનું સાધન પણ નથી. ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપે પોતે જ સાધ્ય છે અને પોતે જ સાધન છે.

અહીં તો ચોખ્ખી વાત છે. માર્ગ એક જ છે. અમીર હો કે ગરીબ હો બધાને માટે ધર્મનો માર્ગ તો એક જ છે.

અહીં ધર્મીના ધ્યાનની વાત ચાલે છે તેમાં આચાર્યદેવ આત્માનુશાસનનો આધાર આપે છે કે પુણ્ય-પાપ કર્મ ફળ આપ્યા વિના સ્વયમેવ ગળી જાય છે તે યોગી છે. ફળ આપ્યા વિના એટલે મુનિ તે વખતે શુદ્ધ ઉપયોગમાં હોવાથી કર્મોના ઉદયમાં જોડાતા નથી અને કર્મ ખરી જાય છે. આવી પૂર્ણ શુદ્ધતામાં લીન યોગીનો તત્કાળ નિર્વાણ થાય છે, તેને કર્મોનો આસ્રવ થતો નથી. આ તદ્ભવ મોક્ષગામીની વાત થઈ, પણ જેનો મોક્ષ આ ભવે થવાનો નથી તેવા યોગીને અશુભ કર્મોની નિર્જરા થાય છે, પણ જેટલો શુભવિકલ્પ છે તેટલા પ્રમાણના શુભકર્મનો આસ્રવ થાય છે.



□

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૨૭ ]

# શુદ્ધાત્માના ધ્યાન દ્વારા કર્મોની નિર્જરા

[ તા. ૧૪-૪-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત આ ઇષ્ટઉપદેશ શાસ્ત્ર ચાલે છે. તેમાં અહીં ૨૪ મો શ્લોક ચાલે છે.

આત્મા શુદ્ધ સત્ ચિદાનંદસ્વરૂપ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્યરૂપ અનંત ચતુષ્ટયસ્વરૂપ આત્મા છે, તેનું ધ્યાન કરતાં તેમાં એકાગ્ર થતાં જે અતીન્દ્રિય આનંદ આવે છે તેનું નામ સમ્યગ્દર્શન છે-અનુભવ છે. આવા સમ્યગ્દર્શન પૂર્વક આત્મધ્યાનના પ્રતાપથી ધર્માત્માને બહારના પરીષહ ઉપસર્ગ આદિનું વેદન થતું નથી.

અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ બહારની પ્રતિકૂળતાનું ધર્મીને વેદન થતું નથી. પરીષહ એટલે ક્ષુધા-તૃષા આદિ રોગ શરીરમાં આવે તોપણ ધર્મી જાણે છે કે શરીર જ મારું નથી તો રોગ મારો કયાંથી? અરે! પુણ્ય-પાપ તત્ત્વ પણ આસ્રવ છે એ મારા નથી. ધર્મીને એવો અતીન્દ્રિય આનંદ અંદરમાં વેદનમાં આવે છે કે તે વખતે પરીષહ આદિનો ખ્યાલ પણ રહેતો નથી, સ્મરણ પણ થતું નથી. આવી આનંદમય દશાને સંવર-નિર્જરા કહે છે. તેના નિમિત્તે કર્મો ખરી જાય તે દ્રવ્યનિર્જરા છે.

વ્રત-તપ આદિની શરીરની ક્રિયાથી સંવર-નિર્જરા થતાં નથી કેમકે એ તો જડની ક્રિયા છે, અજીવ તત્ત્વ છે. શુભ-અશુભ ભાવથી પણ સંવર-નિર્જરા થતાં નથી કેમ કે એ તો આસ્રવ તત્ત્વ છે. એ બંનેથી રહિત શુદ્ધ સત્ચિદાનંદ સ્વરૂપ આત્માના ધ્યાનરૂપ અનુભવથી સંવર-નિર્જરા પ્રગટ થાય છે.

પરદ્રવ્ય તરફનું લક્ષ છોડી, શુભ-અશુભ ભાવ તરફનું લક્ષ છોડી, એક નિજ શુદ્ધ આત્મા તરફ લક્ષ જોડવું-તેને ધ્યેય બનાવી અંતરમાં લીન થવું તેનું નામ અનુભવ છે, તેમાં સંવર-નિર્જરા પ્રગટ થાય છે.

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ નિર્જરાના ત્રણ પ્રકાર કહે છે :

૧. એક તો ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદમાં લીન થાય છે, સિદ્ધ જેવા પોતાના આનંદમાં મશગુલ બને છે, ત્યારે જે શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેને ભગવાન યથાર્થ નિર્જરા કહે છે.

૨. બીજું એ કે ધર્મીને અનુભવકાળે જે અશુદ્ધિનો નાશ થાય છે તેને અશુદ્ધ નિશ્ચયનયથી નિર્જરા કહેવામાં આવે છે. અને ત્રીજી નિર્જરા એ કે ધર્મીને અતીન્દ્રિય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદના કાળે જે જડ કર્મો પોતાની મેળે જ ખરી જાય છે, તેને ભગવાન અસદ્ભુત વ્યવહારનયથી નિર્જરા કહે છે.

અહીં આ ગાથામાં ત્રીજા પ્રકારની નિર્જરાની વાત લીધી છે કે ધર્મીને આત્મ-ધ્યાનના પ્રતાપે પરીષહો વેદતા નથી અને શીઘ્ર સંવર-નિર્જરા પ્રગટે છે અને કર્મો આપોઆપ ખરીને ચાલ્યા જાય છે.

હવે ૨૫ માં શ્લોકમાં પૂજ્યપાદસ્વામી આ જ વાતને વધુ સ્પષ્ટ કરે છે. પૂજ્ય-પાદસ્વામી મહા સમર્થ તત્ત્વજ્ઞાની સંત થઈ ગયાં, જેણે તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકા રચી છે તેણે જ આ ઇષ્ટોપદેશની રચના કરી છે.

પ્રભુ! ઇષ્ટઉપદેશ કોને કહેવાય?

જે ઉપદેશથી પોતાના આત્માની હિતની દશા પ્રગટ થાય અને પુણ્ય-પાપનો બંધ ન થાય એવા ઉપદેશને હિતઉપદેશ-યથાર્થ ઉપદેશ કહે છે એ સિવાયનો ઉપદેશ હિતકર તો નથી પણ વિપરીત ઉપદેશ છે.

**कटस्य कर्त्ताहमिति सम्बन्धः स्याद्द्वयोर्द्वयोः ।**
**ध्यानं ध्येयं यदात्मैव सम्बन्धः कीदृशस्तदा ॥ २५ ॥**

'ચટાઈનો કરનાર હું,' એ બેનો સંયોગ,
સ્વયં ધ્યાનને ધ્યેય જ્યાં, કેવો ત્યાં સંયોગ? ૨૫.

પૂજ્યપાદસ્વામી દૃષ્ટાંત આપીને સમજાવે છે કે 'ચટાઈનો કરનાર હું' તેમાં હું અને ચટાઈ એમ બે જુદી જુદી વસ્તુ છે જ્યારે આત્મામાં એવું નથી. આત્મા જ ધ્યેય અને આત્મા જ ધ્યાતા છે. બે જુદી વસ્તુનો તેમાં સંયોગ નથી.

પુણ્ય-પાપ આદિ શુભ-અશુભ ભાવ ધર્મીનું ધ્યેય નથી. ધર્મીનું ધ્યેય પણ આત્મા અને તેનું ધ્યાન ધ્યાતા પણ આત્મા જ છે. ભગવાન શુદ્ધ, અખંડ, અનાકુળ આનંદરસનો પિંડ છે, તેમાં વિકાર રહિત શુદ્ધ-નિર્મળ અવસ્થા દ્વારા ધ્યાન કરનાર પણ આત્મા છે, ધ્યેય પણ આત્મા છે અને ધ્યાતા પણ આત્મા જ છે. આત્મામાં ધ્યાતા ધ્યાન અને ધ્યેયનો ભેદ પડતો નથી. ભેદનો વિકલ્પ ઊઠે એ તો રાગ છે, પુણ્યબંધનું કારણ છે, સંસાર છે, સંવર-નિર્જરાનું કારણ નથી.

જ્યાં સુધી શુભાશુભભાવ ઉપર જ જેની દૃષ્ટિ છે અને તે જ ધ્યેય છે તે તો અનાદિ મિથ્યાદૃષ્ટિ છે પણ જ્યારે એ જીવ પોતાના જ શુદ્ધ, અખંડ આનંદસ્વરૂપ એકરૂપ આત્માને જ ધ્યેય બનાવીને ધ્યાન કરે છે ત્યારે બેપણું ક્યાં આવ્યું? એક આત્મા જ પોતે ધ્યેય, ધ્યાતા અને ધ્યાનસ્વરૂપે એકરૂપ છે તેમાં ભેદ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિયમ તો એવો છે કે બે વસ્તુ વચ્ચે સંયોગ સંબંધ હોય છે. એકની એક વસ્તુમાં સંયોગ નથી. ચટાઈ અને તેનો કરનારો હું એ તો બે વસ્તુનો સંયોગ થયો પણ ધ્યાતા હું આત્મા અને ધ્યેય મારો આત્મા, તેનું મેં ધ્યાન કર્યું તેમાં સંયોગ સંબંધ નથી. એકરૂપ આત્મા પોતે જ છે.

પોતાના હિતનો કર્તા અને કરણ (સાધન) પોતે જ છે એવો ભગવાનનો ઉપદેશ છે તે હિતકર છે. પુણ્ય-પાપરૂપ ભાવથી આત્માનું હિત થાય છે એવો ઉપદેશ છે તે ભગવાનના ઉપદેશથી વિરૂદ્ધ ઉપદેશ છે, અહિતકર છે.

કુંદકુંદ આચાર્ય સંવત ૪૯ માં થઈ ગયા તે પછી થયેલા પૂજ્યપાદસ્વામી એક અંતર્મુહૂર્તમાં હજારોવાર અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતાં મુનિરાજ હિત ઉપદેશ આપતા ગયા છે કે–'સાંભળો ભાઈ! આ હિતઉપદેશ!' આત્માના હિતનું સાચું સાધન આત્માનું ધ્યાન જ છે. શરીર, વાણી, મન અને કર્મ તો અજીવ તત્ત્વ છે તેથી તેના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય અજીવ છે તેનાથી તો આત્માનું હિત સધાતું નથી. જીવની જ પર્યાયમાં થતાં શુભાશુભભાવ પણ પુણ્ય-પાપ તત્ત્વ–આસ્રવ તત્ત્વ છે, તેનાથી પણ આત્માનું હિત સધાતું નથી.

આમ, અજીવ, પુણ્ય-પાપ અને આસ્રવ તત્ત્વ તો આત્માને હિતરૂપ નથી અને હિતના સાધન પણ નથી. બાકી રહ્યાં સંવર–નિર્જરા અને મોક્ષ તત્ત્વ જે આત્માને હિતરૂપ છે. તે કેમ પ્રગટ થાય? તેનો આ ઉપદેશ છે.

સંવર-નિર્જરા એ આત્માનો ધર્મ છે તે પ્રગટ થવામાં કર્તા કોણ? કરણ કોણ? ધ્યાન શું? અને ધ્યાન કરવાવાળો કોણ? આ પ્રશ્નના જવાબમાં પૂજ્યપાદસ્વામી ઇષ્ટ-ઉપદેશ આપે છે કે આત્મા પોતે જ પોતાના સ્વરૂપનું સાધન બને છે. તેને કોઈ નિમિત્ત, રાગ કે વ્યવહાર સાધનની અપેક્ષા નથી.

અહો! કુંદકુંદ આચાર્ય સાક્ષાત્ સીમંધર ભગવાન પાસે ગયા હતા, અને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. જ્ઞાન–ધ્યાન અને અનુભવ તો મુનિરાજને હતા જ, પણ ભગવાન પાસે જઈને ખૂબ ખૂબ વૃદ્ધિ કરીને અને સ્પષ્ટ કરીને આવ્યા, પછી આ શાસ્ત્રો રચ્યાં. મદ્રાસની આ બાજુ વંદેવાસથી પાંચ માઈલ દૂર પોન્નૂરહીલ છે, ત્યાં કુંદકુંદઆચાર્ય વિચરતા હતા અને ત્યાં જ સમયસાર, પ્રવચનસાર આદિ શાસ્ત્રોની રચના કરી છે.

કુંદકુંદઆચાર્ય પછી થઈ ગયેલાં આ પૂજ્યપાદસ્વામી કહે છે કે ઇષ્ટઉપદેશ કોને કહેવો?—પોતાના આત્માના સંવર-નિર્જરાનું સાધન પોતે જ છે અન્ય કોઈ નહિ એવો જે ઉપદેશ—તે ઇષ્ટ ઉપદેશ છે.

જેમ શ્રીફળમાં છાલા, કાચલી અને લાલ છાલથી સફેદ ગોળો, તદ્દન ભિન્ન છે–નિરાળો છે, તેમ આત્મા પણ શરીરાદિ નોકર્મરૂપ છાલાથી, આઠ કર્મરૂપ કાચલીથી અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભાશુભ આસ્રવરૂપ લાલ છાલથી તદ્દન ભિન્ન, નિરાળો જ્ઞાયક છે. શ્રીફળની અંદરનો ગોળો જેમ સફેદાઈ અને મીઠાશથી ભરેલો છે તેમ આત્મા શુદ્ધતા અને આનંદથી ભરેલો ચૈતન્યગોળો છે.

અનંતકાળમાં જીવે કદી સમ્યગ્દર્શનનું શું સ્વરૂપ છે તે લક્ષમાં જ લીધું નથી. અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો પણ સમ્યક્ત્વની મહિમા ન આવી. આમ ને આમ અનંતકાળ અજ્ઞાનતામાં-દુ:ખમાં વીતી ગયો. આવા જીવોને જ્ઞાની કહે છે કે અરે ! ભાઈ ! તારામાં તો અનંતી શક્તિઓ ભરી પડી છે. તું તો જીવત્વ, ચિત્તિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય આદિ પરમેશ્વરી શક્તિનો સ્વામી છો.

અનંતકાળમાં જેટલા જ્ઞાની થઈ ગયા તે બધાંનો એક જ ઉપદેશ છે. કેમ કે 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' આત્મામાં અતીન્દ્રિય આનંદના નૂરના પૂર ભર્યા છે. સમ્યગ્દર્શનમાં તેનો અંશે અનુભવ થાય છે અને મુનિદશામાં તો ક્ષણે ને પળે અતીન્દ્રિય આનંદની છોળો ઉડે છે-રેલમછેલ થાય છે તેનું નામ યથાર્થ સંવર-નિર્જરા છે અને તે સ્વભાવના સાધન વડે જ પ્રગટ થાય છે. ભગવાનની પ્રતિમા કે સાક્ષાત્ ભગવાન કે ભગવાન પ્રત્યેની ભક્તિનો શુભભાવ એ કોઈ સ્વભાવનું સાધન બની શકતા નથી. અશુભથી બચવા શુભભાવ આવે છે, હોય છે પણ તે સંવર-નિર્જરાનું સાધન નથી. 'શુભભાવ કરતાં કરતાં સંવર-નિર્જરા અને મોક્ષ થાય'-એવો જે ઉપદેશ છે તે ભગવાનનો ઉપદેશ નથી, ઇષ્ટ ઉપદેશ નથી.

ભાઈ તારે ક્રિયા કરવી છે ને ! તો ધ્યાનની ક્રિયા કર ને ! શરીરની ક્રિયા તો જડની ક્રિયા છે, શુભભાવની ક્રિયા તો વિભાવની ક્રિયા છે. અંતરમાં શુદ્ધ આનંદકંદની પકડ કરીને એટલે કે તેને દૃષ્ટિમાં લઈ નિર્મળાનંદ ધ્યાનની ક્રિયા કર ! તે ધ્યાનની ક્રિયામાં કર્તા આત્મા છે, કર્મ આત્મા છે અને સાધન પણ આત્મા જ છે. આનંદનો દેવાવાળો પણ આત્મા છે અને લેવાવાળો પણ આત્મા પોતે જ છે.

અતીન્દ્રિય આનંદનું વેદન કરવું તે આત્માનું કાર્ય છે. પુણ્ય-પાપ ભાવનું વેદન તે આત્માનું કાર્ય નથી.

આત્મા સ્વરૂપે પરમસ્વરૂપ છે. શરીર-પુણ્ય-પાપભાવ આદિ તો પરમ સ્વરૂપે નથી પણ એક સમયની નિર્મળ પર્યાય પણ પરમસ્વરૂપે નથી કેમકે તેમાંથી નિર્મળ પર્યાય આવતી નથી. માટે દ્રવ્યસ્વભાવને પરમસ્વરૂપ કહ્યો છે. તેનું પરમાત્મા સાથે એકીકરણ કર્યું છે.

એકલા ચૈતન્યસૂર્ય ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈને તેનો અનુભવ કરતાં, ધ્યાનમાં ધ્યાતા-ધ્યાન-ધ્યેયનો ભેદ રહેતો નથી. આવી દશાને સંવર-નિર્જરા કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે! જીવોએ આ વાત અનંતકાળમાં કદી સાંભળી નથી. શુભરાગ કરવો અને તેનું ફળ ભોગવવું એવી વાત અનંતકાળથી સાંભળે છે અને કરતો આવ્યો છે, પણ રાગ અને વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ, વીતરાગબિંબ, ચિદાનંદઘન, શુદ્ધસ્વરૂપ આનંદકંદમાં એકાકાર થવાની વાત જીવે કદી એક સેકંડ પણ સાંભળી નથી. તેથી જ સમયસારની ચોથી ગાથામાં આવે છે ને કે 'શ્રુત પરિચિત અનુભૂત સર્વને કામ ભોગ બંધનની કથા.'

ભગવાન! તું પ્રભુ છો તેનો સ્વીકાર કરજે, ના ન પાડીશ. ભાઈ! વિકલ્પ ઊઠે છે તે તો દોષ છે, વિકાર છે, તેનું લક્ષ છોડી દે અને શરીર, વાણી, મન તો અજીવ છે, માટી છે, ધૂળ છે તેનું પણ લક્ષ છોડી દે. દ્રવ્યકર્મ, ભાવકર્મ, અને નોકર્મ ત્રણેયનું લક્ષ છોડી દે! દ્રવ્યકર્મ એટલે આઠ કર્મનો ઉદય, નોકર્મ એટલે પછી ભલે સાક્ષાત્ ભગવાન હોય તેના તરફનું લક્ષ છોડી દે અને ભાવકર્મ એટલે વિકલ્પનું પણ લક્ષ છોડી એક સ્વભાવનું લક્ષ કર!! અહા! આચાર્યોએ કેટલી ગૂઢ-ગંભીર વાતો કહી છે!

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ:' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય છે તે કોના લક્ષે ઉત્પન્ન થાય? ભગવાન પરમસ્વરૂપના લક્ષે જ નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટ થાય ત્યારે નિમિત્ત તરફ તો લક્ષ ન હોય—કર્મ કે કર્મનો ઉદય કે કષાયની મંદતારૂપ નિમિત્ત તરફ લક્ષ તો ન હોય છતાં કર્મોની નિર્જરા થાય છે એ કેમ બને? એમ પ્રશ્ન ઉઠાવીને આચાર્યદેવ નિર્જરાતત્ત્વ સિદ્ધ કરવા માગે છે.

ભગવાન! એકવાર સાંભળ તો ખરો! ભગવાન શુદ્ધ પરમાનંદમૂર્તિ આત્માનું લક્ષ કરવાથી એક અંશે સંવર અને ભાવનિર્જરાની ઉત્પત્તિ થાય છે, ત્યારે કર્મ-નોકર્મ કે દ્રવ્યકર્મનું તો લક્ષ પણ હોતું નથી. પોતાના સ્વભાવના સાધનથી, ધ્યેયથી, સાધ્યથી સંવર-નિર્જરા પ્રગટ થાય છે. આવા વચનો દિગંબરના ભાવલિંગી સંતો વિના કોઈના ન હોઈ શકે. બીજા તો ઉપવાસ આદિ તપસ્યાથી સંવર-નિર્જરારૂપ ધર્મ મનાવી રહ્યા છે. એ વાત અહીં નથી. આ તો અનાદિ સનાતન એક સત્ય માર્ગ છે.

અહીં ૨૫ માં શ્લોકમાં તો એ સિદ્ધ કરવું છે કે અન્ય કોઈના લક્ષ વિના એક સ્વભાવના જ લક્ષે સંવર-નિર્જરા પ્રગટ થાય છે ત્યાં કર્મનું લક્ષ જ નથી તો કર્મોની નિર્જરા થઈ એમ કેમ કહી શકાય? અધ્યાત્મયોગથી કર્મોની શીઘ્ર નિર્જરા થાય છે એમ કેમ કહ્યું? તો કહે છે કે એ વાત પરમાર્થની નથી. વ્યવહારનયથી એમ કહેવાય કે ધર્મીને ધ્યાનમાં જૂના કર્મોની નિર્જરા થાય પણ પરમાર્થથી તો ધ્યાનમાં શુદ્ધિની વૃદ્ધિરૂપ નિર્જરા જ થાય છે. કર્મોની નિર્જરા કહેવી તે વ્યવહારનયનું કથન સમજવું. ખરેખર તો શુદ્ધિની વૃદ્ધિ થવી તે જ સાચી નિર્જરા છે.

[ **નોંધ** :—સળંગ પ્રવચન નં. ૨૬ નું રેકોર્ડિંગ ઉપલબ્ધ ન હોવાથી પ્રવચન નં. ૨૬ અત્રે આપી શકાયું નથી. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૨૮ ]

# ✻ આત્માનું પરમાત્મા સાથે એકીકરણ ✻

[ તા. ૧૫-૪-૬૬ ]

જગતના જીવોને હિતકારી એવો આ ઇષ્ટ ઉપદેશ ચાલી રહ્યો છે.

ધર્મની શરૂઆતથી માંડીને પૂર્ણતા કઈ રીતે થાય તેની વિધિ અહીં પૂજ્યપાદ-સ્વામીએ બતાવી છે.

પૂજ્યપાદસ્વામી કેવા હતા?—કે મહામુનિ-આત્મજ્ઞાની-આત્માના અનુભવી હતા, અને અલ્પકાળમાં મુક્તિ પામવાને લાયક હતા. અહીંથી આત્મજ્ઞાન લઈને સ્વર્ગમાં ગયા છે, પછી એકાદ ભવ ધારણ કરીને મોક્ષમાં જશે. આવા આ મુનિરાજે ઇષ્ટ નામ પ્રિય-હિતકારી ઉપદેશ આપ્યો છે કે નિજ શુદ્ધસ્વરૂપમાં પર્યાયનું એકીકરણ કરવું તેનું નામ સમ્યગ્દર્શન-મુક્તિનું કારણ છે, માટે હિતકારી છે.

આત્માનું પરમાત્મા સાથે એકીકરણ થાય છે ત્યારે આત્મા ચિન્માત્ર થઈ જાય છે. અખંડ પવિત્ર આત્મામાં દૃષ્ટિ-જ્ઞાન-સ્થિરતાથી એકાકાર થાય તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

પુસ્તક સામે રાખ્યું છે? પુસ્તક સામે હોય તો કયા શબ્દનો શું અર્થ થાય છે એ ખ્યાલમાં આવે. માટે પુસ્તક સામે રાખવું જોઈએ.

હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે જ્યારે પર્યાય સ્વભાવમાં એકાકાર થઈ ગઈ હોય ત્યારે આત્માને કર્મની સાથે કાંઈ સંબંધ જ નથી તો તેને કર્મથી છૂટયો એમ કેમ કહ્યું?

પૂજ્યપાદસ્વામી વીતરાગી વકીલાત કરી રહ્યાં છે. આ શાસ્ત્ર તો જૈનનું ઉપનિષદ્ છે. પૂજ્યપાદસ્વામીએ ગાગરમાં સાગર ભરી દીધો છે—ટૂંકામાં ઘણું સમાવી દીધું છે. વેદાંતમાં ઉપનિષદ્ છે તે યથાર્થ નથી. આ તો યથાર્થ, સર્વજ્ઞની કહેલી વાત પૂજ્યપાદ-સ્વામીએ અંતરદૃષ્ટિપૂર્વક લખી છે.

જ્યારે અજ્ઞાની જીવ શુભાશુભભાવને પોતાના માનવારૂપ મિથ્યા અભિપ્રાય કરે છે ત્યારે તેને દર્શનમોહકર્મના ઉદયનું નિમિત્ત હોય પણ જ્યારે જ્ઞાની સ્વભાવમાં એકાકાર થઈ જાય છે ત્યારે તેને કર્મનું નિમિત્ત જ નથી. છતાં દર્શનમોહકર્મના નાશનું નિમિત્ત કહેવું તે વ્યવહાર છે. એ જ રીતે સ્વાનુભૂતિની વાત લ્યો તો જ્યારે પોતાની પર્યાયમાં સ્વભાવનું સ્વસંવેદન નથી ત્યારે તો સ્વાનુભૂતિ-આવરણરૂપ કર્મોનું નિમિત્ત છે પણ જ્યારે સ્વભાવના એકીકરણથી સ્વાનુભૂતિ પર્યાયમાં પ્રગટી છે ત્યારે કર્મોનું નિમિત્ત નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અતીન્દ્રિય આનંદની શાંતિ થવી તેનું નામ ચારિત્ર છે. આ ચારિત્રના કાળમાં આત્માનું પરમાત્મા સાથે એકીકરણ થયું છે, આત્મા ચિન્માત્ર થયો છે એટલે કે રાગ દ્વેષ રહિત થયો છે. એ વખતે ચારિત્રમોહકર્મનો ઉદય જ નથી તો તેનું નિમિત્ત ક્યાંથી કહેવાય?

એક સમયની દશા કે જે અનંતા જન્મ-મરણનો નાશ કરે એવી દશાને ધર્મ કહેવાય. આ ધર્મનું શું સ્વરૂપ છે અને તે કેમ પ્રગટ થાય તેનો અહીં ઇષ્ટ ઉપદેશ છે. પોતાની પર્યાયમાં સ્વાનુભૂતિનો અભાવ હોય તો ચારિત્રમોહકર્મને નિમિત્ત કહેવાય પણ ચારિત્રમોહકર્મનો ઉદય હતો માટે સ્વાનુભૂતિની દશા પ્રગટ ન થઈ એમ કોઈ કહે તો એ અનિષ્ટ ઉપદેશ છે, ઇષ્ટ ઉપદેશ નથી. સ્વભાવમાં એકાકાર થતાં નિમિત્તનો સંબંધ ઊડી જાય છે.

કર્મનો ઉદય આત્માને કાંઈ લાભ-નુકશાન કરે છે એવી માન્યતા તે મૂઢતા છે. રાગની મંદતા પણ કાંઈ લાભ કરી દે છે એમ માનવું તે અજ્ઞાન છે. રાગની મંદતા તો નિમિત્તમાત્ર છે. લાભ તો પોતાના સ્વભાવમાં એકાકાર થવાથી થાય છે પણ ત્યારે તો કર્મનો ઉદય કે રાગની મંદતા તરફ લક્ષ પણ નથી તો તેને લાભ-નુકશાનનું કારણ ક્યાંથી કહેવાય?

વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ ન માનવું અને તેમ ન પરિણમવું તે મિથ્યાદૃષ્ટિનું આચરણ છે.

પૂજ્યપાદસ્વામીએ ઇષ્ટ ઉપદેશની રચના કરી અને પંડિત આશાધરજીએ તેની ટીકા રચી છે. ગાથામાં જે ભાવ ભર્યા છે તેને ખોલવા તેનું નામ ટીકા કહેવાય.

આગળ ગાથામાં કહ્યું હતું કે 'ध्यानम् ध्येयम् यत् आत्मेव' ધ્યાન, ધ્યેય અને ધ્યાતા ત્રણેયરૂપે એક આત્મા જ છે. પોતે જ ધ્યેય, પોતે જ ધ્યાતા અને પોતે જ ધ્યાન આમ ત્રણેયમાં આત્મા જ વ્યાપેલો છે. ત્યારે રાગનું કે કર્મનું ધ્યાન રહેતું નથી.

આહાહા....! વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકો માની બેઠા છે એવું ધર્મનું સ્વરૂપ નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. મહાવિદેહમાં વર્તમાનમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે. કેવળી ભગવંતો, ગણધરો, મુનિઓ પણ બિરાજે છે. તેમના મુખેથી નીકળેલી આ વાણી છે. ત્રણકાળના તીર્થંકરોની વાણી એકસરખી જ હોય છે. કેમ કે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાન બતાવી રહ્યા છે, તેથી વાણીમાં એકરૂપતા જ હોય ને! શ્રીમદ્ લખે છે ને કે 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' પરમાર્થનો પંથ એક જ હોય, બે-ચાર પંથ ન હોય.

અહીં કહે છે કે ભાઈ! તારા કોઈપણ ગુણની નિર્મળ પર્યાય સ્વભાવના એકીકરણથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ સ્વભાવના એકીકરણથી જ પ્રગટ થાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થતું નથી, શાસ્ત્રજ્ઞાનથી સમ્યગ્જ્ઞાન થતું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા તો રાગ છે, પુણ્ય છે, વિકલ્પ છે, તેના લક્ષે સમ્યગ્દર્શન ક્યાંથી થાય ? રાગનો પુરુષાર્થ કરવો તે તો ઉલટો પુરુષાર્થ છે-દોષિત છે. તેનાથી ચારિત્ર પ્રગટ ન થાય. ચારિત્ર તો નિજસ્વભાવના પુરુષાર્થથી પ્રગટ થાય, નિજવીર્યથી થાય.

વીર્ય કોને કહેવાય પ્રભુ ? કહે છે કે સ્વભાવની રચના કરે તે વીર્ય છે ભાઈ! નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશાની રચના કરે તેનું નામ વીર્યગુણ કહેવાય. ભગવાન સર્વજ્ઞદેવ જેમ કહે છે તેમ ભગવાન કુંદકુંદ આચાર્યદેવ કહે છે અને તેમ જ અમૃતચંદ્ર આચાર્યદેવ કહે છે કે હે જીવો ! જે આત્મવીર્ય પોતાના શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન અને અરાગી વીતરાગી ચારિત્ર આદિ શુદ્ધ આનંદની પર્યાયની રચના કરે તેનું નામ ભગવાન વીર્ય કહે છે. અહીં તો આ ચોખ્ખી વાત છે. ગડબડ અહીં ન ચાલે. અમૃતચંદ્ર આચાર્યમહારાજે ૪૭ શક્તિમાં આત્માના ગુણોની વ્યાખ્યા લખી છે, તેમાં ચોખ્ખા સંસ્કૃત શબ્દોમાં લખેલું છે કે—"**स्वरुप निर्वर्तन सामर्थ्यरूपा वीर्यशक्ति**"—વીર્ય એટલે પુરુષાર્થ નામના ગુણનો ભાવ શું કે—"સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયોની રચના કરવી તે." અહીં પૂજ્યપાદસ્વામી પણ એ જ કહે છે કે સ્વભાવમાં એકીકરણ કરવું, નિર્મળ પર્યાય પ્રગટ કરવી તે વીર્યગુણનું કાર્ય છે.

વ્યવહારનો પુરુષાર્થ તે ખરેખર વીર્યગુણનો પુરુષાર્થ જ નથી. રાગની મંદતા કરવી તે વીર્યગુણનું કાર્ય નથી.

કેટલાક લોકો કહે છે આ તો મહારાજ બધી ઘરની વાત કરે છે. અરે ભાઈ! તને ખબર નથી. આ અમારાં ઘરની વાત તો છે પણ કલ્પનાની નથી. સર્વજ્ઞ પરમાત્મા મુનિરાજ અને શાસ્ત્રની કહેલી વાતો છે.

જ્યારે આત્મા પોતાના સ્વભાવ સાથે દષ્ટ-જ્ઞાન-સ્થિરતાનું જોડાણ કરે છે ત્યારે સ્વભાવનું એકીકરણ થાય છે, એ એકીકરણને અહીં અધ્યાત્મયોગ કહ્યો છે. તો અહીં શિષ્ય પ્રશ્ન મૂકે છે કે અધ્યાત્મયોગ તો અદ્વૈતધ્યાનથી થયું છે, એટલે કે એક આત્માના લક્ષથી-ધ્યેયથી જ અધ્યાત્મયોગ પ્રગટ થયો છે. કર્મ કે રાગનું તો તેમાં લક્ષ પણ નથી તેથી તે અવસ્થામાં કર્મ કે રાગ તો ઉત્પન્ન જ થતાં નથી તો તેનો નાશ થાય છે-અધ્યાત્મયોગકાળે કર્મોની નિર્જરા થાય છે એમ કેવી રીતે કહી શકાય? રાગ હતો જ નહિ તો રાગનો સંબંધ છૂટયો એમ કેવી રીતે કહી શકાય?

આહાહા...! બહુ ઊંચી વાત! આ ઇષ્ટ ઉપદેશ !! આનાથી વિપરીત કોઈ ઉપદેશ કરે તે સર્વજ્ઞનો ઉપદેશ નથી, ઇષ્ટ ઉપદેશ નથી, વીતરાગમાર્ગનું એ કથન નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ, વ્યવહાર આદિનો સંબંધ હતો તે છૂટીને સ્વભાવદૃષ્ટિ કરતાં સ્વભાવનું એકીકરણ-અધ્યાત્મયોગ પ્રગટ થયો, તેથી કાંઈ પહેલાં રાગ હતો તેનાથી અધ્યાત્મયોગ પ્રગટયો એમ નથી. રાગ અને કર્મનો તો સંબંધ છૂટયો ત્યારે તો સ્વભાવદશા પ્રગટી. ઉપાદાન જાગે છે ત્યાં નિમિત્તનું લક્ષ છૂટી જાય છે. કોઈ અલૌકિક નિરપેક્ષ માર્ગ છે. વ્યવહારની સાપેક્ષતા છે એ જાણવા માટે છે. આદરવા માટે નથી. પરના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે એમ ત્રણકાળ ત્રણલોકમાં કદી બની શકતું નથી. આવું અનંત સર્વજ્ઞપરમેશ્વરનું ફરમાન તેમની દિવ્યધ્વનિમાં આવ્યું છે.

અહીં પ્રશ્ન છે કે ભગવાનને નવા કર્મ તરફ લક્ષ નથી, ભગવાનને નવા કર્મ બંધાતા નથી તો ઘાતિકર્મોનો નાશ કયાંથી થાય છે? તો કહે છે કે ભગવાન વર્તમાનમાં કર્મ બાંધતા નથી પણ પૂર્વે બાંધેલાં કર્મોની નિર્જરા થાય છે, એ જ રીતે જ્ઞાની કે મુનિને અધ્યાત્મયોગ કાળે કર્મ સાથે કાંઈ સંબંધ નથી, તેના તરફ લક્ષ નથી, છતાં કર્મ છૂટે છે, નિર્જરી જાય છે એમ કહ્યું છે તે જૂના કર્મની અપેક્ષાએ વાત છે. અધ્યાત્મયોગકાળે જૂના કર્મોની નિર્જરા થાય છે અને નવા કર્મ બંધાતા નથી.

'ચટાઈનો કરનાર હું' આમાં બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ જ્યાં સ્વયં ધ્યાન અને ધ્યેય પણ સ્વયં છે ત્યાં બે વચ્ચેનો સંબંધ નથી. એક જ વસ્તુ છે. માટે ધ્યાનમાં કર્મ સાથે સંબંધ જ નથી.

હવે ૨૯ મો શ્લોક શરૂ થાય છે.

પૂજ્યપાદસ્વામી શિષ્યના મુખમાં પ્રશ્ન મૂકીને શ્લોકની સંધિ કરે છે. શિષ્ય કહે છે કે આત્મદ્રવ્ય અને કર્મ-પુદ્ગલ દ્રવ્ય બંને ભિન્ન છે અને અધ્યાત્મયોગના બળથી તે બંનેનો સંબંધ થતો નથી એટલે કે આત્માના આનંદસ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાન અને અનુભવથી જ્યાં નિમિત્તનો સંબંધ જ ન રહ્યો તો કર્મોનો બંધ પણ ન રહ્યો તો પછી બંધના અભાવસ્વરૂપ મોક્ષ પણ કયાંથી થાય? બંધ હોય તો બંધનો અભાવ થાય ને! તેથી આ રીતે તો બંધ અને મોક્ષ સિદ્ધ થતાં નથી. જ્યારે યોગીઓ તો હંમેશા મોક્ષની પ્રાર્થના કરે છે-ભાવના કરે છે.

મોક્ષ તો અવિચ્છિન્ન અને અવિનાશી પરમ આનંદ અને પરમસુખનું કારણ હોવાથી સમ્યગ્દૃષ્ટિથી માંડીને સર્વ યોગીઓ તેની પ્રાર્થના કરે છે-ભાવના કરે છે. ધર્મીજીવ અંતર એકાગ્રતા પૂર્વક એક અતીન્દ્રિય સુખસ્વરૂપ મોક્ષની જ ભાવના ભાવે છે. બીજી કોઈ ચીજની તેમને ભાવના હોતી નથી. એક પૂર્ણ આનંદની પ્રાપ્તિનો જ ધર્મી જીવો પ્રયત્ન કરી રહ્યા છે. તો બંધ હોય તો જ તેનો અભાવ થતાં મોક્ષ હોય અને તો જ તેની યોગીઓ ભાવના કરે. માટે, બંધ અને મોક્ષ કેવી રીતે છે તે સિદ્ધ કરો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેના ઉત્તરસ્વરૂપ ગુરુ ૨૬ મો શ્લોક કહે છે :—

**बध्यते मुच्यते जीवः सममो निर्ममः क्रमात् ।**
**तस्मात्सर्वप्रयत्नेन नर्ममत्वं विचिन्तयेत् ॥ २६ ॥**

મોહી બાંધે કર્મને, નિર્મમ જીવ મુકાય,
તેથી સઘળાં યત્નથી, નિર્મમ ભાવ જગાય. ૨૬.

આ તો પંચમઆરાના મુનિએ ઇષ્ટઉપદેશ રચ્યો છે પણ ત્રણ કાળના મુનિઓ અને તીર્થંકરોનો આ જ ઇષ્ટ ઉપદેશ હોય છે. કાળ ગમે તે હો પણ હિતનો માર્ગ તો એક જ હોય.

શ્લોકમાં મુનિરાજ આદેશ કરે છે કે મમતાયુક્ત જીવ બંધાય છે, નિર્મમ જીવ બંધાતો નથી માટે દરેકે નિર્મમતા પ્રગટ કરવાનું લક્ષ રાખવું.

અનાદિથી જીવને મિથ્યાઅભિપ્રાયથી કર્મોનું બંધન થાય છે. પોતાના સ્વભાવમાં એકાગ્રતા કરવાથી જ લાભ છે. એવો અભિપ્રાય છોડીને નિમિત્તના સંબંધથી, રાગના સંબંધથી, પુણ્યના સંબંધથી મને ધર્મનો લાભ થશે એવા અભિપ્રાયને મિથ્યા અભિનિવેશ કહે છે કે જેનાથી જીવ કર્મથી બંધાય છે.

ભગવાન આત્મા એકલો ચૈતન્ય જ્ઞાનસૂર્ય સ્વભાવી છે તેમાં મારાપણું ન કરતાં મિથ્યાદૃષ્ટિ શરીર, વિકલ્પ અને રાગાદિમાં મારાપણું કરે છે તેને ભગવાન મિથ્યા અભિપ્રાય કહે છે. જેના અભિપ્રાયમાં આવું મિથ્યાત્વ પડયું છે તે જીવને કર્મોનો બંધ થાય છે. જ્ઞાયકસ્વભાવ તે હું એમ નહિ માનતા પોતાનો આરોપ રાગની મંદતા આદિ વિકલ્પમાં કરે છે તે બંધાય છે અને તેનાથી છૂટી જે પોતાના જ્ઞાયકસ્વભાવને સ્વીકારીને તેમાં લીન થાય છે તે બંધનથી મુક્ત થઈ મોક્ષમાં જાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૨૯ ]

# રાગમાં એકત્વ બંધનું મૂળ
# રાગથી ભિન્નત્વ મુક્તિનું મૂળ

[ તા. ૧૬-૪-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઇષ્ટઉપદેશનો ૨૬ મો શ્લોક ચાલે છે.

જે જીવ પોતાના જ્ઞાનાનંદ નિર્મળ શુદ્ધ ચૈતન્યસ્વભાવને છોડીને શુભાશુભ રાગાદિના વિકલ્પમાં મારાપણાનો મિથ્યા અભિપ્રાય—વિપરીત અભિનિવેશ કરે છે તે જીવ આઠ કર્મોથી બંધાય છે. રાગાદિ વિકલ્પ 'તે હું' અને 'તે મારા' એવો જે મિથ્યા અભિપ્રાય છે તે જ કર્મબંધનનું કારણ છે. અને શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ તે હું અને રાગાદિ તે મારા નહિ એવો જે સમ્યક્ અભિપ્રાય તે કર્મબંધનથી મુક્ત થવાનું કારણ છે. અહીં આચાર્યદેવે ટૂંકામાં બંધ-મોક્ષનું સ્વરૂપ કહી દીધું છે.

શુભ-અશુભભાવ થાય છે તે મારા છે અને હું તેનો છું એવી માન્યતા તે મિથ્યા-દર્શનશલ્ય છે અને આ શલ્ય જ આઠ કર્મના મહાબંધનું કારણ છે. આ વિષયમાં અમૃતચંદ્ર આચાર્યનો સમયસાર કળશ ૧૬૪ નો આધાર આપ્યો છે કે કર્મબંધનું કારણ આખા લોકમાં ભરેલાં કર્મ થવા યોગ્ય પુદ્ગલો નથી, તેમ જ મન-વચન-કાયાની ક્રિયારૂપ યોગ કે ઇન્દ્રિયો કે જડ-ચેતનનો ઘાત થાય તે પણ આત્માને બંધનું કારણ નથી, કોઈ જીવ મરે કે જડના ટૂકડાં થાય તે આત્માને બંધનું કારણ નથી, આત્માને બંધનું કારણ તો એકમાત્ર રાગ સાથે ઐક્યતા માનવી તે જ છે.

ચૈતન્ય ભગવાન જાનન-દેખન સ્વભાવી છે. એ જાનન-દેખન સ્વભાવની સત્તામાં —ભૂમિકામાં જે શુભરાગ ઊઠે કે અશુભરાગ ઊઠે તેનું ઉપયોગ સાથે ઐક્યપણું કરવું તે જ મિથ્યાદર્શન છે અને તેનાથી જ કર્મબંધ થાય છે.

લોકોને વસ્તુસ્વરૂપ શું છે—અંતરવસ્તુ શું છે અને પરવસ્તુ શું છે તે બેનો વિવેક નથી એટલે ઐક્ય માને છે, તેથી કર્મબંધ થાય છે, પણ એ બેના વિવેકમાં જ આખો વીતરાગમાર્ગ સમાય જાય છે તેની લોકોને ખબર નથી.

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકીનાથ જગતમાં છ દ્રવ્ય છે એમ કહે છે. છ દ્રવ્ય જાતિએ છે પણ સંખ્યાએ તો અનંત દ્રવ્ય છે. તેમાં કોઈ દ્રવ્ય બીજા કોઈ દ્રવ્યનું કાર્ય કરે એમ ત્રણકાળમાં કદી બને નહિ તેથી એ પ્રશ્ન તો અહીં નથી. પણ અહીં તો દયા, અહિંસા, સત્ય આદિના જે શુભભાવ આવે તેમાં જે લાભ માને છે તે પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધસ્વભાવને અને શુભભાવને એક જ માને છે, તે જ અજ્ઞાનીનો મિથ્યા અભિપ્રાય છે અને તે બંધનું કારણ છે.

બીજી રીતે કહીએ તો, એ પુણ્ય એટલે આસ્રવ તત્ત્વની સત્તા જ્ઞાયકસ્વભાવમાં નથી. ભગવાન આત્મા જ્ઞાન-દર્શનસ્વભાવી, અવિકારી, અરૂપી, વીતરાગી, નિર્વિકાર આનંદ-મૂર્તિ છે, તેમાં જે દયા-દાનાદિ રાગની પર્યાય થાય છે તે પર્યાય પરની દયા પાળવા પરદ્રવ્યમાં જતી નથી તો એ પર્યાય પરની દયા ક્યાંથી પાળે? પરદ્રવ્યમાં કાંઈ ફેરફાર કરી શકે એવો રાગનો સ્વભાવ જ નથી. આ રાગ પરદ્રવ્યની સત્તામાં નથી માટે જીવ તેની દયા પાળી શકતો નથી તેમ જ આ રાગ ચૈતન્યની સત્તામાં પણ નથી તેથી રાગ આત્માને પણ લાભ કરી શકતો નથી.

એક તત્ત્વનું બીજા તત્ત્વની સાથે જોડાણ કરી દેવું, ઐક્ય માનવું તે મિથ્યાત્વ છે. 'ઉપયોગ ભૂ' એટલે ઉપયોગરૂપી-જમીન-સત્તા અનંત અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવની સત્તાવાળી વસ્તુમાં રાગાદિનું ઐક્ય માનવું એટલે કે 'રાગાદિ તે હું' અને 'તે મારા' એવો જે વિપરીત અભિનિવેશ છે તે મિથ્યાત્વ છે અને તે મિથ્યાત્વભાવ કર્મબંધનમાં નિમિત્ત થાય છે.

ભગવાન આત્મા કર્મથી બંધાયેલો નથી પણ રાગાદિભાવના બંધનથી પણ આત્મા નિર્લેપ છે. આવી નિર્લેપ સ્વ શુદ્ધ સત્તાની ભૂમિમાં રાગનો લેપ માનવો એટલે કે રાગ મારી ભૂમિનો છે, મારી સત્તાનો છે, રાગ મને લાભદાયક છે એવો વિપરીત અભિનિવેશ તે મિથ્યાદર્શન છે.

આહાહા! આ મિથ્યા અભિપ્રાયનો જીવોને ત્યાગ નહિ ને બહારની વસ્તુથી ત્યાગ માને છે તેમાં જીવોને મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આ તો વીતરાગમાર્ગ છે બાપુ! આ કાંઈ કોઈને માખણ ચોપડવાનો માર્ગ નથી.

ભગવાન કુંદકુંદ આચાર્યે બંધ અધિકારમાં જે વાત ફરમાવી છે તે અમૃતચંદ્ર આચાર્યે ટીકાના કળશમાં લીધી છે અને એ જ વાતનો અહીં પંડિત આશાધરજીએ આધાર આપ્યો છે. પંડિત આશાધરજી ગૃહસ્થાશ્રમમાં હતા. તેમણે પૂજ્યપાદસ્વામીની ગાથાની ટીકા કરી છે તેમાં આ ગાથામાં 'મમ'થી બંધાય છે અને 'નિર્મમ'થી મૂકાય છે, તેની વ્યાખ્યા કરતાં કહે છે કે ભગવાન નિર્લેપ, અબંધ, શુદ્ધ ચૈતન્યતત્ત્વની સત્તાની સાથે રાગાદિનું મિલાન કરે છે કે આ રાગ મને લાભદાયક છે તેનો અર્થ એ કે રાગ મારો છે અને હું તેનો છું એવો જે મિથ્યા અભિપ્રાય કરે છે તે જીવ કર્મથી બંધાય છે.

અનાદિકાળથી જીવે મિથ્યાત્વનો ધંધો માંડ્યો છે. ત્યાગી થયો, બાવો થયો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે ! દિગંબર મુનિ થયો પણ મિથ્યાત્વ છોડયું નહિ. શુક્લલેશ્યાના પરિણામ કરીને નવમી ગ્રૈવેયક જઈ આવ્યો પણ શુક્લલેશ્યાના પરિણામ તે હું નહિ.—આવું ભેદજ્ઞાન કર્યું નહિ તેથી કર્મબંધન ટળ્યું નહિ.

આમ, શરીરની ક્રિયા બંધનું કારણ નથી, પાંચ ઇન્દ્રિયો બંધનું કારણ નથી, કર્મ થવા યોગ્ય જગતના પુદ્ગલ પરમાણુ કર્મબંધનું કારણ નથી કે જીવ–અજીવનો ઘાત પણ બંધનું કારણ નથી. માત્ર એક ભગવાન આત્મા પોતાના ચૈતન્ય ઉપયોગરૂપ સ્વભાવની દૃષ્ટિ છોડી પુણ્ય–પાપના પરિણામને પોતાની સત્તા સાથે જોડે છે–ઐક્ય માને છે તે જ કર્મ બંધનું કારણ છે.

ચૈતન્યના ઉપયોગમાં રાગના ભાગનો ત્રિકાળ અભાવ સ્વભાવ છે એમ નહિ માનતા અભિપ્રાયમાં રાગનું એકત્વ કરવું તે જ અનંત સંસારના બંધનનું કારણ છે! રાગ મિથ્યાત્વના બંધનું કારણ નથી પણ રાગની એકતા માનવી તે મિથ્યાત્વના બંધનું કારણ છે.

સમયસારમાં જયચંદજી પંડિતે બહુ સારો અર્થ કર્યો છે કે અભ્યંતરની અપેક્ષાએ તો સમકિતી અબંધ જ છે અને સમ્યગ્દર્શન રહિત જીવ બાહ્યના ગમે તેટલા ત્યાગમાં રહ્યાં છતાં તેના અભિપ્રાયમાં એમ છે કે આ મેં ત્યાગ કર્યો છે અને આ શુભરાગ મને લાભદાયક છે તો એ માન્યતાવાળો પરમ ધર્મનો ત્યાગી છે અને એકલો અધર્મનો ભોગી છે. આ તો ભાઈ! વીતરાગનો માર્ગ છે. અહીં કોઈની લાગવગ ન ચાલે.

આહાહા ! ભાઈ ! ભગવાન ચૈતન્ય જ્યોત, જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યના પ્રકાશના નૂરના તેજમાં રાગનો શુભવિકલ્પ ઊઠે એ તો અંધકાર છે. આ પ્રકાશ અને અંધકારમાં એકત્વ માનવું બસ, એ જ મિથ્યાત્વ અને અનંત સંસારમાં રખડવાનું મૂળ છે. બંધનું કારણ આ એક જ છે. એ સિવાય બીજું કોઈ બંધનું કારણ નથી.

હવે, અહીં આત્માનુશાસનના ૧૧૦ માં શ્લોકનો આધાર આપે છે. બહુ ઊંચો શ્લોક છે. હું અકિંચન છું (એટલે કિંચિત્ માત્ર રાગાદિ મારા નથી), મારું કાંઈ નથી. હું ચૈતન્ય ભગવાન રાગાદિ વિકલ્પથી રહિત છું, અને વિકલ્પ મારા કાંઈ પણ નથી. હું તો જાણનાર–દેખનાર માત્ર છું. સ્ત્રી, પુત્ર, પરિવાર તો મારા નથી જ. એ તો મારાથી બહુ દૂર છે પણ, મારી જ પર્યાયમાં થયેલાં રાગાદિ પણ મારા સ્વરૂપમાં નથી. તે વિકલ્પો જરી પણ મારા નથી.

મુનિરાજ કહે છે બસ! હું અકિંચન છું એમ ભાવના કરી બેસી રહો એટલે કે અંતરમાં સ્થિર થાઓ, અને ત્રણલોકના સ્વામી બનો.

લોકોએ આવી વાત સાંભળી નથી, તેથી આ વાતથી તદ્દન બેખબર છે. બેખબર એટલે બમણી ખબરવાળા નહિ પણ ખબર વગરના છે અને માને છે કે અમે ધર્મ કરીએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રોતા :—પણ! વ્રત-ભક્તિ આદિ કયારે કરવાના ?

ભાઈ! એ ભાવો વચ્ચે આવશે પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. તે સંવર, નિર્જરા કે મોક્ષનું કારણ નથી. જ્યાં સુધી સ્વરૂપમાં પૂર્ણ સ્થિર થઈ ન શકે ત્યાં સુધી વચ્ચે શુભભાવ આવે પણ તે મોક્ષમાર્ગ નથી. એકવાર સ્વરૂપમાં ઠર્યો એ ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામ્યે છૂટકો છે. સ્વરૂપમાં સ્થિરતા સિવાય બીજો કોઈ કેવળજ્ઞાનનો ઉપાય નથી.

રાગ અને જડની ક્રિયાથી હું પૃથક્ છું એમ પ્રથમ શ્રદ્ધા કર! રાગ અને દેહની ક્રિયા મારામાં નથી અને હું રાગ અને દેહની ક્રિયામાં આવતો નથી. જ્ઞાયકભાવ કાંઈ રાગમાં આવે! ભગવાન આત્મા કાંઈ દેહની પર્યાયના ઉત્પાદમાં આવે! ત્રણકાળમાં કદી ન આવે. છતાં રાગ અને દેહની ક્રિયામાં મમત્વ કરવું તે જ એક સંસાર બંધનનું મૂળ છે.

આ આત્માનુશાસનના ૧૧૦ માં શ્લોકમાં પરમાત્મા થવાનું ટૂંકું રહસ્ય આપી દીધું છે. હું અકિંચન છું એવી ભાવનાપૂર્વક સ્વરૂપમાં સ્થિર થઈ જાય તે યોગી અલ્પકાળમાં પરમાત્મા-ત્રણલોકના નાથ બને છે.

થોડું પણ સાચું ગ્રહણ કરે તો એ થોડામાં આખું કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની તાકાત છે. કેમ કે થોડું પણ સાચું છે. તેનાથી વિપરીત થોડી પણ ખોટી માન્યતા ગ્રહણ કરે તેમાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે.

અહીં ટૂંકામાં પરમાત્મા થવાનું રહસ્ય બતાવ્યું છે. રાગની એકતા તોડીને સ્વભાવની એકતામાં રહેવું તે જ એક પરમાત્માને પામવાનો ઉપાય છે. આમાં બધાં શાસ્ત્રોનું રહસ્ય આવી જાય છે. બહુ ઊંચો શ્લોક છે.

સંસારની હોંશ ઊડી જાય એવી આ વાતો છે. એક ડોકટર કહેતાં હતાં કે હમણાં (યુવાનીમાં) આ મહારાજની વાત સાંભળવી નહિ. નહિતર અત્યારથી સંસારની હોંશ ઊડી જાય માટે વૃદ્ધાવસ્થામાં આ વાત સાંભળવી!!

લોકોએ વીતરાગમાર્ગને વીંખી નાખ્યો—પીંખી નાખ્યો. જેમ ગાદલાંની તળાઈમાં ગોળના રવા મૂકયાં હોય ને ઉનાળામાં રવા પીગળી જાય તો ગોળનો રસ બધો ગાદલામાં ઉતરી જાય, એ બહાર સૂકવવા મૂકે તો ગોળ ખાવા માટે કૂતરા ગાદલાંને જ તોડી નાખે-વીંખી નાખે, સુખશય્યાને ચૂંથી નાખે. તેમ અજ્ઞાની જીવોએ ભગવાન આત્મામાં સુખે સુવાય એવી દૃષ્ટિ-જ્ઞાન-રમણતાના માર્ગને ચૂંથી નાખ્યો, વીંખી નાખ્યો છે. એક સંપ્રદાયવાળા કહે શિખરજીની યાત્રા કરીએ તો ભવ કપાય, તો બીજો કહે મંદિર બંધાવીએ તો ભવ છૂટી જાય, તો ત્રીજો કહે છે પંચમહાવ્રતના પરિણામ પાળીએ તો ભવ છૂટે. આ બધી વાત ડીંગેડીંગ છે. આ તો બધા રાગના-પુણ્ય પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેનાથી બંધન થાય, ભવ એકપણ ઘટે નહિ.

ભગવાન આત્માની પૂર્ણાનંદ નિધિમાં અંતર ઐકયતા દ્વારા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-શુકલધ્યાન અને કેવળજ્ઞાન એકધારાએ પ્રગટ થાય છે. ત્રણકાળ-ત્રણલોકમાં બીજો કોઈ માર્ગ નથી. વીતરાગમાર્ગે જ વીતરાગતા પ્રગટ થાય છે. રાગના માર્ગે વીતરાગતા ન પ્રગટે.

અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઇન્દ્ર જેવા મહા પુણ્યવંત જીવો પણ ભગવાન પાસે આ વીતરાગતાની વાત સાંભળવા જાય છે અને કહે છે કે હે નાથ! તમારો માર્ગ જ સત્ય છે.

અહા! સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની વાણીનું રહસ્ય અહીં ટૂંકામાં બતાવી દીધું. 'આત્માનો મોક્ષ અંતર ઐકયતાથી થાય છે' એ જ રહસ્ય છે. રાગથી પૃથકતા અને સ્વભાવની એકતા કરવી તે જ મોક્ષમાર્ગ છે. સમયસારમાં પણ 'એકત્વ-વિભક્ત આત્માની' વાત કરી તેમાં આ વાત આવી ગઈ.

અનંત પરમાત્મા થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે અને અનંત પરમાત્મા ભવિષ્યમાં થશે એ બધાંનું રહસ્ય આ એક છે કે ભાઈ! રાગની ઉપેક્ષા કર! સ્વભાવની અપેક્ષા કર અને ઠર! બસ મુક્તિ....બીજો કોઈ મુક્તિનો ઉપાય નથી.

હવે 'જ્ઞાનાર્ણવ'નો આધાર આપીને એ જ વાત કહે છે કે 'રાગી જીવ કર્મોથી બંધાય છે અને વીતરાગી જીવ કર્મોથી મુક્ત થાય છે.' અહીં રાગીનો અર્થ રાગની સાથે એકતા માનવાવાળો જીવ. સમ્યગ્દષ્ટિને પણ રાગ તો છે પણ રાગની સાથે એકતા નથી માટે તે કર્મોથી બંધાતા નથી. સમ્યગ્દષ્ટિને પાંચ ઇન્દ્રિયના ભોગ, લડાઈ આદિ બધાંનો રાગ હોય પણ તેમાં એકતા નથી....એકવાર ભિન્ન પડયું તે એક થતું નથી, ભિન્ન જ રહે છે.

વીતરાગી જીવ કર્મોથી મુક્ત થાય છે અને રાગી જીવ કર્મ બાંધે છે. બસ, આ જ બંધ-મોક્ષ સંબંધી જિનેન્દ્રનો સંક્ષેપમાં ઉપદેશ છે. વીતરાગપ્રભુ ભલે બિરાજતા હો કે ન હો, વાણી હો કે ન હો પણ ભગવાનનો ઉપદેશ આ છે. અહીં ટૂંકામાં તેનો સાર બતાવ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૩૦ ]

# * બંધ મોક્ષનું સ્વરૂપ *

[ તા. ૧૭-૪-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામીકૃત ઇષ્ટોપદેશની આ ૨૬ મી ગાથા ચાલે છે.

રાગી જીવ કર્મોથી બંધાય છે. રાગી એટલે જે પોતાના શુદ્ધ આનંદકંદ સ્વરૂપ સાથે વિકલ્પનો સંબંધ કરે છે તે જીવ કર્મથી બંધાય છે અને અરાગી એટલે પોતાના સ્વરૂપ સાથે સંબંધ જોડી વિકલ્પથી સંબંધ છોડનાર જીવ કર્મોથી મુક્ત થાય છે.

બહુ ટૂંકામાં આખું બંધ-મોક્ષનું કારણ સમજાવી દીધું છે.

આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ શુદ્ધ પરમાનંદ મૂર્તિ છે-તે એક સૂક્ષ્મ વિકલ્પની સાથે સંબંધ બાંધે, સંગ પામે તોપણ બંધ પામે છે. કોઈપણ જાતનો પરદ્રવ્ય કે પરભાવ સાથે સંબંધ બાંધતા જીવ બંધાય છે. અને ચૈતન્ય જ્ઞાનાનંદ જ્યોતમાં વિકલ્પ આદિ સાથે સંબંધ ન બાંધતા પોતાની દશાથી પોતાના અસંગ તત્ત્વને પામતા તે બંધથી છૂટે છે. બસ! આ જ બંધ-મોક્ષ સંબંધી જિનેન્દ્રદેવનો ઉપદેશ છે એમ પૂજ્યપાદસ્વામી ફરમાવે છે.

હવે કહે છે કે જ્યારે, બંધ-મોક્ષની આ જ સ્થિતિ છે તો વ્રતાદિમાં ચિત્ત લગાવી મન-વચન-કાયાની સાવધાની પૂર્વક નિર્મમતાનો પ્રયત્ન રાખવો, નિર્મમભાવ જગાડવો.

પ્રશ્ન—નિર્મમતાનો પ્રયત્ન શી રીતે કરવો?

પૂજ્ય ગુરુદેવ—સ્વભાવ તરફનો પ્રયત્ન કરવો. ચૈતન્યઘન આનંદકંદ જ્ઞાનમૂર્તિ-સ્વભાવમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરવો. તો, નિર્મમભાવ જાગશે. અહીં મન-વચન-કાયાથી ખસી અંદર સ્વરૂપમાં સાવધાનીરૂપ નિશ્ચય ઉપાયની સાથે વ્રતાદિના વિકલ્પરૂપ શુભવ્યવહાર-ઉપાયની વાત સાથે લીધી છે.

આત્મા પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, અનંત આનંદનો કંદ પોતે જ પરમાત્મા છે. આત્મા એક વસ્તુ છે-પદાર્થ છે, તો એ પદાર્થનો કાયમી સ્વભાવ તો હોય ને! ત્રિકાળ આત્મવસ્તુમાં ત્રિકાળ જ્ઞાન, દર્શન, સ્વચ્છતા, પ્રભુતા, આનંદ, શાંતિ આદિ અનંતગુણ-સ્વભાવો જડેલા અવિનાભાવ સ્વભાવે છે. જડેલા છે એટલે ખીલી મારીને જડયાં છે એમ નહિ પણ ગોળમાં જેમ ગળપણ છે તેમ આત્મામાં જ્ઞાનાદિ શક્તિઓ જડેલી છે. આવું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્માનું અસલી સ્વરૂપ છે. તેમાં રાગાદિ વિકલ્પનો ત્રિકાળ અભાવ હોવા છતાં વિકલ્પ ઊભો કરીને તેમાં સંગ કરે—એકત્વ કરે, સંબંધ કરે તે બંધને પામે છે. આમ સંસારમાં પરિભ્રમણના કારણ એવા બંધને જીવ પોતે જ ઊભો કરે છે.

જે કોઈ અંતરની સાવધાનીપૂર્વક નિજ શુદ્ધ સ્વભાવમાં સંબંધ બાંધે, એકત્વ કરે અને રાગથી સંબંધ તોડે તે જીવ મુક્તિ પામે છે. બંધના અભાવપૂર્વક આત્માની નિર્વિકલ્પ શાંતિની પૂર્ણતારૂપ મુક્તિને પામે છે.

પરમાર્થે શરીર, કર્મ, શુભાશુભરાગાદિ વિકલ્પથી હું જુદો છું અને મારા શુદ્ધ જ્ઞાનાનંદ જ્યોતસ્વરૂપથી તે જુદાં છે. તેના સ્વરૂપથી હું જુદો છું અને મારા સ્વરૂપથી તે જુદાં છે એમ અંતરમાં ભેદ પાડવાનો અભ્યાસ કરવો તે મોક્ષાર્થી જીવનું કર્તવ્ય છે.

પરસ્વરૂપથી પોતાને જુદા પાડવાનો અભ્યાસ કરવો એ આત્માના અતીન્દ્રિય આનંદની પૂર્ણતારૂપ મુક્તિની પ્રાપ્તિ માટેની ક્રિયા છે. શરીરાદિની વિવિધ અવસ્થામાં કે રાગાદિ વિકલ્પમાં મારું કાંઈ નથી અને મારા સ્વરૂપમાં તેનું કાંઈ નથી. તેનામાં હું નથી અને મારામાં તે નથી.

જુઓ! અહીં શરીર અને વિકલ્પથી જુદા પડવાનો અભ્યાસ કરાવે છે ત્યાં સ્ત્રી, કુટુંબ, આદિની વાત તો બહુ દૂર રહી તે તો તારા હોય જ કયાંથી?

પ્રશ્ન :—વિકલ્પ આવ્યા જ કરે છે તેનું શું કરવું?

પૂજ્ય ગુરુદેવઃ—વિકલ્પ કયાં તારાં સ્વરૂપમાં છે તે આવ્યા કરે? મફતનો તું તેને ઊભા કર્યા કરે છે. તું તો અનાદિ અનંત અણુકરાયેલી જ્ઞાનમૂર્તિ છો તેમાં વિકલ્પનો તો ત્રિકાળ અભાવ છે. છતાં ભોમાંથી ભાલા ઉભા કરે તેમ વિકલ્પને પોતે ઉભા કરે છે અને કહે છે એમ કે વિકલ્પ આવી જાય છે.

શરીર, વિકલ્પ આદિ મારા નથી, હું તેનો નથી, તે મારા કોઈ નથી અને હું તેનો કોઈ નથી. બસ, આ ભેદજ્ઞાનજ્યોતિ જ કેવળજ્ઞાનનું કારણ છે. પણ લોકોને આ સાચા લાભની વાતની કાંઈ ખબર નથી અને આંધળી દોડ મૂકીને ખોટે માર્ગે ગેરલાભના રસ્તે દોડયા કરે છે.

ભગવાન આત્મા સત્....ચિત્ત....સત્....ચિત્ત....સત્....ચિત્ત....સત્ નામ શાશ્વત ચિત્ત નામ જ્ઞાનાનંદનું આખું ભંડોળ છે—સત્ત્વ છે. તેમાં રાગાદિ નથી અને રાગાદિમાં તે નથી. આમ અંદરમાં રાગથી ભેદજ્ઞાન કરવું એ જ રાગ અને જ્ઞાન વચ્ચે કરવત મૂકવાની કળા છે.

જેમ જીવ એક અસ્તિત્વવાળું દ્રવ્ય છે તેમ શરીર પણ અસ્તિત્વવાળું જડદ્રવ્ય છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતા પુદ્‌ગલ પરમાણુનો એક સ્કંધ છે. તેની વર્તમાન યોગ્યતા પ્રમાણે તે પરિણમે છે તેમાં જીવ કાંઈ ફેરફાર કરી શકતો નથી.

અહીં પૂજ્યપાદસ્વામી ફરમાવે છે કે જેને અતીન્દ્રિય આનંદની પૂર્ણતારૂપ મોક્ષની પ્રાપ્તિની અભિલાષા છે તેણે ભેદજ્ઞાનની ભાવના કરવી. રાગ અને વીતરાગ આ બે સ્વભાવ વચ્ચે વહેંચણી કરવી.

હવે ગુણભદ્રસ્વામીકૃત આત્માનુશાસનનો આધાર આપે છે કે જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી મોક્ષાર્થીએ પરદ્રવ્યથી હટવાની ભાવના કરવી એટલે કે સ્વભાવમાં એકાગ્રતા કરવી જેથી પરદ્રવ્યનું લક્ષ સહેજે છૂટી જશે. સંવર અધિકારમાં પણ આ વાતની પુષ્ટિ આપે એવો એક શ્લોક છે.

જેને મોક્ષની અભિલાષા નથી તે તો અનાદિથી પરદ્રવ્યમાં એકતા માને જ છે પણ જેને પૂર્ણાનંદ સ્વરૂપ મોક્ષની પ્રાર્થના છે તેણે પરદ્રવ્યનો સંબંધ તોડી સ્વભાવ સાથે સંબંધ જોડવાનો પ્રયત્ન કરવો. આત્મા વસ્તુ તો અવિનાશી શુદ્ધ છે જ. પણ, અજ્ઞાની જીવે રાગ-પુણ્ય-પાપ આદિનો સંબંધ ઊભો કરી તેમાં પોતાની દૃષ્ટિનું સ્થાપન કર્યું છે તેથી તેને સંગ છૂટતો નથી અને અસંગ થતો નથી. એ અસંગ થવાનો ઉપાય એક માત્ર સ્વરૂપ એકાગ્રતા જ છે.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.

મોહી કર્મ બાંધે છે અને નિર્મમ જીવ મુક્ત થાય છે માટે સઘળા યત્નથી હે ભવ્યો! તમે નિર્મમભાવ જગાવો. શુભાશુભ, કામ-ક્રોધાદિ ભાવોમાં 'આ હું છું ને આ મારા છે' એવો જે મિથ્યાત્વભાવ છે તે જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે અને હું તો એક જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છું. એક વિકલ્પ પણ મારો નથી એવો નિર્મમભાવ સંસારપરિભ્રમણથી છોડાવી જીવને મુક્તિમાં લઈ જાય છે. માટે જેને એકમાત્ર મોક્ષની પ્રાર્થના છે તેણે સર્વ પ્રયત્નથી રાગના સંબંધમાં રહેવું છોડી સ્વભાવ સાથે સંબંધ જોડવો. ઉગ્ર પ્રયત્નથી-ગાઢ પ્રયત્નથી અંતરમુખ દૃષ્ટિ કરી નિર્મમભાવ જગાડવો.

અરે! પ્રભુના પંથ કોઈ ન્યારા છે. પ્રભુ કહે છે, તું પોતે પરમેશ્વર છો-પરમ શક્તિનું સત્વ તું પોતે જ છો, માટે પામરતાના વિકલ્પોથી સંબંધ છોડ! અને પરમેશ્વરના નિજપદની સાથે સંબંધ જોડ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકીનાથનો આ સંદેશ છે.

અરે આત્મા! તારા ધ્રુવ સ્વભાવ સાથે સંબંધ જોડ અને રાગ સાથેનો સંબંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તોડ! પણ આ કામ પ્રયત્ન વગર નહિ થાય હો! ઘણી જાગૃતિનો ગાઢ પ્રયત્ન જોઈશે.

ભગવાન! તારામાં ક્યાં ખામી છે કે તને શરીર, ધન, કુટુંબ આદિ પરદ્રવ્યની જરૂર પડે? તું ક્યાં અધૂરો છે કે તારે પરની આશા રાખવી પડે? આનંદઘનજીમાં આવે છે ને 'આશા ઔરનકી ક્યા કીજે? જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરનકી મત કીજે' ચૈતન્યમૂર્તિ આનંદનો રસ છે, અંતરપ્રયત્ન વડે તે આનંદરસ પીને! બહારમાં ક્યાં રસ છે!

અનાદિથી જીવે જેમ કૂતરો ઘરે ઘરે રોટલાની આશા રાખે તેમ બધાં પાસે કોઈ મને મોટો કહે, ધનવાન કહે, બુદ્ધિવાન કહે, માન દઈને બોલાવે એવી આશા રાખી છે પણ અનાદિકાળમાં ક્યારેય પોતાના નિધાન સામે નજર કરી નથી. નજર કરે તો તો એવી ખુમારી ચડે કે એ ખુમારી ક્યારેય ઊતરે નહિ.

ગુરુએ સર્વ પ્રયત્નની શિષ્યને નિર્મમ થવાનો બોધ આપ્યો ત્યારે શિષ્ય ગરજુ થઈને હવે નિર્મમ થવા માટે શું ઉપાય કરવો એમ પ્રશ્ન કરે છે. તેનો જવાબ પૂજ્યપાદસ્વામી ચાર ગાથામાં કહેશે.

અરે! ઘરમાં ભર્યા-ભાણા ભર્યા હોય અને એઠાં ચાટવા જાય કોકના તો દુનિયા પણ એને ગાંડો કહે. પીંગળાનો દાખલો આવે છે ને કે ઘરે ભર્તુહરિ મોટો રાજા પણ તેની રાણી એક તુચ્છ અશ્વપાળની સાથે સંબંધ બાંધે છે. પછી ખબર પડતાં ભર્તુહરિને વૈરાગ આવે છે. 'દેખા નહિ કુછ સાર જગતમેં', દેખા નહિ કુછ સાર' એમ કરીને દીક્ષા લઈ લે છે. તેનું નાટક અગાઉ આવતું. નાનપણમાં એ નાટક જોતાં અમારાં રૂંવાડાં ખડાં થઈ જતાં કે અમે આવી વૈરાગી દશામાં ક્યારે આવી જઈએ!

અહીં મુનિરાજ કહે છે કે ઘરે આત્મા ચૈતન્યનિધાનથી ભરેલો છે તેને છોડીને વિકલ્પની સાથે સંબંધ જોડવો તે વ્યભિચાર છે. તે તને શોભતું નથી ભાઈ! ભર્યા ભાણાં છોડીને એઠાં ચાટવા જા મા ભાઈ!

હવે અહીં ૨૭ મી ગાથામાં મુનિરાજ મમતા ટાળી નિર્મમ થવાનો રસ્તો બતાવે છે.

**एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः ।**
**बाह्याः संयोगजा भावा मत्तः सर्वेऽपि सर्वथा ॥ २७ ॥**

નિર્મમ એક વિશુદ્ધ હું, જ્ઞાની યોગી-ગમ્ય,
સંયોગી ભાવો બધા, મુજથી બાહ્ય અરમ્ય. ૨૭.

હું એક છું, મારું સ્વરૂપ એકરૂપ છે, મારે રાગ સાથે કાંઈ સંબંધ નથી. એક વિકલ્પ પણ મારાં સ્વરૂપમાં નથી. હું તો અનંત જ્ઞાન, આનંદ સ્વરૂપે એકરૂપ છું અને પરથી નિર્મમ છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસ્તિથી જુઓ તો, હું એક શુદ્ધ જ્ઞાનઘન છું અને નાસ્તિથી જુઓ તો હું પરના સંબંધ વિનાનો અને પરના મમત્વ વિનાનો નિર્મમ છું. વળી હું શુદ્ધ છું અને જ્ઞાની છું એટલે તદ્દન શુદ્ધ જ્ઞાનસ્વભાવનો ભંડાર છું.

મારો આત્મસ્વભાવ યોગીન્દ્રો દ્વારા જાણવા લાયક છે. મારા શુદ્ધ સ્વભાવને યોગીઓ જ જાણી શકે છે, પણ યોગી કોણ? કે સ્વરૂપમાં જોડાણ કરે અને રાગથી જોડાણ તોડે તે યોગી છે. તે યોગીઓ અને યોગેન્દ્રો એટલે કેવળી દ્વારા હું જાણવાલાયક છું.

સંયોગજનિત જેટલા પદાર્થો છે તે દેહ, મન, વાણી, દયા, દાન, પુણ્ય–પાપની વૃત્તિ આદિ મારા મૂળ સ્વરૂપમાં નથી. સંયોગજનિત છે. મનુષ્યદેહ પામીને કરવા લાયક તો આ સમજણ છે તેના બદલે લોકો બહારના ત્યાગ આદિને ધર્મ માનીને તેમાં ગુંચવાઈ ગયા છે.

**સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,**
**સત્ સાધન સમજ્યો નહિ ત્યાં બંધન શું જાય?**

સત્ સાધન સમજ્યા વિના બીજાં બધાં પ્રયત્ન વ્યર્થ છે.

હું તો એક શુદ્ધ જ્ઞાનઘન છું તે સિવાય જેટલાં વિકલ્પો છે તે બધાં મારાથી સર્વથા ભિન્ન છે. જેમ પરમાણુ મારાથી તદ્દન જુદી ચીજ છે તેમ પંચમહાવ્રતના વિકલ્પો કે કોઈપણ જાતના વિકલ્પો મારા સ્વરૂપથી સર્વથા ભિન્ન છે. એમ નક્કી કરીને સ્વરૂપમાં એકત્વ કરવું તે નિર્મમ થવાનો ઉપાય છે. સત્‌ને પ્રાપ્ત કરવાનું એકમાત્ર સાધન આ જ છે, બીજું કોઈ સાધન નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૩૧ ]

## સર્વ દુઃખક્ષયનો ઉપાય

# સ્વથી એકત્વ-પરથી વિભક્તરૂપ ભેદજ્ઞાન

[ તા. ૧૮-૪-૬૬ ]

પૂજ્યપાદસ્વામીકૃત ઇષ્ટોપદેશની ૨૭ મી ગાથા ચાલે છે.

શિષ્યનો પ્રશ્ન હતો કે આત્મા પરથી નિર્મમ કેવી રીતે થાય? નિર્મમ થવાનો ઉપાય શું છે? આ પ્રશ્નનો ગુરુ ઉત્તર આપે છે.

હું દ્રવ્યાર્થિકનયથી એક છું. સામાન્ય દ્રવ્યસ્વરૂપે હું ત્રિકાળ રહેનારો એક છું. હું જ્ઞાની અને યોગીઓને સ્વસંવેદનગમ્ય છું. સંયોગીભાવો બધાં મારાથી તદ્દન ભિન્ન છે.

અહીં પ્રમાણના વિષયભૂત પર્યાય સહિતના દ્રવ્યની વાત નથી. પણ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યની વાત છે. સામાન્ય ધ્રુવ સ્વભાવની વાત લીધી છે. સામાન્ય અને વિશેષરૂપ દ્રવ્ય તે પ્રમાણનું દ્રવ્ય છે અહીં દ્રવ્યાર્થિકનયથી સામાન્ય એકરૂપ ત્રિકાળ ધ્રુવ એક સ્વભાવ તે હું છું એમ દર્શાવ્યું છે.

વસ્તુદૃષ્ટિએ-સામાન્યદૃષ્ટિએ-ધ્રુવના લક્ષવાળી દૃષ્ટિએ હું એક છું. પૂર્વની પર્યાય અને ભવિષ્યની પર્યાયમાં હું તો કાયમ એકરૂપ રહેનારો છું. ભૂત-ભવિષ્ય અને વર્તમાનની દરેક પર્યાયમાં સળંગ એકરૂપે રહેનારો હું આત્મા છું.

પ્રથમ થોડો અભ્યાસ હોવો જોઈએ, આ તો મૂળ તત્ત્વની વાત છે ભાઈ! અભ્યાસ વગર શી રીતે સમજાય?

શિષ્યનો પ્રશ્ન છે કે પરદ્રવ્યથી નિર્મમત્વ થવાની ચિંતવનાનો ઉપાય શું? તેનો અહીં ઉત્તર અપાય છે. પરથી જુદો પડે-નિર્મમ થાય તો જ શાંતિ, સુખ અને સમાધાન થાય માટે આ બહુ મુદ્દાનો પ્રશ્ન છે સમજવા જેવી વાત છે.

જેમ મોતીના હારમાં દરેક મોતીમાં પરોવેલો દોરો સળંગ છે. મોતી અલગ-અલગ છે પણ દોરો એક સળંગ છે, તેમ આત્મા પણ ભૂતની પર્યાય થઈ ગઈ, વર્તમાનની થાય છે અને ભવિષ્યમાં થશે તે બધી પર્યાયમાં સળંગ એકરૂપે રહેનારો સદૃશ સ્વભાવી છે.

દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી કહે છે કે હું નિર્મમ છું. શરીર, કર્મ, પુણ્ય-પાપના ભાવ આદિ મારાં અને હું તેનો એવા મિથ્યા અભિપ્રાયથી હું રહિત છું. હું તેના સ્વરૂપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી અને એ માર સ્વરૂપે નથી તેથી તેનાં કાર્યો મારાં સ્વરૂપે નથી અને મારું સ્વરૂપ તેનાં કાર્યમાં જતું નથી.

આહાહા....ભાઈ! જેવી ચીજ સ્વથી એકત્વ છે અને પરથી ભિન્ન છે તેવી જ રીતે તેને સ્વીકારવી કે આ શરીરાદિ મારાં નથી અને હું તેનો નથી. તે મારા સ્વરૂપે નથી. હું તેના સ્વરૂપે નથી. આ નિર્મમ થવાનો ઉપાય છે. પરથી ભિન્ન જેવા સ્વરૂપે આત્મા છે તેમ તેને માનવો, તેનાથી વિરુદ્ધ શરીરાદિ પરદ્રવ્ય મારાં અને હું તેનો એવો જે અભિપ્રાય તે મિથ્યાદર્શન-મિથ્યાશલ્ય છે.

ભાઈ! તારું હોય તે તારાથી જુદું ન પડે અને જે જુદું પડે છે તે તારું ન હોય. માટે, તારાથી ભિન્ન ચીજમાં તને ઠીક પડે-મજા પડે એવું તારું સ્વરૂપ નથી. જે મારું સ્વરૂપ નથી તેમાં મને મજા ન પડે. મારાં સ્વરૂપમાં જ મને મજા પડે. એમ નક્કી રાખજે.

શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, રાગાદિ હોય તો મને ઠીક પડે, એમ માને છે એનો અર્થ જ એ છે કે 'તે મારાં છે અને હું તેનો છું' એવી માન્યતા તે મિથ્યાદર્શન શલ્ય છે. રૂપાળુ શરીર, કરોડો રૂપિયા, ડાહ્યા દીકરા વગેરે જોઈને તેમાં અટકે છે એ તેનું મિથ્યા દર્શન-શલ્ય છે. બીજાને હું કાંઈક અનુકૂળ થાઉં. તેના કામમાં મદદ કરું એ અભિપ્રાય પણ મિથ્યા છે. 'પરદ્રવ્ય મારાં અને હું તેનો' આવો જે અભિપ્રાય તે મમતા છે અને તેનાથી રહિત તે નિર્મમ છે.

'હું તેનો અને તે મારાં,' 'હું બધાંની સગવડતામાં મદદરૂપ થાઉં અને મારી સગવડતામાં એ મદદ કરે' એટલે કે પરદ્રવ્યને હું સુખદુઃખ આપું અને એ મને સુખદુઃખ આપે—આવો મૂઢ અભિપ્રાય જ્ઞાનીને હોતો નથી. જ્ઞાની એવા અભિપ્રાયથી રહિત પોતાને નિર્મમસ્વરૂપે જાણે છે.

'પર મારાં અને હું એનો' આવી ઉંધી ભ્રમણા તને ક્યાંથી થઈ ગઈ ભાઈ? ભાઈ! તારા તત્ત્વની અંદર પરતત્ત્વનો લેશમાત્ર લેપ નથી અને પરતત્ત્વમાં તારા તત્ત્વનો લેશ પણ લેપ નથી. છતાં તેં આવો અભિપ્રાય ઊભો કર્યો છે. ધર્મી કહે છે કે તું તે અભિપ્રાયથી રહિત તત્ત્વ છો તેની દૃષ્ટિ કર!

અરે! મારામાં મારું (તત્ત્વ) છે તે પરનું નહિ અને જે પરનું છે તે મારામાં નહિ. મારો આનંદ મારી પાસે છે. મારો આનંદ કોઈ ચીજને દેખવાથી કે તેના સંયોગથી નવો ઉપજતો નથી. મારો આનંદ ત્રિકાળ મારી પાસે જ છે અને પરપદાર્થની સ્વતંત્રદશાઓ તેની પાસે છે. આમ, ધર્મી પોતાને વિપરીત અભિનિવેશ રહિત જેમ છે તેમ માને છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ! આ ધર્મીના લક્ષણ! આ કર્યું ને તે કર્યું અને માને કે થઈ ગયો ધર્મ–એ ધર્મીના લક્ષણ નથી.

આત્મા એક છે અને નિર્મળ છે એ બે બોલ થયાં, હવે ત્રીજો બોલ–હું શુદ્ધ છું –એમ જ્ઞાની જાણે છે. શુદ્ધનયની અપેક્ષાથી મારો મહિમાવંત ભગવાન ત્રણેકાળ શુદ્ધ જ છે એમ શુદ્ધનય જુએ છે. જડકર્મ અને ભાવકર્મ જે પુણ્ય–પાપ, વ્યવહારરત્નત્રયના વિકલ્પ તેનાથી હું રહિત છું માટે શુદ્ધ છું.

હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન અનાકુળ આનંદનો નાથ છું. શુદ્ધનય રૂપી જ્ઞાનચક્ષુ ભગવાન આત્માને રાગ અને નિમિત્ત–કર્મથી રહિત શુદ્ધ દેખે છે.

હવે ચોથો બોલ,—હું કેવળીઓ અને યોગીઓ દ્વારા જાણવા લાયક છું. એટલે કે હું કેવો છું? કે કેવળી સર્વજ્ઞ ભગવંતો દ્વારા મારી અનંત પર્યાયો સહિત હું જાણવામાં આવી શકું તેમ છું. કેવળીઓ મને આ રીતે જાણી શકે તેવો હું છું. જુઓ તો, 'કેવળીગમ્ય' શબ્દ મૂકીને કેટલી ગજબ–ગંભીર વાત મૂકી દીધી છે! વાહ, ટીકા પણ ગજબ છે! હું મને ગમ્ય છું અને કેવળીને ગમ્ય છું.

હું ધ્રુવ, અને 'પર દ્રવ્ય મારા અને હું તેનો' એવા મિથ્યા અભિપ્રાયથી રહિત, શુદ્ધનયની અપેક્ષાએ રાગ અને કર્મથી રહિત શુદ્ધ છું એવો હું અનંતપર્યાય સહિત કેવળજ્ઞાનીના જ્ઞાનમાં જાણવામાં આવું છું અને શ્રુતકેવળીઓ દ્વારા પણ હું માત્ર શુદ્ધ ઉપયોગરૂપ જાણવામાં આવું તેવો છું. અને હું પણ મારાં શ્રુતજ્ઞાન વડે મને શુદ્ધ ઉપયોગમાત્ર જાણું છું. જ્ઞાની કહે છે કે મારું હોવાપણું શુદ્ધઉપયોગમાત્ર છે એમ હું જાણું છું. મારું સ્વરૂપ જેવું છે તેવું હું જાણું છું.

પરથી નિર્મમત્વ એટલે વિભક્ત થવાનો અને સ્વમાં એકત્વ કરવાનો આ ઉપાય કહ્યો. મમ્ એટલે એકત્વ અને નિર્મમત્વ એટલે વિભક્ત; હું પરથી વિભક્ત છું. મારું સ્વરૂપ ધ્રુવ સદા એકરૂપ જ્ઞાનસ્વભાવી છે. હું મને જણાવાને લાયક છું. કેવળજ્ઞાની મને અનંતપર્યાયો સહિત જાણી રહ્યા છે એમ હું જાણું છું. આમ, હું મારાથી જણાઉં એવો સ્વસંવેદ્ય છું.

મારાં દ્રવ્ય–ગુણ–પર્યાયથી બધાં પરદ્રવ્ય જુદાં છે. સર્વથા સર્વપ્રકારે બધાં પરદ્રવ્યો મારાંથી જુદાં છે. મારું દ્રવ્ય બધાંથી ન્યારું જ છે.

પ્રભુ! તારું સ્વરૂપ તારાથી સ્વસંવેદ્ય છે. અનંત પર્યાયો સહિત ભગવાન તારા દ્રવ્યને જાણે છે તેને પણ તું જાણી શકે છો.

મુમુક્ષુ :—આવી વાતો કોઈ દી સાંભળી ન હતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવ :—આ વાત પહેલા હતી જ નહિ ને! બહારની કડાકૂટમાં લોકોની જિંદગી ચાલી જાય છે. અંદરની લાયકાત વગર સાંભળવા પણ ક્યાંથી મળે? લાયકાત હોય ત્યારે સાચું તત્ત્વ સાંભળવા મળે છે.

ગાથામાં કહ્યું 'હું નિર્મમ એક વિશુદ્ધ, જ્ઞાની યોગીગમ્ય' હું પોતે જ્ઞાની-યોગી છું. મને મારો આત્મા જ્ઞાનમાં ગમ્ય થાય છે એવો ભાવ આમાં આવી જાય છે. શરીર, વાણી, મન, પુણ્ય-પાપ ભાવ આદિ બધાં મારાંથી અન્ય છે, મારે અને તેને કાંઈ સંબંધ નથી. આવા અભિપ્રાય સહિત આત્માને જાણવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાત ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય ન હોઈ શકે.

હવે ૨૮ મી ગાથામાં દેહાદિકના સંયોગથી શું ફળ મળે છે એ પ્રશ્નનું જ્ઞાની સમાધાન કરે છે.

**दुःखसन्दोहभागित्वं संयोगादिह देहिनाम् ।**
**त्यजाम्येनं ततः सर्वं मनोवाक्कायकर्मभिः ॥ २८ ॥**

દેહીને સંયોગથી, દુઃખ સમૂહનો ભોગ,
તેથી મન-વચ-કાયથી, છોડું સહુ સંયોગ. ૨૮.

જીવ સ્વભાવનું લક્ષ ન કરતાં જેટલું દેહાદિ સંયોગમાં લક્ષ કરે છે એટલું દુઃખ એને ભોગવવું પડે છે. દેહનું લક્ષ થાય, રોગનું લક્ષ થાય કે મને રોગ થયો, સ્ત્રીનો સંયોગ થાય, પૈસા, આબરૂ આદિનો સંબંધ થયો તેનાથી પ્રાણીઓને દુઃખનો ઢગલો ભોગવવો પડે. અને ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિના સંબંધથી-તેનું લક્ષ કરવાથી અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે.

હું આનંદસ્વરૂપ છું એવું લક્ષ છોડી, જે ચીજની સાથે પોતાને કાંઈ સંબંધ નથી તેની સાથે સંબંધ બાંધી તેમાં લક્ષ કરતાં-આ મને થયું છે એવી માન્યતાથી અનંતા દુઃખના પોટલા વહોરવા પડે છે. દેહાદિનો સંબંધ કરતાં રાગ ઉત્પન્ન થાય છે. આ રાગ ઉત્પન્ન થાય છે એ જ દુઃખનો સમૂહ છે. પરનો સંબંધ કરવા જાય તેમાંથી શાંતિ ક્યાંથી મળે? અંતરસ્વભાવના સંબંધમાં શાંતિ છે અને પરના સંબંધમાં દુઃખના ઢગલા છે.

ભગવાન! તારી ચીજમાં શું ખામી છે કે તારે પરનો સંબંધ કરવો પડે છે? દ્રવ્યકર્મ, ભાવકર્મથી ભિન્ન અસંગ નિજતત્ત્વનો સંગ છોડીને બહારના સંગમાં જોડાય તેને અનંતુ કલેશનું દુઃખ છે પછી ભલે મહિનાના લાખ રૂપિયા મળતા હોય તોપણ તેનો રાગ કલેશનું કારણ છે.

દરેક પ્રકારના સંબંધ મન-વચન-કાયાથી થાય છે તેને હું છોડું છું. એટલે મન-વચન-કાયાથી હું તે સર્વ સંબંધ છોડું છું કે જે મને દુઃખનું કારણ થાય છે. એ સંબંધ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છોડી હું સ્વભાવમાં સંબંધ જોડું છું આમ, જીવ પોતે જ પોતાના દુઃખનું સમાધાન કરે છે.

મન-વચન-કાયાના સંબંધના નિમિત્તે મારા આત્માના પ્રદેશોનું કંપન થાય છે તેને હું મારાં ભાવથી રોકું છું અને સ્વભાવના સંબંધમાં તેને જોડું છું.

આમ, જ્ઞાની પરના સંબંધમાં ન જોડાતાં ત્યાંથી પાછા વળીને પોતાના સ્વભાવના સંબંધમાં જોડાઈને દુઃખનો નાશ કરી સુખ પ્રગટ કરે છે તેનું નામ આત્માનો ધર્મ કહેવાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં-૩૨ ]

## મન-વચન-કાયામાં
# મમત્વથી સંસાર, નિર્મમત્વથી મુક્તિ

[ તા. ૧૯-૪-૬૬ ]

આ ઇષ્ટોપદેશ શાસ્ત્ર ચાલે છે, તેની ૨૭ મી ગાથા ફરી લઈએ છીએ. શિષ્યનો પ્રશ્ન હતો કે ધર્મી પોતાના આત્માને કેવો જાણે છે અને કેમ વેદે છે? આ પ્રશ્નનો ઉત્તર પૂજ્યપાદસ્વામી ૨૭ મી ગાથામાં આપે છે.

ધર્મી દ્રવ્યાર્થિકનયે પોતાના આત્માને એક વસ્તુરૂપે કાયમ રહેનારો જાણે છે. જ્ઞાની જાણે છે કે પૂર્વની અને ભવિષ્યની પર્યાયોમાં સળંગ રહેનારો હું એક છું. ધ્રુવ છું—સદૃશ છું.

ધર્મી જાણે છે કે હું 'નિર્મમ' છું. 'આ મારું અને હું તેનો' એવા વિપરીત અભિપ્રાયથી હું રહિત છું. દેહાદિ પરપદાર્થ કે પુણ્ય-પાપ આદિ મારાં અને હું તેનો, એવા અભિપ્રાયથી હું શૂન્ય છું.

અજ્ઞાની એમ માને છે કે હું રાગ-દ્વેષથી સહિત છું અને મારા સ્વભાવથી રહિત છું. અજ્ઞાની ત્રિકાળ ધ્રુવ નિજ સ્વભાવને ભૂલી જઈને ક્ષણ-ક્ષણની અવસ્થા જેટલો જ હું અને રાગ-દ્વેષ તે મારાં એમ માને છે. હું જડકર્મોથી બંધાયેલો છું એમ અજ્ઞાની માને છે, જ્યારે જ્ઞાની અત્યારે જ હું શરીર, જડકર્મ અને રાગ-દ્વેષથી રહિત અને મારાં સ્વભાવથી સહિત છું એમ માને છે. ધર્મી જાણે છે કે પર્યાયમાં મારે ભાવકર્મ સાથે સંબંધ છે. દ્રવ્યકર્મ અને નોકર્મ સાથે પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ દ્રવ્યદૃષ્ટિએ તો અત્યારે જ હું એ બધાંથી રહિત એક, નિર્મમ છું.

આમ ધર્મીની દૃષ્ટિ હંમેશા દ્રવ્ય ઉપર જ હોય છે.

ધર્મી જાણે છે કે હું તો સ્વ અને પરને પ્રકાશનારો સ્વપરપ્રકાશકસ્વભાવી છું. હું દરેક પરદ્રવ્ય ને જાણનારો છું પણ કોઈનું કામ કરી દેવાનો મારો સ્વભાવ નથી. જુઓ આ ધર્મીની દૃષ્ટિ! શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર, ગામ, નગર કે દેશનું કોઈનું કાંઈ કરી દેનારો તે હું નહિ. કોઈને કાંઈ મદદ કરું એવું મારા સ્વરૂપમાં નથી.

પ્રશ્ન :—પણ એક-બીજા મદદ કરતાં હોય એવું દેખાય છે ને!

પૂજ્ય ગુરુદેવ :—એ તો રાગ કરે છે. કોઈ કોઈનું કાંઈ કરી શકતા નથી. અજ્ઞાની જીવને એમ લાગે કે હું પરિવારનું, દુકાનનું, દેશનું કેટલું ધ્યાન રાખું છું ત્યારે બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સરખું ચાલે છે. પણ આ અજ્ઞાનીની વિપરીત માન્યતા છે. ત્રણકાળ ત્રણલોકમાં કોઈ કોઈનું કાંઈ કરી શકતા નથી. હું તો બધાંને માત્ર જાણું છું. કોઈનું કાંઈ કરી દઉં એ મારો સ્વભાવ જ નથી. ભગવાને આમ કહ્યું છે અને ધર્મી પણ આમ જાણે છે. પણ અજ્ઞાનીને તો વિપરીત માન્યતાની ભ્રમણાનું ભૂત વળગ્યું છે એટલે તે કાંઈ આમ માનતો નથી અને પરનો કર્તા થવા જાય છે.

વળી પૂજ્યપાદસ્વામી કહે છે કે જ્ઞાની એમ જાણે છે કે મારો આત્મા કેવળીઓ વડે અનંત પર્યાયો સહિત વેદાવા યોગ્ય છે. એટલે આત્મા કેવળજ્ઞાનમાં અનંત પર્યાયો સહિત જણાવાયોગ્ય છે અને શુદ્ધ ઉપયોગમાત્રપણે શ્રુતકેવળીઓ વડે સંવેદ્ય છે અને હું પણ મારા શ્રુતજ્ઞાન વડે શુદ્ધઉપયોગમાત્રપણે વેદાવા યોગ્ય છું. શરીર, કર્મ, વિકારાદિ સહિત આત્માને હું વેદતો નથી.

લોકોને તો કાંઈક દયા-દાન, વ્રત-ભક્તિની ક્રિયા કરવાનું હોય તો ધર્મ કરીએ છીએ એમ લાગે. પણ અહીં તો કહે છે કે આત્મા પરપદાર્થનું ત્યાગ-ગ્રહણ તો કરી શકતો નથી પણ દયા-દાન-વ્રતાદિના વિકલ્પ કરવા એ પણ આત્માનું સ્વરૂપ નથી. આ વાત લોકોને આકરી પડી જાય છે.

આત્માનું સ્વરૂપ કેવું છે? તેનો ઉત્તર આપ્યો કે હું દ્રવ્યસ્વરૂપે અનંતી પર્યાયમાં સળંગરૂપે રહેનારો 'એક' છું શરીર રાગાદિ મારાં અને હું તેનો એવાં વિપરીત અભિપ્રાયથી શૂન્ય હું 'નિર્મમ' છું, શુદ્ધનયે જડકર્મ અને વિકારી પરિણામથી હું મુક્ત છું. સ્વ-પરપ્રકાશ સ્વભાવી છું અને કેવળજ્ઞાનીઓ વડે પૂર્ણ અનંત પર્યાય સહિત વેદાવા લાયક છું અને શ્રુતજ્ઞાની વડે શુદ્ધ-ઉપયોગમાત્રપણે વેદાવાયોગ્ય છું.

આહાહા....! એક જ ગાથામાં કેટલો સાર ભરી દીધો છે! કેટલા વિશેષણોથી આત્માનું સ્વરૂપ જાહેર કર્યું છે! હે ભવ્ય! તું તેનો તાગ લઈ લે! એટલે ઊંડાણથી તેને ઓળખી લે! જિજ્ઞાસુ જીવોએ તો આ એક જ કરવા જેવું છે. બાકી તો બધાં ઢસરડાં છે. સંકલ્પની-વિકલ્પની જાળોમાં જિજ્ઞાસુએ ફસાવા જેવું નથી.

શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, મકાન, દુકાન આદિ સર્વથા સર્વપ્રકારે મારાથી જુદાં છે. સર્વથા એટલે તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આદિ બધું મારાંથી ભિન્ન છે એમ જ્ઞાની જાણે છે.

હવે ૨૮ મી ગાથામાં કહે છે કે દેહાદિ પરદ્રવ્યના સંબંધથી જ જીવને દુઃખ ભોગવવું પડે છે.

પોતાના આનંદસ્વભાવને છોડીને જડકર્મના નિમિત્તે મળેલા પરદ્રવ્યોની સાથે જીવ સંબંધ કરે છે તેથી આકુળતા અને દુઃખ પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા અનાકુળ શાંતરસનો કંદ છે તેનું લક્ષ કરતા આનંદનું વેદન થાય છે અને તેનું લક્ષ ન કરતાં—પરસંયોગોનું લક્ષ કરતાં જીવને ચાર ગતિના દુઃખો ભોગવવા પડે છે.

જેમ માખી કફને સાકર સમજીને ઝડપથી તેનો રસ લેવા બેસવા જાય ત્યાં તો પાંખ ચોંટી જાય છે તેમ આ જીવને કર્મના નિમિત્તથી મળેલા સંયોગો બધા કફ જેવા છે. તેમાં જેટલો સંબંધ કરવા જાય તેટલી આકુળતા અને દુઃખ થાય છે. નિત્યાનંદ-સુખસ્વરૂપ પોતાની વસ્તુને છોડીને જેટલો પરસંગ કરે છે તે બધો કલેશ છે-આકુળતા છે. પરસંગ કરનાર ભલે રાજા હો, શેઠિયા હો કે ભિખારી હો, પણ બધાંને દુઃખ છે, કલેશ છે. પોતાના પરિણામની મંદતા અને ઉગ્રતાના પ્રમાણમાં દુઃખ હોય પણ છે તો દુઃખ જ. પરપદાર્થના સંગથી ત્રણકાળમાં ક્યારેય સુખ થતું નથી.

જ્ઞાની એમ વિચારે છે કે મન-વચન-કાયાના યોગથી જ મારે પરનો સંબંધ થાય છે. તેથી મારા સ્વભાવનો સંબંધ કરીને હું તે પરસંબંધને મન-વચન-કાયાથી છોડું છું.

ભાઈ! આ તો આખી દુનિયાથી જુદી જાતનો માર્ગ છે. અહીં તો એટલે સુધી કહે છે કે દેવ-શાસ્ત્ર-ગુરુનો સંબંધ પણ આકુળતા ઉત્પન્ન કરનાર છે.

પ્રશ્નઃ—સાહેબ! દેવ-શાસ્ત્ર-ગુરુના સંબંધમાં તો અપવાદ રાખવો હતો?

પૂજ્ય ગુરુદેવઃ—તેમાં પણ અપવાદ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પરદ્રવ્ય છે ને! તો તેના તરફનું લક્ષ પુણ્યનું કારણ છે તે પણ આકુળતા જ છે.

અહીં 'મન-વચન-કાયાથી પરસંગ છોડું છું' એમ કહ્યું છે. તેમાં આશય એવો છે કે મન-વચન-કાયાના આલંબન વડે ચંચળ થતાં આત્માના પ્રદેશોને ભાવોથી રોકું છું. એટલે કે મારાં અકંપ સ્વભાવથી વિરૂદ્ધ ચંચળ ભાવોને રોકીને સ્વભાવ તરફ હું ઢળું છું. એમ જ્ઞાની કહે છે.

જુઓ! આ ઇષ્ટઉપદેશ છે. પરપદાર્થનો સંબંધ છોડીને સ્વભાવનો સંબંધ કરવો તે આત્માને હિતકર છે એવો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ છે અને પરસંબંધથી લાભ માનવો તે અહિતકર-અનિષ્ટ ઉપદેશ છે.

એક તરફ રામ અને એક તરફ ગામ છે. એક તરફ ભગવાન આત્મા અનંત આનંદનો પિંડ મહાપદાર્થ છે. તે સ્વપદાર્થનો સંગ સુખદાયક છે. એવો સંતોનો ઉપદેશ તે હિતકર ઇષ્ટઉપદેશ છે અને પરસંગથી લાભ થાય એવો ઉપદેશ તે અનિષ્ટ ઉપદેશ છે અને પરથી લાભ માનવાનો ભાવ પણ અહિતકાર છે.

વીતરાગ પોતે એમ કહે છે કે ભાઈ! અમારી તરફનો તારો ઝુકાવ એ પણ અહિતકર છે. આ તો ગજબ વાત છે ને! 'અમે પણ બાપુ! તારા હિસાબે પરદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છીએ, ' આવી વાત વીતરાગ સિવાય બીજુ કોણ કહે ? વીતરાગ કહે છે ભાઈ! તારું તત્ત્વ બધાંથી નિરાળુ છે. દ્રવ્યકર્મના ઉદયથી મળેલ સંયોગોથી તારું તત્ત્વ નિરાળુ છે. તારુ તત્ત્વ તો સ્વભાવની અનંતી શાંતિથી સહિત છે–એવા નિજતત્ત્વનો આશ્રય કરી તું તેમાં લપેટાઈ જા. ભાઈ! સ્વદ્રવ્યના આશ્રયથી જ સુગતિ છે, પરદ્રવ્યના આશ્રયથી તો દુર્ગતિ છે.

જ્ઞાનીને સ્વરૂપમાં ન ઠરી શકે ત્યારે પરસંગનો શુભરાગ આવે ખરો, પૂજા–ભક્તિના ભાવ આવે, પણ તે હેય છે એમ જ્ઞાની જાણે છે. સ્ત્રી, પુત્રાદિ પરદ્રવ્યના લક્ષે અશુભરાગ થાય તેનાથી બચવા જ્ઞાનીને શુભરાગ આવે પણ તે હેય છે, વ્યવહાર છે. સ્વદૃષ્ટિમાં–નિશ્ચયમાં તો તે વ્યવહારનો નિષેધ જ છે.

ભગવાન આત્મા પોતે કૃપાસાગર છે તેને બીજાની કૃપા બહારથી લેવા જવી પડતી નથી. ' કરુણા હમ પાવત હૈં તુમકી, વહ બાત રહી સુગુરુગમકી. ' અંદરના ભગવાનની જેને કૃપા થઈ છે તેને ભગવાનની કૃપા થઈ તેમ કહેવામાં આવે છે.

ભગવાન આત્મા મન–વચન–કાયાથી ભિન્ન છે એ પ્રકારનો અભ્યાસ કરવાથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે અને મન–વચન–કાયાથી આત્મા અભિન્ન છે એવા અભ્યાસથી દુઃખરૂપ સંસારની પ્રાપ્તિ થાય છે. આ તો ભાઈ! ઠરીને સાંભળવા જેવી વાત છે.

પ્રશ્ન :–આપ કહો છો કે પરદ્રવ્યનો સંગ ન કરવો પણ અમે આ દુકાન માંડીને બેઠા છીએ તેનું શું કરવું ? લગ્ન કર્યા, પુત્રાદિ થયાં તેનું શું કરવું ? બધાંને ઠેકાણે તો પાડવા કે નહિ ?

પૂજ્ય ગુરુદેવ :–અરે ભાઈ! તું તારા મન–વચન–કાયામાં પણ કાંઈ ફેરફાર કરી શકતો નથી, તો પરદ્રવ્યનું કાર્ય કરવા કયાં દોડ્યો છો ? દરેક દ્રવ્યનું કાર્ય તેનામાં સ્વયં થાય છે તેનો કર્તા તું નથી ભાઈ! શરીરાદિ કોઈ પણ પરદ્રવ્યમાં હું કાંઈ કરી શકું છું એમ માનવું તે મોટી ભ્રમણા છે.

પ્રશ્ન :–એ ભ્રમણા કાઢી નાખીએ તો પગ દુખતા હોય તે મટી જાય કે નહિ ?

પૂજ્ય ગુરુદેવ :–અરે ! પણ એ તારી ચીજ જ નથી તો એ મટે કે ન મટે તેથી તારે શું ? પોતાનો બંગલો બળતો હોય તેને ઠારે તે બરાબર પણ જંગલમાં ખાલી ઝૂપડી કોઈની પડી હોય તે બળી જતી હોય તે ઠારીને તારે શું મતલબ ? તેમ આત્મા વિનાના ખાલી ઝૂંપડા જેવા જડ શરીરમાં કાંઈક રોગ થાય તેને દૂર કરવાથી આત્માને શું લાભ થાય ? આત્માને શરીર જ નથી, રોગ જ નથી, પછી દુઃખ શા ? આત્માનું દુઃખ તો એ રોગ, શરીરાદિમાં સંબંધ માનવો તે છે.

શ્લોકમાં એકદમ સાર કહી દીધો છે કે ' મન–વચન–કાયા ' મારા છે એવા અભ્યાસથી સંસાર છે અને ' મન–વચન–કાયા ' મારા નથી એવા અભ્યાસથી મોક્ષ છે. હવે તને ઠીક પડે તેમ કર ! □

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૩૩ ]

# ભેદવિજ્ઞાનનો મહા પ્રતાપ

[ તા. ૨૧-૪-૬૬ ]

આ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ચાલે છે. પૂજ્યપાદસ્વામીએ તેની રચના કરી છે. તેમાં ૨૮ મી ગાથા ચાલે છે.

'આ સંસારમાં દેહાદિના સંયોગથી પ્રાણીઓને દુઃખ-સમૂહ ભોગવવા પડે છે. માટે મન-વચન-કાયાથી થતાં સર્વ સંબંધને હું છોડું છું.'

જ્યાં સુધી જીવ શરીર, વાણી તથા મન મારા છે—એમ માને છે ત્યાં સુધી સંસાર છે અને જ્યારે 'તે મારાં નથી' એવી બુદ્ધિ કરે છે ત્યારે મુક્તિ થાય છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ, સહજાનંદ, અમૂર્ત્ત શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. તેને છોડીને મન, વાણી અને દેહ તે મારા છે અથવા એ મારી ચીજ છે. તેનાથી હું કામ લઈ શકું છું એવી માન્યતા છે ત્યાં સુધી મિથ્યાદર્શન અને સંસાર છે.

ભગવાન આત્મા સત્ચિદાનંદ શુદ્ધ જ્ઞાયકજ્યોત સ્વરૂપ છે. તેનું પોતાનું અસ્તિત્વ શુદ્ધ અને પવિત્ર છે એવી અંતરદૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન-પ્રથમ ધર્મ છે. તેથી વિરુદ્ધ શરીર મારું છે, મનથી મને જ્ઞાન થાય છે, વાણીથી હું બોલું છું-બીજાને સમજાવું છું એમ શરીર-વાણી-મનમાં પોતાનું અસ્તિત્વ માને છે. ત્યાં સુધી તેને મિથ્યાદર્શન-સંસાર છે.

પોતાના ક્ષેત્રથી બહારની વસ્તુથી તો આત્મા ભિન્ન છે જ. પણ, એક ક્ષેત્રમાં રહેલાં શરીર-વાણી-મનથી પણ આત્મા ભિન્ન છે. આત્મા તો જ્ઞાનાનંદ મહાસત્તા છે-મહાન પદાર્થ છે જેમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ ભર્યા છે. આવા નિજ અસ્તિત્વમાં દૃષ્ટિ રાખવાવાળા ધર્મી જીવ શરીર-વાણી-મનની ક્રિયા મારી છે, મારાથી થાય છે એમ માનતા નથી. અને એવી દૃષ્ટિ રહિત અજ્ઞાની જીવ શરીર, વાણી, મનની ક્રિયા તે મારી છે એમ માને છે તે સંસારમાં રખડે છે.

પ્રશ્નઃ—તો અમારે બોલવું કે ન બોલવું?

પૂજ્ય ગુરુદેવઃ—બોલે છે જ કોણ? અને મૌન પણ કોણ રહે છે? ભાષા જ આત્માની નથી ત્યાં આત્મા બોલે કયાંથી અને મૌન રહે કયાંથી? મન, વાણી આદિ જડ પુદ્ગલનું અસ્તિત્વ છે પણ તે તેનામાં છે તેનું અસ્તિત્વ આત્મામાં નથી.

મન-વચન-કાયાના અસ્તિત્વમાં હું નથી. તેની ક્રિયા મારી નથી. પુણ્ય-પાપ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંકલ્પ-વિકલ્પ, આદિ મનની ક્રિયા, વાણીની ક્રિયા તથા શરીરની હલન-ચલનની ક્રિયા તે મારો સ્વભાવ નથી, મારું કાર્ય નથી, હું તો શુદ્ધ ચિદાનંદસ્વરૂપ જ્ઞાયક છું એવી અંતરદૃષ્ટિ કરવી અને રાગ તથા દેહથી ભિન્ન પોતાનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ છે.

એકવાર ઢેબરભાઈએ પ્રશ્ન કરેલ કે શરીરનો સદ્‌ઉપયોગ કેવી રીતે કરવો? તેને કહ્યું કે, શરીર તો જડ-માટી ધૂળ છે તેનો ઉપયોગ આત્મા કરી શકતો નથી. શરીર પરદ્રવ્ય છે તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. શરીરની ક્રિયા તેના રજકણે-રજકણના દ્રવ્ય-ગુણથી થાય છે. આત્મા છે તો શરીર ચાલે છે, આત્મા છે તો વાણી બોલે છે એવું ત્રણકાળ ત્રણલોકમાં કદી હોતું નથી. શરીર-વાણી-મનનું પોતાનું અસ્તિત્વ છે તેનાથી તેનું કાર્ય થાય છે.

જેમ શ્રીફળમાં સફેદ મીઠો ગોટો, છાલા, કાચલી અને લાલ છાલથી જુદો છે તેમ આત્મા શરીરરૂપ છાલા, જડકર્મ રૂપ કાચલી અને પુણ્ય-પાપના ભાવરૂપ લાલ-છાલથી જુદો જ્ઞાનાનંદ સ્વરૂપ-સત્‌ચિદાનંદ-આનંદકંદ પ્રભુ છે પણ આ જીવે કદી તેની દૃષ્ટિ કરી નથી પોતાના સ્વભાવથી હટી જઈને શરીર, વાણી, મનથી હું કામ લઉં છું અને તે મારા છે એમ માને છે તેનું જ નામ મિથ્યાદર્શન-સંસાર છે.

સંસાર આત્માથી બહાર નથી, આત્માનો જ દોષ છે. સંસાર એ જીવની વિપરીત બુદ્ધિ છે-આ વિપરીત શ્રદ્ધા આત્માની જ પર્યાયમાં છે, ક્યાંય દૂર નથી. તેથી સ્ત્રી, પુત્ર, પરિવાર, ઘર આદિ છોડવાથી સંસાર છૂટતો નથી પણ પોતાના સ્વભાવની શ્રદ્ધા કરીને શરીરાદિ પરપદાર્થોમાં મારાપણું છોડવાથી સંસાર છૂટે છે. મિથ્યાદર્શન છૂટયા વિના કદી મુક્તિ થતી નથી.

શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર આદિનું અસ્તિત્વ તેના પોતામાં છે. એક સમય પણ તેનું અસ્તિત્વ મારારૂપે થતું નથી. તેનું કાર્ય તેનામાં પોતાથી થાય છે. મારું અસ્તિત્વ મારામાં છે. મારા જ્ઞાનાદિ શરીર-વાણી મનની સહાયથી કામ કરે છે એમ પણ નથી.

જગતમાં દરેકનું અસ્તિત્વ છે. જીવનું અસ્તિત્વ છે, શરીર-વાણી આદિ જડનું અસ્તિત્વ છે અને તેમાં મારાપણાની બુદ્ધિરૂપ જીવની વિપરીત માન્યતાનું પણ અસ્તિત્વ છે. નથી એમ નથી. પણ એકનું અસ્તિત્વ બીજામાં નથી. એમ જાણીને નિજ અસ્તિત્વમાં દૃષ્ટિ કરે તો જ સાચી શ્રદ્ધા થાય—સ્વ-પરનું ભેદજ્ઞાન થાય.

'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન.' આત્મા, વિકાર અને શરીર, વાણી, મન આદિ પરદ્રવ્ય બધા છે ખરા પણ તેમાં મારી હયાતી નથી. મારી હયાતિ-અસ્તિત્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક મારા આત્મા સિવાય બીજે કયાંય નથી. આમ પરમાંથી એકત્વબુદ્ધિ છોડી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે મુક્તિનો ઉપાય છે.

તેથી જ સમયસારમાં ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવ દાંડી પીટી પીટીને કહે છે કે 'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા, સિદ્ધા યે કિલ કેચન, તસ્યૈવ અભાવતો બદ્ધા, બદ્ધા યે કિલકેચન.' અનંતકાળના પ્રવાહમાં અનંત સિદ્ધો થયા છે તે ભેદવિજ્ઞાનથી જ થયા છે અને જે કોઈ બંધાયા છે તે ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયા છે. પોતાના સ્વભાવથી ભિન્ન એવા દેહ, વાણી, મન અને રાગાદિ વિકલ્પથી લક્ષ હટાવી પોતાના સ્વભાવમાં લક્ષ કરવું તે મિથ્યાદર્શનની મુક્તિનો ઉપાય છે. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી બધી નિર્મળ-દશાની પ્રાપ્તિ એકમાત્ર ભેદવિજ્ઞાનથી જ થાય છે.

મુનિરાજે બહુ ટૂંકામાં સંસાર અને મોક્ષનું કારણ બતાવી દીધું છે. ૨૧ મી ગાથાથી આ મુદ્દાની વાત ચાલી આવે છે. ૨૧ મી ગાથામાં કહ્યું કે આત્મા લોકાલોકનો જાણનારો છે, તેમાં લોકાલોક છે અને આત્મા છે, બંને પોતપોતાના અસ્તિત્વથી છે, એ વાત આવી ગઈ. આત્મા શરીરપ્રમાણ છે એમ કહ્યું તેમાં આત્મા લોકવ્યાપક છે એ વાતનો નિષેધ આવી ગયો. ધ્યાનમાં આત્મા પોતાના શરીરપ્રમાણ સ્વક્ષેત્રમાં એકાગ્ર થાય છે, લોકપ્રમાણ ક્ષેત્રમાં નહિ. વળી કહ્યું આત્મા નિત્ય છે, અનંત સૌખ્યવાન છે. અત્યંત આનંદમય, નિત્ય, લોકાલોકને જાણનારો હું એક આત્મા છું. આવા નિજ આત્માને હું મારા જ સ્વસંવેદનથી અનુભવી શકું છું તેમાં મને કોઈ પરદ્રવ્યની સહાયની જરૂર નથી.

એક એક આત્મા સર્વજ્ઞ શક્તિનો ધરનાર છે અને દરેક આત્મા અનંત આનંદથી યુક્ત છે. શરીરપ્રમાણ નાના ક્ષેત્રવાળો હોવા છતાં ભાવથી અનંત શક્તિવાન છે અને પર્યાયે પલટતો હોવા છતાં દ્રવ્યે કાયમ ટકાવાવાળો છે.

અનાદિકાળથી જીવ પોતાના સ્વભાવના સ્વસંવેદનને બદલે વિકારનું વેદન કરતો આવ્યો છે. શરીર, વાણી, સ્ત્રી, ભોજન આદિ પરદ્રવ્યનું વેદન તો આત્મા કયારેય કરતો જ નથી, પણ તેના લક્ષે થતાં પુણ્ય-પાપના રાગનું-વિકારનું વેદન આત્મા કરે છે. તે વેદન જ દુઃખ અને સંસાર છે, અને હું વિકારથી રહિત જ્ઞાનાનંદસ્વભાવી છું એવા શ્રદ્ધા જ્ઞાનપૂર્વક પર્યાયમાં આનંદનું વેદન થવું-સ્વસંવેદન થવું તેનું નામ મોક્ષમાર્ગ છે.

પરની મમતાથી આત્મા દુઃખના સમૂહને પામે છે. પરના સંયોગથી આત્માને દુઃખનો અનુભવ થાય એમ કદી બનતું નથી. દુઃખ છે અને તેનું વેદન છે, તેનું નામ સંસાર છે. જગતમાં કયાંય દુઃખ જ નથી એમ કોઈ માનતું હોય તો તે મિથ્યા છે. દુઃખ ન હોય તો તે દુઃખના નાશનો ઉપાય પણ રહેતો નથી, માટે દુઃખ પણ છે અને તેના નાશનો સાચો ઉપાય પણ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિકાળથી પરસંગ કરવાથી અજ્ઞાની જીવને દુઃખ છે અને તે પરસંગ ( અભિ-પ્રાયમાંથી ) છોડીને પોતાના સ્વભાવનો આશ્રય કરવો તે દુઃખના નાશનો ઉપાય છે. માટે હું મન-વચન-કાયાથી સર્વ સંગ છોડી મારા સ્વભાવનો આશ્રય લઉં છું.

હવે ભાવુક શિષ્ય ફરી પ્રશ્ન કરે છે કે અમે શાસ્ત્રમાં સાંભળ્યું છે કે જીવને શરીર, આદિ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અને તેથી જ જીવનું મરણ, રોગાદિ થાય છે. તો હવે અમારે એ મરણ-રોગાદિને કેવી રીતે ટાળવા ?

આ શંકાનું સમાધાન આચાર્યદેવ પોતે જ ૨૯ મી ગાથામાં કરે છે.

> **न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा ।**
> **नाहं बालो न वृद्धोऽहं न युवैतानि पुद्‌गले ॥ २९ ॥**
> ક્યાં ભીતિ જ્યાં અમર હું, ક્યાં પીડા વણ રોગ ?
> બાલ, યુવા, નહિ વૃદ્ધ હું, એ સહુ પુદ્‌ગલ જોગ. ૨૯.

ભાઈ! મરણ પુદ્‌ગલને છે, જન્મ પુદ્‌ગલને છે, રોગાદિ પુદ્‌ગલને છે અને બાળ-યુવાન-વૃદ્ધાદિ અવસ્થા પણ પુદ્‌ગલની છે. ભગવાન આત્મા તો તે સર્વથી રહિત શુદ્ધ, પવિત્ર જ્ઞાનાનંદ સ્વરૂપ છે.

આનંદઘનજી કહે છે ને, ‘ અબ હમ અમર ભયે ના મરેંગે યા કારણ મિથ્યાત્વ દીયો તજ, ક્યોં કર દેહ ધરેંગે ?....અબ હમ....’ આત્મા તો અમર જ છે પણ અત્યાર સુધી શરીરના વિયોગને હું મારું મરણ માનતો હતો તે મિથ્યા હતું એમ જાણ્યું તેથી હવે નક્કી થયું કે હું અમર છું.

અજ્ઞાની જીવ શરીરના નાશથી પોતાનો નાશ, શરીરના જન્મથી પોતાનો જન્મ અને શરી માં રોગ આવવાથી પોતાને રોગી માનતો હતો. તે અજ્ઞાન, દુઃખ અને સંસાર હતો. હવે જાણ્યું કે હું તો શરીરથી ભિન્ન, જન્મ-મરણ-રોગાદિ રહિત તત્ત્વ છું. હું તો અજર અમર છું. એવી યથાર્થ શ્રદ્ધા થતાં મિથ્યાદર્શન અને સંસાર તૂટવા લાગે છે.

પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાયા, શ્વાસ અને આયુષ્યને પ્રાણ કહેવાય છે અને એ પ્રાણના ઉચ્છેદને મરણ કહે છે. તો ધર્મી વિચારે છે કે મારામાં એ દશ પ્રાણ જ નથી તો તેના ઉચ્છેદરૂપ મરણ મારે કેમ હોય ? મારા પ્રાણ તો જ્ઞાન-દર્શન આનંદ આદિ છે. તે પ્રાણનો કદી નાશ થતો નથી. માટે જ્ઞાનાદિ ગુણથી મારું જીવન છે. શરીર, વાણી, પુણ્ય-પાપાદિ વિકારથી મારું જીવન નથી.

મારે મૃત્યુ નથી તો ડર કેમ ? મને વ્યાધિ નથી તો પીડા કેવી ? હું તો ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા ચૈતન્યસૂર્ય-જ્ઞાનજ્યોતિ આનંદ આદિ પ્રાણનો ધરવાવાળો છું. 'આરોગ્ય બોધિલાભં' રાગ રહિત હું આરોગ્ય વાળી ચીજ છું, વિકાર અને શરીરના પ્રાણરહિત હું ચૈતન્ય રતન છું એવી જે બોધિ એટલે જ્ઞાનનો લાભ તે મારું આરોગ્ય છે, નીરોગતા છે. શરીરનો રોગ કે નીરોગતા આત્માને અડતી પણ નથી.

મુમુક્ષુ :–આપે તો અમને અમર અને નીરોગી બનાવી દીધા!

પૂજ્ય ગુરુદેવ :–અરે! બનાવ્યા નથી, એમ જ છે. તે બતાવીએ છીએ. સૂરજનું મરણ કદી થાય છે? તે તો છે જ, કદી મરતો નથી. તેમ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ છે જ, કદી મરતો નથી. શરીર અને આત્મા ભિન્ન જ છે પણ ક્ષેત્રથી ભિન્ન પડતાં તેને લોકો મરણ કહે છે અને નવા શરીરના સંયોગને લોકો જન્મ કહે છે, બાકી જન્મ-મરણ આત્માને છે જ નહિ.

હું તો આત્મા છું; હું ન બાળક છું કે ન વૃદ્ધ છું. શરીરની કોમળ અવસ્થાને બાળપણ કહે છે, શરીરની મજબૂત અવસ્થાને યુવાની કહે છે અને શરીરની નિર્બળ અવસ્થાને વૃદ્ધાવસ્થા કહે છે. તે બધી જડ પુદ્ગલની અવસ્થા છે. ભગવાન ચૈતન્યસૂર્યની તે કોઈ અવસ્થા નથી. તેથી યુવાનીમાં આવતો વિકાર પણ મારો નથી અને વૃદ્ધાવસ્થામાં આવતી નબળાઈ પણ મારી નથી. તેથી સુખ-દુઃખની થતી અવસ્થા તે પણ મારી નથી. એમ ધર્મી જાણે છે.

૨૭ માં શ્લોકમાં આવ્યું હતું કે હું એક, શુદ્ધ, નિર્મમ, જ્ઞાની-યોગીગમ્ય અને કર્મોદયથી રહિત છું. આવા સ્વરૂપનો જેણે નિર્ણય કર્યો છે તે એમ જાણે છે કે બાળ-યુવાન-વૃદ્ધાવસ્થા તે મારી નથી. હું તો બેહદ જ્ઞાનાનંદ સ્વભાવી ચૈતન્યસૂર્ય છે. ભૂત-ભવિષ્ય-વર્તમાનની બધી અવસ્થામાં કાયમ ટકનારો હું અનાદિ-અનંત છું.

હું સ્વને અને પરને જાણનારો સ્વ-પરપ્રકાશસ્વભાવી છું; પરદ્રવ્યને માત્ર જાણનાર છું. 'તે મારા અને હું તેનો' એવા મિથ્યા અભિપ્રાયથી રહિત નિર્મમ છું અને મરણથી રહિત શાશ્વત છું. આવું મારું સ્વરૂપ છે એમ જેણે અંતરથી સ્વાનુભાવ પૂર્વક નક્કી કર્યું છે તે ધર્મી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૩૪ ]

# પરની મમતા છોડીને સ્વમાં સમતા કરવાનો અભ્યાસ કર!

[ તા. ૨૨-૪-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઇષ્ટોપદેશ શાસ્ત્ર ચાલે છે. તેમાં ૨૯ મી ગાથા ચાલે છે.

હું એક, શુદ્ધ, ધ્રુવ, અજર-અમર, અનાદિ-અનંત એક જીવવસ્તુ છું એવી દૃષ્ટિ રાખવાવાળા સમ્યગ્દૃષ્ટિ પોતાનું મરણ કે રોગાદિ કદી માનતા નથી.

જ્ઞાની એમ વિચારે છે કે અનંત જ્ઞાન-દર્શનથી ભરેલો હું એક છું, મારી ચીજ પરના મમત્વથી રહિત છે. શરીરની ક્રિયાઓ કે શુભાશુભભાવની ક્રિયાથી હું જુદો છું. હું જ્ઞાયક, ચિદાનંદ પ્રભુ એક સમયમાં અનંતી શક્તિ સહિત શુદ્ધ છું.

વળી જ્ઞાની વિચારે છે કે હું અનાદિ-અનંત અમર છું. મારા સ્વરૂપનું કદી મૃત્યુ થતું નથી. આનંદઘનજી કહે છે ને કે :

અબ હમ અમર ભયે ન મરેંગે.
યા કારન મિથ્યાત્વ દિયો તજ, કયોં કર દેહ ધરેંગે?
અબ હમ અમર ભયે ન મરેંગે...(૨).

જ્ઞાનીએ શરીર, વિકલ્પ, પુણ્ય-પાપ આદિ મારાં છે એવા વિપરીત અભિનિવેશરૂપ મિથ્યાત્વનો ત્યાગ કર્યો પછી તેને દેહ કયાંથી હોય? દેહનો જન્મ એ તો સંયોગી ચીજ છે. જીવના સ્વરૂપમાં દેહ ધરવાપણું છે જ નહિ. હું તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ નિત્ય વસ્તુ છું એવી જ્ઞાનીને શ્રદ્ધા હોવાથી મરણભય છૂટી ગયો છે.

પાંચ ઇન્દ્રિયપ્રાણ, શ્વાસોચ્છ્વાસ પ્રાણ, આયુષ્યપ્રાણ, શરીરપ્રાણ એ બધાં જડના પ્રાણ છે. એ મારાં પ્રાણ નહિ. મારા પ્રાણ તો જ્ઞાન, આનંદ, શાંતિ અને સત્તા છે. હું તો અનાદિ અનંત જીવતર શક્તિથી જીવવાવાળો-જીવત્વશક્તિ સંપન્ન ભગવાન છું. મારા પ્રાણોનો કદી નાશ થતો નથી અને જડપ્રાણો મારા છે નહિ. તો તેના નાશથી મારો નાશ કેમ થાય? ન થાય.

જ્ઞાની કહે છે કે મારું પ્રાણત્યાગરૂપ મરણ કદી થતું નથી કેમ કે ચિત્શક્તિરૂપ મારાં ભાવપ્રાણનો વિચ્છેદ કદી થતો નથી. હું તો જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિસંપન્ન છું તેનો મારાથી કદી વિચ્છેદ થતો નથી. આમ, જ્યાં મારું મરણ જ નથી તો પછી મને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોનો ભય? "દુનિયાને મરણ તણી બીક છે પણ જ્ઞાનીને તો આનંદની લ્હેર છે." મરણ પહેલાં જ જેણે દેહ અને આત્માની જુદાઈ જાણી લીધી તેને મરણનો ભય કેવો? શરીરનો તો સંયોગ છે, તેનો વિયોગ થાય છે, તેનાથી કાંઈ મારું જન્મ-મરણ નથી.

આમ, ધર્મી પોતાના ચૈતન્યસ્વભાવને જન્મ-મરણ રહિત અસંગ જાણે છે અને અનુભવે છે. તો પછી જ્ઞાનીને મરણના કારણરૂપ કાળા નાગ આદિનો ભય કેમ હોય? સિંહ-વાઘ આદિ આવે તો ભલે આવે તે કોને ખાશે? હું તો અરૂપી છું, મારું ભક્ષણ કરવાવાળું તો જગતમાં કોઈ નથી. મારી શાશ્વત વસ્તુનો ખંડ, છેદ કે ભંગ કદી ત્રણ કાળમાં થતો નથી, તો મારે કોનો ભય! શ્રીમદ્જી કહે છે ને કે :

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં હતા છતાં આવી ભાવના ભાવતા હતા. લાખો રૂપિયાનો મોતીનો વેપાર હતો. ૭ વર્ષે જાતિસ્મરણ જ્ઞાન થયેલું પછી સમ્યગ્જ્ઞાન થયું ને ૩૩ વર્ષે તો દેહ છૂટી ગયો. તેમણે આ ભાવના ભાવી છે.

જેણે દેહથી ભિન્ન ચૈતન્યનો ધ્રુવ-તારો-અંતરમાં જોઈ લીધો છે, જાણી લીધો છે, અનુભવી લીધો છે એવા ધર્મીને મૃત્યુનો ડર કદી હોતો નથી. ધર્મીને અભિપ્રાયમાં દૃઢ થઈ ગયું છે કે હું તો જ્ઞાન-દર્શનાદિ અનંત ચૈતન્યપ્રાણથી જીવનારો છું. મારા ચૈતન્યમાં વિકલ્પ કે રાગનો પણ પ્રવેશ નથી તો બીજો તો કોણ મને ખાઈ જશે કે મારી નાખશે? ધર્મીને અંતરમાં આવો નીડરભાવ હોય છે.

ધર્મીને મૃત્યુભય નથી તેમ રોગભય પણ નથી. વાત-પિત્ત-કફ આદિ રોગોથી ધર્મી ડરતા નથી. કેમ કે તે જાણે છે કે મારામાં પુદ્ગલ પર્યાયની વ્યાધિનો અત્યંત અભાવ છે.

સ્વભાવનો સંગ કરવાથી એટલે શુદ્ધ ચૈતન્યભાવનું લક્ષ કરવાથી પર્યાયમાં શાંતિ અને આનંદ મળે છે અને જેટલો પરસંગ છે—પરલક્ષ છે તેટલી આકુળતાના દુઃખસમૂહને ભોગવવો પડે છે. તે આત્માનો રોગ છે. અરે! જગતને પરસંયોગમાં કેમ આનંદ આવતો હશે! ધર્મી તો આત્મામાં આનંદ માને છે, બહારમાં ક્યાંય આનંદ માનતા નથી. ભલે ને લાખ કરોડ રૂપિયા હોય તોપણ ધૂળ છે. જ્યાં શરીર જ ધૂળ છે તો ધન તો ધૂળ જ છે તેમાં આનંદ કેવો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગરમીમાં પિત્ત બહુ થાય ને! લોકો મૂંઝાય, પણ પ્રભુ! તારા સ્વરૂપની શાંતિમાં આ પિત્તનો પ્રકોપ કયાંથી આવ્યો? હું તો શાંતિનો સાગર છું એવી દૃષ્ટિવાળા ધર્મી મને પિત્ત થયું એમ માનતા નથી. જડની કોઈ પણ પર્યાયને ધર્મી પોતાની માનતા નથી તો તેનું મને દુઃખ છે એમ કેમ માને? તેથી કેન્સર, ભગંદર, કંઠમાળ, હેમરેજ, ક્ષય આદિ કોઈ પણ રોગને ધર્મી પોતાનો માનતા નથી. રોગનો સંબંધ તો શરીરના રજકણ સાથે છે, આત્મા સાથે તેનો સંબંધ નથી.

ભગવાન આત્મા ત્રણેકાળ સર્વ પરદ્રવ્યથી નિરાળો, પુણ્ય-પાપ અને રાગથી પણ નિરાળો છે એવી દૃષ્ટિ થયા વગર કદી જન્મ-મરણનો નીવેડો આવે તેમ નથી.

સાતમી નરકના નારકીને જન્મથી ૧૬ મોટા રોગ હોય છે, પીડાનો પાર ન હોય, તેની વચ્ચે પણ પૂર્વે સાંભળેલી વાત "ભગવાન! તું શાંતિનો સાગર છો, પરદ્રવ્ય પરભાવથી નિરાળો છો" યાદ આવી જતાં જેમ વીજળી તાંબાના તારમાં સોંસરવી ઊતરી જાય તેમ નરકની આટલી પીડા વચ્ચે પણ સ્વભાવની દૃષ્ટિ થતાં વીર્ય અંતરમાં સોંસરવું ઊતરી જઈને આનંદનો અનુભવ થાય છે. અહીં તો અજ્ઞાની થોડી પીડામાં પણ રાડેરાડ બોલાવે છે તેને મુનિરાજ કહે છે કે અરે ભગવાન! સાતમી નરકમાં પણ આત્માનો અનુભવ કરી શકે છે તો તારે તો કાંઈ દુઃખ નથી તો તું કેમ આત્માનો અનુભવ ન કરી શકે?

ધર્મી પોતાને બાળ, યુવાન, વૃદ્ધાવસ્થાથી રહિત જાણે છે. બાળાદિ અવસ્થા નથી એમ નથી પણ તે જડ પુદ્‌ગલની અવસ્થા છે. મારો ચૈતન્ય તેનાથી નિરાળો છે. તો તે અવસ્થાથી મને પીડા અને દુઃખ કેમ થાય? જડની વૃદ્ધાવસ્થાથી મને દુઃખ થતું નથી. શરીરની વૃદ્ધાવસ્થાથી હું વૃદ્ધ નથી. જ્ઞાનની વૃદ્ધિથી હું વૃદ્ધ છું. ભલે ૮ વર્ષના બાળકને કેવળજ્ઞાન થઈ જાય તોપણ તે જ્ઞાનમાં વૃદ્ધ છે.

શ્રીમદ્દે પણ એક પત્રમાં આ વાત લીધી છે કે ઉંમરમાં નાના હોય પણ જેનું જ્ઞાન વિશેષ છે તે વૃદ્ધ છે. આ જ વાત જ્ઞાનાર્ણવમાં શુભચંદ્ર આચાર્યે એક શ્લોકમાં લીધી છે કે ખરેખર વૃદ્ધ કોને કહેવા?—કે જેણે રાગથી ભિન્ન પોતાની ચૈતન્યશક્તિને સંભાળી લીધી છે તે ખરેખર વૃદ્ધ છે.

વૃદ્ધાવસ્થામાં ચાલી ન શકાય, બેસી ન શકાય, આંખેથી દેખાય નહિ, પીડાનો પાર ન હોય પણ જ્ઞાની કહે છે કે હું તેનાથી રહિત અસંગ છું તો હું તે બાળ-વૃદ્ધાદિ અવસ્થાના દુઃખોથી કષ્ટ કેમ પામું? એ તો જડની દશા છે, મારી ચીજ તો તેનાથી ભિન્ન જ્ઞાનાનંદ છે. શેઠિયાજીનું ભજન છે ને કે "ગુણીજન જડસુખ છે જી જંજાળ, આનંદઘન આપ છે જી, મારા જ્ઞાન....મારા....જ્ઞાન" પ્રતિકૂળતા મારામાં છે જ નહિ. હું તો શાંતિમાં ઝૂલનારો આનંદઘન આત્મા છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિકૂળતા આવે ત્યારે આત્મા કસોટીએ કસાય છે. પ્રતિકૂળતામાં પણ શાંતિ રાખે કે 'પ્રતિકૂળતા મારામાં છે જ નહિ, હું તો શાંતિનો સાગર છું' એમ જ્ઞાની આખા જગતથી જુદાં ને જુદાં તરતા રહે છે.

બાળ, વૃદ્ધ, મૃત્યુ આદિ અવસ્થા પુદ્‌ગલની છે તેને જડની નહિ માનતાં પોતાની અવસ્થા માનવી તે જ મિથ્યાત્વ છે અને પરની અવસ્થા પરમાં છે અને મારી અવસ્થા મારામાં છે એમ સ્વ-પરનું જ્ઞાયક રહેવું તેનું નામ ધર્મ છે. આ પૂજ્યપાદસ્વામીનો ઇષ્ટ ઉપદેશ છે.

**મરણ, રોગ, મુજમાં નહિ, તેથી સદા નિઃશંક;**
**બાળ, તરુણ નહિ વૃદ્ધ હું, એ સબ પુદ્‌ગલ જોગ.**

આમ જાણવા છતાં ભાવના કરવાવાળા શિષ્યને સ્વયં પ્રશ્ન ઊઠે છે કે જોકે ભેદ-ભાવનાના બળથી શરીરાદિ બધી ચીજોને મેં પરાઈ માની છે તોપણ લાંબાકાળથી અભેદ-સંસ્કારના વશથી પશ્ચાત્તાપ પણ થાય કે અરે! મેં આ ચીજોને કેમ છોડી દીધી? આમ પ્રશ્ન ઊઠે છે પણ તેનું પોતે જ સમાધાન કરે છે કે મોહથી મેં વારંવાર સમસ્ત પુદ્‌ગલોને ભોગવ્યાં અને છોડયાં તો હવે એ એંઠની ચાહના શા માટે કરું? અર્થાત્ હવે મને તે પદાર્થોની ઇચ્છા જ નથી.

**भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपिपुद्‌गलाः ।**
**उच्छिष्टेष्विव तेष्वद्य मम विज्ञस्य का स्पृहा ॥ ३० ॥**

મોહે ભોગવી પુદ્‌ગલો, કર્યો સર્વનો ત્યાગ,
મુજ જ્ઞાનીને ક્યાં હવે, એ એંઠોમાં રાગ? ૩૦.

શ્રીમદ્ કહે છે ને કે "સર્વ જગત છે એંઠવત, અથવા સ્વપ્ન સમાન તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન."

ભગવાન સચ્ચિદાનંદ મહાપ્રભુ છે પણ તેના અજ્ઞાનમાં આ જીવે પર પદાર્થમાં મોહથી દરેક ચીજને કેટલી વાર ભોગવી અને છોડી. લક્ષ્મી, આબરૂ, સ્ત્રીનું શરીર આદિ બધાંને અનંતવાર ભોગવ્યાં એટલે કે તેના પ્રત્યે રાગ કર્યો અને છોડયો. હવે તે ભોગવેલાં પદાર્થની એંઠ માટે શી ચાહના? એ તો કૂતરાંનું કાર્ય છે.

જેમ સડક ઉપર માણસ ચાલ્યો જતો હોય, રસ્તામાં અનેક વૃક્ષોની છાંયા આવે પણ તેમાં પસાર થનારો માણસ તો પોતે એક જ છે તેમ આત્મા અનાદિ-અનંત શાશ્વત છે, તેમાં અનેક શરીરોની છાંયા આવે છે ને જાય છે પણ આત્મા પોતે તો એક શાશ્વત બિરાજમાન છે. આમ, અનેક શરીરનો ભોગવટો મેં અનંતવાર કર્યો અને છોડયો છે તો એવા એંઠની-પદાર્થની ચાહના શું કરવી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનીની એવી ભાવના ઉપરથી સૂક્ષ્મ વાત એ નીકળે છે કે શરીરમાં ક્યાંય પણ મીઠાશ લાગવી તે મૂઢની માન્યતા છે. શરીરમાં દુઃખ–પ્રતિકૂળતા આવતાં મને દુઃખ થયું એ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે.

જે જ્ઞાની પોતાના અનાકુળ આનંદની નિરંતર ચાહના કરે છે–ભાવના કરે છે અને આનંદનો અનુભવ કરે છે તેવા જ્ઞાનીને શરીર અને ભોગની ભાવના કેમ હોઈ શકે? ૯૬૦૦૦ રાણીઓના ભોગમાં પડેલાં સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને પણ પણ તે શરીર અને ભોગની ચાહના નથી, અંદરથી જ રુચિનો અભાવ થઈ ગયો છે. જેમ લાકડી વાગવાથી ભાંગેલી કમરે બિલાડી લૂલી ચાલે છે તેમ ધર્મીને શરીર, રાગ અને આત્મા વચ્ચે ભેદજ્ઞાનની લાકડી પડી છે તેથી હવે જે કોઈ રાગ બાકી છે તે બધા મંદ પડી ગયા છે. રાગનો રાગ હોતો નથી. એક આત્માના જ્ઞાનાનંદની ભાવના છે તેને જ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિને બહારથી ત્યાગ દેખાતો નથી પણ અંતરથી ભોગનો ત્યાગ થઈ ગયો છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ ત્યાગી, મુનિ હોય, બહારથી બધો ત્યાગ હોય પણ અંતરમાં દેહાદિ સંયોગ મારા છે ને રાગથી મને લાભ છે એવી બુદ્ધિ પડી છે તે ભોગી જ છે. સમ્યગ્દૃષ્ટિએ તો દેહ અને રાગથી ભિન્ન પોતાનો આત્મા જાણી લીધો છે. તેથી ૯૬૦૦૦ રાણીનો ભોગ હોવા છતાં તે ભોગી નથી કારણ કે તે ભોગની વાંછાથી રહિત છે.

અનાદિકાળથી મેં સંસારી જીવે જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યકંદનો આશ્રય ન લેતાં અવિદ્યાના આવેશને વશ થઈ સમસ્ત પુદ્ગલને ભોગવ્યાં અને છોડયાં છે તો હવે તે નાકના મેલ સમાન એંઠને ભોગવવાની ભાવના કેમ હોય? જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યનો આશ્રય લેતાં હવે તે ઉચ્છિષ્ટ ભોગોની ભાવના મને નથી....નથી....ને નથી.

હે ભાઈ! જો તું આત્માર્થી હો તો તારે પરની મમતા છોડી સ્વમાં સમતા કરવાનો અભ્યાસ કરવો જોઈએ. તારો એ અભ્યાસ એ જ ધર્મ છે. બાકી બહારની ક્રિયા કે દુનિયાને સમજાવવાથી કદી ધર્મ નથી.

પરનો એક રજકણ તો મારો નથી પણ રાગની સાથે પણ મારે તાદાત્મ્ય સંબંધ નથી—એવી દૃષ્ટિવાળા ધર્માત્માને છોડેલી ચીજને ફરી ગ્રહવાની ભાવના હોતી નથી. તેને તો એક જ ભાવના ચૈતન્યમાં એકાગ્ર થવાની હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૩૫ ]

## 卐 નિજ ઉપકારમાં લાગી જા 卐

[ તા. ૨૩-૪-૬૬ ]

આ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર છે. તેની ૩૦ મી ગાથા ચાલે છે.

ધર્મી જીવ પોતાના અતીન્દ્રિય આનંદસ્વરૂપ શુદ્ધ આત્માની પ્રતીતિ-જ્ઞાન અને અનુભવને કારણે હવે તે પરપદાર્થના ભોગવટામાં રુચિ કરતા નથી. ધર્મી એમ વિચારે છે કે અનંતકાળમાં ભોગ તો મેં અનંતવાર ભોગવ્યાં. અજ્ઞાનદશામાં મારી ચીજને ભૂલીને મેં દાળ-ભાત-લાડુ આદિ તથા સ્ત્રી આદિના ભોગ ભોગવ્યા અને છોડ્યા પણ હવે નિજ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યનું ભાન થતાં અનંતકાળમાં ભોગવીને છોડેલા ઉચ્છિષ્ટ ભોગોમાં હવે મને રુચિ નથી.

હવે અહીં ૩૧ મી ગાથાના મથાળામાં શિષ્ય પ્રશ્ન કરે છે કે જીવ દ્વારા પુદ્ગલ કર્મ કેમ અને કેવી રીતે બંધાય જાય છે? તેનો ઉત્તર પૂજ્યપાદસ્વામી ૩૧ મી ગાથામાં આપે છે.

**कर्म कर्महितावन्धि जीवोजीवहितस्पृहः ।**
**स्व-स्वप्रभावभूयस्त्वे स्वार्थं को वा न वाञ्छति ॥ ३१ ॥**

કર્મ કર્મનું હિત ચહે, જીવ જીવનો સ્વાર્થ,
સ્વ પ્રભાવની વૃદ્ધિમાં, કોણ ન ચાહે સ્વાર્થ? ૩૧.

'કર્મ કર્મનું હિત ચહે છે' એટલે અજ્ઞાની જીવ કર્મના ઉદયને વશ થઈને પોતાના શુદ્ધ, પૂર્ણ સ્વરૂપની સાવધાની-આદર છોડીને કર્મના નિમિત્તનો આદર-સત્કાર કરે છે અને તેમાં રાગ-દ્વેષ કરે છે. તેને ખરેખર અજ્ઞાની કર્મનો ઉપકાર કરે છે એમ કહેવાય છે. કેમ કે અજ્ઞાનીના રાગ-દ્વેષથી કર્મ બંધાય છે. તેથી કર્મનું હિત થાય છે. કર્મ તો જડ છે તે શું હિત ચાહે! પણ ભાષા એવી મૂકી છે કે કર્મનો જે આદર કરે છે તેને કર્મ બંધાય છે અને કર્મની વૃદ્ધિ થાય છે તો કર્મનું તેમાં હિત થાય છે.

ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણાનંદ નિર્વાણનાથ પરમાત્મા છે. તેને પ્રભુ! તું દૂર ન દેખ! તારી સમીપ જ છે. પોતાના પરમેશ્વરની ઇશ્વરતા ન જોતાં જે પરમાં ઇશ્વરતા માને છે તે તો કર્મનું હિત કરે છે અને પોતાનું અહિત કરે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું કોણ છું, ક્યાંથી થયો છું, મારુ સ્વરૂપ શું છે એમ પોતાના અસ્તિત્વનું જેને ભાન નથી તે પરમાં ક્યાંક તો પોતાનું અસ્તિત્વ માને જ છે. કર્મમાં નિમિત્તના સંગે જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ થાય તે જ મારા છે એમ માનીને અજ્ઞાની પોતાનું હિત છોડીને કર્મનું હિત કરે છે એટલે કે કર્મ બાંધે છે. અજ્ઞાનીને કર્મના ઉદયે મળતા સંયોગોમાં મોહ છે તેથી નવા કર્મ બાંધે છે તેથી તે કર્મનો ઉપકાર કરે છે એમ કહેવાય છે.

ચૈતન્ય પરમેશ્વરનો સ્વભાવ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' છે, તે સ્વરૂપનો સત્કાર આશ્રય, અવલંબન, સાવધાની છોડી કર્મના ઉદયમાં સત્કાર, આશ્રય, અવલંબન સાવધાની કરે છે તે અજ્ઞાની કર્મનું હિત કરે છે અને જ્ઞાની પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો આદર-સત્કાર, અવલંબન કરીને પોતાનું હિત કરે છે.

ભગવાન આત્મા અજ્ઞાનવશ રાગ-દ્વેષ કરે છે તેનું નિમિત્ત પામીને કર્મના પુદ્ગલ સ્વયં પોતાની મેળે આવીને બંધાઈ જાય છે અને જૂના કર્મના ઉદયના નિમિત્તે જીવ સ્વયં વિકારી ભાવરૂપે પરિણમે છે. આમ, આત્માના મોહ અને વિકારનું નિમિત્ત પામીને પૌદ્ગલિક કર્મ એની મેળે બંધાઈ જાય છે અને પૌદ્ગલિક કર્મનું નિમિત્ત પામીને આત્મા પોતાના શુદ્ધસ્વરૂપને છોડીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે પરિણમીને પુણ્યમાં મીઠાશ, ભોગમાં સુખ, સ્ત્રીમાં મજા અને આબરૂમાં ઠીક છે એવી મિથ્યાભ્રમણા કરે છે. તે જીવના કરેલા જીવના ભાવ છે એટલે કે ચેતનાત્મક પરિણામ છે, તેમાં પૂર્વે કરેલાં કર્મનો ઉદય નિમિત્તમાત્ર છે.

અહીં ઉદાહરણ આપીને કહે છે કે જેનો પ્રભાવ વધી જાય તે બીજા ઉપર પોતાનો પ્રભાવ પાડીને શું કામ પોતાનો સ્વાર્થ ન સાધે? સાધે જ. તેમ કર્મનો પ્રભાવ વધતાં કર્મ પોતાનું હિત કરે છે અને આત્માનો પ્રભાવ વધતાં આત્મા પોતાનું હિત કરે છે.

અજ્ઞાની જીવ મોહ અને અવિદ્યાના વશે પરનો ઉપકાર કર્યા કરે છે. શરીરનો ઉપકાર કરે, સ્ત્રી, પુત્ર, પરિવારનો ઉપકાર, દેશનો ઉપકાર કરે પણ તેમાં પોતાનો અપકાર થાય છે તે અજ્ઞાની જોતો નથી. તેથી અહીં કહ્યું કે કર્મ કર્મનું હિત કરે છે. કર્મ તો ખરેખર જડ છે તે પોતાનું હિત ન ચહે પણ અજ્ઞાની કર્મના વશ થઈને કર્મનું હિત કરે છે.

જે પોતાના સ્વભાવની સાવધાની કરતો નથી તેને પરમાં સાવધાની થયા વગર રહેતી નથી. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક આત્માને છોડીને પુણ્ય અને રાગમાં પોતાનું હિત માનીને તેમાં સાવધાની કરે છે અને પુણ્યથી મળેલાં સંયોગોથી પોતાને લાભ માને છે અને પાપથી મળેલાં સંયોગોથી પોતાને પ્રતિકૂળતા માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારની પ્રતિકૂળતાથી જીવનું અહિત થતું હોય તો તો નરકમાં અનંતી પ્રતિકૂળતા વચ્ચે જીવનું હિત કયાંથી થાય? સમ્યગ્દર્શન કયાંથી થાય? સાતમી નરકની વેદના તો એવી છે કે કેવળી જાણે ને તે નારકી પોતે ભોગવે. જુવાન રાજકુમાર હોય, ખૂનખાર લડાઈ લડતો હોય અને મારું રાજ્ય ગમે તેમ કરીને પણ મેળવું એવા અભિમાનમાં લડતો-લડતો મરીને સાતમી નરકમાં જાય. ત્યાં ઘોર વેદનાની વચ્ચે પણ એમ વિચાર આવે કે અરે! આ વેદના! આનાથી કાંઈ છૂટકારો ખરો કે નહિ? એમ વિચાર કરતાં કરતાં એકદમ શરીર અને રાગથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ કરી લે છે. તેમાં તેને બહારની પ્રતિકૂળતા નડતી નથી.

અહીં એક રાત પીડા થાય ત્યાં તો રાત બહુ લાંબી લાગે. પીડા સહન ન થાય. તો નરકમાં તો તેના કરતાં પણ અનંતગણી પીડા છે. તેની વચ્ચે પણ ભેદજ્ઞાન થઈ શકે છે. બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા આત્માને શું કરી શકે?

પોતાની પરમેશ્વરતાનો સ્વીકાર ન કરતાં પરમાં અધિકાઈ માની છે તેથી જ જીવને દુઃખ વેઠવા પડે છે. આ જીવ અનંતવાર ત્યાગી થયો, મુનિ થયો પણ 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' આત્માના ભાન વિના એક અંશમાત્ર પણ આનંદ બહારમાં નથી અને આત્માનું ભાન કરે તો સાતમી નરકની પીડા વચ્ચે પણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરી લે છે. દૌલતરામજી રચિત પદ્યમાં આવે છે ને! 'બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી' અને મિથ્યાદૃષ્ટિ કરોડપતિ હોય, આબરૂદાર હોય પણ અંદરમાં હોળી સળગતી હોય માટે કહે છે કે ભાઈ! સંયોગ સુખદુઃખનું કારણ નથી.

અહીં કહે છે કયારેક જીવ બળવાન હોય છે અને કયારેક કર્મ બળવાન હોય છે. તેનો અર્થ એવો છે કે કયારેક જીવ પોતાની શક્તિનું બહુમાન છોડી કર્મના ઉદયે થયેલાં પુણ્ય-પાપ ભાવને બહુમાન આપે છે તેમાં ખરેખર કર્મનું બહુમાન થાય છે તેથી કર્મ બળવાન છે એમ કહેવાય અને કયારેક જીવ પોતાના પુરુષાર્થથી રણકાર મારતો સ્વભાવની જાગૃતિ કરી કેવળજ્ઞાન લેવાની તૈયારી કરે તે જીવનું બળવાનપણું છે. તેમાં આત્માનું હિત થાય છે.

અજ્ઞાની જીવે પરની સાથે અને કર્મ સાથે મિત્રતા કરી છે, તેથી તેનો સંયોગ થતાં આનંદ માને છે, કર્મના ઉદયે થતા શુભાશુભભાવમાં પણ આનંદ માને છે તેથી અજ્ઞાની જીવે ખરેખર પોતાનું અહિત કરીને કર્મનું હિત કર્યું છે, કર્મની પુષ્ટિ કરી છે.

જેમ દોસ્તાર ભેગા થઈને રમતાં હોય તેમાં ઝગડી પડે ને ૧૦ વર્ષનો છોકરો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૨ વર્ષના છોકરાને મારી જાય અને છોકરો પોતાની મા ને ફરિયાદ કરે તો મા શું કહે?—કે એલા ઢગા! તું મોટો અને ઓલો નાનો તને મારી ગયો એવી ફરિયાદ કરતાં તને શરમ નથી આવતી? તેમ આ અજ્ઞાની ફરિયાદ કરે છે કે અરે! કર્મે મને મારી નાખ્યો. તેને ભગવાન કહે છે અરે! મૂરખ! ઢગા! તું ભગવાન આત્મા મહા બળવાન અને કર્મ તને હેરાન કરે!

આમ જીવ અને કર્મનું વેર અનાદિથી ચાલ્યું આવે છે. પરની અને વિકારની મહિમા કરે છે તે અજ્ઞાની જ ખરેખર કર્મનું હિત કરે છે. પોતાના સ્વરૂપમાં જોડાણ ન કરતાં કર્મના ઉદયમાં જોડાણ કરીને કર્મને બળવાન બનાવે છે એટલે કે નવા કર્મ બાંધે છે. આમ કર્મની પરંપરા ચાલે છે.

'જીવ પોતાની ભૂલથી પોતે વિકાર કરે છે.' જો પરથી કે કર્મથી વિકાર થતો હોય તો તો તે કર્મ ખસે તો વિકાર ખસે. પણ જીવની પોતાની ભૂલથી વિકાર થાય છે તેથી પોતે ભૂલ ટાળે તો વિકાર ટળી જાય છે. વિકાર થવામાં કર્મનો ઉદય તો નિમિત્તમાત્ર છે. તેમ કર્મ બંધાવામાં જીવના વિકારીભાવ નિમિત્તમાત્ર છે. કર્મ તો આપોઆપ પોતાથી જ બંધાઈ જાય છે. કર્મબંધન આત્મા કરતો નથી. આ વસ્તુની સ્થિતિ છે.

જીવ પોતાના શુદ્ધસ્વરૂપને ભૂલી જાય છે તે જ ખરેખર ભાવબંધન છે અને તે ભાવબંધનના નિમિત્તે દ્રવ્યબંધન થાય છે. જીવની બે અવસ્થા છે. એક તો સ્વભાવને આધીન અવસ્થા અને બીજી વિકારને આધીન અવસ્થા છે. વિકારને આધીન અવસ્થાથી કર્મનો ઉપકાર થાય છે અને સ્વભાવ આધીન અવસ્થાથી જીવનો પોતાનો ઉપકાર થાય છે.

જીવ સ્વયં પુરુષાર્થહીન—નપુંસક બનીને પરનું માહાત્મ્ય કરે છે. શાસ્ત્રમાં આવે છે કે ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપના શ્રદ્ધા—જ્ઞાન છોડીને એકલા શુભભાવની રચના કરે છે અને તેમાં જ મહિમા માને છે તે જીવનું વીર્ય સ્વભાવની રચના કરવા માટે નપુંસક થયું છે. વીર્યગુણનું મૂળ કાર્ય તો સ્વરૂપની રચના કરવી તે છે, 'સ્વરૂપરચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.' સ્વભાવના આશ્રયે શુદ્ધ શ્રદ્ધા—જ્ઞાન—ચારિત્ર—સુખ—શાંતિ પ્રગટ કરવા તે વીર્યનું કાર્ય છે. તેને બદલે શુભાશુભભાવની રચના કરે તે વીર્ય જ નથી, નપુંસકતા છે.

અહો! મુનિરાજ તો 'નાગા બાદશાહથી આઘા' છે. તેને કાંઈ કોઈ પાસેથી ચંદો—ફાળો ભેગો કરવો નથી કે સાચી વાત કહેતાં અચકાય.

પોતાના સ્વભાવને રચે તે આત્મવીર્ય અને વિકારની રચના કરે તે કર્મવીર્ય છે. અજ્ઞાની વિકારની રચના કરીને કર્મનું હિત કરે છે. તેથી ચારગતિમાં રખડે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મના હિતની વાત કરી, હવે મુનિરાજ આત્માનું હિત કેવી રીતે થાય તેની વિધિ બતાવે છે. કહે છે કે 'કાળલબ્ધિથી બળવાન થયેલો જીવ પોતાનું હિત કરે છે.' તેમાં કાળલબ્ધિ એટલે પુરુષાર્થની જાગૃતિનો કાળ, અને કાળલબ્ધિનું જ્ઞાન કોને હોય કે જેને પોતાના દ્રવ્યનું જ્ઞાન હોય તેને પોતાની કાળલબ્ધિ–પર્યાયનું જ્ઞાન હોય. જે પર્યાય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને દ્રવ્યનું જ્ઞાન કરે છે તેને જ પર્યાયનું જ્ઞાન થાય છે.

જેમ સાત તત્ત્વની શ્રદ્ધા—'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્'માં મોક્ષની શ્રદ્ધા, સર્વજ્ઞની શ્રદ્ધા, પર્યાયની શ્રદ્ધા એ બધી શ્રદ્ધા ક્યારે થાય કે જ્યારે જ્ઞાયક ભગવાન શુદ્ધ પૂર્ણ આત્મામાં દૃષ્ટિ દેતાં જે જ્ઞાન પ્રગટ થાય છે તેની વર્તમાન પર્યાયમાં મોક્ષ, સર્વજ્ઞ આદિ બધી પર્યાયનું જ્ઞાન થાય છે. કારણ કે પોતાના દ્રવ્યનું જ્ઞાન થયા વિના પર્યાયનું જ્ઞાન થતું નથી અને પર્યાયના જ્ઞાન વિના આસ્રવ-બંધ આદિનું પણ જ્ઞાન થતું નથી.

આમ, ગુરુના ઉપદેશનું નિમિત્ત પામીને, પોતાની કાળલબ્ધિ પાકતાં પુરુષાર્થથી પોતાના સ્વભાવની દૃષ્ટિ કરે છે. તેમાં પોતાનું બળ છે. જે રાગ-દ્વેષ, નિમિત્તથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ અધિક–ભિન્ન પોતાના સ્વભાવને જાણે છે તેને સ્વભાવનું બળ પ્રગટ થયું છે અને કર્મનું બળ નાશ પામ્યું છે.

જે પોતાનું હિત કરવા માગે છે તે સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષને ચાહે છે. જેવું પોતાનું સ્વરૂપ છે તેવું પર્યાયમાં પ્રગટ થાય તેનું જ નામ મોક્ષ છે, તેમાં જ પોતાનું પરમહિત છે.

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.'

શ્રીમદ્ નાની ઉંમરમાં આ બધું લખી ગયા છે. પોતાના નિર્મળ આનંદની દશા જે માર્ગે પમાય તે મોક્ષપંથ છે, બીજો કોઈ મોક્ષપંથ નથી.

બુદ્ધિવાળા જીવો આમાં ધ્યાન આપે તો પોતાનું હિત કરી શકે તેમ છે. જેની બુદ્ધિ આત્માને દુઃખસમુદ્રથી તારે તે બુદ્ધિશાળી છે. આત્માને બૂડાડે તે બુદ્ધિ બુદ્ધિ જ નથી.

અહીં કહે છે કે પોતપોતાના માહાત્મ્ય–પ્રભાવના વધવાથી કોણ પોતાનો સ્વાર્થ ન સાધે?—કોણ પોતાનું હિત ન ચાહે? જીવ કર્મને માહાત્મ્ય આપીને તેનો ઉપકાર કરે છે તો કર્મ પોતાનું હિત કેમ ન ચાહે? એટલે કે જીવ પોતાના સ્વભાવને ચૂકીને કર્મના ઉદયમાં જોડાય છે તો તેનું નિમિત્ત પામીને નવા કર્મ બંધાય છે અને જો જીવ પોતાના સ્વભાવની મહિમા કરે તો પોતાનું હિત થાય છે અર્થાત્ મોક્ષ મળે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો હવે કહે છે કે તું પરનો ઉપકાર છોડીને તારો ઉપકાર કરવામાં લાગી જા !

**परोपकृतिमुत्सृज्य स्वोपकारपरो भव ।**
**उपकुर्वन्परस्याज्ञो दृश्यमानस्य लोकवत् ॥ ३२ ॥**

દૃશ્યમાન દેહાદિનો, મૂઢ કરે ઉપકાર,
ત્યાગી પર ઉપકારને, કર નિજનો ઉપકાર. ૩૨.

પરનો ઉપકાર છોડ અને તારો ઉપકાર કર ! અર્થાત્ તારી અધિકાઈ કર અને શુભાશુભ રાગ અને સંયોગ ઠીક છે તો મને ઠીક છે એવી પરની અધિકાઈ છોડી દે ! સાચી વસ્તુસ્થિતિને જાણીને તું તારા હિતમાં લાગી જા !

શરીર સારું રહે તો ઠીક, કુટુંબ સારું રહે તો મને ઠીક, દુનિયા ઠીક રહેતા મને ઠીક એવી પરનો આશ્રય કરતી તારી મૂઢ બુદ્ધિ તારા અજ્ઞાનને જાહેર કરે છે, એ અજ્ઞાન તું છોડ !

જ્યાં સુધી જીવ પરને પરરૂપ નથી જાણતો ત્યાં સુધી જ પરનો ઉપકાર કરે છે. જ્યાં પરને પર જાણે છે ત્યાં તેનો ઉપકાર કરવો છોડી દે, અને પોતાનો ઉપકાર કરવામાં લાગી જાય છે. માટે સાચી વસ્તુસ્થિતિ જાણી, તત્ત્વજ્ઞાની બની, પોતાને આધીન સુખી બનાવવારૂપ આત્મ–ઉપકાર કરવામાં તું તત્પર થઈ જા, એ જ ભગવાનનો ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવચન નં. ૩૬ ]

# ✻ કર નિજનો ઉપકાર ✻

[ તા. ૧૦-૫-૬૬ ]

આ શ્રી ઇષ્ટોપદેશની ૩૨ મી ગાથા ચાલે છે.

અનાદિકાળથી અજ્ઞાની જીવ દેહ અને કર્મ આદિ પરદ્રવ્યો ઉપર ઉપકાર કરતો આવ્યો છે એટલે શરીર અને કર્મ આદિ ઉપર લક્ષ રાખીને તેની સાવધાનીમાં જ રોકાયો છે અને પોતાની સાવધાની છોડી દીધી છે. તેને પૂજ્યપાદ સ્વામી કહે છે કે તું પરનો ઉપકાર છોડીને તારા પોતાના ઉપર ઉપકાર કર!

કર્મને જીવ બાંધે છે તેમાં કર્મનો ઉપકાર થાય છે અને કર્મને છોડે છે તેમાં આત્માનો ઉપકાર થાય છે. સજ્જન માણસ જ્યાં સુધી પરને પોતાનું માનતો હતો ત્યાં સુધી તો એકત્વ પૂર્વક પરની સેવા કરતો હતો પણ જ્યાં જાણ્યું કે આ પર છે, ત્યાં તે એકત્વ પૂર્વક પરની સેવા ન કરતાં પોતાની સેવા કરવા લાગે છે. તેમ હે જીવ! તું પણ પરની સાવધાની છોડી તારા સ્વભાવની સાવધાની કર!

અહીં જીવ પરનો ઉપકાર કરી શકે એ વાત નથી લેવી પણ તેના ભાવમાં એમ છે કે હું શરીર, કુટુંબ, ગામ, દેશ આદિનો ઉપકાર કરું એ ભાવમાં તેને પરના ઉપકારની ભાવના છે એમ વાત લેવી છે.

અજ્ઞાની જીવ અવિદ્યા-અજ્ઞાન અને મોહના વશે પરના ઉપકારમાં લાગ્યો છે તેને ગુરુ કહે છે કે અરે મૂઢ! તું એકવાર તારી સામે જો ને! તારા ઉપર ઉપકાર કરને!

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે આપે કહ્યું કે પરનો ઉપકાર ન કરવો અને પોતાનો ઉપકાર કરવો તો પોતાને અને પરને કયા ઉપાયથી જુદાં જાણવા? અને એ જુદાં જાણવાથી શું ફળની પ્રાપ્તિ થાય? શિષ્યના આ પ્રશ્નનો ઉત્તર ગુરુ ૩૩ મી ગાથામાં આપે છે.

**गुरुपदेशादभ्यासात्संवित्तेः स्वपरान्तरं ।**
**जानाति यः स जानाति मोक्षसौख्यं निरन्तरम् ॥ ३३ ॥**

ગુરુ-ઉપદેશ, અભ્યાસ ને, સંવેદનથી જેહ,
જાણે નિજ-પર ભેદને, વેદે શિવ-સુખ તેહ. ૩૩.

ગુરુના ઉપદેશથી જે અભ્યાસ કરતો થકો પોતાના જ્ઞાનથી પોતાના અને પરના ભેદને જાણે છે તે મોક્ષસુખનો અનુભવ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક વાત તો એ લીધી કે ગુરુના ઉપદેશથી અને બીજી વાત એ કે અભ્યાસ કરનારો જિજ્ઞાસુ જીવ સ્વ-પરનો ભેદ પાડી શકે છે. ગુરુનો ઉપદેશ કહેતાં અજ્ઞાનીના ઉપદેશનો અને પોતાની મેળે કરેલા અભ્યાસનો નિષેધ આવી ગયો. સાચા ધર્માત્મા —જ્ઞાનીના ઉપદેશથી અભ્યાસ કરતાં પોતાના જ્ઞાનમાં સ્વ-સંવેદન થાય છે તેનાથી આ આત્મા આનંદસ્વરૂપ છે તે હું છું અને પુણ્ય-પાપ, કર્મ, શરીરાદિ પર છે એમ સ્વ-પરનું ભેદજ્ઞાન થાય છે.

આ તો બધી માખણની વાતો છે, એકલું તરતું સત્ય છે. ગુરુનો ઉપદેશ એવો હતો કે તું અનંત અનંત આનંદ, જ્ઞાન અને સુખનું ધામ છો અને પુણ્ય-પાપના વિકલ્પ છે તે આશ્રવ તત્ત્વ છે અને કર્મ, શરીરાદિ તે અજીવ તત્ત્વ છે. આવો ઉપદેશ તે યથાર્થ ઉપદેશ છે. સંસારની કેળવણીનો અભ્યાસ કરે છે તે તો બધો પાપનો અભ્યાસ છે.

શ્રોતા :—તો પછી સંસારની કેળવણીનો અભ્યાસ અમારે ન કરવો?

પૂજ્યશ્રી :—ભાઈ! અહીં કરવા ન કરવાની વાત નથી. એ તો તને મોહ છે એટલે તું એ અભ્યાસ કર્યા વગર રહેવાનો નથી. અહીં તો તેનું સ્વરૂપ શું છે એ બતાવાય છે કે એ અભ્યાસ તો તને સ્વ-પરની જુદાઈનો નહિ પણ એકપણાનો અભ્યાસ કરાવશે. તું આમ કરીશ તો બીજાનું હિત થશે, આમ કરીશ તો તારું હિત થશે એવી ઊંધી કેળવણી તને મળશે.

અહીં તો કહે છે કે ગુરુના ઉપદેશના અભ્યાસથી તું તારું સ્વ-સંવેદનજ્ઞાન પ્રગટ કર. તેનાથી તને સ્વ-પરનું ભેદજ્ઞાન થશે. આવું ભેદજ્ઞાન જે કરે છે તેને ભેદજ્ઞાનના ફળમાં મોક્ષનું સુખ મળે છે. સંસારની કેળવણીના ફળમાં દુઃખ મળે છે ત્યારે અહીં તો મોક્ષનું સુખ મળે છે. મોક્ષ એટલે આત્મા જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે રહે તેનું નામ મોક્ષ છે.

ધર્માચાર્ય તો તેને કહેવાય કે જેને સ્વ-પરની જુદાઈનું ભાન છે અને સ્વ-પરની જુદાઈનો ઉપદેશ આપે છે તે ધર્માચાર્ય છે. તેના ઉપદેશને ઝીલીને જે પોતે સ્વ-પરની જુદાઈનો અભ્યાસ કરીને સ્વસંવેદનથી સ્વ-પરની જુદાઈ કરે છે તે તેના ફળમાં અવિનાશી મોક્ષસુખનો અનુભવ કરે છે.

ગુરુ તો ઉપદેશ આપે પણ પોતે ન સમજે તો નિષ્ફળ છે પણ અહીં તો કહ્યું કે ગુરુના ઉપદેશના નિમિત્તે પોતે સમજીને એટલે પોતે પોતાનો ગુરુ થઈને સ્વ-પરની જુદાઈ કરે છે ત્યારે જ ગુરુના ઉપદેશથી ભેદજ્ઞાન થયું એમ કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! સ્વ અને પર બે ભિન્ન તત્ત્વો છે છતાં તું અનાદિથી તેની એકતાનો અભ્યાસ કરતો આવ્યો છો. હવે તું જ તારો ગુરુ બનીને સ્વ-પરની ભિન્નતાનો અભ્યાસ કર તો તારો ઉપકાર થાય.

ગુરુનો ઉપદેશ કેવો છે?–કે સુદ્રઢ સ્વ-પરનું વિવેકજ્ઞાન પ્રગટ થાય એવા ગુરુના વાક્યો છે અને એ સાંભળીને મોક્ષાર્થી જીવ એવી દ્રઢતા કરે છે કે 'આત્મા ચૈતન્ય જ્ઞાયક છે તે સ્વ છે અને રાગાદિ તે પર છે.' આવા વારંવારના અભ્યાસથી સ્વસંવેદન પ્રગટ કરીને મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

સીધી જ વાત છે કે જ્યાં સ્વ-પરની એકતાનું જ્ઞાન છે ત્યાં દુઃખ છે અને સ્વ-પરની ભિન્નતાનું જ્ઞાન છે ત્યાં સુખ છે. જ્યાં એવો બોધ મળે કે પરલક્ષી જ્ઞાનથી સુખ છે અને પોતાને પણ એમ લાગે કે પરલક્ષ કરવાથી મને સુખ છે તે અજ્ઞાન છે અને ત્યાં દુઃખ જ છે.

શ્રોતા:–અજ્ઞાન પાછળ કર્મનું જોર છે ને?

પૂજ્ય ગુરુદેવ:–કર્મનું જોર કે'દી હતું? પોતાના ઊંધા ભાવનું જોર છે. સ્વ અને પર જે જુદાં છે તેની એકતા માનનારની ઊંધી માન્યતાના જોરને લીધે અજ્ઞાન છે. કર્મ મને દુઃખી કરે છે એ માન્યતા જૂઠી છે. કર્મ અને આત્મા તો ભિન્ન તત્ત્વ છે. તે કર્મ આત્માને દુઃખી કેમ કરી શકે? આત્મા પોતે જ પોતાના અજ્ઞાનથી દુઃખી છે.

આવા અજ્ઞાનીને ગુરુનો ઉપદેશ મળે અને પોતે પણ સ્વ અને પરની ભિન્નતાનો અંતર્જલ્પ ઉઠાવીને પોતાનો ગુરુ પોતે બને એટલે કે સુદ્રઢ વિવેકજ્ઞાન પ્રગટ કરનારા ગુરુના વાક્યો અને પોતાના વિચાર અનુસાર અભ્યાસ કરે કે 'સ્વ અને પર તદ્દન ભિન્ન તત્ત્વ છે. હું પરનું હિત ન કરું, પર મારું હિત ન કરે. જે મારાથી પરદ્રવ્ય છે તે મારું હિત ત્રણ કાળમાં કદી ન કરી શકે. મારા હિતનો કર્તા હું જ છું. એવો પોતે અભ્યાસ કરે. ગુરુનો ઉપદેશ પણ એ જ હોય કે પરમાં ક્યાંય સુખ નથી. તારું સુખ તારામાં છે.' આવા સુદ્રઢ વિવેક પેદા કરાવનારા ગુરુ વાક્યો દ્વારા પોતે અભ્યાસ કરવો જોઈએ. ગુરુ કહે કાંઈક અને પોતે વિચારે બીજું કાંઈક તો એ ગુરુનો ઉપદેશ ઝીલ્યો ન કહેવાય.

પ્રવચનસારમાં અમૃતચંદ્ર આચાર્ય છેલ્લા શ્લોકમાં કહે છે કે પરમાગમોમાં અમંદ-પણે મોટા અવાજે જે કાંઈ થોડું ઘણું તત્ત્વ કહેવામાં આવ્યું છે તે બધું ચૈતન્યના વિષે અગ્નિમાં હોમાયેલી વસ્તુની માફક સ્વાહા થઈ જાય છે એટલે કે અમે ઉગ્ર પુરુષાર્થથી જેટલું પણ કહીએ તે બધું ચૈતન્યમાં સમાય જાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ સ્વ-પરની જુદાઈનો વારંવાર અભ્યાસ કરવાથી પોતાના લક્ષ્યનો અનુભવ થવા લાગે છે—આત્માના ધ્યેયનો અનુભવ થવા લાગે છે એટલે સ્વ-પરનો અભ્યાસ કરતાં કરતાં પરનું લક્ષ છૂટી ફડાક સ્વનું લક્ષ થઈ જાય છે–અનુભવ થઈ જાય છે. તે અનુભવથી –સ્વસંવેદનથી જે સ્વાત્માને પરથી ભિન્ન જાણે–દેખે છે તે મોક્ષસુખને નિરંતર વેદવા લાગે છે એટલે જેટલો રાગથી ભિન્ન પડી સ્વભાવમાં સ્થિર થાય છે તેટલો અતીન્દ્રિય આનંદને વેદવા લાગે છે. મોક્ષસુખની વાનગી અહીંથી શરૂ થાય છે. અતીન્દ્રિય આનંદમાં ઢળેલો ભાવ નિરંતર વિચ્છેદ રહિત અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવા લાગે છે.

ધર્મની બધી ક્રિયાનો સાર આ છે. ભણી–ભણીને કરવું હોય તો આ...., સમજણ કરીને કરવું હોય તો આ...., શાસ્ત્ર વાંચીને કરવું હોય તો આ...., જીવનમાં કરવા જેવું હોય તોપણ આ જ છે. 'ભેદજ્ઞાન' અને તેનું ફળ મળશે 'મોક્ષસુખ!'

આત્માથી ભિન્ન દ્રવ્યનું એટલે શરીર, કર્મ, રાગાદિનું 'કરવું' તે આત્મા કરી શકતો નથી. પણ તેનાથી આત્માના જુદાપણાનું જ્ઞાન કરવું તે આત્માનું કાર્ય છે–તે આત્મા કરી શકે છે.

આ તો નાના છોકરાઓને પણ સમજાય તેવી વાત છે. સાદી અને સારરૂપ વાત છે વાહ રે વાહ! આજ સમવસરણની સ્થાપનાનો દિવસ છે ને! સમવસરણમાં ભગવાનની વાણીમાં જે આવ્યું હતું તેનો સાર આ છે.

બધાં સંતોનો, ગુરુઓનો, શાસનનો, વીતરાગનો ઉપદેશ સ્વની એકતા અને પરની ભિન્નતા માટેનો જ છે. સ્વની એકતા અને પરની ભિન્નતા ન હોય અર્થાત્ પરથી હિત થાય એવી વાત હોય તે વીતરાગનો ઉપદેશ નથી. વીતરાગનો ઉપદેશ વીતરાગતાનો જ હોય. લાખ વાતની એક વાત આ જ હોય. ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. વસ્તુનું જેવું પરથી ભિન્ન સ્વરૂપ છે તેવું જણાવવું તે ઉપદેશનું તાત્પર્ય છે.

ભગવાનનો ઉપદેશ નિશ્ચય–વ્યવહારની ભિન્નતાનો છે. સ્વ તે નિશ્ચય અને પર તે વ્યવહાર. રાગની મંદતા એ પણ વ્યવહાર છે. ભગવાન કહે છે રાગથી જુદો પડી અહીં ઠર!—સ્વમાં ઠર! વચ્ચે વ્યવહાર આવશે પણ તેને જુદો જાણવાનો પ્રયત્ન કરજે. વ્યવહારથી નિશ્ચય થાય એમ માનીશ નહિ. રાગથી સ્વભાવમાં કદી ન જઈ શકાય. રાગથી ભિન્ન પડતાં સ્વભાવમાં એકાગ્ર થવાય એવી જ વસ્તુની સ્થિતિ છે. એવો જ ભગવાનનો ઉપદેશ છે. આ તો ભાઈ! પકવાન પીરસાય છે!

લોકો કહેશે આવો ઉપદેશ તમે આપશો તો પછી કોઈ તીર્થરક્ષા માટે જશે નહિ, મંદિરો બંધાવશે નહિ, જાત્રા કરશે નહિ. તેને કહીએ છીએ ભાઈ! જે થવાનું છે તે થાય જ છે. પણ તે પર છે અને તું સ્વ છો તેમાં ઠરવું તે તારું કાર્ય છે. તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉતાવળો થઈશ તોપણ બહારમાં જે થવાનું હશે તે જ થશે અને ધીરો થઈને સ્વભાવમાં ઠરીશ તોપણ બહાર તો જે થવાનું હશે તે થશે જ.

આ તો ભાઈ! મૂળ મારગની વાતો છે. ‘મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ....’ પોતાની સન્મુખ દૃષ્ટિ કર તેમાં બધું સમાય જાય છે.

પરદ્રવ્ય મને લાભ કરે કે નુકશાન કરે એમ માનનારો તેનાથી જુદો પડી ન શકે. અહીં તો કહે છે કે પર તને લાભ-નુકશાન કરનાર નથી. પર જે સ્થિતિએ છે તે સ્થિતિએ ભલે રહ્યું પણ તું તેનાથી જુદો પડી જા! પરની સ્થિતિ બદલાવવાની નથી માત્ર તેનાથી પોતાના જુદાપણાનું જ્ઞાન કરવાનું છે. આ જ્ઞાનીની કેળવણીની કસરત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૩૭ ]

# ॐ સ્વ-પરની જુદાઈ ॐ

[ તા. ૧૧-૫-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામીકૃત ઇષ્ટોપદેશની ૩૩ મી ગાથા ચાલે છે.

ગુરુના ઉપદેશમાં સ્વ-પરની જુદાઈનો ઉપદેશ સાંભળી, શિષ્ય સ્વ-પરની જુદાઈનો અંતર અભ્યાસ કરે છે. આવો વારંવાર અભ્યાસ કરવાથી સ્વસંવેદન પ્રગટ થાય છે, તેમાં શિષ્યને મોક્ષસુખનો અંશે અનુભવ પ્રગટ થાય છે.

આ શ્લોકને અનુરૂપ તત્ત્વાનુશાસનના ૧૭૦ માં કળશનો મુનિરાજ આધાર આપે છે કે આવા આત્માના અનુભવને પ્રાપ્ત કરતો થકો તે આત્મા ઉત્કૃષ્ટ એકાગ્રતા પ્રાપ્ત કરી લે છે અને તે રીતે મન તથા વચનથી અગોચર એવા સ્વાધીન અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરે છે.

જુઓ! અહીંથી ધર્મની શરૂઆત થાય છે. શરીર, રાગ-દ્વેષ આદિ પર ચીજ છે અને જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા તે સ્વચીજ છે. આમ સ્વ-પરની જુદાઈનો વારંવાર અભ્યાસ કરતાં સ્વભાવ તરફની એકાગ્રતા પ્રગટ થાય છે તેમાં જીવ મોક્ષમાં જે પૂર્ણ આનંદ છે તે જ જાતનાં આનંદનો અંશે અનુભવ કરે છે.

આવા સ્વાધીન આનંદનો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ છે. તેનાથી વિરુદ્ધ પરથી કે રાગથી આત્માને આનંદ થાય-લાભ થાય એવો ઉપદેશ તે ઇષ્ટ નથી. જેનાથી ભેદજ્ઞાન કરવાનું છે એવા રાગાદિથી લાભ ક્યાંથી થાય? તેનાથી તો બંધનો લાભ થાય. મોક્ષનો લાભ તેનાથી ન થાય.

આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તે 'સ્વ' છે અને પુણ્ય-પાપ-વિકારીભાવ તે 'પર' છે. એમ સ્વ અને પરની ભિન્નતાનો અભ્યાસ કરતાં આત્માની એકાગ્રતા થતાં તેમાં મોક્ષસુખનો અનુભવ થાય છે અને તે એકાગ્રતા વધતાં વધતાં જ ઉત્કૃષ્ટ એકાગ્રતા -પૂર્ણતા પ્રગટ થાય છે.

તે ઉત્કૃષ્ટ એકાગ્રતામાં એવો સ્વાધીન આનંદ છે કે તે મન અને વાણીને અગોચર છે અથવા વાણીથી કહી શકાય તેવો નથી.

આ તો એકદમ માખણની-તત્ત્વની વાત છે. ધર્મ કરવો હોય તેણે આ તત્ત્વ સમજવાનું છે. જ્ઞાનીઓએ પણ આ કહ્યું છે, શાસ્ત્ર પણ આ જ કહે છે, કેવળીએ પણ આ કહ્યું હતું અને આત્માની વાત ઝીલનારને પણ આ જ વાત એના ખ્યાલમાં આવે છે. શું એ વાત?—કે સ્વ-પરની જુદાઈ કરવી તે મોક્ષનો ઉપાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્ય તો આત્માથી ભિન્ન છે પણ રાગ-દ્વેષભાવ જે આસ્રવ છે તે પણ આત્માથી ભિન્ન છે, એવા ભિન્ન આત્માનો અનુભવ કરતાં જે આનંદ પ્રગટ થાય છે તે મન અને વાણીને અગોચર છે એટલે મન અને વાણીથી પ્રાપ્ત થાય તેમ નથી અને તેનું વર્ણન વાણીથી થઈ શકે તેમ નથી. સમજાણું કાંઈ?

જીવ સમજ્યો ત્યારે કહેવાય કે સર્વજ્ઞોએ, શાસ્ત્રે, ગુરુએ જે સ્વ-પરની ભિન્નતા કરવાનું કહ્યું તે પ્રમાણે પોતે ભેદજ્ઞાન કરે ત્યારે સમજ્યો કહેવાય. દેવ-શાસ્ત્ર-ગુરુ જે ભાવ કહેવા માગે છે તેને પાત્ર જીવ બરાબર ઝીલીને તે ભાવ પ્રગટ કરે છે.

'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' સર્વજ્ઞભગવાન, ગુરુ, શાસ્ત્ર બધાં એક જ સાર કહે છે 'રાગ અને આત્માનું ભેદજ્ઞાન કરો' આ જ ભાવને પાત્ર જીવ ઝીલી લે છે.

ભગવાન આત્મા નિત્યાનંદ સ્વરૂપ છે. તેમાં પુણ્ય-પાપના વિકલ્પો તે અનિત્ય -ક્ષણિક અને સ્વભાવથી વિપરીત છે, તે વિપરીત અને અવિપરીત સ્વભાવમાં ભેદ પાડી તેનો વારંવાર અભ્યાસ કરતાં સ્વાધીન અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય છે, તે જ જીવનો ધર્મ છે. આ ધર્મની ટૂંકી અને સરળ વ્યાખ્યા છે.

આહાહા....! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના બધા શાસ્ત્રોનો સાર આ એક શ્લોકમાં મૂકી દીધો છે.

પૂજ્યપાદસ્વામી કહે છે કે હે પાત્ર શિષ્ય! તું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુના અનુભવથી રાગને જુદો પાડ! ખરેખર તો સ્વભાવમાં એકાગ્રતા થતાં રાગ ઉભો થતો જ નથી તેને રાગથી તું જુદો પાડ એમ કહ્યું છે.

આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત છે અને રાગાદિ તેનાથી પર છે એમ કહીને આત્મા અને રાગ બંને ચીજને સાબિત કરી છે. એક કોર રામ અને એકકોર ગામની જેમ અહીં એકકોર જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ ભગવાન ચૈતન્ય અને એક તરફ રાગ, વિકલ્પ આદિ બધું. એ બેની જુદાઈનો અભ્યાસ કરતાં કરતાં કોઈ પણ જાતના કષ્ટ વિના જીવ અતીન્દ્રિય સ્વાધીન આનંદને અનુભવે છે. ઉપવાસ આદિના કષ્ટ સહન કરે તો આનંદ થાય-એમ નથી.

જે કરવાનું છે તે ભગવાને કહી દીધું—'ભેદજ્ઞાન કરો.' તે એક જ માર્ગ છે. ઉપવાસ, વ્રતાદિ સાથે હોય પણ તે કોઈ માર્ગ નથી. મુનિરાજે અહીં ટૂંકામાં ઘણો મર્મ સમજાવીને માખણની વાતુ લખી છે.

હવે આગળ શિષ્ય પ્રશ્ન પૂછે કે 'મોક્ષસુખના અનુભવના વિષયમાં ગુરુ કોણ હોય છે?' તેના ઉત્તરમાં ૩૪ મો શ્લોક કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वस्मिन्सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वतः ।
स्वयं हित [ तं ] प्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ॥ ३४ ॥

નિજ હિત અભિલાષી સ્વયં, નિજ હિત નેતા આત્મ,
નિજ હિત પ્રેરક છે સ્વયં, આત્માનો ગુરુ આત્મ. ૩૪.

જે સત્‌ના કલ્યાણના વાંછક છે, અને જે સત્‌ની વાંછા–ઇચ્છા થઈ તેના હિતના ઉપાયને બતાવવાવાળા છે તથા હિતના પ્રવર્તક છે તેને ગુરુ કહેવાય છે.

ખરેખર તો જ્યારે આત્મા પોતે સત્‌ના કલ્યાણનો વાંછક થાય છે ત્યારે એ કલ્યાણ કેમ થાય તેનો ઉપાય પોતે પોતાને બતાવે છે કે ભાઈ! રાગથી જુદો પડ અને સ્વભાવમાં એકાગ્ર થા. એ મોક્ષસુખનો–હિતનો ઉપાય છે એમ પોતે પોતાને હિતનો રસ્તો બતાવીને તેમાં પ્રવર્તન કરે છે માટે આત્માનો ગુરુ આત્મા પોતે જ છે.

સર્વજ્ઞ કહે, શાસ્ત્ર કહે, ગુરુ કહે પણ એ ભાવ જ્યાં સુધી પોતાને ભાવથી ન બેસે ત્યાં સુધી આત્મા કયાંથી પ્રાપ્ત થાય? જ્યારે પોતે પોતાને સમજાવે કે અરે આત્મા! તું આનંદસ્વરૂપ આત્માની અભિલાષા કર અને એ અભિલાષાના ઉપાયમાં રાગ અને વિકલ્પથી જુદો પડ, તે શાંતિનો ઉપાય છે—એમ પોતે પોતાને જણાવે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ તો ઘણું સમજાવે પણ જો જીવ પોતે જ રાગથી ખસીને સ્વભાવની પ્રાપ્તિનો ઉપાય ન કરે તો દેવ-શાસ્ત્ર-ગુરુ શું કરે? માટે આત્મા પોતે જ પોતાનો ગુરુ છે.

બાપુ! તારા મારગડાં એવા છે કે તેનો દુનિયા સાથે મેળ ખાય તેમ નથી. પ્રભુ કહે છે કે આ માર્ગને તું દુનિયા સાથે મેળવીશ નહિ. આ માર્ગની જાત જ કોઈ જુદી છે.

આ જીવને ભૂતકાળમાં અનંતવાર સાક્ષાત્ તીર્થંકરનો યોગ પણ બન્યો છે અને ભગવાનની દિવ્યધ્વનિમાં આત્માના હિતનો ઉપાય સાંભળ્યો પણ છે પરંતુ પોતે અંદરમાં હિતનો ઉપાય ન કરે, કલ્યાણનો વાંછક થઈને હિત તરફ ન પ્રેરાય તો તીર્થંકર પણ તેને શું કરે?

શ્રોતા :—પહેલાં તો હિતની વાત દેવ-ગુરુ પાસેથી સાંભળે ત્યારે હિતનો ઉપાય કરે ને?

પૂજ્ય ગુરુદેવ :—પોતે હિતનો રસ્તો લે તો દેવ-ગુરુના ઉપદેશને નિમિત્ત કહેવાય છે. પોતાની જાતથી સમજે ત્યારે જ તેને ગુરુની કિંમત થશે કે અહો! આ તો સત્ય વાત કહેનાર છે. નિશ્ચય પ્રગટે તેને ગુરુ પ્રત્યે વિનય અને ભક્તિનો ભાવ (વ્યવહાર) ઊઠે છે. સત્‌ની સમજણ વગર વિનય–ભક્તિનો સાચો વ્યવહાર પણ આવતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હે આત્મા! ભગવાન તો આવો ઉપદેશ આપે છે પણ તને બેસે છે કે નહિ? બેસાડ ભાઈ! બેસાડ. રાગથી જુદું તારું તત્ત્વ બાપુ! તેનો અભ્યાસ કર! અભ્યાસ કરીને તેમાં ઠરવું એ તારું કાર્ય છે તે બીજું કોઈ કરી આપે તેમ નથી.

લોકોમાં કહેવત છે કે 'જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે?' તેમ શિષ્ય પોતે તૈયાર ન થાય તો ગુરુ તેને શું કરે? માટે જ અહીં ઇષ્ટોપદેશમાં કહે છે કે તું તારો ગુરુ થા તો તારું હિત થાય અને ત્યારે જ તને ગુરુના વિનય-ભક્તિનો વ્યવહાર આવશે. નિશ્ચય પ્રગટ થાય તો વ્યવહાર આવે. એ વાત અહીં સિદ્ધ થાય છે.

પરથી અને રાગથી છૂટીને સ્વાભાવિક સુખ પ્રગટ કરવાની જેને ઇચ્છા છે તેની અહીં વાત ચાલે છે. જેને હજુ પુણ્ય અને પુણ્યના ફળમાં મળતાં સંયોગોમાંથી સુખ લેવાની ઇચ્છા છે તેની વાત નથી. જેને 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ' એવી અભિલાષા છે તેને જ સાચી અભિલાષા છે અને તે જ હિતનો સાચો ઉપાય કરી શકે છે.

અહો! શાશ્વત સત્ સુખની કાંક્ષા કરનાર આત્મા પોતે છે અને તેના ઉપાયરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ બતાવનારો પણ પોતે છે. જણાવનાર પણ પોતે છે અને જાણનાર પણ પોતે છે. આમ હિતનો કાંક્ષક પોતે છે, હિતનો ઉપાય બતાવનાર પણ પોતે છે અને હિતરૂપે પ્રવર્તનાર પણ પોતે છે. માટે ખરેખર આત્મા જ ગુરુ છે અને આત્મા જ પોતાનો શિષ્ય છે.

કોઈ સાધુ નામ ધરાવે, બ્રહ્મચારી નામ ધરાવે, પંડિત નામ ધરાવે પણ તેની પાછળ બહાર પડવાની જ ભાવના હોય, માન મેળવવાની ઇચ્છા હોય તેને તો અંતરમાં હોળી સળગે છે, તેને ખરેખર સત્ સુખની ઇચ્છા નથી. માનની ઇચ્છા છે, એ તો અનાદિથી કરતો જ આવ્યો છે તેમાં નવું શું કર્યું?

આત્મા પોતે પૂર્ણાનંદની ખાણ છે, તેમાંથી જ મોક્ષ પ્રગટ થાય તેમ છે. બાકી, 'તારે તે તરે' એ વાત જૂઠી છે. 'તરે તે તારે' એ પણ નિમિત્તનું કથન છે. પાત્ર જીવ હોય અને પોતાના પુરુષાર્થથી તરે ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુ તેમાં નિમિત્ત કહેવાય.

પાત્ર જીવને તો એક જ અભિલાષા હોય કે મારે તો એક સત્ જોઈએ. શાશ્વત મોક્ષની જ મને વાંછા છે, બાકી, સંયોગો તો અસાર છે, વિકાર પણ અસાર છે, તે કાંઈ મારે જોઈતું નથી. જગતની આબરૂ, કીર્તિ મારે જોઈતી નથી. આમ જેને એકમાત્ર સતની જ વાંછા છે તેને કહે છે કે સત્પ્રાપ્તિનો ઉપાય પણ તારામાં જ છે.

ભાઈ! તું બહારની બધી અભિલાષા છોડી દે અને એક સત્....સત્....સત્... શાશ્વત સુખરૂપ પરથી તદ્દન મુક્ત અને સ્વથી પરિપૂર્ણ એવા મોક્ષની અભિલાષા કર!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનો ઉપાય જાણ અને તેમાં પ્રવર્તન કર! આવી અભિલાષા કરનારો અને તેનો ઉપાય શોધી તેમાં પ્રવર્તન કરનારો તું પોતે જ તારો ગુરુ છો.

શ્રોતા :—પારસમણિ તો લોઢાને સોનું બનાવી દે છે પણ પારસમણિ નહિ, પરંતુ આપ ગુરુ તો અમને ગુરુ બનાવી દ્યો છો.

પૂજ્ય ગુરુદેવ :—પારસમણિ પણ કાટવાળા લોઢાને સોનું બનાવતું નથી, સારું લોઢું હોય તો જ સોનું બને તેમ, પાત્ર જીવ હોય તે જ પોતાનો ગુરુ બની શકે છે, અપાત્ર જીવ પોતાનો ગુરુ બનતો નથી. માટે જીવની પોતાની પાત્રતા જોઈએ.

જાણપણું વિશેષ થાય કે ન થાય, બોલતા આવડે કે ન આવડે એ બધી વાત એક તરફ રાખીને અહીં તો એક જ જેને મોક્ષની ઇચ્છા છે અને મોક્ષનો ઉપાય શોધે છે અને તેમાં પ્રવર્તન કરે છે તેને જ ગુરુ કહ્યો છે.

મોક્ષ એટલે પરથી અને રાગથી રહિત પરમાનંદ સ્વરૂપ આત્માનો આનંદ. તેની જ જેને અભિલાષા છે તે મોક્ષના ઉપાયો જાણવાનો પ્રયત્ન કરે છે અને જાણીને પોતે પોતાને બતાવે છે કે સ્વરૂપમાં ઠરવું અને બહારથી ખસવું તે જ એક મોક્ષનો ઉપાય છે, આમ જાણી તેમાં જે પ્રવર્તન કરે છે તે પોતે જ પોતાનો ગુરુ છે અને જે નિશ્ચય ગુરુ પોતે થાય છે, તેને જ વ્યવહાર ગુરુનું બહુમાન, વિનય અને ભક્તિના ભાવ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવચન નં. ૩૮ ]

# ॐ સ્વતંત્રતાના ઢંઢેરા ॐ

[ તા. ૧૨-૫-૬૬ ]

આ શ્રી ઇષ્ટોપદેશની ૩૪ મી ગાથા ચાલે છે. આ ગાથામાં પૂજ્યપાદસ્વામી 'આત્માનો ગુરુ આત્મા પોતે જ છે' એમ સિદ્ધ કરે છે.

**स्वस्मिन्सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वतः ।**
**स्वयं हित [ तं ] प्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ॥ ३४ ॥**

નિજ હિત અભિલાષી સ્વયં, નિજ હિત નેતા આત્મ,
નિજ હિત પ્રેરક છે સ્વયં, આત્માનો ગુરુ આત્મ. ૩૪.

જીવને જ્યારે પોતાને જ સત્‌ની અભિલાષા જાગે છે ત્યારે તેને કોઈ રોકી શકતું નથી અને જ્યારે તેને સંસારની અભિલાષા હોય ત્યારે ગુરુ આદિ કોઈ તેને મોક્ષની અભિલાષા કરાવી શકતા નથી. માટે ખરેખર આત્માનો ગુરુ આત્મા પોતે છે.

સંસારના વૈભવ, આબરૂ, કીર્તિ, પુણ્ય આદિ કે જેમાં સુખ નથી છતાં અજ્ઞાની તેમાં સુખ માનીને અભિલાષા કરે છે તેને કોણ રોકી શકે? જ્યાં પોતાને જ અંતરથી સત્‌સુખની અભિલાષા ન જાગે ત્યાં સુધી ગુરુ તેને શું કરે!

સત્‌સુખની અભિલાષા એટલે આત્માના પૂર્ણ આનંદરૂપ મોક્ષની અભિલાષાની વાત છે. મોક્ષ એક જ સુખરૂપ છે. તે સિવાય ચાર ગતિ, આબરૂ, કીર્તિ આદિ બધું દુઃખરૂપ છે અને દુઃખનું કારણ છે. બધાં પરદ્રવ્ય અને રાગાદિથી છૂટો પડીને જીવ પોતાની પૂર્ણ આનંદદશા પ્રગટ કરે તે મોક્ષ છે. તે જ સત્‌સુખ છે. એવા સત્‌સુખની અભિલાષા કરનારો આત્મા પોતે છે માટે પોતાનો ગુરુ પોતે છે.

આ જીવે અસત્ સુખમાં-કલ્પનામાં અનંતકાળ ગાળ્યો પણ, તેમાં ધૂળેય સુખ નથી. સ્વર્ગમાં, આબરૂમાં, કીર્તિમાં, સ્ત્રી-પુત્રાદિમાં, પૈસામાં, અમલદારપણામાં, પરની મોટાઈમાં ક્યાંય સુખ નથી. સુખ તો એક મોક્ષમાં છે. આમ જાણતાં જેને બધાં અસત્ સુખોની અભિલાષા તૂટીને એક સત્‌સુખની અભિલાષા જાગી છે તે જીવ પોતે જ પોતાનો ગુરુ છે. આવી અભિલાષા જાગે છે ત્યારે તેને ઉપદેશ આપનારા ગુરુ નિમિત્ત કહેવાય છે પણ જેને અભિલાષા નથી, તેને ગુરુ લાખ ઉપદેશ આપે તોપણ શું? ગુરુ કાંઈ તેને સત્‌ની અભિલાષા કરાવી દેતાં નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને સંસારના અસત્ સુખો પ્રત્યે વૈરાગ્ય જાગ્યો છે અને નિરંતર એક જ ભાવના રહે છે કે 'હું મારું સત્ સુખ–મોક્ષસુખ કેમ પામું?' એવી ભાવનાવાળો પાત્ર જીવ આગળ ઉપાય શોધીને તેનું પ્રવર્તન કરે છે.

ત્યાગી થાય, સાધુ થાય, બ્રહ્મચારી થાય પણ જ્યાં ત્યાં ઝાંવાં નાખે કે મને મોટાઈ કેમ મળે! તો આ બધી સંસારના સુખની–મિથ્યાત્વની અભિલાષા છે. ગૃહસ્થી હોય તે વળી છોકરા મોટા થશે, પૈસા થશે પછી સુખ થશે એમ પરમાંથી સુખ લેવાની અભિલાષા કરે છે, તે બધા મૂઢ છે. તેને ગુરુ શી રીતે સમજાવે! બગલાને સમજાવી શકાય તો આવા અજ્ઞાની મૂઢને સમજાવી શકાય એમ આગળ દાખલો આવશે. પોપટને સમજાવી શકાય પણ બગલાંને સમજાવી શકાય નહિ.

જ્યારે આત્મા પોતે સ્વતઃસિદ્ધ સ્વતંત્ર એવા મોક્ષનો અભિલાષી થાય છે, ત્યારે તે મોક્ષનો ઉપાય શોધે છે અને તે શોધીને પોતે જ પોતાને મોક્ષનો ઉપાય બતાવવા-વાળો બની જાય છે. અરે આત્મા! બહારમાં ક્યાંય સુખ નથી. સુખ તો આત્મામાં જ છે. બહારમાં કોઈ સુખ આપનાર નથી.

આ જીવ અનંત તીર્થંકરના સમોસરણમાં જઈ આવ્યો, અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો પણ પોતાના અંતરના શલ્ય કાઢ્યાં નહિ, પરમાંથી મીઠાશની બુદ્ધિ છોડી નહિ અને સત્ સુખનો ઉપાય શોધ્યો નહિ તો તીર્થંકરાદિ તેને શું કરી શકે?

જીવ જ્યારે સ્વયં સત્ સુખનો અભિલાષી બને છે ત્યારે પોતે જ તેનો ઉપાય શોધે છે અને તે ઉપાયમાં પોતે જ પ્રવર્તન કરે છે. પોતે જ સ્વરૂપમાં સ્થિર થાય છે. તેને બીજું કોઈ પ્રવર્તન કરાવી દેતું નથી. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમનારો આત્મા પોતે છે.

મોક્ષાભિલાષી આત્મા પોતે પોતાને સમજાવે છે કે 'આ મોક્ષસુખનો ઉપાય મહા દુર્લભ છે, તેનો હે દુરાત્મન્! તેં આજ સુધી કાંઈ પ્રયત્ન ન કર્યો! ચૈતન્ય મહાસાગરને જોવાનો તને આજ સુધી સમય ન મળ્યો!'

જુઓ! આમાં કર્મનો દોષ ક્યાંય લીધો નથી કે કર્મે જીવને હેરાન કર્યો. પોતે જ કર્તા થઈ પરમાં સુખની અભિલાષા રાખી હતી અને તેનો ઉપાય કરતો હતો તેથી દુઃખી થતો હતો. હવે પોતે જ કર્તા થઈને આત્માના મોક્ષસુખની અભિલાષા કરે છે અને તેનો ઉપાય કરે છે તેથી સુખી થાય છે. અનાદિથી પોતાનું સ્વાધીનપણું છોડીને પોતે જ પરાધીન થતો હતો તેને કોઈએ પરાધીન કર્યો ન હતો. તો હવે સ્વાધીન પણ પોતાની મેળે જ થાય છે, તેને કોઈ સ્વાધીન બનાવતું નથી.

આઠ-આઠ વર્ષના રાજકુમારો દીક્ષા લેવા ચાલી નીકળે છે. અહા! શું તેમનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વૈરાગ્ય ! હજી તો પરણ્યા નથી, સંસારના સુખ જોયાં નથી પણ વૈરાગ્યનો પાર નથી. બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા તેને નડતી નથી, તે જાણે છે કે અમારો સ્વભાવ જ અમને અનુકૂળ છે અને અમારી ઊંધાઈ જ અમને પ્રતિકૂળ છે.

મોક્ષસુખ માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી—એમ કલ્યાણનો અભિલાષી પોતે પોતાને કલ્યાણનો ઉપાય બતાવે છે અને પોતે તેમાં પ્રવર્તન કરે છે માટે પોતાનો ગુરુ પોતે છે. નિજગુરુ નિજને સમજાવે છે કે અરે ભાઈ ! ચાર ગતિના દુઃખથી તારી કેડ હજુ ભાંગી નથી ! તને દુઃખ આકરું નથી લાગતું ! તારું સુખ તારામાં છે પણ તેં બહારમાં સુખ માટે ઝાંવા નાખ્યાં. હવે ત્યાંથી પાછો વળ અને સ્વભાવનું સુખ પ્રગટ કર ! આમ પોતે પોતાના હિતની પ્રેરણા કરે છે. માટે પોતે જ પોતાનો ગુરુ છે.

આમ સાંભળીને શિષ્ય પ્રશ્ન કરે છે કે મહારાજ ! આપે તો ગુરુના ઉપદેશનું શ્રવણ, ગુરુની સેવા, સત્સંગ આદિ, બધું ઉડાવી દીધું તો પછી કોઈ કોઈની સેવા નહિ કરે, ગુરુ પાસે જશે નહિ અને ગુરુની સેવા-સત્સંગ આદિ કરશે નહિ. આવું તમારાથી ન કહેવાય કેમ કે એમ માનવાથી તો બહુ ગડબડ ઊભી થશે. અપસિદ્ધાંત થઈ જશે. બધાં સ્વચ્છંદી થઈ જશે.

આવું બોલનાર શિષ્યને ગુરુ ગાથા દ્વારા ઉત્તર આપે છે.

**नाज्ञो विज्ञत्वमायाति विज्ञो नाज्ञत्वमृच्छति ।**
**निमित्तमात्रमन्यस्तु गतेर्धर्मास्तिकायवत् ॥ ३५ ॥**

મૂર્ખ ન જ્ઞાની થઈ શકે, જ્ઞાની મૂર્ખ ન થાય,
નિમિત્તમાત્ર સૌ અન્ય તો, ધર્મદ્રવ્યવત્ થાય. ૩૫.

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિને અયોગ્ય એવા અભવ્ય આદિ જીવોને ધર્માચાર્યાદિક હજાર ઉપદેશ આપે તોપણ તે તેને (ધર્મને) પ્રાપ્ત કરી શકતા નથી.

જેને અંતરમાં આત્મા સમજવાની દરકાર જ નથી, પાત્રતા નથી, પરથી જુદા પડવાનો વૈરાગ્ય નથી અને સ્વભાવની અસ્તિની રુચિ નથી તેને ગુરુ શું કરે ? જેના પેટમાં ઝેર હોય તેને દૂધ પીવડાવો તો ઝેર ઉતરે નહિ, દૂધ પણ ઝેર થઈ જાય તેમ જેને અંતરમાં પરની રુચિ પડી છે તેને ગુરુ આત્માની રુચિ કરાવી શકતા નથી.

કોઈ પણ કાર્યની ઉત્પત્તિ કરવા માટે સ્વાભાવિક ગુણની અપેક્ષા હોય છે, બીજાં કોઈ અનુકૂળ નિમિત્તો તે કાર્ય કરાવી શકતાં નથી. જેમ પોપટને પઢાવવાથી તે પઢે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેમ કે તેનામાં એવી યોગ્યતા છે પણ ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં બગલાંને કોઈ પઢાવી શકતું નથી કેમ કે તેનામાં એવો ગુણ નથી.

જેમ સ્વયં ગતિ કરતાં જીવ-પુદ્‌ગલને ધર્મદ્રવ્ય નિમિત્ત થાય છે તેમ સ્વયં પોતાની પાત્રતાથી જીવ સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે ગુરુને નિમિત્ત કહેવાય છે. કાર્ય તો પોતાના સ્વાભાવિક ગુણના પુરુષાર્થથી જ થાય છે, નિમિત્તથી નહિ.

આમ, પોતાની પાત્રતા વગર ગુરુના ઉપદેશથી ધર્મ પરિણમતો નથી એટલે કે અજ્ઞ-મૂર્ખને જ્ઞાન કરાવી શકાતું નથી અને જે તત્ત્વજ્ઞાની હોય તેને કોઈ અજ્ઞાની કરી શકતું નથી. કોઈ અજ્ઞાની એમ માને કે હું એવી વાત કરું કે જેથી જ્ઞાની પણ અજ્ઞાની થઈ જાય તો આ વાત ત્રણકાળમાં બની શકતી નથી કેમ કે પોતાના પુરુષાર્થથી જે વાત સમ્યક્-શ્રદ્ધામાં બેઠી હોય તેને કોઈ કરોડો ઉપાય વડે પણ ફેરવી શકતું નથી.

અહીં તો સ્વતંત્રતાના ઢંઢેરા પીટાય છે, ત્રણકાળમાં કોઈ જ્ઞાનીના જ્ઞાનને અજ્ઞાન કરી શકે નહિ અને અજ્ઞાનીને જ્ઞાની કરી શકે નહિ. પોતાની લાયકાતથી સમજે અને શ્રદ્ધા કરે તેને કોણ રોકી શકે અને પોતાની ઊંધાઈથી આડા પડે તેને પણ કોણ રોકી શકે ?

અહીં પદ્મનંદી પંચવિંશતિના શ્લોકનો આધાર આપ્યો છે કે એવો કોઈ મોટો વજ્રપાત થાય કે નિંદાના પ્રહાર પડે કે જેના ભયથી ગભરાયેલા લોકો માર્ગ છોડીને આમથી તેમ ભટકવા લાગે એવાં વજ્રપાતથી પણ અતુલ શાંતિ સંપન્ન યોગીગણ યોગથી (ધ્યાનથી) ચલાયમાન થતા નથી. આખી દુનિયા ડોલાયમાન થઈ જાય પણ મુનિરાજ પોતાની એકાગ્રતાથી ડગતા નથી માટે જ્ઞાનીને કોઈ અજ્ઞાની કરવા સમર્થ નથી.

આ ગાથામાં 'ગુરુથી જ્ઞાન થાય' એવા વ્યવહારનો પક્ષ ઢીલો પડી જાય છે એમ શિષ્યની આશંકા છે. પણ ખરેખર તો નિશ્ચય જેને પ્રગટ થાય તેને ગુરુના બહુમાન આદિનો ભાવ–વ્યવહાર આવ્યા વગર રહેતો નથી એ વાત આગળ કહેશે. નિશ્ચયની સાથે વચ્ચે વ્યવહાર આવે જ. સ્વયં ગતિ કરતાં જીવ–પુદ્‌ગલને ધર્માસ્તિકાયનું નિમિત્ત હોય જ, તેમ સ્વયં પુરુષાર્થ કરતા જીવને ગુરુનું નિમિત્ત હોય જ. અને એ પુરુષાર્થી જીવને ગુરુનું બહુમાન–વિનય આદિના ભાવ પણ હોય જ છે.

આ ૩૫મી ગાથા પણ બહુ ઊંચી છે. આ ગાથા ઉપરથી આપણે પહેલેથી કહીએ છીએ કે નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે. આચાર્ય પૂજ્યપાદસ્વામી આવો ઇષ્ટ ઉપદેશ કરે છે. આ જ ઇષ્ટ ઉપદેશ છે. નિમિત્તથી થાય અને નિમિત્ત ન હોય તો કાર્ય ન થાય એવો ઉપદેશ ઇષ્ટ નથી. એવું વસ્તુનું સ્વરૂપ જ નથી.

ચૈતન્યહીરો ચૈતન્યપ્રકાશથી ભરેલો છે તેના જ્ઞાનપ્રદીપથી એટલે જ્ઞાનદીવાના પ્રકાશથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોહરૂપી મિથ્યા અંધકારનો નાશ થઈ જાય છે. ગુરુના ઉપદેશથી, મંદકષાયથી કે કર્મો નષ્ટ થવાથી મિથ્યા અંધકાર નષ્ટ થતો નથી. એક જ્ઞાનસૂર્યથી મોહાંધકાર નષ્ટ થાય છે.

ભગવાન આત્મામાં તો જ્ઞાન અને આનંદનું રાજ છે. વીર્ય પોતાનો પ્રતાપ–બાદશાહી જાળવી રાખે છે, તે વીર્યના સામ્રાજ્યમાં બીજા કોનો પ્રવેશ હોય! જ્ઞાન, આનંદ, સુખ, વીર્યસ્વરૂપ પ્રભુ પોતે જ છે તેને બહાર શરીરાદિમાં સુખ શોધવા જવું પડે તેમ નથી છતાં ભ્રમણાથી જીવ 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' એમ મિથ્યા કલ્પના કરી રહ્યો છે. પણ જેણે જ્ઞાનપ્રદીપ વડે આવી મિથ્યા કલ્પનાનો નાશ કર્યો છે તેને તેની શ્રદ્ધાથી કોઈ ડગાવી શકતું નથી.

જેને અંદરથી શ્રદ્ધા, જ્ઞાન, આનંદનું જોર છે તેને બહારમાં અગ્નિની વર્ષા થાય કે વજ્રપાત થાય કે નિંદાના પ્રહાર થાય પણ તે પોતાના શ્રદ્ધા–જ્ઞાનથી ડગતા નથી અને જેને અંદરનું જોર નથી એવા અજ્ઞાની ભયભીત થઈને ભાગવા લાગે છે.

અહીં કોઈને શંકા થાય છે કે આમાં તો નિમિત્તોનું નિરાકરણ થઈ જાય છે એટલે નિમિત્ત વિના ચાલે નહિ અને નિમિત્ત હોય તો જ કાર્ય થાય એ વાતનું આમાં ખંડન થઈ જાય છે, તેના ઉત્તરમાં અહીં મુનિરાજ કહે છે કે પોતાના હિત–અહિતના કાર્યમાં ગુરુ તથા શત્રુ આદિ તો નિમિત્તમાત્ર છે. ચૈતન્ય પ્રભુ પોતે જ પોતાને શરણરૂપ છે, હિતરૂપ છે, ત્યાં ગુરુ શું હિત કરે? અને પોતે પોતાના અજ્ઞાનભાવથી વેરભાવ ઊભા કરે ત્યાં શત્રુ શું કરે? ગુરુ અને શત્રુ આદિ તો નિમિત્તમાત્ર છે.

પ્રકૃત કાર્યના ઉત્પાદમાં તથા વિધ્વંસમાં અન્ય દ્રવ્ય માત્ર નિમિત્ત છે. વાસ્તવમાં કોઈ કાર્ય થવામાં કે બગડવામાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક છે.

પંચાધ્યાયમાં એક શ્લોકમાં આવે છે કે દરેક દ્રવ્ય સ્વયં સત્ છે. સ્વયંથી બગડે છે અને સ્વયંથી સુધરે છે તેમાં તેને કોઈ ચીજની જરૂર નથી. ખોટા સંગથી બગડે અને સારા સંગથી સુધરે એ વ્યવહારનું કથન છે. ઘડો કુંભારથી બને છે અને ઘડાને સાચવીને ન રાખે તો તૂટે છે એ વાત ખોટી છે. પોતપોતાની યોગ્યતાથી જ સર્વ કાર્ય થાય છે. આ બધી દુનિયાની માન્યતાથી ઊંધી વાતો છે તે જેમ છે તેમ સમજવી પડશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૩૯ ]

# * નિમિત્તનું નિરાકરણ *

[ તા. ૧૩-૫-૬૬ ]

શ્રી ઇષ્ટોપદેશની ૩૫ મી ગાથા ચાલે છે.

કોઈપણ પદાર્થના કાર્યમાં—પર્યાયના પલટવાના કાળે પોતાની યોગ્યતા ન હોય તો બીજો કોઈ પદાર્થ તે કાર્ય કરી શકતું નથી. જીવના વિકારી કે અવિકારી કોઈપણ ભાવના કાર્યકાળે જીવની પોતાની સ્વાભાવિક યોગ્યતા ન હોય તો નિમિત્ત કાંઈ કાર્ય કરી શકતું નથી.

આ વાતને સિદ્ધ કરવા અભવ્ય જીવનું દ્રષ્ટાન્ત આપ્યું છે કે અભવ્ય જીવને ગમે તેટલું સમજાવો પણ તે સમજવાને લાયક જ નથી તો નિમિત્ત તેને શું કરે! અને ધર્મી જીવને કોઈ લાખો પ્રયત્ન વડે ધર્મથી ડગાવવા માગે તો ડગતા નથી માટે કહ્યું છે કે ખરેખર નિમિત્ત કાંઈ કરતું જ નથી પણ ઉપાદાનથી કાર્ય થાય ત્યારે જે હાજર હોય તેને નિમિત્ત કહેવાય છે.

અહીં શિષ્યને શંકા થાય છે કે તમે આમ કહો છો તો પછી બાહ્ય નિમિત્તનું તો આમાં નિરાકરણ થઈ જાય છે એટલે કે નિમિત્તનો કાંઈ પ્રભાવ રહેતો નથી. તેનું તો ખંડન થઈ જાય છે. તો પછી ગુરુથી જ્ઞાન થાય, શત્રુથી નુકશાન થાય એ વાત તો રહી જ નહિ. આમ શિષ્યને શંકા થતાં ગુરુ એમ કહે છે કે હા, એમ જ છે. ગુરુથી જ્ઞાન થતું હોય તો તો અભવ્યને પણ સમ્યક્ જ્ઞાન થવું જોઈએ અને નિમિત્તથી નુકશાન થતું હોય તો જ્ઞાનીને પણ અજ્ઞાની કરી શકાય. પણ એમ બનતું નથી.

ગુરુથી જ્ઞાન થતું નથી છતાં ગુરુની મહત્તા એટલી છે કે જ્યારે શિષ્યને પોતાના ઉપાદાનથી જ્ઞાન થાય છે ત્યારે તેને ગુરુનું બહુમાન આવ્યા વગર રહેતું નથી. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવ્યા વગર રહેતો નથી એવી જ વસ્તુસ્થિતિ છે, પણ વ્યવહાર હોય તો નિશ્ચય થાય એ સિદ્ધાન્ત વિરુદ્ધ આખી વાત છે.

જીવ કે અજીવ કોઈપણ પદાર્થના કાર્યનું ખરું કારણ એક જ છે. નિશ્ચય જ ખરું કારણ છે. વ્યવહાર તો આરોપિત કારણ છે.

નિમિત્ત પણ એક પદાર્થ છે પણ ઉપાદાનનું કાર્ય તેનાથી થતું નથી. કોઈપણ પદાર્થની કોઈ પણ પર્યાય પોતાના કાળે પોતાથી થાય છે તેમાં સંયોગો કાંઈ ફેરફાર કરતાં નથી. આચાર્યોએ સમય સમયની યોગ્યતાનું કેટલું વર્ણન કર્યું છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુરુએ જે કહ્યું તે બરાબર સમજીને શિષ્ય પ્રશ્ન કરે છે કે નિમિત્ત કાંઈ કરતું નથી તો પછી નિમિત્તનું તો ખંડન થઈ જાય છે. આ વિષયમાં ગુરુ જવાબ આપે છે કે કોઈપણ વસ્તુના પ્રકૃત કાર્યમાં એટલે થવા યોગ્ય કાર્યના ઉપાદાનમાં તથા વિધ્વંસનમાં બાહ્ય વસ્તુ નિમિત્તમાત્ર છે.

જીવ વિકાર કરે છે તે પોતાની લાયકાતથી જ કરે છે તેમાં કર્મ તો નિમિત્તમાત્ર છે. તેમ શરીરમાં ઓપરેશન આદિ ક્રિયા થાય છે તેની પર્યાય પોતાના કાળે પોતાથી થાય છે તેમાં છરી આદિ સાધન તો નિમિત્તમાત્ર છે, તેનાથી ઓપરેશનનું કાંઈ કાર્ય થતું નથી.

વસ્તુની સ્થિતિ જ એવી છે કે તેમાં બીજો કોઈ ફેરફાર કરી શકે જ નહિ. વસ્તુ દરેક સમયે પલટયા જ કરે છે તેને બીજું કોઈ પરિણમાવી શકતું નથી. આત્મા અને પરમાણુ આદિ બધા પદાર્થો સ્વતંત્ર દ્રવ્ય છે-વસ્તુ છે, દરેક સમયે પલટવાનો તેનો સ્વભાવ છે તેથી પલટે જ છે તેને બીજો કેમ પલટાવે?

આગળ દ્રષ્ટાંત આવી ગયું કે પોપટને પઢાવવાથી તે પઢશે પણ બગલાને પઢાવવાથી તે પઢતો નથી કેમ કે પોપટમાં એ જાતની યોગ્યતા છે જે બગલામાં નથી. જગતના સ્વતંત્ર દ્રવ્યો છે તેને બીજો કોણ પરિણમાવે?

વસ્તુ કાયમ ધ્રુવ રહીને તેમાં ઉત્પાદ-વ્યય થવો તે તેનો સ્વભાવ છે. તેથી ઉત્પાદ પણ પોતાથી થાય છે અને વ્યય પણ પોતાથી થાય છે. માટે અહીં કહ્યું છે કે વાસ્તવમાં કોઈ કાર્યના થવા કે બગડવામાં એટલે ઉત્પાદ-વ્યયમાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક થાય છે. જેમ એક સાથે ગતિરૂપ પરિણમન માટે તૈયાર થયેલાં જડ-ચેતનમાં ગતિ પેદા કરવાવાળી તે જડ-ચેતનની જ ગમન કરવાની શક્તિ છે.

વસ્તુમાં જે પર્યાય થવાની હોય તે તરફ જ વસ્તુની ઉન્મુખતા હોય, બીજી તરફ ન હોય. પોતાની યોગ્યતા પ્રમાણે જ કાર્ય થાય છે. ત્યારે સહકારી નિમિત્ત હોય છે પણ તે નિમિત્ત છે માટે કાર્ય થાય છે એમ નથી.

કોઈ એમ કહે છે કે તમે જ્યારે બીજાને સમજાવો છો ત્યારે બીજા સમજે એવો તમારો હેતુ હોય છે માટે, નિમિત્ત કાંઈ કરતું નથી એ વાત પણ ન રહી અને ક્રમબદ્ધ પણ ન રહ્યું. તેને કહીએ છીએ કે ભાઈ! વાણી વાણીના કાળે પરિણમે છે આત્મા તેને પરિણમાવતો નથી. વાણી એ તો અનંતા જડ રજકણોનો પિંડ છે તેને આત્મા શી રીતે પરિણમાવે? પુદ્‌ગલના પરમાણુ વાણીરૂપે પરિણમવા માટે ઉન્મુખ થાય છે તેને આત્મા રોકી શકતો નથી. આ તો ભાઈ! જેને પરના અભિમાનથી છૂટીને સ્વમાં સમાવું હોય તેને માટે વાત છે. હું સમજાવું માટે બીજા સમજે એ વાતમાં જરાય માલ નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"જે દ્રવ્યનો જે સમયે જે પર્યાયનો સ્વકાળ છે તે સમયે તે દ્રવ્ય તે પર્યાયની ઉન્મુખતાએ વર્તે છે." આમાં ઉપાદાન-નિશ્ચય અને ક્રમબદ્ધ ત્રણેય આવી જાય છે. ઉપાદાનની સાથે નિમિત્ત અને નિશ્ચયની સાથે વ્યવહાર હોય છે પણ તે કાંઈ કાર્ય કરતા નથી.

શ્રોતાઃ—ગુરુથી શિષ્ય સમજતો નથી તો પછી ગુરુનું માહાત્મ્ય શું ?—

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—ગુરુનું માહાત્મ્ય એમાં જ છે. સત્ સત્‌થી થાય એમ સ્વીકારે છે ત્યારે જ શિષ્યને ગુરુનું બહુમાન આવે છે તે વ્યવહાર છે. નિશ્ચયથી પોતાની મહિમા છે અને વ્યવહારથી ગુરુની મહિમા છે.

જીવ અને પુદ્‌ગલ સ્વયં ગતિ કરે છે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્ત થાય છે. જો ધર્મ-દ્રવ્ય ગતિ કરાવતું હોય તો તો આકાશને પણ ધર્મદ્રવ્ય ગતિ કરાવે પણ એમ કદી બનતું નથી. જીવ અને પુદ્‌ગલમાં ગતિ કરવાની શક્તિ છે માટે ગતિ કરે છે તેમાં ધર્મદ્રવ્યને હસ્તાવલંબ તુલ્ય દેખીને ગતિમાં સહાયક કહ્યું છે તેથી જીવ પુદ્‌ગલને ગતિના કાળે ધર્મદ્રવ્યને સહકારીકારણ કહ્યું છે, તેમ શિષ્ય પોતે સમજવા તરફ ઉન્મુખ છે ત્યારે સમજાવનાર ગુરુને સહકારીકારણ નિમિત્ત કહેવાય છે.

નિશ્ચયથી પોતાનો આત્મા જ પોતાનો ગુરુ છે પણ વ્યવહારથી ગુરુ નિમિત્ત છે માટે ગુરુની સેવા-સુશ્રુષા કરવી જોઈએ. શિષ્યના પોતાના મિથ્યાભાવનો પલટો થઈને ધર્મ પ્રગટ થાય છે, ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુ, ભગવાનની પ્રતિમા, સાધર્મી આદિ જે કોઈ નિમિત્ત હોય તેના પ્રત્યે શિષ્યને વિનય-ભક્તિ-સેવા આદિના ભાવ આવે છે.

લોકોને એમ થાય કે અમે પ્રત્યક્ષ જોઈએ છીએ કે અગ્નિ હોય તો જ પાણી ગરમ થાય છે. બરફ નાંખીએ ત્યારે જ પાણી ઠંડું થાય છે, બાઈ હોય તો જ રોટલી થાય છે, ગુરુ હોય તો જ જ્ઞાન થાય છે, અને આપ કહો છો કે નિમિત્તથી કાંઈ થતું નથી. પણ ભાઈ! તારી નિમિત્ત, આધીન દૃષ્ટિ છે એટલે તને એવું લાગે છે. ખરેખર તો દ્રવ્યના પોતાના ઉપાદાનના કાળે જ પર્યાય થાય છે અને વ્યયના કાળે વ્યય થાય છે ત્યારે અનુકૂળ નિમિત્ત હાજર હોય છે, તે ખાલી નિમિત્તમાત્ર જ છે, તે વસ્તુમાં કાંઈ ફેરફાર કરી શકતું નથી. આ એક નિયમ જો સમજાય તો જ્ઞાનમાં સ્વતંત્રતાના ઢંઢેરા પીટાઈ જાય.

હવે, આ શિષ્યને એ વાત તો બેસી ગઈ કે પરથી કાર્ય થતું નથી, મારું કાર્ય મારાથી થાય છે, તો હવે પ્રશ્ન થાય છે કે અમારે અભ્યાસ કેવી રીતે કરવો ? આત્માનું ધ્યાન કઈ રીતે કરવું ?

જે અભ્યાસ કરવાની પર્યાયનો કામી છે તેવા શિષ્યને આવા પ્રશ્નો ઊઠે છે કે મારે મારા પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થવા માટે અભ્યાસ શું કરવો ? તેનો ઉપાય શું છે? તેને માટે કાંઈ નિયમ ખરો કે નહિ? તેને માટે સ્થાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવું જોઈએ? વગેરે પ્રશ્નોનો ગાથા દ્વારા મુનિરાજ ઉત્તર આપે છે.

પહેલાં તો 'અભ્યાસ'ની વ્યાખ્યા આપી છે કે વારંવાર પ્રવૃત્તિ કરવી તેને અભ્યાસ કહેવાય છે. આ વ્યાખ્યા પ્રસિદ્ધ છે, તે અનુસાર વારંવાર આત્મા તરફનો અભ્યાસ કરવો તેને આત્માનો અભ્યાસ કહેવાય. બહારની લાખ વાત છોડીને એક જ વાત કે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું—એમ જ્ઞાયકનો અભ્યાસ જોઈએ.

**अभवच्चित्तविक्षेप एकांते तत्त्वसंस्थितः ।**
**अभ्यस्येदभियोगेन योगी तत्त्वं निजात्मनः ॥ ३६ ॥**

ક્ષોભરહિત એકાન્તમાં સ્વરૂપ સ્થિર થઈ ખાસ,
યોગી તજી પરમાદને કરે તું તત્ત્વાભ્યાસ. ૩૬.

પ્રથમ તો અભ્યાસ કરવાવાળાના ચિત્તમાં ક્ષોભ ન હોય. આ કરું....આ કરું....આ કર્યું....આ રહી ગયું એવો ક્ષોભ અભ્યાસીના ચિત્તમાં ન હોય. કેમ કે વિકલ્પની જાળનો ક્ષોભ હોય ત્યાં સુધી આત્માનો અભ્યાસ શી રીતે થાય! ન જ થાય.

જેની રાગાદિ ક્ષોભ રહિત શુદ્ધ ચિદાનંદ આત્મસ્વરૂપમાં સ્થિતિ છે એવા યોગી સાવધાનીપૂર્વક એકાંત સ્થાનમાં પોતાના આત્મસ્વરૂપનો અભ્યાસ કરે છે.

આ તો અંતરની વાતો છે ભાઈ! તેમાં બહુ સૂક્ષ્મ રીતે ભેદ પાડીને સમજાવ્યું છે. હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું, એમ જેણે નક્કી કર્યું છે અને ક્ષોભથી રહિત થયા છે અને સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે એવા યોગી સાવધાનીપૂર્વક એટલે ખંતથી ખ્યાલ કરતાં, એકાંત સ્થાનમાં આત્માનો અભ્યાસ કરે છે.

એકાંત સ્થાન એટલે બહારમાં કોલાહલ રહિત એકાંત અને અંતરમાં રાગાદિ વિકલ્પોના ક્ષોભ રહિત એકાંત સ્થાનમાં અભ્યાસ થઈ શકે છે.

જુઓ, અહીં ભગવાનનું સ્મરણ કરવું કે જાપ કરવો તે વાત લીધી નથી. અહીં તો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં ઠરવાનો પ્રયત્ન કરવો તે અભ્યાસ છે. આવા ઉપદેશને ઇષ્ટઉપદેશ કહેવાય કે જેમાં જીવનું હિત થાય છે.

મારે બીજું કાંઈ જોઈતું નથી, બીજું કાંઈ કરવું નથી, એક આત્માનો અનુભવ કરવો છે એવી જેની ભાવના છે તેની આ વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૪૦ ]

# 卐 ઉપાદાનની સ્વતંત્રતા 卐

[ તા. ૧૭-૫-૬૬ ]

અહીં આપણે શ્રી ઇષ્ટોપદેશની ૩૫ મી ગાથા ચાલે છે. તેમાં ઉપાદાનથી જ કાર્ય થાય છે, તે સમયે અન્ય દ્રવ્ય તો કેવળ નિમિત્તમાત્ર જ છે. એ વિષયની વાત ચાલે છે.

પૂજ્યપાદસ્વામી શિષ્યને દ્રષ્ટાંત આપીને સમજાવે છે કે જેનામાં ધર્મ પામવાની લાયકાત નથી એવા અજ્ઞાનીને લાખો તીર્થંકરોનો યોગ બને તોપણ તે સમજી શકતો નથી. જેમ બગલાને પોપટની જેમ પઢાવી શકાતો નથી કેમ કે તેનામાં એવી લાયકાત જ નથી. તેમ જેની પર્યાયમાં જે કાર્ય કરવાની લાયકાત ન હોય તેને લાખ તો શું પણ અનંત નિમિત્તો મળે તોપણ તે કાર્ય કરાવી શકતા નથી.

તે જ રીતે જે પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનમાં સ્થિત છે એવા જ્ઞાનીને લાખો પ્રતિકૂળતા પણ તેના જ્ઞાનથી ડગાવી શકતી નથી. આ ઉપરથી અહીં સિદ્ધ કરે છે કે કોઈ પણ પદાર્થના કાર્યમાં પરપદાર્થ અકિંચિત્કર છે.

ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે પણ ગતિરૂપ નહિ પરિણમતાં જીવ-પુદ્‌ગલને ધર્મદ્રવ્ય ગતિ કરાવી શકતું નથી.

આ ગાથા બહુ ઊંચી છે. લોકો પોકાર કરે છે કે નિમિત્ત ઉપાદાનમાં બળ આપે છે-મદદ કરે છે તેની સામે અમે પહેલેથી આ ગાથા મૂકીએ છીએ કે ઉપાદાનનાં કાર્યમાં અન્યપદાર્થ કેવળ નિમિત્તમાત્ર છે. તમે પોકાર કરો તો કરો પણ વસ્તુના સ્વરૂપમાં કાંઈ ફેરફાર થતો નથી.

આ સાંભળી શિષ્ય કહે છે કે મહારાજ! આપ તો નિમિત્તને ફોતરાંની માફક ઉડાડી દ્યો છો. જેમ દાણાને ઝાપટીને ફોતરાં કાઢી નાંખે છે તેમ આપ નિમિત્તને કાઢી નાખો છો.

શિષ્યની શંકાનું સમાધાન કરતાં આચાર્યદેવ કહે છે કે ખરેખર નિમિત્ત અકિંચિત્કર જ છે. કોઈ પણ કાર્યના ઉત્પાદનમાં કે વિધ્વંસનમાં ગુરુ, મિત્ર કે વૈરી તો કેવળ નિમિત્તમાત્ર જ છે. વાસ્તવમાં કોઈ કાર્યના ઉત્પાદનમાં કે નાશમાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક હોય છે. આ જગતની દરેક વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય માટે સામાન્ય સિદ્ધાંત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટીની યોગ્યતાથી જ ઘડો ઉત્પન્ન થાય છે, કુંભારથી નહિ. શું જડ કે ચેતન કોઈ પણ પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાની ઉત્પત્તિ વિનાના હોય છે? નથી જ હોતા. તો પોતાથી ઉત્પન્ન અવસ્થાને બીજો શું કરી શકે? તેમ વસ્તુની પોતાની પૂર્વ અવસ્થાનો વ્યય થાય છે તેમાં બીજો પદાર્થ શું કરી શકે? પોતાનું જ્ઞાન થવામાં, દર્શન થવામાં, આનંદ થવામાં, વીર્ય પ્રગટાવવામાં પોતાનો આત્મા પોતાથી કામ કરે છે, પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે.

દરેક દ્રવ્ય પોતપોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં રહે છે. કોઈ કોઈનો સ્પર્શ પણ કરતાં નથી, તો એક બીજાનું કાર્ય ક્યાંથી કરે? સમયસારની ત્રીજી ગાથામાં આ વાત લીધી છે કે જડ ચેતન દરેક પદાર્થ પોત પોતાના ગુણને ચૂંબે છે–સ્પર્શે છે પણ કોઈ પદાર્થ અન્ય પદાર્થને ચૂંબતો નથી, સ્પર્શતો નથી.

દરેક દ્રવ્યનું ઉત્પાદ–વ્યયનું કાર્ય પોતાના સામર્થ્યથી થાય છે. નિમિત્તના સામર્થ્યથી કાર્ય ત્રણકાળમાં કદી થતું નથી. અહા! આ સિદ્ધાંત સમજે તો જીવને કેટલી શાંતિ થઈ જાય કે મારા જ્ઞાન, આનંદ અને સુખનું કાર્ય મારાથી જ થાય છે, તેમાં સ્ત્રી, પુત્ર, પરિવાર, પૈસા, આબરૂ–કીર્તિ આદિ કાંઈ બગાડ–સુધાર કરી શકતાં નથી. મારા જ્ઞાન–આનંદના કાર્યમાં પરપદાર્થ બિલકુલ અકિંચિત્કર છે તેથી સ્ત્રી–કુટુંબ મળે, પૈસા મળે તો મને આનંદ થાય એ વાત જ નથી.

પ્રશ્નઃ—પરીક્ષામાં પાસ થાય ત્યારે આનંદ થાય છે તે પાસ થયો માટે થયો ને! ભાઈ! ત્યારે જે આનંદ થાય છે તે પોતાના આનંદગુણનું વિપરીત કાર્ય છે, તે પોતાના સામર્થ્યથી જ થયું છે.

જેને પોતાના સ્વભાવનો નિર્ણય થાય છે તેને મારો આનંદ મારાથી જ થાય છે–મારામાં જ આનંદરૂપે પરિણમવાની યોગ્યતા છે, કોઈ પરદ્રવ્ય મને આનંદ કરાવી દેતાં નથી એવો નિર્ણય થઈ જાય છે તેથી તેને આનંદ માટે અનંતા પરદ્રવ્ય ઉપરથી દૃષ્ટિ ઉડી જાય છે. એક સ્વભાવ ઉપર જ દૃષ્ટિ રહે છે.

જેમ પોતાનો આનંદ પ્રગટ કરવાનું પોતામાં સામર્થ્ય છે, તેમ પરદ્રવ્ય મને અનુકૂળ છે અને પરદ્રવ્ય મને પ્રતિકૂળ છે એવી મિથ્યાકલ્પના દ્વારા પોતાના આનંદને બગાડવાની એટલે દુઃખી થવાની યોગ્યતા પણ પોતામાં જ છે. કર્મ જીવને દુઃખી કરાવતું નથી.

આવા સ્વરૂપનો નિર્ણય ન કરે તો પોતાની વિપરીત માન્યતા રૂપ મિથ્યાદૃષ્ટિ જ પોતાને દુઃખી કરે છે–અનંત સંસારમાં રખડાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ, કોઈ પણ કાર્યમાં સુધાર કે બગાડમાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક છે. તો પ્રશ્ન થાય કે યોગ્યતા સાક્ષાત્ સાધક છે, તો પરંપરા સાધક કોઈ હશે ને? તો કહ્યું છે કે નિમિત્તને પરંપરા સાધક વ્યવહારનયથી કહેવાય છે. પણ વ્યવહારનો અર્થ જ એ છે કે ન હોય તેને કહે એટલે નિમિત્ત સાધક ન હોવા છતાં પરંપરા સાધક કહેવો તે વ્યવહાર છે.

એકસાથે ગતિરૂપ પરિણામની ઉન્મુખ થયેલાં અનેક પદાર્થ એટલે એક યા અનેક જીવ, તૈજસ શરીરના પરમાણુ, કાર્મણના પરમાણુ અને ઔદારિકના પરમાણુને ગતિ કરવામાં સાક્ષાત્ કારણ તે પદાર્થોની ગમનશક્તિ જ છે એટલે ગમન કરવા ઉન્મુખ થયેલી પર્યાય જ ગતિનું કારણ છે તેમાં ધર્મદ્રવ્ય તો કેવળ નિમિત્તમાત્ર છે.

જેની પર્યાયમાં જે સમયે જે કાર્ય થવાની યોગ્યતા હોય તે કાર્ય થાય છે તેમાં યથાર્થ કારણ પોતાની પર્યાયની યોગ્યતા છે અને આરોપિત કારણ નિમિત્ત છે.

બે પરમાણુમાં એક પરમાણુની પર્યાય કાળી હોય અને એકની પર્યાય લીલી હોય તો તેનું કારણ શું? દ્રવ્ય-ગુણ તો બંનેના સમાન છે, છતાં પર્યાય જુદી જુદી છે માટે નક્કી થાય છે કે પર્યાયનું કારણ ત્રિકાળી દ્રવ્ય નથી, પર્યાય પોતાની વર્તમાન યોગ્યતા મુજબ થાય છે-એવી સ્વતંત્રદૃષ્ટિ જ્યારે થાય ત્યારે મારો આત્મા ત્રિકાળ આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં પર્યાયમાં આનંદ પ્રગટ થાય તે સ્વતંત્રતાનું ફળ છે.

આ કોઈ વાતો કરવાની વાત નથી. એક એક સિદ્ધાંતમાંથી વીતરાગતા કાઢે તો પોતાને લાભ થાય. મારું દ્રવ્ય સ્વતંત્ર છે, એવા નિર્ણયપૂર્વક સ્વસન્મુખતાનો પુરુષાર્થ કામ કરે છે ત્યાં આનંદના અનુભવનો લાભ થાય છે તે સ્વતંત્રતાના કાર્યનો લાભ છે. આ સ્વતંત્રતા નક્કી થતાં, મને પંચમકાળ અટકાવે છે કે કર્મ અટકાવે છે કે પૂર્વના ઉલટા સંસ્કાર મારા કાર્યને અટકાવે છે એવી કોઈ વાત રહેતી નથી.

ભગવાન આત્મા પોતાના સામર્થ્યથી નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરવા તૈયાર થાય છે ત્યાં રાગ, વ્યવહાર કે સંયોગ તેને રોકી શકતાં નથી. આત્મા પોતે જ પોતાના સ્વભાવની દૃષ્ટિપૂર્વક આનંદની સન્મુખતાથી પોતાનું કાર્ય પર્યાયમાં પ્રગટ કરે છે, તેમાં વ્યવહાર દયા-દાનાદિના વિકલ્પ શું મદદ કરે? વ્યવહાર નિશ્ચયમાં શું કરી શકે? માટે મંદકષાયથી શાંતિ થાય એ વાત તદ્દન જૂઠી છે.

હું અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા છું. એવી દૃષ્ટિ થતાં શરીરમાં, વિષયમાં, પુણ્યપરિણામમાં કે મંદકષાયમાં આનંદ છે એવી બુદ્ધિ છૂટી જાય છે.

ઉપાદાનનું કાર્ય ઉપાદાનથી જ થાય છે. નિમિત્ત તેમાં કાંઈ ફેરફાર કરી શકતું નથી અજ્ઞાનીને કોઈ જ્ઞાની બનાવી શકતું નથી અને જ્ઞાનીને કોઈ અજ્ઞાની બનાવી શકતું નથી. ત્રણકાળ ત્રણલોકમાં દરેક પદાર્થ પોતાની પર્યાયમાં પરિણમી રહ્યો છે તેમાં બીજો કોઈ પદાર્થ મદદ કરી શકતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ હોવા છતાં, નિશ્ચય પ્રગટ થાય છે તેને વ્યવહાર આવ્યા વગર રહેતો નથી એટલે પોતાને ધર્મ પ્રગટ થવામાં જે નિમિત્ત હોય એવા ગુરુ આદિના બહુમાન, સેવા આદિના ભાવ આવ્યા વગર રહેતા નથી. માટે વ્યવહારથી ગુરુની સેવા કરવી જોઈએ.

હવે શિષ્ય કહે છે કે મહારાજ! નિમિત્તને ઉડાવીને આપે તો બધી જવાબદારી અમારી ઉપર નાંખી દીધી તો હવે અમારે ધર્મ પ્રગટ કરવા માટે અભ્યાસ કેવી રીતે કરવો એ તો કહો!

શિષ્યના પ્રશ્નના જવાબમાં ગુરુ કહે છે કે પોતાના સ્વરૂપનો વારંવાર વિચાર કરવો કે મારો ભગવાન આત્મા શરીરથી ભિન્ન છે, રાગાદિ વિકલ્પથી ભિન્ન છે અને એક સમયની પ્રગટ પર્યાય જેવડો પણ મારો આત્મા નથી.

આત્માના જિજ્ઞાસુએ અભ્યાસ કરવો જોઈએ એ વાત તો પ્રસિદ્ધ જ છે. હવે તે અભ્યાસ માટે સ્થાન કેવું જોઈએ, નિયમાદિ કેવા હોય તેના ઉપદેશ સાથે અનુભવનું પણ વર્ણન કરે છે.

હવે ૩૬મી ગાથામાં કહે છે કે :—

પ્રથમ જેના ચિત્તમાં ક્ષોભ હોય તે આત્માનો અભ્યાસ કરી શકતો નથી. હું આમ કરું ને તેમ કરું એવા વિકલ્પરૂપ ક્ષોભને, હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવી દઢતા વડે દૂર કરવો. એ પહેલો ઉપાય છે.

મારો આત્મા અખંડ આનંદસ્વરૂપ ચૈતન્યસૂર્ય છે એવી આત્મામાં દષ્ટિ સ્થિર થઈ જવી જોઈએ. દષ્ટિમાં આત્માનો સ્વીકાર હોવો જોઈએ. જેને હજુ સ્ત્રીમાંથી સુખ મળશે, ધનમાંથી સુખ મળશે, લાડવામાંથી સુખ મળશે એવી દષ્ટિ હોય તેની દષ્ટિ આત્મામાં સ્થિર થતી નથી. પરપદાર્થની અનુકૂળતામાં જેને ઠીક લાગે છે અને પ્રતિકૂળતામાં દુઃખ લાગે છે તેને સ્વભાવમાં જ આનંદ છે એવી બુદ્ધિનો અભાવ છે.

શરીર નિરોગ હોય તો મને સુખ થાય એવી માન્યતા તે ચિત્તનો ક્ષોભ છે. બુદ્ધિનો વિપર્યાસ છે. સાધુ થઈને પણ જે મને બહારની બધી અનુકૂળતા હોય, શિષ્યો સારા હોય, ઉનાળામાં ઠંડી હવા મળે તો મારું ધ્યાન જામે એવી બુદ્ધિ રાખે છે તેની દષ્ટિ વિપરીત છે, તે આત્માનો અભ્યાસ કરી શકતા નથી.

અહીં તો જેના ચિત્તમાં ક્ષોભ ન હોય અને દષ્ટિમાં વિપરીતતા ન હોય એવા જીવો જ પોતાના સ્વભાવને સાધી શકે છે એ વાત લીધી છે.

આત્માના સ્વરૂપના અભ્યાસ માટે સ્થાન એકાંત હોય છે, બહારથી કોલાહલ રહિત એકાંતસ્થાન અને અંતરમાં વિકલ્પના કોલાહલથી રહિત એકાંત સ્થાનમાં યોગીઓ સાવધાનીપૂર્વક આત્માના સ્વરૂપનો અભ્યાસ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં લૌકિક અભ્યાસ કે શાસ્ત્ર-અભ્યાસની વાત નથી. ભગવાન આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે, તેના અભ્યાસની વાત છે કે જે અભ્યાસના ફળમાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

પહેલાં દ્રઢ વિશ્વાસ હોવો જોઈએ કે હું જ કેવળજ્ઞાનનો કંદ છું અને હું મારા સ્વરૂપમાં એકાગ્રતાના અભ્યાસ વડે તે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકું છું. તેમાં મને આખી દુનિયામાં કોઈ ડખલ પણ કરી શકતું નથી અને મદદ પણ કરી શકતું નથી.

જુઓ! પોતાના આત્માના સ્વરૂપનો અભ્યાસ કરવાનું કહ્યું છે. અરિહંત, સિદ્ધના સ્વરૂપની વાત નથી કરી. મનુષ્યદેહમાં કરવાનું કાર્ય આ એક જ છે—પોતાના સ્વરૂપનો અભ્યાસ કરવો. દુનિયાને આ તત્ત્વ સમજાવવાનો અભ્યાસ પહેલાં કરી લઉં એ વાત નથી. પોતાનો અભ્યાસ કરવો તે જ મૂળ કાર્ય છે.

દુનિયા આ માને કે ન માને, જાણે કે ન જાણે, તેની સાથે મારે કાંઈ સંબંધ નથી. એવી દ્રષ્ટિ હોવી જોઈએ.

ભગવાન! તારી ચીજ તો તારી પાસે છે ને પ્રભુ? તારે તો સ્વભાવ તરફ દ્રષ્ટિ કરવાની છે. ભગવાન કહે છે કે મારી સન્મુખ દ્રષ્ટિ કરવાથી તને તારા સ્વભાવની સન્મુખતા નહિ થાય.

જેના ચિત્તમાં વિક્ષેપ નથી અને રાગાદિ વિકલ્પ નથી તથા હેય-ઉપાદેય તત્ત્વોનું જેવું સ્વરૂપ ગુરુએ બતાવ્યું છે તેમાં જેની બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ છે એવા યોગી આત્માનો અભ્યાસ કરી શકે છે.

શિષ્ય હેય-ઉપાદેય તત્ત્વોના બે ભાગ પાડી દે છે કે રાગ, નિમિત્ત આદિ બધાં પરપદાર્થ મારા આતમરામથી ભિન્ન છે માટે હેય છે-ઉપેક્ષણીય છે, લક્ષ કરવા યોગ્ય નથી અને મારા ચિદાનંદસ્વરૂપમાં લક્ષ કરવું તે ઉપાદેય છે, આદરણીય છે એવી દ્રષ્ટિ શિષ્યે નિશ્ચલ કરી છે. ગુરુએ હેય-ઉપાદેય તત્ત્વોનું સ્વરૂપ બતાવ્યું, તેનો શિષ્યે બરાબર ભાવ પકડી લીધો છે. તેથી તેને નિમિત્ત કે રાગ મને કાંઈક મદદ કરશે એવી શંકા થતી નથી.

એક સમયમાં ધ્રુવ ચિદ્દ્ઘન પરમસ્વરૂપ નિજ પરમાત્મા જ સાધ્ય છે—સાધવા યોગ્ય છે-ધ્યાનમાં લેવા યોગ્ય ધ્યેય છે એવા સાધ્યમાં જે યોગી કાયોત્સર્ગ આદિ દ્વારા લીન થયા છે તે ખરેખર સાચો અભ્યાસ કરી રહ્યા છે. દરેકે ચિત્તને સ્થિર કરીને, સ્વભાવની દ્રષ્ટિપૂર્વક આવું ધ્યાન કરવું તે જ કર્તવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[પ્રવચન નં. ૪૧]

# સુલભ પ્રાપ્ત વિષયોમાં પણ ધર્મીનું નિર્મમત્વ

[તા. ૧૮-૫-૬૬]

આ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર છે. તેમાં આત્માને હિતકારી ઉપદેશ શું છે તેની વાત ચાલે છે.

આ દેહમાં બિરાજમાન ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને આ દેહ, વાણી, મન આદિ બધું જડ છે. કર્મ પણ જડ છે અને પુણ્ય-પાપના ભાવ તે વિકાર છે-દુઃખરૂપ છે. આ વિકારીભાવો અને જડપદાર્થોમાંથી જેની રુચિ ઊડી ગઈ છે અને આત્માની રુચિ જાગી છે તેને અંતર્સ્વભાવભાવમાં એકાગ્ર થવાની ભાવના થાય છે. તે એકાગ્રતા કેવી રીતે કરે છે તેની વાત આ ગાથામાં લીધી છે.

અહીં તો બધી ઊંચી ઊંચી પહેલાં નંબરની વાતો છે.

પ્રથમ તો આત્માની ઓળખાણ થતાં 'હું આનંદસ્વરૂપ છે' એમ આત્માની રુચિ, પ્રીતિ અને વિશ્વાસ આવે છે ત્યાં પુણ્ય-પાપ વિકારીભાવ અને જડ સામગ્રીમાં મારું સુખ ત્રણકાળમાં કદી નથી એમ નક્કી થઈ જાય છે, તેથી આત્માની રુચિ અનુસાર વીર્ય આત્મા તરફ કામ કરે છે.

પ્રથમ ધર્મદૃષ્ટિ પ્રગટ થતાં, 'હું જ મારો આધાર છું, હું જ મારું શરણ છું અને હું જ ઉત્તમ પદાર્થ છું' એમ નક્કી થઈ જાય છે. આવી ધર્મદૃષ્ટિ વગરનું બધું થોથાં છે. ક્રિયાકાંડ, દયા, દાન-ભક્તિમાં હિત છે એમ માનનારા, આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપ છે અને તેમાં જ મારું હિત છે—એમ માની શકતા નથી.

ધર્મી જીવને આત્મામાં જ સુખ છે એવી દૃઢ શ્રદ્ધાને લીધે અંતર્ એકાગ્રતા કરવામાં કોઈ જાતનો મનમાં વિક્ષેપ થતો નથી કે પરપદાર્થ કે રાગમાં સુખ હશે તો !

હેય-ઉપાદેય તત્ત્વોમાં પણ ધર્મીની બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ હોય છે. સર્વજ્ઞ ભગવંતો આચાર્યો અને આગમનો આ ઉપદેશ છે કે હે જીવ ! તારા આત્મામાં જ તારું સુખ છે માટે તેને ઉપાદેય કર ! આદર કર ! અને રાગાદિ દુઃખરૂપ તત્ત્વ છે માટે તે હેય કર ! ભગવાનના આવા ઉપદેશને સ્વીકારીને આત્માની રુચિ અને દૃષ્ટિ કરે ત્યારે જ ભગવાનનું શરણ લીધું કહેવાય.

જેમ અજ્ઞાનીને અનાદિથી શરીર અને રાગાદિમાં મારાપણાની રઢ લાગી છે-રટણ લાગ્યું છે તેમ ધર્મીને અતીન્દ્રિય આનંદસ્વરૂપ નિજ આત્મા તે જ હું એવી રઢ લાગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેથી એક આત્મા જ ઉપાદેય અને રાગાદિ સર્વ હેય છે એમ તેની બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ છે.

ધર્મી જીવ કાર્યોત્સર્ગમાં લીન થાય છે એટલે કાયા કહેતાં શરીર, વાણી, મન તથા પુણ્ય-પાપભાવ, તેનાથી રહિત નિજાનંદ સ્વરૂપ આત્મામાં એકાકાર થાય છે તેમાં આત્મા જેવો છે તેવો અંતરમાં વ્યવસ્થિત થઈ જાય છે.

આ તો સમ્યગ્દષ્ટિની ક્રિયા કેવી હોય તેની વાત ચાલે છે. ઇષ્ટોપદેશમાં ગાથા તો માત્ર એકાવન જ છે પણ જૈન પરમેશ્વર વીતરાગદેવે કહેલી વાણીનું માખણ આમાં ભરી દીધું છે. આવો હિતકારી ઉપદેશ પૂજ્યપાદસ્વામીએ આપ્યો છે માટે શાસ્ત્રનું નામ 'ઇષ્ટોપદેશ' છે અને તેવો ભાવ પ્રગટ કરવો તે હિતકારી-ઇષ્ટભાવ છે.

પોતાના ભગવાન આત્મામાં જ જેણે યોગ જોડ્યો છે-વીર્ય લગાવ્યું છે તે ભલે ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ તેને રાગાદિ વિકલ્પ સુહાવતા નથી-રુચતા નથી.

યોગી કેવા સ્થાનમાં ધ્યાન કરે છે? કે એકાંતસ્થાનમાં. જેમ કોઈને પાંચ-પચીસ લાખનું નિધાન મળ્યું હોય તો કોઈને કહેતો નથી પણ એકાંતસ્થાનમાં પોતે ભોગવે છે તેમ સમ્યગ્દષ્ટિ યોગી એકાંતસ્થાનમાં આત્મનિધાનનો ભોગવટો કરે છે. બહારથી કોલાહલની પ્રતિકૂળતા રહિત અને અંતરમાં રાગના કોલાહલ રહિત એકાંતસ્થાનમાં સમ્યગ્દષ્ટિ ધ્યાન કરે છે. પર્વતોની ગુફા આદિ એકાંતસ્થાનમાં આળસ અને નિદ્રારહિત થઈને યોગી પોતાને પ્રિય એવા આત્મામાં લીન થાય છે.

ધર્મ તો તેને કહેવાય કે જેમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય. ધર્મ લૂખો ન હોય. શુભ વિકલ્પ એ કોઈ ધર્મ નથી, તેમાં આનંદ નથી, દુઃખ છે.

ત્રણલોકના નાથ સર્વજ્ઞ ભગવાન કહે છે કે ભાઈ! તારા નિધાનમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય વીર્ય, પ્રભુતા આદિ અનંત ગુણરત્નોના નિધાન ભર્યા છે તેને રુચિમાં લે અને તેમાં એકાગ્ર થઈને તેને ભોગવ! અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત થા!

લગ્નમાં ગોર કહે છે ને 'સમય વર્તે સાવધાન' તેમ અહીં સમય એટલે આત્મામાં સાવધાન થઈને વર્તે તો તને અતીન્દ્રિય મહા-આનંદનો લાભ પ્રાપ્ત થાય. એમ ભગવાન કહે છે.

આ તો બધાને સમજાય એવી વાત છે. એમ ન સમજવું કે હું બાળક છું કે વૃદ્ધ છું માટે ન સમજાય. બાળક કે વૃદ્ધ આત્મા નથી. આત્મા તો ત્રિકાળ સમજનાર તત્ત્વ છે. તે અત્યારે નહિ સમજે તો આવો મનુષ્યભવનો સમજવાનો અવસર પછી કયાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મળશે ? આ ઉત્તમ ભવમાં સત્ય વાત સમજવામાં ન આવી અને દૃષ્ટિમાં ન આવી તો શું કામનું ? પાંચ-પચાસ લાખ રૂપિયા મળ્યા એ તો પૂર્વના પુણ્યને લીધે આવ્યા અને પુણ્ય ખરી ગયાં, તેમાં તને શું મળ્યું ભાઈ! તેં તો કમાવાનો ભાવ કરીને પાપ બાંધ્યું ! કદાચ દયા-દાન-ભક્તિ કરીને પુણ્ય બાંધ્યું તોપણ તેમાં તારો ધર્મ ક્યાં આવ્યો ? પુણ્ય-પાપના વિકલ્પથી પાર નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વનો અનુભવ કરવો તે તારો ધર્મ છે—સંવિત્તિ છે.

હવે શિષ્યને પ્રશ્ન થાય છે કે જેને દેહ, વાણી, મન અને રાગાદિની રુચિ છૂટીને પોતાના ચૈતન્યસ્વભાવની રુચિપૂર્વક અનુભવ થાય એવા યોગીને કેવી રીતે ખબર પડે કે મને અનુભવ થયો છે? શાંતિ પ્રગટ થઈ છે? અને હર ક્ષણે તે અનુભવમાં ઉન્નતિ થઈ રહી છે તે પણ કેવી રીતે ખબર પડે? શુદ્ધાત્માનો અનુભવ થયો છે અને તેમાં વૃદ્ધિ થઈ રહી છે તે જાણવા માટે લક્ષણ શું છે? મને પરભાવનું વેદન છૂટી ગયું અને આત્મસંવિત્તિનું વેદન થાય છે એ જાણવાનું લક્ષણ શું છે?

શિષ્યનો પ્રશ્ન સાંભળી આચાર્ય કહે છે હે બુદ્ધિમાન! તારો પ્રશ્ન બરાબર છે, સાંભળ! હું તને એ જાણવાનું લક્ષણ કહું છું. જેમ વેપારમાં ધન મળે અને તેની વૃદ્ધિ થાય છે તેની ખબર પડે છે ને? તેમ આ ધર્મના વ્યાપારમાં પણ આનંદનો અનુભવ થાય છે અને વૃદ્ધિ થાય છે તે તેના લક્ષણ ઉપરથી જણાઈ જાય છે.

**यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ।**
**तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि ॥ ३७ ॥**

જયમ જયમ સંવેદન વિષે આવે ઉત્તમ તત્ત્વ,
સુલભ મળે વિષયો છતાં, જરીયે કરે ન મમત્વ. ૩૭.

આ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલી ધર્મની રીત છે. અનાદિથી જીવ જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો ત્યાં સુધી તો તે પુણ્ય-પાપ, દયા-દાન આદિ રાગનો અનુભવ કરતો હતો પણ જ્યારે તે જીવ નિજ ઉત્તમ તત્ત્વ શુદ્ધ આનંદકંદનો અનુભવ કરવા લાગે છે તો જેમ જેમ અનુભવ વધતો જાય છે તેમ તેમ તે યોગીને સહેલાઈથી પ્રાપ્ત થતાં વિષયો પણ રુચતા નથી.

યોગી કોને કહેવાય? કે જે પરમાત્માએ બતાવેલા નિજ શુદ્ધાત્મામાં એકાકાર થાય છે તે 'યોગી' છે, બાકી બધા ભોગી છે. ઘણાં અજ્ઞાની બહારથી યોગી દેખાતાં હોય પણ અંતરથી ભોગી હોય છે અને સમ્યગ્દૃષ્ટિ બહારથી ભોગી દેખાતા હોય તોપણ અંતરમાં આત્મામાં એકાકાર થાય છે માટે તે યોગી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગીને પોતાના અતીન્દ્રિય આનંદની પાસે ભોગની ઇચ્છા રોગ સમાન લાગે છે. તેને અન્યાયથી લાવેલી વસ્તુ કે છળ–કપટથી કે બળાત્કારથી લાવેલી સ્ત્રી આદિનો ભોગ તો હોતો જ નથી પણ પૂર્વ પુણ્યથી સહેલાઈથી મળેલાં સ્ત્રી, પુત્ર, ધન આદિનો ભોગ પણ રોગ જેવો લાગે છે. અતીન્દ્રિય આનંદના ભોગવટા પાસે તેને બીજું કાંઈ રુચતું નથી. જેમ રોગી રોગને ઇચ્છતો નથી અને દવાને પણ ઇચ્છતો નથી તેમ ધર્મી પાંચ ઇન્દ્રિયના વિષયોના ભોગનો રાગ આવે છે તેને રોગ માને છે અને તે રોગના ઇલાજરૂપ ક્રિયાને–ભોગને પણ તે હેય માને છે, ઇચ્છતો નથી.

જેણે દૂધપાકનો સ્વાદ ચાખ્યો છે તેને લાલ જુવારના ફોતરાંના રોટલા ભાવતા નથી તેમ ધર્મી ચક્રવર્તી હોય તોપણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કર્યો છે તેથી તેને છ ખંડના રાજનો ભોગવટો પણ રુચતો નથી.

પ્રવચનસારમાં દાખલો આવે છે કે માછલીને જમીન ઉપર આવવું પણ દુઃખરૂપ લાગે છે તો અગ્નિમાં જવું કેટલું દુઃખરૂપ લાગે? તેમ જેને હું આનંદમૂર્તિ છું એવું ભાન અને વેદન છે તેવા ધર્મીને શુભભાવમાં આવવું દુઃખરૂપ લાગે છે અને વિષય–વાસનામાં આવવું એ તો અગ્નિના અંગારામાં જવા જેવું દુઃખરૂપ લાગે છે. આ ધર્મીનું લક્ષણ છે. બહારથી સ્ત્રી–પુત્રાદિને છોડીને જંગલમાં રહે તે ધર્મી એવું ધર્મીનું લક્ષણ નથી. સ્વભાવના અનુભવ પાસે જેને પરભાવનો અનુભવ દુઃખરૂપ લાગે છે–લૂખો લાગે છે એ ધર્મીનું લક્ષણ છે. તેના ઉપરથી ધર્મી ઓળખાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૪૨ ]

# ભગવાનમાં રાગ નથી, રાગમાં ભગવાન નથી

[ તા. ૧૯-૫-૬૬ ]

શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્રની આ ૩૭મી ગાથા ચાલે છે.

જેને સર્વ પરપદાર્થથી ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા અનંત ગુણસંપન્ન પોતાના આત્માની દૃષ્ટિ અને અનુભવ થયો છે તે પોતાનું કાર્ય પોતાના અનંત ગુણોથી થાય છે એમ જાણે છે તેથી કોઈ પર પદાર્થ મારું કાર્ય કરે છે એવું તે માનતો નથી.

અજ્ઞાની એમ માને છે કે મને જે રાગ થાય છે તે પર નિમિત્તથી થાય છે અને મારા નિમિત્તથી પરનું કાર્ય થાય છે એવી જેને પરાશ્રયદૃષ્ટિ છે તેને આત્મા સ્વતંત્ર છે અને પોતાના અનંત ગુણોથી તેનું કાર્ય થાય છે એ વાત તેની રુચિમાં આવતી નથી. પણ જેણે અંતર અનુભવ દ્વારા આત્માની પ્રતીતિ કરી છે તેને દૃઢ શ્રદ્ધા છે કે હું અનંત જ્ઞાન, આનંદ, સુખ, શાંતિ આદિ અનંત ગુણોનો ભંડાર છું અને મારું આનંદ આદિનું કાર્ય મારાથી જ થાય છે—આમ જાણતા હોવાથી જ્ઞાનીને પરમાં કદી સુખબુદ્ધિ થતી નથી અને પર પાસેથી કાર્ય કરાવવાની પરાધીન દૃષ્ટિ થતી નથી.

આમ ધર્મીને-યોગીને સંપત્તિમાં અર્થાત્ સ્વાનુભવરૂપ સંવેદનમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ ઝલકે છે. શ્રદ્ધામાં આત્મા ઝલકે છે, જ્ઞાનમાં આત્મા ઝલકે છે અને સ્થિરતામાં આત્મા કેવો શાંતિમય છે તેની ઝલક આવી જાય છે. ધર્મી જ તેને કહેવાય કે જેણે પોતાના શુદ્ધ સ્વભાવરૂપ ધર્મના ધારક આત્માને શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતામાં અનુભવ્યો છે.

જ્યાં સુધી પોતાની વસ્તુનું સ્વરૂપ પ્રતીતિમાં અને વિશ્વાસમાં ન હતું ત્યાં સુધી તો મારું જ્ઞાન ઇન્દ્રિયોથી થાય છે, મારું સુખ અને આનંદ પરમાં છે અને મારા વીર્યની સ્ફુરણા પણ પરથી થાય છે એવી પરાશ્રિત દૃષ્ટિ હતી. હવે તે દૃષ્ટિ પલટાઈ જતાં હું પુણ્ય-પાપ સ્વરૂપ છું અને મારે પરનો આધાર છે, મારો વિકાસ પરને આધીન છે અને પર મારે આધીન છે એવી મિથ્યાબુદ્ધિનો નાશ થયો અને આત્મા અશુદ્ધરૂપે ભાસતો હતો તે હવે શુદ્ધરૂપે ભાસે છે—ઝલકે છે. હવે તે જ્ઞાતા-દૃષ્ટા થયો છે તેથી તેને મારું કાર્ય પર કરે અને હું પરનું કાર્ય કરું એવી મિથ્યાબુદ્ધિ થતી નથી.

ધર્મીને જેમ જેમ શુદ્ધાત્મસ્વરૂપ પોતાના શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવમાં ઝલકે છે તેમ તેમ વિના પ્રયત્ને-સહજ પ્રાપ્ત થયેલાં રમણીક ઇન્દ્રિયવિષયો પણ મારા ભોગ્ય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એવી બુદ્ધિ થતી નથી. શુદ્ધ જ્ઞાયક જેની દૃષ્ટિમાં આવ્યો તેને કોઈ પરપદાર્થ પોતાને ભોગવવા યોગ્ય ભાસતાં નથી. શરીર, સ્ત્રી, કુટુંબ, દેવલોક, ઇન્દ્રાણી, મકાન, ઘરેણાં, કપડાં આદિ મારે ભોગ્ય છે એવી બુદ્ધિ ધર્મીને થતી નથી. કેમ કે તેને પોતાનો આત્મા ભોગ્ય થઈ ગયો છે.

પરપદાર્થ તો ધર્મીને ભોગ્ય લાગતાં નથી પણ પુણ્ય, પુણ્યના ફળ અને વર્તમાન શુભ વિકલ્પ પણ તેને પોતાના ભોગ્ય લાગતાં નથી. તેને તો પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા આદિ ગુણો જ ભોગ્ય લાગે છે. તેથી બહારમાં પુણ્યયોગે સહજ મળેલા રમણીય ઇન્દ્રિય વિષયોમાં તેને ભોગ્યબુદ્ધિ થતી નથી.

જેને પોતાના અનંત ગુણસ્વરૂપ સ્વભાવમાં ભોગ્યબુદ્ધિ થઈ તેને બહારમાં ભોગ્યબુદ્ધિ કેમ હોય? ન જ હોય. એક મ્યાનમાં બે તલવાર કદી હોઈ શકતી નથી, તેમ આત્મામાં ભોગ્યબુદ્ધિ અને પરપદાર્થમાં પણ ભોગ્યબુદ્ધિ એ બંને સાથે ન હોઈ શકે.

સમ્યગ્દૃષ્ટિ ભલે ચક્રવર્તીપદમાં હો કે ઇન્દ્રપદમાં હો, પણ ખરેખર તે સમ્યગ્દૃષ્ટિનું પદ નથી. સમ્યગ્દૃષ્ટિ તો નિજપદમાં નિવાસ કરે છે. સમ્યગ્દૃષ્ટિ કહે છે કે રાગમાં મારું પદ નથી, ચક્રવર્તીના સિંહાસનમાં મારું પદ નથી, કે ૯૬૦૦૦ રાણીના ભોગમાં પણ મારું પદ નથી. મારું પદ તો મારી પાસે—મારા આત્મામાં છે. આવું અનુભવનારા જ્ઞાનીને જેમ અનુકૂળ ભોગો લલચાવી શકતાં નથી તેમ પ્રતિકૂળતાના ગંજ આવી પડે તો તે જ્ઞાનીને દુઃખી કરી શકતા નથી.

શિષ્યના બે પ્રશ્નનો આ ઉત્તર ચાલી રહ્યો છે. શિષ્યનો પ્રશ્ન હતો કે જેને આત્માની સંવિત્તિ–વેદન પ્રગટ થાય તેને જાણવાનું લક્ષણ શું? અને તેમાં ઉન્નત્તિ થઈ રહી છે તે કેમ જાણી શકાય? તો કહે છે કે જેને નિજ આત્માની સંવિત્તિ–વેદન થાય છે તેને બહારના તુચ્છ ભોગો તો લલચાવી શકતા જ નથી પણ પુણ્યથી પ્રાપ્ત થયેલાં રમણીય ભોગો પણ તેને લલચાવી શકતા નથી. આત્માનો એવો અલૌકિક અનુભવ થાય છે કે તેની પાસે બીજા કોઈ વિષયો તેને રુચિકર લાગતા નથી, પોતાના ભોગ્ય લાગતા નથી.

શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા, રાજમાં હતા અને ૯૬૦૦૦ રાણીના ભોગમાં હતા પણ જ્યારે વૈરાગ્ય થયો અને દીક્ષા લેવા નીકળ્યાં ત્યારે રાણીઓ ઝટિયા તાણીને રડે છે. શાંતિનાથ ભગવાન તેને કહે છે કે અરે સ્ત્રીઓ! અમને તમારા ભોગમાં રુચિ તો હતી જ નહિ પણ અસ્થિરતાનો રાગ હતો ત્યાં સુધી રોકાયા હતા પણ હવે તે રાગ પણ મરી ગયો છે, તે હવે ફરી જીવતો નહિ થાય.

અહીં કહે છે કે જ્ઞાનીની આ વાત બરાબર જ છે, કેમ કે દુનિયામાં પણ એવું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોવા મળે છે કે ઘણા સુખની પ્રાપ્તિ થઈ જતાં અલ્પ સુખ આપવાવાળા કારણો પ્રત્યે કોઈને આદર કે ગ્રાહ્યભાવ રહેતો નથી. ઘીમાં તળેલાં ખાજાં મળી જાય તો જુવારના રોટલા કોણ ખાય? ન જ ખાય. ચક્રવર્તીનું રાજ મળી જાય તો પછી બે ગાઉનું ખેતર મળતું હોય તેનો ભાવ કોણ પૂછે? શહેરમાં મોટું સરસ મકાન મળી જાય તો ગામડાંના નાના ધૂડિયા મકાનમાં કોણ રહે? તેમ જેને આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને વેદન થઈ જાય તે બહારના ભોગમાં રુચિ શું કામ કરે? ન જ કરે.

આ વાત શાસ્ત્રમાં બીજી જગ્યાએ પણ આવે છે કે જેનું મન સુખ-શાંતિમાં લીન છે તેને ભોજન આદિમાં પણ રુચિ થતી નથી અરે! એક શાસ્ત્ર વાંચવામાં પણ જો રસ લાગી જાય તો ખાવું-પીવું આદિ કાંઈ રુચતું નથી. ૮૨ ની સાલમાં અમને પહેલું જ મોક્ષમાર્ગપ્રકાશક વાંચવા મળી ગયું તો વાંચવામાં એટલો રસ આવતો કે બીજી કોઈ પ્રવૃત્તિ કરવી ગમતી ન હતી. સાદી હિન્દી ભાષામાં આવું વસ્તુનું સ્વરૂપ પ્રગટ કર્યું છે એમ મહિમા આવતો. શાસ્ત્ર વાંચવામાં પણ આટલો રસ આવે તો પછી આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવના આનંદની શું વાત કરવી? તેની પાસે બીજું શું રુચે? બીજા વિષયો તો ઊલટાં ડખલરૂપ લાગે છે.

જ્ઞાનીની આવી દશા છે તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. તેમાં ભોગ કાંઈ નિર્જરાનો હેતુ નથી. જેટલો રાગ આવે છે તે તો બંધનું કારણ છે પણ દૃષ્ટિમાં તે ભોગ પ્રત્યે આદર નથી. દૃષ્ટિમાં ભોગો ઝેર જેવા લાગે છે એ દૃષ્ટિના જોરથી ભોગને નિર્જરાનું કારણ કહી દીધું છે.

આત્મા પોતાની સમીપ જ છે, દૂર નથી, પણ અજ્ઞાનદશામાં શ્રદ્ધામાં દૂર ભાસતો હતો તે હવે દૃષ્ટિની ગુલાટ મારતાં, શ્રદ્ધામાં આત્મા સમીપ થઈ ગયો. તેથી પાંચ ઇન્દ્રિયના વિષયોથી જ્ઞાની અંતરમાં ઉદાસ થઈ જાય છે. તો પ્રશ્ન થાય કે વિષયોથી જ્ઞાની ઉદાસ છે તો વિષયો ભોગવે છે શું કામ? તો કહે છે ભાઈ! વિષયોને જ્ઞાની ભોગવતા જ નથી. જડની ક્રિયા થાય છે તેને માત્ર જાણે છે. અરે જ્ઞાની તો શું પણ અજ્ઞાની પણ જડ-ઇન્દ્રિયના વિષયોને ભોગવી શકતો નથી, માત્ર તેના રાગમાં એકત્વ કરીને સુખ-દુઃખ માને છે.

જેનો જુવાન દીકરો મરી ગયો હોય તેની માતાને ક્યાંય ચેન પડે ખરું? ન ભાવે ખાવું....ન ભાવે પીવું....ન ભાવે સૂવું, ક્યાંય સુખ લાગતું નથી કેમ કે તેને અંદરમાં ઘા પડી ગયો છે કે અરે! મારો દીકરો ચાલ્યો ગયો. તેમ જ્ઞાનીને રાગ અને જ્ઞાન વચ્ચે ઘા પડી ગયો છે—રાગ અને આત્માનું ભેદજ્ઞાન થઈ ગયું છે. તેને પરમાં અને રાગમાં રુચિ રહે એમ કદી બનતું નથી. આ ધર્મીનું લક્ષણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહો! ધર્મી તો વારંવાર અતીન્દ્રિય આનંદને યાદ કરે છે—સ્મરણ કરે છે અને તેને ભોગવે છે ત્યાં તેને અન્ય વિષયનું સ્મરણ ક્યાંથી હોય?

જ્ઞાનીએ રાગ અને ભગવાન આત્માની વચ્ચે છીણી મારી દીધી છે કે રાગમાં ભગવાન નહિ અને ભગવાનમાં રાગ નહિ. આવી ભેદજ્ઞાનની છીણી માર્યા પછી તેને પરપદાર્થનો અને રાગનો રાગ રહેતો નથી. આનો અર્થ એવો નથી કે તેને બહારથી પણ બધું છૂટી જાય. દૃષ્ટિ યથાર્થ હોવી જોઈએ. એ જેને ન હોય અને બહારથી બધું છોડી દે તેણે ખરેખર કાંઈ છોડયું નથી. પર નિમિત્તથી મને લાભ-નુકશાન થાય એવી પરાશ્રિતબુદ્ધિ પડી છે તેણે બધું છોડયું હોય તોપણ કાંઈ છોડયું નથી, ધર્મ છોડ્યો છે.

કર્મથી વિકાર થાય છે, જ્ઞાન પણ ઇન્દ્રિયો હોય તે થાય, સારો સંગ મળે તો શ્રદ્ધા પલટાય એવી પરાશ્રિતદૃષ્ટિ જેને પડી છે તેને સ્વાશ્રિતદૃષ્ટિ ક્યાંથી પ્રગટ થાય?

પૂજ્યપાદસ્વામી કહે છે કે હે વત્સ! જેમ માછલીના અંગને રેતી જ જ્યાં બાળી નાંખે છે ત્યાં અગ્નિની શું વાત? તેમ અકષાય શાંતસ્વરૂપમાં રહેતાં જ્ઞાનીને શુભભાવ પણ દુઃખરૂપ અને આકુળતારૂપ લાગે છે તો અશુભભાવની તો વાત જ શું કરવી? શુભ અને અશુભ બંને આકુળતાસ્વરૂપ છે, દુઃખરૂપ છે, આસ્રવ છે-વિકાર છે અને બંધના કારણ છે. તો જેને અબંધસ્વભાવી ભગવાન આત્માનું ભાન થયું-કિંમત થઈ તેને બંધભાવની શું કિંમત હોય!

આમ જેને આત્મસંવિત્તિ-આત્માનુભવ પ્રગટ થયો છે તેનું લક્ષણ એ છે કે તેને વિષયોની રુચિ હોતી નથી અને જેને આત્મસંવિત્તિ નથી તેને વિષયોની રુચિ હોય જ છે.

આત્મામાં જ સુખ છે એવો વિશ્વાસ થતાં વિષયોમાં સુખબુદ્ધિ છૂટી જ જાય છે. તેથી વિષયોની રુચિ ભસ્મ થઈ જાય છે. જેને શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માની ઝલક આવી જાય-સમીપતા થઈ જાય તેને વિષયોની રુચિ કેમ થાય? વિષયોમાં મીઠાશ કેમ આવે? ન જ આવે અને જેણે પોતાની મીઠાશ અનુભવી નથી અને કહે કે મને વિષયો પ્રત્યે અરુચિ છે તો એ વાત જૂઠી છે. પોતાના સ્વભાવની રુચિ થયા વિના વિષયની રુચિ છૂટતી જ નથી.

જ્ઞાનીને જેમ જેમ વિષયોની આસક્તિ ઘટતી જાય છે તેમ તેમ આત્મસંવિત્તિ વધતી જાય છે, એવો આત્મસંવિત્તિની ઉન્નતિનો ક્રમ છે. જેમ જેમ સ્વભાવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ વિષયોની આસક્તિ ઘટી જાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે.

આમ મુનિરાજે જ્ઞાનીની સંવિત્તિનું લક્ષણ અને તેની વૃદ્ધિનો ક્રમ બતાવીને શિષ્યના બંને પ્રશ્નનો જવાબ આપી દીધો. અહો !—

ચિન્મૂરત દગધારીકી મોહે રીતી લગત હૈ અટાપટી;
બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી.

જ્ઞાનીની રીત કોઈ અટપટી છે. બહારથી ચક્રવર્તીપદમાં બેઠા હોય તોપણ તેમાં સુખબુદ્ધિ નથી અને નરકનું દુઃખ હોય તોપણ તેમાં દુઃખબુદ્ધિ નથી. અસ્થિરતાવશ રાગનું દુઃખ હોય છે પણ અંદરમાં સુખરસની ગટાગટી હોય છે. આ જ્ઞાનીનું લક્ષણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૪૩ ]

# ❋ નિજનિધાનને ખોલવાની ચાવી ❋

[ તા. ૨૧-૫-૬૬ ]

શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્રજીની આ ૩૮મી ગાથા શરૂ થાય છે.

यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि ।
तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ।। ३८ ।।

જેમ જેમ વિષયો સુલભ, પણ નહિ રુચિમાં આય,
તેમ તેમ આતમ-તત્ત્વમાં, અનુભવ વધતો જાય. ૩૮.

ગાથાનો અર્થ એ છે કે ધર્મી જીવને જેમ જેમ સહજ પ્રાપ્ત થયેલા ઇન્દ્રિય વિષયભોગો રુચિકર નથી લાગતાં તેમ તેમ સ્વાત્મ-સંવેદનમાં નિજાત્માનુભવનની પરિણતિ વૃદ્ધિને પ્રાપ્ત થતી જાય છે.

ધર્મી જીવને પોતાના આત્મામાં જ પોતાનો ધર્મ ભાસે છે. ધર્મ કહેતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ આદિ બધી ધર્મની પર્યાય છે. આ ધર્મપર્યાય કોઈ સંયોગોના અવલંબનથી કે રાગના કે એક સમયની પર્યાયના અવલંબનથી પ્રગટ થતો નથી પણ ત્રિકાળ શુદ્ધ નિજ પરમાત્મતત્ત્વના અવલંબનથી જ તે પ્રગટ થાય છે કેમ કે વસ્તુ પોતે અનંત આનંદ આદિ અનંત ધર્મોથી ભરેલી છે.

આત્મામાં જ આનંદ છે એવી શ્રદ્ધા થાય, જ્ઞાન થાય અને આત્મામાં જ આનંદ છે એવી સ્થિરતા થાય તેનું નામ ધર્મ છે. આવી શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા થયા પછી ધર્મીને પૂર્વ પુણ્યને કારણે સહજ પ્રાપ્ત થતા ઇન્દ્રિય વિષયોમાં પણ આનંદ ભાસતો નથી. પાંચ-પચાસ કરોડની લક્ષ્મી કે મોટા અધિકારમાં ધર્મીને આનંદ ભાસતો નથી કેમ કે તેણે અનંત આનંદથી ભરેલી નિજલક્ષ્મી અને અધિકારનું અવલોકન કરી લીધું છે.

અજ્ઞાનીએ અનાદિકાળથી અનંતવાર પરનું અવલોકન કર્યું પણ એક સમય પણ પોતાનું અવલોકન કર્યું નથી. અને જેણે એક સમય પણ પોતાનું અવલોકન કર્યું છે એવા ધર્મીને બહારમાં ક્યાંય રુચિ થતી નથી. જેમ રમતા બાળકને પિતા ભણવા મોકલે તો ભણવા જાય છે પણ તેનું મન રમતમાં હોય છે કે ક્યારે ભણવાનું પૂરું થાય અને રમવા ચાલ્યો જાઉં, તેમ ધર્મીને સ્વભાવની રુચિ જાગી છે તેથી બહાર વિકલ્પમાં રસ આવતો નથી ને એમ થાય છે કે ક્યારે હું મારા સ્વભાવમાં રમણતા કરું!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મી અન્યાયથી મળેલી લક્ષ્મી આદિ તો વાપરતા જ નથી પણ પૂર્વ પુણ્યોદયે સહજ પ્રાપ્ત ઇન્દ્રપદ, ઇન્દ્રાણીનો સંયોગ, ચક્રવર્તીપદ અને ૯૬૦૦૦ રાણીનો સહજ યોગ મળે છતાં ધર્મીને તેમાં સુખબુદ્ધિ થતી નથી. સમયસાર નાટકમાં આવે છે કે ધર્મી પૂર્વ પુણ્યથી પ્રાપ્ત બાહ્ય વિષયભોગોને વિષ્ટા સમાન જાણે છે તેથી જેમ વિષ્ટા છોડવા લાયક છે તેમ ધર્મી વિષયભોગો તરફનું લક્ષ છોડવા જેવું છે એમ જાણે છે.

શ્રીમદ્ રાજચંદ્ર પણ ૧૬ વર્ષની ઉંમરે આમ લખે છે કે—

"લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?<br>
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.<br>
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,<br>
એનો વિચાર નહિ અહોહો, એક પળ તમને હવો."

લક્ષ્મી વધે, અધિકાર વધે કે કુટુંબ વધે તેમાં તારામાં શું વધ્યું ભાઈ! તારી ગુણસંપદા અને ગુણસમાજ તો તારી પાસે જ છે તેનાથી તારી મોટાઈ છે.

અશુભની રુચિ તો ઠીક પણ જેને શુભભાવની રુચિ છે તેને શુભના ફળમાં પ્રાપ્ત ભોગોની પણ રુચિ છે. તેથી જ એક જગ્યાએ કહ્યું છે કે જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. વ્રતાદિના પરિણામ પુણ્ય છે, વિકાર છે, અચેતન છે, તે તો ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધભાવ છે. તેની જેને રુચિ છે તેને ભોગોની જ રુચિ છે, તેને ખરેખર ચારગતિના ભવભ્રમણની રુચિ છે, આત્માની રુચિ નથી.

ધર્મીને તો પરદ્રવ્યનો અને વિકલ્પનો સંગ થાય છે તેમાં દુઃખ લાગે છે. કોઈ પ્રસંશા કરે તે ગાળ સમાન લાગે છે. પુણ્ય-પાપના ભાવ ઝેર જેવા લાગે છે. મંત્ર-તંત્રાદિ દુઃખરૂપ લાગે છે. પોતાની નિધિ પોતામાં જોઈ છે તેથી બહાર કાંઈ સુખરૂપ લાગતું જ નથી. પોતાના નિધાનમાં એકાગ્રતા કરવી તે જ નિધાન ખોલવાની ચાવી છે. તેથી ધર્મી તેનો જ પ્રયત્ન કરે છે. પુણ્ય-પાપની ક્રિયા તે નિધાન ખોલવાની ચાવી નથી. તેથી ધર્મીને તેમાં રસ નથી.

લૌકિક ઉન્નતિથી ધર્મી પોતાની ઉન્નતિ માનતા નથી. શરીરની કાંતિને ધર્મી રાખ સમાન જાણે છે. જડની સુંદરતાથી પોતાની સુંદરતા માને છે તે તો મૂઢ છે, તેને પોતાની સુંદરતાનું ભાન નથી. નજર કરતાં જ જ્યાં નિધાન હાથમાં આવે તેમ છે એવી પોતાની વસ્તુને તો અજ્ઞાની જોતો નથી, સંભાળતો નથી અને જેમાં કાંઈ નથી એવા જડ વિષયો તરફ સાવધાનીપૂર્વક નજર રાખીને બેઠો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારા ચૈતન્યઘરમાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે, એવું જાણતા ધર્મીને બાહ્ય ઘર તો બાણની અણી સમાન દુઃખદાયી લાગે છે. કુટુંબના કાર્ય કાળ સમાન લાગે છે. લોકલાજ લાળ સમાન, આબરૂ–કીર્તિ નાકના મેલ સમાન અને ભાગ્યોદય ધર્મીને વિષ્ટા સમાન લાગે છે.

ભાગ્યોદયથી મોટા મોટા મકાન આદિ બધી અનુકૂળ સામગ્રી મળે પણ તેનાથી આત્માને શું લાભ? તે કોઈ ચીજ આત્મામાં આવતી નથી. આત્મામાં તો તેની મમતા આવે છે જે આત્માને દુઃખ દેનારી છે તેથી ચક્રવર્તીપદ પણ ધર્મીને રુચતું નથી.

ભગવાન આત્માના સત્ત્વમાં–તત્ત્વમાં આનંદ નિધાન ભર્યું છે તેની દૃષ્ટિ–રુચિ થઈ તેને બહારમાં કાંઈ ચેન પડતું નથી, રસ પડતો નથી, ખુશી લાગતી નથી–રાજીપો થતો નથી. આવા ધર્મીને બનારસીદાસ કહે છે કે હું નમસ્કાર કરું છું.

જ્ઞાનીએ બહારમાં તો બધું જોઈ લીધું પણ ક્યાંય સુખ ન મળ્યું. શાસ્ત્રો પણ વાંચ્યા પણ શાસ્ત્રના અવલંબનથી પણ આનંદ ન મળ્યો. સ્વાત્મસંવેદનમાં જ સુખ–આનંદ બધું મળ્યું પછી હવે તેને બહારના બધા ભોગો દુઃખદાયક ભાસે છે અને જેમ જેમ એ સહજ મળેલાં બાહ્ય વિષયોમાં અરુચિ વધતી જાય છે તેમ તેમ આત્માનુભવમાં ક્ષણે–ક્ષણે વૃદ્ધિ થતી જાય છે.

શ્રોતાઃ—આપ કહો છો કે ગુરુથી કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી પણ ગુરુની વાણી સાંભળ્યા વગર જ્ઞાન ક્યાંથી થાય?

પૂજ્ય ગુરુદેવઃ—આ વાત આગળ આવી ગઈ છે કે પોતાનો આત્મા જ પોતાના કલ્યાણનો માર્ગ બતાવનારો ગુરુ છે. જેને અંદરથી પાત્રતા જાગી છે–આત્માને ઓળખવાની જિજ્ઞાસા જાગી છે તેને ગુરુ મળ્યા વગર રહેતાં નથી. અરે! ગુરુ તો શું સાક્ષાત્ ભગવાનનો યોગ પણ બની જાય છે. એવી ઊંડી ભાવના હોય કે મરીને મહાવિદેહક્ષેત્રમાં ભગવાનના યોગમાં જન્મ લે. પોતાની પાત્રતા હોય અને નિમિત્ત ન મળે એમ બનતું નથી. પણ નિમિત્ત મળે છતાં પાત્રતા ન હોય તો નિમિત્ત શું કરે? અનંત ભવમાં અનંતવાર જીવ સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં જઈ આવ્યો–વાણી સાંભળી આવ્યો પણ પોતાના સ્વરૂપના અવલોકનની રુચિ વિના સાંભળેલું બધું શૂન્ય થઈ ગયું.

ભગવાનની વાણીમાં હેય–ઉપાદેય તત્ત્વની વાત આવે છે, તેને શિષ્ય બરાબર પકડી લે કે આનંદસ્વરૂપ નિજ આત્મા ઉપાદેય છે અને રાગાદિ સર્વ હેય છે. આમ પકડીને ભેદજ્ઞાન કરી લે તો તે પોતે જ પોતાનો ગુરુ બની જાય છે અને ભગવાન તેમાં નિમિત્ત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં પૂજ્યપાદસ્વામીએ અમૃતચંદ્ર આચાર્યનો કળશ આપ્યો છે અને બનારસીદાસે કરેલા તેના હિન્દી અનુવાદનો આધાર આપ્યો છે કે ભાઈ! તું કહે છે કે મને સમ્યગ્દર્શન કેમ થાય? કેમ થાય? પણ ભાઈ! તું મારો ઉપદેશ માન કે છ મહિના જગતથી ઉદાસ થઈ, સંકલ્પ-વિકલ્પનો વિકાર તજી, એકાંતમાં સ્થિર થઈ આત્માને અનુભવવાનો અભ્યાસ કર તો તને જરૂર સમ્યગ્દર્શન થશે. તારા ઘટરૂપી સરોવરમાં તું જ કમળ બનીને તું જ તેની સુવાસ લેવા લાગીશ.

લોકો મેટ્રિક અને એલ. એલ. બી.ના અભ્યાસમાં તો વર્ષો વીતાવે છે તો અહીં તો માત્ર છ મહિનાનો જ અભ્યાસ કહ્યો છે કે તું છ મહિના તો એક આત્માની લગની લગાડી જો! પછી તને અનુભવ ન થાય તો કહેજે.

સર્વજ્ઞ પરમાત્મા પણ આત્માની એટલી મહિમા-પ્રસિદ્ધિ કરે છે કે તારું સ્વરૂપ એવું છે કે મારી વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યાં નહિ તે પણ શ્રી ભગવાન જો, તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો!'

આવો ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણની ખાણ પડી છે તે કેમ પ્રાપ્ત ન થાય? થાય જ. તું નક્કી કર કે મને મારો ભગવાન આત્મા પ્રાપ્ત થશે જ. તેને માટે રટ લાગવી જોઈએ.

આચાર્ય શિષ્યને ઉપદેશ આપે છે કે ભાઈ! ઊભો રહે. તીર્થયાત્રા કરવાથી કલ્યાણ થશે કે વ્રત-ભક્તિ, પૂજા કરવાથી કલ્યાણ થશે એવા વ્યર્થ કોલાહલને તું છોડી, નિશ્ચિંત થઈ એક છ માસ સુધી એકાંતમાં તારા આત્માનું અવલોકન તો કર! આ છ માસ તો વધારેમાં વધારે મુદત આપી છે. અંતર્મુહૂર્તમાં પણ આત્માના દર્શન થઈ શકે છે. માટે તું જો! હૃદયરૂપી સરોવરમાં કર્મ, વાણી, મન, શરીરાદિ પુદ્ગલથી ભિન્ન ચૈતન્યના તેજથી ભરેલા આત્માની તને ઉપલબ્ધિ થશે, જરૂર થશે.

બહારમાં એક ચીજ મળે ત્યાં તો જોવામાં એકાકાર થઈ જાય છે તો આ તો બધાને જોનાર-જાણનાર મહાન ચૈતન્યતેજ છે તેને ગુરુગમથી યથાર્થ સમજી તેનો અભ્યાસ કર અને અવલોકન કર તો તેની તને પ્રાપ્તિ થશે, થશે ને થશે જ.

હવે ૩૯મી ગાથામાં આત્મસંવિત્તિ વધવાથી શું શું થાય છે અને પરિણતિ કેવી થવા લાગે છે તે વાત પૂજ્યપાદસ્વામી સમજાવે છે.

આત્મસંવિત્તિ એટલે આત્માનું વેદન-જ્ઞાન, આનંદ, શાંતિનો અનુભવ થાય તેને આત્મસંવિત્તિ કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**निशामयति निःशेषमिन्द्रजालोपमम् जगत् ।**
**स्पृहयत्यात्मलाभाय गत्वान्यत्रानुतप्यते ॥ ३९ ॥**

ઇંદ્રજાલ સમ દેખ જગ, આતમહિત ચિત્ત લાય,
અન્યત્ર ચિત્ત જાય જો, મનમાં તે પસ્તાય. ૩૯.

યોગી કહેતાં જેણે આત્માની દૃષ્ટિ કરી છે અને તેમાં જોડાણ કર્યું છે એવા જ્ઞાની આખા સંસારને ઇંદ્રજાલ સમાન જાણે છે. આત્મસિદ્ધિમાં જ્ઞાનીદશાનું વર્ણન કરતાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે ને! 'સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન.'

ધર્મી આખા જગતને એંઠ સમાન જાણે છે કેમ કે જીવને દરેક વસ્તુનો સંયોગ અનંતવાર થયો છે તે જ સંયોગ ફરી અત્યારે મળ્યો છે, માટે તે એંઠ છે, અથવા સ્વપ્નામાં ઘણો વૈભવ આદિ જોયો હોય પણ નિંદ્રા ઉડે ત્યાં તે કાંઈ હોતું નથી તેમ આ બધા વૈભવ સ્વપ્ન સમાન છે, એમ જાણતા હોવાથી જ્ઞાનીને તેમાં રુચિ થતી નથી. અને અજ્ઞાની એ વૈભવ આદિ અનુકૂળ સામગ્રીની હોંશમાં આમ કરશું, તેમ કરશું ને મોટી ઉંમરે ધર્મ કરશું એમ કરતો કરતો મરી જાય છે તો પછી સારો ભવ પણ પામતો નથી.

ધર્મી તો એક આત્મસ્વરૂપની પ્રાપ્તિની જ અભિલાષા કરે છે, તથા જો કદાચ અન્ય વિષયમાં રાગ આવે છે, તો પશ્ચાત્તાપ કરે છે કે અરે! હું આ કયાં ખોવાઈ ગયો! આ મારું સ્વરૂપ નથી. મારા સ્વરૂપ-ઘરમાંથી બહાર નીકળીને હું અહીં કયાં આવી ગયો? શાસ્ત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે 'શાસ્ત્રમાં જતી બુદ્ધિ વ્યભિચારિણી છે.' એ ભલે શુભભાવ છે પણ પોતાના સ્વરૂપથી બહાર છે માટે આદરણીય નથી. તેથી ધર્મીને બહારમાં કોઈપણ વિષયમાં રાગ થઈ જાય છે તો પશ્ચાત્તાપ થાય છે, દુઃખ થાય છે તેથી પાછો વળીને ફરી સ્વરૂપમાં જવાનો પ્રયત્ન કરે છે. આમ, તેને અંતરમાં ધર્મની વૃદ્ધિ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૪૪ ]

# જડેશ્વર, વિભાવેશ્વર અને પરમેશ્વર

[ તા. ૨૨-૫-૬૬ ]

આ શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૩૯ મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. તેમાં મુનિરાજ કહે છે કે ધર્મી જીવ એવા હોય છે કે તે સમસ્ત સંસારને ઇન્દ્રજાળ સમાન જાણે છે. પોતાના આત્મા સિવાય બધામાં તેને ઉપેક્ષાબુદ્ધિ થઈ જાય છે.

ધર્મીને સર્વ પદાર્થોથી ઉપેક્ષાબુદ્ધિ થઈ ગઈ છે, કેમ કે તે જાણે છે કે શરીર, મન, વાણી, આબરુ, સ્ત્રી, મકાન, ગામ, નગર આદિ બધામાં જે કાંઈ ફેરફાર થાય છે તે તેનાથી થાય છે. તેમાં મારો કોઈ અધિકાર નથી. અજ્ઞાની તેનો અધિકારી પોતાને માને છે તે તેનું અજ્ઞાન છે. કારણ કે જડનો અધિકારી જડ છે, ચેતન નહિ.

જેમ ઇન્દ્રજાળ એ કોઈ વસ્તુ નથી. તેમ પોતાને માટે બાહ્ય વસ્તુ અવસ્તુ જ છે. તો તેમાં ગ્રહણ-ત્યાગ, લેવું-મૂકવું-દેવું-લેવું એ અભિપ્રાય મિથ્યા છે. ઇન્દ્રજાળ એટલે કાંઈ હોય નહિ ને ખોટું ઊભું કરી દેવું તે ઇન્દ્રજાળ કહેવાય. તેમ પરપદાર્થમાં ફેરફાર કરવો તે વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ, છતાં અજ્ઞાની પોતાની મિથ્યાબુદ્ધિથી એમ માને છે કે પરનું ગ્રહણ-ત્યાગ કરું છું, પરની હિંસા કરું છું, પરની દયા પાળું છું એમ મિથ્યા અભિમાન ઊભું કરે છે.

જ્ઞાનીને પરમાં કર્તાપણાની આવી મિથ્યાબુદ્ધિ નહિ હોવાથી, પરથી ઉપેક્ષાબુદ્ધિ કરીને જ્ઞાની તો પોતાના ચિદાનંદસ્વરૂપ આત્માની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. કેમ કે અંતરની ચીજ પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. બહારની ચીજ પુરુષાર્થથી પ્રાપ્ત થતી નથી.

પરથી મને કાંઈ લાભ-નુકશાન નથી અને મારાથી પરને કાંઈ લાભ-નુકશાન નથી એવો નિર્ણય થઈ ગયો હોવાથી જ્ઞાનીને પરપદાર્થ પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ વર્તે છે, છતાં અસ્થિરતાના દોષને કારણે પૂર્વના સંસ્કારવશ મન-વચન-કાયાથી કાંઈ પ્રવૃત્તિ કરી બેસે છે તો ત્યાંથી પાછો વળીને ફરી પશ્ચાત્તાપ કરે છે કે અરે! આ મેં આત્માનું અહિત કેમ કર્યું?

જેને સ્વાત્મ-સંવેદન કરવામાં આનંદ આવ્યા કરે છે એવા ધર્મી જીવ ચરાચર પદાર્થમાં તથા સ્થાવર-જંગમરૂપ સમસ્ત બાહ્ય પદાર્થોમાં ફેરફાર કરવો તે મારી બુદ્ધિનો કે મારા પ્રયત્નનો વિષય જ નથી એમ જાણી તેનાથી ઉપેક્ષાબુદ્ધિ કરે છે.

બંધ અધિકારમાં આ વાત આવે છે કે કોઈને મારવા-જીવાડવા કે સુખી-દુઃખી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવા તે જીવની બુદ્ધિનો કે પ્રયત્નનો વિષય જ નથી. કેમ કે જીવના પ્રયત્નથી તે કાર્ય થતું નથી. દરેક વસ્તુ પોતાના કારણે પોતે પરિણમી રહી છે તેમાં ફેરફાર કરવો તે જીવના અધિકારની વાત નથી. તો પછી જે પોતાની સ્વરૂપપ્રાપ્તિના ઉદ્યમમાં તત્પર છે તેવા ધર્મી પરપદાર્થમાં ફેરફાર કરવાની બુદ્ધિ શું કામ કરે! ન જ કરે. જે જાણે છે કે ઇન્દ્રજાળમાં સર્પ કે હાર કાંઈ છે જ નહિ તો હાર ગ્રહણ કરવાની અને સર્પ છોડવાની બુદ્ધિ તે શા માટે કરે? ન જ કરે.

જુઓ! આ કપડાં પહેરવા, ટોપી કાઢવી-મૂકવી, ખાવું-પીવું, કમાવું એ કોઈ જીવના અધિકારની વાત નથી. પુસ્તકો છપાવું તો જગતમાં ધર્મ ફેલાય એ જીવની બુદ્ધિનો વિષય નથી. મૂઢ અજ્ઞાનથી એવી બુદ્ધિ કરે છે. જો જીવ પરમાં ફેરફાર કરે તો જીવ પોતાની અને પરની એમ બે ક્રિયાનો કર્તા થઈ જાય. પણ એમ તો કદી બને નહિ.

જે સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રમાં પરાયણ છે એવા યોગી પરથી તદ્દન ઉદાસ છે કે જે થવાનું હોય તે થાઓ હું તેને કરતો નથી, જવાનું હોય તે જાવ, હું તેને રોકી શકતો નથી.

કોઈને પ્રશ્ન થાય કે ગ્રહસ્થાશ્રમમાં આવું કેમ થઈ શકે? તો અહીં તો કહે છે કે ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દૃષ્ટિ આવું માને છે. વસ્તુની સ્થિતિ જ એવી છે. પોતાના આત્મા સિવાય પર આત્મા કે એકપણ રજકણની પર્યાય આ આત્માના શ્રદ્ધા, જ્ઞાન, વીર્ય કે રાગથી થઈ શકતી નથી. સ્વભાવપર્યાયથી પણ પરનું કાર્ય થતું નથી અને વિભાવ-પર્યાયથી પણ પરનું કાર્ય થતું નથી. એવા શ્રદ્ધા-જ્ઞાન ધર્મીને બરાબર વર્તે છે તેથી તેને બધાં પરપદાર્થથી ઉપેક્ષાબુદ્ધિ હોય છે.

એક આંખની પાંપણ ફેરવવી તે પણ જીવની બુદ્ધિનું કે શ્રદ્ધાનું કે જ્ઞાનનું કે પુરુષાર્થનું કાર્ય નથી, તે કાર્ય સ્વતંત્ર તે જડથી થાય છે.

કોઈ પંડિત એવી દલીલ કરે છે કે શાસ્ત્રમાં એવા હજારો દાખલા આવે છે કે એક જીવે બીજા જીવની દયા પાળી. તો તેને કહીએ છીએ કે ભાઈ! એવા દાખલા તો ઘણાં મળે પણ તેની અપેક્ષા સમજવી જોઈએ ને! આ જીવના રાગના કાળે સામો જીવ બચી ગયો હોય તો એમ કહેવાય કે આણે આને બચાવ્યો પણ ખરેખર બીજા જીવની પર્યાયમાં બીજો જીવ શું ફેરફાર કરે શકે? બીજાની દયા પાળવાના ભાવમાં તો પોતાની હિંસા થાય છે. હું પરનું કાર્ય કરી શકું છું એવી મિથ્યાબુદ્ધિથી જીવની પોતાની હિંસા થાય છે. પોતાની દયા તેમાં રહેતી નથી.

ત્યાગીઓ પણ મિથ્યાભ્રમમાં પડયાં છે કે અમે આટલી વસ્તુઓ ત્યાગી છે. અરે! વસ્તુ કયાં તમારી હતી તે તમે ત્યાગી છે! ખરેખર તો તમે તમારા જ્ઞાતા-દૃષ્ટા ધર્મને ત્યાગી દીધો છે અને મિથ્યાબુદ્ધિને ધારી રાખી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્યપાદસ્વામી કહે છે કે આ ઇષ્ટ ઉપદેશ છે. જીવ પરદ્રવ્યની રક્ષા કરી શકે છે કે મારી શકે છે એ ભગવાનનો ઉપદેશ નથી. એ તો જીવને અહિતકારી મિથ્યા ઉપદેશ આત્માના શ્રદ્ધાગુણનો ખૂન કરનારો ઉપદેશ છે.

શ્રોતાઃ—તો પછી અમારે શરીરનું કાંઈ કરવું કે નહિ ?

પૂજ્ય ગુરુદેવઃ—પરનું કાંઈ કરવું એ જીવનો વિષય જ નથી, પછી કરવા ન કરવાની વાત જ ક્યાં રહી ? મંદજ્ઞાન હો કે કેવળજ્ઞાન હો, મિથ્યાશ્રદ્ધા હો કે ક્ષાયિક-સમ્યક્ત્વ હો એ કોઈનો આ વિષય જ નથી પછી કરવાની વાત ક્યાં રહી! કરી શકતો જ નથી.

જે પદાર્થ છે તે જ તેના વિશેષ કાર્ય-વ્યવસ્થિત કાર્યનો કર્તા છે. બીજો કોઈ તેના વિશેષ કાર્યને-વ્યવસ્થિત કાર્યને કરી શકતો નથી. કોણ કોનો ઉપકાર કરે ? કોણ કોનો અપકાર કરે ? કોણ કોની નિંદા કરે અને કોણ કોની પ્રસંશા કરે ? કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. છતાં એવાં કથનો આવે છે તે બધાં નિમિત્તના કથનો છે.

ભગવાન ત્રણલોકના નાથ કહે છે કે જગતમાં અનંત જીવ અને અનંત પુદ્ગલ છે. તો જો એક જીવ કે પુદ્ગલ બીજા જીવ-પુદ્ગલનું ગ્રહણ-ત્યાગ કરે તો તેનું અસ્તિત્વ જ ક્યાંથી રહી શકે ? દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ છે તેમાં બીજાનો હસ્તક્ષેપ બિલકુલ નથી.

તેરાપંથી કહે છે કે છકાયજીવને ન મારવાનો ભગવાને ઉપદેશ આપ્યો છે અને સ્થાનકવાસી કહે છે કે છકાયજીવની રક્ષા કરવાનો ઉપદેશ ભગવાને આપ્યો છે ત્યારે અહીં કહે છે કે ભગવાને તો એવો ઉપદેશ આપ્યો છે કે જગતમાં અનંત દ્રવ્યો છે તેનું જ્ઞાન કરવું તે તારો વિષય છે. છકાયજીવની રક્ષા કરવી કે મારવા એ તારો વિષય જ નથી. તારો વિષય તો અનંત જ્ઞાન છે, તું તારા સ્વભાવમાં લીન થઈને સ્વભાવ પ્રગટ કરવાનો પુરુષાર્થ કર ! એમ ભગવાને કહ્યું છે. બીજાને દુઃખ ન દેવું, મારવા નહિ, રક્ષા કરવી એવો વ્યવહારનો ઉપદેશ છે પણ તેનો અર્થ એવો છે કે પરને દુઃખ દેવાના ભાવ ન કરવા. બાકી જીવ પરને દુઃખ દઈ શકે છે એ વાત નથી.

આહાહા....! અર્ધલોકના સ્વામી અને ત્રણજ્ઞાનના ધારી એવા શકેન્દ્ર, ઈશાનઇન્દ્ર આદિ સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકીનાથ તીર્થંકરની છૂટેલી દિવ્ય-ધ્વનિમાં આ વાત આવી કે તું તારા સ્વભાવમાં પરાયણ થા ! પરનું કાર્ય કરવું તે તારો વિષય નથી માટે તેની ઉપેક્ષા કરીને તું તારા સ્વભાવની અપેક્ષા કર ! ભગવાનની આ વાણી જ સંતો અને મુનિઓ શાસ્ત્ર દ્વારા કહી રહ્યાં છે. એક એક ગાથામાં માલ ભર્યો છે.

આ આત્માની અપેક્ષાએ બધાં પરદ્રવ્ય અવસ્તુ છે, અદ્રવ્ય છે, અક્ષેત્ર છે, અકાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે અને અભાવ છે, આ અપેક્ષાએ અહીં આખા જગતને ઇન્દ્રજાળ સમાન કહ્યું છે.

જ્ઞાની–યોગી પરપદાર્થથી ઉપેક્ષા અને સ્વભાવની અપેક્ષા કરે છે છતાં અસ્થિરતા-વશ કોઈ પરદ્રવ્ય પ્રત્યે રાગ આવી જાય છે તો તે રાગથી હટીને પશ્ચાત્તાપ કરે છે કે અરે! મને લાભરૂપ તો એક મારો આત્મસ્વભાવ છે તેને છોડીને હું આ વિકલ્પમાં કયાં આવ્યો? મારા સિવાય આખું જગત ઇન્દ્રજાળ છે તેમાં હું કોને રાખું, કોને છોડું, કોને કરું ને કોનો નાશ કરું? આ બધાં વિકલ્પ મને દુઃખરૂપ છે એમ કરીને જ્ઞાની પશ્ચાત્તાપ કરે છે.

ભગવાને આ જીવની પ્રભુતા એવી જોઈ છે કે તેની પ્રભુતાથી પરમા કાંઈ ફેરફાર થતો નથી અને પરદ્રવ્ય તેની પ્રભુતા છોડતા નથી. પરમાણુ પણ ઇશ્વર છે–જડેશ્વર છે તેથી તે પોતાની શક્તિથી કામ કરે છે તેમાં તેને અન્યદ્રવ્યની અપેક્ષા નથી.

એક જડેશ્વર છે, એક વિભાવ-ઇશ્વર છે અને એક સ્વભાવ-ઇશ્વર છે. પરમાણુ સ્વતંત્રપણે પોતાનું કાર્ય કરે છે માટે તે જડેશ્વર છે, મિથ્યાદૃષ્ટિ સ્વતંત્રપણે વિભાવનો સ્વામી થાય છે તેને કર્મ વિકાર કરાવતાં નથી પોતે સ્વતંત્રપણે અજ્ઞાનથી વિકાર કરે, માટે મિથ્યાદૃષ્ટિ વિભાવેશ્વર છે અને હું વિભાવ અને પરથી ભિન્ન જ્ઞાનાનંદસ્વભાવી છું એવું જાણતા જ્ઞાની સહજાત્મસ્વરૂપના સ્વામી સ્વભાવ-ઇશ્વર છે.

પરદ્રવ્યનો અને પુણ્ય-પાપનો સ્વામી થાય છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ વિભાવ–ઇશ્વર છે. તે વિભાવ પણ પોતે છોડે તો છૂટે. સાક્ષાત્ તીર્થંકર પણ તેને વિભાવથી છોડાવી ન શકે.

આ ૩૯ મી ગાથામાં ધર્મીના લક્ષણ બતાવ્યાં કે ધર્મીને આખું જગત ઇન્દ્રજાળ સમાન લાગે છે, એક નિજાત્મ અનુભવમાં જ રુચિ છે તેથી તેના માટે પ્રયત્ન કરે છે, પરથી ઉદાસ છે છતાં કદાચ પરમાં વિકલ્પ જાય છે તો પશ્ચાતાપ કરે છે. ધર્મીના આ લક્ષણ ઉપરાંત બીજા લક્ષણો હવે ૪૦ ગાથામાં મુનિરાજ કહે છે.

**इच्छत्येकान्तसंवासं निर्जनं जनितादरः ।**
**निजकार्यवशात्किंचिदुक्त्वा विस्मरति द्रुतं ॥ ४० ॥**

ચાહે ગુપ્ત નિવાસને, નિર્જન વનમાં જાય,
કાર્યવશ જો કંઈ કહે, તુર્ત જ ભૂલી જાય. ૪૦.

આ નાના બાળકોને પણ સમજવા જેવી વાત છે. બાળક પણ ભગવાન છે. બાળક-પણું એ તો જડ શરીર માટી છે. બાળક, વૃદ્ધ, સ્ત્રી, નપુંસક આદિ બધા આત્મા સચ્ચિદાનંદ પરમાત્મા છે. કોઈના આત્મામાં કાંઈ ફેર નથી. આત્માની ઓળખાણ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રદ્ધા કરી એકાંતમાં તેમાં એકાગ્ર થવાનો અભ્યાસ કરવો એ એક જ આ મનુષ્યભવમાં કરવા યોગ્ય કાર્ય છે.

નિર્જનતાને ચાહવાવાળા યોગી એકાંતવાસની ઇચ્છા કરે છે. નિર્જનતા એટલે જ્યાં મનુષ્ય કે પશુનો અવાજ પણ ન હોય એવા એકાંતસ્થાનમાં ધર્મી અંતર જ્ઞાનાનંદ સ્વરૂપમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે છે અને તેમાં કોઈ કાર્યવશ કાંઈ વિકલ્પ આવે અને બોલે તોપણ તેને તરત જ ભૂલી જાય છે.

સ્ત્રી, પુત્ર, ધન આદિના લોભી સ્વાર્થવશ મંત્ર-તંત્રાદિ પ્રયોગ કરાવવા દોડયાં ન આવે એ માટે યોગી એવું એકાંતવાસ પસંદ કરે છે કે જ્યાં કોઈ માણસ આવે નહિ અને પોતાના હિતનું કાર્ય શાંતિપૂર્વક થાય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવચન નં. ૪૫ ]

# 卐 સંતોની જગતથી નિરાળી ચાલ 卐

[ તા. ૨૩-૫-૬૬ ]

આત્માને હિતકારી એવો ઇષ્ટ ઉપદેશ ચાલી રહ્યો છે. જેને પોતાનું હિત કરવું છે તેણે પ્રથમ શું કરવું? કે-પોતાના અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માને ઓળખવો અને પરદ્રવ્ય તથા પરભાવની ઉપેક્ષા કરવી.

પ્રથમ આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવ કરી લીધા પછી ધર્મીની દશા કેવી હોય તેની વિશેષ વાત આ ગાથામાં કરે છે.

નિર્જનતાને ચાહવાવાળા યોગી-ધર્મી એકાંતવાસની ઇચ્છા કરે છે અને નિજ કાર્ય-વશ કાંઈ કહે તોપણ તેને તુરત ભૂલી જાય છે.

જેને એક પોતાના આત્માનુભવની રુચિ લાગી છે એવા જઘન્ય સમ્યગ્દૃષ્ટિને પણ એવી ભાવના રહે છે કે હું જેમ બને તેમ પ્રવૃત્તિથી દૂર રહું. ધર્માત્મા પોતાના આત્માનુ-ભવના પ્રયત્ન માટે એવું એકાંતસ્થાન પસંદ કરે છે કે જ્યાં લોકો તેને મંત્ર-તંત્ર આદિ ચમત્કારના પ્રશ્નો પૂછવા ન આવે.

લોકો તો પોતાના મતલબથી કોઈ પુત્ર પ્રાપ્તિ માટે, કોઈ ધનપ્રાપ્તિ માટે, આબરૂ માટે, અલાભથી બચવા માટે અનેક જાતના પ્રશ્નો પૂછવા કે મંત્ર-તંત્રાદિ માટે ધર્માત્મા પાસે આવ્યાં કરે, તે ન આવે અને પોતે એકાંતમાં પોતાનું ધ્યાન કરી શકે એ માટે ધર્માત્મા—યોગી સ્વભાવથી જ જનશૂન્ય એવા પહાડોની ગુફા, કંદરા આદિમાં એકલાં અથવા ગુરુના સંગમાં રહેવા ઇચ્છે છે.

ધ્યાન કરવાથી યોગીને લોકોને ચમત્કાર લાગે તેવાં અતિશયો પ્રગટ થઈ જાય છે પણ યોગી તેમાં પોતાનું હિત માનતાં નથી. લોકોને ઉપદેશ આપવાથી મારું હિત થશે કે નિર્જરા થશે એવું પણ ધર્મી માનતાં નથી કેમ કે ઉપદેશમાં વાણી છે તે તો જડ છે અને ઉપદેશ દેવાનો વિકલ્પ છે તે શુભભાવ છે તેનાથી પોતાનું હિત થતું નથી, માત્ર પુણ્ય બંધાય છે. છતાં ઉપદેશ દેવાનો વિકલ્પ આવી જાય છે તે જુદી વાત છે, તેમાં લાભ માનીને ધર્મી તેમાં અટકી જતાં નથી.

ધર્મી એવો ઉપદેશ કરે કે હે જીવો! તમે અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો તેની સન્મુખતા કરો અને વિભાવથી વિમુખતા કરો! પોતાને વિકલ્પ આવી જાય છે તો આવો ઉપદેશ આપે છે પણ પોતાને ધ્યાનમાં ત્રાટક લગાવવાથી કોઈ અતિશય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પન્ન થયા હોય તે કોઈને બતાવતાં નથી કે કોઈ પૂછે તોપણ કહેતાં નથી.

પોતાના સ્વભાવમાં ત્રાટક લગાવવાથી એટલે કે એકાગ્રતા કરવાથી આત્મામાં જે શાંતિ પ્રગટ થાય છે તેની પાસે ધર્મીને ચમત્કાર કે અતિશયોની કોઈ કિંમત નથી.

શ્રોતા :–જ્ઞાની દુનિયામાં પ્રભાવના થાય એ માટે તો ઉપદેશ આપવામાં રોકાય કે નહિ ?

પૂજ્ય ગુરુદેવ :—પ્રભાવના કહેવી કોને ? કે પોતાના શુદ્ધ આનંદકંદ ચૈતન્યધામમાં લીનતા કરવી તે જ ખરી પ્રભાવના છે. પ્રભાવનાનું કથન બે પ્રકારે થાય છે. નિશ્ચય પ્રભાવના અને વ્યવહાર પ્રભાવના. પણ, તેમાં સત્ય પ્રભાવના તો સ્વરૂપમાં લીનતા કરવી તે જ છે, તેની સાથે બીજા જીવોને ઉપદેશ દેવાના ભાવ થાય તે વ્યવહાર પ્રભાવના છે, તેનાથી તો બંધ પડે છે અને બીજા જીવો આ ઉપદેશના નિમિત્તે સમજે છે તે તો પોતાના ઉપાદાનથી સમજે છે. માટે પોતાને તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ ભગવાન આત્મામાં જેટલી એકાગ્રતા થાય તેટલો જ લાભ છે. તે સિવાય તીર્થંકર પ્રકૃતિનો બંધ જે ભાવથી થાય તે ભાવ પણ લાભદાયક નથી. તે ભાવનો કર્તા આત્મા નથી તો ઉપદેશનો–વાણીનો કર્તા આત્મા કેવી રીતે થાય ?

મુનિને પોતાના શરીર માટે અવશ્ય કરવા યોગ્ય જે ભોજનાદિ છે તે વિષે થોડું શ્રાવકો સાથે બોલવું પડે તો મુનિ બોલે છે, પણ તે જ ક્ષણે પાછા ભૂલી જાય છે. મુનિ માટે બનાવેલો આહાર હોય તો મુનિ લે નહિ. અમુક પ્રકારની વિધિ હોય તો જ મુનિ આહાર લે એવું શ્રાવકોને કહેવું પડે તો કહે પણ પછી તરત ભૂલી જાય છે.

ધર્માત્મા સાચા સ્વાર્થી છે કે જેને એક સ્વ + અર્થ એટલે કે પોતાનું પ્રયોજન એક વીતરાગતા છે તે જેમાં સધાય તેમાં જ તે લાભ માને છે અને વીતરાગતા વધે તેવું જ કાર્ય કરે છે. લાખ વાતની એક વાત કે મુનિને એક વીતરાગતાનું જ પ્રયોજન છે. તેથી વીતરાગતા સિવાયની બધી વાતો મુનિ તુરત ભૂલી જાય છે.

પંચમહાવ્રતાદિના વિકલ્પ કે ઉપદેશ આપવાનો શુભ વિકલ્પ મુનિને આવી જાય પણ તેમાં કર્તાબુદ્ધિ કે લાભબુદ્ધિ નથી તેથી વિકલ્પમાં મુનિ અટકતાં નથી. જે બંધ ભાવ છે તેને મુનિ રાખવા માગતાં નથી તેથી તરત ભૂલી જાય છે.

આહા ! આવો મારગ છે ભાઈ ! અન્ય માર્ગ અને આ માર્ગમાં ઉગમણો–આથમણો ફેર છે.

ધર્માત્મા ચક્રવર્તી ૯૬૦૦૦ રાણીની વચ્ચે ઉભા હોય, ક્ષણિક વાસનાનો વિકલ્પ આવી જાય છે તેને પોતાની નબળાઈ સમજે છે પણ વિકલ્પમાં સમાધાન થતું નથી તેથી વાસનાને પૂરી કરી બીજી ક્ષણે ધ્યાનમાં બેસી જાય છે ને આત્માનો અનુભવ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ આ દશા ! ક્ષણ પહેલાં વાસના અને ક્ષણ પછી આત્માની સ્પર્શના. દૃષ્ટિમાં રાગનો આદર નથી તેથી તેમાં વિશેષ ટકતાં નથી.

અહીં તો વીતરાગ ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્મા સમ્યગ્દૃષ્ટિનો માર્ગ બતાવે છે કે સમ્યગ્દૃષ્ટિએ પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન થવું અને વચ્ચે કોઈ વિકલ્પ આવી જાય તો તેને તુરત જ ભૂલી જવાં. સંયમના હેતુથી કોઈ વિકલ્પ આવે કે મમતા ઘટાડવા દાન દેવાના ભાવ આવે કે કોઈ શુભાશુભ વિકલ્પ આવે તેને બંધના કારણ જાણી છોડવા.

દશલક્ષણ ધર્મમાં ત્યાગ ધર્મ આવે છે તો લોકો કોઈને પુસ્તક આપવા, જ્ઞાનદાન દેવું, વસ્ત્રાદિ આપવા તેને ત્યાગધર્મ કહે છે. અરે ભાઈ! એ ત્યાગધર્મ નથી, તે તો શુભવિકલ્પ છે. ત્યાગધર્મ તો રાગનો અભાવ કરીને સ્વભાવમાં લીન થવું તે છે. વિકલ્પ આવે છે તેને તો ધર્મી બંધભાવ જાણે છે.

લોકો કહે છે આ એકાંત છે....એકાંત છે. હા, આ સમ્યક્ એકાંત છે. એકાંત વીતરાગતા પ્રગટ કરવાનો આ માર્ગ છે. રાગ પ્રગટ કરવાનો માર્ગ નથી. વસ્તુનું સ્વરૂપ-ધર્મનું સ્વરૂપ શું છે તેની પહેલાં યથાર્થ સમજણ તો હોવી જોઈએ. ભાઈ! ચારિત્રની વાત તો પછી છે. પહેલાં શ્રદ્ધા તો યથાર્થ કર.

લોકો તીર્થંકરગોત્ર બંધાય તેમાં લાભ માને છે, પણ જે તીર્થંકર પ્રકૃતિ કર્મમાં બંધાય છે તે તો જડ રજકણ છે અને તેનો ઉદય તો ભગવાનને કેવળજ્ઞાન થયા પછી આવે છે. તેમાં સમવસરણ આદિની રચના થાય છે તેનાથી ભગવાનને શું લાભ છે? કાંઈ નહિ. શુભબંધ કે તેના ફળમાં કયાંય ધર્મીને લાભ દેખાતો નથી.

હવે પૂજ્યપાદસ્વામી ધર્મીનું વિશેષ સ્વરૂપ બતાવતાં ૪૧ મી ગાથા કહે છે.

**ब्रुवन्नपि हि न ब्रूते गच्छन्नपि न गच्छति ।**
**स्थिरीकृतात्मतत्त्वस्तु पश्यन्नपि न पश्यति ॥ ४१ ॥**

દેખે પણ નહીં દેખતા, બોલે છતાં અબોલ,
ચાલે છતાં ન ચાલતા, તત્ત્વસ્થિત અડોલ. ૪૧.

જેણે આત્મસ્વરૂપના વિષયમાં સ્થિરતા પ્રાપ્ત કરી લીધી છે-ભગવાન જ્ઞાયક ચિદાનંદની દૃષ્ટિ-જ્ઞાન કરીને અનુભવ પ્રાપ્ત કર્યો છે એવા યોગી ધર્માત્મા બોલે છે છતાં બોલતાં નથી એટલે કે વાણીના કર્તા નથી, જ્ઞાતા છે, ચાલતાં છતાં ચાલતાં નથી અને દેખતાં થકાં પણ દેખતાં નથી.

'જિનકે હિયેમેં સત્યસૂરજ ઉદ્યોત ભયો,
ફૈલી મતી કિરણ, મિથ્યાત્વ તમ નષ્ટ હૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિનકે કટાક્ષમેં સહજ મોક્ષપંથ સધૈ,
મનકો નિરોધ જાકે તનકો ન કષ્ટ હૈ.
તિનકે કરમકી કલ્લોલે-યહ હૈ સમાધિ,
ડોલે યહ જોગાસન, બોલે યહ મષ્ટ (મૌન) હૈ.

બનારસીદાસજી સમકિતનું સ્વરૂપ બતાવતાં કહે છે કે જેનાં અંતરમાં સમ્યક્ત્વ સૂર્જ ઊગ્યો છે તેના સમ્યગ્જ્ઞાનરૂપી કિરણોથી મિથ્યાત્વ-અંધકારનો નાશ થયો છે અને મોક્ષપંથ સુગમ બન્યો છે, મન-વચન-કાયાનો નિરોધ થયો છે તેને સ્વભાવની શાંતિરૂપી સમાધિ વર્તે છે એવા સમ્યગ્દૃષ્ટિ ડોલે છે છતાં યોગાસનમાં છે. કેમ કે ચાલવાની, બોલવાની ક્રિયા તો જડમાં થાય છે તેમાં હું નથી. હું તો મારા જ્ઞાનસ્વરૂપમાં છું એમ ધર્મી જાણે છે.

જુઓ આ વીતરાગમાર્ગ! જેને ગણધરોએ પસંદ કર્યો, ઇન્દ્રોએ માન્યો, મુનિઓએ અનુભવમાં લીધો અને સમ્યગ્દષ્ટિઓએ જેનો અંતરમાં સ્વીકાર કર્યો એ આ માર્ગ છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી બોલે છે છતાં મૌન છે કેમ કે તેની દૃષ્ટિમાં રાગનો પણ સંગ નથી તો વાણીનો સંગ ક્યાંથી હોય? શુભરાગથી પણ ધર્મીનું આસન જુદું છે. ધન અને ધામમાં ધર્મી કદી મગ્ન થતાં નથી, બધેથી વૈરાગી થઈને રહે છે.

ધર્મી ગૃહસ્થાશ્રમમાં હો કે વનમાં એકલા હો પણ તે બધેથી નિરાળા રહે છે. તે સદા પોતાને સર્વાંગ શુદ્ધસ્વરૂપે વિચાર કરે છે. તેને પર સાથે તો કાંઈ સંબંધ નથી, તથા અશુભરાગથી તો ભિન્ન છે પણ જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એવા ઊંચામાં ઊંચા શુભરાગથી પણ ધર્મી ભિન્ન—તરતા ને તરતા રહે છે. કેમ કે સ્વભાવની અને શુભરાગની જાત જુદી છે, ભાત જુદી છે અને તેનું ફળ પણ જુદું છે એવો ધર્મીને શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ વર્તે છે.

અજ્ઞાનીએ શુભરાગ અને શરીરની ક્રિયાથી લાભ માનીને પોતાનું બહુ મોટું નુકશાન કર્યું છે. શ્રદ્ધામાં આત્માને નાસ્તિરૂપે કરી દીધો છે અને રાગ તથા શરીરની ક્રિયાને અસ્તિરૂપે કરી દીધી છે તેને કરુણાવંત સંતો કહે છે અરે ભગવાન! તે તારું અસ્તિત્વ ક્યાં લગાડી દીધું? જરા વિચાર તો કર!

વનવાસી દિગંબર સંત આચાર્ય પૂજ્યપાદસ્વામી ધર્મીની દશાની મહિમા કરતાં કહે છે કે જેણે રાગથી અને પરથી ભિન્ન પોતાના આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા પ્રાપ્ત કરી છે એવા ધર્મી બોલે છતાં અબોલ છે, ચાલે છતાં ચાલતાં નથી અને દેખે છતાં દેખતાં નથી એવી તેની ચાલ જગતથી નિરાળી છે.

□

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૪૬ ]

# ✻ ધર્મી બોલે છતાં અબોલ ✻

[ તા. ૨૪-૫-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઇષ્ટોપદેશ શાસ્ત્રની આ ૪૧ મી ગાથાનો વિશદાર્થ ચાલે છે.

જેને પોતાનું હિત કરવું છે તેણે સૌ પ્રથમ દ્રઢ પ્રતીતિ દ્વારા આત્માને પોતાનો વિષય બનાવવો જોઈએ. એટલે શ્રદ્ધા-જ્ઞાનમાં એવી દ્રઢ પ્રતીતિ થવી જોઈએ કે હું તો શુદ્ધ જ્ઞાન અને આનંદનો પિંડ છું. ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્યબિંબ જ્ઞાયક સ્વરૂપે પડયો છે તેને દ્રઢ પ્રતીતિનો વિષય બનાવવો જોઈએ.

જેને ધર્મ કરવો છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવું છે તેણે શ્રદ્ધા-જ્ઞાનનો વિષય આત્માને બનાવવો જોઈએ. આત્માને જે વિષય બનાવે છે તેને પરદ્રવ્ય મારા છે અને તેમાં હું ફેરફાર કરું તો થાય એવી બુદ્ધિનો નાશ થઈ જાય છે.

જેને પોતાના હિતનું કાર્ય કરવું છે તેણે પોતાના સ્વભાવની અભિમુખતા કદી છોડવી ન જોઈએ. કોઈ સંસ્કારવશ કે કમજોરીવશ કંઈક રાગ આવી જાય તોપણ તેને ભલો ન જાણતાં એક સ્વભાવને જ હિતરૂપ જાણે છે. ધર્મીને કોઈ ઉપદેશ કરવાનું કહે તો ધર્મલોભી જીવને જોઈને પોતાની નબળાઈને કારણે ઉપદેશ દેવાના ભાવ થાય અને ઉપદેશ આપે તોપણ ધર્મીને સ્વભાવની અભિમુખતા છૂટતી નથી અને ઉપદેશના શબ્દો કે રાગની અભિમુખતા—સન્મુખતા થતી નથી.

જેમ કોઈ દરિદ્રતાની ઇચ્છા કરતું નથી છતાં આવી પડે છે તેમ ધર્મીને કદાચિત્ રાગ આવી જાય છે પણ તેની ઇચ્છા નથી. તે રાગના સ્વામી થતાં નથી. તેથી ધર્મી બોલે છે છતાં બોલતાં નથી. બોલવા તરફ તો ધર્મીનો ઝુકાવ—સન્મુખતા—અભિમુખતા નથી પણ બોલવાના વિકલ્પ તરફ પણ ધર્મીનો ઝુકાવ નથી. ઝુકાવ તો એક પોતાના નિધાન તરફ જ છે માટે તે બોલે છતાં અબોલ છે.

જેમ કોઈ જંગલમાં ગયો હોય ને પાંચ કરોડનો ચરુ ખ્યાલમાં આવી જાય તો કોઈ ન જોઈ જાય એમ ઢાંકીને પાછો આવે પણ તેનું લક્ષ તો ત્યાં જ હોય કે ક્યારે હું એ ચરુ કાઢીને લઈ આવું. તેમ ધર્મીએ અનંતગુણનું નિધાન પોતાનો સ્વભાવ જોઈ લીધો છે. હું જ અનંત જ્ઞાન-દર્શન, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંતગુણનો રાશિ છું એવી શ્રદ્ધા અને જ્ઞાન વર્તે છે તેથી ધર્મીનું લક્ષ તો એક જ છે કે હું ક્યારે મારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવમાં એકાગ્ર થઈને નિધાન ખોલી નાખું! આમ ધર્મીને નિરંતર આત્મસન્મુખતા જ રહે છે.

અહા! જગતને મોહે કેવું લૂંટી લીધું છે કે આ કરું ને તે કરું....પણ અરે ભાઈ! એક આંખની પાંપણ ઊંચી-નીચી કરવી એ પણ તારું કાર્ય નથી. એ જડ રજકણની સ્વતંત્ર અવસ્થા છે અને વિકલ્પ ઉઠે છે તે પણ તે સમયનો ઉપાધિભાવ છે; સ્વભાવ નથી. તેથી જેને સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેને વિકલ્પમાં રુચિ થતી નથી.

પોતાના જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈ છે તેવા ધર્મીને આત્મજ્ઞાન સિવાય બીજા કાર્યોમાં ઉપયોગ જાય તોપણ ત્યાં લાંબો સમય ટકતો નથી. કમજોરીવશ જાત્રા, પૂજા, ભક્તિ આદિના ભાવ આવી જાય છે પણ તેની અભિમુખતા થતી નથી. ભગવાન જેના ભરોસામાં આવી ગયો તેને બીજે કયાં રુચિ લાગે?

શ્રોતાઃ—વ્યવહાર પહેલાં હોય કે નિશ્ચય પહેલાં હોય?

પૂજ્ય ગુરુદેવઃ—પહેલાં નિશ્ચય હોય પછી વ્યવહાર હોય. સ્વાશ્રય તે નિશ્ચય છે તેના વગર પરાશ્રયરૂપ વ્યવહાર કયાંથી હોય! નિશ્ચયનું લક્ષ સ્વસન્મુખ છે અને વ્યવહારનું લક્ષ પરસન્મુખ છે તો પહેલાં પરસન્મુખતા કરે તો પછી સ્વસન્મુખતા થાય એમ કદી બની શકે! દાદરા ઉપર ચડવું હોય તો પહેલાં ભોંયતળિયે ઉતરે પછી ઉપર ચડાય એવું કદી હોય?

જીવોને ધર્મ તો કરવો છે પણ ધર્મી એવો આત્મા કેવો છે તેની ઓળખાણ વગર ધર્મ કયાંથી થાય? બહિર્મુખની લાગણી તો જીવને અનાદિથી છે જ. તેનાથી તો કદી પોતાનું હિત થયું નથી-સ્વભાવ ખ્યાલમાં આવ્યો નથી, તો પછી પહેલાં પરાશ્રિત વ્યવહાર હોય પછી સ્વાશ્રિત નિશ્ચય થાય એ વાત કેમ બને! વસ્તુની સ્થિતિ એવી છે જ નહિ. પહેલાં તો સ્વાશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચયધર્મ પ્રગટ કરે ત્યારે જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી ચારિત્રની વિપરીતતામાં દયા-દાન-પૂજા આદિનો રાગ પરાશ્રિતભાવ આવ્યા વિના રહેતો નથી. તે રાગને વ્યવહાર કહેવાય છે. પરસમય-ઉપાધિભાવ-બંધભાવ પણ તેને જ કહેવાય છે.

સ્વાશ્રિતદૃષ્ટિ પ્રગટ થયા પછી પૂર્ણતા ન થાય ત્યાં સુધી પરાશ્રિત એવો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી પણ તે દોષરૂપ છે તેનો ધર્મીને ઉત્સાહ ન હોય.

શ્રોતાઃ—વ્યવહારને પ્રયોજનવાન કહ્યો છે ને?

પૂજ્ય ગુરુદેવઃ—વ્યવહારને જાણેલો પ્રયોજનવાન કહ્યો છે. આદરવા માટે પ્રયોજનવાન નથી કહ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાપુ! તારી ઋદ્ધિ એવી મહાન છે કે તેને વાણીમાં કહી શકાય તેમ નથી પણ એવી ઋદ્ધિની તને ખબર નથી. તું બહારમાં ઝાંવાં નાખે છે. આમ ઝાંવાં નાખતાં નાખતાં અનંતકાળ ચાલ્યો ગયો પણ કદી સુખ મળ્યું નહિ. સમયસાર ૪૧૩ મી ગાથામાં કહ્યું છે કે જીવો અનાદિથી અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ છે.

સ્વાશ્રય તે જ મુક્તિનું કારણ છે, પરાશ્રિત વ્યવહાર તો બંધનું કારણ છે છતાં અજ્ઞાનીની દૃષ્ટિમાં એમ છે કે કાંઈક મને પર પ્રત્યે ભાવ હોય તો મારું હિત થાય. આવી દૃષ્ટિ હોય ત્યાં સુધી સ્વાશ્રિતતા આવે નહિ અને હિત થાય નહિ. બહુ સીધી અને સરળ વાત છે પણ લોકોએ તેને અઘરી માની લીધી છે.

શ્રોતા :—સ્વાશ્રિત નિશ્ચય અને પરાશ્રિત વ્યવહાર બન્ને એક સમયમાં જ છે?

પૂજ્ય ગુરુદેવ :—બન્ને એક સમયમાં જ છે. સ્વનો આશ્રય લઈને જેટલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં તેટલી સંવર-નિર્જરા છે અને જેટલી પરાશ્રિતતા છે તેટલો રાગ છે, તે વ્યવહાર છે. આમ નિશ્ચય–સંવર-નિર્જરા અને વ્યવહાર–રાગ બન્ને એક સમયમાં જ સાધકને હોય છે.

ભગવાન કહે છે કે તું સઘળોય વ્યવહાર છોડી દે. બંધ અધિકારમાં આચાર્ય કહે છે કે ભગવાને પરદ્રવ્યને મારી–જીવાડી શકું છું એવો મિથ્યા-અધ્યવસાયરૂપ વ્યવહાર છોડાવ્યો છે તેમાં અમે તો કહીએ છીએ કે ભગવાને પરાશ્રિત એવો સઘળો વ્યવહાર છોડાવ્યો છે એટલે વ્યવહારની સન્મુખતા જ છોડાવી છે.

એક છૂટવાનો ઉપાય અને એક બંધનું કારણ એવા નિશ્ચય–વ્યવહાર બંને એક સાથે જ છે, જ્ઞાનધારા અને કર્મધારા બંને સાથે ચાલી રહી છે. પણ તે બંને ભિન્ન છે, વ્યવહાર નથી એમ નથી, વ્યવહાર છે પણ તે છોડવાલાયક છે તેમ જાણો!

ચોથું, પાચમું, છઠ્ઠું એમ ગુણસ્થાનમાં ભેદ છે તે વ્યવહારનયનો જ વિષય છે. ત્રિકાળ સ્વભાવ નિશ્ચય છે તેમાં સમ્યગ્દર્શનની પર્યાય પણ ભેદ છે–વ્યવહાર છે. તેને ન માને તો તીર્થ જ રહેતું નથી. માટે વ્યવહાર છે પણ તે આદરવા લાયક નથી.

છોકરાએ કથાનું પુસ્તક વાંચવા માંડયું હોય, ખૂબ રસ પડયો હોય અને વાંચતાં–વાંચતાં ચાર–પાંચ પાના બાકી હોય ત્યાં પિતા કાંઈ કામ સોંપે તો વાંચવાનું પડતું મૂકીને કામ કરવા જવું પડે પણ તેને લગની એક જ હોય કે ક્યારે કામ પતે ને હું કથા પૂરી કરું? એમ ધર્મીએ શુદ્ધ જ્ઞાયકને ધ્યેય બનાવ્યો છે તેમાં વચ્ચે રાગાદિ આવી જાય છે પણ તેને લગની એક જ છે કે ક્યારે હું રાગથી છૂટીને મારા સ્વભાવમાં એકાગ્ર થઈ જાઉં? અંતરથી પ્રભુનો રંગ લાગ્યો તે હવે કેમ છૂટે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મીને રાગ આવે છે પણ તેમાં એકાકાર થતાં નથી, સ્વામી થતાં નથી, તેનાથી જુદાં જ રહે છે. અતીન્દ્રિય આનંદનાં આસ્વાદી ધર્મીને શરીરના નિભાવ માટે ભોજનનો વિકલ્પ ઉઠે છે તો ભોજન લે છે પણ અંતરમાં તે ભોજન પ્રત્યે સન્મુખતા નથી.

અહો! પરમાત્મપર્યાય મારી પરમાત્મશક્તિમાંથી નીકળે છે, હું પૂર્ણાનંદનો નાથ છું એવી શ્રદ્ધા–જ્ઞાન સહિત ધર્મી બોલે છતાં અબોલ છે, પરદ્રવ્યની કોઈપણ ક્રિયા થાય તેના સ્વામી થતાં નથી. સિદ્ધપ્રતિમાને દેખતાં છતાં દેખતાં નથી. કેમ? કેમ કે ભગવાનના દર્શનના વિકલ્પ પ્રત્યે તેની સન્મુખતા નથી. તેની સન્મુખતા તો એક જ્ઞાયક તરફ છે.

આત્માના આશ્રય વિના ત્રણકાળમાં કદી જન્મ-મરણનો અંત આવતો નથી. ભલે સાક્ષાત્ ભગવાનનો આશ્રય લે તોપણ જન્મ-મરણનો અંત આવતો નથી. પોતાની ભક્તિથી જન્મ-મરણનો અંત આવે છે અને ભગવાનની ભક્તિથી શુભભાવ થાય છે. સમ્મેદશિખરની યાત્રાથી ૪૯ ભવે મોક્ષ થાય છે કે શત્રુંજયમાં સ્નાન કરવાથી ભવનો અભાવ થાય છે એ બધી વાતો જૂઠી છે. આખી જિંદગી વ્રત પાળો, તપ કરો, યાત્રા કરો તોપણ તેનાથી મુક્તિ મળતી નથી. એક સ્વાશ્રય વિના કોઈથી મુક્તિ નથી. મુક્તિ તો શું પણ સંવર-નિર્જરા પણ પરાશ્રિતભાવથી થતી નથી.

શ્રોતા :—શાસ્ત્રમાં ઘણી જગ્યાએ ભગવાનના આશ્રયે મુક્તિ કહી છે. છઢાળામાં પણ વ્યવહારમોક્ષમાર્ગને નિશ્ચયનું કારણ હેતુ કહ્યો છે. અને આપ કહો છો પરાશ્રિત ભાવ–વ્યવહાર નિશ્ચયનું કારણ નથી.

પૂજ્ય ગુરુદેવઃ—એ તો શાસ્ત્રમાં નિમિત્તથી કથન કર્યું હોય ત્યાં એવી વાત આવે. ઉપાદાનથી કાર્ય થાય તેમાં જે અનુકૂળ હોય તેને નિમિત્તકારણ તરીકે આરોપ અપાય છે. ઘડો બને તેમાં કુંભાર અનુકૂળ નિમિત્ત કહેવાય અને ઘડાની પર્યાય તેને અનુરૂપ કહેવાય, પણ ત્રણકાળ ત્રણલોકમાં કુંભાર ઘડો બનાવી શકતો નથી એ નિશ્ચય છે.

અહીં તો કહે છે કે રાગનો ઉત્પાદ થાય તોપણ ધર્મીની દૃષ્ટિ જ્ઞાયક પરથી છૂટીને રાગ તરફ અભિમુખ થતી નથી. રાગ પોતાથી થાય છે, કર્મથી નહિ. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ!' અગ્નિ લોઢાનો સંગ કરે છે તો તેને ઘણના ઘા પડે છે તેમ આત્મા કર્મનો સંગ કરે છે માટે દુઃખી થાય છે, તેમ ધર્મીને રાગ છે તેટલું દુઃખ છે પણ રાગની અભિમુખતા નથી.

આ તો ન્યાયમાર્ગ છે ભાઈ! સંતો પણ ભગવાને કહેલાં ન્યાયથી જ વાત કરે છે પણ લોકોએ માર્ગને મરડી નાંખ્યો છે. પાંચ-પાંચ લાખના બે–ત્રણ મંદિર બંધાવે ત્યાં લોકો તેને ધર્મીનું બિરૂદ આપી દે છે.

ષ્ટો. ૨૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાહ રે વાહ! જે સમયે જે પર્યાય થવાની છે તેને કોણ ફેરવી શકે? તેનું કોણ રૂપાંતર કરે કે કોણ કાળાંતર કરે કે કોણ ક્ષેત્રાંતર કરે! એ તો જે સમયે જે પર્યાય થવાયોગ્ય છે તેને આગળ-પાછળ કરવા ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ સમર્થ નથી. જે થાય છે તે જ્ઞાતાનું જ્ઞેય છે તેને જાણી લે! પણ મારાથી થાય છે એમ માનવું રહેવા દે.

દિગંબર સંતોની વાત પૂર્વાપર અવિરોધી હોય. તેમાં કોઈને કયાંય વિરોધ ન આવે. સંતો બધાં વીતરાગના વારસદાર છે. સંતો કહે છે કે ભગવાન આમ કહે છે કે સ્વાશ્રયથી જ લાભ છે, પરાશ્રયથી બિલકુલ લાભ નથી. શાસ્ત્ર પણ આમ જ કહે છે, મુનિઓ પણ આમ જ કહે છે, માર્ગ પણ આમ જ છે અને વસ્તુની સ્થિતિ પણ એમ જ છે. તેમાં કયાંય પરસ્પર વિરોધ નથી.

જેટલી સ્વસન્મુખતા થાય છે તેટલો મોક્ષમાર્ગ છે અને જેટલી પરસન્મુખતા છે તે બંધમાર્ગ છે.

પૂજ્યપાદસ્વામી ધર્મીનું સ્વરૂપ બતાવતાં કેવો સરસ ઇષ્ટ ઉપદેશ આપે છે કે:—

લોકો શક્તિની પૂજા કરવાનું કહે છે ને! આ ચૈતન્યશક્તિની પૂજા કરવાની છે. ચૈતન્ય પોતે ઇશ્વર છે તેનો આશ્રય લેવાથી હિત છે.

ધર્મીને જ્યાં સુધી પૂર્ણ સ્વાશ્રયભાવ ન થાય ત્યાં સુધી પરાશ્રયભાવ છૂટતો નથી તેથી ભગવાનની પૂજા–ભક્તિનો ભાવ આવ્યા વગર રહેતો નથી પણ તે ભાવથી લાભ છે એમ નથી. તેમ સ્વાશ્રયભાવ છે માટે તે શુભભાવ છે એમ પણ નથી અને તે શુભભાવ છે માટે સંવર–નિર્જરા છે એમ પણ નથી.

આમ, નિશ્ચય-વ્યવહાર બંને છે. નથી એમ નથી પણ વ્યવહાર છે તે ધર્મીને હેયબુદ્ધિએ હોય છે તેનો જો નિષેધ કરે તો તત્ત્વનો જ નિષેધ થાય છે. કેમ કે જ્યાં સુધી પૂર્ણતા ન થાય અને મનનું અવલંબન છે, ત્યાં સુધી મનમાં શુભભાવ આવ્યા વગર રહે નહિ. માટે કોઈ એમ કહે કે ધર્મીને શુભભાવ હોય જ નહિ તો તે ધર્મને સમજતો જ નથી. તેની દૃષ્ટિ જ જૂઠી છે. તે તત્ત્વને સમજતો નથી, વ્યવહાર સમજતો નથી, નિમિત્તને સમજતો નથી. આવી વસ્તુસ્થિતિ છે ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૪૭ ]

# "શરીરનું પણ વિસ્મરણ"

[ તા. ૨૫-૫-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામીએ આપેલો આ હિતકારી ઉપદેશ છે.

ધર્માત્માને આત્મામાં જ આનંદ છે એવી શ્રદ્ધા-રુચિ થઈ ગઈ છે તેથી પોતાના આત્મા સિવાય બીજા કોઈ પદાર્થમાં કે વિષયોમાં તેને રુચિ થતી નથી.

પરમાં સુખ નથી અને ધર્મ નથી તેમ પુણ્ય પાપમાં પણ ધર્મ નથી અને સુખ નથી. એક પોતાના જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મામાં જ સુખ છે, તેને પર્યાયમાં પ્રગટ કરવું તે ધર્મ છે.

ધર્મીને અંતર આનંદની લગની લાગવાથી કેવો અભેદભાવ હોય છે અને ભેદભાવ કેમ છૂટી જાય છે તે વાત પૂજ્યપાદસ્વામી ૪૨ મી ગાથામાં કહે છે :—

**किमिदं कीदृशं कस्य कस्मात्क्वेत्यविशेषयन् ।**
**स्वदेहमपि नावैति योगी योगपरायणः ॥ ४२ ॥**

કોનું, કેવું, ક્યાં, કહીં,—આદિ વિકલ્પ વિહીન,
જાણે નહિ નિજ દેહને, યોગી આતમ-લીન. ૪૨.

અહો ! શરીરથી બાળક હો, સ્ત્રી હો, પુરુષ હો કે પશુ હો પણ તેનાથી નિરાળા પોતાના ભગવાન આત્માની જેને લગની લાગી છે તથા શ્રદ્ધા-જ્ઞાન અને તેનો અનુભવ કર્યો છે એવા ધ્યાનમાં પરાયણ જ્ઞાનીની આ વાત ચાલે છે.

ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદ જેણે એકવાર અનુભવી લીધો છે એવા ધર્મી ફરી આત્મધ્યાનમાં તલ્લીન થાય છે ત્યારે તેને આ શું છે, આત્મા કેવો છે, કોના જેવો છે એવા કોઈ વિકલ્પ ઉઠતા નથી. પરદ્રવ્યસંબંધી કે પુણ્ય-પાપભાવ સંબંધી વિકલ્પ તો નહિ પણ આત્મા સંબંધી પણ વિકલ્પ ઉઠતાં નથી, એ તો સ્વરૂપ સ્થિરતામાં જામી જાય છે.

જેમ કોઈને પકવાન ખાતાં જુએ તો તેને ભાવ પૂછી લે, કેવો લાગે છે, ક્યાંથી મળે તે બધું પૂછીને પોતે પૈસા દઈને પકવાન જોખાવીને ઘરે લઈ આવે પણ પછી પકવાન પોતે ખાતી વખતે તેના ભાવનો કે તોલ આદિનો વિચાર કરતો નથી, સ્વાદનો અનુભવ કરે છે તેમ જિજ્ઞાસુ પહેલાં આત્મા કેવો છે, ક્યાં છે, તેનો સ્વામી કોણ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેનું સ્વરૂપ શું છે વગેરે બધો નિર્ણય કરી લે છે કે હું આત્મા છું, અનંત ગુણનો પિંડ છું, અનાદિ સત્ છું, હું મારામાં જ છું–એવો નિર્ણય કર્યા પછી જ્યારે આત્માના આનંદનો અનુભવ કરે છે ત્યારે એવા કોઈ વિચાર કરતો નથી ત્યારે તો આત્માનાં આનંદમાં એકદમ લીન થઈ જાય છે.

ઇષ્ટોપદેશ તો કહે છે કે તને તારા આત્માની રુચિ લાગે એ જ પહેલાંમાં પહેલો ધર્મ છે. આવો ધર્મ આઠ વર્ષનું બાળક હો કે સ્ત્રી હો કે દેડકું હો બધાં ધર્મ પ્રગટ કરી શકે છે.

એક માખી જેવું નાનું પ્રાણી કે જેને મન નથી, કાન નથી, છતાં સાકરનાં સ્વાદમાં એવું તલ્લીન થઈ જાય છે કે તેને છોડતું નથી અને ફટકડીનો સ્વાદ લેવા રોકાતી નથી. તેમ ધર્મી પાંચ–ઇન્દ્રિયના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કે કાનના વિષયોના સ્વાદને ઝેરના સ્વાદ જાણે છે અને પુણ્યભાવને પણ ફટકડી જેવાં તુચ્છ જાણે છે તેથી તેમાં લીન થતાં નથી પણ સાકર જેમ ગળપણનો પિંડ છે તેમ આત્મા આનંદનો પિંડ છે તેનો સ્વાદ લેવામાં ધર્મી એવા લીન થઈ જાય છે કે ત્યારે બીજો કોઈ વિકલ્પ પણ કરતાં નથી.

શ્રોતાઃ—આપ કહો છો પરમાં સુખ નથી પણ ધનમાં સુખ છે એ તો પ્રત્યક્ષ દેખાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—ધનમાં ક્યાં સુખ છે બતાવો? ધન તો જડ ધૂળ છે તેમાં તો સુખ નથી પણ તેના લક્ષે જે વિકલ્પ ઉઠે છે તે પણ આકુળતા છે, દુઃખ છે. છતાં તેમાં મજા માને છે, સુખ માને છે તેને મૂઢ છે તેને સાચા સુખની ખબર જ નથી. એટલે અજ્ઞાનથી ધનાદિમાં સુખ માને છે. સમ્યગ્દ્રષ્ટિ કોઈ પરપદાર્થમાં સુખ માનતાં નથી. ભરત છ ખંડના ધણી હતાં છતાં ‘ભરતજી ઘરમે હી વૈરાગી’ હતાં, તેને એ વૈભવમાં ક્યાંય સુખ ભાસતું ન હતું. છતાં તેના તરફ વિકલ્પ જાય તેને પણ ધર્મી રોગ માને છે, ઉપસર્ગ માને છે, અગ્નિ માને છે.

જેમ જેમ આત્મા પોતાના સ્વરૂપની સંભાળમાં આવતો જાય છે તેમ તેમ તેને અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થતી જાય છે, તેનું જ નામ નિર્જરા છે. શુદ્ધિ થવી તે સંવર અને શુદ્ધિમાં વૃદ્ધિ થાય તેને નિર્જરા કહેવાય છે.

ગાથા બહુ ઊંચી છે ભાઈ! માખણ છે. કરવા જેવું તો આ જ છે. લાખ ભવ થાય કે અનંત ભવ થાય પણ આ સમજ્યા વિના મુક્તિ નથી. સમજીને, વિચારીને આત્માને ઓળખીને તેમાં લીન થવું તે જ એક કરવા જેવું કાર્ય છે. આવું કાર્ય જેણે કર્યું છે એવા યોગીને આત્મધ્યાનમાં કેવી તત્પરતા હોય તેની અહીં વાત ચાલે છે.

આત્મભાન થયાં પછી જે સ્વરૂપમાં તત્પર થયાં છે એવાં વીર્યવાન યોગીને તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વખતે શરીરનું પણ લક્ષ રહેતું નથી. જુઓ! ગજકુમાર મુનિને માથે સગડી બળે છે પણ તેનું લક્ષ પણ નથી. નિર્વિકલ્પ અનુભવમાં એટલો પણ વિકલ્પ આવતો નથી કે હું અનુભવ કરનારો અને આ મારી અનુભવની પર્યાય છે. આવો નિર્વિકલ્પ અનુભવ થાય તે યથાર્થ ધર્મ છે.

નિર્વિકલ્પ શુદ્ધ આનંદકંદનો પ્રેમ છોડીને જે શુભરાગમાં પ્રેમ કરે છે તેણે આત્માનું ખૂન કર્યું છે.—આત્માની દશા તેમાં હણાય છે. પરને તો કોઈ મારી પણ શકતું નથી, બચાવી શકતું નથી અને દયા પણ કરી શકતું નથી. પોતાના ચૈતન્યપ્રાણને હણતો બચાવીને પોતે સ્વદયા કરી શકે છે. તે જ કરવાનું છે.

પ્રભુ! તારા પૂર્ણાનંદસ્વરૂપનો અનાદર કરીને શુભરાગની ક્રિયામાં ધર્મ માને છો તેમાં તારું મિથ્યાત્વ પુષ્ટ થાય છે. અહીં તો કહે છે શુભજોગમાં ધર્મ તો નથી, સુખ નથી પણ દુઃખ છે, ઝેર છે. શુભજોગથી પણ પાર એવા ચૈતન્યનો નિર્વિકલ્પ અનુભવ કરવો તે ધર્મ છે. ચોથા ગુણસ્થાને આવો ધર્મ પ્રગટ થાય છે.

અરે! આ હિત કરવાનો કાળ આવ્યો છે. આ ભવ ભવના અભાવ માટે છે તેને બદલે ભવના ભાવ કરે છે તે પોતાનું મહાન અહિત કરી રહ્યો છે. આ તત્ત્વ તો એવું છે કે તેની ચર્ચા કરીને નિર્ણય કરવાની જરૂર છે. આ તો પરમ સત્ય ઉપદેશ છે ભાઈ! પંચમકાળના મુનિ પંચમકાળના જીવોને આ ઉપદેશ આપી રહ્યાં છે.

અહો! મુનિ કોને કહે? કે જેને પ્રચુર સ્વસંવેદન વર્તી રહ્યું છે. જે છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં ઝૂલી રહ્યાં છે એવા મુનિ આ ઉપદેશ આપે છે.

આત્મામાં કેટલી તાકાત છે! કેવળજ્ઞાનની તાકાતની તો વાત જ શી કરવી પણ મતિજ્ઞાનમાં પણ કેટલી તાકાત છે! જાતિસ્મરણ છે તે મતિજ્ઞાનની ધારણાનો વિષય છે. શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થયું તો આઠ ભવ પહેલાં પોતે ભગવાન ઋષભદેવના જીવના શ્રીમતી રાણી હતાં તે બધું એવું જ્ઞાનમાં આવ્યું કે તેમાં કોઈ શંકાને સ્થાન નહિ. કેવળજ્ઞાનીનું જ્ઞાન ન ફરે તેમ આ પરોક્ષ એવા મતિજ્ઞાનની ધારણામાંથી આવેલું જાતિસ્મરણ ફરતું નથી.

ભગવાનને જોતાં શ્રેયાંસકુમારને એટલો ઉલ્લાસ આવી ગયો કે જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું. આઠ ભવ પહેલાંનું તો આ શરીર ન હતું છતાં તેને જોતાં ખ્યાલમાં આવી ગયું કે આ જ જીવ આઠ ભવ પહેલાં મારા પતિ તરીકે હતો. પછી તો આહારદાનની વિધિ પણ ખ્યાલમાં આવી અને વિધિસર ભગવાનને આહારદાન આપ્યું. અહીં તો એ કહેવું છે કે બહારના ભગવાનને જોતાં ભવની જાતિનું જ્ઞાન થઈ ગયું તો આત્મભગવાનને જોતાં આત્મજાતિનો અનુભવ કેમ ન થાય? થાય જ. એ અનુભવમાં શરીરનું પણ લક્ષ છૂટી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું પલટાઈ જવા છતાં, વર્ષોના વર્ષો વીતી જવા છતાં પરોક્ષ એવા મતિજ્ઞાનનો પણ કેટલો વિકાસ થાય છે કે તે પહેલાંની બધી વાત જાણી લે છે-નિઃશંકપણે જાણી લે છે તો અચિંત્ય એવા કેવળજ્ઞાનની મહિમાનું શું કહેવું? તો એવું કેવળજ્ઞાન જેમાંથી થાય છે એવા આત્માની મહિમા કેટલી? આવા નિજ આત્માને જોવાનું તને મન થતું નથી? ઘરમાં લાખ રૂપિયાના દાગીના લાવ્યાં તેને પણ આખું કુટુંબ અને પાડોશીઓ જોવા આવે છે તો આવા ચૈતન્યનિધાનને જોવાનો તને ઉલ્લાસ કેમ નથી આવતો?

આવા અનંત જ્ઞાનાદિ ગુણસંપન્ન આત્મા કેવો છે? કે સિદ્ધ જેવો છે તેને બીજા કોની ઉપમા લાગુ પડી શકે! તે આત્માનો સ્વામી કોણ છે કે હું જ છું, મારી સ્વસ્વરૂપ લક્ષ્મીનો સ્વામી હું છું. સ્વસ્વામીસંબંધ મારો મારામાં જ છે. આવો આત્મા કોનાથી થયો? કે અનાદિ સત્તાથી હું છું જ. મારી સત્તાથી હું સદાય બિરાજમાન છું. કોઈ બીજાની સત્તાથી હું થયો નથી. આ આત્મા ક્યાં રહે છે? કે પોતાના અસંખ્યપ્રદેશમાં રહે છે. આવા બધાં પ્રશ્નોનો વિકલ્પાત્મક નિર્ણય પહેલાં જેણે કરી લીધો છે તે પછી એ વિકલ્પને પણ છોડીને નિર્વિકલ્પ થાય છે ત્યારે આવા કોઈ વિકલ્પ કરતો નથી.

અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપની જેને રુચિ જામી છે તેને નિર્વિકલ્પ અનુભવમાં વિકલ્પ ઉઠતાં નથી અને જો વિકલ્પ ઉઠે તો એકાગ્રતા થાય નહિ અને એકાગ્રતા ન થાય તો નિર્જરા પણ ન થાય. વિકલ્પનું ઉત્થાન થાય એ તો બંધનું કારણ છે. ભગવાન આત્મા અબંધસ્વભાવી છે. રાગ સંસારનું બીજ છે અને ભગવાન આત્મા મોક્ષનું બીજ છે તેમાં એકાગ્ર થતાં મોક્ષ થાય છે.

અકષાયસ્વરૂપ વીતરાગબિંબ ભગવાન આત્મામાં એકાગ્રતા કરતાં પરમ સમરસીભાવ-વીતરાગીપર્યાય પ્રગટ થાય છે. આવી સમરસી પર્યાયને પ્રાપ્ત એવા યોગી શરીરનું પણ લક્ષ કરતાં નથી, શરીરની ચિંતા કે પરવાહ કરતાં નથી. જો કે પહેલાં પણ સમકિતી શરીરની ચિંતા તો કરતાં નથી પણ કમજોરીવશ શરીરને ઠીક રાખવાનો વિકલ્પો ઉઠતો હતો તે હવે નિર્વિકલ્પ અનુભવમાં વિકલ્પ પણ ઉઠતો નથી.

આનંદના અનુભવમાં એકાગ્ર યોગીને શરીરનો પણ વિકલ્પ ઉઠતો નથી, તો શરીરથી ભિન્ન હિતકારી-અહિતકારી અન્ય વસ્તુનો વિકલ્પ તો ક્યાંથી ઉઠે? શરીરની જ્યાં દરકાર નથી ત્યાં આ અહીં કાંકરી વાગે છે કે પવન નથી આવતો, સિંહ-વાઘની ત્રાડ આવે છે, આ સ્થાન સારું નથી એવાં કોઇ વિકલ્પ યોગીને ઉઠતાં નથી.

આવી જ વાત તત્ત્વાનુશાસનના ૧૭૨માં શ્લોકમાં મુનિરાજ કહે છે કે ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદરૂપ લાડુનો જ્યારે અનુભવ કરે છે ત્યારે આત્મામાં આત્માને જોવાવાળા યોગીને બાહ્ય પદાર્થો હોવા છતાં અંતર એકાગ્રતા એટલી છે કે તે પદાર્થોનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને ખ્યાલ પણ હોતો નથી. જુઓ! બાહ્ય પદાર્થ નથી એમ નથી. બાહ્યપદાર્થ તો છે પણ તે તેની અસ્તિમાં છે, આત્મામાં તેની નાસ્તિ છે.

અન્યમતીમાં કહે છે કે જીવની મુક્તિ થાય એટલે જ્યોતમાં જ્યોત ભળી જાય છે. તો તેમાં તો ખરેખર જીવની મુક્તિ થતી નથી પણ જીવની સત્તાનો જ નાશ થાય છે. એમ કદી ન હોઈ શકે. મોક્ષમાં દરેક સિદ્ધની સત્તા જુદી-જુદી છે. પોતાના સ્વરૂપથી શૂન્યતા કદી કોઈની થતી નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવથી અશૂન્ય છે અને પર-સ્વભાવથી શૂન્ય છે, એ બંને પદાર્થના સ્વભાવ છે.

આનંદનો પિંડ પ્રભુ અસ્તિ છે તેમાં એકાગ્ર થવાથી વિકલ્પની નાસ્તિ થાય છે અને શુદ્ધતા પ્રગટ થાય છે તેનું જ નામ સંવર-નિર્જરા છે.

અહીં તો કહે છે કે બાહ્ય પદાર્થ તો બધાં છે પણ આત્મામાં એકાગ્ર હોવાના કારણે યોગીને તે કોઈ પદાર્થનો ખ્યાલ રહેતો નથી. અહીં અદ્વૈતબ્રહ્મ જેવી વાત નથી કે કોઈ પદાર્થ છે જ નહિ, એક બ્રહ્મ જ છે. જો એમ હોય તો તો આત્માનું પણ અસ્તિત્વ ન રહે.

અહો! આ ધર્મકથા-અમૃતકથા છે.

યોગીઓ પોતાના આત્મામાં વિશ્રામ લઈને સંસારનો થાક ઉતારે છે. આત્મામાં જ ખરેખર અપૂર્વ વિશ્રામ મળે છે માટે આત્મા જ વિશ્રામધામ-મોક્ષધામ છે. યોગી આવા વિશ્રામ ધામમાં એકાગ્ર થાય છે ત્યારે તેને શરીરનું પણ લક્ષ રહેતું નથી તો બીજી કઈ વસ્તુનું લક્ષ રહે? આત્મા કેવો, ક્યાં રહે છે, કોણ છે, એનો નિર્ણય પહેલાં કર્યો છે, પણ તેનો વિકલ્પ એકાગ્રતામાં આવતો નથી.

પૂજ્યપાદસ્વામીની આ વાત સાંભળીને શિષ્યને આશ્ચર્ય થાય છે કે અહો! યોગીની આવી દશા કેવી રીતે થઈ જાય છે? આવી દશા થવી કેમ સંભવે? આ પ્રશ્નનો ઉત્તર આગળની ગાથામાં કહેવાશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવચન નં. ૪૮ ]

# સ્વ-વિશેષોનું લક્ષ પણ છોડ

[ તા. ૨૬-૫-૬૬ ]

શ્રી ઇષ્ટોપદેશ ચાલે છે. ૪૨ ગાથા પૂરી થઈ, તેમાં એ સાર આવ્યો કે જે આત્મા સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં લીન થાય છે તેને સંવર-નિર્જરા વિશેષ થાય છે.

જે સ્વરૂપમાં લીન છે એવા યોગીને કોઈ જાતના વિકલ્પો આવતાં નથી. અરે ! પોતાના શરીરનો પણ ખ્યાલ રહેતો નથી તો બીજી અન્ય શરીરને હિતકારી-અહિતકારી વસ્તુનો ખ્યાલ તો કયાંથી રહે ? આવી નિર્વિકલ્પ અવસ્થામાં યોગીને સંવર-નિર્જરા વિશેષ થાય છે.

આ સાંભળી શિષ્યને આશ્ચર્ય થાય છે કે યોગીની આવી વિલક્ષણ વિભિન્ન અવસ્થા કેવી રીતે થઈ જતી હશે ?

શિષ્યનું આશ્ચર્ય જોઈ આચાર્યદેવ ૪૩ મી ગાથામાં તેનો ઉત્તર આપે છે કે હે બુદ્ધિમાન ! તું સાંભળ !

**यो यत्र निवसन्नास्ते स तत्र कुरुते रतिं ।**
**यो यत्र रमते तस्मादन्यत्र स न गच्छति ॥ ४३ ॥**

જે જ્યાં વાસ કરી રહે, ત્યાં તેની રુચિ થાય,
જે જ્યાં રમણ કરી રહે, ત્યાંથી બીજે ન જાય. ૪૩.

જે જ્યાં નિવાસ કરવા લાગે છે ત્યાં જ તેને ગમી જાય છે, ત્યાં જ તેનું મન લાગી જાય છે, તેથી પછી ત્યાંથી તે હટતો નથી.

લૌકિકમાં પણ એવું આપણે જોઈએ છીએ કે એક ઝૂંપડું હોય પણ ત્યાં જે વર્ષોથી રહેતો હોય તેને તેમાં એવું ફાવી ગયું હોય અને એવું ગમી ગયું હોય કે ઝૂંપડું છોડીને બીજે રહેવા જવું તેને ગમતું નથી.

અમારે ઉમરાળામાં એક માણસે પરિસ્થિતિવશ પોતાનું મકાન વેચી દીધું પણ પછી પોતાને પૈસા થઈ ગયા તો તેની માતા કહે છે, ભાઈ! આપણું જૂનું મકાન તું પાછું લઈ લે. તો ૧૫૦૦ રૂપિયાનું મકાન દશહજારમાં પણ એ માણસ પાછું લઈ લે છે. કેમ કે જે જ્યાં વર્ષો સુધી રહ્યાં હોય ત્યાં જ તેને ગમે છે, ત્યાંથી હટવું તેને ગમતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમ અહીં એ જ વાત આચાર્ય ઉદાહરણથી સમજાવે છે કે જે મનુષ્ય, જે નગરમાં પોતાના સ્વાર્થની સિદ્ધના હેતુથી, બંધુજનોના આગ્રહથી, નિવાસી બનીને રહેવા લાગે છે ત્યાં જ તે આનંદ માને છે એટલે કે ત્યાં જ તેને ગમી જાય છે તેથી તે નિવાસ છોડીને તે બીજે ક્યાંય નિવાસ કરતો નથી. આવો અનુભવ તો જગતમાં બધાંને હોય છે. તેમ આત્મામાં રહેવાવાળા યોગીને પૂર્વે કદી નહિ અનુભવેલો એવો અપૂર્વ આનંદ પ્રાપ્ત થતો હોવાથી યોગી આત્મા સિવાય ક્યાંય લીન થતો નથી.

વિષયસુખમાં તો ધર્મીને આકુળતા લાગે છે અને આત્મામાં નિરાકુળતા લાગે છે, વિષયસુખ તો પરાધીન લાગે છે અને આત્મિક આનંદ સ્વાધીન લાગે છે. વળી ઇન્દ્રિયના વિષયોના સુખમાં તો બંધ થાય છે જ્યારે આત્માના અતીન્દ્રિય સુખના અનુભવમાં બંધનો છેદ થાય છે. તેથી ધર્મી પોતાની સ્વાધીન, અનાકુળ આનંદ સ્વરૂપ પેઢી છોડીને બીજાં કોઈ વિષયોમાં જવા માગતાં નથી.

અજ્ઞાની જીવને એક તુચ્છ વિષયમાં પણ જો પ્રીતિ લાગી જાય તો તેમાંથી છૂટવું ગમતું નથી તો જ્ઞાનીને આવા નિરાકુળ સ્વાધીન અતીન્દ્રિય સુખનો પ્રેમ લાગ્યો છે તેને તે કેમ છોડે? વળી, તેમાં તો ધર્મીને કર્મોની નિર્જરા પણ વિશેષ થાય છે તો તેને ધર્મી કેમ છોડે? ન જ છોડે.

ત્રિકાળ એકરૂપ શુદ્ધ ધ્રુવ નિજ આત્મસ્વભાવની દૃષ્ટિ કર્યા વગર સમ્યગ્દર્શન થતું નથી. અભેદસ્વભાવની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે જ ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થાય છે, તે પ્રમાણજ્ઞાન છે. નિશ્ચય અને વ્યવહાર બે નય તે પ્રમાણના અવયવ છે અને પ્રમાણ અવયવી છે માટે વ્યવહાર હોય તો નિશ્ચય થાય એ વાત તદ્દન જૂઠી છે. જૈન-દર્શનનો ત્રિકાળ મહા સિદ્ધાંત એક જ છે કે ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. નિશ્ચય પ્રથમ હોય પછી જ વ્યવહાર હોય. વ્યવહાર પહેલાં ને પછી નિશ્ચય એ વાત ત્રણકાળમાં કદી ન હોઈ શકે. વસ્તુનું સ્વરૂપ જ એવું નથી.

દિગંબર ધર્મ તો અનાદિથી એકરૂપે જ ચાલ્યો આવે છે તેમાં બે હજાર વર્ષ પહેલાં ૧૨ વર્ષનો દુકાળ પડયો તેમાં કેટલાંક દિગંબર મુનિઓ પણ કપડાં વિના નભી ન શકયાં અને વસ્ત્ર રાખીને મુનિપણું મનાવવા લાગ્યાં તો તેની દૃષ્ટિ પણ પલટી ગઈ. નિશ્ચય પ્રથમ ને બદલે પહેલાં વ્યવહાર હોય તો નિશ્ચય થાય એવી ઊંધી દૃષ્ટિ થઈ ગઈ અને શ્વેતાંબર મત તેમાંથી શરૂ થયો.

અંતર્દૃષ્ટિપૂર્વક મુનિપણું લે તેને વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ ઉત્પન્ન થાય જ નહિ એવી વસ્તુસ્થિતિ છે. મુનિપણાની દશા જ એવી હોય કે વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ હોય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ નહિ છતાં દૃષ્ટિ ફરી ગઈ તો તે મુનિઓને એવો રાગ આવ્યો તેમાં ધર્મ પલટાઈ ગયો. વ્યવહાર પ્રથમ કેવી રીતે હોઈ શકે? અવયવી વિના અવયવ ક્યાંથી હોય? શરીર વિના હાથ-પગ ન હોય તેમ પ્રમાણજ્ઞાનરૂપ અવયવ વિના નિશ્ચય-વ્યવહારરૂપ નય–અવયવ ન હોઈ શકે? પ્રમાણજ્ઞાન જ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સમ્યગ્દર્શનની સાથે પ્રગટ થાય છે.

સમયસારની ૧૧ મી ગાથામાં ત્રણકાળ ત્રણલોકમાં કદી ન ફરે તેવો જૈનદર્શનનો અફર સિદ્ધાંત છે 'भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो' નિશ્ચયથી નિમિત્ત, રાગ અને ગુણ-ગુણીના ભેદથી પણ રહિત અભેદ ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તેની સાથે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે, તેના બે ભાગ છે. સામાન્યને જોવાવાળા નયને નિશ્ચય કહે છે અને વિશેષને જોવાવાળા નયને વ્યવહાર કહે છે અને એક સાથે બંનેને જાણે તેને પ્રમાણજ્ઞાન કહેવાય છે.

મુખ્ય તે નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે, સામાન્ય સ્વભાવ તે મુખ્ય છે, તેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે સાથે સમ્યગ્જ્ઞાન થાય છે તેમાં આ બે નય હોય છે.

જેને આત્માનો વિશ્વાસ આવી જાય છે તેને આત્મા સિવાય ક્યાંય આનંદ ભાસતો નથી, પોતાના નિરાકુળ સ્વભાવ પાસે વિષયો આકુળતારૂપ લાગે છે, સ્વાધીન સ્વભાવ પાસે બીજું બધું પરાધીન લાગે છે અને સ્વાશ્રયથી નિર્જરા થાય છે અને પરાશ્રયથી બંધ થાય છે એવું જાણતા જ્ઞાની સ્વભાવ છોડીને બહાર કોઈ પણ વિષયોમાં જવા માગતાં નથી.

આવા અતીન્દ્રિય આનંદના અનુભવની જેને પુષ્ટિ થઈ ગઈ છે, ક્ષણે-ક્ષણે આનંદનો અનુભવ થઈ રહ્યો છે તે આનંદ છોડીને બીજે બહારનો આનંદ લેવા માટે શું કામ જાય? જે એકવાર માંડ અગ્નિમાંથી નીકળીને પાણીમાં ગયો તે ફરી પાછો અગ્નિમાં શું કામ જાય? ન જ જાય. તેમ જે અતીન્દ્રિય આનંદમાં મસ્ત થયાં તે સંકલ્પ-વિકલ્પમાં શા માટે આવે?

સંસારના વિષયોના લંપટીઓ સ્ત્રી-પુત્રાદિમાં કેવા લીન હોય છે કે તેની પાસે પોતાનું દુઃખ પણ ભૂલી જાય છે. સ્ત્રી-પુત્રાદિને કાંઈક ઠીક ન હોય તો તેની ચિંતા કર્યા કરે અને પોતાને જો એ પૂછે કે તમને કેમ છે? તો એમ કહે કે મારું તો કાંઈ નહિ પણ તમને કેમ છે એ વાત કરો. આવા તો સંયોગોમાં લીન હોય છે. પરની પ્રીતિમાં પોતાનું દુઃખ પણ ભૂલી જાય છે.

શ્રોતા :–એ તો લાગણી કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવ :-એ તો ધૂળની-દુઃખની લાગણી છે. એ તો આત્માને દુઃખરૂપ છે પણ એવી સુખની લાગણી થવી જોઈએ તો તેમાં આત્માનું હિત થાય.

જે જ્યાં રહે ત્યાં તેની રુચિ થાય....જ્યાં જરૂરિયાત જણાય ત્યાં વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ.

પ્રભુ ! તુમ જાણગરીતી સહુ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ....

હે નાથ! આપ તો અમારી સત્તા પણ શુદ્ધ જુઓ છો! એવી નિજ શુદ્ધ....શુદ્ધ પવિત્ર સત્તાની દૃષ્ટિ અને લીનતા થાય તેને બહારમાં કેમ રુચે? અંતરમાં જ એવી રુચિ જામે કે ત્યાંથી બહાર જ ન નીકળે. આ રીતે આવી દશા થવી સંભવિત છે, અસંભવિત નથી.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે યોગી આત્મા સિવાય બીજે પ્રવૃત્તિ ન કરે ત્યારે શું થાય છે તે કહો. તેનો ઉત્તર યોગીન્દ્રદેવ ૪૪ મી ગાથા આપે છેઃ—

**अगच्छंस्तद्विशेषाणामनभिज्ञश्च जायते ।**
**अज्ञाततद्विशेषस्तु बद्धयते न विमुच्यते ॥ ४४ ॥**

વિશેષોથી અજ્ઞાત રહી, નિજ રૂપમાં લીન થાય,
સર્વ વિકલ્પાતીત તે, છૂટે, નહિ બંધાય. ૪૪.

જેને નિજ સ્વરૂપમાં બિરાજમાન આનંદપ્રભુની દૃષ્ટિ થઈ છે એવા અધ્યાત્મી જીવને પરમાનંદસ્વરૂપ આત્માની એવી લય લાગી છે કે તેને છોડીને તે બહારમાં શરીરની સુંદરતા-અસુંદરતા કે અનુકૂળતા-પ્રતિકૂળતાનો વિચાર પણ કરતાં નથી.

ધર્મી ભલે બહાર લડાઈમાં ઉભા હોય પણ દૃષ્ટિ એક ધ્રુવ ઉપરથી ખસતી નથી. દૃષ્ટિ પોતાના વિશેષ સ્વભાવ-પર્યાય ઉપર પણ જતી નથી તો શરીરાદિ બાહ્ય પદાર્થોની વિશેષ અવસ્થા ઉપર તો દૃષ્ટિ કયાંથી જાય? પોતાના વિશેષનો પણ આદર નથી તો પરના વિશેષનો આદર કયાંથી હોય?

ધર્મીને પોતાના પુરુષાર્થની નબળાઈને કારણે પોતાના વિશેષને જોતાં થોડાં રાગ-દ્વેષ થઈ જાય છે, તેમ પરના વિશેષમાં પણ રાગ-દ્વેષ થઈ જાય છે પણ તે રાગ-દ્વેષ પરના વિશેષથી થાય છે એમ નથી પણ પોતાની નબળાઈથી થાય છે. જુઓ, ઇષ્ટઉપદેશમાં પણ કેવી સૂક્ષ્મ વાત કરે છે!

સમ્યગ્દર્શન થતાં શુદ્ધાત્માની દૃષ્ટિના માણેકસ્તંભ તો રોપાઈ જાય છે પછી આત્માની વિશેષ લગની લાગે છે તેની વાત ચાલે છે. લગનમાં ફટાણાં કેવાં કેવાં બોલે પણ જાનૈયાને તે વિશેષનું લક્ષ નથી. સામાન્ય, એક કન્યાને લઈ જવાનું લક્ષ છે, તેમ ધર્મીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના કે પરના વિશેષ ઉપર લક્ષ નથી. ધ્રુવ સામાન્ય આનંદસ્વભાવની લગની આડે ધર્મી બીજાં કોઈને જોતાં નથી, કોઈની દરકાર કરતાં નથી.

અહો ! દિગંબર ભાવલિંગી સંતોના એક એક શ્લોક અને એક એક ભાવોનું શું કહેવું ? અલ્પ શબ્દોમાં મહાન ભાવો ભરી દીધા છે.

એકવાર જેને નિજસ્વરૂપનો અનુભવ થઈ જાય છે તેની દૃષ્ટિમાં સદાય સામાન્ય સ્વભાવ જ તરવર્યા કરે છે. તેનું પરિણમન અંતર્મુખ થઈ જાય છે, તેને બહારમાં ક્યાંય એકત્વ ભાસતું નથી. એવા ધર્મી–યોગી પોતાના અને બહારના વિશેષો તરફ દૃષ્ટિ કરતાં નથી, તેથી રાગ–દ્વેષ થતાં નથી, તેથી તેને કર્મોનું બંધન પણ થતું નથી અને કર્મોની નિર્જરા થાય છે.

અંતરસ્વભાવની દૃષ્ટિના જોરથી શુદ્ધિની વૃદ્ધિ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ બહારમાં કર્મોની નિર્જરા પણ વધતી જાય છે.

આહાહાહા....! શ્લોક બનતા હશે ત્યારે મુનિઓના હૃદય કેવું અલૌકિક કામ કરતાં હશે ? કેવા ઊંચા ભાવો થતાં હશે ! આમાંથી તો એ ભાવલિંગી સંત છે એવા ભણકાર ઉઠે છે.

પૂર્વે અજ્ઞાનદશામાં પોતાના અને પરના વિશેષ ઉપર દૃષ્ટિ હતી, પર્યાયબુદ્ધિ હતી. ત્યારે વિશેષને જોઈને જે રાગ-દ્વેષ થતાં હતાં તેને કારણે બંધ થતો હતો તે હવે દૃષ્ટિ ત્યાંથી ખસીને સામાન્ય સ્વભાવની દૃષ્ટિ થતાં વિશેષના લક્ષે થતાં રાગ–દ્વેષ બંધ થયાં અને સ્વભાવની શુદ્ધિ વધી ગઈ તેથી કર્મોની નિર્જરા થાય છે. જુઓ ! પોતાના વિશેષ ઉપરથી દૃષ્ટિ હટી ગઈ તો વિશેષમાં ઉલટી શુદ્ધિ વધી જાય છે.

વાહ રે વાહ ! મુનિરાજને શ્લોક પાછળ અમૃતના રેલમછેલ ઉછળે છે, તેમાંથી નીકળેલાં આ ભાવો છે.

ખરેખર તો પોતાના અને પરના વિશેષનું લક્ષ છોડીને નિજસામાન્ય સ્વભાવનું લક્ષ કરતાં જે જ્ઞાન થાય તે જ યથાર્થ જ્ઞાન છે. સામાન્યસ્વભાવની દૃષ્ટિના જોરમાં વિશેષમાં શુદ્ધિ વધી જાય છે, ધર્મ વધી જાય છે અને કર્મોની નિર્જરા થાય છે. વ્રતાદિના વિકલ્પકાળે જે નિર્જરા થાય છે તેના કરતાં નિર્વિકલ્પદશા વખતે નિર્જરા વધી જાય છે. એટલે ખરેખર તો વ્રતાદિના વિકલ્પથી નિર્જરા થતી નથી પણ સામાન્યના આશ્રયે જેમ જેમ શુદ્ધિ વધતી જાય છે તેમ તેમ નિર્જરા પણ વધતી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૪૯ ]

# આખા બ્રહ્માંડનું લક્ષ છોડ

[ તા. ૨૮-૫-૬૬ ]

પોતાનું હિત કેમ થાય તેનો ઉપદેશ આપનારો આ ઇષ્ટ ઉપદેશ છે. ૪૪ મી ગાથાનો વિશદ અર્થ ચાલે છે.

જે પોતાના ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં દૃષ્ટિ કરીને તેમાં એકાગ્ર થાય તેને ધર્મી કહેવાય છે. ધર્મ કરવાવાળા આ ધર્મીનો ભાવ-રુચિ સદાય પોતાના સ્વભાવ તરફ જ ઝૂકે છે.

પ્રથમ જ શબ્દ છે 'સ્વાત્મતત્ત્વ' એટલે સ્વ—પોતાનો આત્મભાવ કે જે જ્ઞાયક પરમાનંદ શુદ્ધસ્વભાવ છે તે સ્વાત્મતત્ત્વ છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ જીવના કાયમી અસલી ધ્રુવ સ્વભાવ છે, તે સ્વાત્મતત્ત્વ છે. શરીર, વાણી, મન કે શુભાશુભ વિકારી ભાવ તો સ્વાત્મતત્ત્વ નથી પણ જીવની વિશેષ અવસ્થા તે પણ પૂર્ણ આત્મસ્વભાવ નથી.

આ ઇષ્ટઉપદેશ છે, તેમાં જીવને આનંદની પ્રાપ્તિનું પ્રયોજન છે તે સ્વાત્મતત્ત્વમાં સ્થિર થવાથી સિદ્ધ થાય છે.

પરમપારિણામિક ધ્રુવ સ્વતઃસિદ્ધ સ્વાત્મતત્ત્વમાં સ્થિર થયેલાં યોગી અધ્યાત્મથી ભિન્ન શરીરાદિ અન્ય વસ્તુઓમાં પ્રવૃત્તિ નથી કરતાં, તેથી તેને આ શરીર સુંદર છે કે અસુંદર, મનોજ્ઞ છે કે અમનોજ્ઞ એવી શરીરની વિશેષ અવસ્થાઓનો ખ્યાલ રહેતો નથી.

લોકોએ આવી વાત કોઈ દિવસ સાંભળી ન હોય એટલે બેસવી આકરી પડે. એમ થાય કે શું આવો વીતરાગમાર્ગ હશે! વ્રત, તપ કરીએ, વાસી અથાણા ન ખાઈએ એટલે ધર્મ થઈ જાય એમ માનનારા ને આ ક્યાંથી બેસે! તેને તો મિથ્યા દૃષ્ટિ સહિત શુભ બંધન થાય પણ ધર્મ ન થાય. આત્માની ખીલવટ-આત્મલાભ ન થાય.

પ્રભુ! તારી ચીજ તો સત્ સહજ અને સરળ છે પણ તે શ્રદ્ધામાં મોંઘી માની લીધી છે, તેથી હું મારી ચીજને કેમ પ્રાપ્ત કરી શકું? એમ કરીને તેં પ્રયત્ન જ કર્યો નથી. દૃષ્ટિમાં સ્વભાવની સમીપતા કરવાને બદલે શરીર, રાગ, પુણ્ય આદિની સમીપતા કરી છે તેથી સરળ વાત અઘરી થઈ પડી છે.

ભગવાન આત્મામાં બે અંશ છે એક સામાન્ય ત્રિકાળી ધ્રુવ અંશ અને બીજો વિશેષ-પર્યાય અંશ છે, તેમાં વર્તમાન પર્યાય અંશમાં રાગ છે તેને જ જો મુખ્ય કરે તો ત્રિકાળ સામાન્ય અંશ દૃષ્ટિમાંથી ઓઝલ થઈ જાય છે અને જો સામાન્ય ત્રિકાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાનંદ સ્વભાવ અંશને મુખ્ય કરીને તેની દૃષ્ટિ–જ્ઞાન અને સ્થિરતા કરે તો પર્યાય અંશ અને પરદ્રવ્ય બધું દૃષ્ટિમાંથી ઓઝલ થઈ જાય છે. ત્યારે શરીરની વિશેષ અવસ્થાનો તો ખ્યાલ નથી રહેતો પણ પોતાની વિશેષ અવસ્થાનો પણ ખ્યાલ રહેતો નથી. કેમકે પર્યાય પોતે જ સ્વભાવ તરફ ઢળેલી છે.

મિથ્યાદૃષ્ટિને પોતાની પર્યાય અને શરીરાદિ પરદ્રવ્યની પર્યાયમાં એકતાને લીધે રાગ-દ્વેષ અને ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ થાય છે અને જ્ઞાનીને જ્યારે સ્વભાવમાં લીનતા હોય ત્યારે પોતાની કે પરની વિશેષ અવસ્થાનું લક્ષ નહિ હોવાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થતા જ નથી અને સ્વભાવનો આશ્રય લીધો હોવાથી પર્યાયમાં શાંતિ, વીતરાગતા આદિ નિર્મળતા પ્રગટ થાય છે અને તેની વૃદ્ધિ થાય છે. તેનું નામ સંવર–નિર્જરા છે. આચાર્યોએ ટૂંકામાં આખો સાર કહી દીધો છે.

શ્રોતા :—પણ બહુ સૂક્ષ્મ વાત છે પ્રભુ!

પૂજ્ય ગુરુદેવઃ—સૂક્ષ્મ પણ યથાર્થ છે ને! આ એક જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. સૂક્ષ્મ ને સૂક્ષ્મ જાણનારો છે તેને સૂક્ષ્મ કયાં રહ્યું? તેને તો માર્ગ ખૂલ્લો થઈ જાય છે. સૂક્ષ્મ છે પણ અનુભવમાં બરાબર આવે તેવો છે. જેની દૃષ્ટિ જ પરપદાર્થ અને શુભાશુભ વિકારીભાવો ઉપર છે તેને તો ભગવાન આત્મા દૃષ્ટિમાં ઓઝલ છે પણ જેણે આત્મસ્વભાવને જ દૃષ્ટિમાં લીધો તેને પછી શું બાકી રહે? જ્ઞાનમાં સામાન્યદ્રવ્ય-સ્વભાવને જ્ઞેય બનાવ્યો તેને આખો સ્વભાવ જણાય જાય છે.

અહીં તો એ કહેવું છે કે સ્વભાવમાં સ્થિર થયેલાં યોગીને સાતમાં ગુણસ્થાને જે નિર્જરા થાય છે તેટલી નિર્જરા વ્રત, તપના વિકલ્પમાં ઉભેલાં છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને થતી નથી. સ્વભાવમાં સ્થિત યોગીને સ્વ અને પરની વિશેષ અવસ્થા ઉપર લક્ષ નહિ હોવાથી ઠીક–અઠીક બુદ્ધિ થતી નથી અને તેથી રાગ-દ્વેષ પણ થતાં નથી તેથી કર્મો બંધાતા નથી અને નિર્જરા વિશેષ થાય છે. વ્રતના વિકલ્પની ભૂમિકામાં જે નિર્જરા થતી હતી તેનાથી પણ વિશેષ નિર્જરા થાય છે.

પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાને સામાન્યસ્વભાવનો આશ્રય ઓછો છે તેથી શુદ્ધિ પણ ઓછી છે અને નિર્જરા પણ ઓછી થાય છે. અને જ્યારે સામાન્યસ્વભાવનો આશ્રય વધી જાય છે ત્યારે સાતમાં ગુણસ્થાને શુદ્ધિ પણ વધી જાય છે તેથી કર્મોની નિર્જરા પણ વિશેષ થાય છે.

જીવોને આ વીતરાગધર્મનો અભ્યાસ નથી, મહિમા નથી તેથી ધર્મ સમજવો અઘરો લાગે છે વળી પરથી અને રાગથી મને લાભ થાય એવી મિથ્યા માન્યતાઓ પકડી રાખી છે તેથી સત્યધર્મ કેમ પકડાય? એક સામાન્યદ્રવ્યસ્વભાવના આશ્રયથી જ ધર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ થાય છે. વિશેષ અવસ્થાનો કે શુભભાવનો કે પરપદાર્થનો આશ્રય કરવાથી ધર્મ પ્રગટતો નથી. સામાન્યના આશ્રયથી વિશેષમાં ધર્મ પ્રગટ થાય છે. પરદ્રવ્ય કે પરભાવના લક્ષે હિત થતું નથી. સ્વભાવના લક્ષે જ હિત થાય છે. આમ ટૂંકામાં હિતનો માર્ગ બતાવીને પૂજ્યપાદસ્વામીએ કમાલ કરી છે. દિગંબર સંતોની બલિહારી છે. આખા બ્રહ્માંડનું લક્ષ છોડ! અને સ્વભાવનું લક્ષ કર તો તારું કલ્યાણ થાય. દેવ-શાસ્ત્ર-ગુરુના લક્ષે પણ આત્મામાં ધર્મ પ્રગટ થતો નથી.

જે મતિમાન છે-બુદ્ધિવાન છે, તે પરદ્રવ્ય અને પોતાના પણ વિશેષનું લક્ષ નહિ કરતાં સામાન્યનું લક્ષ કરે છે, તેથી જ તેનું હિત થાય છે. સામાન્યનું લક્ષ કરનારનો ક્ષયોપશમ ભલે થોડો હોય તોપણ તેનું હિત થાય છે. અને ક્ષયોપશમ વિશેષ હોય, દુનિયાને સમજાવી શકતો હોય પણ સામાન્યનો આશ્રય ન હોય તો હિત થતું નથી. દુનિયા સમજે તેનો લાભ દુનિયાને થાય પણ સમજાવનારને તેનાથી લાભ થતો નથી. સમજાવનારને સમજાવવાનો વિકલ્પ છે તેનો શુભબંધ થાય છે છતાં તેમાં લાભ માને તેની દૃષ્ટિ જ મિથ્યા છે.

ભગવાન! આ તારા ખ્યાલમાં બેસી જાય તેવી વાત છે. આત્મા કબૂલ કરે એવી વાત છે કે પોતાને સ્વભાવની સમીપતાથી જ લાભ થાય. પર્યાયની સમીપતાથી કે શુભ વિકલ્પથી કે બીજા જીવો સમજે તેનાથી લાભ ન થાય. તો પછી પ્રશ્ન થાય કે મંદિર આદિ બંધાવો છો શું કામ? અરે ભાઈ! એ તો થવા કાળે બધું થાય છે તેમાં જીવોનો શુભભાવ નિમિત્ત હોય છે. તેનાથી લાભ નથી પણ એવો ભાવ આવ્યા વગર રહેતો નથી. શુભભાવથી કાર્ય થતું નથી છતાં એવા શુભભાવ આવ્યા વગર રહેતાં જ નથી. એનું જ નામ વ્યવહાર છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો શુભભાવનો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. પણ મુક્તિનો માર્ગ તો એક જ છે-'સ્વાત્મનિષ્ઠતા' સ્વરૂપમાં લીનતા થવાથી જ કર્મોથી છૂટીને મુક્તિ થાય છે.

હવે ૪૫ ગાથામાં મુનિરાજ વિશેષ કહે છે કે પર તે પર જ છે તેનાથી દુઃખ થાય છે અને આત્મા આત્મા જ છે તેનાથી સુખ થાય છે. માટે સર્વ મહાત્માઓએ આત્મા માટે જ ઉદ્યમ કર્યો છે.

**परः परस्ततो दुःखमात्मैवात्मा ततः सुखम् ।**
**अत एव महात्मानस्तन्निमित्तं कृतोद्यमाः ॥ ४५ ॥**

પર તો પર છે દુઃખરૂપ, આત્માથી સુખ થાય,
મહા પુરુષ ઉદ્યમ કરે, આત્માર્થે મન લાય. ૪૫.

શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા તે સ્વ છે અને શરીર, વાણી, મન. કર્મ, સ્ત્રી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુત્ર, પરિવાર, ધન, દેવ–શાસ્ત્ર–ગુરુ આદિ બધાં આત્માથી પર છે. પુણ્ય–પાપ પરિણામ પણ પર છે.

શ્રોતાઃ—દેવ–શાસ્ત્ર–ગુરુ પણ પર છે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—જ્યાં પરિણામ પણ પર કહ્યાં તો પુણ્યના નિમિત્ત એવા દેવ–શાસ્ત્ર–ગુરુ તો પર જ હોય ને!

પર તે પર જ છે છતાં તેને પોતાના માને છે તેથી જીવને દુઃખ થાય છે. કેમ કે પર છે તે કદી પોતારૂપે થતાં નથી અને પોતે પરરૂપે થતો નથી છતાં પોતાના માને છે તેથી મિથ્યાત્વની આકુળતા જ ઉત્પન્ન થાય છે, તે દુઃખ છે. દુઃખ તો જીવને પોતાની મિથ્યા માન્યતાથી થાય છે પણ તેમાં નિમિત્ત પરદ્રવ્ય–પરભાવ હોય છે.

હું આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું તેમ દૃષ્ટિ કરતાં આત્મામાંથી આનંદ પ્રગટ થાય છે અને પર તરફ દૃષ્ટિ કરવાથી આકુળતા–દુઃખ ઉત્પન્ન થાય છે.

આ તો પ્રભુ! સમજીને સમાઈ જવાની વાત છે. ઠરવાની વાત છે. આત્મામાં ઠરવાથી જ સુખ અને આનંદ પ્રગટ થાય છે—એમ જાણતાં હોવાથી મહાત્મા જ્ઞાની પુરુષો આત્માનો જ ઉદ્યમ કરે છે.

જેટલો પરદ્રવ્યનો આશ્રયભાવ છે તે દુઃખરૂપ છે અને જેટલો સ્વભાવનો આશ્રયભાવ છે તે સુખરૂપ ભાવ છે. સ્વભાવના આશ્રયે શુદ્ધભાવ–સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યગ્ચારિત્ર જે શાંતિરૂપ–સુખરૂપ ભાવ છે તે પ્રગટ થાય છે અને પરના આશ્રયે મિથ્યાત્વનો ભાવ થાય છે કે જે દુઃખરૂપ ભાવ છે.

જેને સ્વ-આત્માનું હિત કરવું છે તેણે સ્વ-આત્મસ્વભાવ સિવાય વિકલ્પથી માંડીને બધાં પરપદાર્થનું લક્ષ છોડવું પડશે. કેમ કે તેના લક્ષથી દુઃખ ઉત્પન્ન થાય છે અને સ્વભાવના લક્ષથી સુખ ઉત્પન્ન થાય છે કે જેનું તેને પ્રયોજન છે.

શ્રીમદ્ કહે છે ને—ભગવાન આત્મા શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન છે.

“ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.”

અહીં તો ભાઈ! વીતરાગની વાત છે. કોઈ વાડા કે સંપ્રદાયની વાત નથી. વ્યક્તિ-પૂજા નથી, સત્ય જેમ છે તેમ કહેવાય છે.

કેટલાક એમ માને છે કે કાશીમાં કરવત મૂકાવે તે એકાવતારી થાય તેમ કોઈ એમ માને છે કે સિદ્ધગીરીમાં જેનું મરણ થાય તેનો મોક્ષ થાય. અરે મૂઢ! એમ કદી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષ થતો હશે! અહીં તો કહે છે કે જેમાંથી સિદ્ધપર્યાય પ્રગટ થાય છે તેવો ભગવાન આત્મા સિદ્ધગિરી-સિદ્ધાલય છે. તેની સમીપમાં જાય તેની સિદ્ધિ થાય. બાકી ૯૯ વાર શેત્રુંજયની જાત્રાથી મોક્ષ થાય એ માન્યતા બધી મૂઢતા છે. જાત્રા કરી કરીને મરી જાય તોપણ મોક્ષ ન થાય અને ભગવાન આત્માનો એકવાર પણ આશ્રય લે તેના જન્મ-મરણ ઊભા ન રહે-તેનો મોક્ષ થાય જ.

દેહ, વાણી, મન, પુણ્ય-પાપ આદિ પર છે. તે પર જ છે, તેને કોઈ પણ હિસાબે પોતાના બનાવી શકાય નહિ. આચાર્યોએ પોકારી પોકારીને આગમનું-સત્યના રહસ્યનું ઉદ્દઘાટન કર્યું છે. એમાં સમાજ સમતોલ રહેશે કે નહિ તેની પરવા કરી નથી. વ્યવહાર તરીકે વ્યવહાર છે તેનો નિષેધ કર્યો નથી પણ આદરવાનો નિષેધ કર્યો છે.

દેહાદિ પરપદાર્થને પોતાનો આત્મા બનાવી શકાતો નથી કે આત્માની જેવા પણ બનાવી શકાતાં નથી. એવી જ વસ્તુસ્થિતિ છે. છતા પરને મારા માને છે તેથી અજ્ઞાની જીવને દુઃખ જ થાય તે સ્વાભાવિક છે. પરને અપનાવવાથી કદી સુખ થઈ ન શકે. સાક્ષાત્ સર્વજ્ઞને પણ અપનાવવાથી રાગ જ થાય, સુખ ન થાય, પણ સર્વજ્ઞ જેવા જ પોતાના સ્વભાવને અપનાવવાથી સુખ અને ધર્મ પ્રગટ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૫૦ ]

## પરાશ્રયથી સંસાર, સ્વાશ્રયથી મુક્તિ

[ તા. ૨૯-૫-૬૬ ]

શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્રની આ ૪૫ મી ગાથાનો વિશદ અર્થ ચાલે છે.

શરીર આદિ દરેક પદાર્થ પર તે પર જ છે. કોઈ પણ રીતે તેને આત્મા બનાવી શકાતાં નથી કે આત્મા સમાન પણ બનાવી શકાતાં નથી. છતાં અજ્ઞાની જીવ પરને પોતાના માને છે તેથી દુઃખી થાય છે. આત્માનો આશ્રય કરવાથી જ સુખ છે અને પરનો આશ્રય કરવાથી જ દુઃખ છે.

શુદ્ધ ચૈતન્ય નિજ સામાન્ય દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ કરવાથી વિશેષમાં શુદ્ધિ પ્રગટ થાય છે, તે સુખરૂપ છે અને પરપદાર્થમાં જેટલું લક્ષ જાય છે તેટલાં શુભાશુભ થાય છે તે દુઃખરૂપ છે, કારણ કે દુઃખના કારણોની પ્રવૃત્તિ તેના કારણે થયાં જ કરે છે.

ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ પરમાત્મસ્વરૂપ બિરાજે છે, તેના આશ્રયે પર્યાયમાં સંવર-નિર્જરા પ્રગટ થાય છે તે સુખરૂપ છે અને સ્વાત્માનું લક્ષ ચૂકીને જેટલું પરલક્ષ થાય છે, તેમાં દયા-દાન આદિના શુભભાવ કે ઉપદેશ દેવાનો રાગ એ બધી દુઃખની પ્રવૃત્તિ છે.

સ્વભાવનો આશ્રય લેવો તે એક જ શુદ્ધિનો ઉપાય છે. તેને બદલે વ્રત, તપ, જપ, દયા, દાન કે ઉપદેશ દેવાના શુભભાવને કોઈ શુદ્ધિનો ઉપાય માની લે તો તે મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યના લક્ષે જે રાગ થાય છે તે દુઃખનું જ કારણ છે. બીજાને ઉપદેશ દેવાથી બીજાને તો લાભ થશે અને મારે પણ જ્ઞાનની વૃદ્ધિ થશે આવી માન્યતા તે મિથ્યાદૃષ્ટિનો વ્યામોહ છે. પરદ્રવ્યના લક્ષે થતાં તીર્થંકરપ્રકૃતિને યોગ્ય ભાવો પણ દુઃખરૂપ છે-દુઃખનું કારણ છે.

એ જ વાત છે. જેટલી અંતર સ્વભાવના આશ્રયે એકાગ્રતા કરે તેટલો લાભ છે અને પરલક્ષે વિકલ્પ ઉઠે તેટલું અહિત છે, પછી તે વિકલ્પ ભલે ઊંચામાં ઊંચા શુભભાવના હોય તોપણ તે દુઃખરૂપ છે-સંયોગી ચીજ મેળવવાનું કારણ છે પણ સ્વભાવ મેળવવાનું તે કારણ નથી.

ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ ચૈતન્યપિંડ છે તે કદી તીર્થંકરગોત્રને યોગ્ય શુભભાવરૂપે પણ થતો નથી. આત્મા ત્રિકાળ આત્મારૂપે જ રહે છે, શુભાશુભભાવરૂપે તે થતો જ નથી. તો દેહાદિસ્વરૂપે તો ક્યાંથી થાય?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકોને એવી માન્યતા થઈ ગઈ છે કે આપણે શાસ્ત્ર લઈએ અને પછી બીજાને શીખવાડીએ તો આપણને લાભ થાય. પણ એમાં તો પરાવલંબી જ્ઞાનથી તેં લાભ માન્યો ભાઈ! તારી દૃષ્ટિ જ મિથ્યા થઈ ગઈ. શુભવિકલ્પની કિંમત આવે તેને નિર્વિકલ્પ ધ્યાનની કિંમત ક્યાંથી આવે! ઇષ્ટોપદેશમાં આ બધી સ્પષ્ટતા કરે છે. વાત ઝીણી પડે પણ મૂળ વાત છે.

પૂજ્યપાદસ્વામી ફડાક દઈને બે કટકા કરે છે. સ્વભાવના લક્ષે સુખ છે અને પરદ્રવ્યના લક્ષે દુઃખ છે. પોતાનો આત્મા દુઃખનું કારણ નથી, દુઃખનો વિષય નથી પણ સુખનું કારણ છે અને સુખનો વિષય છે અને થોડું પણ પરલક્ષ છે તે દુઃખ છે, દુઃખનું કારણ છે. અરે! પ્રભાવનાના શુભભાવના લક્ષે પણ ઘણીવાર જીવ વ્યામોહમાં-ભ્રમમાં પડી જાય છે કારણ કે પાંચ-પચાસ હજાર માણસો પ્રવચન સાંભળવા આવે અને વાહ! વાહ! કરે ત્યાં પોતાને એમ થઈ જાય કે મારામાં કાંઈક લાગે છે ત્યારે આટલા માણસો વખાણ કરે ને! તેને કહીએ છીએ કે અરે મૂઢ છો! ભ્રમમાં પડ્યો છો!

આ તો વીતરાગનો મારગ છે ભાઈ! આત્મા વીતરાગસ્વરૂપે બિરાજમાન છે. તેનો અંતર આશ્રય કરવાથી જેટલી શુદ્ધિ પ્રગટ થાય એટલો લાભ છે, બાકી જેટલા શુભવિકલ્પ છે તે આત્માને લાભરૂપ તો નથી પણ લાભમાં મદદરૂપ પણ નથી.

શ્રોતા :-આપના જેવા ગુરુ જ આવી વાત કરી શકે.

પૂજ્ય ગુરુદેવ :-આ જુઓને! પૂજ્યપાદસ્વામી શું કહે છે! એક શ્લોકમાં બધું આવી જાય છે. પર છે તે સઘળુંય દુઃખરૂપ છે અને સ્વ છે તે સુખરૂપ છે. આ તો પૂજ્યપાદસ્વામી દ્વારા ભગવાન પાસેથી આવેલી વાતો છે.

શરીર, વાણી, મનથી રહિત શુદ્ધ આત્મા જ સુખરૂપ છે. તેના આશ્રયે પર્યાયમાં જેટલી શુદ્ધિ પ્રગટ થાય છે તેટલો આનંદનો લાભ થાય છે અને પરના લક્ષે જેટલા વિકલ્પ ઉઠે છે તે બધું દુઃખનું કારણ થાય છે.

કુંદકુંદ આચાર્યદેવે મોક્ષઅધિકારમાં કહ્યું છે 'પર દવ્વાઓ દુગઈ અને સદ્દવ્વાઓ સુગઈ' સ્વદ્રવ્યના આશ્રયે સુગતિ થાય છે એટલે સ્વદ્રવ્યના આશ્રયે શુદ્ધ પરિણમન થાય છે અને પરદ્રવ્યના આશ્રયે દુર્ગતિ—અશુદ્ધ પરિણમન થાય છે. પરદ્રવ્યમાં ભલે સામે સાક્ષાત્ ત્રિલોકીનાથ બિરાજતાં હોય પણ તેની સામે લક્ષ જતાં વિકલ્પ જ થાય છે અને વિકલ્પમાત્ર દુઃખરૂપ જ છે.

ભગવાન આત્મા વિકલ્પ રહિત-નિર્વિકલ્પ ચિદાનંદમૂર્તિ છે, તેમાં રાગાદિ થાય છે તે તો અનાત્મા છે. તે અનાત્માથી આત્માને લાભ માને તે મિથ્યાદૃષ્ટિ છે. આ તો ન્યાયથી સમજવાની વાતો છે ભાઈ! આમાં કોઈ કહે કે આવી વાતથી લોકોનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્સાહભંગ થઈ જશે. અરે ! બહારનો ઉત્સાહભંગ થઈને અંદરમાં સમાશે તો આત્માને લાભ થશે.

ભગવાન આત્મા શુદ્ધ ચિદ્ઘનપ્રભુનો આશ્રય કરવો તે એક જ લાભનું કારણ છે, તેનાથી જ સુખરૂપ દશા પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના આત્માના આશ્રયથી જ પ્રગટ થાય છે. કષાયની મંદતાથી સમ્યગ્દર્શન આદિ પ્રગટતાં નથી. લોકો એમ કહે કે આ જીવને તીર્થંકરગોત્ર બંધાણું છે માટે કેવળજ્ઞાન થશે. અરે મૂઢ છો ! તીર્થંકરગોત્ર કર્મના પરમાણુ પડ્યાં છે તેનાથી કેવળજ્ઞાન થાય ? અરે ! એ શુભભાવ છે તે બંધભાવ છે, એ બંધભાવ જ્યાં સુધી હશે ત્યાંસુધી અબંધભાવ નહિ થાય. બંધ-ભાવ દુઃખરૂપ છે, તેનો છેદ કરશે ત્યારે અબંધસ્વભાવ પ્રગટ થશે. તીર્થંકર થવાવાળા જીવ પણ એમ માને છે કે આ શુભભાવ છે તે મને દુઃખરૂપ છે.

શુભ કર્મનો બંધ તો દુઃખરૂપ છે પણ શુભભાવ પણ દુઃખરૂપ છે કેમ કે તે સુખનો ઘાતક છે. આવી વાત માનવી લોકોને કઠણ પડે પણ શું થાય ? વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

તીર્થંકરગોત્રને યોગ્ય કે આહારક શરીરને યોગ્ય એવા કોઈ શુભભાવરૂપે આત્મા થતો જ નથી તો તેનાથી આત્માને લાભ શી રીતે થાય ?

આત્મા કદી પરરૂપ કે રાગરૂપ થતો નથી અને પરદ્રવ્ય કે રાગાદિ કદી આત્મારૂપ થતાં નથી. તીર્થંકરગોત્ર આદિના શુભભાવને આત્મારૂપ બનાવી દે એવી આત્મામાં તાકાત જ નથી. તેમ આત્મા પોતે તે ભાવોરૂપે થઈ જાય એવું પણ આત્મામાં કદી બનતું નથી. તો એ ભાવોથી આત્માને લાભ શી રીતે થાય ?

ઉપદેશકોને પણ ભ્રમ પડી જાય એવું છે. કેમ કે શાસ્ત્રમાં પણ એવું વર્ણન આવે કે બીજાને જ્ઞાનદાન આપવાથી કેવળજ્ઞાન થાય. આવી વાત આવે ત્યાં ગલગલિયાં થઈ જાય પણ ભાઈ ! જ્ઞાનસ્વરૂપ પોતાના ચિદાનંદસ્વભાવમાં એકાગ્ર થવું તે જ્ઞાનદાન છે, તેનાથી કેવળજ્ઞાન થાય છે, પરને સમજાવવાના શુભ વિકલ્પથી કેવળજ્ઞાન થતું નથી.

પરદ્રવ્ય તરફ જેટલું લક્ષ જાય છે તે દુઃખરૂપ છે ભાઈ ! પર જીવોને સમજાવીને લાભ લેવાની બુદ્ધિ છે એટલે તું પરને સમજાવવામાંથી નવરો નહિ થા ! તને અંતરમાં સમાવાનો સમય નહિ મળે ભાઈ !

શુદ્ધ ચૈતન્યઘન આત્મામાં એવી તાકાત નથી કે તે પરને પોતાના સમાન બનાવી દે અથવા પોતે પર સમાન બની જાય એવી પણ તાકાત નથી તો પરથી લાભ શી રીતે થાય ? રાગરૂપે પણ આત્મા થતો નથી તો પરરૂપે ક્યાંથી થાય ? આત્મા તો સદાય વીતરાગસ્વરૂપે રહેલો છે. તેનો આશ્રય કરવાથી પર્યાયમાં સુખ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા....! ભગવાન આત્મા દુઃખનો વિષય જ નથી તેને જે વિષય બનાવે તેને સુખ જ થાય અને આત્માને છોડી બીજાને વિષય બનાવે તેને દુઃખ જ થાય. શુભાશુભ-ભાવ દુઃખરૂપ છે કેમ કે તેનો વિષય પરદ્રવ્ય છે.

ભગવાન આત્મા પોતાનો શુદ્ધસ્વભાવ છોડીને ત્રણકાળમાં કદી પણ રાગરૂપે કે દુઃખરૂપે થતો જ નથી, દુઃખનો વિષય પણ બનતો નથી, પરને એકરૂપ કરતો નથી. આવો આત્મસ્વભાવ હોવાથી મોટા મોટા મહાપુરુષોએ પણ અંતરદૃષ્ટિ કરીને સ્વરૂપમાં સમાવાનો પ્રયત્ન કર્યો છે.

જેની દૃષ્ટિમાં જ વિપરીતતા છે કે મારું ભલે ગમે તેમ થાઓ પણ સમાજને લાભ થાય તેવું મારે કરવું છે. આવી દૃષ્ટિથી પોતાને કે સમાજને કોઈને લાભ થતો નથી. પોતાને તો લાભ ન થાય પણ આવી મિથ્યા દૃષ્ટિ હોવાથી સમાજના લાભમાં તે નિમિત્ત પણ થતો નથી. શુભ વિકલ્પ છે તે અનાત્મા છે. અનાત્માથી આત્માને લાભ કદી થઈ શકતો નથી.

ષોડશકારણ ભાવના ભાવવાથી તીર્થંકરગોત્ર બંધાય છે ને! અહીં કહે છે કે એ ષોડશકારણ ભાવનારૂપે આત્મા થતો નથી અને ષોડશકારણભાવના આત્મારૂપે થતી નથી. ભગવાન આત્મા શાંતિનું દળ છે, તે શાંતિનું દળ વિકલ્પરૂપે કેમ થાય? ન જ થાય.

આ તો સર્વજ્ઞ વીતરાગદેવનો કહેલો સત્ય માર્ગ છે. અંતરનો કોઈ અલૌકિક માર્ગ છે. પરદ્રવ્યનો આશ્રય તો નહિ, પરદ્રવ્યના વિશેષનો આશ્રય તો નહિ પણ પોતાના વિશેષનો પણ આશ્રય છોડીને સામાન્ય નિજદ્રવ્યસ્વભાવનો આશ્રય કરે ત્યારે સંવર-નિર્જરારૂપ મોક્ષમાર્ગની વિશેષતા પ્રગટ થાય છે. આ માર્ગે ચાલીને સંતોએ સ્વરૂપમાં એકાગ્રતાનું સાધન પ્રગટ કરી લીધું છે.

વ્યવહારરત્નત્રયના શુભવિકલ્પરૂપે આત્મા થતો નથી અને વ્યવહારરત્નત્રય આત્મારૂપે થતા નથી. માટે વ્યવહારરત્નત્રયથી પણ આત્માને લાભ નથી. એકમાત્ર સામાન્ય સ્વરૂપના આશ્રયે સ્થિરતા પ્રગટ કરવાથી જ લાભ છે. આથી જ તીર્થંકર આદિ મોટા મોટા પુરુષોએ આત્માના સ્વરૂપમાં સ્થિર થવા માટે અનેક પ્રકારનો તપ આદિનો ઉદ્યમ કર્યો છે.

કોઈ પણ પ્રકારની ઇચ્છા છે તે દુઃખરૂપ છે એમ જાણી આત્માના આશ્રયે ઇચ્છાનો નિરોધ કરી મહાપુરુષો આત્મસ્થિરતારૂપ તપ કરે છે. તેનાથી મહાપુરુષોને સંવર-નિર્જરારૂપ શુદ્ધિનો મહાન લાભ થાય છે.

મહાપુરુષો તપ આદિ અનુષ્ઠાનોનો ઉદ્યમ કેવી રીતે કરે છે? કે નિદ્રા, આળસ આદિથી રહિત થઈ અપ્રમત્તપણે તેનો ઉદ્યમ કરે છે ત્યારે આત્મસ્થિરતા પ્રાપ્ત થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાશ્રયની જાગૃતિમાં નિદ્રા, આળસ આદિ આવતાં જ નથી. આવી જાગૃતિથી પુરુષાર્થ કરીને મહાપુરુષો પોતાના આત્માને કેવળજ્ઞાનથી શોભાયમાન બનાવે છે.

ટૂંકામાં, ૪૫ મી ગાથામાં એ કહ્યું છે કે પરલક્ષ જાય છે તે સઘળુંય દુઃખરૂપ છે અને રાગ રહિત શુદ્ધ ચૈતન્ય પ્રભુની દૃષ્ટિ અને સ્થિરતા પ્રગટ કરવી તે સુખરૂપ છે. આવું જાણી એકમાત્ર પોતાનું હિત ચાહવાવાળા મહાપુરુષો આત્મામાં એકાગ્રતાનો પુરુષાર્થ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે. —*—

ચૈતન્યસ્વભાવી આત્માનો અંતર આશ્રય લેવાનો પરમ હિતોપદેશદાતાર, આત્મ જીવન શિલ્પી શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૫૨ ]

## પરિભ્રમણનું મૂળ પરનો સત્કાર

[ તા. ૩૦-૫-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામીએ રચેલું આ ઇષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૪૫ મી ગાથામાં વાત આવી કે એક નિજ આત્મા જ સુખરૂપ છે, આત્મા સિવાય બીજું બધું દુઃખરૂપ છે.

એક નિજ શુદ્ધાત્મા સિવાય શુભાશુભ રાગ, કર્મ, શરીર, વાણી, મન આદિ પરપદાર્થનું લક્ષ કરવાથી-આશ્રય કરવાથી-સત્કાર કરવાથી દુઃખ થાય છે અને નિજ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાથી સુખ થાય છે. પોતાનો આત્મા જ સુખરૂપ અને આનંદ-રૂપ છે, આમ જાણી, મહાપુરુષોએ એક નિજહિત લક્ષમાં રાખીને આત્માના સ્વરૂપમાં સ્થિર થવાનો ઉદ્યમ કર્યો છે.

હવે ૪૬ મી ગાથામાં પરદ્રવ્યનો રાગ કરવાથી થતાં દોષ બતાવે છેઃ—

अविद्वान्पुद्गलद्रव्यं योऽभिनन्दति तस्य तत् ।
न जातु जन्तोः सामीप्यं चतुर्गतिषु मुञ्चति ॥ ४६ ॥

અભિનંદે અજ્ઞાની જે, પુદ્ગલને નિજ જાણ,
ચૌગતિમાં નિજ સંગને, તજે ન પુદ્ગલ, માન. ૪૬.

મારો એક શુદ્ધાત્મા જ મારે ઉપાદેય છે તે સિવાય પુણ્ય-પાપ, શરીર, કર્મ આદિ સર્વ પરદ્રવ્ય મારા માટે હેય છે. એવો જેને હેય-ઉપાદેયનો વિવેક નથી તેને અહીં અવિદ્વાન કહ્યો છે. વિદ્વાન એટલે બહુ જાણકાર હોય તે અને અવિદ્વાન એટલે ઓછું જાણતો હોય તે એવો અર્થ અહીં નથી. અહીં તો હેય-ઉપાદેય તત્ત્વના સ્વરૂપને જે સમજતો નથી તેને અવિદ્વાન કહ્યો છે. તે અવિવેકી-અણસમજુ અજ્ઞાની છે.

જે આત્મા શરીર, કર્મ આદિ પુદ્ગલનું કાર્ય મારું છે એમ માનીને પુદ્ગલનો સત્કાર કરે છે અને પોતાના જ્ઞાયકસ્વભાવમાં 'હુંપણું' કરીને તેનો સત્કાર નથી કરતો તેને પુદ્ગલની સમીપતા, પુદ્ગલનો સંબંધ છૂટતો નથી. જેનો જે સત્કાર કરે તેને તેની સમીપતા છૂટતી નથી.

હું તો શુદ્ધ ચૈતન્ય છું અને ચૈતન્ય પરિણતિ તે મારું કાર્ય છે એમ સ્વીકાર નહિ કરતાં, શરીરાદિ તે હું અને શરીરાદિનું કાર્ય તે મારું કાર્ય એમ જે માને છે તેને શરીરાદિનો સંબંધ છૂટતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભાશુભભાવનો સત્કાર પણ છોડવા લાયક છે–હેય છે. ભલે તીર્થંકરપ્રકૃતિને યોગ્ય શુભભાવ હોય, જગતને ઉપદેશ દેવાના ભાવ હોય પણ તે હેય છે, ઉપાદેય નથી. ઉપાદેય તો એક શુદ્ધ આત્મા જ છે, છતાં જે જીવ શુદ્ધાત્માનો સહવાસ છોડીને પુદ્‌ગલ અને પુદ્‌ગલભાવનો સહવાસ પોતે કરે છે તેને પુદ્‌ગલ છોડશે નહિ એટલે તે જીવને ચારગતિનું ભવભ્રમણ છૂટશે નહિ.

ભાઈ! પ્રભુ!! તું તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક આનંદમૂર્તિ આત્મા છો ને! તેનો સત્કાર છોડીને તું અસંખ્ય પ્રકારના શુભભાવ કે અસંખ્ય પ્રકારના અશુભભાવ કે ૧૪૮ કર્મપ્રકૃતિ કે શરીરાદિ પરપદાર્થમાંથી કોઈને પણ લાભરૂપ માનીને સત્કાર કરે છો તે તારી મિથ્યા દૃષ્ટિ છે, તેનાથી તને એ પરપદાર્થ અને પરભાવોનો સંબંધ નહિ છૂટે, ભવભ્રમણ નહિ જાય.

જેને બંધ અને બંધભાવના સમીપપણાનો સત્કાર છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. તેને સત્કારસહિત કર્મ બંધાય છે પણ જેણે શુદ્ધ સ્વભાવના સત્કારપૂર્વક બંધ કે બંધભાવનો સત્કાર છોડ્યો છે તેને સત્કાર વગર કર્મ બંધાય છે. જેને તેનો આદર નથી એવા જ્ઞાનીને જ તીર્થંકરપ્રકૃતિને યોગ્ય ભાવ થાય છે અને તીર્થંકરપ્રકૃતિ બંધાય છે પણ તેને તેનો સત્કાર–આદર નથી. જેને રાગ અને બંધનો આદર છે, એવા મિથ્યાદૃષ્ટિને તીર્થંકરગોત્ર બંધાતું જ નથી, ઉલટું ચારગતિમાં ભ્રમણ થાય એવા કર્મોની સમીપતા છૂટતી નથી એટલે ચારગતિમાં ભ્રમણ થયા જ કરે છે.

જે જીવ રાગને, શરીરને, કર્મને અને બાહ્ય સંયોગને પોતારૂપે માને છે તે અજ્ઞાની છે. જે રાગ, શરીર આદિ પરદ્રવ્યથી લાભ માને છે તેણે ખરેખર તેને પોતાનું અસ્તિત્વ માન્યું છે. રાગાદિને પોતારૂપ માને છે અને પોતાને રાગાદિરૂપ માને છે.

આ તો ઇષ્ટઉપદેશ—જૈનનું ઉપનિષદ્ છે. અલૌકિક છે. આ સત્ય કરોડો ઉપાયે પણ સમજવું યોગ્ય છે. છઢાળામાં દૌલતરામજીએ લખ્યું છે કે—

ધન, સમાજ, ગજ, બાજ, રાજ તો કાજ ન આવે,
જ્ઞાન આપકો રૂપ ભયે, ફિર અચલ રહાવે;
તાસ જ્ઞાનકો કારન ‘સ્વ–પર વિવેક’ બખાનો,
કોટિ ઉપાય બનાય ભવ્ય તાકોં ઉર આનો,
લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ–ફંદ, નિત આતમ ધ્યાવો.

ઇષ્ટ ઉપદેશ એમ કહે છે કે ઉપદેશ દેવાનો ભાવ પણ ઇષ્ટ નથી. ગણધરોએ શાસ્ત્રો રચ્યાં, શાસ્ત્ર રચવાનો શુભવિકલ્પ આવ્યો પણ ઉપદેશ એમ આપે છે કે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પ હિતરૂપ નથી. જો શાસ્ત્ર રચવાનો ભાવ હિતરૂપ હોય તો તો વિકલ્પ અને પોતે બંને એકરૂપ થઈ ગયા. પણ એમ કદી બને નહિ.

વ્યવહારરત્નત્રયને હિતકર માનનારો મિથ્યાદૃષ્ટિ પુદ્ગલની સમીપમાં જ પડયો છે અને પોતાના શુદ્ધસ્વભાવથી દૂર ખસી ગયો છે.

શ્રોતાઃ—જ્ઞાનીને વ્યવહારરત્નત્રયના ભાવ તો હોય છે.

પૂજ્ય ગુરુદેવઃ—જેણે સ્વભાવની સમીપતા કરી છે એવા જ્ઞાનીને પોતાની કમજોરીવશ વ્યવહારરત્નત્રયના શુભભાવ આવે છે. નિશ્ચય પ્રગટ થયો છે તેને જ એવો વ્યવહાર-શુભભાવ આવે છે, તેને તે ટાળી શકતાં નથી. જેમ પરદ્રવ્યનો અભાવ કરી શકાતો નથી તેમ તે સમયે થનારાં વિભાવનો પણ કમજોરીવશ અભાવ થઈ શકતો નથી.

ભગવાન આત્માને પોતાના ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપનું સમીપપણું અને વિકાર, કર્મ, શરીરાદિથી અસમીપપણું થવું તેનું નામ 'વિવેક' છે. પોતાના સ્વભાવની અપેક્ષાએ પરવસ્તુ બધી અવસ્તુ છે. તેમ વ્યવહારરત્નત્રયના શુભભાવ પણ અવસ્તુ છે, સ્વભાવમાં તે નથી.

પોતાના જ્ઞાયકસ્વભાવની સમીપતાથી સ્વભાવના આશ્રયે શુદ્ધપર્યાય પ્રગટ થાય છે તે હિતકર છે અને સામાન્યસ્વભાવની અસમીપતા તથા વિશેષ-પર્યાયની સમીપતાથી-પર્યાયના લક્ષથી રાગાદિનો લાભ થાય તે અહિતકર છે. કેમ કે તેમાં સ્વભાવની સમીપતા છૂટી ગઈ છે.

વીતરાગસ્વભાવનો પિંડ-અકષાયસ્વરૂપ સર્વજ્ઞસ્વભાવ તેની સમીપતા નહિ કરતાં પુણ્ય-પાપરૂપ વિશેષની સમીપતામાં પડયો છે, તેને પુદ્ગલની સમીપતા છે, તેને ચારગતિનો સહવાસ છૂટશે નહિ. જે પુદ્ગલ અથવા સ્વભાવથી વિરુદ્ધ વિભાવની સમીપતા કરે છે, આદર-સત્કાર કરે છે-અભિનંદે છે તેને તે પુદ્ગલ અને વિભાવ દુઃખનું કારણ બન્યા વિના રહે જ નહિ. તેને ચારગતિમાં ભ્રમણનું-દુઃખનું ફળ મળશે.

છોકરા પરીક્ષામાં સારા નંબરે પાસ થાય ત્યાં સગાંવહાલાં તેને અભિનંદવા ઘરે આવે છે. અરે! પણ આ શાના અભિનંદન!

લોકોને હેય શું છે? અને ઉપાદેય શું છે તેનું ભાન જ નથી. હેય-ઉપાદેયના સ્વરૂપને નહિ સમજવાવાળાને અહીં અવિદ્વાન, મૂર્ખ કહ્યો છે. આવા જીવોને પરપદાર્થ અને વિભાવમાંથી જ મને સુખ મળશે એવી બુદ્ધિ હોવાથી પરદ્રવ્ય અને પરભાવની જ સમીપતા થઈ રહી છે અને સ્વભાવની સમીપતા છૂટી ગઈ છે. શુદ્ધિ પ્રગટ થતી નથી એટલે સમીપતા છૂટી ગઈ છે એમ કહેવાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા પ્રત્યે અરોચકભાવ અને રાગ, કર્મ, શરીર, સંયોગ આદિ પ્રત્યે રોચકભાવ કરે છે તેને ભગવાન આત્મા પ્રત્યે દ્વેષ છે—ક્રોધ છે.

આવું સાંભળી લોકોને રાડ પડી જાય છે પણ આ તો રાડ છૂટી જવાની વાત છે.

ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને! તારા ઘરમાં જ્ઞાનનો ભંડાર ભર્યો છે ને! તેનું સમીપપણું છોડીને ભાઈ! તારે ક્યાં જવું છે?—પુદ્‌ગલમાં? ચારગતિમાં? ત્યાં તો તું અનાદિથી રખડી રહ્યો છે.

સામાન્ય સ્વભાવ—ધ્રુવ જ્ઞાયક સિવાય બીજું બધું હેય છે. એક સામાન્ય શુદ્ધ સ્વભાવ જ ઉપાદેય છે. એવી જેને ખબર નથી એવો અવિદ્વાન અજ્ઞાની પરના સત્કારમાં જ રોકાયો છે.

શ્રોતા :—શરીર, કુટુંબ, પૈસા આદિના સત્કારમાં તરત સુખ મળે છે.

પૂજ્ય ગુરુદેવ :—અરે! તને ભાન નથી, પરના સત્કારમાં તરત દુઃખ મળે છે. ભગવાન આત્માનો મારગ જુદો છે ભાઈ! સામાન્યસ્વભાવના આશ્રયે વીતરાગતા ઉત્પન્ન થાય એ તારો મારગ છે, તેમાં જ સાચું સુખ છે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનો પણ સત્કાર કરવો તે દુઃખરૂપ છે. સ્વભાવને ભૂલીને રાગ અને પરની સમીપતા–સત્કાર કરવાવાળાને ચારગતિના સહવાસ નહિ છૂટે. કેમ કે સ્વભાવથી અન્ય ભાવમાં ઠીકબુદ્ધિ થાય–સુખબુદ્ધિ થાય એટલે કર્મ બંધાયા વગર ન રહે અને એ કર્મના ફળમાં ચારગતિનું ફળ મળ્યા વગર ન રહે.

૩૨ વર્ષ પહેલાં એક પ્રશ્ન થયો હતો કે પાંચ–દશ હજાર માણસોને ધર્મનો ઉપદેશ આપીને સમજાવે તે મોટો કે પોતાના આત્માને સમજે તે મોટો?—પોતાના આત્માને ઓળખીને અનુભવ કરે તે જ મોટો છે. બીજા જીવોને સમજાવવાના ભાવ છે તે તો શુભભાવ છે અને તેમાં જો એ હિત માનતો હોય તો તો તેની માન્યતા જ વિપરીત છે. એવો ઉપદેશદાતા તો સામા જીવને ધર્મ પામવામાં નિમિત્ત પણ ન થાય.

આ તો ભાઈ! વીતરાગના માણેકચોકમાં વીતરાગતા વેચાય છે. તેને સૌ ઝીલી લ્યો. એ જ હિતકર છે.

આત્મા તરફ ગુંલાટ ખાધી નથી, સ્વભાવનો સત્કાર કર્યો નથી અને ઉપદેશ આદિ શુભભાવના સત્કારમાં રોકાયો છે, તેને પુદ્‌ગલ નહિ છોડે, પાંચપરાવર્તનનો ક્રમ તૂટશે નહિ. બાહ્યજ્ઞાનને અને બાહ્યજ્ઞાનના માહાત્મ્યને જે કરે છે તે બધાં પુદ્‌ગલની સમીપમાં વર્તે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નઃ—પ્રભુ! પણ તમે આ શાસ્ત્ર લખો છો ને!

જવાબઃ—શાસ્ત્ર અમે નથી લખતાં. એ તો પુદ્‌ગલની રચના પુદ્‌ગલ કરે છે. શાસ્ત્ર લખવાનો શુભભાવ છે તેને પણ અમે હિતરૂપ નથી જાણતાં. શુભરાગમાં હિતબુદ્ધિ કરવા અમારો આત્મા તૈયાર નથી.

ભગવાન જ્ઞાયકમૂર્તિ આત્માના આશ્રયમાં જે પડયો છે તેને સિદ્ધગતિ છોડશે નહિ, સિદ્ધગતિ મળ્યે જ છૂટકો અને આત્મા સિવાય શુભરાગના કે પરલક્ષીજ્ઞાનના આશ્રયમાં પડયો છે તેને નિગોદગતિ છોડશે નહિ. નિગોદગતિ મળ્યે છૂટકો થશે. અહીં તો એક ઘા ને બે કટકાની વાત છે. નાનામાં નાના રાગમાં પણ જેને હિતબુદ્ધિ છે તેને ખરેખર નિગોદના શરીરની ચાહના છે.

આત્મા સિવાય બીજે કયાંય હરખ આવે, અનુમોદન આવે, ઉપાદેયબુદ્ધિ થાય-આદર-સત્કાર કરે તેને નિશ્ચિતપણે પુદ્‌ગલ બંધાશે, તેમાંથી કદી છૂટકારો નહિ મળે.

શ્રોતાઃ—આ તો ભૂલ નાની અને ફળ મોટું ન કહેવાય?

પૂજ્ય ગુરુદેવઃ—ના. એમ નથી. આ કાંઈ ચીભડાના ચોરને ફાંસી નથી. ભગવાન જ્ઞાયક પ્રભુ અનંત ગુણનો પિંડ સર્વજ્ઞદેવ છે, તેનો એણે અનાદર કર્યો છે. એક એક ગુણરૂપી મહારાજા-બાદશાહનો અનાદર થાય છે, બેસતાવર્ષના દિવસે રાજા રાજ-સભામાં બેઠો હોય અને કોઈ આવીને તેના ગળામાં ચામડાંના જોડાનો હાર પહેરાવી જાય તો? એ નાની ભૂલ છે? એ તો મહાન અપરાધ છે. તેમ ભગવાન જ્ઞાયક ચૈતન્ય-બાદશાહને રાગથી અને વિકલ્પથી લાભ માનવો તે તેને જોડાનો હાર પહેરાવ્યાં જેવો મોટો અપરાધ છે. તેના ફળમાં આ ચતુર્ગતિનો સહવાસ છૂટતો નથી.

પોતાના જ્ઞાનસ્વભાવ સિવાય રાગના કણની કે કર્મના ફળની કે પરાવલંબીજ્ઞાનની જેને મહિમા છે, તેને પુદ્‌ગલ છોડશે નહિ. એટલે તેને કર્મ બંધાશે અને ચારગતિમાં ભ્રમણ થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૫૨ ]

# ∗ અલૌકિક આત્મ-દરબાર ∗

[ તા. ૩૧-૫-૬૬ ]

શ્રી ઇષ્ટોપદેશશાસ્ત્રની આ ૪૬ મી ગાથા ચાલે છે.

ભગવાન આત્મા પોતાને ભૂલીને રાગમાં જ એકત્વ માનીને તેમાં લીન થઈ જાય તેનું નામ જ સંસાર છે. તે જ મિથ્યાત્વ છે. ગાથામાં પુદ્‌ગલ શબ્દ છે તેનો અર્થ રાગ છે. કેમ કે પુદ્‌ગલ પરમાણુમાં આત્મા કેવી રીતે રમે? અજ્ઞાની જીવ રાગમાં રમે છે—તલ્લીન થાય છે, તે જ તેનું મિથ્યાત્વ છે.

પોતાના જ્ઞાન, દર્શન આનંદરૂપ કાયમી સ્વભાવમાં નહિ રમતાં, પુદ્‌ગલના રાગમાં રમે છે તે જીવને પુદ્‌ગલ સંગ છોડતું નથી. પોતે પુદ્‌ગલનો સંગ છોડતો નથી, માટે પુદ્‌ગલ પણ તે જીવનો સંગ છોડતું નથી.

અજ્ઞાની જીવ પોતાની વર્તમાન ઉપયોગભૂમિમાં-વર્તમાન જ્ઞાનના વ્યાપારમાં રાગ સાથે એકત્વ કરે છે એટલે પુદ્‌ગલ પ્રત્યે રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભાદિ કરીને તેમાં રમે છે. તેથી પુદ્‌ગલ ચારગતિમાં ક્યાંય તેનો સંગ છોડતું નથી.

આ શ્લોકો તો બહુ ટૂંકમાં સાર અને અસાર બંને તત્ત્વ બતાવે છે.

વસ્તુનો સ્વભાવ કોઈ અલૌકિક છે. તેનો દ્રવ્યસ્વભાવ, ક્ષેત્રસ્વભાવ, કાળસ્વભાવ અને ભાવસ્વભાવ બધું અલૌકિક છે. એક પરમાણુ એક સમયમાં ચૌદ રાજલોક ગતિ કરીને જાય છે એ તેની પર્યાયની તાકાત કેટલી? એક સમયમાં અનંત કાળા રંગે પરિણમેલો પરમાણુ બીજા સમયે અનંત સફેદ રંગરૂપે પરિણમી જાય. ક્ષેત્રાંતરની જેવી અચિંત્ય શક્તિ છે, એવી જ પર્યાયમાં ભાવાંતરની શક્તિ પણ અચિંત્ય છે.

આકાશનો એક પ્રદેશ અવગાહનની એવી શક્તિ ધરાવે છે કે જો આખા ચૌદ બ્રહ્માંડનાં પરમાણુ સૂક્ષ્મરૂપ ધારણ કરે તો તે બધાં એક પ્રદેશમાં સમાય જાય. આકાશ પણ અચિંત્ય શક્તિવાન છે. ચારે દિશામાં ચાલ્યા જાવ....ચાલ્યા જાવ....ચાલ્યા જ જાવ પણ આકાશના ક્ષેત્રનો ક્યાંય અંત આવશે ખરો? આકાશને અંત જ નથી.

તેમ આત્માની એક સમયની પર્યાયમાં આખા લોકાલોક ને ભૂત, વર્તમાન, ભવિષ્યની પર્યાય સહિત જાણવાની શક્તિ છે.

આહાહા....! સ્વભાવની મહિમાની મહિમા શું કહેવી? ભગવાન આત્મા એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છતાં તે કાંઈ તેની વિશેષતા નથી, સ્વભાવ છે. આવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અચિંત્ય સ્વભાવી આત્મા અજ્ઞાનદશામાં વિપરીત પરિણમીને એક સમયની પર્યાયમાં, રાગમાં એકત્વ કરીને અનંત સંસારને ઊભો કરે છે.

અહો! અનંત અચિંત્ય માહાત્મ્યવંત પ્રભુ કે જેના દરબારમાં અનંતા તો પરમાત્મા બિરાજમાન છે. દિવાનખાનામાં ૨૫–૫૦ રાજા આવતાં હોય, ચક્રવર્તીના દરબારમાં ૩૨૦૦૦ રાજાઓ હોય અને ઇન્દ્રના દરબારમાં ભલે અસંખ્ય દેવો હોય પણ આ ચૈતન્ય-દરબારમાં તો અનંતા પરમાત્મા બિરાજમાન છે. તેની તને મહિમા કેમ નથી આવતી?

શ્રોતાઃ—બહારમાં તો થોડું કહે ત્યાં ઘણું સમજાય જાય છે, પણ અહીં ઘણું કહો છતાં થોડું પણ સમજાતું નથી.

પૂજ્ય ગુરુદેવઃ—ભાઈ! રુચિ અનુયાયી વીર્ય હોય ને! જેની જરૂરિયાત જણાય ત્યાં વીર્ય વળ્યા વિના રહે નહિ.

ભગવાનનો દરબાર પણ કેવડો મેટો છે! સમ્યગ્દર્શનથી માંડીને આચાર્ય, ઉપાધ્યાય, મુનિની સર્વ નિર્મળ પર્યાય પણ ભગવાન આત્મામાં બિરાજમાન છે. એટલે અસંખ્ય સાધુઓ અંદર બિરાજે છે. જ્ઞાન, દર્શન, આનંદ, અનંત વીર્ય, પ્રભુતા, સ્વચ્છતા આદિ બધાં ગુણની અનંતી નિર્મળ પર્યાય અંદર આત્મામાં પડી છે. આવા આત્મદરબારને ભૂલીને અજ્ઞાની જીવ પોતાની વર્તમાન ઉપયોગભૂમિમાં એક રાગના કણને અભિનંદે છે–પોતાનો માને છે, તેનો સંગ પુદ્‌ગલ નહિ છોડે. અજ્ઞાની પોતે પુદ્‌ગલનો સંગ છોડતો નથી તો પુદ્‌ગલ તેનો સંગ કેમ છોડે?

એક તુચ્છ રાગના કણને અભિનંદે છે, તેમાં એકત્વ કરે છે, તેમાં લાભ માનીને પ્રસંશા કરે છે, એવો અજ્ઞાની જીવ ચારગતિમાં પુદ્‌ગલના સંગથી છૂટી શકતો નથી. વિકારનો સ્વામી થાય તેનાથી વિકાર કેમ છૂટે? એ વિકારના પ્રેમથી તેને ચારગતિનું ભ્રમણ છૂટતું નથી. ચારગતિમાં પુદ્‌ગલનો સંગ મળ્યાં જ કરે છે.

સંયોગીભાવમાં એકત્વ કરનારને સંયોગ મળ્યા વિના રહેતો નથી. રાગમાં ઉપાદેય-બુદ્ધિથી બંધ થાય અને બંધથી ચારગતિમાં પુદ્‌ગલનો સંગ થાય.

જીવની રાગની તત્પરતાનું આ ફળ બતાવ્યું. હવે આચાર્યદેવ આત્માની તત્પરતાનું ફળ આ ૪૭મી ગાથામાં બતાવે છે :—

**आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिःस्थितेः ।**
**जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः ॥ ४७ ॥**

વિરમી પર વ્યવહારથી, જે આતમરસ લીન,
પામે યોગીશ્રી અહો! પરમાનંદ નવીન. ૪૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જીવ શરીર, કર્મ આદિ બાહ્ય પદાર્થોનું લક્ષ છોડી, પ્રવૃત્તિ-નિવૃત્તિ લક્ષણવાળા વ્યવહારથી પણ દૂર થઈ આત્મધ્યાનમાં લીન થાય છે, તેને વચન-અગોચર એવો કોઈ પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રવૃત્તિ-નિવૃત્તિ-લક્ષણ-વ્યવહાર એટલે શુભ-અશુભ ભાવરૂપ વ્યવહારની વાત છે. વિષય-ભોગાદિ અશુભથી નિવૃત્તિ અને દયા, દાન, પૂજાદિ શુભની પ્રવૃત્તિ તેનાથી પણ દૂર થઈ જે આત્મામાં લીન થાય છે એવા યોગી પરમાનંદને પામે છે.

શુભભાવના ગ્રહણ અને અશુભભાવના ત્યાગરૂપ ભાવથી પણ રહિત થઈને આત્મ-સ્વભાવમાં લીન થવાય છે.

ભગવાન આત્મા બહિર રાગમાં સ્થિત થાય તો તેને સંસાર છોડતો નથી એટલે ચારગતિરૂપ સંસારભ્રમણ તેને છૂટતું નથી, અને એ જ ભગવાન આત્મા જો વ્યવહારથી છૂટી સ્વભાવમાં લીન થાય તો તેનો મોક્ષ થયા વગર રહેતો નથી.

પ્રવૃત્તિ-નિવૃત્તિનો શુભ-અશુભભાવ એ જ વ્યવહાર છે, તે જ બંધનું કારણ છે અને એ જ સંસાર છે. અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ તે ભાવબંધ છે. તે ભગવાન આત્માને દુઃખની જેલમાં નાખનારો બંધ છે. ધર્માત્મા તે બંધથી છૂટીને સ્વભાવમાં આવે છે તેથી દુઃખની જેલમાં નહિ પડતાં તેને આનંદની લ્હેર મળે છે. પ્રવૃત્ત-નિવૃત્તિના શુભ-અશુભભાવ બંને ઝેર છે. શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષની ઉંમરે કહે છે કે :—

> નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
> એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે.

ગમે ત્યાંથી સુખ લ્યો એટલે જ્યાં સુખ હોય ત્યાંથી જ મળે ને! તું ગમે તે ક્ષેત્રમાં કે ગમે તે કાળમાં હો પણ અંતરમાં એકાગ્ર થઈને આનંદ પ્રગટ કર! પ્રવૃત્તિ–નિવૃત્તિનો વિકલ્પ એ તો જેલના સળિયા છે, તેને તોડીને છૂટી જા પ્રભુ!

નિવૃત્તિ–પ્રવૃત્તિ બંનેના વિકલ્પ વ્યવહારનું લક્ષણ છે. નિવૃત્તિ નિશ્ચયનું લક્ષણ છે અને પ્રવૃત્તિ વ્યવહારનું લક્ષણ છે એમ નથી.

જુઓ ને! આશાધરજીએ પણ કાંઈ ટીકા બનાવી છે! એમને જંગલમાં મુનિ મળી ગયા હતાં. તેના શબ્દો ઉપરથી આ ટીકા વધુ સ્પષ્ટ થઈ. આશાધરજી તો ગૃહસ્થાશ્રમમાં રહેલાં પંડિત હતાં.

પરપદાર્થથી હટું—દૂર થાઉં એવો વિકલ્પ હોય કે દયા-દાન-ભક્તિનો શુભ વિકલ્પ હોય તે બધો વ્યવહાર છે. એ વ્યવહાર કરતાં કરતાં મને નિશ્ચય થશે એ વાત રહેવા દેજે ભાઈ! દેહાદિ પર પદાર્થ અને તે સંબંધી વિકલ્પ, તે બધાંથી દૂર થઈ જે આત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમીપ આવે છે-અંતરમુખ દૃષ્ટિ કરીને આત્મામાં લીન થાય છે, તે ધ્યાની-યોગી-મુનિ છે. આવા યોગીને વચનથી અગોચર એવો પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

અનાદિથી અજ્ઞાની જીવ રાગમાં એકત્વ કરતો આવ્યો છે. એ રાગનું એકત્વ પણ એક પ્રકારનું ધ્યાન છે, તે આર્ત્તધ્યાન છે-દુઃખરૂપ છે. તેને દુઃખરૂપ જાણીને તેનાથી દૂર હટી જે પોતાની ઉપયોગભૂમિમાં જ્ઞાયકના અસ્તિત્વમાં એકત્વ કરે છે તે આત્મધ્યાન છે. એવું ધ્યાન કરનાર ભલે આઠ વર્ષની બાળકી હો કે દેડકું હો પણ આત્માના આનંદનો તેને અનુભવ થાય છે.

આ આનંદનો સ્વાદ કેવો છે?—કે એ વચનથી અગોચર કોઈ પરમાનંદ છે. અરે સંસારની સાધારણ ચીજ લાડવા, ઘી કે કેરી આદિનો પણ મોઢામાં જેવો સ્વાદ આવે છે તેવો વાણીમાં કહી શકાતો નથી. જેવો સ્વાદ ખ્યાલમાં આવે તેવો વાણીમાં આવી શકતો નથી. તો આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો કોઈ અચિંત્ય છે, તે વાણીમાં શી રીતે કહી શકાય? માટે કહ્યું કે એ વચનથી અગોચર છે.

પહેલાં વસ્તુનું સ્વરૂપ જાણે પછી તેનો અનુભવ થાય. માટે પ્રથમ તો આત્મનું સ્વરૂપ કેવું છે તે નક્કી કરી પછી તેમાં એકાગ્ર થાય તો અનુભવ થયા વગર ન રહે. ભલે તે બાળક હોય કે સ્ત્રી હોય કે તિર્યંચ હોય પણ જે આત્મામાં એકાગ્ર થાય તેને વચનથી અગોચર એવો અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થયા વગર રહેતો નથી.

શરીરનું લક્ષ છોડી, અંદરમાં વિકલ્પ ઉઠે છે તેનું પણ લક્ષ છોડી, એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડી અખંડાનંદ અભેદ નિજ આત્માનું લક્ષ કરે, અંતર એકાગ્રતા કરે તેને આવો વચન-અગોચર પરમાનંદ પ્રાપ્ત થાય છે.

ભગવાન આત્મા અનંતગુણની ગાંઠડી છે. તેમાં ગુણો જુદાં જુદાં રહેલાં નથી. લાડવામાં કે રૂની ગાંસડીમાં તો ગમે તેટલાં ભીંસ દઈને વાળ્યાં હોય તોપણ વચ્ચે પોલાણ રહી જાય, ખાલી આકાશપ્રદેશ રહી જાય પણ આ ભગવાન આત્મા એવો નિવડ પરમાત્મા છે કે તેમાં કોઈ આત્મપ્રદેશ અનંતગુણ વગરનો ખાલી રહી જતો નથી. ગુણો ઠાંસોઠાંસ ભરેલાં છે.

આવા નિવડ પરમાત્મામાં જે લીન થાય છે તેને વચનથી અગોચર અને બીજા કોઈને પ્રાપ્ત ન થાય તેવો પરમ આનંદ પ્રાપ્ત થાય છે. બીજાને કોઈને ન પ્રાપ્ત થાય એટલે જે આત્મામાં લીન ન થાય તે કોઈને આવો આનંદ પ્રાપ્ત થતો નથી.

પોતાના ભગવાન આત્માને છોડી તેનાથી વિરુદ્ધ એવા વિભાવ ભાવને અપનાવવાથી ચારગતિનું ભ્રમણ છૂટતું નથી. હવે એ વિભાવભાવની સમીપતા છોડી તેનાથી દૂર થઈ સ્વભાવની સમીપતા કરે તેને કોઈ વચનાતીત પરમાનંદ પ્રાપ્ત થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્યમતમાં એક શંકરાચાર્ય થઈ ગયા. એક વખત પેશવા નામનો મોટો રાજા શંકરાચાર્યના દૂધથી પગ ધોતો હતો ત્યારે રાજાને થાય છે કે અહા! મારા જેવો મોટો રાજા પગ ધુએ છે તેથી શંકરાચાર્યને કેટલો આનંદ થતો હશે! તેને શંકરાચાર્ય કહે છે અમને તો શાસ્ત્રની આંટીઘૂંટી આવી હોય અને તેનો ઉકેલ આવી જાય ત્યારે જે આનંદ થાય છે તે જ અમારો આનંદ છે. આ તું ચરણ ધુએ છે તેનાથી અમને આનંદ નથી. ત્યારે અહીં તો કહે છે કે શાસ્ત્રના ઉકેલનો વિકલ્પાત્મક આનંદ પણ દુઃખરૂપ છે. તેનું લક્ષ છોડી સ્વભાવની સમીપતા થાય અને તેમાં લીનતા થાય ત્યારે જે આનંદ પ્રગટ થાય એવો બીજો કોઈ આનંદ જગતમાં ક્યાંય નથી.

આ પરમાનંદ જે પ્રાપ્ત કરે છે તેને જગતના મોટા શેઠીયાઓ, રાજાઓ, ચક્રવર્તી કે ઇન્દ્રના વૈભવોનો આનંદ પણ તુચ્છ લાગે છે. અહા! અમારા અમૃત આનંદ આગળ ઇન્દ્રપદના ભોગ પણ ઝેરના નિમિત્તો લાગે છે.

નિજ પરમસ્વભાવની દૃષ્ટિ અને પરમ આનંદના અનુભવ વગર કોઈ બહારથી ત્યાગી થઈને બેસે તેથી શું? અંતર આનંદની લગની લાગ્યા વગર બહારની લગની શી રીતે છૂટે! ત્યાગીઓ કહે કે અમને બહારની લગની છૂટી ગઈ છે એ જૂઠી વાત છે. સ્વરૂપના ભાન વગરની બહારની બધી ક્રિયા જૂઠી છે.

હું દયા પાળું, પાપ ન કરું, ઉપદેશ આપું એવા શુભ વિકલ્પનું ગ્રહણ અને અશુભ વિકલ્પનો ત્યાગ તે બંનેથી શૂન્ય થઈ એટલે નિવૃત્તિ-પ્રવૃત્તિના વિકલ્પ છોડી જે નિજ આત્મામાં લવલીન થાય છે એવા ત્યાગી–યોગીને આત્મ-એકાગ્રતાથી આત્મધ્યાનથી અનંતકાળમાં ન મળ્યો હોય એવો પરમાનંદ પ્રાપ્ત થાય છે કે જે જન્મ-મરણનો નાશ કરવાનો એક માત્ર ઉપાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૫૩ ]

# સુખનો અક્ષય ભંડાર

[ તા. ૧-૬-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત આ ઇષ્ટોપદેશ શાસ્ત્ર છે. તેની ૪૭ ગાથા તો પૂરી થઈ ગઈ, હવે છેલ્લી ગાથાઓ છે. તેમાં સારમાં સાર તત્ત્વ કહ્યું છે.

૪૭ મી ગાથામાં ગ્રહણ-ત્યાગથી શૂન્ય નિજ આત્મરસમાં લવલીન થતાં યોગીને કોઈ અલૌકિક પરમાનંદ પ્રાપ્ત થાય છે એમ કહ્યું. હવે ૪૮ મી ગાથામાં તે આનંદના કાર્યને બતાવે છે.

આત્મા અંતરમાં અનંત આનંદથી બિરાજમાન છે. અતીન્દ્રિય આનંદ એ આત્માનો નિત્ય સ્વભાવ છે. આનંદ અને જ્ઞાન ઉપરાંત સૂક્ષ્મતા, સ્વચ્છતા, વિભૂતા, પ્રભુતા, શાંતિ આદિ અનંત ગુણો આત્મામાં છે. આનંદને તો આખું જગત ચાહે છે. એ આનંદ અને સુખ પોતાના આત્મામાં જ છે. બહારમાં સ્ત્રી, પુત્ર, આબરૂ, મકાન આદિમાં ક્યાંય આનંદ કે સુખ નથી.

જ્યાં સુખ હોય ત્યાંથી સુખ આવે ને! શરીર આદિ પરપદાર્થોમાં સુખ નથી તો એ આત્માને સુખ કેવી રીતે આપે? માટે શરીરમાં સુખ નથી અને શરીરથી પણ આત્માને સુખ નથી. પુણ્ય-પાપ ભાવમાં સુખ નથી અને તેનાથી આત્માને સુખ નથી. એકમાત્ર આત્મામાં જ સુખ છે અને આત્માથી જ સુખ છે. માટે જેને સુખી થવું હોય, આનંદ પ્રાપ્ત કરવો હોય તેણે પ્રથમ આત્માને જાણવો પડશે.

શ્રોતા :—કોઈને આત્માથી સુખ થાય, કોઈને પૈસાથી સુખ થાય, કોઈને આબરૂથી સુખ થાય એમ અનેકાંત હોય ને?

પૂજ્ય ગુરુદેવ :—આત્માથી જ સુખ થાય, પરથી નહિ એ સાચું અનેકાંત છે. પરથી પણ સુખ માનવું તે અનેકાંત નહિ પણ ફૂદડીવાદ છે.

આત્મામાં આનંદ....આનંદ....આનંદ ભર્યો છે. પરના લક્ષે સુખની વૃત્તિ ઉઠે છે તે તો કૃત્રિમ સુખ છે. પરમાં પોતાનું સુખ પણ નથી અને દુઃખ પણ નથી. પરમાં દુઃખ નથી, પરથી દુઃખ નથી પણ આ પર મને ઠીક છે અને આ અઠીક છે એવી કલ્પના કરવાથી જીવની પોતાની પર્યાયમાં દુઃખ ઉત્પન્ન થાય છે. જીવ પોતાની કલ્પનામાં સુખ-દુઃખની જાળ ઉભી કરે છે તે જ દુઃખ છે.

દરેક પ્રાણીને સુખની અભિલાષા છે ને! સુખ શોધે છે ને! તો સુખ ક્યાંક હોવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો જોઈએ ને ! સુખ માટે જુદાં જુદાં વિષયો તરફ ઝાંવા નાંખે છે તેથી એ ' સુખ છે ' અને ' સુખનો ઉપાય છે ' એ બે વાત સ્વીકારે છે એમ તો નક્કી છે પણ સુખ કયાં છે અને કેમ પ્રાપ્ત થાય તેની જીવને ખબર નથી.

નાના બાળકથી માંડીને દરેક જીવ સુખ શોધે છે. રમીને સુખી થાઉં પછી જુવાનીમાં પરણીને અને કમાઈને સુખી થાઉં એમ સુખને શોધે છે માટે સુખ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય છે એ બે વાત તો સિદ્ધ થાય છે પણ ખરેખર સુખ કયાં છે અને કેમ પ્રાપ્ત થાય તેની ખબર નથી.

પરપદાર્થ, શરીર, પાપ કે પુણ્યમાં કયાંય આત્માનું સુખ નથી. શુભરાગ પણ સુખનું કારણ નથી. જેમ, ' સંધિવા ' થયો હોય તો કેવું આખું શરીર દુઃખે છે ? તેમ રાગ આત્માના એક એક અંગને ત્રાસ આપે છે; શુભાશુભરાગથી આત્માને આઘાત પહોંચે છે. સમ્યગ્દૃષ્ટિને શુભાશુભરાગથી કંપારી છૂટે છે અરે ! કયાં મારો નિજ આનંદ અને કયાં આ દુઃખ !

મુમુક્ષુને પણ સુખ જોઈએ છે. મુમુક્ષુની વ્યાખ્યા જ એ છે કે જે સાચાં સુખને શોધે છે તે મુમુક્ષુ છે. તો સુખ કયાં છે ? આત્મામાં જ છે એમ બોલવાથી કાંઈ સુખ ન મળે. બાળકો પણ બોલે છે ને ! ' હું સુખનો ભંડાર છું, આનંદનો હું સાગર છું ' આ વાત ભાષામાં નહિ પણ ભાવમાં આવી જાય, આત્મામાં એવો વિશ્વાસ અને રુચિ થઈ જાય કે મારો આનંદ, મારું સુખ મારામાં જ છે, મારા સિવાય બીજે કયાંય મારો આનંદ કે સુખ હોઈ શકે જ નહિ. હું પોતે જ સુખસ્વરૂપ છું–આનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈ જાય તેનું નામ સમ્યગ્દર્શન છે.

સત્ય દૃષ્ટિવંત અર્થાત્ મુમુક્ષુને મારો આનંદ મારામાં જ છે, પુણ્ય-પાપભાવ કે સંયોગોમાં મારો આનંદ નથી એવી દૃષ્ટિ જામી ગઈ છે તેથી તે અંતર આનંદને પ્રાપ્ત કરવાનો વિશેષ પ્રયત્ન કરે છે. જ્યાં આનંદ જાણે ત્યાં વિશેષ પ્રયત્ન થયા વગર કેમ રહે ? જેની જરૂરિયાત જણાય ત્યાં આત્માનું વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. બહારમાં જોઈએ છે ને કે જીવને જ્યાં આનંદ લાગે ત્યાં કેવો પ્રયત્ન કરે છે ! કુટુંબને સુખી કરવા પોતાના શરીરને કષ્ટ પડે તો પણ કેવો પ્રયત્ન કરે છે ! કેમ કે જ્યાં જરૂર લાગે ત્યાં વીર્ય સ્ફૂર્યા વિના રહેતું નથી.

ધર્મી તો પુણ્યની પ્રવૃત્તિ અને પાપની નિવૃત્તિરૂપ વિકલ્પોથી શૂન્ય નિજ આત્મામાં જ આનંદ દેખે છે. આત્મા જ ઠરવાનું સ્થાન–વિશ્રામ સ્થાન છે, આત્મા જ શાંતિનો સાગર છે એમ જાણી ધર્મી આત્મામાં લવલીન થાય છે તેથી પરમાનંદને પ્રાપ્ત કરે છે.

આહાહા....! અનંતકાળે માંડ આ અવસર મળ્યો છે. આ ભવ, ભવનો અભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવા માટે મળ્યો છે તો મુમુક્ષુઓએ સર્વ પરદ્રવ્ય અને પરભાવનું લક્ષ છોડી આત્માનું લક્ષ કરવા જેવું છે.

સરદાર શહેરવાળા શેઠિયા ગાય છે ને, 'ગુણીજન! અંતઃતત્ત્વ ધ્યાય, ચૈતન્ય સૂર્ય ઊગિયોજી, મારાં જ્ઞાન....મારાં જ્ઞાન.'

ધર્મીજીવને એવી લગની લાગે છે કે હું આનંદ અને ચૈતન્ય મૂર્તિ છું. આવી રુચિથી ધર્મી પોતાના શુદ્ધસ્વરૂપમાં એકાગ્ર થાય છે તો તેને કોઈ નવીન પરમ આનંદ પ્રગટ થાય છે.

પ્રભુ! તું કયાં સુખની શોધ કરે છે! જ્યાં સુખ છે ત્યાં શોધતો નથી અને જ્યાં સુખ નથી ત્યાં શોધે છો! સુખની ખાણ તો તું પોતે છો. સુખની સત્તા આત્મામાં છે અને તું સુખ બહાર શોધે તો કયાંથી મળે? જેમ કસ્તુરી મૃગના પેટમાં હોય છે અને તે શોધે છે બહાર. તેમ સુખ આત્મામાં છે અને શોધે છે બહારમાં. તેથી જ સુખ મળતું નથી.

સંતો તને પોકાર કરે છે ભાઈ! સુખ આત્મામાં છે, બહારમાં કયાંય નથી. ત્યાં ઝાંવાં ન નાખ ભાઈ! પણ સંતોનો પોકાર સાંભળવા છતાં અજ્ઞાની જીવ તેમાં શંકા કરે છે કે આત્મામાં આનંદ હશે કે નહિ, શુભાશુભમાં દુઃખ હશે કે આનંદ હશે એમ શંકા કરીને અટકી જાય છે. પણ જે આ પોકાર સાંભળી આત્મામાં જ સુખ છે એવી શ્રદ્ધા કરી પર સંયોગ કે પુણ્ય-પાપમાં સુખ નથી એવી દૃષ્ટિ કરી આત્મામાં લીન થાય છે તે ધર્મનું પ્રથમ સોપાન-સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે અને પછી તો તેને ક્ષણે-ક્ષણે આનંદની વૃદ્ધિ થાય છે. તે આનંદમાં કેટલા પ્રકારનું કાર્ય થાય છે તે હવે ૪૮ મી ગાથામાં કહે છેઃ-

आनन्दो निर्दहत्युद्धं कर्मेन्धनमनारतम् ।
न चासौ खिद्यते योगी बहिर्दुःखेष्वचेतनः ॥ ४८ ॥

કરતો અતિ આનંદથી, કર્મ-કાષ્ઠ પ્રક્ષીણ,
બાહ્ય દુઃખોમાં જડ સમો, યોગી ખેદ વિહીન. ૪૮.

જેમ અગ્નિ ઈંધનને જલાવે છે, અનાજને પકાવે છે અને અંધકારનો નાશ કરી પ્રકાશ આપે છે, તેમ ભગવાન આત્મામાં પોતાની સત્તામાં જ સુખ છે એવી શ્રદ્ધા કરી આત્માના ધ્યાનમાં લીન થતાં જે પરમાનંદ પ્રગટ થાય છે તે પરમાનંદરૂપી અગ્નિ અનાદિથી ચાલી આવતી કર્મસંતતિને બાળે છે. નિરંતર કર્મના ઢગલાને બાળીને ભસ્મ કરે છે.

જુઓ! આનું નામ નિર્જરા છે, બે-ચાર ઉપવાસ કરી નાખવાથી નિર્જરા થતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, પણ આત્મામાં જ આનંદ છે એવી ચોંટ લાગી જતાં આત્મામાં લીનતા થાય છે ત્યાં પર્યાયમાં આનંદનો પ્રવાહ ચાલ્યો આવે છે અને અનાદિથી જે કર્મોનો પ્રવાહ ચાલ્યો આવતો હતો તેનો નાશ થવા લાગે છે.

આ તો નિમિત્તથી કથન છે. મૂળ તો સ્વરૂપમાં લીનતાં થતા પર્યાયમાં વિભાવનો નાશ થાય છે તેથી બહારમાં કર્મોનો પણ નાશ થાય છે. વળી અગ્નિ જેમ અનાજને પકાવીને સ્વાદિષ્ટ બનાવે છે તેમ આત્મામાં એકાગ્ર થતાં સ્વાદિષ્ટ આનંદનો અનુભવ પ્રાપ્ત થાય છે. બહારમાં કર્મોની નિર્જરા થાય છે અને અંદરમાં આનંદની પુષ્ટિ થાય છે.

'वत्थु सहाओ धम्मो' વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે. અતીન્દ્રિય આનંદ આત્માનો સ્વભાવ છે. ધ્યાનાગ્નિથી અતીન્દ્રિય આનંદનો વિશેષ-વિશેષ સ્વાદ આવે છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં તો એકલું દુઃખ છે અને આત્મધ્યાનમાં એકલું સુખ છે. બહારમાં તો માત્ર જીવ સુખની કલ્પના કરે છે, વાસ્તવિક આનંદ-સુખ તો અંતરમાં છે કે જે ધ્યાનાગ્નિ વડે પ્રાપ્ત થાય છે, બહારનું કાલ્પનિક સુખ તો પુણ્યાધીન છે અને આત્માનું સુખ તો પોતાને આધીન છે.

દૃષ્ટિમાં ગુલાંટ ખા પ્રભુ ! એક મારા આત્મા સિવાય બહારમાં કયાંય પરપદાર્થ કે શુભ–અશુભ વિકલ્પમાં ત્રણકાળ ત્રણલોકમાં સુખ નથી—એમ પરથી દૃષ્ટિની ગુંલાટ મારી ચૈતન્યમાં દૃષ્ટિ લગાવતાં પોતાનો આનંદ પ્રાપ્ત થાય છે. તેનાથી કર્મોનો નાશ થાય છે, આનંદનો સ્વાદ આવે છે અને જેટલું અજ્ઞાન કે અલ્પજ્ઞાન છે તેના અંધકારનો નાશ થઈ જ્ઞાનનો સૂર્ય પ્રકાશ પામે છે.

આ તો મુક્તિનગરીની વાતો છે. જ્યાં અનંતગુણનો સમાજ વસે છે. લોકો કેટ–કેટલા પૈસા ખર્ચીને, હાડમારીને વેઠીને, ગાડી, ઘોડા–મોટર લઈને ગમે તેમ કરીને પણ પણ કોઈ મોટી નગરી કે સરોવર આદિ જોવાના સ્થાનમાં જોવાં જાય છે ને ! તેમ આ મુક્તિનગરી જોવાનું એકવાર કુતુહલ તો કર ! આ તો આનંદનગરી છે.

આનંદનગરીમાં એકાગ્ર થતાં પુણ્ય–પાપ ભાવના કલેશનો નાશ થાય છે, આનંદની પ્રાપ્તિ અને પુષ્ટિ થાય છે તથા કર્મો બળી જાય છે. અંતર અતીન્દ્રિય આનંદમાં લીન યોગીને બાહ્ય પરિષહાદિ દુઃખનું લક્ષ પણ રહેતું નથી. બાહ્યદુઃખો સામે જાણે અચેતન જેવા બની જાય છે એટલે કે બહારમાં શું થાય છે તેનું તેને લક્ષ જ હોતું નથી. તેથી દુઃખ પણ થતું નથી,

હું આનંદસ્વરૂપી આત્મા છું એવી દૃષ્ટિ અને જ્ઞાનસહિત આત્મામાં એકાગ્રતા–લીનતા થાય તેનું નામ ધર્મ છે. આવા ધર્મના ધારક ધર્મીને શરીરમાં ગુમડાં થયાં હોય, છ–છ ડીગ્રી તાવ આવતો હોય, વીંછી કરડયો હોય પણ આ બધી પ્રતિકૂળતાનું તેને લક્ષ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. જુઓ ને ! સુકુમાલ મુનિને, મુનિ ધ્યાનમાં છે અને તેની જ માતા મરીને વાઘણ થઈને મુનિના શરીરને ફાડી ખાય છે, પણ મુનિરાજ તો ધ્યાનમાં મશગૂલ છે. દુઃખનો તેને ખ્યાલ જ નથી. દુઃખમાં અચેતન છે એટલે કે તેને દુઃખનું વેદન જ થતું નથી.

આત્મા અતીન્દ્રિય ચૈતન્યલક્ષ્મીનો ભંડાર છે એ ભંડાર જ્યાં ખૂલે ત્યાં બાહ્ય-દુઃખોનું લક્ષ પણ રહેતું નથી. અહીં તો અજ્ઞાનીને એક સામાન્ય પ્રતિકૂળતા કે રોગાદિ આવે ત્યાં તો હાય....ઓય થઈ જાય છે. બે-ત્રણ લાખની નુકશાની જાય ત્યાં જીવ આખો તેમાં રોકાય જાય છે. બહારમાં જ લક્ષ જોડી રાખ્યું છે, તેથી દુઃખ છે, હવે તેને અંતરમાં લઈ જવાનું છે.

અંતર ચૈતન્ય-ભંડારમાંથી માલ કાઢવા માંડ, અનંત કેવળજ્ઞાન કાઢીશ તોપણ ભંડાર ખૂટવાનો નથી. આવા સ્વરૂપનો પ્રથમ વિશ્વાસ તો કર કે હું આનંદ આદિ ગુણોનો અખૂટ ખજાનો છું.

ધર્માત્મા જ્યારે જ્ઞાન-આનંદમાં લીન હોય ત્યારે બાહ્ય દુઃખોના સંવેદનમાં તે અચેતન છે એટલે દુઃખને વેદતા નથી. આનંદનું વેદન થઈ રહ્યું છે ત્યાં દુઃખનો પ્રવેશ નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી.

પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક પણ જ્યારે ધ્યાનમાં એકાગ્ર થાય છે ત્યારે તેને આનંદની પ્રાપ્તિ, કર્મોનો નાશ, ધ્યાનની પુષ્ટિ અને બાહ્ય પ્રતિકૂળતા પ્રત્યે અચેતના હોય છે તેથી તે બાહ્યદુઃખને ભોગવતાં નથી. આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થતાં આવી દશા પ્રાપ્ત થાય છે.

ગજસુકુમાર મુનિને માથે સગડી સળગે છે, સુકોશલ મુનિને શિયાળ શરીર ખાઈ રહ્યાં છે પણ મુનિરાજ પોતે આત્માના ધ્યાનમાં લીન છે તેથી બાહ્યદુઃખના સંવેદનથી રહિત છે-અજાગૃત છે. અચેતન છે તેથી મુનિરાજ ખેદને-સંકલેશને પ્રાપ્ત થતાં નથી.

બહારમાં પણ કોઈ વાતોના રસમાં અજ્ઞાની જીવ લીન થઈ જાય કે લગ્ન આદિના કાર્યમાં મશગૂલ હોય ત્યારે શરીરમાં રોગાદિનું દુઃખ હોય તેનું તેને લક્ષ રહેતું નથી. તો આત્માના ધ્યાનમાં લીન યોગીને બહારની પ્રતિકૂળતાનું વેદન ક્યાંથી થાય ? પોતાના આનંદનાં રસમાં ચડે તેને બાહ્યદુઃખોનું લક્ષ ન રહે. શરીરમાં વેદના હોય તેને પણ ભૂલી જાય છે.

પોતાનો આત્મા આનંદનો સત્ય સૂર્ય છે તે આનંદની દૃષ્ટિપૂર્વક જે તેમાં લીન થાય છે તેને કર્મોનું દહન થાય છે અર્થાત્ કર્મરૂપી ઈંધન બળી જાય છે-નિર્જરી જાય છે, અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે, અને બાહ્યદુઃખનું વેદન જ થતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अविद्याभिदुरं ज्योतिः परं ज्ञानमयं महत् ।**
**तत्प्रष्टव्यं तदेष्टव्यं तद्द्रष्टव्यं मुमुक्षुभिः ॥ ४९ ॥**

જ્ઞાનમયી જ્યોતિર્મહા, વિભ્રમ નાશક જેહ,
પૂછે, ચાહે, અનુભવે, આત્માર્થી જન તેહ. ૪૯.

અહીં 'મોક્ષાભિલાષી' શબ્દ ઉપર વજન છે. ભવથી છૂટવાનો જે કામી છે તે મુમુક્ષુ છે. જેને ભવની, પુણ્યની, તેના ફળરૂપ સ્વર્ગાદિની ઇચ્છા છે તે મુમુક્ષુ નથી. જેને પોતાના પૂર્ણાનંદની પ્રાપ્તિની અભિલાષા છે તે મુમુક્ષુ છે. આત્મા તો આનંદનો મધપૂડો છે. તેમાં જેટલી એકાગ્રતા થાય તેટલો આનંદ ઝરે છે. આવા આનંદની પ્રાપ્તિનો પ્રયત્ન કરે છે તે મુમુક્ષુ છે.

ચૈતન્યજ્યોતિ જ એક એવી છે કે જે અજ્ઞાન અંધકારનો નાશ કરે છે. અનાદિની અવિદ્યાને દૂર કરનાર ચૈતન્યસૂર્ય સિવાય બીજું કોઈ નથી. માટે ચૈતન્યજ્યોતિનો સ્વીકાર કરવો. ચૈતન્યજ્યોતિનો સ્વીકાર થતાં અજ્ઞાનનો નાશ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૫૪ ]

# દેહ-દેવાલયમાં બિરાજમાન ચમકતો ચૈતન્ય-સૂર્ય

[ તા. ૨-૬-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઇષ્ટોપદેશ શાસ્ત્રની ૪૯ મી ગાથા ચાલે છે.

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત છે. અગ્નિ અચેતન જ્યોતિ છે તેમ આત્મા જ્ઞાન-જ્યોતિ છે. આ જ્ઞાનજ્યોતિ અવિદ્યારૂપ અંધકારને નષ્ટ કરે છે, મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી ચૈતન્યપ્રકાશને ફેલાવનારી છે.

અજ્ઞાની શરીર, વાણી, કર્મ આદિ બાહ્યસંયોગોનો સ્વીકાર કરે છે પણ હું પોતે ચૈતન્યજ્યોતિ છું એમ સ્વીકારતો નથી. તેથી અજ્ઞાન અંધકાર છે. હવે જો એ ચૈતન્ય-જ્યોતિનો સ્વીકાર કરે તો જ્ઞાન પ્રકાશ પ્રગટ થાય. ચૈતન્યજ્યોતિના સ્વીકાર વગર જ્ઞાન પ્રકાશ પ્રગટ થતો નથી.

ભગવાન આત્મા પ્રકાશનો પણ પ્રકાશક છે. જડ અગ્નિના પ્રકાશને ખબર નથી કે હું પ્રકાશ છું. તે પ્રકાશનો પ્રકાશક તો આ જ્ઞાન છે. આવા જ્ઞાનપ્રકાશ સ્વભાવનો પ્રથમ સ્વીકાર આવવો જોઈએ કે આ ચૈતન્ય તે જ હું, બાકી કાંઈ હું નહિ. આમ સ્વીકાર આવે તો જ્ઞાનજ્યોતિ વડે અજ્ઞાનનો નાશ થાય. જે સ્વભાવ છે એ તો છે જ, પણ તે સ્વભાવના સ્વીકાર વગર પર્યાયમાં કાંઈ સિદ્ધિ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ કરવાથી કે યાત્રા કરવાથી અજ્ઞાનનો નાશ થાય એ વાત તો ત્રણકાળમાં બની શકતી નથી.

જેને કર્મબંધનથી છૂટવું છે અને અબંધદશા-મુક્તિ પ્રાપ્ત કરવાની અભિલાષા છે તેણે આત્માના વિષયમાં જ પ્રશ્ન કરવા જોઈએ. આત્મા શું ચીજ છે? તેમાં શું ભર્યું છે? તે કેમ પ્રાપ્ત થાય? એમ આત્માસંબંધી પ્રશ્ન પૂછવા જોઈએ. કોણે? કે જેને એક માત્ર મોક્ષની અભિલાષા છે એવા જીવોએ; જે માત્ર બધાં ધર્મોના મંદિરોમાં દર્શન કરીને ચોખા ચડાવી આવે છે, જેને આત્મા પ્રાપ્ત કરવાની કાંઈ જિજ્ઞાસા નથી તેને માટે આ વાત નથી.

ઘણાં લોકો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અંબા, સંતોષીમાતા એમ બધા દેવી-દેવલાંને માને એટલે એમાંથી એક ભગવાન તો આપણને તારશે ને! એમ કરીને બધાંને માને તેને અહીં કહીએ છીએ કે ભાઈ! કોઈ એક ભગવાન તારનાર હોય તો તો એ બધાંને તારી દે પછી કાંઈ ચિંતા નહિ. પણ એમ નથી. કોઈ એક દ્રવ્ય બીજા દ્રવ્યને તારી શકતું નથી. પોતાનો આત્મા જ પોતાને તારનાર છે. માટે આત્માની જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન પૂછી આત્માનું સ્વરૂપ નક્કી કરવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મને પુણ્ય કેમ થાય, સ્વર્ગ કેમ મળે? સ્વર્ગમાં જઈને સીધાં ભગવાનના દર્શન કેવી રીતે થાય, અહીંથી સીધું મહાવિદેહમાં જવાય કે નહિ? એવો કોઈ પણ પ્રશ્ન પૂછવાની અહીં ના કહે છે. આત્માના ભાન વગર ભગવાન પાસે જઈને પણ શું કરવાનો છે? એવી રીતે અજ્ઞાનસહિત તો આ જીવ અનંતવાર ભગવાનના સમેસરણમાં જઈ આવ્યો છે. પણ આત્માની ઓળખાણ કયારેય કરી નથી. માટે કહે છે કે તું એક આત્માના વિષયમાં જ જિજ્ઞાસા સહિત પ્રશ્ન કર–આત્માની ઓળખાણ કરવાનો ઉપાય કર!

મારો જ્ઞાનસૂર્ય આત્મા કેવો છે, કયાં છે, કેમ પ્રાપ્ત થાય, અજ્ઞાન કેમ જાય એવાં પ્રશ્ન કર અને એક આત્માની જ વાંછા કર, આત્માની જ પ્રીતિ કર. આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે તેની વાંછા પ્રીતિ અને અભિલાષા કર, એ સિવાય બીજે કયાંય પ્રીતિ કરવા જેવું નથી.

આ દેહરૂપી દેવાલયમાં ચમકતો ચૈતન્ય–સૂર્ય પ્રભુ ભગવાન આત્મા બિરાજમાન છે. તેને ઓળખીને તેનો અનુભવ કરવા લાયક છે. અહીં તું ભગવાનની પૂજા-ભક્તિ કર કે દયા–દાનાદિ કર એવો તો ઉપદેશ જ નથી. પૂછવું હોય તો આત્માની વાત પૂછ, અભિલાષા તો એક આત્માની કર અને અનુભવ પણ આત્માનો જ કર એમ અહીં ઉપદેશ છે.

સમાધિશતકમાં કહ્યું છે કે જ્ઞાની ધર્માત્મા પાસે પ્રશ્ન કર કે મને મારો આત્મા કેમ મળે? આત્મપ્રાપ્તિની જ અભિલાષા કર, આત્માના અનુભવને ઇષ્ટ બનાવ, અને આત્મસ્વરૂપની ભાવનામાં સાવધાન થઈને આદર વધાર—આમ કરવાથી તારું અનાત્મ પણું –અજ્ઞાન છૂટી જશે અને તું જ્ઞાનમય ભગવાન આત્માને અંગીકાર કરીશ–પ્રાપ્ત કરીશ.

શ્રી યોગસાર શાસ્ત્રમાં અમિતગતિ આચાર્યે પણ એક શ્લોકમાં કહ્યું છે કે જે પુરુષ ધર્મી છે, વિદ્વાન છે તેણે નિશ્ચલ મનથી ભગવાન આનંદકંદ શુદ્ધાત્મા ભણવા લાયક છે, ધ્યાન કરવા લાયક પણ તે જ છે, આરાધવા લાયક પણ એ જ છે. ચિદાનંદ ભગવાન આત્મામાં એકાગ્ર થઈને સેવા કરવાયોગ્ય પણ તે જ છે.

પૂછવા યોગ્ય એક આત્મા છે, સાંભળવા લાયક પણ એ જ છે, આત્માની વાત જ સાંભળી. બીજી વાતો સાંભળવા લાયક નથી. અભ્યાસ કરવા યોગ્ય પણ એક આત્મા જ છે. સંસ્કૃત, પ્રાકૃત આદિ ભણવા લાયક નથી–આત્મા ભણવા લાયક છે.

સ્પર્શ કરવાયોગ્ય આત્મા છે. ઉપાર્જન કરવા યોગ્ય પણ આત્મા જ છે. ધન આદિ કે પુણ્ય આદિ ઉપાર્જન કરવા લાયક નથી. જાણવા યોગ્ય અને કહેવા યોગ્ય પણ આત્મા છે. પ્રાર્થના કરવા યોગ્ય પણ આત્મા છે. પોતાનો આત્મા જ પોતાને પ્રાર્થના કરવા યોગ્ય છે. શિખામણ પણ એક આત્માની દેવા જેવી છે. દેખવા લાયક પણ એક આત્મા જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈપણ રીતે આત્મા આત્મામાં સ્થિર થાય એવો ઉપાય કરવા જેવો છે. તેને માટે જ આ ઉપરના બધાં બોલ કહ્યાં છે.

આત્મા જ્ઞાનજ્યોતિ છે તે કેવી છે?–કે આનંદસ્વભાવવાળી છે, મહાન ઉત્કૃષ્ટ છે, જગતમાં તેનાથી મહાન ઉત્કૃષ્ટ બીજું કાંઈ નથી. ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જાણનારી ચૈતન્યજ્યોતિ જગતમાં મહાન ઉત્કૃષ્ટ છે. આ ચૈતન્યજ્યોતિ અનાદિના વિભ્રમને નષ્ટ કરવાવાળી છે.

હું આનંદસ્વભાવવાળી મહાન ઉત્કૃષ્ટ જ્યોતિ છું એમ જ્યાં સ્વીકાર થાય છે ત્યાં વિભ્રમનો નાશ થઈ જાય છે અને સ્વાર્થ પ્રગટ થાય છે એટલે પોતાનો પદાર્થ નિજાત્મા પ્રગટ થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જ્યોતિ પ્રગટ થાય છે. પોતાના ચિદાનંદ ભગવાનને પ્રકાશવાવાળી આત્મજ્યોતિ જ છે. જગતની કોઈ જ્યોતિ ભગવાન આત્માને પ્રકાશી શકતી નથી.

બંધભાવને નાશ કરનારી અને મોક્ષમાર્ગને પ્રગટ કરનારી પણ આ આત્મજ્યોતિ જ છે. ઇન્દ્ર, નરેન્દ્ર અને ગણધરદેવ પણ આ ચૈતન્ય જ્યોતિને પૂજનીય તરીકે સ્વીકારે છે. પુણ્યભાવ કે વ્યવહારભાવને પૂજનીય ગણતા નથી.

ત્રણ જ્ઞાનના ધારી, અર્ધલોકના સ્વામી ઇન્દ્ર, શક્રેન્દ્ર, ઇશાન ઇન્દ્ર આદિ દેવોને પણ આ ચૈતન્યજ્યોતિ પૂજ્ય છે. તેને તેનો અપાર જડવૈભવ પૂજ્ય નથી–આદરણીય નથી.

ઇન્દ્રો તો તીર્થંકરના કલ્યાણકોમાં પહોંચે છે, ઉત્સવ કરે છે, જન્મેલાં નાના બાળ-ભગવાનને પણ તે પૂજે છે, પણ અહીં તો કહે છે કે એ ભગવાન પણ વ્યયવહારથી પૂજ્ય છે. નિશ્ચયથી તો આ ચૈતન્યજ્યોતિ પૂજ્ય છે. આવી પૂજનીય પરમ ચૈતન્યજ્યોતિના કેટલા વખાણ કરવા? એના ગુણનો કોઈ પાર નથી.

અહીં તો જેને મોક્ષની અભિલાષા છે તેને માટે આ વાત છે. કેટલાક એમ કહે છે કે પહેલાં પુણ્ય કરી સ્વર્ગ આદિના ભોગ ભોગવી લઈએ પછી ભગવાન પાસે જઈને મોક્ષનો ઉપાય કરીશું. આવા જીવોને ખરેખર મોક્ષની અભિલાષા નથી. જેને મોક્ષની જ અભિલાષા છે તેણે ગુરુ આદિ પાસે આત્માના વિષયમાં પૂછતાછ કરવી.

બૈરાઓ ભેગી થાય તો વધારાની વાતુ કરવા બેસી જાય. મુંબઈવાળાઓ પણ અમારે આમ હતું ને ત્યાં આમ હતું એમ નકામી વાતોમાં ટાઈમ ગુમાવે. અરે ભાઈ! આત્માની વાત કર ને! પારકી કુથલી છોડીને તારા નિજઘરની વાત માંડ ને! કેવળજ્ઞાની ભગવાન પણ વાણીમાં તારું સ્વરૂપ પૂરું કહી શકતા નથી એ સ્વરૂપ કેવું છે તેની વાત ગુરુને પૂછ ને!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક આત્મા આનંદમૂર્તિની પ્રીતિ કર, પુણ્ય-પાપની અને નિમિત્તની પ્રીતિ છોડી સ્વભાવની પ્રીતિ કર, તેની જ અભિલાષા કર. ભાઈ! એકવાર તારી આનંદની ખાણનો સ્વામી થઈ જા અને અંદરથી આનંદ કાઢ....આનંદ કાઢ. અનંતકાળ આનંદ કાઢયાં જ કર પણ તે કદી ખૂટશે નહિ. આવી ખાણનો સ્વામી થઈને તારી દરિદ્રતાનો નાશ કર.

આત્માના ભાન અને ભાવના વગરના બધા બળ્યાં-જળ્યાં છે–દુઃખી જ છે. ભલે તે પૈસાવાળા હોય, આબરૂવાળા હોય, કુટુંબવાળા હોય પણ એ બધા બળ્યાં–જળ્યાં જ છે, પોતાની આત્મશાંતિને બાળી રહ્યાં છે.

શરીરમાં વાત, પિત્ત અને કફની માત્રા એકદમ વધી જાય એટલે સનેપાત થઈ જાય છે. સનેપાતનો રોગી ખૂબ હસે છે પણ શું એ ખરેખર સુખી છે? એ તો મહા-દુઃખી છે. તેમ આ અજ્ઞાની જીવને મિથ્યાત્વ, અજ્ઞાન અને અવ્રત–રાગદ્વેષ ત્રણેય મળતાં સનેપાતનો રોગ લાગુ પડ્યો છે તેથી પોતે મહા દુઃખી હોવા છતાં પોતાને સુખી માની રહ્યો છે.

ભાઈ! સારમાં સાર વાત આ છે કે ભગવાન સર્વજ્ઞદેવના જ્ઞાનમાં એક સમયમાં આત્મા જેવો દેખાયો, જણાયો એવો જ કહ્યો છે તેનો તું અનુભવ કર! તેના વિષે જ પ્રશ્ન કર! તેની જ પ્રીતિ કર, આત્માની જ ચાહના કર, મનન કર, આવો ગુરુનો ઉપદેશ હોય તેનું નામ ઇષ્ટ ઉપદેશ છે.

ચૈતન્યજ્યોતિ જ પૂજ્ય છે, સાર છે અને અવિદ્યાનો નાશ કરનારી છે અને જ્ઞાનનો પ્રકાશ કરનારી છે. ચૈતન્યજ્યોતિ પોતાનું સ્વરૂપ પ્રકાશી અજ્ઞાનનો નાશ કરવાવાળી છે. માટે હે મોક્ષાર્થી! તેની વાત પૂછો....ચાહો અને અનુભવ કરો.

આ રીતે ૪૯ ગાથા સુધી શિષ્યને વિસ્તારથી સમજાવીને હવે આચાર્યદેવ પરમ કરુણાથી તે જ આત્મસ્વરૂપ સંક્ષેપમાં કહીને શિષ્યના હૃદયમાં બેસાડવાની ઇચ્છાપૂર્વક ગાથા કહે છે. વિસ્તારથી કહ્યું તેનો જ ટૂંકમાં સાર કહીને શિષ્યના હૃદયમાં આત્માની વાત સ્થાપવા માગે છે.

જે આત્માનો અર્થી, મોક્ષનો અર્થી થઈને આવ્યો છે એવા શિષ્યને ગુરુ કહે છે હે સુમતે! બહુ કહેવાથી શું? હેય–ઉપાદેય તત્ત્વોને સંક્ષેપથી પણ બુદ્ધિમાનોના હૃદયમાં ધારણ કરી શકાય છે. આગળ વિસ્તારથી કહેવાઈ ગયું છે તેથી હવે સંક્ષેપથી પણ જેની પ્રજ્ઞા ખીલેલી છે એવા બુદ્ધિમાનને સાર કહી શકાય છે. સંસ્કૃતમાં **પ્રાજ્ઞ** શબ્દ છે એટલે જે સમજી શકવાને લાયક છે તેને સંક્ષેપમાં આત્માની વાત હૃદયમાં ઉતારી શકાય છે.

સામો શિષ્ય સમજવાને લાયક છે તેથી કહ્યું કે તેના હૃદયમાં સંક્ષેપમાં આ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉતારી શકાય તેમ છે, સારરૂપે કહી શકાય છે. મૂળ તો લાખ વાતની એક જ વાત છે. તે બુદ્ધિમાનના હ્રદયમાં ઉતરી જાય છે.

जीवोऽन्यः पुद्‌गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः ।
यदन्यदुच्यते किंचित्सोऽस्तु तस्यैव विस्तरः ॥ ५० ॥

જીવ-પુદ્‌ગલ બે ભિન્ન છે, એ જ તત્ત્વનો સાર,
અન્ય કાંઈ વ્યાખ્યાન જે, તે તેનો વિસ્તાર. ૫૦.

આ જીવ જુદો છે અને પુદ્‌ગલ જુદું છે, બસ ! આટલો જ તત્ત્વકથનનો સાર છે. એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જુદો છે અને પુદ્‌ગલ તથા પુદ્‌ગલના નિમિત્તે થયેલાં રાગાદિ જુદાં છે. એક તરફ રામ છે અને એક તરફ ગામ છે.

ચૌદ પૂર્વ અને બાર અંગોનો સાર આ છે કે અનાકુળ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા અને શરીર, વાણી, મન, સુખ-દુઃખની કલ્પના આદિ બધું જુદું છે.

જેને આત્મા કહેવાય છે એ તો અનાકુળ આનંદ અને જ્ઞાનમય છે, તેમાં જે રાગ ઉઠે છે તે તો પુદ્‌ગલ છે. પુદ્‌ગલના લક્ષે થયો છે માટે તેને પણ પુદ્‌ગલ કહ્યો છે અને શરીર, કર્મ આદિ તો પુદ્‌ગલ છે જ. આત્મા અને પુદ્‌ગલ જુદાં છે એમાં બધું આવી જાય છે. આ સિવાય બીજું જે કાંઈ કહેવાય છે તે આ બેનો જ વિસ્તાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૫૫ ]

# જિનાગમનો સાર

[ તા. ૩-૬-૬૬ ]

ભગવાન શ્રી કુંદકુંદ આચાર્ય સંવત ૪૯ માં થયાં એટલે ૨૦૦૦ વર્ષ પહેલાં થયાં, તેના પછી આ પૂજ્યપાદસ્વામી થયાં, તેમણે આ ઇષ્ટોપદેશ રચ્યું છે. ઇષ્ટ એટલે આત્માનું મોક્ષસ્વરૂપ અને તેનો ઉપાય આત્મધ્યાન. તેનો આ ઉપદેશ છે. માર્ગ અને માર્ગફળની વિસ્તારથી ઘણી વાત થઈ. હવે ૫૦ મી ગાથામાં તેનો સાર કહે છે.

ભગવાન આત્મા શરીરાદિથી જુદો છે. શરીર આદિ એટલે શરીર, મન, વાણી, કર્મ, પુણ્ય અને પાપ બધાં પુદ્‌ગલજન્ય-પુદ્‌ગલ છે. તેનાથી આત્મા જુદો છે અને શરીરાદિ સર્વ આત્માથી જુદા છે બસ! આટલું કહેવામાં બધો સાર આવી જાય છે.

આ ભૂતાર્થ, સત્યાર્થ અખંડાનંદ એક પ્રભુ ભગવાન આત્માને શરીર અને રાગાદિથી જુદો અને શરીરાદિ તેનાથી જુદાં છે, એમ કહેતાં ગ્રહણ શું થાય છે?–કે સત્યાર્થ આત્મ-તત્ત્વનો સંપૂર્ણરૂપે નિર્ણય થઈ જાય છે.

ભગવાન આત્મા જ્ઞાન, આનંદ અનંત ગુણ સંપન્ન સત્ય વસ્તુ છે. તે રાગાદિ પુદ્‌ગલથી ભિન્ન છે અને રાગાદિ પુદ્‌ગલ આત્માથી ભિન્ન છે. એટલું કહેવામાં સત્યાર્થ આત્માનું ગ્રહણ, જ્ઞાન, નિર્ણય અને અનુભવ થઈ જાય છે. કેમ કે શરીર, રાગાદિ અને ભૂતાર્થ ભગવાન આત્માનો ભેદ ભાસતાં જ્ઞાનમાં આત્મા જ્ઞેય થઈ જાય છે. અનંત ગુણોમાં એક પ્રમેયત્વગુણ છે તે પ્રમેયત્વગુણના કારણે અનંત ગુણસ્વરૂપ આત્મા જ્ઞાનમાં પ્રમેય થઈ જાય છે.

પૂજ્યપાદસ્વામીએ બહુ ટૂંકામાં પણ આખો સાર કહી દીધો છે. ભગવાન ભૂતાર્થ, સત્યાર્થ આત્મા પુણ્ય-પાપના વિકલ્પ, શરીરાદિથી જુદો છે અને વિકલ્પ, શરીરાદિ આત્માથી જુદાં છે એમ જ્યાં જ્ઞાનમાં લ્યે ત્યાં ભગવાન ભૂતાર્થ, સત્યાર્થ આત્મા નિર્ણયમાં આવી જાય છે.

આત્મામાં પરમેશ્વર થવાનો ગુણ છે. એક પ્રભુત્વગુણના કારણે અનંતગુણોમાં પરમેશ્વરતા વ્યાપેલી છે. ભેદજ્ઞાન થતાં આત્મા પરમેશ્વરસ્વરૂપ છે એમ દૃષ્ટિમાં ભાન થઈ જાય છે. અનંતકાળથી જેને જાણતો ન હતો તેને જ્ઞાનમાં જ્ઞેય બનાવી—પ્રમાણજ્ઞાનમાં પ્રમેય બનાવી જ્ઞાનમાં તેનો નિર્ણય અને ગ્રહણ કરી લે છે.

બહુ ઝીણી પણ બહુ ટૂંકી અને ઘણી સરસ વાત આવી છે. અનંતકાળમાં જીવે કદી સ્વને પ્રમેય બનાવ્યો નથી તેને પ્રમેય બનાવવાની આ વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાની જગતના પદાર્થ જોવા મથે છે, રાગ જોવા મથે છે, શરીરને જોવા મથે છે પણ એ બધાં પદાર્થો તો આત્માથી જુદાં છે. એ બધાંથી જુદા એવા આત્માને જોવા માટે કદી મંથન કર્યું છે? વકીલાતનું જ્ઞાન, ડોકટરનું જ્ઞાન, મશીનોનું જ્ઞાન એવું બધું જ્ઞાન કર્યું—બધાંને પ્રમેય બનાવ્યાં પણ પોતાને પ્રમેય ન બનાવ્યો. હવે, હજી પણ આટલું સાંભળીને ભેદજ્ઞાન કરે તો થાય તેવું છે.

વર્તમાન જ્ઞાન પોતાના પૂર્ણ જ્ઞેય તરફ ઢળતાં–અનંત ગુણરૂપ એક આત્મા તેનાં જ્ઞાનનું પ્રમેય થતાં સાચું પ્રમાણ જ્ઞાન થાય છે. રાગાદિ આત્માથી જુદાં છે અને આત્મા રાગાદિથી જુદો છું એવું સાંભળી ભૂતાર્થ સત્યાર્થ ભગવાન આત્મા તરફ લક્ષ કરતાં જ્ઞાનમાં આખો આત્મા ગ્રહણ થઈ જાય છે–નિર્ણયમાં આવી જાય છે.

સર્વને જોનાર, જાણનાર એવા આત્માને જાણ્યા વગર બીજા કોઈને વ્યવહારથી પણ જીવ જાણી શકતો નથી. માટે પ્રથમ આત્માને જાણવાનો છે. રાગાદિથી આત્મા જુદો છે એમ જાણીને નિચોડ શું કાઢવો? ગ્રહણ શું કરવું? તારવવું શું?–કે વર્તમાન જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞેય બનાવવો. જેથી આખા જ્ઞાયકનો નિર્ણય થઈ જશે. આત્મા દૃષ્ટિમાં આવી જશે પછી તેમાં જ ઠરવા લાયક છે, રમવા લાયક છે એમ લાગશે. રાગાદિમાં રમવા જેવું નહિ લાગે.

આ તારું ઘર નથી ભાઈ! તારું ઘર બધાંથી જુદું છે અને બધાનું ઘર તારાથી જુદું છે. આટલો ભેદ તને પડી જાય પછી તારે માત્ર તારું ઘર જોવાનું રહેશે. આ તો તારા ઘરમાં વાસ્તુ લેવાની વાત છે ભાઈ!

ભાઈ! તું કયાં છો? તું કેવડો છો? કેવો છો? એ બધા પ્રશ્નોનો જવાબ જ્ઞાયક ઉપર દૃષ્ટિ મૂકતાં જ તને મળી જશે.

કોઈ એમ કહે કે અમને આત્મા જણાતો નથી તેણે આત્માનો જ નિષેધ કર્યો છે. ન જણાય એવા કોઈ ગુણ જ આત્મામાં નથી. દરેક ગુણ જણાય એવો પ્રમેયત્વગુણ તેનામાં પડ્યો છે. તેનો નિષેધ કર્યો તેણે આત્મા જ નથી એમ આત્માનો નિષેધ કર્યો છે. કેમ કે પ્રમેયત્વગુણ આખા આત્મામાં વ્યાપેલો છે. માટે પ્રમેયત્વ ગુણનો નિષેધ કરતાં આત્માનો નિષેધ થઈ જાય છે.

કાચના કટકાની વચ્ચે હીરો પડયો હોય પણ તે હીરો અને કાચના કટકા જુદાં છે. તેમ પરદ્રવ્ય અને વિભાવની વચ્ચે રહેલો આત્મા તેનાથી જુદો છે. તે ચૈતન્યહીરો જાણવાલાયક–જોવાલાયક છે. નિશ્ચયથી આત્માને જાણે ત્યારે પુદ્‌ગલ, વિભાવ આદિને જાણવા તે વ્યવહાર છે. આત્માને જાણ્યા વગર પરને જાણવું તે વ્યવહાર પણ નથી. અહો! વસ્તુનું સ્વરૂપ જ કોઈ એવું છે કે ચારે બાજુથી સત્ય ઊભું થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ! તું પ્રભુતારૂપે પરિણમી જા એવી તારામાં તાકાત છે. તું પામરતારૂપે પરિણમ એવી તારામાં તાકાત નથી. આત્મા શરીરપણે છે કે વિકારપણે છે એમ જ્ઞાનમાં પ્રમેય થાય એમ તો બનતું જ નથી પણ આત્મા અલ્પજ્ઞપણે છે એમ પણ જ્ઞાનમાં પ્રમેય થતું નથી. આત્મા તો જ્ઞાનમૂર્તિ, આનંદમૂર્તિ, અનંતબળસ્વરૂપ, સ્વચ્છસ્વરૂપ—એવા સ્વભાવરૂપ સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થાય એવો આત્મા છે.

આત્માને જાણ્યો ક્યારે કહેવાય ?-કે જ્યારે તેના ગુણોનું અભેદસ્વરૂપ દૃષ્ટિમાં આવી જાય ત્યારે આત્માને જાણ્યો કહેવાય. અનંતગુણનો લાભ શું છે તે જ્ઞાનમાં આવી જાય છે.

અનાદિથી અજ્ઞાની બહાર દૃષ્ટિ કરી કરીને મરી ગયો છે. પોતાનાથી જુદાં એવા બધાંને જોવા જતાં પોતે આખો જોવાનો રહી જાય છે તેની તેને ખબર પણ નથી. અનંતકાળમાં કદી એણે સ્વરૂપનું મંથન કર્યું જ નથી. ખરેખર પોતાને જાણ્યાં વગર પરને પણ જીવ જાણી શકતો નથી. નિશ્ચય વગર વ્યવહાર હોતો નથી.

આ બધી વાતો જીવને અગમ-નિગમ જેવી લાગે છે પણ બાપા! તું અગમ-નિગમનો નાથ છો.

ભગવાન આત્મા પુણ્ય-પાપ રાગાદિથી જુદો છે અને પુણ્ય-પાપ રાગાદિ આત્માથી જુદાં છે—એમ ભાન થતાં પોતાના અનંતગુણનો હું ધણી છું એમ ભાન થઈ જાય છે. તેથી હું રાગનો, શરીરનો કે મકાનનો માલિક છું એ વાત એની દૃષ્ટિમાં રહેતી નથી. પોતાના અનંતગુણનો સ્વામી થવાનો આત્મામાં ગુણ છે પણ લક્ષ્મી, શરીર, રાગાદિનો સ્વામી થવાનો આત્મામાં ગુણ નથી.

જ્ઞાયક ઉપર દૃષ્ટિ દેતાં આત્મામાં જેટલાં ગુણો છે તેનો સંપૂર્ણપણે જ્ઞાનમાં નિર્ણય આવી જાય છે. આત્મા દ્રવ્ય એક છે પણ તેના ગુણો અનંતાનંત છે. આકાશના જેટલાં પ્રદેશ છે તેનાથી અનંતગુણા ગુણો એક એક જીવમાં રહેલા છે. આવો અનંત-ગુણમય ભગવાન આત્મા છે પણ એણે કદી એની દરકાર કરી નથી.

તું કેવા અને કેટલા ગુણવાળો છો, તે ગુણના કાર્ય શું છે, ગુણનું સામર્થ્ય શું છે? તે જોવાની તેં કદી દરકાર કરી નથી. પુદ્‌ગલ, રાગાદિ મારા નહિ અને હું તેનો નહિ એવી દૃષ્ટિ થતાં જ પોતાના સર્વગુણોની મહિમા જ્ઞાનમાં આવી જાય એવી આત્માની શક્તિ છે. જ્ઞાનનું કાર્ય જાણવું, શ્રદ્ધાનું કાર્ય શ્રદ્ધવું, આનંદનું કાર્ય પ્રગટ આનંદ આવવો, પ્રકાશગુણનું કાર્ય આત્માનું પ્રત્યક્ષ થવું—આવા અનંતગુણનું કાર્ય જ્ઞાનમાં જણાય છે.

આત્માને 'વસ્તુ' કેમ કહી છે? કે જેમાં અનંત ગુણ વસે તેને વસ્તુ કહેવાય. રાગાદિ સર્વથી ભિન્ન અંતર વસ્તુની નજર કરતાં આત્માના સર્વગુણોનો નિર્ણય અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન તેની પર્યાયમાં આવી જાય છે અથવા બીજી ભાષાથી કહીએ તો ભૂતાર્થને જાણતાં તેના બધાં ગુણોનું નિર્મળ કાર્ય વ્યક્ત-પ્રગટ થઈ જાય છે.

આશ્ચર્યની વાત છે ને ? આવડો મોટો મહાન આત્મા છે અને એક બીડીમાં ખોવાઈ જાય છે, લાખ-બે લાખ રૂપિયા મળે ત્યાં તેમાં ખોવાઈ જાય છે. હું પૈસાવાળો, સ્ત્રી, કુટુંબવાળો, રાજ-પાટવાળો એમ પરમાં પોતાપણું માનીને બેસી ગયો છે.

અહીં કહે છે કે પરદ્રવ્ય તરફ જોવાનું તારે શું કામ છે? પરદ્રવ્ય પાસેથી તું કાંઈ કામ લઈ શકે તેમ નથી. રાગ પાસેથી કે શરીર પાસેથી તું કાંઈ કામ લઈ શકતો નથી. આત્માના ગુણનું કાર્ય દયા-દાનાદિના રાગ વડે પણ થઈ શકતું નથી.

હું ભગવાન આત્મા પરથી જુદો છું એમ જાણતાં ભૂતાર્થ સત્યાર્થ નિજ આત્મામાં વસેલાં અનંતગુણો જ્ઞાનમાં-નિર્ણયમાં આવી જાય છે એટલે પ્રમાણજ્ઞાનની પ્રમાણતામાં આખું દ્રવ્ય આવી જાય છે.

પરપદાર્થ આત્માથી જુદાં છે પણ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ પણ આત્માથી જુદાં છે, તેથી તેના વડે આત્માનું કાર્ય થઈ શકતું નથી. તો પરદ્રવ્ય—સ્ત્રી, પુત્ર, ધનાદિ બધાં મને અનુકૂળ હોય તો હું આત્માનું ધ્યાન કરી શકું એ વાત ક્યાં રહી? પરની વ્યવસ્થા પરને કારણે પરમાં થયા કરે છે, તેનાથી તને કાંઈ લાભ-નુકશાન નથી.

ભાઈ ભગવાન આત્મા! ધીરો થઈને તારી ધીરતાને નિહાળ. ધીર એટલે શાંત સ્વભાવી તું છો તેને ધીર બુદ્ધિ વડે પ્રાપ્ત કર. પોતાની ધી નામ બુદ્ધિને અંતરમાં પ્રેરે તેનું નામ ધીર છે, તે જ ધીમંત છે ને તે જ શ્રીમંત છે.

અનંતગુણની વસ્તીમાં વસનાર આત્માને જે પરથી ભિન્ન જાણે તેના જ્ઞાનમાં અનંત ગુણોનો નિર્ણય આવી જાય છે. તેને એમ શંકા ન હોય કે આત્મા મને જણાય છે કે નહિ! પ્રત્યક્ષ થશે કે નહિ! મારે ભવ હશે કે નહિ! એવા ભાવ તેને ન હોય. ભવ વિનાના ભાવને ભાવતાં જ્ઞાનીને ભવની શંકા હોય જ નહિ. મારા સ્વભાવમાં ભવનું કોઈ કારણ જ નથી તો કારણ વગર કાર્ય થાય ક્યાંથી? હું તો ત્રિકાળ મુક્તસ્વભાવી છું.

હું મને ન જણાઉં એમ ત્રિકાળમાં કદી ન બને. મને મારી શ્રદ્ધા ન થાય એમ કદી બને નહિ. આત્માને જાણે તેને ભગવાને જ્ઞાનમાં મારા ભવ જોયાં હશે તો? એવી શંકા જ્ઞાનીને થાય નહિ. અલ્પકાળમાં મુક્તિ આપે એવો મારામાં ગુણ છે તેની મેં પ્રતીતિ કરી છે માટે હું અલ્પકાળમાં જ પર્યાયમાં મુક્તિ પ્રાપ્ત કરીશ—એમ જ્ઞાની નિઃશંક હોય છે.

બાળકો! તમે પણ બધા ભગવાન છો. શરીર નાના-મોટા હોય તેથી આત્મા કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાનો-મોટો થઈ જતો નથી. ભગવાન કહે છે કે શરીર દ્વારા આત્માને તું ન જો. દરેકનો આત્મા અખંડાનંદ પ્રભુ છે એમ જુઓ. આ જીવને આવું શરીર છે ને આવા કર્મ છે અને આવો રાગ છે એમ ન જુઓ. કેમ કે આત્મા શરીર, કર્મ અને રાગથી જુદો છે. બધાંથી જુદા આવા પોતાના આત્માને જાણે છે તે દરેકના આત્માને પણ બધાથી રહિત અખંડાનંદ પ્રભુ તરીકે જુએ છે. સામો જીવ પોતાને શરીર, રાગાદિથી જુદો જાણતો ન હોય તોપણ તેનામાં આવી શક્તિ છે એમ તું જાણ!

આત્માને જે જાણે તેને આ સર્વજ્ઞસ્વભાવી આત્મા સર્વજ્ઞ થયે જ છૂટકો છે એમ એના જ્ઞાનમાં–નિર્ણયમાં આવી જાય છે.

શ્રોતા :—પ્રભુ ! આમાં સંસારના વલખા કયાં રહ્યાં ?

પૂજ્ય ગુરુદેવ :—સંસારના વલખાં રહ્યાં એના ઘરે–પુદ્‌ગલમાં, ભગવાન આત્મામાં તેનો અભાવ છે. ભગવાન આત્મા એક સમયમાં પુદ્‌ગલથી જુદો છે એમ કહેતાં તેના અનંતગુણ સહિતનું આખુરૂપ જ્ઞાનના નિર્ણયમાં આવી જાય છે. તેને અલ્પકાળમાં મારું સર્વજ્ઞપણું પ્રગટ થશે એમ દૃઢ થઈ જાય છે. તેને હું પડીશ અને પછી રખડીશ એ વાત રહેતી જ નથી. શ્રદ્ધામાં આત્મા બેઠો એ શું હવે આત્માનો અભાવ કરશે ? નહિ....નહિ.

મારા કેવળજ્ઞાનનો આધાર મારો આત્મા છે, એમ આધારગુણ સહિત આત્માની પ્રતીતિ થાય છે. મારું પરમેશ્વરપણું સ્વતંત્રપણે પરના આધાર વિના પ્રગટ થાય એવી શક્તિવાળુ છે. મારા કોઈ પણ ગુણના કાર્ય માટે મારે પરના આધારની જરૂર નથી.

આ ૫૦ મી ગાથા પણ ગજબ આવી ગઈ છે.

ગુણી આત્માને શ્રદ્ધામાં લેતાં અનંતગુણો ધારાવહી તેના કાર્યરૂપે પરિણમશે અને પૂર્ણતાને પામશે એવો નિર્ણય આવી જાય છે.

જીવ અને પુદ્‌ગલ ભિન્ન છે એ જ તત્ત્વનો સાર છે પણ જે ટૂંકામાં સમજી શકતાં નથી અને વિસ્તારથી સમજવાની રુચિ છે એવા શિષ્યો માટે આચાર્યોએ વિસ્તારથી શાસ્ત્રો લખ્યાં છે, તે બધો આ ટૂંકા સિદ્ધાંતનો જ વિસ્તાર છે. એક ઘાએ બે કટકા થાય એવી આ ભેદજ્ઞાનની ટૂંકી વાત છે. વિસ્તારથી કહ્યું છે તે પણ આ જીવ-પુદ્‌ગલની ભિન્નતા સમજાવવા માટે કહ્યું છે.

પરથી આત્માને લાભ થાય એમ કહે એ ઇષ્ટ ઉપદેશ નથી, જેનાથી સંસારનો લાભ થાય તે ઇષ્ટ ઉપદેશ નથી. ટૂંકમાં કહ્યું હોય કે વિસ્તારથી કહ્યું હોય પણ જ્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુદ્‌ગલથી ભિન્ન આત્માની સ્વાધીનતા બતાવી હોય–મોક્ષ અને મોક્ષમાર્ગ બંને આત્મામાં જ બતાવ્યા હોય તે ઇષ્ટ-ઉપદેશ છે.

તું એક જાણનાર–જોનાર ભગવાન આત્મા છો માટે જે થાય તેને વ્યવહારે જાણ્યા કર અને તારામાં જે થાય તેને તન્મય થઈને એટલે નિશ્ચયથી જાણ. આ બધી વાત જીવ-પુદ્‌ગલની ભિન્નતાની ટૂંકી છતાં બધો સાર આવી જાય છે.

આચાર્ય કહે છે કે શિષ્યના હિત-હેતુ જ્યાં વિસ્તારથી કહ્યું છે તેની પણ અમને શ્રદ્ધા છે, તેને અમે અભિનંદન આપીએ છે, તે પણ હિત માટે છે. આમ ટૂંકામાં હો કે વિસ્તારથી હો બંને વાતને અમે અનુમોદીએ છીએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ પ્રવચન નં. ૫૬ ]

# શાસ્ત્ર ભણતરનો સાર

[ તા. ૫-૬-૬૬ ]

શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્રની આ ૫૦ ગાથા પૂરી થઈ, હવે ૫૧ મી ગાથા શરૂ થાય છે. તેમાં શ્રી પૂજ્યપાદસ્વામી આ શાસ્ત્રના અધ્યયનથી થતાં સાક્ષાત ફળ અને પરંપરા ફળને બતાવે છે :—

**इष्टोपदेशमिति सम्यगधीत्य धीमान्,**
**मानापमानसमतां स्वमताद् वितन्य ।**
**मुक्ताग्रहो विनिवसन्सजने वने वा,**
**मुक्तिश्रियं निरुपमामुपयाति भव्यः ॥ ५१ ॥**

ઇષ્ટોપદેશ મતિમાન ભણી સુરીતે,
માનાપમાન તું સહે નિજ સામ્યભાવે,
છોડી મતાગ્રહ વસે સ્વજને વને વા,
મુક્તિવધૂ નિરુપમા જ સુભવ્ય પામે. ૫૧.

આ ઇષ્ટોપદેશ વાંચી, તેમાં કહેલાં ભાવોને બરાબર સમજી, જે ભવ્ય જીવ હિત-અહિતની પરીક્ષામાં દક્ષ-નિપુણ થયો છે તે આત્મજ્ઞાનના બળથી માન-અપમાનમાં સમતાનો વિસ્તાર કરે છે.

પોતાનો શુદ્ધ જ્ઞાન, આનંદસ્વરૂપ આત્મા જ આદરણીય છે તે સિવાય દરેક વિકલ્પ આદિ બધું અહિતકર છે.

શ્રોતા :—ક્યારે ?

પૂજ્ય ગુરુદેવઃ—ક્યારે શું ? અત્યારે. જ્યાં સાચી સમજણ થાય છે ત્યાં એ જ વખતે હેય-ઉપાદેયનો વિવેક આવી જાય છે. ૫૦ મી ગાથામાં આ બધી વાત સમાઈ ગઈ છે.

આ ઇષ્ટોપદેશ ભણીને શું કરવું ? કે પોતાનું ઇષ્ટ પ્રાપ્ત કરવું. પોતાનું ઇષ્ટ શું છે ?-કે સહજાનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદની-મૂર્તિ પર્યાયમાં થાય તે મોક્ષ છે. તે ઇષ્ટ છે, આત્માનું સુખ ઇષ્ટ છે અને આત્મામાં એકાગ્રતારૂપ ધ્યાન તે પણ ઇષ્ટ છે.

શુદ્ધ ચિદાનંદસ્વરૂપ નિજ આત્માનો આશ્રય કરીને જેણે સમ્યગ્દર્શન, જ્ઞાન, પવિત્રતાનો અનુભવ કર્યો છે એવા ધર્મી જીવો માન-અપમાન આદિનો આગ્રહ છોડી દે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેણે સત્ ચિદાનંદસ્વરૂપ આત્માના આશ્રયે પર્યાયમાં ધર્મ પ્રગટ કર્યો છે— આત્મજ્ઞાન કર્યું છે એવા ધર્મી જીવને અતીન્દ્રિય આનંદનું વેદન હોવાથી બહારમાં પોતાની મહત્તા થવાથી માન થતું નથી કે મહત્તાનું ખંડન થવાથી અપમાન લાગતું નથી.

બહારમાં કોઈ અજ્ઞાનીને પણ મહત્તાથી માન ન થાય અને માન ન મળે તો અપમાન ન લાગે, તે એક પ્રકારનો મંદકષાય છે, તે સ્થૂળ છે. પણ આ તો આત્મજ્ઞાનના કારણે ધર્મીને બહારનું બધું ફીકું લાગે છે. કેમ કે ત્રણલોકના નાથ ભગવાન સર્વજ્ઞ તીર્થંકર પરમદેવે જેવો અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા જોયો છે તેવો જ ધર્મીએ પોતાની દૃષ્ટિમાં દૃશ્ય કર્યો છે, જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યો છે, તેથી તેને આત્મામાં ઇષ્ટપણું, ધ્યાનપણું, આનંદપણું અને શાંતિ પ્રગટ થયાં છે. તેની પાસે ધર્મીને બહારમાં કાંઈ સારભૂત લાગતું નથી. તેથી ધર્મી માન-અપમાનમાં સમતાનો વિસ્તાર કરે છે.

શાસ્ત્ર ભણીને કરવું શું? શું શાસ્ત્ર લખવા? શું બીજાને સમજાવવા?—ના. શાસ્ત્ર ભણતરનો સાર એ છે કે પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરવો અને બહારમાં કોઈ માન-અપમાન આદિના પ્રસંગો બને તો સ્વભાવ સન્મુખ દૃષ્ટિપૂર્વક સમતાનો વિસ્તાર કરવો તે આ ઇષ્ટોપદેશ ભણવાનું ફળ છે–સાર છે, વીતરાગતાનો વિસ્તાર તે સાર છે.

ઉપરથી ઇન્દ્રો આવીને ખૂબ માન-સન્માન કરે કે કોઈ નિર્ધન માણસ અપમાન કરી જાય તે બંને વખતે ધર્મી પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો હોવાથી બંનેમાં સમતા–વીતરાગતાનો વિસ્તાર કરે છે. વિકલ્પનો વિસ્તાર છોડે છે.

'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન' જ્યાં સર્વજ્ઞ પરમેશ્વરની આજ્ઞા પ્રમાણે પોતાના સ્વરૂપનું ભાન થયું અને સર્વજ્ઞે તેનો સ્વીકાર કર્યો કે 'આ બરાબર સમ્યગ્જ્ઞાની છે' તો કહે છે કે હવે એથી વિશેષ બીજા કોનું માન તારે જોઈએ છે? અને જો સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા બહાર પોતાના આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ ન કર્યો અને પોતાને ધર્મી માની લીધો અને લોકો માન આપવા લાગ્યાં પણ ભગવાનની આજ્ઞામાં તારું અપમાન થયું છે તો એથી મોટું અપમાન બીજું કયું હોય?

ભગવાનની આજ્ઞાનુસાર તું શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરી સમ્યગ્જ્ઞાની થયો અને ભગવાને તને સ્વીકાર્યો તો એનાથી મોટું બીજું માન નથી અને જો તેં ભગવાનની આજ્ઞા પાળી નહિ અને સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન કર્યાં નહિ છતાં આખી દુનિયા તને માન આપતી હોય પણ ભગવાનની આજ્ઞાથી તું બહાર છો, ભગવાનના જ્ઞાનમાં તારો સ્વીકાર નથી તો એનાથી મોટું બીજું અપમાન કોઈ નથી. દુનિયા માન આપે કે ન આપે તેનાથી તારી કિંમત નથી.

આ મને અનુકુળ છે, આ મને પ્રતિકૂળ છે. શરીર ઠીક રહે તો મને ઠીક, જંગલમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહું તો ઠીક અને ગામમાં રહું તો અઠીક એવો આગ્રહ જેણે સમતાના વિસ્તારપૂર્વક છોડયો છે એવા ધર્મી જીવ સર્વ આગ્રહ છોડી એક માત્ર વીતરાગતાના આગ્રહ સહિત નગર અથવા વનમાં વિધિપૂર્વક રહેતાં થકાં ઉપમા રહિત મુક્તિલક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

પોતાના સ્વરૂપમાં એકાગ્રતા અને વીતરાગતાનો વિસ્તાર થવો એ જ ઇષ્ટ છે. તેનાથી પૂર્ણાનંદરૂપ મુક્તિલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. એ સિવાય બીજું કોઈ સાધન મુક્તિનું કારણ થતું નથી.

વિધિપૂર્વક રહેવું એમ કહ્યું છે તો વિધિ એટલે શું? વિધિ એટલે સ્વરૂપમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે. આ વિધિથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે.

શ્રોતા :—અજાણ્યા હોય તેણે શું કરવું?

પૂજ્ય ગુરુદેવ :—અજાણ્યા હોય તેણે પણ આત્માનું જાણપણું કરવું. બધાં જીવો ચિદાનંદ સ્વભાવે બિરાજમાન છે. ચૈતન્યજ્યોતિથી ભરેલા છે, તેની દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા કરવી. દરેકને માટે કરવા જેવું કાર્ય હોય તો આ એક જ છે. તેનાથી જ મુક્તિ-લક્ષ્મી પ્રાપ્ત થાય છે. આમાં માર્ગ અને માર્ગફળ બંને આવી ગયાં.

મોક્ષ કહો કે સુખ કહો બંને એક જ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ છે, તેનો આશ્રય કરીને પર્યાયમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ કરવી તેનું નામ મુક્તિ છે. તેમાં જ ખરું સુખ છે. માટે મોક્ષ—સુખ જીવનું ઇષ્ટ છે અને તેના કારણભૂત આત્માનું ધ્યાન પણ જીવનું ઇષ્ટ છે. અંતર આત્મામાં એકાગ્રતારૂપ ધ્યાન તે ઇષ્ટ છે. વચ્ચે વિકલ્પ ઉઠે તે જીવનું ઇષ્ટ નથી.

જુઓ! મંદિર બંધાવવા કે બીજાને ઉપદેશ આપવો કે દયા, દાન, તપશ્ચરણ આદિના વિકલ્પને ઇષ્ટ ન કહ્યાં પણ એક મુક્તિ અને મુક્તિનું કારણ ધ્યાન એ બેને જ ઇષ્ટ કહ્યાં છે.

વ્યવહાર મોક્ષમાર્ગને મોક્ષનું કારણ કહેવું તે ઉપચારમાત્ર છે. ખરેખર એ મોક્ષનું કારણ નથી. એક સ્વઆત્માના ધ્યાનરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ જ સાચો મોક્ષમાર્ગ છે.

ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપે બિરાજમાન છે. તેમાં તીર્થંકરગોત્રને યોગ્ય વિકલ્પ ઉઠે છે તે પણ અનિષ્ટ છે–ઝેર છે, દુઃખ છે, અહિતકર છે. એક જ ઇષ્ટ છે. શું? કે પુણ્ય–પાપના વિકલ્પથી પાર પૂર્ણાનંદસ્વરૂપમાં દૃષ્ટિ કરી, જ્ઞાન કરી, તેમાં એકાકાર થવું તે રૂપ જે ધ્યાન તે જ એક ઇષ્ટ છે.

વ્યવહારરત્નત્રયના ભાવ તો ઇષ્ટ નથી પણ બંધનું કારણ છે. નિશ્ચયથી પતિત થાય ત્યારે જ વ્યવહારરત્નત્રયના ભાવ આવે છે. આ તો વીતરાગનો માર્ગ છે ભાઈ! વીતરાગદેવે સ્વ શુદ્ધાત્માના ધ્યાનને મોક્ષનું કારણ કહ્યું છે. સાક્ષાત્ ભગવાનનું ધ્યાન પણ મોક્ષનું કરણ કહ્યું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્ર-સ્વાધ્યાય, શાસ્ત્રનો ઉપદેશ એ બધા વિકલ્પ છે, બંધનું કારણ છે. તેમાં અને સંવર, નિર્જરામાં તડકા-છાંયા જેટલો ફેર છે. આત્માનો સ્વાધ્યાય કરવો એ ખરી સ્વાધ્યાય છે. વીતરાગ સ્વરૂપનો આશ્રય લઈ નિર્વિકલ્પ શાંતિમાં લીન થવું તેને જૈન-શાસન સ્વાધ્યાય કહે છે. શાસ્ત્રની સ્વાધ્યાયથી નિર્જરા થતી નથી પણ આત્માની સ્વાધ્યાયથી નિર્જરા થાય છે. તે જ પરમાર્થ સ્વાધ્યાય છે.

ભગવાનની ભક્તિ કરવી કે સમવસરણની જાત્રા કરવી તે પણ ઇષ્ટ નથી. કુંદકુંદ-આચાર્ય સમવસરણની યાત્રા કરવા ગયા હતાં ને! પણ ઇષ્ટ તો એક સ્વાશ્રય છે.

વ્યવહારનયથી કથન આવે કે ગુરુથી જ્ઞાન થાય છે, શાસ્ત્રથી જ્ઞાન થાય છે એવા કોઈપણ કથન આવે તેને વ્યવહારનયથી સત્ય જાણવા. પણ પરમાર્થે એમ જ છે—એમ ન માનવું. કર્મનો ક્ષયોપશમ થાય તો આત્માની ઓળખાણ થાય એમ ગોમ્મટસાર આદિ શાસ્ત્રમાં આવે ત્યાં એમ જાણવું કે પોતે આત્માને ઓળખવાનો પુરુષાર્થ કરે ત્યારે નિમિત્તરૂપે કર્મનો ક્ષયોપશમ હોય આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા બધાંથી નિરપેક્ષ છે. તેને વ્યવહારરત્નત્રયની પણ અપેક્ષા નથી.

કર્મ બળિયો હોય ત્યારે આત્માનું જ્ઞાન થઈ શકતું નથી એમ આવે ત્યાં એમ સમજવું કે પોતાનો પુરુષાર્થ ઉલટો છે માટે પોતે કર્મ ઉપર જોર આપે છે. પુરુષાર્થ સવળો કરે તો કર્મનું બળ ચાલતું નથી. આવા પરાશ્રયના કથનો આવે તેને જાણવા પણ આદરવા નહિ. સ્વાશ્રયના કથન આવે તે યથાર્થ છે, તેને આદરવાલાયક જાણવા.

ગુરુના ચરણ-કમળની સેવાથી સમ્યગ્જ્ઞાન થાય એમ શાસ્ત્રમાં આવે ત્યાં એમ સમજવું કે સમ્યગ્જ્ઞાન થયું ત્યારે ગુરુની સેવાનું નિમિત્ત હતું. ગુરુની સેવા કે સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિથી સમ્યગ્જ્ઞાન થાય એમ કદી સમજવું નહિ. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના આશ્રયે જ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ કરે છે તેમાં તેને નિમિત્તની તો અપેક્ષા નથી પણ નિમિત્તના લક્ષે ઉઠેલાં વિકલ્પોની પણ અપેક્ષા નથી, આવું નિશ્ચયનું સ્વરૂપ છે તેને નિશ્ચયથી જાણવું.

નિજ આત્માના લક્ષે નિર્વિકલ્પ અનુભવ કરવો તે જ હિતરૂપ છે. તેના સિવાય વિકલ્પથી માંડીને બધું અહિતરૂપ છે એમ યથાર્થ ભાન કરવું જોઈએ. ઉપદેશ આદિનો વિકલ્પ પણ અહિતકર છે. 'તારે તે તરે' એ વાત તો જૂઠી જ છે પણ 'તરે તે તારે' એ પણ નિમિત્તનું કથન છે. 'પોતાને ઓળખે તે પોતે તરે' એ નિશ્ચય છે.

મોક્ષમાર્ગનું સ્વરૂપ જેવું છે તેવું ન સમજે ત્યાં સુધી અંતરમાં મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે તે માર્ગ પામવામાં વિઘ્નરૂપ થઈ પડે છે.

ભવ્ય કોને કહેવાય? કે જેનામાં અનંત જ્ઞાનાદિ પ્રગટ કરવાની યોગ્યતા છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભવ્ય છે. આ ઇષ્ટોપદેશનું સ્વાધ્યાય, મનન કરીને જે ભવ્ય હિત-અહિતની પરીક્ષા કરવામાં નિપુણ થયો છે અને આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેણે ઇષ્ટોપદેશમાં જે કહેવાનો આશય છે કે હે જીવ ! તું અંતર આત્માનાં ધ્યાન વડે આત્મામાં એકાગ્રતા કર. આ આશયને ભવ્ય જીવે બરાબર ગ્રહણ કર્યો છે તે હવે, માન-અપમાનના વિષયોમાં રાગ-દ્વેષનો પ્રસાર ન કરતા સમતાનો પ્રસાર કરે છે.

મુનિરાજ માન-અપમાનમાં રાગ-દ્વેષનો પ્રસાર ન કરતાં વીતરાગી સમતાના પ્રસાર-પૂર્વક નગર-ગ્રામાદિક અથવા નિર્જન વનમાં શાંતિથી રહે છે. ચાહે નગરમાં રહે કે ચાહે વનમાં રહે પણ પોતાની વીતરાગી શાંતિમાં રહેવાની વિધિ છોડતા નથી, અને કોઈ પણ સંયોગોમાં આ ઠીક છે અને આ અઠીક છે એવો મિથ્યા આગ્રહ કરતા નથી.

મુનિરાજ વનમાં રહે છે પણ કોઈ ક્ષેત્રનો તેને આગ્રહ હોતો નથી. જ્યાં પોતાના ભાવમાં સ્વાશ્રયની વૃદ્ધિ થાય ત્યાં બહારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નગરના હો કે વનના હો, કોઈપણ હો તેનો તેને આગ્રહ નથી. તેને તો પોતાની વીતરાગતાની વૃદ્ધિ થાય એ જ પ્રયોજન છે. તેથી તેને યોગ્ય જ વિધિ કરે છે.

પોતાની વીતરાગતાનું જેને પ્રયોજન છે તેણે બહારની-શરીરાદિની અનુકૂળતા-પ્રતિકૂળતાનો આગ્રહ છોડી દેવો. પર્યુષણમાં બે-પાંચ હજાર માણસો સાંભળવા આવતાં હોય અને પોતાનો કંઠ રૂંધાઈ ગયો હોય તો તો અઠીક લાગે કે નહિ ? તો કહે છે ભાઈ ! ઉપદેશ આપવાના ભાવને જ ભગવાન બંધનું કારણ કહે છે. માટે પુણ્ય-પાપના વિકલ્પ કે ઉપદેશના વિકલ્પ રહિત વીતરાગ સ્વરૂપ ભગવાન આત્માના ધ્યાનમાં સમતાનો વિસ્તાર કરવો. બહારના સંયોગોનો હઠાગ્રહ છોડવો.

બહારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અનુકૂળતા આત્મધ્યાનમાં મદદ કરતી નથી અને તેની પ્રતિકૂળતા આત્મધ્યાનને રોકતી નથી. ભગવાન ચિદાનંદ મૂર્તિ, નિર્દોષ, નિર્લેપ, રાગરહિત ચૈતન્યગોળો બિરાજમાન છે તેના આશ્રયે તેમાં એકાગ્રતા કરવી તે પોતાને હિતકર છે બાકી બધાં ભાવ અહિતકર છે. બહારના કોઈ પદાર્થ હિતરૂપ કે અહિતરૂપ નથી. સર્વ પરપદાર્થ જ્ઞેય છે. માટે તેમાં ઠીક-અઠીકપણાનો દુરાગ્રહ છોડી દે.

૯૦ ની સાલમાં એક માણસે પ્રશ્ન કર્યો હતો કે મહારાજ ! તમે આ બધો ધર્મનો ઉપદેશ તો આપો છો પણ પેટમાં અનાજ પડયાં વિના ધર્મ શી રીતે થાય ? તેને કીધું, અરે ! પેટમાં અનાજ પડે પછી કહેશો પચી જાય પછી ધર્મ થાય, પછી જંગલ જવાય પછી ધર્મ થાય પણ ત્યાં તો પાછું પેટ ખાલી થઈ જશે તો ધર્મ કરવાનો વખત તો આવશે જ નહિ ! ભાઈ ! આત્માના ધર્મને પેટમાં અનાજ હોય કે ન હોય તેની સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ સંબંધ જ નથી. ધર્મને કોઈની અપેક્ષા નથી. દેવ-ગુરુ-ધર્મનું શ્રવણ થતું હોય અને કેવા ઊંચા શુભભાવ હોય તેની પણ આત્માની એકાગ્રતામાં અપેક્ષા નથી.

સર્વ અપેક્ષાથી રહિત વર્તતા વીતરાગ થયા થકા મુનિરાજ અનુપમ તથા અનંત જ્ઞાનાદિ ગુણો અને સંપત્તિરૂપ મુક્તિ-લક્ષ્મીને પ્રાપ્ત કરી લે છે. આવી જ વાત સમાધિ-તંત્રમાં પણ કહી છે કે જે સમયે તપસ્વી મુનિને મોહના ઉદયથી-મોહભાવને કારણે રાગદ્વેષ પેદા થવા લાગે કે તરત જ જો મુનિરાજ પોતામાં સ્થિત આત્માની સમતાથી ભાવના કરે અથવા સ્વસ્થ આત્માની ભાવના ભાવે તો ક્ષણમાત્રમાં રાગ-દ્વેષ શાંત થઈ જાય છે. આનંદ અને જ્ઞાનની મૂર્તિ નિજ આત્મામાં દૃષ્ટિ લગાવતાંની સાથે જ વિકલ્પો શાંત થઈ જાય છે.

સ્વ + સ્થ એટલે પોતામાં રહેલાં અનંત ચતુષ્ટયની ભાવના અર્થાત્ એકાગ્રતા કરતાં ક્ષણભરમાં રાગ-દ્વેષ ચાલ્યા જાય છે.

'उपमा रहित स्वमोक्षश्री, निजकर सहजहि लेय' અંતિમ પંક્તિમાં કહે છે કે જે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપમાં એકાગ્રતારૂપ ધ્યાન કરે છે તેણે પોતાના હાથમાં મોક્ષ લઈ લીધો છે એટલે તેણે અભેદદશા પ્રગટ કરી લીધી છે.

હવે આ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર પંડિત આશાધરજી કહે છે કે વિનયચંદ્ર નામના મુનિના વાકયોનો સહારો લઈને, ભવ્ય પ્રાણીઓના ઉપકાર માટે મેં આ ઇષ્ટોપદેશ ગ્રંથની ટીકા કરી છે.

સાગરચંદ્ર નામના કોઈ દિગંબર મુનિ હતાં તેના શિષ્ય વિનયચંદ્ર નામના મુનિ થયાં કે જે જાણે ઠરી ગયેલાં-શીતળ બરફની શીલા જેવા ઉપશમમૂર્તિ હતાં તથા સજ્જન પુરુષરૂપી ચકોર માટે ચંદ્રમા સમાન હતાં, પવિત્ર ચારિત્રવાળા હતાં અને જેના અમૃતમય વચનોમાં શાસ્ત્રોનો સાર હતો અને જે વચનો જગતના જીવોને તૃપ્તિ અને પ્રસન્નતા ઉત્પન્ન કરવાવાળા હતાં.

આશાધરજીએ મુનિની કેવી મહિમા કરી છે. મુનિની શી વાત! જે ઉપશમરસના ઢાળામાં ઢળી ગયા હોય, શાંત....શાંત....શાંત થઈ ગયા હોય, જેને પુણ્ય-પાપના વિકલ્પનો કોલાહલ પણ છૂટી ગયો હોય, પવિત્ર ચારિત્રવાળા હોય, જેના એક એક વાકયમાં અનંત આગમ ભર્યા હોય, જે જીવોને તૃપ્તિ અને શાંતિ પમાડનારા હોય એવા મુનિના વાકયોના આધારે પંડિત આશાધરજીએ આ શાસ્ત્રની ટીકા લખી છે.

આજે આ શાસ્ત્રનું વ્યાખ્યાન પૂરું થાય છે. અંતમાં આશાધરજી ભાવના ભાવે છે કે જગતવંદ્ય શ્રીમાન્ નેમિનાથ જિનભગવાનના ચરણ-કમલ જયવંત રહે. પરમાત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય જયવંત રહે. પરમાત્માના ચરણ-કમળના આશ્રયે રહેવાવાળી ધૂળ પણ રાજાઓના મસ્તક ઉપર ચડે છે.

શ્રોતા :—આવો બધો વ્યવહાર હોય ખરો ને !

પૂજ્ય ગુરુદેવ :—બધો વ્યવહાર હોય તેને જાણવો પણ આદરણીય ન માનવો. "જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ" અહીં એ બતાવવું છે કે ભગવાનની પવિત્રતા તો શું પણ પુણ્ય એવું હોય કે તેના ચરણ-કમળની ધૂળ ઇન્દ્રો અને નરેન્દ્રોના મસ્તકે ચડે છે, અને અંતે ભગવાન એ શરીરને છોડી લોકના અગ્રભાગમાં સ્થિત થઈ જાય છે.

**સમાપ્ત**

## 'ઇષ્ટોપદેશ-પ્રવચન' માટે આવેલ દાનરાશિ

| | |
|---|---|
| ૧૦૦૦૧ | સ્વ૦ શ્રી લાભકુંવરબેન છોટાલાલ ભાયાણી તથા સ્વ૦ શ્રી મીનેશ મનહરલાલ ભાયાણીના સ્મરણાર્થે. (હસ્તે : છોટાલાલ કેશવજી ભાયાણી પરિવાર—લાઠી, હાલ કાંદીવલી) |
| ૫૦૧ | શ્રી છોટાલાલ દલીચંદભાઈ શાહ, કલકત્તા |
| ૨૫૧ | ,, દિનેશચંદ્ર અમૃતલાલ મેઘાણી, મલાડ |
| ૨૦૧ | ,, વ્રજલાલ મગનલાલ શાહ, જલગાંવ |
| ૧૧૧ | ,, ચંદ્રાબેન મનુભાઈ કામદાર, પાલીતાણા |
| ૧૦૧ | ,, કંચનબેન અમુલખભાઈ શેઠ, જોરાવરનગર |
| ૧૦૧ | બ્ર૦ નિર્મળાબેન હરિલાલ ભાયાણી, સોનગઢ |
| ૧૦૧ | શ્રી વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી, દાદર |
| ૧૦૧ | ,, કનુભાઈ મણિલાલ પુનાતર, જામનગર |
| ૧૦૧ | ,, નિર્મળાબેન બાબુભાઈ મહેતા, અમદાવાદ |
| ૧૦૧ | ,, કંચનબેન વનેચંદ શાહ, ચોટીલાવાળા |
| ૧૦૧ | ,, ઝવેરીબેન ત્ર્યંબકલાલ ઘડિયાળી, સોનગઢ |
| ૧૦૧ | ,, તારાબેન કપૂરચંદલાઈ કોઠારી, સોનગઢ |
| ૧૦૧ | ,, હીરાલાલ ભોગીલાલ શેઠ, બોટાદ (ધર્મપત્નિ જયાબેનના સ્મરણાર્થે) |
| ૧૦૧ | ,, વિનયકાંત રામજીભાઈ મહેતા, રાજકોટ |
| ૫૧ | બ્ર૦ હસ્તિમલજી જૈન, સોનગઢ |
| ૧૨૧૨૬ | કુલ રૂપિયા |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com